॥ ॐनमः सिद्धेभ्यः ॥

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसात्कीर्तिस्तमालिंगति,
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥

ભાવાર્થ—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છેછે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

ॐ શાન્તિઃ


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

VOL. V.] JANUARY. 1909 [No. 1


## The Jain Graduates' Association.

The Jain Graduates' Association promises to do excellent practical work in the field it has chosen for itself. An insight into the short history of this body will unquestionably show that it has got the Jain Literature introduced in the B. A. & M. A.'s curriculum of the University of Bombay, and has successfully got questionable portions as regards Jains and Jain Religion eradicated from the Vernacular Series. This Association has also recently forwarded a petition to H. E. the Governor of Bombay on behalf of the Jain Community wherein it is prayed that looking to the position occupied by the Jain Community, time has now come when certain of their most important holidays such as eight days of Pajusan &c. should be re-

cognized as Gazetted and Bank holidays as has been done in the case of Hindu, Mohomedan and Parsi Communities.

The abovesaid facts give us a potent proof to believe that such an institution though in its present limited capacity has been able to render good services to the Jains and is sure to do immense good to the Jain world if it be properly nurtured and its sphere of activity be greatly broadened.

Let us now see how this can be done. First the aims and objects of this body should be enlarged as they can be consistent with the possibility of the Association's being more useful and progressive. The following aims and objects can be suggested as to rank with the present ones.

(1) To open communications with Western Savants with regard to our Sacred language and literature and to give the same wide publicity.

(2) To solicit co-operation of the men of literary capacity from amongst ths Jains as well as others.

(3) To invite all the Jain Graduates to write prize-essays on Jain literature, history, philosophy, religion and social reform amongst the Jains so as to enlighten the public on various points.

(4) To have its own library containing all the standard books, Scriptures, old Manuscripts and generally all the publications concerning Jains and Jain religion.

(5) To have its own organ in English or in Gujarati or to make 'Jain Conference Herald' an organ of this institution and to advance the tone and gravity of the magazine by taking all available means.

(6) To enlist sympathisers and patrons from amongst our wealthy brethren and thereby to feed the funds for the upkeep and sustenance of this organization.

(7) To organize the institution on firm footing with regard to its financial conditions so that its constitution can be placed on much higher level to make it efficient and ever-abiding and the said aims can be achieved with greater facility.

(8) To seek political rights for the Jains from the Government, to discuss all the political questions affecting the Jains and ultimately to try to make this institution a a political one.

(9) To celebrate annisersary days of our premier vaints, Rishies and workers. This body should be got registered under the Government Act XXI of 1860.

In order to regulate our proceedings in accordance with the aforesaid aims each member of the association should realize that it has in it elements of development and progress which cannot but foreshadow a hopeful future to the eye of hope and faith. He should have sense of duty and understand his responsibility. If this he done, he is sure to work honestly however, in his humble way and to see that success is achieved.

" The world moves along not merely by the gigantic shoves of its here workers, but by the aggregate tiny pushes of every honest worker. All men may give some tiny push or other and feel that they are doing something for mankind. "

*J. R. Green.*

I shall now come to our men of wealth and influence without recourse to whose assistance a great movement is not absolutely positive to flourish.

The cry from all sides is for sacrifice. Sacrifice, no doubt is the one thing needful to make a community or a nation great; but how to stimulate the spirit of sacrifice in a people or especially in rich classes is a very important question. Men, as we see them in these days are so engrossed with their own comforts and conveniences that to ask them to part with these appears to be ridiculous to many. But the fact is nevertheless there that people consent to suffer and part with their possessions for some noble ends. Our community is well known to be charitable. So it can be expected of the moneyed men in our community that they looking to the importance of such an institution and benefits it is likely to confer on the community as a whole by its aims and objects having been carried out, shall

come forward with helping hand so as to enable the association to have its own building where it can conveniently hold its sittings, discuss various topics tending to the good of the community give a practicable shape to the workable schemes in respect thereto such as making provision for a good library and offering awards for various sums to be adjudjed to the writers of the best theses on the Jain history, literature and philosophy.

In the end, let every Jain invoke the divine assistance of the power of Duty in the following words of Wordsworth:—

To humbler functions, awful Power!
I call thee; I myself commend
Unto thy guidance from this hour;
O let my weekness have an end!
Give unto me, made lowly wise,
The spirit of self-sacrifice
The confidence of reason give;
And in the light of Truth Thy bondman let me live.

14 th December [illegible].
Bombay.　　　　　M. D. DESAI.

---

# અધિપતિની નોંધ.

---

**નવું વર્ષ.**

આ માસથી આ માસિકનું પાંચમું વર્ષ બેસે છે. આ નવીન વર્ષ દરમિયાન તેમાં કેવા કેવા લેખો લખાયા હતા તેની ટુંકી નોંધ લેવાની પ્રથમ આવશ્યકતા છે. જૈન કોમની મહા સભા–કોન્ફરન્સ જેવી મહા સંસ્થાનાં આ વાજીંત્રે ગત વર્ષમાં જૈનોના આચાર અને વિચાર એ બંનેને ઉપયોગી કેવા કેવા વિષયો ચર્ચ્યા છે તેની ટુંક હકીકત આ માસિકની જન્મતીથિએ લખવાની આ તક લેવાય તે ઉચિતજ ગણાય.

પ્રારંભમાં ગત વર્ષના ઇંગ્રેજી વિષયોનું સિંહાવલોકન કરીએ છીએ. જાન્યુઆરી માસના અંકમાં આવેલો "The necessity of Reform in some of our old Religious Institutions" ( આપણા જુના ધાર્મિક ખાતાઓ પૈકી કેટલાકોમાં સુધારાની અગત્યતા) એ નામનો લેખ અમે પુનઃ

પુનઃ વાંચવા અમે અમારા રસિક વાંચનારાઓને ભલામણ કરીએ છીએ. ત્યાર પછી Swamibatsalya સ્વામિવાત્સલ્ય અથવા ' આધુનિક દાન કરવાની પદ્ધતિમાં સુધારો દાખલ કરવાની આવશ્યકતા ' એ વિષય પણ દરેક જૈન બંધુએ–શ્રીમંત તેમજ ગરીબે–ખાસ વાંચવા લાયક અને મનન કરવા લાયક છે.

આપણા જૈન સાહિત્યનો ઘણો ભાગ પ્રાકૃત ભાષામાં હોવાથી પ્રાકૃત ભાષા જાણવાની આપણને કેટલી જરૂર છે. તે બતાવી આપવા માટે The Prakrit Poems નામનો લેખ પણ ઘણી સરળ ભાષામાં લખાયેલ હોવાથી આપણા હાલ ઉછરતા ઇંગ્રેજી કેળવણી લેતા યુવકોને અવશ્ય વાંચવાની જરૂર છે.

Union is Strength ( સંપ એજ બળ છે) એ લેખ વાંચનારને અસરકારક તેમજ ઉપયોગી છે. આ લેખની ઉપયોગીતા માટે એટલુંજ કહેવું બસ થશે કે તે બીજા માસિકોમાં જેવા કે જૈન ગેઝેટ વિગેરેમાં પુનઃ પ્રગટ કરવામાં આવ્યો હતો. તદુપરાંત Review of the life of Mahavira, What the Association wants to do, Sametsikharji and the Anglo-Indians વિગેરે લેખો પણ વાંચવા લાયક છે.

ગત વર્ષમાં મુંબઇની બીજી સાહિત્ય પરિષદમાં રા. રા. મનસુખરામ કિરતચંદ મહેતા તથા મી. અમરચંદ પી. પરમારે વાંચેલા વિષયો લગભગ દરેક અંકમાં આપવામાં આવેલ છે. તે વિષયો હજી થોડાકજ અધુરા છે. જે નવીન વર્ષમાં પૂરા થઇ જશે. આ બંને વિષયો દરેક જૈન બંધુને વાંચવા અમે ભલામણ કરીએ છીએ. કારણ કે જૈન ઇતિહાસ અને જૈન ગુજરાતી સાહિત્ય ઉપર પ્રમાણે બંને વિષયો કાળજીપૂર્વક ઘણી મેહેનત લઇ લખાએલા અને સાંપ્રતકાળમાં ઘણું પ્રકાશ પાડનારા છે.

તદુપરાંત આપણી અધોગતિ; તેમાં ફેરફાર કરવા માટે શું કરવું ? મનુષ્યદેહ શાને માટે છે, કોન્ફરન્સનું અસ્તિત્વ, કોન્ફરન્સના ઠરાવોનો અમલ કેવી રીતે કરવો ? કોન્ફરન્સે અત્યાર સુધીમાં શું શું કર્યું છે, પ્રાચીન શિલાલેખો, કેમ સુધારા થાય, યુનિવરસીટીમાં દાખલ કરાવેલું જૈન સાહિત્ય, ઇંદોરમાં ઐકયતા, જૈન ગ્રંથો પ્રસિદ્ધિમાં લાવવા માટે જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશનને એક અગત્યની સૂચના, જૈન કોમના ધનવાનો તથા વિદ્વાનોને એક નમ્ર પ્રાર્થના ઇત્યાદિ ગત વર્ષમાં અપાયેલા ઉપયોગી વિષયો પુનઃ વાંચવા માટે અમે સર્વે જૈન બંધુઓને સૂચવીએ છીએ. એપ્રીલનો અંક તો પ્રથમ પૃષ્ઠથી ઠેઠ અંત સુધી દરેક જૈન બંધુએ વાંચવાની આવશ્યકતા છે. સ્વતંત્ર વિચારોની પુષ્ટિ માટે તથા દરેક જૈન બંધુને પોતાના વિચારો જાહેરમાં મુકવાનો હક છે તે બતાવવા માટે તેમજ આ અંકમાં પ્રકટિત વિચારોમાંથી અસાર દૂર કરી સાર વસ્તુ દરેક જૈન બંધુ ગ્રહણ કરે એવા ઉચ્ચ હેતુથી

આ અંકમાં આવેલા લેખો પુનઃ પુનઃ વાંચવા અમે સર્વે વીરપુત્રોને વિનંતિ કરીએ છીએ.

કોન્ફરન્સના હેતુઓ પાર પાડવા માટે, તેના ઠરાવો અમલમાં મુકાવવા માટે, આપણી કોમમાં જુદા જુદા પ્રકારની ચળવળ ઉત્પન્ન કરવા માટે આ માસિકે ગતવર્ષમાં આજ સુધીમાં યથાશક્તિ પ્રયાસ કર્યો છે, અને હજી આ માસિક જૈન સમાજને વધારે ને વધારે ઉપયોગી બનાવવા પ્રયત્નો ચાલુજ છે.

ગતવર્ષમાં પણ અગાઉની માફક એસોશીએશનના ઓ. સેક્રેટરીએ આ માસિક માટે લેખ લખવાને માટે સર્વ ગ્રેજ્યુએટ ભાઇઓને આગ્રહપૂર્વક અરજ કરી હતી. પરંતુ સખેદ લખવાની જરૂર પડે છે કે તે અરજ પછી ઈંગ્રેજી વિષયો બીલકુલ આવેલા નથી તેથી અમે ગ્રેજ્યુએટ ભાઇઓને ફરીથી વિનંતિ કરીએ છીએ કે આ માસિકને જેવી રીતે ધી ગ્રેજ્યુએટસ એસોશીએશને જન્મ દીધો તેવી રીતે તેને ઉછેરીને મોટા કરવાની ફરજ પણ આ એસોશીએશનના સભાસદોનીજ છે. તેમજ પોતાના સ્વતંત્ર વિચારનો સ્વધર્મી બંધુઓને લાભ આપવાનું આ માસિક ઉત્તમ સાધન છે. તો આ નૂતન વર્ષમાં ગ્રેજ્યુએટ બંધુઓ તરફથી લેખો આવશે એમ આશા રાખીએ છીએ.

ગત વર્ષમાં ગ્રાહકો તથા લેખકોએ આ માસિકને જે મદદ આપેલ છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ; અને ઇચ્છીએ છીએ કે નવીન વર્ષમાં પણ તેઓ સાહેબો લવાજમ તથા લેખોથી આશ્રય આપવાનું ચાલુ રાખી અન્ય ગૃહસ્થોને ગ્રાહક થવા ભલામણ કરશે.

ગતવર્ષમાં આ માસિકે સ્વકોમની સેવા કેટલી બજાવી છે તે તો સહૃદય વાંચનાર સારી રીતે સમજે છે. ભાવનગર કોન્ફરન્સ વખતે વિચારશીલ પુરૂષોના કોન્ફરન્સ સંબંધી વિચારોને કાંઇક ખાસ અવલંબન મળે એવા હેતુથી ગતવર્ષનો એપ્રીલનો અંક જુદા જુદા લેખકોના કોન્ફરન્સ સંબંધી સ્વતંત્ર લેખોથી ભરપૂર તેમજ પોતાના હમેશના કદ કરતાં ત્રમણો કરવામાં આવ્યો હતો. તેમજ સપ્ટેમ્બરાદિ અંકોમાટે પણ વિશેષ કરીને ગ્રાહકોને નવા વિષયો તથા સમાચાર આપવા માટે આ માસિકનું કદ ઘણી વખતે વધારવામાં આવ્યું હતું. તેમજ અધિપતિની નોંધમાં કોન્ફરન્સ ઓફિસમાં થતાં કામકાજથી તથા બીજા સમાચારોથી જૈન પ્રજાને માહીતગાર કરવામાં આવતા હતા.

નવીન વર્ષ માટે આ માસીકમાં કેટલોક ઉપયોગી ફેરફાર કરવા ઇરાદો છે. જુદી જુદી જૈન પાઠશાળાઓ, કન્યાશાળાઓ તથા બીજા જૈન કેળવણી ખાતાઓમાટે ખાસ ઉપયોગી કેળવણીને લગતા ભિન્ન ભિન્ન વિષયો ઉપર આ

માસિકના ખાસ ૪ થી ૮ પાનાં આ નવીન વર્ષના આરંભથી રાખવામાં આવશે. તેમજ જુદી જુદી પાંજરાપોળોના રીપોર્ટો તેમજ પાંજરાપોળો સંબંધી ઉપયોગી લેખો પણ આવશે.

અંતે ગતવર્ષમાં થયેલી ભૂલચૂક માટે ક્ષમા યાચી નવીન વર્ષમાં સ્વકોમ સેવા માટે વધારે ઉત્સાહી થવામાટે વિશેષ શક્તિમાન થાઉં એવી ઇચ્છા સાથે અત્રે વિરમું છું. તથાસ્તુ.

× × × ×

તા. ૩૦–૧૧–૦૮ ના રોજ કોન્ફરન્સની એડવાઇઝરી બોર્ડની મિટીંગ મળી હતી તે વખતે જીવદયાના હિમાયતી સ. રા. લાલશંકર લક્ષ્મીદાસની યોજના ઉપર વિચાર કરવામાં આવ્યો અને નક્કી કરવામાં આવ્યું કે ગ્રાંટ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓની Diet & Food by Dr. Haig and Perfect way in Diet by Dr. Kingsford એ બે ચોપડીઓ ઉપર પરીક્ષા લેવી ને તે પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઇનામો આપવા માટે રૂ. ૨૫૦) મંજુર કરવામાં આવ્યા હતા. જેને માટેની એક જાહેર ખબર વાંચનાર આ માસિકના બીજા ભાગમાં જોશે. આવા આવા જીવ દયાનાં કામો

**જીવદયા કમિટી.** ઉપર વિચાર કરવા માટે એક જીવ દયા કમિટી મુકરર કરવામાં આવી અને તેમાં નીચેના સેંબરો નક્કી કરવામાં આવ્યા

ડા. ત્રીભોવનદાસ લહેરચંદ શાહ. શેઠ જમનાદાસ મોરારજી.
ડા. નાનચંદ કસ્તુરચંદ મોદી. મી. મોહનલાલ ચુનીલાલ દલાલ.

× × × ×

તા. ૨૮–૧૧–૮ ના રોજ કેળવણી કમિટીની એક મિટીંગ મળી હતી

**કેળવણી કમિટી.** આ મિટીંગ વખતે ઠરાવ કરવામાં આવ્યો હતો તે પ્રમાણે રા. સ. મોતીચંદ ગીરધર કાપડીઆને તેમની સોલીસીટરની પરીક્ષામાં ફતેહમંદ થયા તેને માટે એક અભિવંદન પત્ર લખી મોકલ્યો હતો.

મુંબઈની જૈન પાઠશાળાઓ માટે તેમજ બોર્ડિંગો માટે મી. મોતીચંદ ગીરધર કાપડીઆ તથા મી. હીરાચંદ લીલાધર એ બે જણાની જોઇન્ટ ઓનરરી ઈન્સ્પેકટર તરીકેની નીમણુંક કરી હતી.

જુદી જુદી પાઠશાળાઓ તરફથી તેમનો અભ્યાસક્રમ ઇત્યાદિ હકીકતો મંગાવવા માટે તૈયાર કરેલો વિનંતિપત્ર તથા સવાલ પત્ર દરેક પાઠશાળા ઉપર મોકલવામાં આવ્યા હતા.

કોન્ફરન્સ હેરલ્ડમાં કેળવણી સંબંધી રાખવામાં આવવાના ખાસ વિભાગ માટે મી. ગોવીંદજી મુળજી મેપાણીએ ચારથી આઠ પૃષ્ઠ સુધી લખવા આ

લખાવવા કેળવણી કમિટીની ભલામણથી માથે લીધું છે.

× × × ×

અમને જણાવતાં ખુશી ઉપજે છે કે મારવાડમાં આવેલા શિરોહીની નજીક મઢાર ગામમાં શ્રીધર્મનાથ ભગવાનનું શ્રી જૈનશ્વેતાંબર મંદિર કેટલાક વર્ષો થયાં યતિ અમીચંદજીએ બંધ કરાવ્યું હતું અને પુજા થતી નહોતી. આ મંદિર ઉઘડાવવા માટે અત્રેની કોન્ફરન્સ ઓફીસ તરફથી એક ઉપદેશકને શીરોહી મોકલવામાં આવ્યો હતો. આ ઉપદેશકના પ્રયાસથી તેમજ શેઠ મનસુખભાઇ ભગુભાઇ તથા રા. રા. મગનલાલ મોજીલાલ અને શીરોહી સંસ્થાનના દિવાનરાજ રા. રા. મેળાપચંદજી અનોપચંદજીની મદદથી મજકુર યતિજીને મંદિર બંધ રહેવાથી થતી આશાતના દૂર કરવા માટે સમજાવવામાં આવ્યું હતું અને તેથી તા. ૧૫-૧૧-૦૮ ના દિવસથી આ મંદિર ખોલવામાં આવ્યું છે અને પ્રભુ પુજા શરૂ થઈ છે.

---

# જૈન સંઘને એક અરજ.

લીંબડી પાસે આવેલા પાણુસીણા ગામના સંઘ તરફથી અમને એક વિનંતિ પત્ર મળેલું છે. ત્યાં સ્થાનકવાસી જૈન લોકોનું પ્રબળ બહુ છે, અને મૂર્તિપૂજક જૈન વર્ગની સંખ્યા પ્રમાણમાં બહુ ઓછી છે, તે છતાં ત્યાંના શ્રાવક વર્ગે જુદા જુદા ગામોના શ્રાવકોની મદદથી પુષ્કળ દ્રવ્ય ખર્ચી એક ભવ્ય જૈન મંદીર બંધાવરાવ્યું છે. તે સ્થળ પાલીતાણા જતા રસ્તામાં આવેલું હોવાથી વારંવાર ત્યાં આપણો સાધુ વર્ગ આવી ચઢે છે. પણ ત્યાં એક પણ ઉપાશ્રય નહિ હોવાથી ત્યાંના જૈન સંઘને ભારે અડચણ વેઠવી પડે છે, અને સાધુને ઉતરવાનું યોગ્ય સ્થળ મળતું નથી. તેથી હાલમાં તે પાણીસણા ગામના સંઘે એક ઉપાશ્રય ચણાવવાનું કામ માથે લીધું છે, તેનો અર્ધો ભાગ ચણાઇ ગયો છે, પણ પૈસા ખુટી પડવાથી તે કામ અધવચ રખડયું છે, માટે તે ગામના સંઘે સકળ જૈન મૂર્તિપૂજક કોમને તે કામમાં મદદ કરવા સારૂ અરજ કરી છે. તે અરજને માન આપી મુંબાઇના ઝવેરી મંડળ તરફથી હીરાચંદ નેમચંદ જે. પી. એ રૂ. ૧૨૫) મોકલાવેલા છે. ફક્ત એક હજાર રૂપૈયાનું કામ બાકી છે, માટે સકળ જૈન સંઘને વિનંતી કરવામાં આવે છે કે આવા એક શુભ ખાતાને પોતાનાથી બનતી મદદ કરવી. આસપાસ આવેલા સઘળા નાના ગામડામાં પાણુસીણા એક મુખ્ય ગામ છે, અને ત્યાંના સ્કુલ માસ્તર મી. મોહનલાલ ઉમેદચંદ એક ધર્મચુસ્ત જૈન હોઇ આ કામમાં બહુ સારો ભાગ લે છે, ને આ સંબંધી સઘળો હિસાબ લીંબડી સંઘ રાખે છે તે સંઘ ઉપર આ કામ સારૂં જે નાણા મોકલવામાં આવશે તેનો સદુપયોગજ થશે એમ

અમારી ખાત્રી છે. જે માણસ વધારે રકમ મોકલશે તેના નામનું પાટીયું તે ઉપાશ્રય ઉપર મુકવામાં આવશે. માટે જૈન વર્ગને અમો આ કામમાં મદદ કરવાનું સૂચવીએ છીએ.

---

# કોન્ફરન્સના ઠરાવોનો અમલ કેવી રીતે કરવો ?

---

સોળમો ઠરાવ જીર્ણ પુસ્તકોદ્ધાર સંબંધી છે. પુસ્તકભંડારના અધિકારીઓ સમજુ હોય તેને માટે તો ઠરાવમાં જે સૂચના કરવામાં આવી છે તે બસ છે, પરંતુ જેસલમીર, વાંધામાં પડેલ પાટણ તથા ખંભાતના અને અમદાવાદના કેટલાએક ભંડારો, જેની ટીપ થવી બાકીમાં છે, એમ કોન્ફરન્સે અત્યાર સૂધી કરેલા કાર્યપરથી જણાય છે, તે ભંડારો માટે આગળ પ્રયાસ થઇ ગયો હતો, પણ જેસલમીરમાં મમત, હઠ અથવા ખર્ચ કરવો પડશે તથા કદાચ માલિકી જતી રહેશે એવી બીકથી ટીપ થઇ શકી નથી. અને પાટણ તથા ખંભાતમાં કોર્ટે કેસ ચડેલા ભંડારોની ટીપ થઈ નથી, અમદાવાદમાં પાંચમી કોન્ફરન્સ નજીક આવવાથી વખતની અગવડથી થઇ શકી નહોતી. આ કારણોમાંથી જેટલાં કારણ દૂર થઇ ગયાં હોય તેવાનો તરત બંદોબસ્ત કરવાની જરૂર છે. જેસલમીરમાં વિશેષ પ્રયાસ કરીને પણ બાકીના ભંડારની ટીપ થાય એવો બંદોબસ્ત કરવા આસિસ્ટંટ સેક્રેટેરીએ, તેની અશક્તિએ આસિસ્ટંટ રેસીડેન્ટ સેક્રેટરીએ અથવા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીએ, અને નહિતર છેવટે શેઠ મનસુખભાઇ, લાલભાઇ, કલ્યાણચંદ, અને બીજા આગેવાનોએ સાથે જેસલમીર જાતે જઇ હઠીલા બંધુઓને સમજાવી કામ શરૂ કરાવવાની આવશ્યકતા છે. ધર્મનો આધાર પુસ્તકોજ છે. જેસલમીરનો ભંડાર સર્વથી પ્રાચીન, દુર્ગમ્ય અને સુરક્ષિત છે તથા હાલ બ્રિટિશના શાંત રાજ્ય અમલમાં નામદાર જેસલમીરના મહારાવળની તેમજ તેમના દિવાનની મીઠી નજર નીચે અવશ્ય તક ચૂકવી જોઇતી નથી. એ કામ અવશ્ય કરવા જેવું છે. વાંચ્યું છે કે મનસુખભાઇ, ગુલાબચંદ દેવચંદ તથા પ્રસારક સભાએ ત્રણ તરફથી પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર કરવા માટે ઘણો પ્રયાસ તથા ધન ખર્ચાશે. તે ખર્ચાવાની યોજનાની શરૂઆત થાય, તે પહેલાં આ ભંડારના લીસ્ટની બહુજ આવશ્યકતા છે, કે જેથી યોજના વિશેષ સફળ થાય, અને અંધારે પડેલાં ખરેખરાં રત્નરૂપી પુસ્તકો પ્રસિદ્ધિમાં આવી પાત્ર જીવોનું અને જૈનસમાજનું કલ્યાણ કરી શકે. કોન્ફરન્સ જેવું સમૂહ—મંડળ જે સાવચેતીથી, સંભાળપૂર્વક કામ કરશે, તેવી આશા પુસ્તકોના ભંડારોના અધિકા-

રીઓ પાસેથી રાખવી એ, તેઓના મનની વિશાળતાઉપર વિચાર કરતાં, આકાશકુસુમવત્ લાગે છે–તેઓનાં પુસ્તકોનાં લીસ્ટ તેઓ પોતે પ્રસિદ્ધ કરાવે તે પણ તેવુંજ લાગે છે. જીવનસાફલ્યની આ ઉમદા તક અતિશય ઉદ્યોગી મનસુખભાઇ, લાલભાઇએ પણ ભૂલવી જોઈતી નથી. આવી તકો આવે છે થોડી, શ્રીમાનોજ લાગવગથી તેનો લાભ લઇ શકે. લાભ ન લીધો તો તક ચાલી જાય, જૈન કોમ અંધારામાંજ રહે. કોન્ફરન્સ તરફથી બહાર પડેલા જૈન ગ્રંથો તથા જૈન આગમના ઉપયોગી લીસ્ટમાં દરેક ભંડારના લીસ્ટનું તથા મુનિમહારાજ પાસેના પુસ્તકોનું તારણ દાખલ કરવાની ભાવનગર કોન્ફરન્સે ઠરાવદ્વારા જે જરૂર સ્વીકારી છે, તેનો કેટલો અમલ થયો તે જાહેર જૈનપ્રજા જાણતી નથી. ન થયો હો[illegible] શરૂઆતની જરૂર છે. છપાવવા યોગ્ય ગ્રંથો તથા ભાષાંતરો શુદ્ધ અને ભૂલવિનાના છપાય તેવી વ્યવસ્થામાટે મુનિરાજના હાથમાંથીજ ઉપલી ત્રણે વ્યક્તિઓ પુસ્તકો પસાર કરે તો બસ છે, જૈનોના બીજા પુસ્તક પ્રસિદ્ધ કરનારાઓ પણ એવોજ નિયમ અને નિશ્ચય રાખે તો ઉત્તમ પરિણામ આવે.

સતરમો ઠરાવ જીવદયા સંબંધી છે. જીવદયા એ જૈનધર્મનો અને ખરા મનુષ્યત્વનો પાયો છે. જૈનબંધુઓ પોતાથી બની શકે ત્યાં મુખ્ય પર્વોએ બની શકે તેટલા પ્રમાણમાં જીવહિંસા થતી અટકાવે છે, પ્રાણીપર કોઇપણ જૈન જાણી જોઇને ઘાતકીપણું કરતો નથી, અને બની શકે તે પ્રમાણમાં ઘાતકીપણું બંધ કરાવે છે. જૈન કોન્ફરન્સે છેલ્લાં ચાર વર્ષમાં ઘણાક રાજાઓ અને થોડાક અજ્ઞાન ઉતરતી વર્ણના લોકોને ધર્મને બહાને થતો પશુવધ અશાસ્ત્ર છે, તેમાં પાપ છે, એવું સમજાવ્યું છે, અને ઘણી જગ્યાએ પશુવધ અટકાવ્યો છે. વિલાયતી નામોથી આપણે અજાણ્યા હોઇએ છીએ, અને તેથી અજાણતાં ગોમાંસ મિશ્રિત વિરોલ જેવી ચીજ પણ કોઈ કોઇ જૈને વાપરી હશે. દારૂ અને માંસ મચ્છી એ બન્ને ભાઇ બહેન છે. જ્યાં એક હોય ત્યાં બીજો આવવાનો સંભવ છે. એ વાપરનારાઓ અતિશય તામસી, દયાહીન, અભિમાની હોય છે. માટે નાનપણથીજ પોતાનાં બાળકોને સમજાવવું કે દારૂ અને માંસ મચ્છી વાપરવામાં આ ગેરફાયદા છે. સાંભળ્યું છે કે એક પ્રસિદ્ધ મોટા જૈન શહેરમાં દારૂનો પ્રચાર છૂપો છે, અને વધતો જાય છે. બહુજ દિલગીરીની વાત છે, પરંતુ ઉપર બતાવ્યો તેજ ખરો ઉપાય છે. એ વાપરનારાઓની સંગત કરવા ન દેવી એ બીજો ઉપાય છે. એ વાપરનારાઓ જૈન કહેવાવા મુશ્કેલ છે. મીલો અને સાંચાથી ચાલતા બધા કારખાનાઓમાં જીવહિંસા અતિશય મોટા પ્રમાણમાં થાય છે, એ, આ લખનાર જાણે છે, પરંતુ હાલના સાંચાકામના જમાનામાં તેના વિના ચલાવવું મુશ્કેલ પડે

તેમ છે. કોઇ કોઇ જૈન દવા વેચનારાઓ જાણતાં અજાણતાં દારૂ અને માંસ મિશ્રિત ચીજો વેચે છે, પરંતુ એ ન વેચે તો કમાણી તદન ઓછી થઇ જઇને નિર્વાહની અડચણ પડે એમ માની શકાતું નથી, માટે એ બે વસ્તુઓના કોઇ પણ પરિચયમાં ન આવવામાંજ લાભ છે–જૈનત્વ છે. જૈનો પાંજરાપોળોને શક્તિ પ્રમાણે મદદ કરે છે, અને મદદ ચાલુ રાખશે એ ખાત્રી છે. માંસાહારી પ્રજામાં હિંસા પ્રતિબંધ (અને નુકશાન) ના ઇનામી નિબંધો બહાર પાડવા અને હિંસા બંધ કરવા સંબંધી ભાષણ આપનાર ઉપદેશકો નીમવાની કોન્ફરન્સ જરૂર ધારે છે. આ બાબતમાં કોન્ફરન્સ તરફથી એક વખત રૂ. ૭૫૦) મી. લાભશંકર લક્ષ્મીદાસની મારફતે વિલાયતમાં ઇનામી નિબંધ માગવા માટે ખર્ચાયા હતા. એ નિબંધ જેના કબજામાં હોય તે મેળવી છપાવવાની અને તે ન મળી શકે તો માંસાહારથી થતા ગેરફાયદા વિષે "ચેરાગ" પ્રેસ મારફતે એક ચોપાનીયું બહાર પડેલું છે તે મેળવી છપાવવાની અને પડતર કરતાં અર્ધી કીમતે વેચવાની ખાસ આવશ્યકતા છે. જૈનોમાં અથવા બીજા વર્ગોમાં જ્યાં જ્યાં એ વંચાશે ત્યાં દયા ધર્મનું ઉંડું બી રોપાશે, ખરી જીવ દયાનો એ પ્રથમ રસ્તો છે. વિલાયતમાં જે રૂપીઆ ખર્ચાયા હતા, તે ઠીક હતું, પરંતુ ઘર પાસે પ્રથમ થાય તે વિશેષ સારૂં. જીવદયા ખાતે હજી સીલક છે અને તેમાંથી થોડી એક રકમ ફળપ્રદ રીતે આ માર્ગે વાપરવાની ખાસ જરૂર છે.

અઢારમો ઠરાવ સંપવૃદ્ધિ સંબંધી છે, જૈન કોમના અને હિંદુસ્તાનના દુર્ભાગ્યે સંપ સંપ મુખે પોકારાય છે, વ્યવહારમાં બીલકુલ નથી. Toleration છૂટ મૂકવી–એ બહુ ઉત્તમ ગુણ આપણામાં જણાતો નથી. મમતથી, હું કરૂં તેજ સાચું, બીજા બધા ખોટા હેતુથી કરે છે, મારા મમતથી ભલેને સંસ્થા ભાગી જાય, પણ મારૂં ધારેલુંજ થવું જોઇએ, એવી લાગણી આપણામાં બહુ છે. મુંબઇમાં લાલબાગ જેવા શાંત, સાંવત્સરી પ્રતિક્રમણ જેવા સમયમાં, જીનેશ્વર મહારાજના મંદિરની પાસે, આનંદસાગરજી જેવા વિદ્વાન પન્યાસજીની રૂબરૂ જોડા ઉડાડતાં, પોતાના સ્વધર્મી વહાલા જૈન બંધુને કચરી નાખતાં જોનાર, સંપ છે, એમ કેમ માને ? ભાવનગર કોન્ફરન્સ નામદાર મહારાજા સાહેબની કૃપાથી, અને જૈન આગેવાનોની કળવિકળ બુદ્ધિથી સહીસલામત પસાર થઇ એ જૈન કોમના નશીબમાં કંકુનો ચાંદલો રહી ગયો છે. નહિતર સુરત કોન્ગ્રેસની જેમ અકાળે આપણી કોન્ફરન્સને મુશ્કેલી પડે છે. દિલગીરી એટલીજ છે કે કોન્ફરન્સ નામથી કેવી પ્રતિભા પડે છે, જૈન મંડળનો મત કેળવાય છે, એ સંપૂર્ણ રીતે સમજનારા વિદ્વાન બંધુઓ, આપ આપના મત શાંતિથી, સમજાવટથી,

ખાનગી રીતે, દબાણથી, બીજી કોઇ પણ રીતે સિદ્ધ કરો, પણ કૃપા કરીને જૈન કોમનું શિરછત્ર છ વર્ષનું બાળક જે આટલું કરી શકે છે તે બંધ કરવાની સ્થિતિ ઉભી ન કરો. સુધરેલા દેશોમાં મતભેદો હોય છે, પરંતુ મુખ્ય સંસ્થાને અડચણ ન આવે તેવી રીતેજ મતભેદ ખેંચાય છે. તે તેથી આગળ નહિ. પરમાત્માની કૃપાથી પુના કોન્ફરન્સ વખતે આવું વાદળ ઉત્પન્ન ન કરવા દરેક સમજુ સ્વધર્મી જૈન બંધુને નમ્ર પ્રાર્થના છે. પોતાનો સાચો આગ્રહ હોય તે પણ દૃઢ રાખવો પરંતુ સંસ્થાને અડચણ આવે તેવી રીતે નહિ. આ ઠરાવના પ્રથમ પારીગ્રાફમાં જે સંપ રાખવાનો આગ્રહ કર્યો છે તે ઇષ્ટ છે; બીજો પારીગ્રાફ પણ ઇષ્ટ છે. પરંતુ તે બન્ને પારીગ્રાફ વ્યવહારમાં અનુભવાતા નથી, અનુભવાય તેમાં અનેક સુખ છે. ઠરાવનો ત્રીજો પેરો જૈનોના જુદા જુદા સંપ્રદાયો તરફથી પ્રગટ થતા પરસ્પરની નિંદાવાળા લેખો તરફ કોન્ફરન્સની નાપસંદગી બતાવવા તકરાર પડતાં નિકાલ માટે સંપ્રદાયોના સંભાવિત ગૃહસ્થોની કમીટી મુકરર કરવા વિષે છે. તે ઠરાવ બહુજ યોગ્ય છે. તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. આ વિષય લખનાર આ માસિક સાથે ત્રણ વર્ષથી સંબંધમાં છે, અને તે અરસામાં કદીપણ સ્થાનકવાસી અથવા દિગંબરી બંધુઓની લાગણી દુઃખાય એવા રૂપમાં લખ્યું નથી. સર્વ લેખકો એ પ્રણાલિકા ધ્યાનમાં રાખી વર્તતો કંકાસનું ઘણું કારણ દૂર થાય. આપણા અસલના ઘરડા વડિલો બહુ તીક્ષ્ણ લાગણીવાળા છે એ ખરૂં, પરંતુ લેખકો નિશ્ચય કરે તો અથડામણ ઓછી થાય, અને સુલેહનો સંભવ વધારે રહે એ નિશ્ચય. આ ઠરાવમાં જણાવેલી સંભાવિત ગૃહસ્થોની કમીટી મુકરર થઇ જાણી નથી. જેમ બને તેમ જલદી મુકરર થવાની જરૂર છે. આપણા તરફથી મુકરર થતાં સ્થાનકવાસી તથા દિગંબર કોન્ફરન્સ અગ્રેસરોને તે જણાવી શકાય, તથા મક્ષીજી, અંતરીક્ષજી વિગેરે સ્થળે ચક્ષુ ચડાવવા ઉતારવાની ગુંચવણો નડે છે તેવી બાબતોનો ફડચો થઇ શકે.

ઓગણીશમો ઠરાવ ગુજરાતી વાંચનમાળા સંબંધી લખાણ સુધારવાને કેળવણી ખાતાના ઉપરી અધિકારીને અરજ કરવાનો છે. અરજ થઈ ગઇ છે. પરિણામ અર્ધું આપણા લાભમાં આવ્યું છે. બીજા અર્ધા માટે પ્રયાસ જારી રાખવાની કોન્ફરન્સ ઓફીસને સૂચના છે.

વીશમો ઠરાવ નામદાર બ્રિટિશ સરકારની નવા બંધારણની ધારા સભાઓમાં જૈન તત્વની નીમણુંક થવા માટે અરજ કરવાને લગતો છે. અરજ થઇ ગઇ છે. પરિણામ જાહેરમાં મૂકવા કોન્ફરન્સ ઓફીસને વિનંતિ છે.

એકવીશમો ઠરાવ ગિરનારજી તીર્થની ઉપર ગઢની અંદર જુનાગઢના નવાબ સાહેબ તરફથી મકાનો બાંધવા સંબંધી હિલચાલ થાય છે તે માટે

વ્યાજબી દાદ મળવા નવાબ સાહેબને અરજ કરવાને લગતો છે. આ ઠરાવ સંબંધી કોન્ફરન્સે શું પગલાં ભર્યાં, પરિણામ શું આવ્યું તે જાહેરમાં મૂકવું યોગ્ય છે.

બાવીશમો ઠરાવ પ્રાચીન શીલાલેખોના શોધ, રક્ષણ અને સંગ્રહ કરવા સંબંધી છે.

ત્રેવીશમો ઠરાવ ધાર્મિક ખાતાઓના હિસાબો તૈયાર રાખવાની, સરવૈયા કાઢવાની, જેને જોઇએ તેને બતાવવાની, જાહેર છપાવી બહાર પાડવાની સૂચના રૂપે છે. જાહેર છપાવી બહાર પાડવો કે નહિ તેજ એકલો મુશ્કેલી સવાલ છે. પવિત્ર શત્રુંજય તીર્થ જૈનોના હ[illegible]ાં રહ્યું તે અમદાવાદના નગરશેઠ હેમાભાઇને લીધેજ. વહીવટ જળવાયો તે પણ અમદાવાદી શેઠીઆઓની ચીવટથીજ. ( આ લખનાર અમદાવાદીને વખાણનાર છે, એમ નથી, પરંતુ સત્ય રીતે તેને લાગતી હકીકત તે લખે છે. ) પાછળથી કચ્છી ભાઇઓએ ટૂંકો બંધાવી, ધર્મશાળાઓ બંધાવી, કેળવણી સંબંધી ખાતાંઓ કાઢયાં, વિગેરે ઘણું કર્યું છે. પરંતુ પાયો ન હોત તો કાંઇ થઇ શકત ખરૂં ? માટે આ લખનારના મત પ્રમાણે ધીમે ધીમે અમદાવાદી શેઠીઆઓને સમજાવી કામ લેવું એજ ઇષ્ટ છે. તેઓ વખતને સમજનારા છે, પણ[illegible]થે દીર્ઘદૃષ્ટિ વાળા પણ છે–તેઓની દીર્ઘદૃષ્ટિ સ્વાર્થી છે એમ બીલકુલ માનવાનું કારણ નથી. કોમના હિતને ખાતર જે તેમને લાગે છે, તેજ તેઓ કહે છે. માટે વિદ્વાન્, શ્રીમાન્, શરીરબળવાળા કચ્છી ભાઇઓને એટલીજ વિનતિ કે આટલીજ બાબતમાટે પૂના કોન્ફરન્સને અડચણ આવે તેમ કરશો નહિ. પરમાત્મા સુલેહ સંપના ઉપદેશક છે. તેના આપણે અનુયાયી છીએ.

શાહ. નરોતમ ભગવાનદાસ.

## પાંજરાપોળો અને માંદા જનાવરની માવજત.

હજારો રૂપીઆના ખર્ચ કરી કસાઇઓ પાસેથી જનાવરોને છોડાવી પાંજરાપોળોમાં મોકલવામાં આવે છે પણ ત્યાં જનાવરોની અને ખાસ કરીને માંદા જનાવરોની માવજત ઘણીજ થોડી જગ્યાએ થાય છે જેથી આ વિષય ઉપર લખવું ઉચિત ધાર્યું છે,

જેવી રીતે માંદા માણસની માવજતની જરૂર છે તેવીજ રીતે માંદા જનાવરની માવજતની પણ ખાસ જરૂર છે. ઘણાખરા દરદોમાં દવા કરતાં

માવજત ઘણી સારી અસર કરે છે. જેમકે એક માંદુ માણસ બીલકુલ ખાઇ શકતું નથી ત્યારે કાંજી, રાબ, વિગેરે હલકો ખોરાક આપવાથી શરૂઆતમાં તેની ભૂખ ઉઘડે છે તેમ પશુ પક્ષીઓને પણ તેજ પ્રમાણે ક્ષુધા જ્યારે મંદ પડી જાય છે ત્યારે લીલું ઘાસ, રાબ, ઘેંસ વિગેરે પીવરાવવાથી વિશેષ ભૂખ ઉઘડે છે અને ઘાસ ખાવું શરૂ કરે છે. દરેક દરદમાં તેની માવજત દરદને અનુસરીને કરવી જોઇએ; પરંતુ અહીં સાધારણ રીતે દરેક દર્દમાં લાગુ પડે તેવા માવજતના નિયમો દાખલ કર્યા છે.

જ્યારે જનાવર અશક્ત હોય અને ખાઈ ન શકતું હોય ત્યારે પહેલું અને ઘણુંજ અગત્યનું ધ્યાનમાં રાખવાનું એટલુંજ છે કે તેની શક્તિ કેમ સાચવી રાખવી. કુદરત અને કુદરતના નિયમોને કેમ અનુસરવું તે આપણી હુંશીઆરી ઉપર આધાર રાખે છે. જનાવર જ્યારે સુસ્ત જણાય કે તરતજ તેને મીઠું તેલ અગર અળશીનું તેલ શેર એક પાઈ દેવું. ત્યાર પછી તેને દુધ, લીલું ઘાસ, ગદબ, મેથી, ભુસો (ઘઉંનું શુલું), ગોળ, છાશ, ઘી વિગેરે દરદી જનાવરને માફક આવે તે ચીજ આપવી. જ્યારે જનાવર માંદુ પડયાના ચિન્હો જણાય ત્યારે બને તેટલી સંભાળથી સારી સ્વચ્છ જગ્યામાં બાંધવું. ઝુલ ઓઢાડવી, ટાઢ તડકાથી બચાવવું, અને સાફ સુફ રાખવું. ત્યારપછી તરતજ વૈદક વિદ્યાના અનુભવી માણસને બતાવવું.

ઘણા વખતથી એકજ જગ્યાએ અને એકજ બાજુ પડી રહેલ જનાવરને વખતો વખત ફેરવવું, નીચે ઘાસની પથારી નાખવી અને તે પણ વખતો વખત બદલાવવી અને શરીરને માલીસ કરવું. માંદા જનાવરને જેમ બને તેમ પુરતી અને સુકી જગ્યા, સ્વચ્છ હવા અને અજવાળાની ખાસ જરૂર છે.

જનાવર જ્યારે ખાઇ શકતું ન હોય ત્યારે નાળવતી કાંજી, ઘેંસ, દુધ વિગેરે શક્તિપ્રમાણે પાવું. મોઢું, નાક, આંખ, ગુદા અને પેશાબની જગ્યા બને તેટલી સંભાળથી તપાસવી અને સ્વચ્છ રાખવી. મનુષ્ય કરતાં જનાવરોમાં ઘણાજ જુદા દરદો માલુમ પડે છે પણ ઘણી વખતે તેના ધણીની માવજત તરફની બેદરકારી બીમારી વધવાનું કારણરૂપ થાય છે. જે માણસને અમુક હદમાં રહીને કામ કર્યા પછી આરામની જરૂર છે તેમ જનાવરોને પણ કામની તથા આરામની જરૂર છે.

જનાવરની શક્તિના પ્રમાણમાં કામ લેવું. વધારે સારૂં એ છે કે તેને નિરૂપયોગી કરવું નહિ; તેમ ઉછાંછળાપણાથી તેની તરફ વર્તવું નહિં. જનાવરના કદના પ્રમાણમાં તથા તેની ઉમર તરફ ધ્યાન રાખી યોગ્ય કામ લેવામાં આવે તો તેની આખી જીંદગીમાં તે ભાગ્યેજ બે ચાર વખત માંદુ પડે છે. ઘણું કરીને તો જનાવરનું માંદા પડવું તે તેના ધણીના ગેરઉપયોગ ઉપર

આધાર રાખે છે; માટે જનાવરની તંદુરસ્તી તરફ ધ્યાન રાખી અને તેટલી સંભાળથી તેનો ઉપયોગ કરવો.

અનુભવ ઉપરથી જણાય છે કે આપણા દેશના અજ્ઞાન ખેડુતો અને ખાસદારો તથા રબારીઓની ગફલતીથીજ જનાવરો દુઃખી થાય છે, માટે દરેક ગામડાના પોલીસ પટેલની તથા તાલુકાના મામલતદારો અને મહાલકરીઓની સંભાળ નીચે જો જનાવરો તરફ ગુજરતું ઘાતકીપણું અટકાવવાનો કાયદો લાગુ થાય તો દેશને તથા જનાવરોને ઘણો લાભ થાય તથા પાંજરાપોળોમાં થતો જનાવરોનો ભરાવો ઘણે દરજ્જે અટકે. દરદી જનાવરની સંભાળ રાખવી તથા તેના ઉપર દયા કરવી એ જનાવરો રાખનારની પહેલી ફરજ છે. જેમ બને તેમ જનાવરોનો સદુપયોગ કરવો જોઇએ.

જનાવરોની માવજત માટે નીચેના નિયમો તરફ ધ્યાન આપવામાં આવશે તો પરીણામ અવશ્ય ઘણું સારૂં આવવા સંભવ છે.

૧. દરદી જનાવરને પહેલ વહેલું બીમાર થાય કે તરતજ ચોખ્ખી ખુલી હવાવાળી એકાંત જગ્યામાં મુકવું.

૨. પવનનો ઝપાટો માંદાં જનાવરને નુકશાનકર્તા છે માટે તેને ગરમ ઝુલ અથવા જાડું કપડું ઓઢાડવું.

૩. જે ઠેકાણે દરદી જનાવરને મુકેલું હોય ત્યાં ભેજ થવા દેવો નહિ. છાણ અથવા મુતર થાય કે તરતજ વાળી લઈ તે જગ્યાપર રાખ અથવા સુકી માટી છાંટવી.

૪. દરદી જનાવર ઉભું રહી શકતું ન હોય તો તેને ઝોળીમાં ટાંગવું અથવા જમીનપર સુવાડવું. ધ્યાન રાખવાની જરૂર છે કે દરદી જનાવરના શરીરની પુરતી સંભાળ રાખવી એટલે કે ઘાસની પથારી ઉપર સુવાડવું અને દીવસમાં એક બે વખત પડખાં ફેરવવાં; મતલબ કે તેના શરીર ઉપર ભાઠાં ન પડવાં જોઇએ.

૫. દરદી જનાવરના પગ તથા શરીર માલીસ કરવાની ખાસ જરૂર છે. જનાવર અકડાઈ ગયું હોય તો ગરમ પાણીનો શેક કરવો અને રાઈનું તેલ, અથવા ટરપીનટાઇન તેલ મસળવું.

૬. જંગલી જનાવર કરતાં પાળેલાં જનાવરને કપડાંની વધારે જરૂર છે. સુતરાઉ કપડાં કરતાં ગરમ કપડાં વધારે ગરમી આપે છે. ઓઢાડવાના કપડાં ચોખાં તથા સુકાં હોવાં જોઇએ.

૭. દરદી જનાવરને પીવાનું ચોખ્ખું પાણી એક વાસણમાં ભરી તેની પાસે મુકવું.

૮. જનાવરને હલકો ખોરાક જેવો કે દુધ, રાબ, ઘેંસ લીલું ઘાસ, અનાજ વગેરે તેની તબીયતને અનુસરીને આપવું.

૯. જનાવરની માવજત કરનારે જેમ જનાવરને સુખ થાય તેવી સંભાળથી તેની નોકરી કરવી.

૧૦. જનાવરનું છાણુ, પેશાબ વિગેરેનો તપાસ કરતાં રહેવું અને તેમાં ફેરફાર જણાયતો દવા કરનાર ડૅાકટરને ખબર આપવી.

મોતીચંદ કુરજી ઝવેરી.

---

# मालवामें प्रांतिककानफ्रन्स होनेवास्ते प्रार्थना.

इस उत्तमोत्तम जैन वर्गके धर्म्मोन्नाति करनेके लिये इसी वर्गके उत्तम ज्ञानवान महापुरुषोंने आज (७) सात वर्ष हुए श्री जैन श्वेताम्बर कान्फरन्स नामकी एक महान् सभा स्थापितकी है जिससे इस वर्गको लाभ मिलता है लेकीन इस महान् सभाके ठहरावोंको पुष्ट करना और हर प्रान्तमें हर घरमें प्रत्येक मनुष्य उन ठहरावोंको अति हर्षके साथ अमलमें लाकर उसके अनुसार उपयोग करें इस लिये प्रति प्रान्तमें १,१ प्रांतिक कान्फरन्सकी अत्यन्त आवश्यक्ता है.

जनरल कान्फरन्सकी बैठक सालमें एक वक्त किसी बडे शहरमें होती है. उसवक्त उस स्थानपर अपनी सर्व जैन जाति उपस्थित नहीं होती. हां (विद्यमान दौलतवान ) कान्फरन्सके उदेश्यको समझने वाले गृहस्थोंका तो आगमन होता है. यदि अनुमान किया जायतो रूपेमें एकपाई मनुष्य कान्फरन्समें नहीं आते. उसमें यदि मालवेंमें तो इसंसे और न्यून बताया जावे तोभी सत्य है क्योंकि अन्य प्रांतोकी अपेक्षा मालवा प्रांतके लोग बहोतही कम जाते है. यहां तककी इस प्रान्तमें अपने कितनेक जैन बन्धु धर्म क्या चीज है, कान्फरन्स क्या वस्तु है, इतना तक नहीं समझते और उनको एकदम कान्फरन्समें आनेका अथवा उसके ठहराव अमलमें लानेका कहा जावे तो वो क्या उसके लिये उपाय करेगा (कुच्छ नहीं) क्योंकि वो उस बातको जानता ही नहीं. कितनेक ऐसे जो गृहस्थ हैं जो पैसा न होनेकी वजहसे जानहीं सक्ते ऐसी अवस्थामें सभ्य २ गृहस्थोंने एकत्रीत होकर अपने २ प्रान्तमें उपरोक्त कहे हुए ( जो कि कान्फरन्सके उद्देशको नही समझते ) ऐसे लोगोको ( व अन्य लोगोको ) कान्फरन्सका उद्देश क्या है और उससे फायदा क्या है और वह फायदा किस तरह मिल सक्ता है. वह सब उन लोगोंको ज्ञात करनेके लिये एक २ प्रान्तिक कान्फरन्सकी आवश्यक्ता है.

इस प्रांतिक कान्फरन्सके कायम होनेसे जैन समुदायका सुधारा होगा तथा धन हिन लोग जो कि कान्फरन्सके उत्सक है वे अपने प्रांतमें सर्व हाल ज्ञात कर किस प्रकार उसका उपयोग करना है वो कर सक्तें हैं—हर प्रांतमें धर्मकी वृद्धि होकर आशातना दूर होगी और जनरल कान्फरन्सकी पुष्टि होगी, हानिकारक रिवाजोंका नाश होगा, और उत्तमोत्तम कार्य्योंकी वृद्धि होगी.

हे सुहृदय बान्धवो, एकतो अपना यह श्रेष्ठ वर्ग पिछुडा पडा है. दूसरा आप लोग इसकी वृद्धिकी तरफ ख्याल ही नही फरमाओंगे तो उन्नति किस प्रकार हो ( नहीं ) सक्ती हां उन्नतिका प्रभाव बढेगा और अन्तको नष्ट होजावेगा. बान्धवो, इसी वर्गको अन्य वर्गोंसें उन्नतिके शिखरपर लानेके लिये अपने कितनेक भ्राता उपाय कर रहें और चैतन्य कर रहें हैं उसी प्रकार अपन चैतन्य हो. अपने उपकारी भ्राताओंको सहायता देंतो आशा है कि अपना यह श्रेष्ठ वर्ग शीघ्रही उन्नतिके शिखरपर चढेगा और जैनकी जैकानकारा मुलकोंमे बजेगा—इस लिये प्रार्थी हू कि आप लोग शीघ्र चैतन्य हो इस महान सभाको पुष्टिके लिये प्रान्तिक कान्फरन्स कायम करें.

गौरके साथ देखा जाय तो गुजरात, मारवाड अन्य प्रान्त अपनी २ उन्नतिके लियें उपाय कर रहे है और आशा है कि उनके परिश्रमका फल उन्हें मिलेगा. परखेदाकिं मालवा प्रान्तमे अभीतक कुच्छ नही कि प्रान्तिक कान्फरन्स कब और किस स्थलपर होगी और कौन इसके लिये उपाय करता है यह ज्ञात ही नहीं होता. इसी लिये विनय करता हुं कि अपने मालवा प्रान्तमें इस परमार्थ कार्य्यको स्थापित करनेका परिश्रम मालवाके श्री संघ लेकर अपने जैन जातिकी किसी प्रकार उन्नति हो और अपने जैन बान्धवोंको आनन्द मिले इस भांति उपाय करें.

कदाचित्त कोई महाशयको खर्च अधिक होगा और इतना खर्च कौन उठावे. भ्राताओं, सकल संघ जिसकार्य्यको करना चहावें तो वह शीघ्र होसक्ता है. परन्तु इसमें भी यदि न्यूनही खर्चको देखना हो और न्यून व्यय होने परही प्रांतिक कान्फरन्सका उत्सव करना हो तो ऐसे मौकेपरकी जावेकि जहांपर कोई मेला ( जात्रा ) भरती हो और वहां अपनी समुदायके लोग इकठे होते हों उसवक्तमें अमंत्रण पत्र जिधर उधर भेजकर वहां पर सदर उत्सव किया जावे तो आशा है कि कम खर्चमें ही कार्म हो जावे और समुदाय भी हर्षके साथ बहुत सम्मिलित हो सक्ती है क्योंकि एक पंथ दोयकाज होते हैं. ( मेले और कान्फरन्स दोनोका लाभ ले सक्ते है. ) मान्यवरों यहतो निश्चय है, कि

हर मेलेमें अपनी जैन जाति व्यापारके कारण अधिकाधिक जाती हैं और मेलेके समय इस शुभ उत्सवका होना कितने बडे हर्षकी बात है.

ऐसे समय समुदायका अधिक जमाव होना और न्यून व्यय होना दोनो फायदे है. और इस प्रांतमें ऐसा समयभी अधिक आता है. वास्ते सविनय प्रार्थना है कि इस रत्नरूपी अवसरको हाथसें कदापि न छोडो. उत्कंठा पूर्वक इस कार्य्यको करके यशकी पताका अपने हाथमें लो.

न्यूनाअधिक तथा भूल चूक के लिये पाठकोंसे क्षमा चहाताहूं—इतिं शुभम्.

बम्बाई.
ता. ९–१२–१९०८.
ई०

जैनवर्गका दासानुदास.
कस्तुरचन्द जवरचन्द गादिया
बदनावरवाला.

## मन्दोसरके संघसे वि०

आपने मालवा प्रांतिक कान्फरन्सके महत् कार्य्यको पार लगाने तथा १ ली प्रांतिक कान्फरन्सका जन्म मन्दोसरमेंही होगा ऐसा श्रीमान् ढढ्ढा सा. को मालवेके प्रवासके समय फर्म्मायाथा परन्तु अबतक उस विषयमें कुच्छभी न हुआ वास्ते विनंति. है कि आप इस परमार्थ कार्य्यको शीघ्र कर यशको लूटियेगा. इति शुभम्

बम्बाई.
ता. ४–१२–१९०८.
ई०

जैन वर्गका दासानुदास.
कस्तुरचन्द जवरचन्द गादिया.
बदनावरवाला.

---

## શ્રી ચતુર્વિધ સંઘ—શ્રાવક, શ્રાવિકાઓ.

---

શ્રાવક અને શ્રાવિકા એ શ્રી સંઘનાં ત્રીજાં તથા ચોથાં અંગ છે. એ બે અંગોનો સમાવેશ બીજી કોટીમાં થઈ શકે છે. આ બે કોટી સાધુ સાધ્વીનાં પોષક અને બીજરૂપ છે. પહેલાં બે અંગો ત્યાગીરૂપે છે. આ બીજાં બે અંગો ભોગીરૂપે છે. પહેલી કોટી એટલે સાધુ સાધ્વીઓ સંસારનું શમન કરનારા છે. આ બીજી કોટી સંસારનો પરિગ્રહ વધારનારરૂપ છે. પરંતુ તેમનો ઉચ્ચ હેતુ તો ચારિત્રે પહોંચવાનો હોય છે. બીજી કોટી પહેલી કોટીને નમનાર—પ્રશંસક છે અને એ કોટીએ જવાને બનતો યત્ન પણ કરે છે. આ બીજી કોટી મજબૂત હોય, ધર્માભિમાની હોય, ભાવિક હોય, નીતિવંત હોય,

ઉદાર હોય, વિદ્વાન હોય અને જ્ઞાતા હોય તેથી પહેલી કોટીને ઘણીજ મજબૂતાઇ મળવા પાકો સંભવ છે. આ બીજી કોટીમાં શ્રાવિકાઓ આપણાં જાહેર ખાતાંઓની વ્યવસ્થામાં કાંઇ ભાગ લેતી નથી. માત્ર પૈસા આપવા અપાવામાં સહાયતા આપે છે. સંઘમાં તેમનો અભિપ્રાય પૂછાતો નથી. કોનફરન્સમાં પણ તેમનો મત લેવાતો નથી. એટલે એ અંગ પછાત છે. ધર્મશાસ્ત્રમાં સ્ત્રીઓને કોઇ આવશ્યક ક્રિયાઓથી તેમને અટકાવેલ નથી. પરંતુ તીર્થંકર ગોત્ર બાંધવા સુધીની અધિકારિણીઓ માનેલ છે. આ અંગની કૂખેથી મહાસમર્થ પુરૂષોએ જન્મ લીધેલ છે. તેનુંજ દૂધ પીધેલ છે. તેની પાસેજ બાળપણામાં ઉછરેલ છે. આવી પરિસ્થિતિનો વિચાર કરીને સ્ત્રીઓની કેળવણી, દરજ્જો, મોભો વધે અને એમનો મત સંઘ વગેરેમાં પૂછાય એવી સ્થિતિ કરવામાં આવે તોજ શ્રાવક અંગની પુષ્ટિ થાય.

આજે શ્રાવક વર્ગને સાર્વજનિક જાહેર કામોની વ્યવસ્થામાં પહેલી કોટીનાં બે અંગ અને બીજી કોટીનું એક અંગ સલાહ આપવાથી મુક્ત છે. શ્રાવકો તેમને પોતાની સલાહમાં ભેળતા નથી અને એ અંગો પોતે પણ ભળતાં નથી. એથી શ્રાવક વર્ગની આપણાં તમામ જાહેર ખાતાં સંભાળવાં પડે છે. અત્રે આપણા શ્રાવક વર્ગની મુશ્કેલીઓનો સરવાળો જોઇશું. ભારતભૂમિમાં દયાનું પાલન જૈન—બોધ—વૈષ્ણવ આદિના જેટલું બીજા પંથીઓ કરતા નથી. અને કેટલીક વખતે તો જૈનો સામે આવીને ઉભા રહે છે. અને ઘણી ખરી પરિસ્થિતિએ જોઇએ તો જૈનોના હાથેજ દયાસૂત્રનું વિશેષ પાલન થાય છે. બીજા પંથીઓને તો દયા સાથે કાંઇ વિશેષ રાગ જણાઇ આવતો નથી. જૈનોમાં આપણા મૂર્ત્તિપૂજક શ્વેતાંબર પંથ સામે દીગંબર પંથને તથા સ્થાનકવાસી પંથને વિવિધ જાતના વાંધા છે. એ વાંધા સામે બચાવ કરવાની પવિત્ર ફરજ આવી પડેલ છે. આધુનીક સમયમાં એ પંથો સાથે ઐક્યતાના માર્ગ ઉપર આવવાના પ્રયાસ અરસપરસ થાય છે. અને એવા માર્ગ ઉપર આવી શકીએ તો ત્રણે પંથીઓને ઘણો ફાયદો તેમજ બચાવ છે. એટલુંજ નહીં પણ ત્રણે પંથીઓના હાથમાં હજુ ઘણાં પવિત્ર કાર્યો બાકી છે. પ્રથમતો પોતે અને પોતાનો સંઘ કેમ મજબૂત થાય તેનો વિચાર કરવાનો છે. બીજું જે જીવો ભૂલાવામાં પડયા છે તેમને દયામાર્ગનું દિગ્દર્શન કરાવીને આપણા જૈન માર્ગની પ્રસાદીના રસીઆ બનાવવાની જરૂર છે. આ સૂચના આપણા ત્રણે પંથીઓ ઉપાડી લેશે એમ કહી આગળ જણાવીશું તો આપણા સંઘને જૈનતીર્થસ્થળોને માટે ઘણું કરવાનું છે. કેટલાક તીર્થસ્થળોના કબજા વહીવટ અને આશાતના ન થાય એ માટે મજબૂત લડતો ચલાવવા જરૂર છે. આ

બધું જો પોતાનાં અંગો પુષ્ટ હોય અને એક દીલ હોય તો જ થઇ શકે. એટલા સારૂ આપણા સંઘની ભિન્ન ભિન્ન જ્ઞાતિઓએ, તડોએ અને જુદા જુદા ભાગના શ્રાવકોએ પોતાનું જે સમાન કેન્દ્રસ્થળ જૈનકોન્ફરન્સ છે તેની તરફ એકત્ર ભક્તિભાવથી જોવાની આવશ્યકતા છે,

આજે આપણા સંઘની પૂર્વના કાળ જેવી જાહોજલાલી રહી નથી. આજે આપણા હાથમાં એક પણ રાજ્ય નથી. આજે આપણી પાસે રાજકારભાર નથી. આજે આપણે જમીનદારી કે ખેતીના ધંધા કરતા નથી. માત્ર આપણા હાથમાં વેપાર રહ્યા છે. એ વેપાર સત્તામાં પણ ઘણી તરેહની હરિફાઈ છે. એ સત્તા ટકાવી શકીએ અને દ્રવ્ય સામગ્રી જાળવી શકીએ તો આપણાં તીર્થસ્થળો, મંદિરો, ઉપાશ્રય, જૈનશાળાઓ, જ્ઞાનભંડારો આદિનાં કાર્યોને વધારે તેજોમય રાખી શકીએ. આ કાર્યોની સરળતા સારૂ સાધુ સાધ્વીઓનો અંકુશ આપણી જાહેર સંસ્થાઓની ઉપર રાખવાની જરૂર પૂરી પડે તો તેની સ્વચ્છતા વધે અને શ્રાવિકાઓની મદદ મળે તો એ વ્યવસ્થાનો બોજો આપણા ઉપરથી ઘટે એટલે આપણે દ્રવ્ય પેદા કરવામાં વધારે સરળતા મેળવી શકીએ. આપણા શ્રાવક સમુદાયે નિંદક વાતોને દૂર ખસેડી વિશ્વાસ અને લાંબી આશાથી જોતાં શીખવા આમંત્રણ કરવાની હું ફરજ વિચારૂં છું.

## શ્રી સંઘની એકત્ર સત્તા શું છે?

આપણો જૈનસમુદાય સ્યાદવાદ શૈલીને માન્ય કરનારો છે. તેના કોઇ એકાંતી વિચારો નથી. એના વિચારો સમ્યગ્ દ્રષ્ટિ રાખીને ભદ્રપ્રકૃતિથી સર્વે બાજુનો વિચાર કરવાનો છે. નિશ્ચય ધર્મને બાધ ન કરે એવી રીતે વ્યવહાર ધર્મની શુદ્ધિ જાળવવાનો છે. વ્યવહાર માર્ગને દેશ, કાળ આદિનો વિચાર કરીને દોરવાની વાત શાસ્ત્ર માન્ય કરે છે. એટલે આપણે આપણાં કાર્યોને બે માર્ગમાં વેહેંચીશું. મૂળ નિયમો અને ઉત્તર નિયમો. મૂળ નિયમોમાં કાંઈ પણ ફેરફાર ન કરવો એવી ધર્મ શાસ્ત્રોની આજ્ઞાઓ દેખાય છે અને તે યોગ્ય પણ છે. જેવી કે ધાર્મિક ફીલોસોફી અને જીવ, કર્મ, મોક્ષ આદિનાં સ્વરૂપો–શાસ્ત્રથી મૂકરર થયેલ આવશ્યક સૂત્રો અને ઉત્તર નિયમો કે જેમાં દેશ કાળ તથા સમય પ્રમાણે ફેરફાર થઇ શકે છે. જેમ સ્વામિવાત્સલ્યમાં એક સમયે જમણ જમાડવાનો ક્રમ સારો હોય, બીજા સમયમાં વસ્ત્રો આપવાની જરૂર હોય અને ત્રીજી જગોએ વિદ્યા આપવાનાં સાધનો પૂરાં પાડવાની જરૂર હોય તો એ ઉત્તર નિયમોને અનુસરીને જ્યાં જે ઘટે તે મુજબ કરવું જોઇએ. અથવા તો એક જગ્યાએ જાત્રાના વરઘોડામાં વાજીંત્રો વિગેરે ઘણાં હોય અને બીજી જગોએ

બીજી તરેહના વાજીંત્રો હોય અને ત્રીજી જગોએ કદા પણ વાજીંત્રો ન હોય તો તેથી કરીને ઉતર નિયમને અનુસરી કાર્ય પાર પાડવું. આવા આવા ઘણા ઘણા નિયમો મુખ્યત્વે કરીને ક્રિયા અને વ્યવહાર માર્ગને અનુસરતા હોય તે માટે વખતો વખત શ્રી સંઘે સુધારા વધારા કરીને દેશ કાળને માન આપવું જોઇએ. હાલ એ કાર્ય આપણી જૈન કોન્ફરન્સે ઉપાડી લીધેલ છે. અને આપણી જૈન કોન્ફરન્સ એ પણ સંઘ છે. આપણે ઇચ્છીશું કે આપણાં સંઘનાં ચારે અંગો યથાવિધિ યુક્ત રીતે ચારે અંગો તેમાં ભાગ લે અને આપણાં જૈન શાસનની શોભા–મહત્તામાં બનતો વધારો કરે. એ ઇચ્છવા જોગ છે. વ્યવહારઉપયોગી ધારા અને નિયમોમાં ફેરફાર કરવાની શ્રી સંઘને સત્તા હોય એવી મારી માન્યતા છે અને એવી સત્તાથી હાની કરતાં લાભ વિશેષ થશે. આવા વિચારો રજુ કરતાં જો મારી ક્ષુદ્ર બુદ્ધિ જણાઇ આવે અને મારી ભૂલ જણાય તો તે માટે ક્ષમા કરશો. મારા વિચારમાં જો કાંઈ પણ યોગ્યતા ભાસે તો એમ સમજશો કે એ દેવ ગુરૂ ઉપરની મારા ઉપર કૃપા છે. તેનુંજ પરિણામ છે. સ્વામીભાઇઓની હરેક રીતે સેવા ભકિત થાય અને એ માટે સરળતા વધે એમ ઇચ્છીશું. તીર્થરૂપ યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ કહે છે કેઃ—

> સ્વામીતણા સગપણ સમું, અવર ન સગપણ કોય;
> સ્વામીતણી સેવા થકી, સમકિત નિર્મળ હોય.

આ અમૂલ્ય વાકય શ્રીમંત અને ગરીબ, સાક્ષર અને નિરક્ષર, શકિતવાન અને અશકત, ત્યાગી અને ભોગીઓએ મનન કરવા યોગ્ય છે. શ્રી સંઘના શ્રેયમાં આપણું સર્વેનું શ્રેય સમાયેલ છે. ઘર ઘરના અને જણ જણના મતોથી મહદ્ ઇચ્છાઓ કદી બર આવશે નહિ. એટલા માટે બંધુઓ સમજો, પરસ્પર સહાયતા કરો અને સંઘનું શ્રેય કરો એટલું જણાવી આ વિષય હું અત્રે પુરો કરૂં છું. શાંન્તિ ! શાંન્તિ !! શાંન્તિ !!!

લી. દાસાનુદાસ,
**શાહ નારણજી અમરશીના**
જયજીનેંદ્ર વાંચશોજી.

---

# પાંજરાપોળો અને તેની સ્થિતિ.

---

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૨૦–૮–૧૯૦૮ ને રોજ મુંબઇની પાંજરાપોળ તપાસી હતી. આ પાં-

જરા પોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી લોકોની જાણને માટે અમે તેમાંની નીચેની હકીકત પ્રગટ કરીએ છીએ.

આ પાંજરાપોળમાં ખીચોખીચ જનાવરો રાખવાને લીધે બરોબર સાફસુફ થઈ શકે નહિ એ સ્વાભાવિક છે અને તેના પરિણામમાં જનાવરોને કેટલીક જાતના દુઃખ વેઠવા પડે છે અને સ્વચ્છ હવા જનાવરોને મળી શકતી નથી; તેટલા માટે આ પાંજરાપોળના લાગતા વળગતાઓએ એટલું તો ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમ બને તેમ મુંબઇની પાંજરાપોળમાં છુટથી અને સહેલાઇથી રહી શકે એટલાંજ જનાવરો રાખવાં અને વધારાનાં જનાવરો ચીમોડ તથા ભીમડી મોકલાવી દેવાં.

મુંબઇની પાંજરાપોળોમાં જનાવરોને પાસે પાસે બાંધવાનો રીવાજ છે તે બીલકુલ પસંદ કરવા લાયક નથી. કારણ કે પાસે પાસે બાંધવાથી જનાવરોને બીલકુલ ચોખ્ખી હવા મળી શકતી નથી. અને તેથી કરીને તેઓને શ્વાસોશ્વાસ લેવામાં કેટલીક હરકતો પડે છે. વળી પાંજરાપોળની ગૌશાળામાં હવા આવવા જવાને માટે આરોગ્યવિદ્યાના નિયમોને અનુસરીને જેવા જોઇએ તેવા વેંટીલેટરો રાખેલા નથી અને તેથી કરીને જનાવરોને છુટાં છુટાં બાંધવામાં આવે તો તેઓ આસાનીથી બેશી શકે અને સહેલાઇથી શ્વાસોશ્વાસ લઇ શકે.

માંદાજનાવરોને બેસવાને માટે પથ્થરની લાદી પાથરેલી જમીન પણ કોઈ રીતે સલાહ ભરેલી કહેવાશે નહીં. કારણ કે તેની કઠણ જમીન પર બેસવાથી માંદા જનાવરોના શરીરને ઘસારાથી ઘણીજ ઇજા પહોંચે છે.

જોકે માટી તથા લીદ પાથરેલી જમીન કોઇ કોઇ વખતે વધારે ખરચાળુ તથા વખતો વખત સાફસુફ કરવાની કડાકુટવાળી થઇ પડે છે તોપણ તેવી પોચી જમીનની માંદા જનાવરોને ખાસ જરૂર છે.

આ પાંજરાપોળમાં જનાવરોને બીછાનું આપવાનો રીવાજ ઘણો ઓછો છે જે એક લક્ષમાં રાખવા જેવી વાત છે. ફક્ત માંદા જનાવરોનેજ અને તે પણ ઘણુંજ ઓછું બીછાનું મળે છે. જેમ મનુષ્યને શિયાળાના વખતમાં ગરમ કપડાં પહેરવાની તેમજ રાત્રે ગોદડાં વગેરે ઓઢવાની ઘણીજ જરૂર પડે છે, તેમજ જનાવરોને ઠંડીથી બચવાને માટે બિછાનાની ઘણીજ જરૂર છે. બીછાનું આપવાથી જનાવરોની અંદરની ગરમી જળવાઇ રહે છે અને તેથી કરીને તેમની પાચનશક્તિ વધે છે. માંદા જનાવરોને આખો દિવસને સાજાઓને રાતની વખતે બીછાનું આપવાની જરૂર છે.

ખાવાની બાબતમાં પાંજરાપોળોને માટે લખવું તદન નકામું છે. કારણ કે આખા હિંદુસ્તાનમાં એવી તો થોડીકજ પાંજરાપોળો હશે કે જ્યાં

જનાવરોને પુરતો ખોરાક નહીં અપાતો હોય. કેટલેક ઠેકાણે તો જનાવરોને જોઇએ તે કરતાં પણ વધારે ખોરાક આપવામાં આવે છે. અને તેના પરિણામમાં પેટપીડરૂપી અનેક દરદો ઉત્પન્ન થાય છે. કોઇ કોઇ જગ્યાએ તો જનાવરોને લાડુ તથા એવી બીજી મીઠાઇઓ ખવરાવવાનો રીવાજ છે અને તેમ કરીને ભાવિક તથા દયાળુ પણ અજ્ઞાન લોકો જનાવરો તરફ પોતાની કેવી સારી લાગણી છે તે દેખાડી આપે છે. પણ જનાવરોને જોઈએ તે કરતાં વધારે અને કિમતી ખોરાક આપવાને બદલે તેટલો જ ખર્ચ માંદાં જનાવરોને દવા વિગેરેમાં કરવામાં આવે તો તેથી જનાવરોને ઘણોજ ફાયદો થાય. મુંબઇની પાંજરાપોળમાં જનાવરોને જોઇએ તે કરતાં વધારે ખોરાક આપવામાં આવતો નથી, એ ઘણું ખુશી થવા જેવું છે.

પાંજરાપોળોમાં હમેશાં સાજાં તેમજ માંદા બંને જનાવરોમાં નર અને માદા જુદા જુદા બાંધવા જોઇએ. પણ મુંબઇની પાંજરાપોળમાં આ નિયમ બરાબર સચવાતો નથી. બકરા અને બકરીઓ, ઘેટા અને ઘેટીઓ, પાડા અને પાડીઓ, સઘળાં સાથે રાખવામાં આવે છે તે બીલકુલ સલાહ ભરેલું નથી. કુતરાંઓની બાબતમાં આમ કરવું ઘણુંજ જોખમ ભરેલું છે. અને ખાસ કરીને કુતરાકુતરીઓને તો જુદાજ રાખવા જોઇએ.

માંદાં જનાવરોને માટે ઇસ્પિતાલની સ્થિતિ ઘણીજ સારી હતી અને વેટેરીનરી સરજન ડો. નરસીંહરાવ માંદાં જનાવરોની દરેક રીતે પુરતી કાળજી રાખે છે. જેમ પાંજરાપોળોમાં હમેશાં હોય છે તેમ જખમ અને ગ્રંથીના દરદીઓની સંખ્યા વધારે હતી અને તેવા દરદીઓને દવા ચોપડવાની ગોઠવણ ઘણીજ સારી હતી.

માવજત કરનારા માણસોની સંખ્યા ઘણીજ થોડી છે. દર સો જનાવરો પર ફક્ત ૩ માણસોને તે કામપર રાખેલા છે તે ઘણાજ થોડા કહેવાય. ઓછામાં ઓછા દર સો જનાવરો દીઠ ૧૦ માણસો રાખવા જોઈએ. અને તે માણસોને જનાવરોની માવજત સિવાયનું બીજું કાંઈ પણ કામ સોંપવું નહીં.

આ પાંજરાપોળમાં કુતરાની સંખ્યા ઘણીજ વધારે છે. જો કે ખુજલીવાળાં કુતરાઓને ખાસ જુદા રાખવામાં આવે છે, તોપણ કેટલીક વખત ભેળસેળ થઇ જાય છે. કુતરાંઓ અહીં ઝાઝાં નહીં રાખતાં ચીમોડમાં મોકલાવી દેવાં જોઇએ,

પૈસા સંબંધીની આ પાંજરાપોળની સ્થિતિ ઘણીજ સારી છે.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૩૧-૮-૧૯૦૮ ને રોજ સુરતની પાંજરાપોળ તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણને માટે તેમાંની નીચે લખી હકીકતો પ્રગટ કરીએ છીએ.

આ પાજરાપોળ સુરતથી ૪ માઇલ દુર આવેલી છે. તેની આસપાસની હવા દરેક રીતે સારી છે, અને દરેક તબેલો તંદુરસ્તીના નિયમોને અનુસરીને બાંધેલો છે. ખોરાક ઉત્તમ અને પુરતો મલે છે. પાણી ચોખ્ખું નળનું પીવાને મળે છે. જનાવરોને દિવસનાં પાંજરાપોળથી દૂર પાંજરાપોળની માલેકીની જમીનમાં ચરાવવાને લઇ જવામાં આવે છે. અને જનાવરોની ગેરહાજરીમાં હમેશાં તબેલાઓ સાફ થઇ જાય છે.

જનાવરોની માવજત દરેક રીતે સારી કરાય છે. દર દશ જનાવરે એક માણસને માવજતપર રોકેલ છે. ચેફકટર રાખેલ છે અને કડબના ટુકડા કરીને આપવામાં આવે છે. છાણ તથા દુધ વેચી નાખવામાં આવે છે. દુધાળાં જનાવરોની સ્થિતિ સારી છે.

અહીંઆ ગાય, બળદ, બકરા અને બકરીઓ ઘેટા અને ઘેટીઓ દરેકને સાથે રાખવામાં આવે છે. તેમાં સગર્ભા થએલ ગાયો તથા ભેંસોને કામ નહીં આપતાં જુદા રાખવામાં આવે છે. કેટલીક વખતે ઘોડીઓ પણ સગર્ભા થાય છે. કબુતરખાનું સ્વચ્છ રહે છે અને કબુતરની સંખ્યા સારી છે.

અહીંઆ ઢોર કરતાં ઘોડાઓની સ્થિતિ ઘણીજ સારી છે. તેમ ઘોડાઓની સંખ્યા પણ ઘણી વધારે છે અને તેમાં કામ કરવા લાયક સારા અને કિંમતી ઘોડાઓ નજરે પડે છે. અને તેવા ઘોડાઓને બીજા કોઇને ત્યાં કામ કરવાને માટે આપવાનો રીવાજ નથી.

કુતરાંઓને રાખવા માટે સાધન છે પણ કુતરાંઓને શહેરમાંથી પકડી અહીં નહીં રાખતાં ગાડાં માર્ગે તેમજ દરિયામાર્ગે બહારગામ મોકલાવે છે. અને વખતે સુરતના કુતરાઓ ઠેઠ ભાવનગર લગી જાયછે. સુરતમાં પાંજરાપોળોની બીજી બે શાખાઓ છે. એક ભેસ્તાન અને બીજી આકાખોલ. સુરત પાંજરાપોળમાં ૪૦૦ થી ૫૦૦ જનાવરોને રહેવાની સગવડ છે, જ્યારે ભેસ્તાનમાં ૨૦૦ થી ૨૫૦ અને આકાખોલમાં ૧૦૦૦ થી ૧૨૦૦ જનાવરોને રહેવાની સોઇ છે. બકરાંઓને અહીં નહિ રાખતાં આકાખોલમાં રાખવામાં આવે છે.

અહિંઆ ડૉકટરની તેમજ દવાની સગવડ સારી છે. મી. નાનાલાલને પાંજરાપોળના ડોકટર તરીકે રાખેલ છે. ડોકટરને દરેક જાતની દવાઓ અપાવવામાં આવે છે, **પણ હથિયારો પુરતાં નથી.** તો તેના સંગ્રહની જરૂર છે. ડો. નાનાલાલ ઉપરાંત અહિંની સીવીલ વેટેરીનરી હોસ્પીટલના ડો. દુર્લભદાસ આમતોરા પણ વખતોવખત આ પાંજરાપોળની મફત મુલાકાત લે છે, અને મી. નાનાલાલને તેમના કાર્યમાં દરેક રીતે મદદ આપે છે.

આ પાંજરાપોળનું ફંડ બીલકુલ નથી. પણ સુરતના ઝવેરી મહાજન તરફથી આ પાંજરાપોળની ઉપજ ઘણી સારી છે. ૫૦ થી ૬૦ ને વખતે ૭૦

હજારનું વાર્ષિક ખર્ચ છે, અને તે સર્વે ખર્ચ સુરત ઝવેરી મહાજન પુરૂં પાડેછે.

આ પાંજરાપોળનું ખર્ચ એટલું વધારે છે કે આ ખર્ચમાં આથી દોઢા જનાવરો પણ નભી શકે તેમ છે.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૭–૯–૧૯૦૮ ના રોજ **ભરૂચ**ની પાંજરાપોળ તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણને માટે તેમાંની નીચે લખી હકીકતો પ્રગટ કરીએ છીએ.

આ પાંજરાપોળ શહેરથી જરા દૂર નર્મદા મીલની સામે સ્ટેશનની નજીક આવેલ છે. તે પાંજરાપોળમાં બળદ, ગાય, ભેંસો વિગેરે જુદાં જુદાં જનાવરોને રહેવાની જુદી જુદી જગ્યા મેલી છે. જનાવરોને ખોરાક ઉત્તમ અપાય છે. ખોળ પણ વખતો વખત અપાય છે. ચંદી એક વખત અપાય છે, તેમાં વખતે ગુવાર અને વખતે જાર આપવામાં આવે છે. ખોળ અને ચંદી બેઉ આપવામાં આવતા નથી. ખોળ આપવામાં આવે તો ચંદી નહીં ને ચંદી આપવામાં આવે તો ખોળ નહી. દરેક જનાવરને ૧ શેર ચંદી અથવા ખોળ અપાય છે. સુકું ઘાસ પુષ્કળ આપવામાં આવે છે. અને તે બહારગામથી મંગાવે છે. જનાવરોની શારીરિક સંપત્તિ ઘણીજ સારી છે, તે એટલે લગી કે ખાનગી ગૃહસ્થના ઘરનાં જનાવરોની બરોબરી કરી શકે.

પાંજરાપોળના મકાનમાં દરેક રીતની સફાઇ જાળવવામાં આવે છે. પાણી પીવાને માટે એક મોટી ટાંકી ભરેલી છે, જેમાંથી પાણી બહારની કુડીમાં આવે છે. ટાંકી તથા કુંડીઓ દરેક વખતે સાફ થાય છે, જેથી પાણી તદન ચોખ્ખું તથા નિર્મળ રહે છે. પીવાને માટે કુવાનું પાણી વપરાય છે.

દિવસમાં બપોરની વખતે હમેશાં જનાવરોને પાંજરાપોળમાં આગલા કમ્પાઉન્ડમાં રાખીને દરેક તબેલાઓ બરાબર સાફ થાય છે. લીદ તથા પેશાબ સાફ કરીને તેપર સુકી માટી પાથરી સાફ રાખે છે. ભીની જગોએ સુકી માટી અથવા કારબોલીક પાઉડર છાંટવામાં આવે છે.

પાંજરાપોળની ઇસ્પીતાલની સ્થિતિ સારી નથી. કારણકે ભરૂચમાં કમ ભાગ્યે વેટેરીનરી ઇસ્પીતાલ નહોવાને લીધે કોઇ વેટેરીનરી સરજન ત્યાં નથી, અને તેથી કરીને જનાવરોની દવા બીલકુલ થતી નથી. પાંજરાપોળ સતાવાળાઓને સુચના કરેલ છે કે વેટેરીનરી સાલુગી અથવા કમ્પાઉન્ડર રોકીને માંદા જનાવરોની દવા કરવાનું ચાલુ કરે.

બીજી પાંજરાપોળની માફક આ પાંજરાપોળના વાર્ષિક રીપોર્ટ બહાર પડવાની જરૂર છે.

પાંજરાપોળના કમ્પાઉન્ડમાં બે કબુતરખાના તથા એક જીવાતખાનું છે. કબુતરખાનામાં જાર પુરતી નાંખવામાં આવે છે.

જનાવરોને હમેશાં પાણીવતી ધોઈ શરીર સાફ કરવામાં આવે છે. ગંદકી બીલકુલ નથી. અહિંઆ કડબ બીલકુલ ખવરાવામાં આવતી નથી, અને તેથી કરીને ચેફ કટર રાખેલ નથી.

આ પાંજરાપોળમાં બધી જાતના વેપારીઓ જૈન, વૈષ્ણવ, બીજી જાતના હિંદુઓ, પારશીઓ, મુસલમાનો, તથા યુરોપીઅનો સારી રીતે મદદ કરે છે. ખર્ચ આશરે દશથી બાર હજારનું હશે.

દર ૫૦ જનાવરો ઉપર એક માણુસને માવજત કરવાના કામ ઉપર રોકેલ છે. તે ઓછા છે.

પાંજરાપોળના વહીવટ કરનાર મી. જુઠાભાઇ સુંદરજી શ્રાવક વાણિયા છે. તેઓ મુંગા પ્રાણીઓની માવજત કરવામાં અથાગ શ્રમ લે છે.

*　　*　　*　　*　　*　　*　　*

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી મોતીચંદ કુંરજી ઝવેરીએ તા, ૯–૯–૦૮ ના રોજ **પાદરા**ની પાંજરાપોળ તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણુને માટે તેમાંની નીચે લખેલી હકીકતો પ્રગટ કરીએ છીએ.

પાદરા ગામ સ્ટેશનથી ૧૦ મિનિટના રસ્તાપર દૂર છે. આ ગામ મોટું અને શ્રાવકોની વસ્તીથી ભરેલું છે. વેપાર પણ ઘણો ખરો શ્રાવકોના હાથમાં છે. પાંજરાપોળ ગામના છેડે છે. જનાવરોની સંખ્યા આશરે ૬૦ થી ૮૦ લગીની રહે છે. જનાવરોને બે વખત ચંદી અપાય છે તથા દિવસના પાંજરાપોળ તાબાની જમીનમાં ચરવા લઈ જવામાં આવે છે. પાંજરાપોળ ઇનસ્પેકટર ગયા તે વખતે જનાવરો ચરવા ગયાં હતાં, પણ ૮–૧૦ બકરાં, ૫–૭ ઘેટાં તથા ૨–૪ વાછરડાં હાજર હતાં. જનાંવરોની સ્થિતિ એકંદરે ઘણી સારી હતી. પાંજરાપોળનું મકાન સ્વચ્છ હતું. હવા જવા આવવાની સગવડ સારી હતી. એક માણુસ જનાવરોની માવજત કરવા રાખેલ છે. તે પાંજરાપોળના મકાનમાં રહે છે, અને બીજો માણુસ જનાવરોને ચારવા લઇ જવા માટે રોકેલ છે. માંદા ઢોર બીલકુલ રાખવામાં આવતાં નથી. જ્યારે ઢોર માંદુ થાય, ત્યારે તેમજ જનાવરોની સંખ્યા વધી જાય ત્યારે વડોદરા પાંજરાપોળમાં મોકલવામાં આવે છે. તોપણ કેટલીક વખતે ગામમાં જ્યારે મોવા તથા ખરવા અને માતા વિગેરે ફાટી નીકળે છે. ત્યારે પાંજરાપોળનાં જનાવરોને હેરાનગતી ભોગવવી પડે છે, જેથી તેવે વખતે શાશા પગલાં લેવાં તે બાબતની કેટલીક ઉપયોગી સૂચનાઓ પાંજરાપોળ ઇનસ્પેકટરે તેઓને આપી છે.

આ પાંજરાપોળના અંગે એક કબુતરખાનું રાખવામાં આવ્યું છે, જ્યાં દરરોજ ૫૦ થી ૬૦ કબુતરો ચરવાને આવે છે.

વાર્ષિક ખર્ચ આશરે ૧૨૦૦થી ૧૫૦૦ રૂપીઆનું હશે. જે સઘળું વ્યાપારીઓના લાગામાંથી પૂરૂં પડે છે.

બીજી પાંજરાપોળની માફક આ પાંજરાપોળનો વાર્ષિક રીપોર્ટ છપાવી બહાર પાડવો જોઇએ.

પાંજરાપોળ વહીવટદાર મી. મોહનલાલ હેમચંદ વકીલ બહુજ સારી મહેનત લઇ પાંજરાપોળનું કામ સંતોષકારક રીતે ચલાવે છે.

*  *  *  *  *  *  *  *

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૧૦–૯–૦૮ ના રોજ **ડાકોરની અફલાતુનની પાંજરાપોળ** તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણને માટે તેમાંની નીચે લખી હકીકતો પ્રગટ કરીએ છીએ.

ડાકોરમાં મી. અમૃતલાલ અનોપરામ મહેતા ઉર્ફે અફલાતુન નામના માણસે આજ સાત આઠ વરસ થયાં એક પાંજરાપોળ કાઢેલ છે તેમાં માંદા તથા ઘરડાં જનાવરોને રાખે છે અને તેના નિભાવને માટે એક ફંડ ઉભું કરેલું છે. ડાકોર જાત્રાનું સ્થાન હોવાથી હજારો લોકો ત્યાં આવે છે અને તેથી જાત્રાળુઓ તરફથી ફંડમાં સારી રકમો ભરાય છે. પાંજરાપોળ ઇન્સ્પેકટરે આ પાંજરાપોળ તપાસી તે વખતે ઢોરોની સંખ્યા પાંચ સાતની હતી. જ્યારે રજીષ્ટર ઉપર ઢોરોની સંખ્યા ૬૦ ની હતી. રજીષ્ટરમાં લખેલાં ઢોરોની બાબતમાં પુછતાં સંતોષકારક ખુલાસો મળ્યો નથી. જે પાંચ સાત ઢોરો હતાં, તે દુબળાં અને દયા આવે તેવી સ્થિતિમાં હતાં. આ પાંજરાપોળનો રીપોર્ટ બીજી પાંજરાપોળો માફક દરવરસે છપાવી બહાર પડવો જોઇએ. ડાકોર સ્ટેશન અને ગામ વચ્ચે સડક છે અને તે સડક પાસે પાંજરાપોળનું મકાન ચણાય છે. માંદા જનાવરોની દવાનું તો કાંઇ નામ પણ જણાતું નહોતું.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૧૦–૯–૦૮ ના રોજ **ડાકોરની ગૌશાળા** તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણ માટે તેમાંની નીચે લખી હકીકતો પ્રગટ કરીએ છીએ.

ડાકોરની ગૌશાળા શ્રી રણછોડરાયના મંદિરની ખાનગી સંસ્થા છે. તેમાં લગભગ ૫૦૦ થી વધારે ગાયો તથા ૨૦ ઘોડા રહે છે જ્યારે એક હાથી પણ રહે છે. મંદિરમાં ઉપજ સારી અને ફંડ પણ ઘણું હોવાથી જનાવરોની સ્થિતિ ઘણીજ સારી રહે છે. દુધ મંદિરના ઉપયોગમાં લેવામાં આવે છે. કપાસીઆ,

ખોળ તથા બીજું અનાજ ચંદીમાં વપરાય છે. દિવસની ગાયો ચરવા જાય છે ત્યારે રાતના વખતે ગૌશાળામાં બાંધવામાં આવે છે. ઘોડાઓની સ્થિતિ પણ ઘણી સારી છે, પણ માંદા જનાવરોની માવજત બીલકુલ થતી નથી કારણકે તે કામનો અનુભવી કોઈ માણસ ત્યાં નથી. ત્રણ ચાર ગાયો તથા બે ત્રણ ઘોડા માંદા હતા તેઓને દવા આપી છે. અને બીજી કેટલીક ઉપયોગી દવાઓ ઉતરાવેલ છે, બાકી બીજી દરેક રીતની માવજત જનાવરોની ઘણીજ સારી રીતે થાય છે અને તેથી પાંજરાપોળ ઇન્સ્પેકટરને ઘણોજ સંતોષ થયો છે.

ત્યાંની વિઝીટબુકમાં પાંજરાપોળ ઇન્સ્પેકટરે જનાવરોના રોગ જાણનાર એક ડોકટર રોકવાની ગૌશાળાના ટ્રસ્ટીઓને ભલામણ કરી છે, જેને માટે હજી વિચાર ચાલે છે.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૨૭–૯–૦૮ ના રોજ **ખેડાની** પાંજરાપોળ તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અમે લોકોની જાણને માટે તેમાંની નીચે લખેલી હકીકત પ્રગટ કરીએ છીએ.

આ પાંજરાપોળમાં ફક્ત ૧૫ થી ૨૦ જનાવરો રહે છે, વધારે થાય ત્યારે વડોદરા અથવા અમદાવાદ મોકલાવે છે. પાંજરાપોળ તપાસતી વખતે ૧૫ પાડા, ૪ બળદ અને ૬ બકરાં હતાં. માંદા જનાવરોને અમદાવાદ મોકલાવે છે. સાધારણ રોગોમાં મોવાસો અને ખરવાસો માલમ પડે છે. લંગડા જનાવરો પાંજરાપોળમાં રહે છે. બહાર ચરવા લઈ જવાને માટે બીડ ભાડે રાખવાની સગવડ થઇ નહીં હોવાથી પાંજરાપોળમાંજ રહે છે. જનાવરોને ચંદી બીલકુલ આપતા નથી પણ ઘાસ પુરતું ઉત્તમ જાતનું આપવામાં આવતું હોવાથી તેમની શારીરિક સ્થિતિ સારી રહે છે. જે જનાવરો હાજર હતાં તે બધાં લંગડાં અને નાની ઉમરનાં હતાં તેથી બીલકુલ બહાર લઇ જઇ શકાય તેવી સ્થિતિમાં નહીં હોવાથી પાણી પણ પાંજરાપોળમાં કુંડીમાં પાવામાં આવે છે.

માગશર અને પોષ મહિનામાં નાનાં બકરાંઓ ઘણાં આવતાં હોવાથી તે વખતે પાંજરાપોળને ખર્ચ વધી પડે છે. આ પાંજરાપોળને કુસંપના કારણથી ઉપજ ઘણી ઓછી છે. છાણ થોડું થાય છે તે મફત આપી દેવામાં આવે છે. દુધની પેદાશ બીલકુલ નથી. મરેલાં જનાવરો ચમારને આપી દેવામાં આવે છે તેની ઉપજ સારી છે.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચરે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ઉદ્દેશ.

નિઃશેષ દોષ શત્રુને જીતવાથી જેઓ સર્વજ્ઞપણાને પ્રાપ્ત થયા છે, સર્વજ્ઞ હોઈ સદ્દભૂતાર્થવાદી એટલે વસ્તુગતે વસ્તુ પ્રકાશનાર છે, અને સદ્દભૂતાર્થવાદી હોઇ જેઓ ત્રિભુવનપૂજ્ય છે એવા શ્રી વીર પરમાત્માને સ્મરણ કરી, શ્રી જૈન સમાજના હિતાર્થે આ નવીન ઉપક્રમ કરવામાં આવે છે.

વ્યવહારિક કેળવણીની સાથે ધર્મનીતિની કેળવણી આપવી અત્યંત આવશ્યક છે એમ સઘળા દેશોના વિદ્વાનોનો ઘણે ભાગે હાલ મત છે. આપણા ભારતવર્ષમાં પણ જુદા જુદા મતાવલંબીઓએ ધર્મનીતિની કેળવણી આપવાની જરૂરીયાત જોઇ છે અને પોતપોતાના સંપ્રદાય માટે તેની યોજના કરેલ છે યા કરવામાં ગુંથાએલ છે. આવી યોજનાઓ વિશાળ અને ઉદાર દૃષ્ટિએ કરવામાં આવે તો રાષ્ટ્રિયભાવનાને બાધક ન થતાં ઉલટી આપણા મહાન્ પૂર્વજો માટે આપણા હૃદયમાં બહુમાન ઉત્પન્ન કરી, સર્વે જાતિના આપણા બંધુજનો માટે સમભાવ પ્રકટાવી દેશઉત્કર્ષમાં સહાયકારી નીવડે એમ અમારો મત છે.

જૈન કોમમાં ધર્મનીતિની કેળવણી માટે સ્થળે સ્થળે પાઠશાળાઓ હાલમાં સ્થપાઇ છે ને નવી સ્થપાતી જોવામાં આવે છે, તથા એવી કેળવણી આપવામાં ઉપયોગી થઇ પડે એવા પુસ્તકો રચવાનો પ્રયાસ પણ અનેક તરફથી થતો જણાય છે; પણ આ સર્વે પ્રવૃત્તિ હજી પ્રયોગરૂપે છે. વિદ્યાર્થિના અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવેલ આ નવીન વિષય પર અત્યાર સુધી વિદ્વદ્વર્ગના વિચારો ચોખ્ખા કે નિર્ણિત થયા નથી, એવા સમયે આ મહાન્

વિષય પરત્વે આપણા વિચાર બાંધવામાં, તથા આ મહદ્ કાર્યનો પાયો નાંખવામાં સહાયભૂત થાય એવા એ વિષય સંબંધી ચર્ચા કરનાર એક માસિકની જરૂર ઘણા સૂજ્ઞ બંધુઓને જણાઇ છે, અને તે જરૂર પૂરી પાડવા માટે તેવું એક સ્વતંત્ર માસિક કાઢવાનું બની ન શકે તેટલા સુધી શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડનો એક ભાગ તે અર્થે યોજવા નિશ્ચય થએલ છે, અને તે અનુસાર આ ઉપક્રમ છે.

બીજો ઉદ્દેશ વિદ્યાર્થિઓને તેમજ શિક્ષકોને એ વિષયને અંગે ઉપયોગી થઇ પડે તેવા સાહિત્યનો વધારો કરવામાં યથાશક્તિ સહાય આપવાનો છે. ભવિષ્યની જૈન પ્રજાનું હિત ચહાનાર સર્વે બંધુઓનું કર્ત્તવ્ય છે કે તેમણે—જેઓ શ્રીમાન હોય તેમણે દ્રવ્યથી તથા જેઓ વિદ્વાન હોય તેઓએ પોતાની કલમથી—આવા પ્રકારના સાહિત્યની વૃદ્ધિ કરવામાં ઉદ્યમવંત થવું. ધર્મશિક્ષકોની કૂપમંડૂકતા દૂર થાય, તેમની જ્ઞાનમર્યાદા વિસ્તાર પામે, તથા તેમના વિચારો ઉદાર બને એ બહુ ઇચ્છવા યોગ્ય છે.

એ ઉદ્દેશો સિદ્ધ કરવા, દેશીય તેમજ વિદેશીય શિક્ષણવેત્તાઓના વિચારોથી અમે શિક્ષકવર્ગને પરિચિત કરતા રહીશું, શિક્ષકને માર્ગસૂચક થાય એવા જરૂરી નમૂનાના પાઠો તથા દૃષ્ટાંતિક દાખલાઓ વગેરે આપીશું, અને અન્ય પ્રકારે પણ કોઇપણ ગચ્છમતવાળાને અપ્રિય ન થાય એવી રીતે અમારૂં કર્ત્તવ્ય યથાશક્તિ કરીશું.

આ ઉદ્દેશ ભાવના સિદ્ધ કરવી એ સાધારણ કામ નથી. તે યથાર્થ પાર પડવી એ પ્રભુકૃપાની વાત છે, પણ તે અર્થે જે થઇ શકે તે સર્વે કરવું એ આપણું કર્ત્તવ્ય છે. એ કર્ત્તવ્ય કરવામાં અમારા તરફથી બનતો પ્રયાસ કરવામાં આવશે, અને એ કામમાં આપણા કેળવાયલા બંધુઓ અમને સહાય થશે એમ આશા છે.

" પ્રભુજી મહીર કરીને આજ કાજ અમારાં સારો ! "

તથાસ્તુ.

# धार्मिक केळवणीनी भूमिका.

" પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર. "

( ૧ ) સર્વે પ્રાણીઓ સુખને ઇચ્છે છે. " સુખ " એ સર્વ કોઈનું લક્ષ્ય-બિંદુ છે. માટે સ્વાભાવિક રીતે " અનન્ત સુખ " એ પુરૂષાર્થનું કેન્દ્ર હોવું ઘટે છે.

સાધારણ અનુભવ એવો છે કે સુખ પછી દુઃખ એમ ચાલ્યુંજ આવે છે. થોડીવાર સુખ કે થોડીવાર દુઃખ. બાળકનો પણ એવો અનુભવ છે. એક દિવસમાં તે કેટલીવાર હસે છે ને રડે છે? તદ્દન દુઃખ રહિત–માત્ર સુખનો અનુભવ આ દુનિયામાં કોઇને થતો નથી. ઘડીભર એમ માનીએ કે આખી જીંદગીપર્યન્ત સુખનો અનુભવ થવો શકય છે તોપણ છેવટે મરણ એ દુઃખ અવશ્ય છે. માટે સર્વ કોઈ, વચ્ચે કદી પણ દુઃખ ન આવે એવા પ્રકારના સુખને ચાહે છે, એટલે કે વાસ્તવિક રીતે જોતાં " અનન્ત સુખ " ને ઇચ્છે છે. શાણા મનુષ્યમાત્રની એજ અભિલાષા હોય છે અને તે વ્યાજબી છે.

( ૨ ) એવું અનન્ત સુખ શ્રી તીર્થંકરોએ–સિદ્ધ પરમાત્માઓએ–પ્રાપ્ત કરેલ છે. એટલુંજ નહિ પણ આપણે તે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ તે માર્ગ પણ શ્રી ભગવાન્ બતાવી ગયા છે.

એ માર્ગ પામવાને માટે જ આપણે એમની ભક્તિપૂજન વંદનાદિ કરવાનાં છે.

( ૩ ) અનન્ત સુખ પામવાની ઇચ્છા ધરાવનાર મનુષ્યનું એ કર્ત્તવ્ય છે કે તેણે શ્રી વીતરાગ પરમાત્માએ બોધેલો માર્ગ શું છે તે જાણવું તથા તે પ્રમાણે વર્તવા પ્રયત્નશીળ થવું.

માણસને તરતાં આવડતું હોય–તરવાનું જ્ઞાન હોય–છતાં પાણીમાં પેસીને હાથ પગ નહિં હલાવે, તો તે કેવી રીતે પાર પહોંચી શકે? તેમ માત્ર એ માર્ગ જાણવાથી અનન્ત સુખ પમાય નહિ. તે માર્ગ પ્રમાણે આચાર હોય તોજ એ મનોરથ સફળ થાય.

પણ જ્ઞાન પ્રમાણે વર્તન થવા માટે તેમાં શ્રદ્ધા હોવી જોઈએ. શંકા આદિ હોય તો કદી શુદ્ધ આચરણ થઈ શકે નહિ.

શ્રદ્ધાના અનેક પ્રકાર છે. એક પ્રકારની શ્રદ્ધા ઉપર આપણા વિષયના બીજા (૨) વિભાગમાં માની લીધેલી છે. પણ આગળ જતાં એ વાતનો ખુલાસો વિદ્યાર્થી આગળ કરવો જોઇએ કે જિનેશ્વરપર શ્રદ્ધા રાખવાનું તમને કહેવામાં આવે છે તેના વ્યાજબીપણા વિષે તમે વિચાર કરી લ્યો. કોઇ સામાન્ય પુરૂષમાં શ્રદ્ધા રાખવાનું તમને કહેવામાં આવતું નથી, પણ જીનેંદ્રમાં

રાખવાનું કહેવામાં આવે છે. એ જિનવર કેવા છે ? રાગદ્વેષ અને મોહરહિત છે. આપણને સંપૂર્ણ જ્ઞાન નથી, કારણ કર્મમળથી લેપાયલા છીએ, પણ તેમણે તો કર્મનો જય કર્યો છે અને તેથી કેવળજ્ઞાન પામ્યા છે; અને તે પામ્યા પછી જ જગતને તેમણે ઉપદેશ કરેલ છે; માટે તેમના ઉપદેશમાં પર્યાયમાત્ર પણ અસત્ હોવાનો સંભવ નથી. આવા સદ્વકતા હોવાથી પ્રભુ ત્રિભુવનપૂજ્ય થયા છે. આવા દેવમાં શ્રદ્ધા રાખવાનું તમને કહેવામાં આવે છે, અને એવા સદ્દેવમાંજ શ્રદ્ધા રાખવી ઘટે છે. આમ સદ્ગુરૂ કોણ હોઇ શકે તેનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી તેમનામાં શ્રદ્ધા થવા પછી, એવા સદ્ગુરૂ શ્રી વીતરાગે બતાવેલ માર્ગ જાણી એજ માર્ગ છે એવો મનમાં નિશ્ચય થાય–જ્ઞાનશ્રદ્ધા થાય એજ દર્શન.

માટે ભગવંતે અનન્ત સુખ પામવાનો જે માર્ગ બતાવ્યો છે તે જાણવું, તેની પ્રતીતિ કરવી, અને તે પ્રમાણે વર્તવું એ આપણું કર્તવ્ય છે. એ કર્તવ્ય યથાતથ્યપણે સમજાય એનું નામ ધાર્મિક કેળવણી.

( ૪ ) એ માર્ગ પામવાનું પહેલું પગથીઉં '**વિનય**' છે. જે વસ્તુની આપણે ઇચ્છા રાખતા હોઇએ તે વસ્તુ જેની પાસે હોય તેનો વિનય કરવાથીજ તે વસ્તુ મળી શકે છે એ સહજ સિદ્ધ છે. બીજાનો અનુભવ જાણી તે પર વિચાર કરી તેમાંથી શિક્ષા ગ્રહણ કરવી એ સુજ્ઞ મનુષ્યોની રીત છે. જેમનાથી આપણને કાંઈ લાભ થયો હોય તેમનો **ઉપકાર વિસરવો નહિ** એ કૃતજ્ઞી મનુષ્યનું કર્તવ્ય છે. વિચાર કરી સારાસાર સમજવાની શક્તિ ન હોય તેટલા સુધી આપણા માબાપ–વડીલો–ગુરૂજનો–શિક્ષકાદિ પર વિશ્વાસ રાખી તેઓ જેમ કહે તેમ વર્તવામાં–**આજ્ઞાંકિતપણામાં**–આપણું કલ્યાણ છે. માટે પરમેશ્વરની વંદના પૂજા વગેરે કરવી, એટલે કે તેમનો વિનય કરવો, ગુરૂનો વિનય કરવો, જ્ઞાનનો વિનય કરવો–આશાતના ટાળવી.

પછી ધીરે ધીરે પોતાની શક્તિઅનુસાર ગુરૂના વચનોનો વિચાર કરવો, ભગવાનના ચારિત્રનો વિચાર કરવો. કેવી રીતે વર્તવાથી તેઓ અનન્ત સુખ–મોક્ષ–પામ્યા તેનો વિચાર કરવો. આપણને શું કરવાનું તેઓ બતાવી ગયા છે તેનો વિચાર કરવો. વિચાર કરવા જેટલી શક્તિ ન આવે તેટલા સુધી એ વાતો જાણવાની તીવ્ર અભિલાષા રાખવી. એવી અભિલાષા હૃદયે પ્રકટયા વિના જ્ઞાન થાય નહિ.

ફરી જણાવવાનું કે માર્ગ સમજવાની યોગ્યતા આવતાં સુધી સ્વચ્છંદે વર્તવાનું નથી. ઉપર બતાવ્યા પ્રમાણે વિનય, આજ્ઞાંકિતતા વગેરે સદ્ગુણોથી સજ્જ થવાનું છે. એ ગુણોની ખીલવણી કરવા પર શિક્ષકે ખાસ ધ્યાન આપવું. ખાસ ઉપદેશ આપ્યા વિના યોગ્ય નિયંત્રણ પદ્ધતિથી–discipline થી–તેમ બહુ સારી રીતે થઇ શકશે.

અપૂર્ણ.

*AN APPEAL*

**TO**

## TEMPERANCE WORKERS IN INDIA.

DEAR SIR OR MADAM,

It is a well-known fact that inspite of earnest efforts of Temperance Societis, the drink evil is increasing in India. The root of evil is flesh-eating as is scientifically proved, by Dr. A. HAIG and others. The Salvatian Army in London actually cures drunkards of their crave by giving them vegetarian diet only.

I therefore beg you to kindly read the enclosed leaflet, **A Terrible evil in England** and to be so good as to preach to the people the advantages of the vegetarian diet in overcoming the drink crave.

I shall be obliged if you will kindly favour me with your opinion on the above subject.

Yours truly,

*Pydhony,*
*Bombay,*
*21-12-1908.*

**KALYANCHAND SOBHAGCHAND.**
Resident General Secretary,
Shri Jain Swetamber Conference.

---

## PRIZE-EXAMINATION

**FOR**

## MEDICAL STUDENTS.

A prize-examination in **Perfect Way in Diet** by Dr. Anna Kingsford and **Diet and Food** by Dr. A. Haig will be held for the benefit of the Students of the Grant Medical College, Bombay, in July, 1909, and cash prizes of (1) Rs. 100, (2) Rs. 40, (3) Rs. 30, (4) Rs. 20, and (5) Rs. 10, respectively will be awarded to the first five successful candidates.

Copies of **Perfect Way in Diet** and **Diet and Food** may be had for As. 10 and Rs. 1-8-0, respectively from the office of Messrs. Visanji Sons & Co, Bruce Lane, Church Gate Street, Fort, Bombay.

A qualified medical gentlemen will be appointed as examiner, and the date of, as well as the place for, the examination may be learnt from the undersigned in June, 1909.

*Pydhony,*
*Bombay,*
*3-1-1908.*

**U. D. BARODIA.**
Assistant Secretary,
Shri Jain Swetamber Conference.

*A CHRISTMAS APPEAL*

# TO

# EARNEST CHRISTMAS.

LADIES & GENTLEMEN,

You believe, as we Jains do, that Blessed are the Merciful, for they shall obtain Mercy, and that Whatsoever a man soweth, that shall he also reap.

I therefore pray that during the sacred Christmas days you may be pleased to think of the terrible sufferings of poor animals in trains, ships, markets and slaughter houses, and to do something to stop them.

I also pray that you may be pleased to discourage the destruction of harmless, timid birds and quadrupeds in the name of sport, for the sake of mere amusement as there is no manliness in it.

If you will kindly grant my above prayers you will earn a multitude of blessings.

Yours obediently,

*Pydhony,*
*Bombay,*
*24-12-1908.*

KALYANCHAND SOBHAGCHAND,
Resident General Secretary,
Shri Jain Swetamber Conference.

Registered No. B. 525.

वीर सम्वत् २४३५. ॐ विक्रम सम्वत् १९६५.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

पुस्तक ५. फेब्रुवारी.
नम्बर २. सन १९०९.

प्रकट कर्त्ता.
श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| પ્રાસંગિક નોંધ .... .... | ૨૯ | जैन यंगमेन्स एसोसिएशन ओफ इन्डियाका दशवा वार्षिक अधिवेशन ... ... | ४४ |
| કોન્ફરન્સ ઓફિસ તરફથી અમદાવાદ જકાત ખાતાના કલેકટર સાહેબને કરવામાં આવેલી અરજીનો જવાબ. | ૩૦ | કેમ સુધારા થાય .... .... | ૪૬ |
| સ્વદેશી જૈન સાહસ .... | ૩૧ | પ્રાચીન શિલાલેખો.... .... | ૪૭ |
| જૈન નિરાશ્રિતની સ્થિતિ.... | ૩૩ | ધાર્મિક હિસાબ તપાસણીના રિપોર્ટ .... .... .... | ૪૯ |
| હાનિકારક રીતરીવાજો .... | ૩૪ | ધાર્મિક કેળવણીની ભૂમિકા | ૧ |
| જૈન શ્રીમંત શેઠ સાહેબોને ખુલ્લો પત્ર .... .... | ૩૭ | Froebel's Principles of moral and religious Education. | 3 |
| પાંજરાપોળો અને તેની સ્થિતિ | ૩૯ | Real Education. | 4 |
| मारवाड प्रांतिक कान्फरन्सका २ रा अधिवेशनका संक्षिप्त रिपोर्ट | ४३ | | |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

अमदावाद.
श्री सत्यविजय प्रिन्टिंग प्रेसमां शा. गीरधरलाल हकमचंदे छाप्युं.

स्वदेश हितेच्छु अने धर्मचुस्त गृहस्थोने एक अमुल्य तक.

वावटा छाप ट्रेडमार्कनुं पवित्र अने शुद्ध

# स्वदेशी केशर.

आ चोख्खुं केशर ते १ तोला ५ तोला ०। ०॥ अने एक रतल पेक डबामां वेचीए छीए. जैन तीर्थावळी प्रवास आवृत्ति बीजी घणा सुधारा वधारा साथे मलशे. सर्व दर्दो मटाडवानी रामबाण देशी दवाओ कीफायते वेचीये छीए. स्वदेशी माल मंगावनाराओने चोकसथी कीफायते कमीशनथी मोकलीशुं.

अंबर—कस्तुरी—खरो भिमसेनी बरास, सुखड मलबारी, दशांगी धुप, सोना रुपानो वरख, अत्तर, देशी बनावटना वगर चर्बीना साबुओ न्हावाना तथा कपडां धोवाना लाटा, गोळा वीगेरे तथा सेंट अने खुशबोदार तेलो वीगेरे कीफायते वेचीए छीए.

एकला मालेक.

मलवानुं ठेकाणुं—दामरगलीनानाके } श्री जैन महाजन आश्रित शा केशवजी खीमजी कुं०
जडीआ बजार मुंबई. } जथाबंध तथा छुटक वेचनार तथा कमीशन एजंट.

---

## ખરૂં જૈન સાહસ.

---

સ્વદેશ હિતના લાભ માટે ખાસ આગના વિમા ઉતરાવનારાઓની સંયુક્ત મદદથી ઉભી થયેલ.

**બ્રિટિશ ઇન્ડિઆ કો—ઓપરેટીવ ઇન્સ્યુરન્સ એન્ડ બેન્કીંગ કું. લી.**

**થાપણ**—રૂપિયા પાંચ લાખ જે દરેક રૂ. ૧૦૦ ના એવા પાંચ હજાર શેરોમાં વહેંચાયેલી છે, અને દરેક શેરદીઠ હાલ માત્ર રૂપિયા પાંચ લેવામાં આવે છે.

આ કંપની રજીષ્ટર થતાંજ તેના અડધા શેરો ભરાયા છે અને દરરોજ તેની માંગણી ચાલુ છે. આ કંપની હાલ આગના વિમા ઉતારવાનું કામ તુરત હાથમાં ધરશે અને ઘણા કારખાનાવાળાઓએ વિમા આપવા કબુલ્યું છે. વીસ શેર લેનારાઓને પ્રમોટર નીમવામાં આવશે. આ કંપનીના કામકાજ માટે કેટલાક પગારદાર એજંટો ગામેગામ જોઈએ છીએ. વધુ વીગત માટે નીચે સહી કરનારને લખવું.

**ડી. ડી. દલાલની કંપની.**
સેક્રેટરીઝ.

ભરૂચ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसात्कीर्तिस्तमालिंगति,
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥

ભાવાર્થ—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છેછે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

ॐ શાન્તિઃ


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

VOL. V.] FEBRUARY. 1909 [No. 2


# પ્રાસંગિક નોંધ.

અમારી તા. ૫ મીએ કરેલ અરજીના જવાબમાં મેસર્સ ફીન્લે મ્યુરની કંપની તરફથી અમને સંતોષકારક જવાબ મળ્યો છે કે ઇલાયચી કુમારની છબીવાળો માલ જે તે કંપની પોતાના આડતીઆઓ માટે મંગાવતી હતી તે માલ નહીં મંગાવવા ઠરાવ કર્યો છે. અને તેમની કલકત્તા તથા કરાંચીની પેઢીઓએ પણ તેમ કરવા કબુલ કર્યું છે. આ પ્રમાણે આ કંપનીએ આપણી જૈન કોમની દુઃખાતી ધાર્મિક લાગણી તરફ લક્ષ રાખી જે ઉત્તમ ઠરાવ કર્યો છે, તે માટે અમે આ પ્રસંગે તે કંપનીનો ઉપકાર માનીએ છીએ.

* * * *

અમારી તા. ૬–૧–૦૯ને દિને કરેલી અરજીના જવાબમાં અત્રેની વીલસન કોલેજના પ્રિન્સીપાલ ડો. મેકીકન અમને લખી જણાવે છે કે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફીના સંબંધમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સઘળી બોર્ડિંગ સ્કૂલોને ધી ગોકળદાસ તેજપાળની બોર્ડિંગ સ્કૂલના જેટલાજ હકો આપવામાં આવશે. આવા સંતોષકારક જવાબ માટે અમે ડો. મેકીકનનો આતરે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

* * * *

જુનાગઢના દિવાન સાહેબ અમને અમારા તા. ૫-૧-૧૯૦૯ના પત્રના જવાબમાં લખી જણાવે છે કે તમે જે ખબર ( વેરાવળના દરિયામાં કુતરાંઓને ડુબાડી મારી નાખવામાં આવે છે તે ) સાંભળી છે તે તદન જૂઠી છે. દિવાન સાહેબને જણાવેલ જગ્યાએ મોકલી આપવાની સરતે વેરાવળના જૈનોને કુતરાંઓને સોંપી દેવામાં આવે છે.

---

# કોન્ફરન્સ ઓફિસ તરફથી અમદાવાદના જકાત ખાતાના કલેકટર સાહેબને કરવામાં આવેલી અરજીનો જવાબ.

---

૪૭૪૭ સને ૧૯૦૮.

કેમ્પ ધુરજી, ૧૯મી ડીસેમ્બર ૧૯૦૮.

મેમોરેન્ડમ.

ગઇ તા. ૨ જીના પત્રના જવાબમાં, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના રેસીડેન્ટ સેક્રેટરીને જણાવવામાં આવે છે કે, જે માલ ભરવાડ લોકો અટકાયતવાળી હદ ઓળંગી લઈ જાય છે, તે તેઓના પોતાના ઢોરઢાંખર તરીકે ગણી શકાય નહીં. તેથી ખરી રીતે હંમેશ મુજબ જકાતને પાત્રતો છેજ અને તપાસ કરતાં કલેકટરને સંતોષ આપવામાં આવ્યો છે કે, જકાત કે જે હમેશાં રોકડ રકમમાંજ લેવામાં આવે છે તેને બદલે ઘેટાં જકાત તરીકે લેવામાં આવતાં નથી.

૨ પોતાના ખાનગી ઉપયોગને માટે ઇન્સ્પેકટરો ઘેટાં ખરીદ કરતા હશે પણ એવો સખત હુકમ કાઢવામાં આવ્યો છે કે જો ભરવાડ લોકો ઘેટાં વેચવાને ખુશી હોય તોજ આ પ્રમાણે ખરીદી કરવી.

સોલ્ટ રેવન્યુના કલેકટરની સહી.

* * * *

**ધી ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ.** સને ૧૯૦૮ ની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બેસનારાઓમાંથી ધી ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ માટે માત્ર ત્રણ ઉમેદવારોની અરજીઓ આવી હતી. તેમાંથી આ સ્કોલરશીપની સરતો પ્રમાણે આ વખતે નીચેના ઉમેદવારોને આ સ્કોલરશીપ આપવામાં આવી છે.

પરીક્ષાનો નંબર.

૧૫૩ મી. શોભાગ્યચંદ પ્રેમચંદ દેશાઇ.

૭૨૪ ,, નાનચંદ દીપચંદ ટોપીવાળા.

નં. ૭૨૪ વાળા ઉમેદવારના કુલ માર્ક સૌથી વધારે હતા. તેમજ તે સુરતના વતની હોવાથી આ સ્કોલરશીપનો અડધો ભાગ આપવામાં આવ્યો છે.

નં. ૧૫૩ વાળા ઉમેદવારના સંસ્કૃતના સૌથી વધારે માર્ક હતા, તેથી તેમને આ સ્કોલરશીપનો બીજો અડધો ભાગ આપવામાં આવ્યો છે.

**શ્રી માંડવગઢ તીર્થ.**

પ્રાચીન સમયમાં " માંડવગઢનો રાજીઓ નામે દેવ સુપાસ " એવા એવા અનેક સુવાક્યોથી વિખ્યાત શ્રી મંડપ નામક તીર્થ હાલમાં ક્યાં છે તે આશરે દશેક વર્ષ પહેલાં કોઇક જૈન જાણતો હશે. આ તીર્થ સાંપ્રત કાળમાં શ્રી માંડવગઢના નામથી ઓળખાય છે. મુનિરાજ શ્રી હંસવિજયજી સંવત્ ૧૯૫૮ માં બુરાનપુર સંઘ સાથે આ તીર્થની શોધમાં નીકળ્યા હતા. જ્યારે આ તીર્થ તેઓને હાથ લાગ્યું ત્યારે તેની આસપાસ ગીચ ઝાડી હતી. તેમજ મંદિરમાં પૂજન વિગેરે વિધિપૂર્વક થતું ન હતું. પરંતુ ઉક્ત મહારાજશ્રીના પ્રયાસથી ત્યાં એક ધર્મશાળા બંધાઇ હતી, અને ઘણી આશાતના દુર કરવામાં આવી હતી. આ ધર્મશાળા માટે જમીન ખોદતાં નીકળેલી પ્રતિમાઓની પ્રતિષ્ઠા ગઇ સાલમાંજ થયેલી છે. માંડવગઢ તરફ હમણાંજ એક બીજો સંઘ થોડા વખત ઉપરજ પન્યાસજી શ્રી કમળવિજયજી સાથે જાત્રાએ બુરાનપુરથી ગયો હતો.

આ તીર્થના વહીવટ કર્તા નાલછાના શ્રાવકોએ પન્યાસજીના ઉપદેશથી આપણા ધાર્મિક હિસાબ તપાસણી ખાતાના ઇન્સ્પેકટરને આ તીર્થનો હિસાબ આ ખાતાના નિયમાનુસાર દેખાડયો હતો. તેમજ આ તીર્થની રક્ષા અને વહીવટ સુવ્યવસ્થિત રહે તે માટે આ ખાતાના ઉપરી અધિકારી શેઠ ચુનીલાલ નાનચંદની સંમતિથી ચાર ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા હતા.

આર, એમ, રેલ્વેના મહુની છાવણીના સ્ટેશને ઉતરીને શ્રી માંડવગઢ જવાય છે. સ્ટેશને બેલગાડી, ઘોડાગાડી, કે મોટરગાડી ભાડે મળી શકે છે. રસ્તો ઘણોજ સારો છે. આ તીર્થ હજી કેટલેક ઠેકાણે જીર્ણ સ્થિતિમાં હોવાથી તેનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. આ પ્રાચીન તીર્થની યાત્રાએ જવાની તેમજ તેનો જીર્ણોદ્ધાર કરવાની અમારી ઉદાર શ્રીમંતો પ્રત્યે વિનંતિ છે.

## સ્વદેશી જૈન સાહસ.

જૈન ગૃહસ્થો સ્વદેશી હીલચાલનો લાભ લેવામાં પાછળ નથી. ગુજરાતમાં મીલોના આગેવાનો તથા રૂ-કપાસના વેપારી તરીકે તેમ સરાફો તરીકે જૈનોએ

સારૂં નામ મેળવ્યું છે, પરંતુ વીમા કંપનીઓ, બેંકો-સ્ટીમરો વીગેરે ધંધા જેમાં લાખો બલકે અબજોની પેદાશ હિંદુસ્તાનમાંથી પરદેશ જાય છે તે તરફ પુરૂં લક્ષ આપ્યું નથી. વીમા ખાતાઓ અને બેંકોના ખાતામાં ભાગીદાર થવું જૈનો વધારે પસંદ કરે છે, કારણ કે એ ધંધામાં હિંસા બીલકુલ નહિં હોવાથી તેમજ શાસ્ત્રનો બીલકુલ બાધ નહિં હોવાથી તેમજ દેશની મુડી દેશમાં રહેવાથી સ્વદેશી હીલચાલને પુરતો ટેકો મળે છે. આ તકનો લાભ લઇ ભરૂચના જાણીતા જૈન ગૃહસ્થ મી. ડાહ્યાભાઇ દલપતભાઇ દલાલ જેઓએ વીમાના કામનો પુરતો અનુભવ મેળવ્યો છે, તેઓએ ભરૂચમાં હેડ ઓફીસ રાખી " ધી બ્રીટીશ ઇંડીઆ કો-ઓપરેટીવ ઇન્સ્યુરન્સ એન્ડ બેંકીંગ કંપની લીમીટેડ " એ નામની કંપની ઉભી કરી છે અને તેમાં પ્રથમ આગના વીમાનું કામ શરૂ કરવાના છે. કેપીટલ હાલ પાંચ લાખની રાખી છે જે ધીમે ધીમે વધારી એક કરોડ રૂા. ની કરવાનું જાહેરનામામાં જણાવેલું છે. દરેક શેર રૂ. ૧૦૦) નો રાખેલો છે અને હાલ તુરત માત્ર રૂ. ૫) અરજી સાથે લેઇ શેર હોલ્ડરો નોંધે છે. તેમની ઓફીસ ભરૂચમાં છે. વધુ હકીકત માટે મેસર્સ ડી. ડી. દલાલની કું. ભરૂચ. એ શિરનામે લખવું. ભાઇ ડાહ્યાભાઇ સાહસિક હોવા સાથે ખંતીલા છે અને પોતાની યોજના પરિપક્વ થયે અમલમાં મુકે છે તેની ખાતરી એ ઉપરથી થાય છે કે કંપની રજીસ્ટર થયાને ત્રણ માસ થયા એટલામાં ત્રણ-હજાર ઉપર શેરો ભરાઇ ગયા છે. હવે બાકીના શેરો આપણા શ્રીમાન જૈનો તેમજ મધ્યમ વર્ગ અકેક શેર લેશે તોપણ તેમની કેપીટલ ઉભરાઇ જશે અને તેમના સાહસને પુરેપુરૂં ઉત્તેજન મળશે. અમો આ કંપનીની પુરેપુરી ફતેહ ઇચ્છીએ છીએ. અને શ્રીમાન જૈન ગૃહસ્થો આ કંપનીના ડીરેકટરો-પેટ્રનો થશે અને વેપારી લોકો આ કંપનીમાં પોતાના વીમાના કામકાજ આપશે તો શેરહોલ્ડરોને લાભ થશે. એટલુંજ નહિ પણ જૈન કોમ આવા આવા ઉદ્યોગોમાં આગળ વધશે તો જૈન કોન્ફરન્સનો હેતુ સચવાશે એવી આશા છે. જૈનોએ જાતિ અભિમાન રાખવું જોઇએ. અગ્રેસરોથી પોતાનાથી કાંઇ ના બને તો જે જૈનો આવા સાહસ ઉઠાવે તેને તે ધંધાના ગુણદોષ તપાસી યોગ્ય લાગે તો તેમને સારી મદદ કરવી જોઇએ. મી. ડાહ્યાભાઇએ પોતાના સાહસને એકલા જૈનોના આશ્રયપર ઉભું કર્યું નથી. પણ અજાતીય ગણી સર્વે કોમના આગેવાનોને દાખલ કીધા છે. હિંદુસ્થાનની આર્થિક સ્થિતિ સુધારવા માટે આવા ધંધાની જરૂર છે, ને તેથી દરેક ગૃહસ્થે એવા કામમાં સામેલ થવું જોઇએ. છેવટે અમો આ કંપનીની દરેક ફત્તેહ ઇચ્છીએ છીએ.

# જૈન નિરાશ્રિતની સ્થિતિ.

વારંવાર કહેવામાં આવે છે કે જૈનોમાં ઘણા નિરાશ્રિતો અને ગામડામાં લોકો ઘણીજ લાચાર સ્થિતિમાં આવ્યા છે, અને આવે છે, અને મદદ ન મળવાથી કેટલીક વખતે ધર્મભ્રષ્ટ પણ થાય છે. આ બાબતમાં કેટલું સત્ય છે તે નીચેની હકીકતથી જણાય તેવું હોવાથી તે સ્થિતિ સંઘ પાસે રજુ કરવાની રજા લઈએ છીએ.

આપણા ભાઈઓને મદદ કરવા ઉદાર ગૃહસ્થોએ રકમ આપી છે, અને તેનો વખતો વખત સેક્રેટરીઓ તરફથી મદદને યોગ્ય જણાતા ભાઈઓને મદદ આપવામાં આવી છે.

આ વરસ આ કામને માટે કમિટી મુકરર કરવામાં આવી છે, અને તેના તરફથી જુદા જુદા ગામોના શ્રી સંઘો તરફ આવા ભાઈઓને કેવા પ્રકારની મદદ જોઈએ છીએ તેની તપાસને માટે ફોર્મો છપાવી મોકલવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૫૩૫ આ તરફથી તેમજ પ્રોવિન્સીઅલ સેક્રેટરી મારફત મળી કુલ ૬૦૦ ગામ આશરેમાં ખબર આપેલી છે. તેમાં ફક્ત અત્યાર સુધીમાં અમને ૪૭ અરજીઓ મળી છે. જેમાંની નોકરીને માટે, વેપારને માટે, અને મદદને માટેની છે. નોકરીઓની અરજીઓ પૈકી કેટલાકને અમારા તરફથી બોલાવવામાં આવતા છતાં જવાબ નથી, બાકીનાની સાથે પત્ર વ્યવહાર ચાલુ છે, વેપારની અરજીઓવાળામાં મોટો ભાગ મોટી રકમનો એટલે સો, બસો, પાંચસો અને તેથી પણ વધારેની માગણી કરનારનો છે. આ માગણી કરનારાની સાથે અમારો પત્રવ્યવહાર થતાં તેની સાથે જામીનગીરી અને ક્યારે પાછા આપવામાં આવશે તેનો જવાબ માગવામાં આવતાં એકે તરફથી જામીન આપવાનો જવાબ આવેલ નથી. આથી સર્વે વાંચનારાને સ્પષ્ટ સમજાશે કે જેઓના જામીન થવાને પોતાના ગામની અંદર પણ સાધન નથી. તેઓને કોન્ફરન્સ કયા આધારે મોટી રકમ આપી શકશે. બાકીના મદદ માગનારાઓ કે જેઓ પાસેથી પાછા લેવાના નથી તેઓને માટે અમારા તરફથી સગવડ કરવામાં આવેલ છે અને બાકીને માટે અમારો પ્રયાસ ચાલુ છે.

લી. સેવક,

**માણેકલાલ ઘહેલાભાઈ.**
**નિરાશ્રિત કમીટીના સેક્રેટરી.**
**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**

# હાનિકારક રીતરીવાજો,

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલએલ. બી. )

આ માસિકમાં શ્રી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરન્સે હાથ ધરેલા જુદા જુદા વિષયો તેમજ જૈન કોમની સર્વ પ્રકારે ઉન્નતિ સાધવામાં હેતુ ભૂત અન્ય બાબતો ચર્ચવામાં આવે છે. પ્રસ્તુત માહવારીના પ્રવર્તકો તરફથી માસિકને આપવામાં આવેલ નામને અનુસરીને પ્રધાનતાએ કોનફરન્સનેજ લગતા લેખોને પ્રથમ સ્થાન આપવામાં આવે છે એ આશયને ધ્યાનમાં રાખીને સર્વ માન્ય ઉપયોગિતા અનુસાર નિર્ણિત કરેલા ક્રમ પ્રમાણે જુદા જુદા વિષયો ઉપર વિવેચન કરવાની, તે તે વિષયો સંબંધી કોમના વિદ્વદ્વર્ગમાં ચર્ચાને જન્મ આપવાની ઇચ્છા રાખવામાં આવી હતી. આ દિશા તરફ વલણ થતાં પ્રસંગ મળે " નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંબર મદદ ફંડ " અને " કેળવણી " ના વિષયો ઉપર આ માસિકના ગત વર્ષોના અંકોમાં યથાશક્તિ નીડરતાથી સ્વતંત્ર વિચારો પ્રકટ કરવાની તક હાથ ધરી હતી.

ઉપરના બે વિષયો પછી આપણું તરતજ ધ્યાન ખેંચે તેવો વિષય હાનિકારક રીતરીવાજો બંધ કરવા સંબંધીનો છે. ઉક્ત વિષય ઉપર કોન્ફરન્સની બેઠક વખતે પ્રસિદ્ધ વક્તાઓ તરફથી હૃદયદ્રાવક શબ્દોમાં તે પ્રસંગે જણાતાં અસરકારક રીતે વિવેચન કરવામાં આવે છે. તેમજ અર્વાચીન સમયને અનુકૂળ શૈલી અનુસાર પૂજ્ય વિદ્વાન્ મુનિ મહારાજો તરફથી વ્યાખ્યાન વખતે તથા જાહેર ભાષણો દ્વારાએ હાનિકારક દુષ્ટ રીવાજો નાબુદ કરવાને માટે સચોટ રીતે યુકિતપૂર્વક ઉપદેશ આપવામાં આવે છે. આટલેથીજ નહિ અટકાવતાં આ સંબંધમાં માસિકોમાં તથા સાપ્તાહિકોમાં વખતો વખત દલીલપૂર્વક વિવેચન કરવામાં આવે છે. તેમ છતાં પણ લાંબા વખતથી જડ કરી રહેલા ત્યાજ્ય રીવાજોને મૂળમાંથી ઉખેડી નાંખવાને પ્રાચીન વર્ગની ગણનામાં આવતા જ્ઞાતિના અગ્રેસરો સ્વાર્થસાધક વૃત્તિને તજી દઇ ઉક્ત કાર્યમાં પ્રેરાય તે માટે નવીન વર્ગ-સમજુ વિદ્વાન્ વર્ગે અસાધારણ પ્રયાસ કરવાની જરૂર છે. સુધારા પક્ષના સ્થંભ તરીકે ગણાતા હિંદુ કોમના માનનીય આગેવાનો સોશ્યલ કોન્ફરન્સ નામની સંસ્થા સ્થાપીને નિ:સ્વાર્થ વૃત્તિથી જે કાંઇ કરી શકયા છે તે તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. આપણે હાથ ધરેલા વિષયો તેમના જેટલા વિસ્તીર્ણ નથી. તેમને જે પક્ષની સાથે યુદ્ધમાં ઉતરવું પડે છે તે પક્ષ ઘણાજ દીર્ઘ કાળથી પ્રચલિત રૂઢી તથા વિસંવાદી શાસ્ત્રવચનો ઉપર મદાર બાંધે છે. આપણી સ્થિતિ તેવી નથી બલ્કે તેમનાથી ઉલટી

રીતે જૈન સુધારક વર્ગની બાજુમાં એકે અવાજે અબાધિત શાસ્ત્ર વચનો અસાધારણ સાહાય્ય આપતાં ઉભાં રહે છે.

આ પ્રકારની અનુકૂળતાનો લાભ લેવામાં જે ઢીલ કરવામાં આવે છે તેનું પરિણામ એ આવવાનું કે હાલ જે પ્રયાસ કરવાથી કાર્ય સાધ્ય થઇ શકશે તેનાથી બમણો પ્રયાસ કરતાં પણ આગળ ઉપર કાર્ય સુસાધ્ય થઇ શકશે નહિ તેમજ પ્રચલિત રહેલ દુષ્ટ રીવાજોથી થતાં નુકશાનનો ખ્યાલ વાળી શકાશે નહિ.

ઉપરોક્ત વિચારથી પ્રેરાઇ વખતો વખત એકની એક બાબતની ચર્ચા પિષ્ટ પેષણની ગણનામાં લેખાઇ અરૂચિકર લાગે એમ કંઇક અંશે સમજવા છતાં પણ સાધ્ય વસ્તુ તરફ નજર રાખી આ વિષય લખવા પ્રવૃત્તિ કરી છે. વસ્તુતઃ વિચાર કરતાં વિદ્વાન્ વાચકને આ વિષયમાં કદાચ કોઈ નવીન વિચાર, નવીન યોજના અગર નવીન સૂચના દૃષ્ટિગત ન પણ થાય તેની દરકાર કરી લેખ લખવાના અભ્યાસમાં આગળ ન વધવું તે યોગ્ય વિચાર્યું નથી.

હાનિકારક રીવાજોને સમસ્ત કોમમાંથી દેશવટો આપવાના કામમાં અન્ય ઉન્નતિના કાર્યની માફક આપણને દ્રવ્યની–પૈસાની–મદદની બીલકુલ જરૂર નથી એટલુંજ નહિં પણ ઇચ્છિત કાર્ય પાર પડતાં આપણે હજારો રૂપૈયાનો બચાવ કરવાને સામર્થ્યવાન થઇશું.

આ ઉપરથી એટલું તો નિર્ણિત થઈ શકે છે કે જ્ઞાતિના ધનવાન્ અગ્રેસરો પાસે આપણે દીન બની યાચના કરવાની જરૂર રહેતી નથી. પરંતુ દ્રવ્યના મદથી વૃદ્ધવિવાહ, એક સ્ત્રી ઉપર બીજી કરવાનો, કારજ કરવાનો વગેરે હાનિકારક રીવાજો ચાલુ રહેવા દેવામાં તેઓ પોતાને લાભ સમજે છે. પોતાનો સ્વાર્થ સાધવાની તક ઉભી રહેતી સમજે છે, તે મિથ્યા સમજણમાંથી તેઓને મુક્ત કરવાની જરૂર છે.

'ઉદ્ધતિ વગર ઉન્નતિ નથી, એ સૂત્રને અનુસરી બુદ્ધિમાન્ સુધારક વર્ગે પોતાનું જોર એકઠું કરી પ્રસંગ મળ્યે ઉદ્ધત થવાની જરૂર છે. અને તે એટલા પુરતીજ છે કે જ્ઞાતિના સાજના વખતે તેઓએ પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકાશી, હુકમી ચલાવનારા, ન્યાયને કોરાણે મુકી જ્ઞાતિ વ્યવહારના કાર્યનો નિર્ણય કરનારા, બહુમતે માન્ય રહી શકે તેવા સુધારાના સવાલને પોતાના થોડા મતોથી ધક્કેલી પાડનારા, સદ્‌વિચાર, સદ્‌આચરણ તરફ બેદરકારી બતાવનારા, કોમનું સાર્વજનિક હિત લક્ષ્યમાં નહિ રાખનારા અલ્પબુદ્ધિના આગેવાનોને સીધે રસ્તે આણવા અનલ્પ પ્રયાસ કરવો જરૂરનો છે.'

ઉપરની પ્રસ્તાવના કર્યાબાદ જુદા જુદા હાનિકારક રીવાજોના નામ આપી તેની ઉપર પૃથક્ પૃથક્ યથામતિ વિવેચન કરવાની ધારણા રાખવામાં આવી છે.

# હાનિકારક રીવાજો

૧ બાળ લગ્ન. ૨ વૃદ્ધ વિવાહ. ૩ કન્યા વિક્રય. ૪ એક સ્ત્રીની હયાતી છતાં વધુ સ્ત્રીઓ કરવી તે. ૫ મૃત્યુ પાછળ જમણવાર(કારજ-દાડા). ૬ મરણ પછવાડે અયોગ્ય શોક ક્રિયા. ૭ અયોગ્ય ( ગજા ઉપરાંત ) ફરજીઆત ખર્ચો ૮ અન્ય ધર્મીઓનાં પર્વો તથા રીત રીવાજોનો પ્રચાર. ૯ લગ્ન પ્રસંગે ગણિકાનો નાચ તથા આતશબાજી. ૧૦ સમુદાયિક જમણવાર વખતે નહિ જમવાનો પંક્તિ ભેદ અને તેથી નીપજતાં અશાન્તિ, ધમાધમ, જીવહિંસા અને બિગાડ. ૧૧ ફેશનની ફીશીયારીમાં ખેંચાતા આ મોંઘવારીના સમયમાં, કુટુંબ ઉપર બોજા રૂપ થઇ પડે તેવા ખર્ચો કરવાની રીતિ વગેરે.

બાળલગ્ન ઉપર આવતાં પહેલાં ઉપર જણાવેલા સર્વે રીવાજો હિંદુસ્તાનના જુદા જુદા વિભાગમાં વસતા સમસ્ત જૈન સમુદાયમાં મહાન આપ્ત પુરૂષ શ્રી વીતરાગ દેવ પ્રણિત સ્યાદવાદ ધર્મના અનુયાયીઓમાં કેવી રીતે પ્રચલિત થયા તે સંબંધી કંઇક પ્રકાશ પાડવાની અપેક્ષા રહે છે.

સામાન્ય હકીકત—આટલું તો કબુલ કરવું પડશે કે પોતાની માન્યતા પ્રમાણે દિનપ્રતિદિન વધતા જતા સુધારાના ચાલુ જમાનામાં સુધારાની પરાકાષ્ઠાએ પહોંચેલી જુદી જુદી અમેરીકન, યુરોપીઅન તથા જાપાનીઝ પ્રજાગણમાં પણ અનેક બદીઓ ને કુધારાઓને જન્મ મળ્યો છે. એટલુંજ નહિં પણ વિદ્વાન્ આગેવાનોના તદ્‌વિરૂદ્ધ પ્રયાસ છતાં તેને નીભાવી રાખવામાં આવે છે તે જોતાં આપણા સમુદાયમાં જે હાનિકારક રિવાજો પ્રચલીત છે તેને દીર્ઘ કાળે પણ જડમૂળથી ઉખેડી નાંખવાને વિવેકી નેતાઓના વિશેષ સ્વાર્થત્યાગ તથા અથાગ નૈતિકહિમ્મતની અપેક્ષા રાખવામાં આવે તો તેથી અજાયબ થવાનું રહેતું નથી. તેમજ નિરાશ થઈ અક્રિય-સુસ્ત-થઈ બેસી રહેવું તે પણ યોગ્ય ગણાશે નહિ. દુષ્ટ રીવાજો પૈકી કેટલાએક મુસલમાન બાદશાહોના અમલ દરમીયાન અન્ય કોમોની માફક આપણી કોમમાં પણ દાખલ થયા છે. કેટલાએક અનિષ્ટ રીવાજો અન્ય ભાઇબંધ કોમો સાથેના આપણા ગાઢ પરિચયથી શાસ્ત્રીય જ્ઞાનના અભાવે આપણામાં દાખલ થવા પામ્યા છે. કેટલાએક ધિક્કારવા યોગ્ય રીવાજો દેખાદેખીથી બ્હારની ખોટી મોટાઇ પ્રદર્શિત કરવાની લાલસાથી આપણા તરફથી આવકાર આપવામાં આવતાં પ્રચલિત થયા છે. અને કેળવણી આદિ ઉન્નતિ સાધક સંગીન કાર્યો તરફ દુર્લક્ષ્ય રહેવાથી, આપણી જ્ઞાતિના અગ્રેસરોના ધનમદની પ્રાબલ્યતાથી પોતાનો કક્કો ખરો મનાવવાના હઠવાદથી તે તે રીવાજોને ઉત્તેજન મળતાં વિશેષ સ્થિરીભૂત થઈ આપણા સમુદાયમાં ઉંડા જડમૂળ ઘાલીને બેઠેલા દૃષ્ટિગત થાય છે.

કેટલીએક બદીઓ પાશ્ચિમાત્ય પ્રજાના સંસર્ગથી ઘણા ખરા ઇચ્છવા યોગ્ય સુધારાની સાથે સાથે આપણામાં દાખલ થવા પામી છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણાદિ પરસ્પર વિરોધી ધર્મશાસ્ત્રના ફરમાનના આધારે જુના વિચારના પરંતુ આત્મિક ઉન્નતિને ઉપકારક વ્યવહાર શુદ્ધિને દરેક રીતે બાધા પહોંચાડે તેવા ઉપર જણાવેલા કોઇ પણ રીવાજના સમર્થન માટે પરમ નિવૃત્તિ માર્ગ પોષક જૈન ધર્મના કોઇ પણ શાસ્ત્રમાંથી એક પણ વાક્ય મળી શકશે નહિ. આ પ્રકારની અનુકૂળતાથી આપણું કાર્ય કંઇક વિશેષ સહેલું થતું સમજાય છે. અંધાધુંધીના મુસલમાની રાજ્યઅમલમાં સમયવર્તી જ્ઞાતિના અગ્રેસરોએ બાળલગ્ન આદિ જે રીવાજોને ગ્રાહ્ય કરી નીભાવી રાખેલા છે, તે રીવાજની અગત્યતા પણ આ શાન્તિના સમયમાં સુધારા વધારાના જમાનામાં સયુક્તિક દલીલોની સામે એક ઘડી ભર ટકી શકશે નહિં. મિથ્યાત્વનો પ્રચાર વધતાં સંગ દોષથી જે રીવાજો અત્યાજ્ય સમજાયા છે, તત્સંબંધમાં પૂજ્ય મુનિવરોનો ઉપદેશ આપણને ઘણોજ મદદગાર થઇ પડશે. સર્વે રીવાજો નાબુદ કરવા માટે જે મહાન્ પ્રયાસનો આરંભ કરવાની આવશ્યકતા છે તેમાં વધારે ઢીલ કરવામાં આપણે સમયસૂચકતા વાપરી કહી શકાશે નહિ. **મહાન્ કોન્ફરન્સની** છ વર્ષની ઉમર સુધીમાં આ કાર્ય માટે જે શ્રમનો તથા દ્રવ્યનો ભોગ આપવો પડયો છે તે જોતાં જે કાર્ય માટે એક પાઇનો પણ ખર્ચ કરવાની જરૂર રહેતી નથી, તેવાં કાર્યને સફળ કરવા માટે હવે માત્ર આગેવાન મંડળોએ તથા જુદી જુદી વ્યક્તિએ કહેવા કરતાં કરી બતાવવું સારૂં એ સૂત્રને અનુસરી, ઉકત રીવાજોને દુર કરવા માટે કટીબદ્ધ થઇ એક સામટો પ્રયાસ કરવાની જરૂર છે. તે પ્રયાસને કેવા સ્વરૂપે પાર પાડવો તત્સંબંધમાં આગળ ઉપર વિવેચન કરવામાં આવશે.

અપૂર્ણ.

---

# જૈન શ્રીમંત શેઠ સાહેબોને ખૂલ્લો પત્ર.

---

માનવંત શેઠ સાહેબો;

પ્રણામ સ્વીકારવાને મારી પ્રાર્થના છે. આપ આપના ઘરની, કુટુંબની, જ્ઞાતિની, સંઘની, મહાજનની, પ્રજાની, રાજ્ય અને દેશની સેવા બજાવો છો તે માટે આપ સર્વેને ધન્યવાદ ઘટે છે. આપ આપનાં ઘરમાં સંપ, ઐક્યતા, પરમાર્થવૃત્તિની, નીતિ અને ઉદ્યોગની જે રૂડી અસર ફેલાવો છો તેની નકલ આડોશી પાડોશી અને કુટુંબીઓ અવશ્ય કરશે. આપનું ઘર સુખી હોવાથી

કુટુંબને, જ્ઞાતિને, સંઘને અને મહાજનને ઘણો લાભ છે. આપની સખાવત કુટુંબ, સંઘ, મહાજનથી આગળ વધતાં વધતાં પ્રજા અને રાજાને યથાયોગ્ય સન્માનસૂચક થઇ પડે છે. આપ કુટુંબનું રક્ષણ યથાવિધિ કરીને કુળદીપક થયા છો. આપનું કુટુંબ આપની તરફ સન્માનથી જુએ છે. આપ કુટુંબની સંભાળ રાખવામાં એકા છો. આપનું કુટુંબ આપને પોતાના પ્રતિનિધિ તરીકે કબૂલ કરવાને તૈયાર રહે છે. આગળ દ્રષ્ટિ લંબાવતાં આપને આપની જ્ઞાતિમાટે સંપૂર્ણ માન છે. આપ આપની જ્ઞાતિના શ્રેય માટે તન, મન, ધનથી પ્રયાસ કરો છો. આપની જ્ઞાતિમાં એકત્રતા વધે એવો આપનો ઉદ્દેશ છે. આપની જ્ઞાતિમાંથી નિર્ધનતા દૂર કરાવવાને આપ શુભ પ્રયાસ કરો છો. સંઘની સેવા બજાવવાને આપ સદા તત્પર રહો છો. સંઘના હિત માટે આપ પ્રાણ સમર્પણ કરવાને પાછા ખસતા નથી. સંઘથી આગળ વધી મહાજનનાં કાર્યમાં આપ મશગુલ રહો છો. પ્રજાના ભલાંમાં આપ પોતાનું ભલું માનો છો. રાજા પ્રજા ઉભયનું શ્રેય ઇચ્છવું એ આપનો મુદ્રાલેખ છે. આવું નજરે આવતાં થોડીક વાતો આપના સન્મુખ લાવતાં મને આનંદ ઉપજે છે. આજે આપણા દેશમાં ગરીબાઇ ફેલાવા લાગી છે. ચારે બાજુથી સહાયતા માગવામાં આવે છે. અને દર વરસ લાખોની સખાવત જાહેર થવા છતાં આપણી ઉન્નતિનો માર્ગ સરળ થતો દ્રષ્ટિગોચર થતો નથી. એનાં કારણો શું છે ? તેનો બે ઘડી વિચાર કરશો એવી ઉમેદ છે. આ સવાલનો વિચાર કરતાં આપ સર્વના પરિશ્રમમાં, ડહાપણમાં અને ધન ખર્ચવામાં કાંઇ ખામી જણાઈ આવતી નથી. મારા કરતાં આપનો લાગવગ, અનુભવ અને ડહાપણ આપનામાં વિશેષ છે, એવી મારી પકી માન્યતા છે. જેથી કોઈ નવો રસ્તો બતાવવા જેવું મને તો કાંઈ લાગતું નથી. પરંતુ આવા કાર્ય માટે જ્યારે જ્યારે આપણી સ્વધર્મી પ્રજાના આગેવાનોને મળું છું, ત્યારે ત્યારે પુરસદ નથી એવા અવાજો સંભળાય છે. અને મને એ વાત માટે શંકા નથી. ત્યારે કરવું શું ? જાહેર કાર્ય બજાવવાને આગેવાનોને અવકાશ નથી. એ આગેવાનો તન, મન અને ધન એ ત્રણે કયાં સુધી વાપર્યા કરશે ? આ મુદ્દાની મને ફીકર થાય છે. જો મારા આગેવાન શ્રીમંત શેઠીઆઓ પચાસ વર્ષ પછીથી વાનપ્રસ્થસ્થાન સેવે તો તેમને જાહેર કાર્ય કરવાની ફુરસદ રહે અને એવા બારવ્રતધારી પુરૂષો અગાઉના જમાનામાં ઘણા હતા. હાલ જો એ માર્ગ હાંસલ થાય તો તેથી આપણી પ્રજાને, સંઘને અને તમામને ઘણા લાભ થશે. આશા છે કે આ ટુંકી સૂચના ઉપાડી લેવાને મારા શ્રીમંત શેઠ સાહેબોને કાંઇ વિશેષ બોધ કરવાની મારામાં તાકાત નથીજ. પરંતુ ગીતાર્થ મુનિ મહારાજાઓ ઉપદેશ કરશે તો તેથી બેહદ

લાભ થશે. સાંસારિક સુખો એ જળના તરંગરૂપ છે. એ સુખોની પછવાડે દુઃખનાં લપસીંદર ચાલ્યાજ કરે છે. એ માટે કહ્યું છે કે:—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખરૂપ,
જે ઉતીંગ ફિર ગીર પડે, સો ઉતીંગ નહિ ભવકૂપ.

આ ટુંકો હિતબોધ ખાસ ધ્યાનમાં લેવાને મારી વિજ્ઞપ્તિ છે. આશા છે કે આ પત્ર ઉપર માયાળુ દ્રષ્ટિથી જોવામાં આવશે એજ વિજ્ઞપ્તિ.

વઢવાણ શહેર.

લી. દાસાનુદાસ.
શાહ નારણજી અમરશીના જયજીનેંદ્ર-
વાંચશોજી.

---

# પાંજરાપોળો અને તેની સ્થિતિ.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ તા. ૧૩-૯-૧૯૦૮ ના રોજ ડભોઇની પાંજરાપોળ તપાસી હતી. આ પાંજરાપોળ સંબંધી તેમના રીપોર્ટ ઉપરથી અને લોકોની જાણને માટે તેમાંની નીચે લખેલી હકીકતો પ્રગટ કરીએ છીએ.

ડભોઇની પાંજરાપોળ ઘણાજ નાનાપાયાપર અને નવીજ થયેલી છે. સંવત ૧૯૬૧ ની સાલ પહેલાં ત્યાં પાંજરાપોળ જેવું કાંઇજ નહોતું અને તેથી મુગાં જનાવરો બહુજ દુઃખી થતા હતા, જે વાત ધ્યાનમાં લઇ ત્યાંની જૈનકોમના એક આગેવાન શેઠ ચુનીલાલભાઇ ફુલચંદભાઇએ એક પાંજરાપોળ બાંધવાનો વિચાર કર્યો અને મહાજનની સભા બોલાવી પોતાનો વિચાર જણાવી એક નહીં જેવું ફંડ ઉભુ કર્યું, અને તે ફંડમાંથી ગામને છેડે થોડીક જમીન વેચાતી લઇ એક પાંજરાપોળ બંધાવી જેમાં ફક્ત એક અડાળી, એક ઓશરી અને તેનાપર એક મેડો છે. બીજી જગ્યા ચણાતી અધુરી રહી ગએલ છે, કારણ કે ફંડની સ્થિતિ સારી નથી,

પાંજરાપોળમાં જનાવરની હાજરી સરાસરી આશરે ૩૦ ની રહેતી હશે. જેમાં નાનાં પાડાંઓ, વાછરડાંઓ, તથા લુલાં અને ન ચાલી શકે તેવા બળદો હતા. ઘોડો ફકત ૧ એકજ હતો.

દરદી જનાવરોની સંખ્યા ૧૦ થી ૧૨ ની હતી. જેમાં વધારે ભાગ લંગડા જનાવરોનો હતો.

પાંજરાપોળનું વાર્ષિક ખર્ચ આશરે બેહજારની લગભગનું હશે, એમ ચુનીલાલભાઇએ જણાવ્યું અને હમેશની હાજરી ફકત ૩૦ જનાવરોની સરા-

સરી હોવાથી તે ખર્ચ ઘણુંજ વધારે કહેવાય, એમ જણાવતાં જવાબ મળ્યો કે વખતો વખત તેઓને નાનાં બકરાંઓ ખરીદ કરવાં પડે છે, અને તેની પાછળ ઘણુંજ ખર્ચ થાય છે.

ઉત્પન્ન ખર્ચના પ્રમાણમાંજ છે અને તે સઘળું વેપારીઓ તરફથી રૂના લાગામાંથી મળી જાય છે, તોપણ વખતો વખત ઉત્પન્ન ઓછું થાય છે, જ્યારે ખર્ચ વધી જાય છે જેથી આ પાંજરાપોળને નભાવી રાખવા માટે મદદની ઘણીજ જરૂર છે.

આ પાંજરાપોળ વડોદરા પાંજરાપોળની બ્રાંચ કહીએ તો ચાલે કારણ કે અહીંથી વધારેના તથા માંદા જાનવરો ત્યાં મોકલાય છે.

માંદા જનાવરોની માવજત માટે કોઈ જાણનાર નથી. આ પાંજરાપોળમાં કબુતરખાનું કે જીવાતખાનું નથી. છાણ ગામના લોકોને મફત આપવામાં આવે છે. દુધની પેદાશ બીલકુલ નથી. કારણ દુધાળાં જાનવરોને ત્યાં રાખવામાં આવતાં નથી.

મરેલાં ઢોર ચમાર લોકોને પૈસા લઈ આપવામાં આવે છે. પાંજરાપોળ ખાતે બે મ્હેતા, ત્રણ જનાવરોની માવજત કરનાર, અને બે કંપાઉન્ડ સાફ કરનાર મળી સાત નોકરોને રાખેલ છે. પાંજરાપોળનો કંપાઉન્ડ તદન ચોખો હતો, ગંદકી બીલકુલ નથી. જનાવરોનું પેસાબ પડે તે જગ્યા સાફ કરી, તે પર સુકી માટી છાંટવાનો પસંદ કરવા લાયક રીવાજ આ પાંજરાપોળમાં છે જે ઘણું ખુશી થવા જેવું છે. જનાવરોનાં શરીર ચોખ્ખાં રહે છે. અને માવજત દરેક રીતે સારી થાય છે. દરેક જનાવરને હંમેશાં બબે વખત બેબે શેર ચંદી તથા એક વખત ૧ શેર ખોળ આપવામાં આવે છે અને ઘાસ પુરતી રીતે આપવામાં આવે છે, જનાવરો લંગડા હોવાથી બહાર ચરવા લઈ જવાતા નથી.

અહીંની પાંજરાપોળના ઓ. સેક્રેટરી શેઠ ચુનીલાલભાઈ પાંજરાપોળની સારી દેખરેખ રાખે છે. અને દરેક કામ સંતોષકારક રીતે ચલાવે છે.

### ખંભાત પાંજરાપોળ, તપાસી તા. ૧૫-૯-૧૯૦૮.

ખંભાતમાં બે પાંજરાપોળ છે, એક ગામની વચ્ચે અને બીજી છેડાપર છે. જે ઘણી મોટી અને તેમાં લગભગ ૨૫૦ થી ૩૫૦ જનાવરો રહે છે, જ્યારે બીજી શહેરની વચ્ચે જે નાની પાંજરાપોળ છે, તેમાં ૭૫ થી ૧૦૦ જાનવરો રહે છે. જનાવરોમાં ગાય, ભેંસો, પાડાઓ, બળદો તથા બકરાંઓ રહે છે. મોટી પાંજરાપોળમાં ફરતો કંપાઉન્ડ છે ને એકજ અડાળી છે. ત્યારે નાની પાંજરાપોળમાં ત્રણે બાજુએ અડાળીઓ છે. જનાવરોને મોટી પાંજરાપોળમાં બાંધવામાં આવતાં નથી પણ છુટા મુકવામાં આવે છે. ગમે તો કંપાઉન્ડમાં ફરે અને ગમે તો અડાળીમાં બેસે.

આ રીવાજ ઘણોજ સારો છે. કારણ જનાવરોને છુટાં ફરવા દેવાથી તેમને સારી કસરત મળે છે, તેથી કરી પાચનશકિત વધે છે, અને શરીરે સારાં રહે છે. તેમને પીવા માટે કુવાનું પાણી કોશવતી કડ્ડાડી કુંડીમાં ભરી રાખે છે. આ કુંડી સાફ રાખવાની જરૂર છે. જો કે માદા જનાવરો ઘણાં થોડાં હતાં, તોપણ તેમની માવજત બીલકુલ થતી નથી.

જનાવરોની સ્થિતિ એકંદરે ઘણી સારી હતી. તેમને અનાજ આપવામાં આવતું નથી પણ ઘાસ ઠીક મળે છે. ફકત માંદા તથા દુધાળા જનાવરોને થોડી થોડી ચંદી આપવામાં આવે છે. જનાવરોને હમેશાં ચરવા માટે બહાર લઇ જાય છે ત્યાં સારો અને પુષ્ટિકારક ચારો મળે છે. દુધ વેચવામાં આવતું નથી પણ વાછરડાંને ધવરાવી દેવામાં આવે છે. છાણ થોડું મફત આપવામાં આવે છે ત્યારે મોટો ભાગ ખાતર તરીકે વેચાતું આપવામાં આવે છે. નોકરોની વ્યવસ્થા સારી છે, માવજત સારી રીતે થાય છે. મરેલાં ઢોર ચમારને વેચાતાં આપવામાં આવે છે.

ઉત્પન્ન સારી છે. વેપારીઓએ વેપારમાં લાગા કરી આપ્યા છે. શ્રાવકો ફકત લાગા આપે છે પણ પાંજરાપોળના કામમાં ધ્યાન આપતા નથી. જયારે વૈશ્નવો લાગા આપવા સાથે પાંજરાપોળના કામમાં ધ્યાન આપે છે.

અહીંની પાંજરાપોળના વહીવટદારો બે છે, તેમાં એક મી. પોપટભાઇ અમરચંદ શેઠ શ્રાવક છે અને શ્રાવક વસ્તીમાંથી તેઓ એકજ પાંજરાપોળમાં તન, મન, અને ધનથી ધ્યાન આપે છે. બીજા વહીવટદાર મી. મગનભાઇ દુર્લભરામ શેઠ વૈશ્નવ વાણિયા છે, અને તેઓ પાંજરાપોળ માટે પુરતું ધ્યાન આપે છે. પોતે વકીલ છે અને તેથી પોતાના અસીલો પાસેથી વખતોવખત પાંજરાપોળના ફંડમાં સારી રકમો અપાવે છે. કહે છે કે ત્યાંના નગરશેઠ જે શ્રાવક છે તેમણે પાંજરાપોળની સીલક જયારે રૂ. ૩ા સાડાત્રણ રહી ત્યારે તેનો વહીવટ હાલના બે વહીવટદારોને સોંપેલ છે અને ખુશી થવા જેવું છે કે આ બંને ભાઇઓની જાતમહેનતથી પાંજરાપોળની હાલની સ્થિતિ ઘણીજ સારી છે.

### વડોદરા ( ગણેશપરા ) પાંજરાપોળ. તપાસી તા. ૧૮-૯-૧૯૦૮

આ પાંજરાપોળમાં ખુલી હવા તથા મોટું મેદાન હોવાથી તેમજ પુષ્કળ પાણી અને ઘણો ચારો હોવાથી જનાવરોની શારીરિક સંપત્તિ બહુ સારી છે. જનાવરોને દિવસના ખુલા મેદાનમાં ચરાવવાને લઇ જવામાં આવે છે ત્યારે રાતના જુદા જુદા તબેલાઓમાં જનાવરોને બાંધવામાં આવે છે. ગાયને તથા આખલાઓને માટે જુદા જુદા તબેલાઓ છે. પણ ગાયોની અંદર બે ચાર સારા આખલાઓ Breeding ના ઉત્તેજન અર્થે રાખેલા છે. પાડાઓ, ઘેટાંઓ અને બકરાંઓને માટે જુદા જુદા વેડા રાખ્યા છે.

ખોરાકમાં ફકત ચારો ચરવા જાય તેટલું જ; બીજું કાંઇ આપતા નથી અને તેની જરૂરપણ નથી.

જનાવરોને ખુલ્લા મેદાનમાં રહેવાની સગવડ સારી છે તોપણ વરસાદમાં અને તડકામાં બેસવાને માટે છાંયડાની સગવડ બીલકુલ નહીં હોવાથી અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટરે પાંજરાપોળ ઓથોરીટીને થોડે ખર્ચે એવા શેડસ ઉભા કરવાની ભલામણ કરી છે.

નોકરની સગવડ સારી છે. માંદા જનાવરોને ચંદી અપાય છે. વધારે માંદા થાય ત્યારે વડોદરા પાંજરાપોળમાં મોકલવામાં આવે છે. કારણ તેમાં ડોકટરની સગવડ છે.

જનાવરોની સંખ્યા આશરે ૨૦૦ ની હતી, પણ ચોમાસા પછી ત્યાં જનાવરોની સંખ્યા વધે છે, એમ ત્યાંના માણસનું કહેવું છે.

### વડોદરા પાંજરાપોળ, તપાસી તા. ૧૯-૯-૦૮

આ પાંજરાપોળની પ્રથમની સ્થિતિ કેવી હતી તે વિષેની થોડીક બીના જણાવવા રજા લઇએ છીએ કે જેથી કરીને પ્રથમની સ્થિતિ સાથે હાલની પાંજરાપોળની સ્થિતિ વાંચનાર સરખાવી શકે.

આ પાંજરાપોળની શરૂઆત કયારે થઇ તે ખાતાના ચોપડા બળી જવાથી ચોકસ માલૂમ પડયું નથી તોપણ એટલું તો જણાયું છે કે સંવત ૧૮૯૫ ની સાલમાં શ્રીમંત ગાયકવાડ આનંદરાવ મહારાજની કારકિર્દી વખતે આ પાંજરાપોળનો વહીવટ પારેખ ત્રીકમભાઇ નાથાભાઇ કરતા હતા. જે વખતે પાંજરાપોળનો કાંઈ લાગો હતો તેથી તેમજ કાંઈ ધર્માદામાં મળતું તેથી પાંજરાપોળનું ખર્ચ ચાલતું હતું. અનાજના દરેક ગાડા ઉપર કાંઇ અનાજ લેવાનો લાગો હતો. તે ઉપરાંત શહેરમાં મહાજનો ઉપર પણ પાંજરાપોળના કેટલાક લાગા હતા જેવાકે વરકન્યાની ચોરી ઉપર અનુક્રમે રૂ. ૧) તથા રૂ. ૦-૮-૦ લેવાતા તેમજ ઝવેરાતના વેચાણ ઉપર સેંકડે બે આના લેવાતા તેમજ કાપડ ઉપર દરેક ગાંસડીએ રૂ. ૦-૪-૦ લેવાતા. એવી રીતે ઘણાએક લાગા હતા, જે હળવે હળવે કાંઇક કારણોસર બંધ પડી ગયા છે તેમ મુંબઇ પાંજરાપોળ તરફથી આ પાંજરાપોળને દર વરસે મદદ તરીકે રૂ. ૨૫૦) મળતા તે પણ કોઇ કારણથી સંવત ૧૯૧૧ ની સાલથી બંધ પડયા છે.

સંવત ૧૯૧૧ ની સાલમાં આ પાંજરાપોળનો વહીવટ મી. જેચંદ જમનાશંકરના હાથમાં હતો. ત્યાર પછી સંવત ૧૯૧૮ થી વૈદ દલપતભાઈ મોતીભાઇ અને મી. જેચંદ જમનાશંકરે સાથે મળીને પાંજરાપોળનો વહીવટ સંવત ૧૯૨૫ લગી ચલાવ્યો. અપૂર્ણ.

# मारवाड प्रांतिक कान्फरन्सका ३ रा अधिवेशनका संक्षिप्त रिपोर्ट.

इस महासभाका जलसा मुरवाडा जोकि एक तीर्थस्थल है जहां श्री पार्श्व प्रभुका विशाल मन्दिर बनाहुआ सोभायमान है, जहां मगसर सुद १२ तथा १३ को एक मेळा ( जत्रा ) भरता है उस समय इस पवित्र स्थल पर इस प्रांन्तिक कान्फरन्सका उत्सव आनन्दपूर्वक निर्विघ्नतासें हुआ.

इस पवित्र स्थलकी निगरानी निकटके चंदावल तथा नवागरके भ्राताओं रखते हैं.

प्रथम प्रांतिक कान्फरन्स फलोधी तीर्थ स्थल पर तथा दूसरी वरकानाजी तीर्थपर कीगई. इस तीसरी कान्फरन्सका अधिवेशन इस पवित्र तीर्थस्थल होना योग्य समजु योग्य २ पुरुषोंकी सम्मति अनुसार कुंकुमपत्रीका छपवाकर भेज दी गई और सदर सभाके लिये कोशीश कीगई.

डेरा शामयाना अजमेरनिवासी शेठ हीराचन्दजी व कस्तुरचन्दजीसे मांगे गये मंडप छटादार मनोहर भंडारी धनपतचंदजी साहिबने सजाया.

सभासदोका आगमन मगसर सुद १३ ता ५-१२-१९०८ को हुआ.

इस प्रांतके चंडावल बगडी, करमावस, रायपुर, केलवास, बीलाड, खोखरा, देवली, कटाल्या, खारवी, धुंधला, टोरनदी, बीलावस, रूपावस, धुदोद, धाकडा, बीजाजीकागुडा, धीनावस, जोधपुर, पाली, सोजत, नवानगर, अजमेर इत्यादि ग्रामोंके स्वधर्मी भाई २५०० के अनदाज इकठे हुए.

इस कार्य्यके प्रबन्धके लिये हीरालालजी सुराना पहिलेसेही सोजतसें बुलाये गयेथे तथा अजमेरनिवासी शेठ. हीराचन्दजी सचेती तथा कस्तुरमलजी सा. सुद १२ को ही वहां पधार गयेथे.

कान्फरन्सका कार्य्य मध्यान कालसें शुरु किया गया.

रिसपेशन कमेटीके प्रेसीडेन्ट शेठ. रुपचन्दजी बांठियाने चंडावल निवासी संघकी ओरसे कुंकुमपत्रिका सुनाई गई और पधारने वाले स्वामी भाइयोंका उपकार माना गया.

प्रमुख सा. के निमित दरखास्त शेठ. हंसराजजी कोठेड बगडीवालेनें शेठ. हीराचंदजी साहिब अजमेरनिवासीको सदर पद लेने वास्ते दरखास्त करी. और चंडावलनिवासी शेठ व नवान गरनिवासी शेठ. धनपतचन्दजी भंडारीके अनुमोदनसे शेठ साहिबने प्रमुख पद स्वीकार किया और खुशी प्रगट कर सभासदोंका उपकार माना.

भाषन—अजमेरनिवासी धनराज कांसाटियाने मारवाडके सुधारेके लिये कुच्छ समय पर्यन्त दिया पश्चात हीरालालजी सुराना सोजतवाले मारवाडके मन्दिरोंकी आशातना दूर करने तथा हानिकारक रिवाजोंको मिटाने तथा सुकृत भंडारवृद्धि, विद्या वृद्धि इत्यादि विषयोंपर रसभर जबानसे छटादार भाषण देके श्रोतागणोंके चितको उस ओर आकृषित किया. पश्चात भंडारी धनपतचन्दजी साहिबने मुंडवाडा तीर्थस्थलकी उन्नति तथा जात्रुओंके ठहरने वास्ते धर्मशालाकी आवश्यक्ता होना प्रगट किया साथ कोठडी धनीराव बनानेकी तजविज हुईथी इसके सिवाय १ कोठडी प्रमुख साहिबने करीब १५० रुपेकी और १ कोठडी शेठ कस्तुरमलजी सा० ने करीब १२५ रु. की बनवाना स्वीकार किया इस लिये इन साहिबोंको हम अन्तःकरणपूर्वक धन्यवाद देते है.

इस सुअवसरपर श्रीवरकाना तीर्थस्थानके कारखानेका हिसाब चोपडे किताबें आदि मेनेजर बोहरा छोटमलजी लायेथे वो पेश किये गये और उनके मुलाहिजेसे हिसाब ठीक २ पाया गया और सभापति साहिबने अपने हस्ताक्षरसे चोपडोमें लिखा दिया बाद सभा जै जिनेंद्रकी ध्वनीके साथ विसर्जन हुई. रथयात्राका जलसा अत्यन्त आनन्द के साथ सजाया गया. हाथीपर श्री भगवान महाराजको विराजमान किये. दोनों ओर से चंवर उड रहेथे और सदर यात्रा के निधरावल आदिमें २००) रु. के आसरे भंडारमें जमा हुए इस लिये प्रार्थीहूं के इसी तरह सदा सर्वदा तीर्थस्थलोंपर मेलेके समय प्रांतिक कान्फरन्स होती रहेगी तो आशा है कि अवश्य सुधारा होगा और हमारे अन्य प्रांतिक भाईयोंको उचित है कि वे इस और अवश्य ध्यान देकर अपने प्रांतके सुधारेके लिये उपाय करें इति शुभम.

श्री संघका दास.
**धनराज कांसटिया.**
अजमेर.

# जैन यंगमेन्स एसोसिएशन आफ इन्डियाका दशवा वार्षिक अधिवेशन.

विज्ञापनके अनुसार यह अधिवेशन मेरठमें ता. २८ तथा २९ तथा ३० दो पहरको और रात्रीके समय बडे आनन्दके साथ हुआ. एसोशिएशनके मेम्बर और अन्य महाशयोंने दूर २ से आकर सभाको सुशोभित कियाथा मंडप कुर्सी फर्श और नाना प्रकारकी झंडो आदिसे बहार अभ्यंत भले प्रकार सजाथा काररवाई बाबु अर्जुनलालजी

शेठी बी. ए. के मंगलाचरणसे प्रारंभ हुइथी. लालाबद्रीदासजी रईस मेरट प्रेसीडेन्ट रिसेपशन कमेठीने उपस्थित बहारसे आये महाशयोंका स्वागत करते बाबू रिखवदासजी बी. ए. वाईसप्रेसीडेन्टे रिशेपशन कमेटीको स्वागतकारणी कमेटीका आयड्रेस पढनेकी प्रेरना की. उन्होंने एक प्रभावशाली आयड्रेस पढा. जिसमें एसोसिएशनके कामोंको दिखाते हुए जैन शास्त्रोंको छपाकरें उनको प्रकाशित करनेकी आवश्यकता दिखलाई और उस-पर जोर दिया.

तत्पश्चात बाबुबाकेराय बी. ए. एल एल. बी. वकील हिसार सभापति नियत हुए उन्होनें बहुत ही उतम व्याख्यान जैन जातिकी आवश्यकताओं पर और उनके ( जैन ) धर्मपर दिया उसमें भली भांति दर्शाया कि जैन जातिमें स्त्रीशिक्षा फैलानेकी तीनों सम्प्रदायका मिलकर काम करने और मुहमदन कालेजके अनुसार कालेज बनाना और यतीम और विधवाओंको मदत देनेके लिये यत्नय करना और जैन ग्रंथोको छपवा-कर प्रसिद्ध करना आपसमें मैत्रिक भाव बढाना जैनमतका प्रचार और एसोसिएशनके लिये एक हिन्दी पत्रका होना अति आवश्यक है उन्होने इस बातकों कि जैन शास्त्र छपनेपर बोहोत लाभ होगा बडे मनोहर और गर्भित उदाहरण और नये-प्रमाणोंसे अ-पने व्याख्यानमें साबित किया.

इन सब विषयोंमें कालिज सम्बन्धी छोड बाकीके प्रस्ताव पास किये गये एक हिन्दी पत्र बाबु सरजुभान वकील सा. देवन्दकी सम्पादकीमें शीघ्र निकालना निश्चय हुआ. स्थानकवासी श्वेताम्बरी कोन्फरन्सको धन्यवाद दिया गया कि वे आपसके झगडे एक कमेटीद्वारा निबटाना स्वीकार करते है और दिगम्बरी महासभाको फिर लिखा जायगा कि वह भी एसोसिएशनकी इस प्रार्थनाको स्वीकार करे. मेरठके डिस्ट्रीक बोर्डसे यत्न करके मुआने श्री हस्तीनापूर तक सडक बनाने और मेरठमें एक जैन बोर्डिंग हाउ होनेके प्रस्ताव पास हुआ. भारतवर्षके वाईसरायको इस बातका तार भेजा कि जैन जाति अं-ग्रेजी सरकारकी बडी आज्ञापालक और कृतज्ञ प्रजा है.

अधिकतर समय जैनमत सम्बन्धी लेकचर देनेमें खर्च किया गया अन्यमती महाशयभी बुलाये गयेथे बाबु अर्जूनलाल सेठी बी. ए. जैपुरवालोंको जैनमतपर और सूरजभान वकील देवन्दका कर्मफिलासफीपर और बाबु अजीतप्रसाद एम० ए० लखनउका जैनमतकी उत्तमता पर अति ललित और प्रभावशाली व्याख्यान हुए एक लडके सुखवीरप्रसाद सुपुत्र लाला द्वारकाप्रसाद तहसीलदार इटावाकी और एक लडकी सरधनेकी चन्द्रवतीका स्त्री शिक्षापर व्याख्यान अत्यन्त मनोज्ञ थे उन्होंने सर्व

समाको अपने व्याख्यानसे मोहित किया जिस कारण उन दोनोंको समासे पारितोषीकमें बहुतसी पुस्तकें एसोसिएशन और जैन शिक्षा प्रचारक सम्मतिकी औरसे मिली पतिमरखाना हिसारके पंच्चोंकी सटघने और मेरठकि लडकियों व लडकोंके भजनसे समाको बडाही आनन्द हुआ अंतमें जैन यतीमखाना हिसारके वास्ते अपील की गइ और १५०० रु. चन्दा हुआ इति.

चेतनदास.

---

## કેમ સુધારા થાય.

### દોહરા.

વ્હેમ, વ્યસનને વ્યાધિનો, વાયુ વેગે વાય,
સમજે નહીં સાયન્સને, કેમ સુધારા થાય ? ૭૩
નિર્મળ પાણી નવ પીએ, ભક્ષ નહિં ભક્ષાય;
શુદ્ધ પવન સેવાય નહીં, કેમ સુધારા થાય ? ૭૪
મૂગા, લૂલા, અંધને, દમડી નવ દેવાય;
કોટિ ઉડે શોખમાં, કેમ સુધારા થાય ? ૭૫
ખુશામત ખાલી પડે, તો શ્રીમંત ખીજાય;
હાજી હા કરતાં કહો, કેમ સુધારા થાય ? ૭૬
માન તણા ભૂખ્યા ભમે, માન થકી વેચાય;
દામ દેઈને નામ લે, કેમ સુધારા થાય. ૭૭
પરને પાળે નવ કદી, સ્વારથની દે સ્હાય,
પેટ ભરીને રહે પડી, કેમ સુધારા થાય ? ૭૮
જુલમ ગુજારે જીવપર, ગરીબની લે હાય;
રંક અપંગ રડાવતાં, કેમ સુધારા થાય ? ૭૯
દેવું નવ દેવાય ને, લેણું તો લેવાય,
પરસેવાથી નવ રળે, કેમ સુધારા થાય ? ૮૦
તિથિમાં લીલું તળે, પ્રાણી પૂર હણાય;
આવશ્યક અળગાં રહે, કેમ સુધારા થાય ? ૮૧
રાત્રીભોજન રોજનું, દેખી દિલ દુભાય;
પડે કંદના ફંદમાં, કેમ સુધારા થાય ? ૮૨
યતિ સતી થઈ ધનપતિ, કેરા સેવે પાય;
સ્વપ્ને પણ સંયમ નહીં, કેમ સુધારા થાય ? ૮૩

કંચન કામિની તણા, ત્યાગી જે કહેવાય;
મહિલા સાથે મા'લતા, કેમ સુધારા થાય ? ૮૪
પ્રમદાઓ જો દાસની, પેરે ખુબ દબાય;
કેળવણી પામે નહીં, કેમ સુધારા થાય ? ૮૫

( અપૂર્ણ. )

---

# प्राचीन शिलालेखो.

( રા. રા. દોલતચંદ પુરૂષોત્તમદાસ બરોડીઆ, બી. એ. )

( અનુસંધાનઃ—ગતવર્ષના પૃષ્ટ ૪૫૭ થી. )

खंगार नामा रिपुराज्य वृक्षे ष्वंगार एवा जनि भूमि जानिः
शृंगारकृत् तत्कुलराज्यलक्ष्म्या भृंगारधारा जगतीलतायाः ॥ १२ ॥

**અર્થ**—તેનો પુત્ર ખંગાર નામે રાજા પૃથ્વીરૂપી ભાર્યાનો પતિ થયો. તે શત્રુના રાજ્યરૂપી વૃક્ષોમાં અંગારા જેવો હતો, પોતાના કુળની રાજ્યલક્ષ્મીના અલંકારરૂપ હતો, ને ત્રણ જગતરૂપી વેલાનું સિંચન કરવા માટે ઝારીમાંથી નીકળતી જળની ધારાસમાન હતો. ( ૧૨ )

आसीत् श्री जयसिंहदेव नृपतिस्तत्पट्टभू भामिनी
भास्वत् भोगरसाल साधनयनो न्यायाम्बुधेः श्वेतरुक्
शत्रुत्रासनकृध्धृतोग्रमहिमा नम्रक्षमाभृत्तति
स्फूर्जन मौलि मणि मयूख सलिल प्रक्षालितांघ्रि द्वयः ॥ १३ ॥

**અર્થ**—ખંગારની ગાદીની પૃથ્વીરૂપી પ્રકાશમાન સ્ત્રીને ભોગવવામાં રસથી પૂર્ણ એવો વિષ્ણુ સમાન શ્રી જયસિંહદેવ નામનો રાજા થયો. તે રાજા ન્યાયરૂપી સમુદ્રને કલ્લોલ ઉત્પન્ન કરનાર ચંદ્ર સમાન હતો. શત્રુઓનો ત્રાસ કરનાર હોવાથી તેણે જબરો પ્રતાપ ધારણ કર્યો હતો; ને નમી રહેલા રાજાઓની હારમાંથી પ્રગટ થતા મુગટના મણિઓનાં કિરણરૂપી જળવડે તેના બંને ચરણ ધોવાયેલા હતા. ( ૧૩ )

दिद्युते तदनुमोकल सिंहः शत्रुभूपगजभेदन सिंहः
यत्प्रतापमभजद्दिविहंसः सन्मनः सरसिजे कलहंसः ॥ १४ ॥

**અર્થ**—જયસિંહદેવ રાજા પછી મોકલસિંહ નામનો રાજા પ્રકાશમાન થયો. જે રાજાઓ તેના શત્રુઓ હતા તે રૂપી હાથીઓને ભેદવામાં આ રાજા સિંહ જેવો હતો. તે રાજાનું તેજ આકાશમાં હાલ સૂર્ય ધારણ કરે છે. સત્પુરૂષોના મનરૂપી કમળમાં મોકલસિંહ રાજા હંસ જેવો હતો. ( ૧૪ )

तदनु मेलगदेव नरेश्वरः सुकृततुष्टगरिष्ठसुरेश्वरः
समभवद् भवनाथ पदांबुजे भ्रमरतां कलयन्नम लांगवान् ॥ १५ ॥

**અર્થ**—તેના પછી મેલગદેવ નરેશ્વર થયો. તેણે પોતાના સુકૃત્યોથી ઈંદ્ર મહારાજને પણ ખુશી કર્યા હતા. આ રાજા ભવનાથના ચરણકમળમાં પવિત્ર ભમરા જેવો દેખાતો હતો. ( ૧૫ )

तत्पादोदय सानुमत्युदयकृत् प्रोद्यत्प्रतापाद्भुतो
दिक्चक्र प्रसरत् करक्रमित भूभृच्छेखरे भासुरः
आसीत् श्री महिपालदेव नृपति र्निनाशितारि क्षमा
पालोऽलीक तति कुनीति तिमिर प्रध्वंसन मत्यलं ॥ १६ ॥

**અર્થ**—તે મેલગદેવ રાજાના ચરણરૂપી ઉદય પર્વત ઉપરથી ઉદય પામતો એવો શ્રી મહિપાલદેવ નામનો રાજા થયો. આ રાજાનો પ્રતાપ એવો આશ્ચર્યકારક હતો કે તેણે સર્વ દિશાઓ પ્રસરતા પોતાના બાહુવડે જે ભૂપાળોને વશ કર્યા હતા તે ભૂપાળોના મુગટોમાં પડેલા પ્રતિબિંબથી પ્રકાશતો હતો, તેમજ સર્વ અરિઓનો તેણે નાશ કર્યો હતો, વળી આ રાજા કૂડ કપટની જાળનો તેમજ કુનીતિરૂપી અંધકારનો નાશ કરવામાં શક્તિમાન હતો. ( ૧૬ )

तत्सूनुर्जयति द्विषत्करिकुल त्रासैक पंचाननः
श्रीमन्मंडलिकः क्षितीश्वर शिरः कोटीरहीरप्रभः
स्वः सिंधूर्म्युपलक्षिताक्षत गति र्भ्रम्यतेऽद्यापि यत्
कीर्तिः सत्यमतीत्य वार्धिवलयं वार्धिष्णु सारा परा ॥ १७ ॥

**અર્થ**—તે મહિપાળદેવ રાજાનો પુત્ર શ્રીમાન્ મંડલિક રાજા થયો. આ મંડલિક રાજા શત્રુરૂપી હાથીઓના કુળને ત્રાસ પમાડવામાં સિંહ સમાન જયવંતો વર્તે છે. આ રાજા અન્ય નરેશ્વરોના મસ્તકના મુગટોમાં શોભી રહેલા હીરાઓમાં પ્રતિબિંબ તરીકે શોભી રહે છે. ખરેખર આ મંડલિક રાજાની કીર્તિ પરંપરાએ એવી વૃદ્ધિ પામે છે કે સમુદ્રમાં ભરતી લાવ્યા પછી સ્વર્ગગંગાના જળમાં મોજાંઓને ઉછાળીને ત્યાં પણ નહીં અટકીને હજુ સુધી ભમ્યા કરે છે. ( ૧૭ )

આ પછી અરાડમો શ્લોક બરાબર બેસતો નથી પણ તેનો ભાવાર્થ એવો લાગે છે કે મંડલિક રાજા આ જગતમાં સર્વ પ્રકારે શ્રેષ્ઠ છે.

( અપૂર્ણ. )

## દેશ દક્ષિણ જીલ્લે નીમાડ શહેર બુરાનપુર મધ્યે આવેલ ધાર્મિક સંસ્થાના વહીવટને લગતો રીપોર્ટ.

મજકુર સંસ્થાના વહીવટ માટે અમારી ઉપર મજકુર શહેરના સંઘ તેમજ મુનિમહારાજ શ્રી પન્યાસજી કમલવિજયજી તરફથી ઘણી ફરીઆદ આવવાથી આ ખાતાના ઈન્સ્પેકટર તથા પટાવાળાને મજકુર વહીવટની તપાસણી કરવા તે તરફ મોકલેલ તે ઇન્સ્પેકટરે મજકુર સંસ્થાના વહીવટ કર્તા શેઠ ઠાકોરદાસ ફતેચંદ તરફથી શેઠ માણેકચંદ ઉત્તમચંદ તથા શેઠ રૂપચંદ જેચંદ તરફથી શેઠ કસ્તુરચંદ રૂગનાથ પાસે મજકુર સંસ્થાનો હીસાબ તપાસવાની માગણી કરવાથી ત્યાંનો સંઘ ભેગો કરી પુછતાં સંઘવાળાએ હીસાબ દેખડાવી દેવા જણાવ્યું, તેમ છતાં સદરહુ વહીવટ કર્તાઓએ અનેક બાનાઓ કાઢી હીસાબ નહિ દેખડાવવાથી આ ખાતાનો ઇન્સ્પેકટર લગભગ બે માસ સુધી ત્યાં રોકાઇ રહ્યો. તોપણ હીસાબ નહિ દેખડાવવાથી કોન્ફરન્સ ઓફીસના આ. સે. મી. ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ ત્યાં જઇ યવ નિવાસી શેઠ દામોદર બાપુશાને ત્યાં બોલાવી તેઓને ઘણી સમજુતી આપ્યા છતાં ખુલ્લી રીતે હીસાબ દેખડાવ્યો નહિ. તેથી અમારી જાતે ત્યાં જઈ દબાણ કરી પુરતી રીતે સમજુતી આપવાથી હીસાબ દેખડાવવા કબુલ કરવાથી અમોએ સંવત ૧૯૫૮ ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૪ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ તપાસ્યો, તે જોતાં મજકુર વહીવટના ચોપડા રીતસર રાખવામાં આવ્યા નથી. તેમજ સંવત ૧૯૫૮ ની સાલમાં મુનિ મહારાજ શ્રી હંસવિજયજી તે તરફ પધારી ચોમાસુ કરેલ તે વખતે તેમની સમક્ષ સંઘ એકઠો થઇ મજકુર સંસ્થાના વહીવટથી નવેસરથી ચોકસ બંધારણ કરી તેને લગતાં રોકડાં નાણાં એકઠાં કરી ત્યાંના રહીશ શેઠ દામોદરદાસ ઠાકોરદાસને તેમની વિધવા બાઇ છગનબાઇ વહીવટ ચલાવે છે, તેમની તીજોરીમાં મુકાવ્યાં હતાં. પણ પાછળથી તે નાણાં નંબર પહેલાના ત્રણી હુંડી લાવી આપવાનું જણાવી લઇ ગયા. પણ છેવટ સુધી હુંડી અથવા તે નાણાં પાછાં લાવી મજકુર તીજોરીમાં નહી મુકતાં પોતાની પાસે રાખવાથી તેમજ જૈનીઓ તરફથી અર્પણ મળેલી મીલકતની બરાબર વ્યવસ્થા નહી કરવાથી તેમજ મળેલાં કીમતી પુસ્તકોનો હજુ સુધી પત્તો નહી લાગવાથી કરેલ બંધારણ તુટી જવાને લીધે તે વાત જાહેરમાં આવી. ગામ તથા બહાર ગામના જૈનીઓનો તે ઉપર પુરતો વિશ્વાસ નહી રહેવાથી મજકુર સંસ્થાની બહુજ આવક ઘટી જઇ તેમજ મંદિરોમાં આશાતના થઇ. તેને લગતી મીલકત વીખરાઇ જઇ જુદા જુદા જૈનીઓએ પોતાના કબજામાં રાખી છે. તે બહુજ ગેરવ્યાજબી થતું હોવાથી

તેમજ મજકુર સંસ્થા મધ્યે નીમાએલા પાંચ ટ્રષ્ટીઓમાંના ત્રણ ટ્રષ્ટીઓ કમી થયેલ. તેમની ખાલી પડેલી જગ્યાએ બીજા લાયક ટ્રષ્ટીઓને નીમનોક કરવાની તેમજ મજબુત પાયા ઉપર બંધારણ કરી વહીવટ ચલાવવાનું સુચના પત્ર લખી આપી તેનો તે પ્રમાણે તાકીદે અમલ કરવા જણાવ્યું છે. અને નવું બંધારણ કેવી રીતે કરવું, તેની વીગતવાર બાબત સુચનાપત્રમાં જણાવી છે.

મજકુર સંસ્થાનું મોટી રકમનું નાણું ઘણો વખત સુધી શીલીકમાં દેખાડવામાં આવતું હોવાથી ત્યાંના સંઘે તે રકમ નજરે જોવા વખતો વખત માગણી કરવા છતાં તેઓને દેખડાવવામાં આવી નહી, તેવું ત્યાંનો સંઘ જણાવે છે. અને અમારી તપાસની દરમીયાન લગભગ દોઢથી બે વરસ સુધી મોટી રકમ શીલીકમાં વગર વ્યાજુ પડી રહેલી દેખાય છે. તે ત્યાંના સંજોગો જોતાં તેમજ તપાસ કરી હકીકત મેળવતાં તે નહી બની શકે તેવું લાગે છે. અને તપાસ કરતાં તેવાં કેટલાંએક કારણોને લીધે સંઘમાં મતભેદ પડી જઈ કુસંપ થઇ મજકુર સંસ્થાની આવક લગભગ બંધ પડી ગયા જેવી થઇ જઇ ચડેલ ઉઘરાણી કોઇ વસુલ આપતું નથી. તેમજ મજકુર સંસ્થાને લગતી મીલકત જે જે ગૃહસ્થો પાસે છે. તે બીજા કોઇને નહી સોંપતાં પોતાના કબજે રાખી બેઠા છે.

અમો આશા રાખીએ છીએ કે સુચનાપત્રમાં જણાવેલી દરેક બાબતો ઉપર વહીવટકર્તા ગૃહસ્થો તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે. તેમ કરવામાં ઢીલ કરે તો કોન્ફરન્સ ઓફીસ તેની વચમાં જઈ બંદોબસ્ત કરવાની જરૂર વિચારશે. વહીવટ કર્તાઓ પોતાના તાબાની ધાર્મિક સંસ્થાનો વહીવટ પોતાની તરફના સંઘના આગેવાનોની સલાહ લીધા વગર તેમજ તેમાં સામેલ કરવા વગર પોતાની ખુશી પ્રમાણે વહીવટ ચલાવી મીલકતની ગેરવ્યવસ્થા કરતા દેખાય તેવાઓની શુદ્ધિ ઠેકાણે લાવવા ઘટતા ઇલાજો લઇ તેવા વહીવટકર્ત્તાને દુર કરી યોગ્ય વહીવટકર્ત્તા નીમી વહીવટમાં સુધારો કરાવવાની ખાસ જરૂર છે.

## દેશ માળવા જીલ્લે ધાર તાબે માંડવગઢ મધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

પૂર્વે આ તીર્થ બહુ પ્રાચીન અને જાહોજલાલીવાળું રાજધાની શહેર હતું. તેવું આપણા પુસ્તકો ઉપરથી તેમજ હાલમાં જીર્ણ થએલ મોટા મોટા ગઢાશા, ભેસાશા, કેશર કસ્તુરી, દાઇમાઇના મહેલો તથા ચંપાવાવડી, સાગ-

રનું મોટું તળાવ, ચરવા, જુમામસ્જીદ વિગેરે જુની કોરણીથી શોભીતાં જોવા લાયક છે તેથી ખાત્રી થાય છે. તેમજ અહીંથી પાંચ માઇલ ઉપર પહાડમાં તારાપુર નામે ગામ આવેલું છે. તેમાં પ્રતિમા શિવાયનું એક જીનમંદિર છે. તે બહુજ સુશોભિત અને જોવાલાયક છે. અને તે તરફના રહીશોના જણાવ્યા પ્રમાણે તે મંદિર બહુજ જાહોજલાલી ભરેલું હતું. માંડવગઢ મધ્યે હાલમાં એક જૈનમંદિર છે. તેમાં મૂળનાયકજી શ્રી શાંતિનાથજી ભગવાન બીરાજમાન થયેલા છે, અને તે પ્રતિમા બહુજ ચમત્કારી છે. તે મંદિરને બહારના ભાગમાં મસ્જીદનો આકાર દેખાડેલો હોવાથી તેમજ જુમામસ્જીદ વિગેરે ઇસ્લામી ધાર્મિક સંસ્થાઓ હોવાને લીધે પૂર્વે ઇસ્લામો ત્યાં આવી ગયેલા હોય તેવું દેખાય છે. સદરહુ જૈનમંદિરમાં કેટલેક ઠેકાણે ભાગતુટ થઇ બહુ જીર્ણ થઇ ગયેલું છે. માંડવગઢ રાજપુતાના માળવા રેલવે મહુની છાવણીના સ્ટેશનથી ૩૬ માઇલ દુર છે. તેની વચમાં પાકી સડક બાંધેલી છે. ત્યાં જવા માટે મોટરગાડી, બેલગાડી, ટાંગા વિગેરે વાહનોની સગવડ સારી છે. તેમ રસ્તામાં દહેશત રાખવા જેવું નથી. કારણ કે ધારસ્ટેટ તરફથી પુરતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે, અને તે ગામમાં સીધુંસામાન જોઇએ તેવું મળે છે. યાત્રાળુ માટે વાસણ, ગોદડાં વિગેરેની કારખાના તરફથી ગોઠવણ કરી આપવામાં આવે છે. ત્યાંની હવા તથા પાણી રોગીને નિરોગી કરે તેવાં છે. પણ સમય અનુસારે તે શહેરની વસ્તી તુટી જઇ હાલમાં એક નાના ગામડા જેવું થઇ ગયું છે. તે ગામ પહાડોની વચમાં આવેલું છે. તેમાં એક પણ જૈનીનું ઘર નહી હોવાથી તેનો વહીવટ ગામ નાલછાના રહીશ શેઠ. ગંગારામ નંદલાલના વહીવટકર્ત્તા શેઠ હીરાલાલજી તથા ગામ મહીસુરવાળા શેઠ હીરાજી ભોપતજીના વહીવટકર્તા શેઠ માણુકચંદજી ચલાવે છે. પણ તેઓ કામાથી તેમજ શ્રી જૈનશૈલીના પુરેપુરા અનુભવી નહિ હોવાથી તથા તેમનું ગામ મજકુર સંસ્થાથી કેટલુંએક દુર હોવાને લીધે વખતોવખત ત્યાં જઇ પુરતી દેખરેખ રાખી નહિ શકવાથી મંદિરની આસપાસ ઝાડી ઉગી જઇ પૂજન વિગેરેમાં આશાતના થતી હતી. અને યાત્રાળુ પણ ભાગ્યેજ કોઇ યાત્રા માટે આવતું હતું. પણ સં. ૧૯૫૮ ની સાલમાં મુનિરાજ ૧૦૦૮ શ્રી હંસવિજયજી શહેર બુરાનપુર પધારી ત્યાં ચોમાસુ રહેલ તે અવસરે ત્યાંના સંઘના આગેવાનોનું મજકુર તીર્થ વિષે ઉપદેશ દઇ તે ઉપર ધ્યાન ખેંચવાથી તેમજ ચોમાસુ પુરૂં થયે પોતે તે તીર્થની યાત્રા કરવા તથા માળવા દેશમાં વિચરવાની મરજી જણાવ્યાથી ત્યાંના રહીશ શેઠ શ્રીચંદ ઠાકોરદાસની વિધવા સ્ત્રી બાઇ શિવકોરબાઇએ ત્યાંનો સંઘ કાઢી તેમને સાથે લઇ ગયા હતા. સંઘ મજકુર સ્થળે પહોંચતાં ત્યાં વ્યાખ્યાન વિગેરે વાંચવાનું સ્થળ નહિ હોવાથી ત્યાંની એક આ-

થીન મરજીદની અંદર દીલગીરી સાથે વ્યાખ્યાન વાંચવાની ફરજ પડી હતી. અને તે અવસરે મહારાજ સાહેબે ધર્મશાળા વિગેરે કરાવવા ઉપદેશ દેવાથી બાઇ શિવકોરબાઇ પોતાના ગામ આવ્યા બાદ શ્રી અમલનેરના રહીશ શેઠ રૂપચંદ મોહનચંદની માતાજી બાઈ ચુનાબાઈને મજકુર તીર્થમાં ધર્મશાળા કરાવવા ઘણા આગ્રહપૂર્વક સલાહ આપેલ પણ તે અવસરે મજકુર બાઇની મરજી નહિ વધવાથી ના પાડી હતી. પણ બે માસ દરમીયાન તેમને એક સ્વપ્ન આવવાથી તેજ વખતે તેઓ ગામ બુરાનપુર બાઇ શિવકોરબાઇ પાસે આવી મજકુર ધર્મશાળા કરાવવાની મરજી જણાવી, તેમને તથા કેટલાએક ગૃહસ્થોને સાથે લઇ શ્રી માંડવગઢ જઇ ધર્મશાળાનું કામ પરવાનગી લઈ શરૂ કરાવ્યું, ખોદકામ કરતાં જમીનમાંથી નવ પ્રતિમાજી નીકળ્યા, તેથી પોતે બહુ ખુશી થઈ જઇ શકિતઅનુસારે પણ સારી જેવી રકમ ખરચી ધર્મશાળા વિગેરે સર્વે કામ પુરૂં કરી સં. ૧૯૬૪ ના વૈશાખ સુદ ૧૦ નાં રોજ પ્રતિષ્ઠા કરાવી ભગવાનને બીરાજમાન કર્યા હતા. અને સં. ૧૯૬૪ ના કારતક સુદ ૧ થી શ્રી અમલનેરવાળા શેઠ રૂપચંદ મોહનચંદ તથા શ્રી બુરાનપુરવાળા શેઠ શ્રીચંદ ઠાકોરદાસે મજકુર સંસ્થાનો વહીવટ ચલાવવાની શરૂઆત કરી હતી. ત્યારથી આ તીર્થ વધારે જાહેરમાં આવ્યું છે. તે માટે સદરહુ બાઈ ચુનાબાઈને પુરે-પુરો ધન્યવાદ ઘટે છે. શ્રી બુરાનપુરની ધાર્મિક સંસ્થાના વહીવટની તપાસણી માટે અમારી જાતે ત્યાં જવું પડવાથી ત્યાંના સંઘ મધ્યેના કેટલાએક ગૃ-હસ્થોએ મજકુર તીર્થના વહીવટ બદલ અમારી પાસે ફરીઆદ કરવાથી તેમજ શ્રી બુરાનપુર મધ્યેના રહીશ બાઇ શિવકોરબાઇ તે તરફ સંઘ કાઢીને જતાં હોવાથી તેમજ તે સંઘની સાથે મુનિરાજ ૧૦૦૮ પન્યાસ-જી શ્રી કમલવિજયજી આદિ થાણા ૪ પણ તે તરફ વિહાર કરતા હોવાથી તેમજ મજકુર સંસ્થાના ટ્રષ્ટીઓ વિગેરે બીજા ગૃહસ્થો ત્યાં આવી મોટો સંઘ ભેગો થવાનો હોવાને લીધે આ ખાતાના ઇન્સ્પેકટર મી. અમુલખ નરસી તથા પટાવાલાને ત્યાંના વહીવટની તપાસણી કરી ચોકસ બંદોબસ્ત કરી આપવા ત્યાં મોકલવામાં આવ્યા હતા. તેમણે ત્યાં જઇ પ્રથમના તથા પાછલના ચારે વહીવટકર્તાને મળી હીસાબની માગણી કરતાં પ્રથમના બેઉ વહીવટકર્તાએ ચોકસ કારણો બતાવી ફાગણ માસ સુધીમાં હીસાબો તૈયાર કરી મજકુર સંસ્થાના ચોપડામાં નામું લખી તેનું લીષ્ટ અમારી ઉપર મો-કલી આપવાની કબુલાત આપવાથી તેટલું કામ ફરી તપાસણી ઉપર બાકી રાખી શ્રી અમલનેરવાળા શેઠ રૂપચંદ મોહનચંદ તથા શ્રી બુરાનપુરવાળા શેઠ શ્રીચંદ ઠાકોરદાસના હસ્તકની સં. ૧૯૬૪ ના કારતક સુદ ૧ થી સં. ૧૯૬૫ ના માગશર વદ ૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં સદરહુ ટ્રષ્ટી-

ઓના કબજામાં મહારાજના આભૂષણો તથા પરચુરણ દાગીના રૂ. ૪૭૫) જેવી નજીવી કીંમતના હોઈ ઉપજ પણ નજીવી જેવી આવે છે. પણ પ્રતિષ્ઠા વખતે માણસ વધારે ભેગું થઈ વધારે ઉત્સાહ હોવાથી તે અવસરે ચડાવા વિગેરેની સારી ઉપજ થઇ હતી, તેનું નામું સાદુ પણ ચોખ્ખી રીતે રાખી વહીવટ ચલાવવામાં આવ્યો છે. તોપણ મજકુર વહીવટનું ચોક્કસ બંધારણ નહી હોવાથી તેમજ તેને લગતો હીસાબ કોઇ પણ વખતે તેના જુના ટ્રસ્ટીઓએ સંઘ અથવા કોઈ ખાનગી ગૃહસ્થ સમક્ષ રજુ કરેલો નહી હોવાથી લોકોનો તે ઉપર વિશ્વાસ નહી પડવાથી તેની મોટી રકમની ઉઘરાણી કોઈ વસુલ આપતું નહી હોવાને લીધે આ ખાતા તરફથી મજકુર વહીવટ ચલાવવા માટે ઉપર જણાવેલા જુના તથા નવા ચારે વહીવટ કર્તાને એકત્ર કરી એક સાથે મળી વહીવટ ચલાવવાનું ઠરાવી નવું બંધારણ કરીઆપી એક મુનીમ રાખી વહીવટ ચલાવવાની ગોઠવણ કરીઆપી છે. અને કામમાં ઉપર જણાવ્યા મુજબ શેઠ રૂપચંદ મોહનચંદની માતાજી બાઇ ચુનાબાઇ શ્રી અમલનેરવાલા તથા શેઠ શ્રીચંદ ઠાકોરદાસની વિધવા સ્ત્રી બાઈ શિવકોરબાઇ શ્રી બુરાનપુર-વાળા પોતાના તન, મન, અને ધનથી, પ્રયાસ કરી રહ્યા છે તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. તોપણ કરીઆપેલ બંધારણમાં ઘણો સુધારો વધારો કરવાનો યોગ્ય જણાયાથી તેનું વિગતવાર સુચનાપત્ર ભરી મજકુર વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. અમો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી જીર્ણઉદ્ધાર વિગેરેનું કામ આગળ ચલાવવા યોગ્ય બંદોબસ્ત કરશે. કારણ કે મજકુર જીનમંદિરનો તાકીદે જીર્ણઉદ્ધાર કરાવવાની ખાસ જરૂર છે. તેથી સર્વે જૈન ગૃહસ્થોને જણાવવામાં આવે છે જે મજકુર સંસ્થામાં ચાર ટ્રસ્ટીઓ નીમી નવેસરથી બંધારણ કરી વહીવટ ચલાવવાની ગોઠવણ કરી આપી છે. માટે જે જે ગૃહસ્થો પાસે મજકુર સંસ્થાનું કોઈબી પ્રકારનું લહેણું હોય તેઓએ ચુકતે નાણાં તાકીદે મોકલી આપવા મહેરબાની કરવી.

## જીલ્લે ખેડા તાબે ગામ સ્થંભતીર્થ ( ખંભાત )માં આવેલી ચોકશીની પોળ મધ્યે શ્રી મનમોહન પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાશરજીના શ્રી સંઘતરફથી વહીવટ કર્ત્તા શા. ઝવેરચંદ પીતામ્બરદાસના હસ્તકનો સં. ૧૯૬૧ થી. સં. ૧૯૬૪ ના અશાડ વદ ૬ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં હીસાબ ચોખ્ખો રાખી અમોએ માગણી કરી તેજ વખતે બતાવી દીધો છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે માટે આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે ખેડા તાબે સ્થંભતીર્થ ( ખંભાત )માં આવેલા માણેકચોક મધ્યેના શ્રી ચિન્તામણ પાર્શ્વનાથજીના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા. શા. મોતીલાલ આશાલાલ તથા શા. ડાહ્યાચંદ મુલચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી. સં. ૧૯૬૪ ના અશાડ વદ ૭ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સં. ૧૯૬૧ પહેલાં દહેરાસરજીનું નામું બીલકુલ રાખવામાં આવ્યું નથી પણ સં. ૧૯૬૧ ની સાલથી ચોખી રીતે રાખવામાં આવ્યું છે. અમોએ તે તપાસવાની માગણી કરતાં તરત હીસાબ દેખડાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ. અને તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ જે તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત કરશો.

## જીલ્લે કાઠીયાવાડ પ્રાંત સોરઠ શહેર જુનાગઢ તાબે ગામ વણથલી મધ્યે આવેલા શ્રીશીતલનાથજી મહારાજ તથા શ્રી શાંતિનાથજી મહારાજ તથા શ્રી પદ્મપ્રભુજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ મકનજી ઝીણાભાઇ તથા શેઠ. ઠાકરસી મુલજીભાઇના હસ્તકનો સંવત. ૧૯૬૧ના કારતક સુદ ૧ થી તે સં. ૧૯૬૪ના ચૈત્ર વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ કર્ત્તા ગૃહસ્થોએ પોતાનો કીમતી વખત રોકી વહીવટ ઘણી ચોખી રીતે ચલાવેલો જોવામાં આવે છે. તે બહુ ખુશી થવા જેવું છે.

સદરહુ દહેરાસરજીમાં મૂળનાયકજી શ્રી પદ્મપ્રભુજી તથા શ્રી ચંદ્રપ્રભુજી સં. ૧૯૬૩ના શ્રાવણ સુદ ૨ ને બુધવારે પૂર્વ દિશાના દરવાજાનો પાયો ખોદાવતાં નીકળ્યા છે. તથા સં. ૧૯૬૫ના અશાડ વદ ૪ ને વાર સોમવારે અત્રેના સૂર્યકુંડ પાસે કુવો ખોદાવતાં શ્રી શીતળનાથજી મહારાજ નીકળ્યા છે અને તે ઊંચાઇમાં ચોપન ઇંચના છે. અને તે પ્રતિમાજી ઘણાજ ચમત્કારી હોવાથી ગિરનારજી આવતાં સરવે યાત્રાળુઓ ત્યાં જાય છે. તેથી તે તીર્થનું મોટું સ્થળ ગણાઇ તેનો મહિમા મોટા તીર્થ જેવો થઇ પડયો છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર

વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીયાવાડ પ્રાંત સોરઠ તાબે જેતપુર મધ્યે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ભીમજી પ્રાગજી હસ્તકનો. સં. ૧૯૪૪ ના. જેઠ વદ ૭ થી તે સં. ૧૯૬૪ ના જેઠ વદ ૭ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામુ ઘણુંજ ગુચવણ ભરેલું રાખી તેની મુદલ ખતવણી કરી નહી હતી તેથી આ ખાતાના ઇન્સપેકટરે કેટલોએક સુધારો વધારો કરી ચોખ્ખુ કરી આપ્યું છે. અને હવેથી ચોખી રીતે નામુ લખવા સુચવ્યું છે.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીઆવાડ પ્રાંત સોરઠ જુનાગઢ તાબે ગામ વડાલ મધ્યે આવેલા શ્રીધાતુના પંચપરમેષ્ટિના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના વહીવટ કર્ત્તા શેઠ મનજી ચત્રભુજના હસ્તકનો સં. ૧૯૬૧ ના વઇશાખ સુદ ૩ થી તે સં. ૧૯૬૪ના અશાડ વદ ૩ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ રીતસર રાખી ચલાવતા જોવામાં આવે છે.

આ ગામમાં દહેરૂં તથા અપાશરો નહી હોવાથી સાધુ મુનિરાજને જુનાગઢથી પાલીતાણાનો રસ્તો હોઇને ઉતરવા માટે ઘણી હરકત આવતી હતી. તેથી મજકુર વહીવટ કર્ત્તાએ પોતાનો કીંમતી વખત રોકી ગામની તથા બહાર ગામની મદદ લઇ સં. ૧૯૬૧ની સાલમાં અપાશરો તથા ઘર દહેરાસરજી કરાવ્યું તે બહુ ખુશી થવા જેવું છે. પણ દહેરાસરજી ઉપરનો કેટલોક ભાગ અધુરો રહી ગયો છે. અને નાણાં થઇ રહ્યાં છે. માટે તે કામ પુરૂં કરાવવાની ખાસ જરૂર છે. કારણ કે દહેરાસરજીમાં કેટલીક આશાતના થાય છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીયાવાડ પ્રાંત સોરઠ ગોંડલ તાબે ગામ ધોરાજી મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ. જગજીવન શોભાગચંદ તથા શેઠ. ગોકલજી હંસરાજ તથા શેઠ. હીરાચંદ ઝવેરચંદના હસ્તકનો સં. ૧૯૬૦ થી તે સં. ૧૯૬૪ ના અશાડ વદ. ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ મોટો હોવાથી તેમજ વહીવટ કર્તાને પોતાના ખાનગી કામનો બોજો ઘણો હોવાથી નામુ બહુ ગુચવણ ભરેલું થઇ જઇ ખતવણી અધુરી પડેલી હતી. તેવામાં આ ખાતા તરફથી તપાસણી થતાં આ ખાતાના ઇન્સ્પેકટરે નામુ સુધારી ખતવણી પુરી કરી આપી હીસાબ ચોખ્ખો કરી આપ્યો છે. અને ફરીથી આવી રીતે થવા પામે નહી માટે સંઘ ભેગો કરી બીજા એક બે વહીવટ કર્તા નીમાવી તેની મદદ લેવા સુચવ્યું છે. તો પણ વહીવટ કર્તા ગૃહસ્થ પોતાનો કીમતી વખત રોકી ઘણીજ ખંતથી કામ કરે છે. તેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીઆવાડ મધ્યે શ્રી મોટી મારડ મધ્યે આવેલા શ્રી વાસુપૂજયસ્વામીમહારાજના દહેરાસરજીના વહીવટને લગતો— રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ. જાદવજી રૂગનાથ તથા શેઠ. બાવા માવજી તથા શેઠ ભુરા વેલજી તથા શેઠ. જગજીવન અમરશીના હસ્તકનો સં. ૧૯૫૧ની સાલથી તે સં. ૧૯૬૪ના શ્રાવણ વદ ૨ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ સારી રીતે જોવામાં આવે છે.

આ દહેરાસરજી મહામુનિરાજ ચારિત્રવિજયજીના ઉપદેશથી થયું છે. અને તેની પ્રતિષ્ઠા સં. ૧૯૫૦ની સાલમાં થઇ છે. તેના વહીવટ સંબંધી કામકાજ સદરહુ વહીવટ કર્ત્તા ઘણાજ ઉત્સાહથી કરે છે. તેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ જે તે ઉપર બંદોબસ્ત કરશે.

લી. શ્રી સંઘનો શેવક
**ચુનીલાલ નાંહાનચંદ.**
ઓનરરી ઓડીટર
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

# ધર્મ નીતિની કેળવણી

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક કેળવણીની ભૂમિકા.

( અનુસંધાન પૃષ્ઠ ૪ થી. )

હવે નીતિના વિષય તરફ વળીએ.

( ૫ ) પોતાને ઇષ્ટ લાગે તેવો આનંદ-સુખ-ભોગવવાની છુટ છે, પણ તે નિર્દોષ હોવો જોઇએ, એટલે કે તેમાં એટલી સાવચેતી રાખવાની આવશ્યકતા છે કે તેથી કોઇના તન-મનને આપણે કોઇ પણ પ્રકારે દુભાવવાં જોઇએ નહિ. ( છોકરાં ને દેડકાની વાત. ) બાળકો તેમજ મોટા માણસોમાં જે કાંઇ અવગુણો હશે તે બધાનો આ નિયમમાં સમાવેશ થાય છે.

જેવો આપણામાં જીવ છે તેવોજ કીડીઆદિ પ્રાણિમાં જીવ છે. જેટલું દુઃખ આપણને અપ્રિય છે, તેટલું જ તે બધા જીવોને પણ છે. સુખ-આનંદ -ભોગવવાનો જેટલો આપણને હક્ક છે તેટલોજ બીજાને છે. આપણે એમ ઇચ્છીએ કે બીજા કોઇ આપણને દુઃખ ન દે, આપણા સુખાનંદમાં હરકત ન કરે, તો આપણી પણ એજ ફરજ છે કે બીજાને દુઃખ થવામાં કારણભૂત ન થવું,-બીજાને હરકત કર્ત્તા ન થવું.

એક સજ્જન તરીકે આપણું કર્ત્તવ્ય છે કે જેટલે અંશે બની શકે તેટલે અંશે પરમાર્થ જીવન ગાળવું, યથાશક્તિ મોટા યા નાના પરોપકારનાં કાર્યો કરવા, બીજાનું ભલું કરવું, બીજાને ઉપયોગી થવું. એવાં ઘણાં નાનાં કામો છે જે બાળકો પણ કરી શકે, જેમકે ગૃહકાર્યમાં ઉપયોગી થવું, કોઇનો સંદેશો લઇ જવો, વગેરે. ( આથી, વિશેષમાં, બાળક સર્વ કોઇને બહુ પ્રિય થઇ પડશે. )

"The best portion of a good man's life is his little, nameless, unremembered acts of kindness and of love."

મોટા થતાં આપણી કોમની તથા આપણા દેશની સેવાની યોજનાઓમાં સર્વ કોઇથી, કોઇ પણ પ્રકારે-તનથી, મનથી યા ધનથી-સહાયકારી થઇ શ-

કાય તેમ છે. મતલબ કે વૃત્તિ હોય તો આવા પ્રસંગો પુષ્કળ મળી રહે છે. માટે સ્વાર્થત્યાગ કરી યથાશક્તિ પરોપકારના કાર્યોમાં જોડાવું.

બારીક નીરિક્ષણ કરી જોશો તો જણાશે કે આપણાથી પરોપકાર બહુ અલ્પજ થઈ શકે છે. તો પછી બીજાના તન-મનને આપણે કોઇ પણ પ્રકારે દુભાવીએ નહિ એટલી તો કાળજી આપણે ખાસ રાખવી ઘટે છે.

અત્રે દર્શાવેલ વાર્તામાં સર્વે નીતિ નિયમોનો સમાવેશ થઇ જાય છે. તેમની પરાકાષ્ટા દેખાઈ આવે છે. કોઇ પણ અવગુણનો દાખલો લઇ તેથી પોતાને તથા બીજાને કેવી રીતે દુઃખ થાય છે એ વાતનો બારીકીથી વિચાર કરી જોતાં ઉપરનું કથન યથાર્થ છે એમ જણાશે. આચારોપદેશ યા નીતિનું શિક્ષણ આ લક્ષ્યને સાક્ષાત્કાર કરાવનારૂં હોવું જોઇએ.

(૬) આગળ જતાં વિદ્યાર્થિની લાયકાત પ્રમાણે એ વાત બારીકીથી સમજાવવી. શ્રી પુરૂષાર્થ-સિદ્ધિ-ઉપાયમાં અહિંસાનું સ્વરૂપ જેવી રીતે દર્શાવેલું છે તેમાં અને ઉપર (૫) પાંચમા વિભાગમાં જે વાત જણાવેલી છે તે એકની એકજ છે એ વિસ્તારપૂર્વક યોગ્ય રીતે બતાવવું.

હિંસા એટલે પ્રાણનું હરણ. પ્રાણના બે પ્રકારઃ દ્રવ્ય અને ભાવ. દ્રવ્ય પ્રાણ એટલે શરીર અથવા જે દશ પ્રાણ ગણવામાં આવે છે તે. ભાવપ્રાણ એટલે આત્મગુણ અથવા આપણો શુદ્ધ મનોભાવ,-મન. હવે કોઇપણ નીતિ નિયમનો ભંગ કરવાથી હિંસા થાય છે એ વાત અવલોકીએ. ક્રોધનો દૃષ્ટાંત લઇએ. ક્રોધ ઉત્પન્ન થતી વખતેજ પ્રથમ પોતાના ભાવપ્રાણનો-શુદ્ધ મનોભાવનો-નાશ થાય છે. તેથી વળી દ્રવ્ય પ્રાણને નુકશાન થાય છે,-શરીર ક્ષીણતા આદિ પરિણામને પામે છે. ક્રોધના આવેશમાં સામાની સાથે બોલાચાલી થાય તો તેનું મન દુઃખાય છે, તેના ભાવપ્રાણનો નાશ થાય છે. અને મારામારી થાય તો આપણા તેમજ સામાના શરીરને-દ્રવ્યપ્રાણને-નુકશાન થાય છે. આમ ચાર પ્રકારે હિંસા થાય છે, એટલે કે, બીજા શબ્દોમાં કહીએ તો, કોઇ પણ નીતિ નિયમનો ભંગ કરવાથી, પોતાનાં તેમજ પરનાં તન-મનને દુભાવવામાં આપણે કારણભૂત થઇએ છીએ. હિંસાનો આવો બહોળો અર્થ કરવાથી, અસત્યાદિ સર્વ દોષનો તેમાં સમાવેશ થઇ જાય છે.

એ હિંસા, કષાય તથા પ્રમાદ એ બેને લઇને થાય છે. જ્યાં યોગ્ય સાવચેતી રાખવાની આપણી ફરજ છે ત્યાં યોગ્ય સાવચેતી ન રાખવી, એ બેદરકારી તેજ **પ્રમાદ.** (પાઠ ચાલતી વખતે બરાબર ધ્યાન આપવાની ટેવ પડાવવાથી, શિક્ષક વિદ્યાર્થિઓમાંથી પ્રમાદવૃત્તિ ઘણે અંશે દૂર કરી શકશે. આ વાતપર શિક્ષકે બારીક ધ્યાન આપવાની જરૂર છે). માટે પ્રમાદ ટાળવા-કષાય ઉપશમાવવા પ્રયત્નશીલ થવું. એ નીતિ યા શમ દમનો સાર, ધર્મ પામવાની યોગ્યતાનું-સમકિતનું મૂળ.

# Froebel's Principles of moral and religious Education.*

Man's highest destiny, according to Froebel, is unity with God. He says "Religion is the endeavour to raise into clear knowledge[1] the feeling that originally the spiritual self of man is one with God, to realize[2] the unity with God which is founded on this clear knowledge and to continue to live[3] in this unity with God, serene and strong, in every condition and relation of life." To make this unity possible is the all-pervading, all-inclusive aim of his educational system.

\+ + + +

Froebel believed that humanity may develop progressively toward the Divine in conformity with the universal law of evolution; that every child has in its nature an element of divinity which should be fostered and brought into conscious unity with the Divine; that the natural tendency of childhood is toward the right if supplied with right conditions for the growth of its best; that the ideal side of the child's nature should be developed from the moment the baby receives its first impressions to prevent the growth of the sensual in its character; that training should begin at birth, but that it never should interfere with the child's spontaneity; that freedom is the only true condition of perfect growth; that coercion dwarfs and reward-giving as an inducement to good conduct degrades; that positivity or spiritual propulsion is an important element in character; that ethical culture must be given in each stage of development in order that the true growth of succeeding stages may be attained; that it is a *grave error* to attempt to give the child in any stage of its development ethical training or rules of conduct belonging rightfully to a later stage; that the first germs of religious growth are found in community, love, reverence, filial and fraternal relationships, and true living as revealed by the experiences of pure family

*Froebel's Educational Laws by James L. Hughes.

૧. જ્ઞાન, ૨. દર્શન, ૩. ચારિત્ર—એ ત્રિપદી સાથે સરખાવો.

life; that Nature is the child's symbolic revealer of God as life in advancing evolution to higher life; that the evil in a child's action results from suppressed or misdirected good; that religion should not be associated with terrors of any kind; that the child's religious experiences should be joyous and happy; that God should be revealed as a loving father; that *the child should not be made conscious of evil in its own motives in its early life*; that the child's life should be kept free from *formalism* and hypocrisy; that no dogmatic theology should be given in words until the child has experiences that can give life and meaning to the words; that the child's mind should not be filled with meaningless maxims, mere ashes of dead virtues; that selfhood is the child's divinity and its development the great function of the home and the School; that self-hood should be made complete as a basis for the perfect unity with God and humanity; that self-activity is the process of growth morally as well as intellectually; that right-doing not only demonstrates faith but increases it; and that religion cannot be communicated to or taken into the life of man as a completed thing, or by the intellectual acceptance of opinions or doctrines, but that it must be a progressive growth in feeling and thought in which community, love, life, law, reverence, gratitude, joyousness, renunciation, unselfishness, freedom, and creative activity are essential elements.*

---

## Real Education.

A race of real children; not too wise,
Too learned, or too good, . . .
Simplicity in habit, truth in speech,
Be these the daily strengtheners of their minds;
May books and Nature be their early joy;
And knowledge rightly honoured with that name—
Knowledge not purchased by loss of power.

WORDSWORTH.

---

*ફ્રોબેલના આ સિદ્ધાંતોનો ગુજરાતીમાં ભાવાર્થ આવતા અંકમાં આપવામાં આવશે-સંયોજક.

# સને ૧૯૦૮ ની સાલની અનુક્રમણિકા.


The necssity of Reform ... ૧
નવીન વર્ષ ... ... ... ... ... ૫
**मिस्टर गुलाबचंदजी ढड्ढा और शेठ लखमीचंदजी घियाका प्रवास** ११,४५,६३
જૈન સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં ફાળો ૧૬, ૫૩, ૮૦, ૩૫૨, ૪૩૧, ૪૬૪
**मारवाड गोलवाड प्रांतिक कोन्फरन्स.** २५
**श्री रिषभदेव और महाराणा साहेब उदयपुर** ... ... ... ... २६
**समाचार** ... ... ... ... ... २७
છઠ્ઠી જૈન કોન્ફરન્સ ભાવનગર. ૨૮, ૬૧, ૬૩, ૧૪૫, ... ... ... ... ૧૯૭
જૈન સમાચાર ૩૧,૬૭,૨૩૫,૨૫૬,૨૬૪,૨૪૬
મુબારકબાદી ... ... ... ... ૩૨
ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ૩૩, ૭૦, ૧૦૦, ૨૨૬, ૨૬૨, ૨૮૪, ૨૩૦, ૩૭૦, ૪૦૪
What the Association wants to do & how? ... ... ... ૩૭
આપણી અધોગતિ; તેમાં ફેરફાર કરવા માટે શું કરવું? ... ... ... ૪૧
સમેતશિખરજી ... ... ૫૧, ૨૫૫, ૨૫૮
છઠ્ઠી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સના સંબંધમાં ભાવનગરના મહારાજા સાહેબને કરેલી અરજ ... ... ... ... ૫૯
છઠ્ઠી જૈન કોન્ફરન્સના પ્રસંગે ભરાનારૂં સ્વદેશી પ્રદર્શન ... ... ... ૬૩
પહોંચ ... ... ... ... ૬૮, ૨૯૬
કેળવણી ફંડ લાલબાગ જૈન બોર્ડિંગ ... ૬૯
True "Swamibatsalya." ... ૭૩
The Jain Graduates' Association, Draft Rules & Regulations ... ... ... ... ... ૭૭
બીજી સાહિત્ય પરિષદ્ વખતે મી. અમરચંદ પી. પરમારનું ભાષણ ... ૮૫
... ... ... ૨૮૪, ૩૧૩, ૩૪૯, ૪૨૭
મનુષ્યદેહ શાને માટે છે! ... ... ૮૯
કૉન્ફરન્સનો હેતુ-કાર્યે વાહકોની ફરજ... ૧૦૫
કૉન્ફરન્સ... ... ... ... ... ૧૦૯
કૉન્ફરન્સનું બંધારણ કેવું હોવું જોઇએ ... ... ૧૧૩ ૧૧૯ ૧૩૩ ૪૫૯
જૈન શ્વેતામ્બરમદદફંડઅનેમહાનકોન્ફરન્સ ૧૩૧
અંધારામાં રહેલું એક જીર્ણ જીનાલય ... ૧૪૩
કૉન્ફરન્સની છઠ્ઠી બેઠક અને તે વિષયે ઉદ્ભવતા વિચારો ... ... ... ૧૫૭
સીદાતા ભાઇઓના ઉદ્ધારનો વ્યવહાર. ઉપાય ... ... ... ... ... ૧૬૯
ધારા સભામાં જૈનોને સ્થાન આપવાની. માંગણી ... ... ... ... ... ૧૭૩
**गोलवाडमें सुधारा** ... ... ... १७६
કૉન્ફરન્સદ્વારાએ ધાર્મિક અને સંસારિક ઉન્નતિ ... ... ... ... ૧૭૬
શ્રી જૈન કૉન્ફરન્સ એટલે શું! ... ૧૮૮
ત્રીજી જૈન મહિલા પરિષદ્ ... ૨૨૧ ૨૨૯
Prakit Poems. ... ... ૨૩૬ ૨૬૫
A Review of "Life of Mahavira"... ... ... ૨૩૭ ૨૯૭
શેઠ મનસુખભાઇનું છેવટનું ભાષણ ... ૨૪૦
નામદાર મહારાજા સાહેબનું છેવટનું ભાષણ ૨૪૨
ચીફ સેક્રેટરી મી. કુંવરજી આણંદનું છેવટનું ભાષણ ... ... ... ... ૨૪૩
જૈનમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગદર્શન. ૨૪૫
શ્રી કેળવણી ... ... ... ૨૪૯, ૨૭૮
કૉન્ફરન્સનું અસ્તિત્વ ... ... ... ૨૬૯
કૉન્ફરન્સના ઠરાવોનો અમલ કેવી રીતે કરવો ... ૨૭૪ ૩૦૦ ૩૪૩ ૩૮૩ ૪૪૩
છઠ્ઠી કૉન્ફરન્સ વખતે જુદા જુદા ખાતામાં મદદ આપનાર ગૃહસ્થોના નામનું લીષ્ટ ... ૨૯૨ ૩૨૫ ૩૬૬ ૩૯૬
તીર્થોના રક્ષણ માટે સકલ સંઘે કરેલો ઠરાવ ૨૯૬

કૉન્ફરન્સ ફંડ અને એક ગંભીર સવાલ... ૨૯૯
કૉન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા વિનંતી ૩૦૫
સલાહકાર મંડળ ... ... ... ... ૩૦૬
શ્રીમન્ મુનિ મહારાજ શ્રી મોહનલાલજી
અને જૈનો—એક ઉપયોગી વિચાર... ૩૧૦
લીંબડી દરબારશ્રીનું શુભ કાર્ય અને
યતિ શ્રી પ્રમાણુ વિજયની જીવદયાની
અરજીનું મંજુર રહેવું ... ... ૩૧૭
કેમ સુધારા થાય? ૩૧૮ ૩૬૫ ૩૯૪ ૪૧૬
શ્રી ગીરનારજી તીર્થના વહીવટ સંબંધી
જૈન ગૃહસ્થોને વિજ્ઞપ્તિ ... ... ૩૧૯
વિજ્ઞપ્તિ ... ... ... ... ... ૩૨૮
Union is Strength ... ... ૩૨૯
અધિપતિની નોંધ ૩૩૨, ૩૭૫, ૪૦૭, ૪૩૯
યુનિવરસીટીમાં દાખલ કરાવેલું
જૈન સાહિત્ય ... ... ... ... ૩૪૧
इंदोरमें ऐक्यता ... ... ... ૩૫૬
इंदोरमें नियमावली... ... ... ૩૫૯
जैन ग्रन्थो प्रसिद्धिमां लाववा
माटे जैन ग्रेज्युएट एसोशिएशनने
अगत्यनी सूचना ... ... ... ૩૮૭
કન્યાવિક્રય ... ... ... ... ૩૯૦
દશેરા વગેરે તહેવારો પર થતો પશુવધ
અટકાવવા માટે... ... ... ... ૩૯૫
પ્રાચીન શિલાલેખો ... ... ૩૯૭ ૪૫૫
સરકારી ચોપડીમાં થયો જોઇતો સુધારો ૩૯૮
અમદાવાદ ઑફીસ તરફથી મદદ મેળવતી
પાઠશાળાઓનું લીસ્ટ ... ... ... ૪૦૧
અમદાવાદ ઑફીસ તરફથી સ્કૉલરશીપ
મેળવનાર પાઠશાળાઓનું લીસ્ટ ... ૪૦૨
કૉન્ફરન્સે અત્યાર સુધીમાં શું કર્યું છે? ૪૧૭
જૈન કોમના ધનવાનોને તથા વિદ્વાનોને
એક નમ્ર પ્રાર્થના ... ... ... ૪૩૫
रजपुतानाका जैन बंधुओंको विज्ञप्ति ૪૪૮
जैन यंगमेन्स एसोशिएशन ऑफ
इन्डीया अधिवेशन-मेरठ ... ... ૪૫૦
શ્રી ચતુર્વિધ સંઘ ... ... ... ૪૫૧
જૈન શ્વે. કૉ. તરફથી લેવામાં આવ-
નારી ધાર્મિક પરીક્ષાઓ ... ... ૪૫૭
પ્રાણીઓ ઉપર ગુજારવામાં આવતું ઘાતકી-
પણું અટકાવનારી સભાને વિજ્ઞપ્તિ... ૪૬૩

# PRIZE OF Rs. 300, FOR A TRANSLATION OF JAIN WORKS.

The Managing Committee of Seth Hirachand Gumanji Jain Boarding School, Bombay offer a prize of Rs. 300/ three hundred to a translation of any one of the following three works.

(१) सर्वार्थसिद्धि of पूज्यपाद.

(२) अष्टसहस्री.

(३) प्रवचनसार.

The aforesaid three works are prescribed for a course of Jain Philosophy in M. A. Examination of Bombay University and the English translation of the said works should be primarily intended to facilitate the study of the work by the students of the same.

Critical notes along with the translation would be preferred to a mere translation.

To save an unnecessary trouble to intending translators it is proposed that they should send to the undersigned a specimen of the translation of not less than a hundred Gathas of प्रवचनसार or of not less than 20 pages of the printed Edition (Jainendra Press) of स्वार्थसिद्दी or a hundred shloks from अष्टसहस्री.

The special qualifications of the translator should be communicated to the undersigned. After examining these specimens the Committee will declare whose translation is preferred and the translator thus approved will be asked to complete his work.

The Committee will have the full rights of the work after the prize is awarded.

The specimens should reach the undersigned before the 1st. of May 1909 and the work will have to be finished within eight months after the translation is preferred.

THAKORDAS BHAGWANDAS Javeri.
for Hon. Secretary,
Seth HIRACHAND GUMANJI,
Jain Boarding School,
Tardeo–BOMBAY,

## RATES FOR ADVERTISEMENT.

### જાહેર ખબર આપનારાઓને અમૂલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસ્તી જૈનો જેવી ધનાઢય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેરખબર આપવાના ભાવો નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

| | એક પેજ | અડધું પેજ | પા પેજ | ચાર લાઇન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે | ૪૦ | ૨૨ | ૧૨ | ૭ |
| છ માસ ,, | ૨૨ | ૧૨ | ૭ | ૪ |
| ત્રણ માસ ,, | ૧૯ | ૭ | ૪ | ૨-૮-૦ |
| એક અંક ,, | ૫ | ૩ | ૨ | ૧ |

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેંન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નકી થઇ શકશે, તે માટે સઘળો પત્રવ્યવહાર તથા મનીઓર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસીસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
મુંબાઇ, પોષ્ટ નં. ૩.

---

### જૈન ભાઇઓને અગત્યની સૂચના.

---

પોતપોતાના સ્થળમાં જૈનધર્મ અને જૈનકોમની ઉન્નતિને લગતી દરેક બાબતની ખબર આ માસીકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા. ૧૫ મી પેહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે. વિદ્વાન જૈન બંધુઓને પણ લોકોપયોગી વિષયો આ માસિક માટે લખવા સારૂ અરજ કરવામાં આવે છે.

પાયધુની-મુંબાઈ, પોષ્ટ નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી.
જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३५. ॐ विक्रम सम्वत् १९६५.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड

पुस्तक ५. मार्च.
नम्बर ३. सन १९०९.

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| પ્રાસંગિક નોંધ ૫૭, ટાઇટલ પેજ | |
| શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી લેવામાં આવનારી જૈન ધાર્મિક હરીફાઇની વાર્ષિક પરીક્ષાઓ. .... | ૬૦ |
| હાનિકારક રીતરીવાજો .... | ૬૩ |
| શુદ્ધ સ્વદેશી ખાંડ સાકર સંબંધે મને મળેલો અનુભવ. | ૬૭ |
| કેમ સુધારા થાય .... .... | ૭૧ |
| શ્રી રામપુરા.. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ઠરાવો. | ૭૨ |
| શ્રીમાંડળજૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક શ્રી સંઘે કરેલા ઠરાવો | ૭૪ |
| શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક મી. મણીલાલ સુંદરજીનો પ્રવાસ. .... .... | ૭૫ |
| જૈન ધાર્મિક હિસાબ તપાસણી ખાતું. .... .... .... | ૮૦ |
| પાંજરાપોળો અને તેની સ્થિતિ વડોદરા પાંજરાપોળ. .... | ૮૪ |
| ધર્મનીતિની કેળવણી. .... | ૯ |
| ૧ નામદાર વાઇસ્ ચેન્સેલરના હાલની કેળવણી વિષે વિચારો. .... .... .... | ૯ |
| ૨ વિદ્યાર્થીઓ અને રાજવિષયો. | ૧૧ |
| ૩ શિક્ષણના ઇતિહાસકારના વિચારો. .... .... .... | ૧૨ |
| હેરલ્ડનો વધારો. | A. B. |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

अमदावाद.

श्री सत्यविजय प्रिन्टिंग प्रेसमां शा. गीरधरलाल हकमचंदे छाप्युं.

## જુનાગઢ પાંજરાપોળ લોટરી.

દરેક ટિકેટની કિંમત રૂ. ૧) પોસ્ટેજ જુદું વી. પી. થી મંગાવજો.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી લીંબડીવાળા.

જુનાગઢ. ( કાઠિયાવાડ. )

---

स्वदेश हितेच्छु अने धर्मचुस्त गृहस्थोने एक अमुल्य तक.

वावटा छाप ट्रेडमार्कनुं पवित्र अने शुद्ध

## स्वदेशी केशर.

आ चोख्खुं केशर ते १ तोला ५ तोला ०। ०॥ अने एक रतल पेक डबामां वेचीए छीए. जैन तीर्थावळी प्रवास आवृत्ति बीजी घणा सुधारा वधारा साथे मलशे. सर्व दर्दो मटाडवानी रामबाण देशी दवाओ कीफायते वेचीये छीए. स्वदेशी माल मंगावनाराओने चोक्कसथी कीफायते कमीशनथी मोकलीशुं.

अंबर—कस्तुरी—वगेरे भिमसेनी बरास, सुखड मलबारी, दशांगी धुप, सोना रुपानो वरख, अत्तर, देशी बनावटना वगर चर्बीना साबुओ नहावाना तथा कपडां धोवाना लाटा, गोळा वीगेरे तथा सेंट अने खुशबोदार तेलो वीगेरे कीफायते वेचीए छीए.

एकला मालेक.

| | |
|---|---|
| मलवानुं ठेकाणुं-डामर गलीना नाके | श्री जैन महाजन आश्रित **शा केशवजी खीमजी कुं०** |
| जडीआ बजार मुंबई. | जथाबंध तथा छुटक वेचनार तथा कमीशन एजंट. |

---

## ખરૂં જૈન સાહસ.

સ્વદેશ હિતના લાભ માટે ખાસ આગના વિમા ઉતરાવનારાઓની સંયુક્ત મદદથી ઉભી થએલ.

**બ્રિટિશ ઇન્ડિઆ કો—ઓપરેટીવ ઇન્સ્યુરન્સ એન્ડ બેન્કીંગ કું. લી.**

**થાપણ**—રૂપિયા પાંચ લાખ જે દરેક રૂ. ૧૦૦ ના એવા પાંચ હજાર શેરોમાં વહેંચાએલી છે, અને દરેક શેરદીઠ હાલ માત્ર રૂપિયા પાંચ લેવામાં આવે છે.

આ કંપની રજીષ્ટર થતાંજ તેના અડધા શેરો ભરાયા છે અને દરરોજ તેની માંગણી ચાલુ છે. આ કંપની હાલ આગના વિમા ઉતારવાનું કામ તુરત હાથમાં ધરશે અને ઘણા કારખાનાવાળાઓએ વિમા આપવા કબુલ્યું છે. વીસ શેર લેનારાઓને પ્રમોટર નીમવામાં આવશે. આ કંપનીના કામકાજ માટે કેટલાક પગારદાર એજંટો ગામેગામ જોઇએ છીએ. વધુ વીગત માટે નીચે સહી કરનારને લખવું.

**ડી. ડી. દલાલની કંપની.**

**લરૂચ.** સેક્રેટરીઝ.

---

## ગ્રાહકોને વિનંતિ.

આ માસિકના જે ગ્રાહકો પાસે ચાલુ સાલનું લવાજમ બાકી છે તેઓએ વેળાસર મોકલી આપવું. નહીંતો અમે એપ્રીલ સને ૧૯૦૯ નો અંક વી. પી. થી મોકલીશું.

## ॥ ॐनमः सिद्धेभ्यः ॥

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसाकीर्तिस्तमालिंगति,
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

ભાવાર્થ—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને ઓત્સુક એવા જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

ૐ શાન્તિઃ

**SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.**

VOL. V.] MARCH. 1909 [No. 3

# પ્રાસંગિક નોંધ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળના જુદે જુદે ગામે ફરતા જૈનશાળાના પરીક્ષકો ઉપદેશક કમિટીની સૂચનાથી પોતાની મુસાફરી દરમિયાન કોન્ફરન્સના ઠરાવો ઉપર ભાષણો આપી તે ઠરાવો અમલમાં લાવવા જે પ્રશંસાપાત્ર ઉદ્યમ કરી રહ્યા છે તેને માટે અમે તેઓને તથા આ મંડળના ઉપરી અધિકારીને ધન્યવાદ આપીએ છીએ. આ મંડળના એક પરીક્ષક મી. મણીલાલ સુંદરજીએ કોન્ફરન્સના સંબંધમાં જે સ્તુત્ય કાર્ય કર્યું છે તે વાંચનાર આ માસિકના બીજા ભાગમાં જોશે. જો આવીજ રીતે આ મંડળના બીજા પરીક્ષકો તેમજ પાલીતાણા વિદ્યાપ્રસારક વર્ગના પરીક્ષકો તથા આણંદજી કલ્યાણજીના રખોપા કમિટીના એજંટો તથા મુનિ મહારાજાઓ તથા યતિઓ પોતે જે જે સ્થળે જાય ત્યાં કોન્ફરન્સ સંબંધી ભાષણો આપી થોડોક પણ પ્રયાસ કરશે તો તેનું શુભ પરિણામ તુરતમાંજ આપણે જોવા ભાગ્યશાળી થઇશું. કોન્ફરન્સના કાર્યમાં સહોદ્યોગ (Cooperation) વગર ફતેહજ નથી એ સત્ય છે. તેટલા માટે કોન્ફરન્સના અંગોપાંગભૂત ભિન્ન ભિન્ન સભાઓએ પણ આ કાર્ય ઉપાડી લેવું જોઇએ છે.

\+ \+ \+ \+ \+

**જીવદયા કમિટી.** મુંગા જનાવરોને મરતાં બચાવવા માટે હવે એકજ ઉત્તમ ઉપાય છે તે એ કે માંસ ખોરાક લેનારી પ્રજાને માંસ ખોરાકથી થતા ગેરફાયદા સંબંધી ઉપદેશ આપી તેઓને માંસ ખોરાક લેતા અટકાવવા. જીવદયા કમિટી પણ હવે તેજ ઉપાય લે છે. ગઇ ક્રિસ્ટમસ વખતે પણ મુંગા પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અ- ટકાવવા પ્રયાસ કરવા માટે માંસખોરાક લેનારી પ્રજાને આ કમિટીની સૂચનાથી અપીલ કરવામાં આવી હતી. આ કમીટીને શેઠ કેશવજી ભીમજી તરફથી " The horrors of sport " 'British Blood sport' એ બે ચોપડીઓમાંની દરેકની ૧૭૫ નકલ મોકલવામાં આવી છે. તે બુકો આ કમિટી ઉપકાર સહીત સ્વીકારે છે, આ પુસ્તકો નિરપરાધી તથા બીકણ પશુ પંખીઓનો શિકાર બંધ કરવાની એક અપીલ સાથે જુદા જુદા યુરોપીયનોને કોન્ફરન્સ ઓફીસ તરફથી મોકલવામાં આવેલ છે.

\+ + + + +

તા ૭–૨–૧૯૦૯ ના જૈન પત્રના અંકમાં મી. લ્હેરૂભાઇ ચુનીલાલની સહીથી " મુંબઇની શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસના આસિસ્ટંટ સેક્રેટરી મી. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા સાથે શ્રી તારંગાજીતીર્થે મારો પ્રવાસ " એ મથાળાવાળો જે લેખ આવેલો છે તે પુનઃ વાંચવા અમે અમારા વાંચક વર્ગને ભલામણ કરીએ છીએ. તેમાં જણાવ્યા પ્રમાણે દિગંબર બંધુઓની પ્રાંતિક કોન્ફરન્સ વખતે જે સંપ તથા સુલેહ જળવાઇ રહ્યો હતો, તેને માટે અમે બંને પક્ષના આગેવાનોને મુબારકબાદી આપીએ છીએ, અને એવો સંપ હમેશાં સચવાય તો ખરેખર આપણી સમસ્ત જૈન કોમની ઉન્નતિ સ્હેજવારમાં થાય. આપણે અરસપરસ મદદ કરવી જોઇએ, અને તે સૂત્રથીજ આપણને લાભ છે. અને તે લાભ લેવા આપણા ખેરાળુવાળા શ્વેતાંબર બંધુઓએ દિગં- બર જૈનબંધુઓને જે સગવડ કરી આપી હતી તે ઉચિતજ હતી. ઘણા સૈકા થયા ભિન્નતા તથા મતભેદ તો છેજ. અને તે ભિન્નતા તથા મતભેદ દૂર કર- તાં વિઘ્નો પણ આવેજ એ સ્વાભાવિક છે. પરંતુ તેવાં વિઘ્નોને શનૈઃ શનૈઃ જ- ડમૂળથી ઉખેડી નાંખવા અને ધર્મની છૂટનાં ઉદાર તત્વો આપણી કોમમાં ફેલાવવા દરેક વીરપુત્રે સતત્ ઉદ્યમવંત થવું જોઇએ તથાસ્તુ.

* * * *

શ્રી તારંગાજી તીર્થમાં મી. લ્હેરૂભાઇ ચુનીલાલ તથા મી. ઉમેદચંદ દોલ- તચંદ બરોડિયાના પ્રયાસથી તથા ત્યાં ભેગા થએલા બંધુઓની મદદથી એક લાયબ્રેરીની સ્થાપના થઇ છે. આ લાયબ્રેરી માટે તે વખતેજ રૂ. ૧૨૫ ) નું

ફંડ થયું હતું. ઉદાર શ્રીમંત વર્ગને આ નવી સંસ્થાને મદદ કરવા તેમજ બીજા તીર્થસ્થળોએ પણ જ્યાં પુસ્તકાલય ન હોય ત્યાં તેવું ખાતું ખોલવા અમે ભલામણ કરીએ છીએ,

*　　*　　*　　*

"ભાઇબંધ જૈનશુભેચ્છક"ના તા. ૧૫-૨-૦૯ ના અંકના એડીટોરીઅલમાં એક ગેરસમજુતી ઉપજાવે એવું લખાણ આવ્યું છે તે સુધારવા અમે તેના અધિપતિને ભલામણ કરીએ છીએ. સકકર (ખાંડ) કેશર પરીક્ષક કમિટી કાંઇ મુંબઇના સંઘે નીમેલ નથી. પરંતુ કોન્ફરન્સ એડવાઇઝરી બોર્ડે તા. ૧૩-૭-૦૮ને દિને નીમેલી છે.

*　　*　　*　　*

એતો ખરી વાત છે કે જો પ્રતિષ્ઠા અઠાઇમહોત્સવ, ઉદ્યાપન, વર્ષગાંઠ, યાત્રાના દિવસો વિગેરે પ્રસંગોપર આજુબાજુના વસ્તા જૈનભાઇઓ સારી સંખ્યામાં એકત્ર થવાના હોય તેનો લાભ લઇ બાહોશ વક્તાઓને હાજર રહેવાને આમંત્રણ કરી ખાસ ગોઠવણ કરવામાં આવે તો " એક પંથ ઓર દો કાજ " એ ન્યાયે આપણે ઘણોજ લાભ લેઇ શકીએ, અને કોન્ફરન્સના ઠરાવોને તાકીદે અમલમાં મેલવાને ભાગ્યશાળી થઇએ. આવી સૂચના સંવત ૧૯૬૩ની સાલના રીપોર્ટમાં કરવામાં આવી હતી. અને આ સૂચના અમલમાં લાવવા માટે એક પ્રયોગ તરીકે આ વખતે કોન્ફરન્સ ઓફીસ તરફથી શ્રી ભોયણીજી મુકામે શ્રી મલ્લિનાથજી મહારાજની માહા શુદી ૧૦ ની વર્ષગાંઠઉપર કેટલાએક ઉપદેશકોને મોકલવામાં આવ્યા હતા. આ પ્રયોગ ફતેહમંદ નીવડયો હતો, એમ કહેવામાં લગારે સંશય નથી. આ સમયે આશરે ૧૦૦૦૦ યાત્રાળુઓ ભેગા થયા હતા. માહા શુદ ૯ ની રાતથી ભાષણો શરૂ કરવામાં આવ્યાં હતાં. અમદાવાદથી કીટસનલાઇટ મંગાવેલ હોવાથી અને વાવટા ચઢાવેલ હોવાથી દેરાસરજીની સામેનો ચોક સુશોભિત દેખાતો હતો. શ્રોતાઓને બેસવા માટે મોદ પાથરવામાં આવી હતી. આગેવાન ગૃહસ્થો માટે તકીઆ તથા વક્તાઓ માટે પાટ એ સર્વે સાદાઇ અને કરકસર દેખાડતા હતા. શુદ ૯ ની રાત્રે, શુદ ૧૦ ની બપોરે ને રાત્રે, અને શુદ ૧૧ ની બપોરે અને રાત્રે એમ પાંચ વખત કોન્ફરન્સના હેતુઓ, તેના જુદા જુદા ઠરાવો, તેની આવશ્યકતા વિગેરે ઉપર ભાષણો આપવામાં આવ્યા હતા. વક્તાઓમાં મી. ફતેહચંદ કપૂરચંદ લાલન, મી. લ્હેરૂભાઇ ચુનીલાલ, મી. લલ્લુભાઈ કરમચંદ દલાલ, મી. ગોરધનદાસ, મી. કચરાભાઇ કીશોરદાસ, યતિજી પ્રમાણવિજયજી, મી. નારણજી અમરશી, મી. મોતીચંદ કુરજી ઝવેરી,

મી. અમથાલાલ જેઠાલાલ પેઇન્ટર તથા મી. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા વિગેરે હતા. આ ભાષણોના રીપોર્ટો જૈન અને જૈન શુભેચ્છકમાં આવેલ હોવાથી અત્રે આપતા નથી પરંતુ અનુભવથી આ યોજના બહુ ફળદાયી લાગે છે. જે જૈન બંધુઓ જુદી જુદી કોન્ફરન્સની વાર્ષિક બેઠકો વખતે હાજરી ન આપી શકતા હોય તેવાઓને માટે તેમજ કોન્ફરન્સની હીલચાલથી જૈન બંધુઓને જાગ્રત રાખવા માટે આ યોજના બહુ ઉપયોગી છે, અને જો તીર્થસ્થળોઉપર પણ સારા સારા વક્તાઓ યાત્રાના પ્રસંગે કોન્ફરન્સના ઠરાવોઉપર ભાષણો આપશે તો કોન્ફરન્સના ઉદ્દેશો થોડી મહેનતથી લોકપ્રિય થતાં વાર નહીં લાગે. અને એકવાર લોકપ્રિયતા મળી કે પછી આ સંસ્થા કે જે જૈન કોમને માટે ૨૦ મી સદીનું ચિંતામણિ રત્ન છે તે ચિરકાળ સુધી વિજયી રહે એમાં બીલકુલ શંકા નથી.

* * * *

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી લેવામાં આવનારી જૈન ધાર્મિક હરીફાઇની વાર્ષિક પરીક્ષાઓ:—

હેરલ્ડના ગતવર્ષના ડીસેમ્બરના પૃષ્ઠ ૪૫૮ માં જણાવેલા ધોરણોમાં તા. ૧૯-૧-૧૯૦૯ ને રોજ મળેલી મેનેજીંગ બોર્ડે નીચે પ્રમાણે ફેરફાર કર્યો છે:—

ધોરણ ૩ જું:—દેવવંદન વિગેરે ત્રણ ભાષ્ય તથા પહેલો અને બીજો કર્મગ્રંથ.

,, ૪ થું—બાકીના ચારે કર્મગ્રંથો તથા મહાવીર ચરિત્ર

પાંચમા ધોરણમાં ચાલુ વર્ષ માટે લખેલા બે પુસ્તકો મુકરર કરવામાં આવ્યા છે.

તત્વાર્થાધિગમ સૂત્ર—રાયચંદ્ર જૈનશાસ્ત્રમાળામાં છપાયેલું.

ધર્મબિન્દુ ————————————પ્રથમ ભાગ

* * * *

પ્રિય વાંચકવર્ગ સારી રીતે જાણતો હોવો જોઇએ કે શ્રી જૈન શ્વેતાંબર કોમના ૧૨ થી ૧૫ વર્ષના દશ બાળકોને મોતીની પરોવણીનું તથા સારવાનું કામ શીખવવા માટે કોન્ફરન્સ તરફથી ગોઠવણ કરી આપવામાં આવશે એવી મતલબની એક જાહેરખબર આ માસિકના ગતવર્ષના મે અને જુન માસના અંકોમાં આપવામાં આવી હતી.

આ જાહેરખબર આપ્યા પછી તે કામ શીખવા ઉમેદ રાખનાર જુદા જુદા ગામના નવ યુવાન બાળકોની અરજીઓ તા. ૩૦-૬-૦૮ સુધીમાં આવેલ હતી. જેઓનાં નામ નીચે પ્રમાણે છે:—

૧ માણેકલાલ ધનજી, રાધનપુર. ૨ પ્રેમચંદ વનમાળી, સાવરકુંડલા. ૩ મણીલાલ સુરચંદ, ઇડર, ૪ ડાહ્યાલાલ મગનલાલ, વાંકાનેર ૫ વૃજલાલ ખુશાલ, ધ્રાંગધ્રા. ૬ નાગરદાસ મગનલાલ, વાંકાનેર. ૭ ભાઇચંદ લક્ષ્મીચંદ, વાંકાનેર. ૮ દુલભ જેરામ, ભાવનગર. ૯ છગનલાલ ભાઇચંદ, વાંકાનેર.

આ અરજીઓ કરનારામાંથી સાતની સ્થિતિ સાધારણ હોવાથી તેમજ તેઓ પોતાનું ખર્ચ ઉપાડી શકે તેવા નહીં હોવાથી તેઓને શ્રી કોન્ફરન્સ ઓફીસમાંથી ખોરાકીખર્ચ આપવામાં આવતું હતું. તેમજ સુવા બેસવા માટે લાલબાગ બોર્ડીંગની નીચેના મકાનમાં ગોઠવણ કરવામાં આવી હતી.

આપણી મહાસંસ્થાના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ ઝવેરીએ પોતાનીજ દુકાને પોતાની જાતિ દેખરેખ નીચે પોતાના ખાસ કારીગરોને ભલામણ કરી આ છોકરાઓને શીખવવાનું શરૂ કરાવ્યું હતું.

મોતીનું ઉપરનું કામ શીખવા આવનાર અને શીખડાવનારમાં એવો ધારો છે કે જે છોકરાને શીખવા વિચાર હોય છે તેને કેટલીએક એગ્રીમેંટ સાથે રૂ. ૫૦) શીક્ષકને અગાઉથી આપવા પડે છે. આ બાબતને માટે ઉક્ત શેઠ સાહેબે પોતે જાતમેહેનત લઇ તેમજ તેમને પોતાનાજ છોકરા તરીકે ગણી તે કર તેની ઉપર દાખલ કરવા દીધેલ નથી.

ઉપરના નવ છોકરાઓ કે જેઓએ જુલાઇ માસમાં કામ શરૂ કીધેલ હતુ તેઓમાંના આઠ જણ જાનેવારી ૧૯૦૯ ની આખર સુધીમાં મોતી સારવાનું તથા પરોવવાનું કામ શીખી ગએલ હોવાથી તે છોકરાઓની શેઠ સાહેબે પરીક્ષા લઇ ફેબ્રુઆરી માસથી તેના કારીગર પાસેથી પગાર આપવાનું નક્કી કરાવ્યું છે. જેઓએ કોન્ફરન્સ ઓફીસમાંથી ખર્ચ ઉપાડેલ છે તેઓની પાસેથી દર મહીને બબે ત્રણ ત્રણ રૂપીઆ વસુલ આપવા સાથે ખોરાકી માટે ઉપાડેલ રકમ રફતે રફતે ભરાઇ જવા સંભવ છે.

નવમો છોકરો જે સાતમા નંબરના નામવાળો છે તે આંખનો કાચો હોવાથી તેમજ મોતી પરોવવા તથા સારવાના કામમાં ચાલે તેવો ન હોવાથી શેઠ સાહેબે તેની પરીક્ષા લઇ તેને બીજે રસ્તે ચડાવવા ઉત્તેજન આપેલ હતું. ઉપર પ્રમાણે ૭ મહીના જેટલી ટુંક મુદતમાં શીખેલા ૮ છોકરાઓ હાલ દશ બાર અને પંદર રૂપીઆનો પગાર લેતા થયા અને અમને આશા છે કે તેઓ આવતા બાર મહીના સુધી શેઠ સાહેબના આશરા તળે રહી કામ કરશે તો પોતાની ચાલાકીની ખીલવણી સાથે રૂ. ૨૫-૩૦ અને ૩૫ સુધી પગાર લેતા થશે.

આજકાલ મેટ્રીક ભણેલાઓને પણ ઉપરનો પગાર મેળવવા ઘણાં ફાંફાં મારવાં પડે છે તે આ ૧૨ અને ૧૫ વરસનાં બાળકો સેહેલાઇથી મેળવી શકશે.

ઉપર મુજબ શીખેલા છોકરાઓને જોઈ શેઠ સાહેબનો ઉત્સાહ વધવાથી અને તેમાં તેઓ સાહેબે પોતાનેજ લાભ મળેલો હોય તેમ સમજીને બે મહીના પેહેલાં બે નવા છોકરાને દાખલ કરેલ છે, ઉપરના શીખેલ છોકરાઓ વધારે માહિતગાર થયા પછી આવતા બે માસમાં બીજા ૧૦ છોકરાઓને દાખલ કરવા વિચાર કરેલ છે.

*　　　*　　　*　　　*

આ મોતીનું કામ શીખનાર છોકરાઓને ધાર્મિક અભ્યાસ માટે અત્રેની શ્રી જૈન વિદ્યાશાળામાં મોકલવાની ફરજ પાડવામાં આવેલ છે, તે સાથે તેમને ઈંગ્રેજીનું સારૂં જ્ઞાન મળે તે માટે એક રાત્રીકલાસ પણ ખોલવામાં આવ્યો છે. આ કલાસમાં મોતીનું કામ શીખનાર વિદ્યાર્થીઓ ઉપરાંત બીજા ચોવીશ જૈન બાળકો લાભ લે છે. આ રાત્રીકલાસનો લાભ લેવા બીજા જૈન બંધુઓને પણ અમે ભલામણ કરીએ છીએ.

*　　　*　　　*　　　*

અમદાવાદથી ધી જૈન શ્વેતાંબર મદદ ફંડની કમિટીના સેક્રેટરી વકીલ હરીલાલ મંછારામ અમને લખી જણાવે છે કે આ ફંડમાંથી મદદ મેળવવાને સારૂ જે લોકો અરજીઓ કરશે તેમની અરજીઓ કમિટીમાં રજુ કરવામાં આવશે. માટે જે લોકો અરજીઓ કરે તેઓએ પોતાના કુટુંબની સ્થિતિ કેવી છે તે બાબતનું પોતાના શેહેરના સદ્‌ગૃહસ્થનું સર્ટીફિકેટ મોકલી આપવું. આ ફંડમાંથી માત્ર નિરાધાર જૈનોનેજ મદદ આપવાની છે. આ ફંડની પ્રોમીસરી નોટોનું જે વ્યાજ આવશે તેમાંથી મજકુર ફંડ ચલાવવાનું ખર્ચ જતાં બાકી રહે તેની અડધી રકમ નિરાશ્રિતોને ( વિધવાઓ, માબાપ વિનાનાં છોકરાઓ અને નિરાશ્રિત વિદ્યાર્થીઓ ) મદદ કરવામાં વાપરવામાં આવશે અને બાકીની અડધી રકમ રહેશે તેના સરખા ત્રણ ભાગ કરવામાં આવશે. તેનો ઉપયોગ, ઉંચી કેળવણી લેનારાઓને, ૨ મીલ અથવા તેવાજ બીજા હુન્નરો શીખનારાઓને, તથા ૩ મેડીકલ લાઇનમાં અભ્યાસ કરનારાઓને સ્કોલરશીપદ્વારા કરવામાં આવશે.

\+　　　\+　　　\+　　　\+

મી. અમરચંદ પી. પરમાર અમને લખી જણાવે છે કે ગતવર્ષના નવેમ્બર માસના હેરલ્ડમાં ૪૩૦ પાને જૈનોમાં પુનર્વિવાહ કરનારી જાતીઓ સંબંધી લખતાં સુરત અને પાટણની સાળવી નામની જૈન ન્યાતિમાં પુનર્વિવાહ ( નાતરા ) કરવાનો ન્યાતિરીવાજ છે એવું જે મેં લખ્યું છે તેમાં મારી ભૂલ થઇ છે તો વાંચકવર્ગ તે સુધારીને વાંચશો એમ હું ઇચ્છું છું.

# હાનિકારક રીત રીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ બી. )

( અનુસંધાનઃ પૃષ્ટ ૩૭ થી. )

બાળલગ્નથી થતા અનેક ગેરફાયદાઓ તરફ કોમના આગેવાન ગૃહસ્થોનું યોગ્ય રીતે ધ્યાન ખેંચાયૂં હોય તેમ ભાવનગર કોન્ફરન્સ વખતે તે બાબત પસાર કરેલ ઠરાવ ઉપરથી જણાય છે. તે પહેલાંની કોન્ફરન્સોમાં બાળલગ્ન સંબંધી માત્ર મોઘમ ભાષામાં ઠરાવ પસાર કરવામાં આવતો અને તેના પરિણામે કોન્ફરન્સમાં આગળ પડતો ભાગ લેનારા ગૃહસ્થો પણ બાળ લગ્નના રીવાજને બંધ કરવાની સ્થિતિમાં આવી શકયા નહોતા. ફક્ત ભાવનગર કોન્ફરન્સે સબજેક્ટસ કમીટીમાં આ સવાલ સંબંધી કેટલીક ચર્ચા થતાં ઉમરની હદ બાંધીને બાળલગ્નનો નિષેધ કર્યો છે. જો કે લગ્નની ઉમરની હદ તેથી પણ વિશેષ રાખવી લાભકારક છે, પરંતુ શરૂઆતમાં સર્વસામાન્ય હદ જે નક્કી કરવામાં આવી છે તે એક ધર્મશાસ્ત્રના ફરમાન તરીકે ગણાઈ દરેક વ્યક્તિને બંધનકારક ગણાવી જોઇએ. આ પ્રકારના ઠરાવોનો ભંગ કેટલે અંશે અટકાવી શકાય, ભંગ કરનારને શું શિક્ષા કરવી જોઇએ તે એક જુદોજ વિષય છે તો પણ એટલું તો કબુલ કરવું પડશે કે કોન્ફરન્સ જેવી મહાન્ વિસ્તીર્ણ સંસ્થાથી હાલ તુરત આ સંબંધી કાંઈ પણ થઇ શકે એમ સંભવતું નથી. પરંતુ મહાન્ કોન્ફરન્સને એક અમોઘ સર્વમાન્ય સલાહકારક સંસ્થા ગણવામાં આવે અને તેના ઠરાવોને પ્રત્યેક ગામની જુદી જુદી જ્ઞાતિના અગ્રેસરો કબુલ રાખી તેને અમલમાં મેલવા માટે અનુકુળ યોજનાઓ ઘડે અને ઠરાવ વિરૂદ્ધ વર્તન કરનારાઓને માટે અન્ય સાધારણ બાબતોમાં કરવામાં આવે છે તેમ યોગ્ય વિચાર કરવામાં આવે તો તે એક સહેલાઇથી બની શકે તેવું કાર્ય છે.

મુસલમાની રાજ્યઅમલમાં આપણા પૂર્વજોએ કંઇ કારણને અવલંબીને સદ્વિચારથી જે રીવાજો દાખલ કર્યા તે અધુના પણ પ્રચલિત રહેવા જોઇએ એમ પ્રતિપાદન કરનાર, જમાનાના ફેરફાર સાથે રહેણી કરણીમાં પણ સામાન્ય રીતે ફેરફાર થાય છે, તે સર્વમાન્ય નિયમથી અજ્ઞાત છે. તેવા રીવાજો પૈકીનો આ બાળલગ્નનો રીવાજ છે એમ આપણે ઐતિહાસીક આધારે પ્રાચીન ધર્મ પુસ્તકો કે જેમાંથી બાળલગ્નના દાખલા મળી શકતા નથી તેની મદદથી સાબીત કરવા શક્તિવાન્ છીએ.

બાળલગ્ન શબ્દની સંકલનાજ કોઇ એવી રીતે કરવામાં આવી છે કે જેને માટે નિઃશંક રીતે વાંધો લઇ શકાય. લગ્ન શબ્દની સાથે બાળ શબ્દ જોડાવોજ ન જોઇએ. યોગ્ય વયનો યુવાન્ પુરૂષ પાકટ વયની યુવાની સાથે જે સંબંધથી જોડાય છે તેજ લગ્ન કહી શકાય. બાળ વયના પુરૂષ યા સ્ત્રીમાટે વાસ્તવિક રીતે જોતાં લગ્ન સંબંધ યોજાએલોજ નથી. અજ્ઞાન માબાપો કેળવાયેલ હોય છતાં પણ રૂઢીને વશ થઇ નૈતિક હિમ્મત બતાવી શકતા નથી તેમને પણ એજ વર્ગમાં મુકવા પડશે. લ્હાવો લેવાની લાલસાથી, મોહાંધતાથી, બાળકો જેમ ઢીંગલા ઢીંગલીની સાથે પરણાવી આનંદ માને છે તેની માફક, પોતાના નાની ઉમરના ૧૩-૧૫ વર્ષની ઉમરના પુત્ર અગર પુત્રીને તેટલીજ ઉમરની કન્યા અગર બાળક સાથે તેઓનાં અણુસમજ્યાં લગ્નના ફેરા ફેરવે તે કાયદાની-નીતિના-ધર્મના નિયમ વિરૂદ્ધ છે. એટલુંજ નહિ પણ મુગ્ધ માબાપોનું આ અયોગ્ય કૃત્ય તેઓના ફરજંદોનું હિત તપાસતાં માત્ર હિત શત્રુના કાર્યનીજ ગરજ સારે છે. એમ બાળલગ્નથી નીપજતા અનેક દોષોનું યથાર્થ રીતે અવલોકન કરનાર સ્પષ્ટ રીતે સમજી શકે છે. તેઓ એક એવા ભ્રમમાં રહે છે કે સ્ત્રી સ્ત્રીધર્મમાં આવે તે પહેલાંજ પરણાવવી જોઇએ, પરંતુ વાસ્તવિક રીતે તેથી ઉલટોજ નિયમ હોવો જોઈએ. કન્યા સ્ત્રીધર્મમાં આવે ત્યાર પછીજ પરણાવાને લાયક ઉમરની ગણાવી જોઇએ.

પુત્રોને પરણાવવા કે ન પરણાવવા, ક્યારે પરણાવવા, કેવા ગુણવાળી સ્ત્રી સાથે પરણાવવા તે સઘળી બાબતોનો તો ફડચો કરવાનું કાર્ય માબાપોને હસ્તક રહેવું જોઇએ નહિ. અને તેથી ઉપરના કાર્યમાં માથું મારવા જતાં તેઓની પવિત્ર ફરજો યોગ્ય રીતે બજાવી શકાતી નથી. માબાપોની ફરજ પોતાના પુત્ર પુત્રીને વ્યવહારિક, ધાર્મિક ( નૈતિક ) અને માનસિક ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરાવી ભવિષ્યની જીંદગી તેઓ કોમના-દેશના-જનસમાજના એક ઉપયોગી અંગ તરીકે સહેલાઇથી ઉચ્ચ ભાવનાથી ગુજારી શકે તેવી રીતે લાયક બનાવવાની છે. લગ્ન પ્રેમવિષયક સંબંધની કેટલી જોખમ ભરેલી જવાબદારી છે તેનું યત્ કિંચિત્ પણ જ્ઞાન નહિ ધરાવનાર-લગ્ન સંબંધથી જોડાનાર પાત્રો ઉપર બાળવયથીજ ઉચ્ચ કેળવણીની શરૂઆત કરવાના સમયથીજ તેને બાધા પ્હોંચાડે તેવી રીતે, સંસારની ધુંસરી નાંખવામા આવે છે એ અત્યંત ખેદકારક છે. વૈદકયત પ્રમાણે યોગ્ય ઉમરે સોળથી પચીશ વર્ષની વય સુધીમાં વીર્ય બંધાઇને પાકટ થાય છે તે પહેલાં જો બાળકોના લગ્ન કરી અકાલીન ગૃહસ્થાશ્રમ શરૂ કરવાની તક આપવામાં આવે તો તેનું પરિણામ કેટલું સંતાપજનક આવે તેનો લાંબો વિચાર કરવાની જરૂર રહેતી નથી. કાર્યકારણભાવ પ્રમાણે તેઓ

બળહીન થતાં તેઓની પ્રજા સંતતિ પણ દુર્બલ રોગી તથા નિસ્તેજ થાય છે. અને ઉત્તરોત્તર આવી શૌર્યહીન સંતતિથી દેશની પ્રજા નિર્માલ્ય બનતી જાય, ગરીબાઇમાં સંડોવાતી જાય. એ સ્વાભાવિકજ છે. આ સંબંધમાં પ્રખ્યાત ગ્રંથકારના નીચેના શબ્દો ખાસ મનન કરવા યોગ્ય છે.

"Causes and consequences are unalterably related in the organic as in the inorganic world. Nature punishes always and pardons never, when her laws are violated or rather disregarded."

" જડ તેમજ ચેતન સૃષ્ટિમાં કારણ કાર્યનો સંબંધ એક સરખી રીતે ફેરફાર ન થઇ શકે તેવી રીતે રહેલો છે. કુદરતના કાયદાઓનો ( નિયમોનો ) જ્યારે ભંગ કરવામાં આવે છે અગર તેના તરફ બેદરકારી શિથિલતા બતાવવામાં આવે છે ત્યારે કુદરત દરેક વખતે શિક્ષા કરે છે. કોઇ પણ વખત માફ કરતી નથી. "

બાળલગ્નથી કેળવણીના સંબંધમાં, શારીરિક સંપત્તિના વિષયમાં અને તેને અંગે સાહસિકપણું, ઉત્સાહ, ધૈર્ય વગેરે ઉપયોગી ગુણોની બાબતમાં આપણે જે નુકશાન ખમવું પડે છે તે સાધારણ બુદ્ધિના ધણીથી પણ સમજી શકાય તેવું છે. પરંતુ કાયદાસર રીતે આવા લગ્ન કેટલે અંશે બંધનકારક ગણાય તે એક મહત્ વિચારણીય પ્રશ્ન છે.

આપણા પરાપૂર્વના રીત રીવાજો રૂઢીઓને માન આપી હીંદુ લૉના વિષયમાં ન્યાયની કોર્ટો અનુસરે છે. બાળલગ્નથી વિવાહિત થયેલા સ્ત્રી પુરૂષોના લગ્નની વ્યાજબીપણાની કાયદાસર રીતની યોગ્યતાની તકરારોના કેસ હજુ કોર્ટમાં મંડાયા નથી. પરંતુ તેવો સમય બહુ દૂર સંભવતો નથી. લગ્ન પહેલાં વેવિશાળ ( betrothal ) કરવામાં આવે છે અને ગમે તેવા સંજોગોમાં પણ જ્ઞાતિ બંધારણના નિયમો તેને બંધનકારક ગણે છે. આ સંબંધમાં ક્વચિત્ શિથિલતા જોવામાં આવે છે. વેવિશાળ તોડનારને ભારે સજા જ્ઞાતિ તરફથી કરવામાં આવતી નથી તો પણ આવા કેસો બહુજ થોડા બને છે. પરંતુ ન્યાયની કોર્ટ તરફથી વેવિશાળ સંબંધથી જોડાતા સ્ત્રી પુરૂષની સંમતિ સિવાય કરવામાં આવેલ વેવિશાળ ( સગાઇ ) ને બંધનકારક—નહિ તોડી શકાય તેવું બંધનકારક—ગણવામાં આવતું નથી. ( જુઓ પરશોત્તમદાસ વિ. પરશોતમદાસ. મુંબઈ હાઇકોર્ટનો ફેંસલો. )

લગ્ન સંબંધને અન્ય પ્રજાની માફક થોડે અંશે ધાર્મિક ક્રિયાનું સ્વરૂપ આપી વધારે અંશે કરારની ગણનામાં આપણે મેલતા નથી. અને તેને લીધેજ

છુટા છેડા ( Divorce ) આપણામાં થઇ શકતા નથી, વિવાહ સંબંધને આપણે એક પરમ માનનીય ધાર્મિક ક્રિયા સમજીએ છીએ. ધર્મસૂત્ર અનુસાર તે વખતે દરેક ક્રિયા કરવામાં આવે છે, અને આ પવિત્ર સંબંધને જીવિત પર્યંત ગમે તેવા સંજોગોમાં પણ નીભાવી રાખવામાં આવે છે. આ સંબંધમાં વધારે વિવેચન કરવાનું આ સ્થળ નથી. પરંતુ કહેવાનો આશય એવો છે કે જે સંબંધને જીવિતપર્યંત નીભાવી રાખવાનો છે. તેવા સંબંધથી જોડાનાર સ્ત્રીપુરૂષોને એક બીજાના સ્વભાવથી ગુણદોષથી તદ્દન અજ્ઞાન અપરિચિત રાખવામાં આવે, સામાન્ય ઉપયોગના કપડાં વીગેરે વસ્તુઓ ખરીદ કરતી વખતે બાળકોની પસંદગીની વસ્તુ કઇ છે તેને માટે બાળકોને પુછવામાં આવે અને આવી અસાધારણ બાબતમાં તેઓની સંમતિ મેળવવી તો એક બાજુએ રહી, પરંતુ તેઓની પસંદગી તેઓના વિચાર જાણવાને કિંચિત્ પણ પ્રયાસ કરવામાં ન આવે તે ઓછું ખેદકારક ગણી શકાય નહિ. કુંભારના ઘરનાં હાલ્લાં નથી કે એક ન ગમ્યું એટલે બીજું લેવામાં આવે અને તેવા સંજોગો વચ્ચે પરિણામ એજ આવે છે કે ઘણા ખરા કેસોમાં જ્યાં દંપતી સુખી, સંતોષી અને શાંતિથી સંસાર વ્યવહાર નિર્ગમન કરતાં જોવામાં આવે છે, ત્યાં પણ તેઓ સંજોગોનેજ આધીન ( Creatures of Circumstances and not the creators of Circumstances ) વર્તતા જોવામાં આવશે, વિવાહ સ્વરૂપ ઉચ્ચ પ્રેમમય ભાવનાનું સ્વરૂપ દમ્પતી ધર્મ વગેરે બાબતોનું વર્ણન કરવા જતાં વિષયાંતર થવાનો ભય રહે છે. પરંતુ એટલું તો સમજી શકાય તેવું છે કે થોડા વખતના સંબંધ માટે જોડાતા પક્ષકારો વચ્ચે જે કરાર કરવામાં આવે છે તે કરારના અંગીભૂત ગણાતા બધા તત્વો અનુસાર હોય છે તોજ કાયદેસર રીતે અમલમાં મેલી શકાય તેવા ગણવામાં આવે છે. અને તેમાં મુખ્યત્વે કરીને કરાર કરનારા પક્ષકારો લાયક ઉમરના હોવા જોઇએ. તો પછી જીવિતપર્યંતનો સંબંધ નીભાવવા માટે વિવાહિત થયેલા સ્ત્રીપુરૂષોના સંબંધમાં વિવાહને પ્રધાનતાએ ધર્મ સંસ્કારથી પવિત્રિત થયેલ કાર્ય માનવા છતાં ગૌણતાએ કરારની ગણનામાં પણ સાથે સાથે ગણવામાં આવે અને તેને પરિણામે કરારના નિયમો પ્રમાણે તેઓ લાયક ઉમરનાજ પોતાની મેળે પોતાનું હિત વિચારી કાર્ય કરી શકે તેટલી ઉમરના હોવાજ જોઇએ એમ સ્વીકારવામાં આવે તો ન્યાયની નજરે અયોગ્ય કહેવાશે નહિ.

વિવાહને કરારનું સ્વરૂપ આપી આર્ય સંસારમાં તે જે ઉચ્ચ જગ્યા રોકે છે તે ઉચ્ચસ્થિતિ ઉપરથી ઉતારી પાડવાનો અત્રે બીલકુલ હેતુ નથી. પરંતુ બાળલગ્નના ઉપાસકોને યોગ્ય વિચાર વ્યાયામ આપવા માટેજ ઉપરની દલીલ આગળ ધરવામાં આવી છે.

# શુદ્ધ સ્વદેશી ખાંડ શાકર સંબંધે મને મળેલો અનુભવ.

લખનાર—ઝવેરી—મોરબી.

પરદેશી આયાત થતી ખાંડ સાફ કરવા માટે અભક્ષ્ય પદાર્થો વપરાય છે એવું કેટલાંક પુસ્તકો અને પેપરો મારફતે જાણવામાં આવતાં, આપણી તરફ તે ખાંડનો વપરાશ ઓછો થતો ગયો છે, તે એટલે સુધી કે ઘણાં શેહેરોનાં હિંદુ મહાજનોએ સર્વાનુમતે પરદેશી ભ્રષ્ટ ખાંડ વાપરવીજ બંધ કરી છે. આને પરિણામે ઉત્તર હિંદમાંથી સ્વદેશીખાંડ આવવી શરૂ થઇ, પરંતુ આપણાં લોકો સોંઘી કીંમત માટે ટેવાયેલા હોવાથી અને શુદ્ધ સ્વદેશી ખરી ખાંડ મોંઘી પડી જતી હોવાથી દગો થવા માંડયો અને કેટલાક વેપારીઓ મોરીસ અને જાવાની પીલીખાંડને પીસાવી ઉપર ગોળનાં પાણી છાંટી સ્વદેશી જેવો દેખાવ કરી વેચવાને લોકોને ઠગવા માંડયા. દોઢાદામ દેવા છતાં જો ખાત્રી લાયક માલ ન મળે તો ઉત્સાહ શિથિલ થાય એ અસંભવિત નથી. લોકો કચવાયા ભ્રષ્ટતા માટે શંકાશીલ થયા અને નિશ્ચય ડગુમગુ કરવા લાગ્યા. આ વખતે સમય સુચક્તા વાપરી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી સકર કેસર કમીટી નીમાવવામાં આવી જેણે તપાસ શરૂ કરી.

નાગપુર ખાતે ભરાયેલા છેલ્લા મોટા પ્રદર્શનમાં મારે જવાનું થતાં ત્યાં હાડી પ્રોસેસથી ખાંડ બનાવવાનો ચાલતો પ્રયોગ મેં જોયો અને શંકાશીલ લોકોનાં મનનું સમાધાન કરવાની જીજ્ઞાસાથી તેનો બારીક અનુભવ લીધો, તે અનુભવને દૃઢ કરવાની મારી જીજ્ઞાસાને જૈન કોન્ફરન્સ ઓફીસ તરફથી અનુમોદન મળ્યું અને કેટલાંક ખાંડનાં કારખાનાંઓ નજરોનજર જોઇ બારીક તપાસ કરી, રીપોર્ટ કરવા મને ફરમાસ થઇ. પ્રથમ મેં હિંદુસ્તાનનાં કેટલાક ખાંડનાં કારખાનાઓ સાથે ખાનગી પત્ર વહેવાર કરી ભાવ વીગેરેની હકીકત મેળવી પરન્તુ તે સાફ કરવાની રીત બાબત કોઇએ જવાબ ન આપવાથી કારખાનાંઓ નજરે જોવા જીજ્ઞાસા વધી. અવકાશને અભાવે હાલ તો મેં સુઢવા તથા કોલાપુરનાં કારખાનાં તપાસ્યા છે અને બીજા જોવા ઇચ્છા છે. મારી તપાસને પરિણામે નીચેના ત્રણ મુદાઓપરનો મારો અનુભવ જાહેર કરૂં છું.

(૧). પરદેશી ખાંડ ભ્રષ્ટ છે કે નહિ?

(૨), મુંબાઇ ઈલાકામાં હાલ બનતી અને વેચાતી ખાંડ શુદ્ધ છે કે નહિ?

(૩) શુદ્ધ સાકર ખાંડ મેળવવા કેવી યોજના કરવી જોઇએ?

પરદેશી ખાંડની ભ્રષ્ટતા માટે પુરતા પુરાવાઓ રજુ થઇ ગયેલા આપણે વાંચી ગયા છીએ. તે માટે અત્રે લંબાણમાં ન ઉતરતાં Dictionary of Arts by Doctor Ure–London, 'Food and its adulteration' by Doctor Hussal–London, 'Tricks of trade' વીગેરે પુસ્તકો રીફર કરવા વાંચકો ને સલાહ આપું છું. ગાય કે બળદનું લોહી, હાડકાં, પેશાબ ને માંસ વપરાવાનું આપણે ઉપરનાં સાધનોથી જાણી શકીએ છીએ. તે તરફનું નામીચું 'વર્લ્ડ' World પત્ર તો હમણાં એવી ખબર આપે છે કે ખાંડ સાફ કરવાના કામમાં વાપરવા માટે હવે હલકીકોમનાં માણસોનાં મુડદાંઓ પણ જથાબંધ ખરીદ કરવામાં આવે છે અને ગરીબ લોકો વગર પૈસે જમીનમાં દાટી દેવાને બદલે પૈસા લઇ વેચવાને લલચાય છે. ખાંડ સાફ કરવા માટે દુધ ઉત્તમ ઔષધ છે પણ તે તરફ દુધ કરતાં લોહી ઓછી કીંમતે મળે છે કારણ કતલખાનાંઓ ઘણાં છે. વળી તેમાં કામ કરનારાઓ પણ તમામ માંસાહારીઓ છે એટલે તે ખાંડ ભ્રષ્ટ પરમાણુઓથી મિશ્રિત છે એમાં તો કશો શક નથી. આ માટે એક મોટું પુસ્તક લખી શકાય પણ વાંચકોને વિશેષ ખાત્રી માટે મારે પોતાને ત્રીનીદાદના એક મોટા કારખાના સાથે ચાલેલા પત્ર વ્યહુવારમાંથી, ત્રીનીદાદથી તા. ૧ લી ડીસેંબરે લખાયેલા અને મને મોરબીમાં તા. ૨૩ મી જાનેવારી ૧૯૦૯ મળેલા પત્રમાં ખુલી રીતે કબુલ કરાયેલું છે કે "Sugar was refined with blood.........& what you might object to, is the use of Charcoal that has been made from bones........." એક મોટા કારખાનાના આ શબ્દોથી વધારે ખાત્રી મેળવવાની જરૂર નથી. હીંદુસ્તાનમાં દરવરસે દશકરોડ રૂપિયાની પરદેશી ખાંડ આવે છે જેમાં મોટો જથો જાવાનો છે. જેમાં ખાંડ શેરડી ઉપરાંત ગાજર, જમીનૈ કંદ, બીટરૂટ વીગેરેમાંથી પણ જથાબંધ બને છે, જે ખાંડ બીટ શુગરના નામથી ઓળખાય છે. સને ૧૯૦૮ ના અકટોબર માસમાં ફક્ત જાવાથીજ ૧, ૨૭૪, ૨૯૬ હંડરવેટ ખાંડ આવી હતી. દેશી વેપારી મેમ્બરનો જાન્યુવારીનો અંક જાવા, મોરીશીયસ, ઓસ્ટ્રીયા હંગરી વીગેરેની પરદેશી ખાંડ સાતમાસમાં કુલે ૫, ૬૯૨, ૪૦૩ હંડરવેટ આવ્યાનો આંકડો રજુ કરે છે, જેમાં મુંબઇ ઇલાકાનો ફાળો ૩૯૧, ૪૮૫ હંડરવેટનો છે, ફક્ત અકટોબર ૧૯૦૮ એક માસમાં જ પરદેશી ખાંડ રૂ. ૧, ૬૩, ૨૮, ૮૪૩ની આયાત થઇ હતી. હાલમાં પ્રોફેસર લીઝસ્મીથનાં ભાષણો પરથી આપણે જાણી શકયા છીએ કે, તે ખાંડ આટલી બધી સોંઘી પડવાનાં કારણોમાં જકાતની છુટ, રાજ્યોની મદદ અને વેપારની હરીફાઈ ઉપરાંત હલકા પદાર્થોનો ઉપયોગ છે. ઓસ્ટ્રીઆ હંગરી વાળા બીજા દેશોની હરીફાઈમાં હાલ પડતર કીંમતથી પણ ઓછી કીંમતે માલ મોકલે છે

પણ આપણા લોકો ગુણદોષ ન જોતાં સોંઘી અને રૂપાળી વસ્તુ તરફ લલચાય છે. મનુષ્ય જીંદગી અમૂલ્ય બક્ષિસ છે અને 'અન્ન એવું મન' તથા 'આહાર તેવો ઓડકાર' એ ન્યાયે આપણી બુદ્ધિ બગડતી જવાનાં કારણોમાં ભ્રષ્ટ પદાર્થોનો ઉપયોગ મુખ્ય છે. સ્વદેશી ખાંડ મોંઘી છે પણ ગળપણમાં સવાઇ છે છતાં મોંઘી પડે તો સ્વધર્મ સાચવવા માટે તેટલું સહન કરતાં પણ શીખવું જોઇએ. સ્વધર્મ ખાતર કેટલાકે જીવ પણ આપ્યા છે તો જરા મોંઘા ભાવ ખાતર શુદ્ધ ખાંડ વાપરવામાં કરકસર કરીએ તો તે લોભ અયોગ્ય તેમજ અસ્થાને ગણાય. એક મોટા કુટુંબમાં એક માસે પાંચ રૂપિયાની પરદેશી ખાંડ જોઈતી હોય તો સ્વદેશી સાતની જોઇએ પણ તેથી બુદ્ધિ કેવી શાન્ત અને સરળ થાય ? તે બે રૂપિયાનો બચાવ તો ફેશનની અનેક ફીશીઆરીમાંથી અનેક રસ્તે આપણે કરી શકીએ.

૨. મુંબઈ ઇલાકામાં કેટલીક ખાંડ ઉત્તર હિંદમાંથી આવે છે જે અમદાવાદથી કચ્છ કાઠીયાવાડમાં આયાત થાય છે. પરન્તુ જેમાં તે તરફના કારખાનાંઓનાં ભાવ જોઇએ છીએ, અને આપણે ઘેર વેચાતી ખાંડના ભાવ સરખાવીએ છીએ ત્યારે ઉઘાડું જણાઈ આવે છે કે તે ભાવે શુદ્ધ ખાંડ વેચવી પોસાયજ નહિ. ધારો કે પોસાતે ભાવે વેચાય છે તોપણ શંકાતો કાયમજ રહે છે, કારણ તે તરફનાં ઘણાં ખરાં કારખાનાઓ એવાંના હાથમાં છે કે જેઓ જાવા અને મોરીસમાં વપરાતી ચીજો અહિં પણ ધારે તો વાપરી શકે. સીંધી (નાળીએરી, ખજુરી, તાડીના રસ)ના ગોળની ખાંડ કદાચ ઓછે ભાવે મલી શકે છે પણ શેરડીથી તે ઉતરતી ગણાય છે. મુંબઇ ઇલાકામાં સ્ટીમપાવરથી ચાલતું મુંઢવાનું એકજ કારખાનું છે જે હમણાં મેસર્સ મણીલાલ ત્રિવેદી ચલાવે છે. આ જોવા હું ગયો હતો પણ ચાલતું નહોતું. ગોળનો પુરતો જથો ન હોવાથી અને શેરડીનો ગોળ પોસાતો નહી હોવાથી તે બંધ રાખવામાં આવ્યું હતું. મને જણાવવામાં આવ્યું હતું કે આપણા લોકો હલકા ભાવની ખાંડ માગે છે પણ શેરડીના ગોળમાંથી ખાંડ કાઢી હલકા ભાવથી વેચવી પોશાતી નથી. આ માટે તેઓ સીંદીનો જથાબંધ ગોળ કાઠીયાવાડમાંથી મેળવવાની યોજનામાં છે. શંકા લોકોને ખાંડને સાફ કરવાની રીતીમાં છે. મુંઢવાના કારખાનામાં બાળેલી કાચલીનો ભુકો અને રેતી તેને મેલ્વીને ફીલટર કરી ખાંડ સાફ કરે છે. તે જો ચાલતી સ્થિતિમાં હોત તો હું વિસ્તારથી વિવેચન કરી શકત. એ સ્વદેશી સાહસ ઉત્તેજનને પાત્ર છે. શાંગલીમાં જૈન લાલચંદજીનું હાથથી ચાલતું કારખાનું હતું તે હાલ કોલાપુર લઇ જવામાં આવ્યું છે ત્યાં પણ હું ગયો હતો. બે દીવસ રોકાયો હતો અને પાંચ છ માઈલ

જેટલા દુરનાં ખેતરોમાં જઈ સાફ કરવાની ક્રિયા તપાસી હતી. શેરડી પીલીને તેનો રસ મોટી કડાઈઓમાં ઉકાળી સાફ કરે છે. તે લોકોએ મને બધું ખુલી રીતે બતાવ્યું હતું અને જે જે વનસ્પતિઓ મેલ કાઢવા માટે વપરાતી હતી તેની માહીતી આપી હતી. આપણા આર્યાવર્તમાં એવી અનેક વનસ્પતિઓ છે કે જે મેલ કાઢવાના કામમાં બહુ ઉપયોગી થઇ પડે છે. કોલાપુર જીલામાં નદીની સેવાળની મદદથી હાથે ખાંડ બનાવવાનો ઉદ્યોગ જુના વખતનો છે. છેલા દશ વર્ષમાં હલકાભાવની ખાંડ આવતાં તે ઉદ્યોગ પડી ભાગેલ છે તોપણ તે સાફ કરવાનાં સાધનો અને વનસ્પતીઓ તે તરફ પુષ્કળ છે. રસને સાફ કરી ઉકાળ્યા બાદ નગારાના આકારના એક વાસણમાં નાંખી કણીઓ પાડવામાં આવે છે. તે પછી ત્રણ ચાર રાતો જવા દઇ તે રાબને સેન્ટીફ્યુગલ મશીનમાં મુકવામાં આવે છે, જેની એક મીનીટમાં ચોવીશસો ચકરની અસાધારણ ગતિથી ઉપર ખાંડ જામીને કચરો જે મોલેસી કહેવાય છે તે નીચે નીકળી જાય છે. આ સંચા હાલ મજુરથી ચાલે છે પણ તેઓ ઓઇલ એન્જીનની તજવીજમાં છે. કોલાપુરના કારખાનાની ખાંડ જૈન ધર્મને અનુસરી તદન સ્વચ્છ અને ખાત્રી લાયક થાય છે અને તેને ઉત્તેજન આપવા મારી ખાસ ભલામણ છે.

૩. આવી સ્થિતિમાં શુદ્ધ ભરોસા લાયક ખાંડ મેળવવા શું પ્રયાસ કરવો એ વિચારવું અગત્યનું છે, હાથથી ચલાવવાનાં કારખાનાંઓ સાધારણ કેપીટલથી ચલાવી શકાય છે. માટે દરેક જીલ્લામાં એક એક કારખાનું કાઢવાની હીલચાલ કરવી. તેલને માટે ઘાણીઓની પેઠે ખાંડને માટે કારખાનાઓ થવાં જોઇએ જેથી લોકોને નજરો નજર જોવાથી ખાત્રી થાય અને વિશ્વાસ રહે. વળી કોન્ફરન્સ તરફથી જુદી જુદી સાઈઝના ખાંડ ભરેલા ડબાઓ વેચવાનું ખાતું ખોલવું જોઇએ જેથી લોકો વગર આંચકે ખરીદી શકે. વળી દરેકે દરેક ગામ અને શહેરમાં મહાજન તરફથી ખાસ દુકાનો ખોલાવવી અથવા ભરૂસાદાર એજન્સીઓ સ્થાપવી જે પુના, કોલાપુર કે આણુના કારખાનાની ખાંડ પુરી પાડે. દગો કરનાર વેપારીઓને ઉઘાડા પાડી વેપારી કાયદાનો ભંગ કરવા માટે અને વિશ્વાસઘાત કરવા માટે ઘટતી સજાએ પહોંચાડી બીજાઓને ચેતાવવા જોઇએ. આણુનું કારખાનું ખુલ્લું મુકાવાનું છે અને મને જણાવતાં હર્ષ થાય છે કે મોરબીમાં પણ કેટલાક ઉત્સાહી જૈન તરફથી એક કારખાનું થોડા વખતમાં ખુલ્લું મુકાવાનું છે, જેઓ કાઠીયાવાડના બીજા ભાગોમાં પણ કારખાનાંઓ કાઢવાની હીલચાલ કરી રહ્યા છે. અહિં છેવટમાં આવી તક આપવા માટે જૈન કોન્ફરન્સ ઓફીસનો ઉપકાર માની હું મારા ઉપર આવેલા ત્રીનીદાદના છેલા પત્રમાં તે ભલા મેનેજરે

આપેલી સલાહ રજુ કરી હાલ વિરમું છું.

"There is no reason however why India should not have its own Sugar Refineries, you could begin in a small way and little by little increase its size".

મોરબી તા. ૨૭–૧–૦૯ ઝવેરી–મોરબી.

---

# કેમ સુધારા થાય?

### દોહરા.

એહું પાણી જો પીએ, એહું ધાન્ય જમાય;
એકામાં એઠા પડી, કેમ સુધારા થાય? ૮૬
પાઠક નીતિહીન થઇ, શિષ્ય પ્રતિ પ્રેરાય;
પોથીમાંનાં રીંગણાં, કેમ સુધારા થાય? ૮૭
લાખો લાંચતણા લહે, મોટા સ્તંભ મનાય;
ધુળ પડે ધોળામહીં, કેમ સુધારા થાય? ૮૮
રૈયત રાજી નવ રહે, રાજા નવ રીઝાય;
કારભારીઓ કારમા, કેમ સુધારા થાય? ૮૯
દાકતરથી દરદી ઘરે, દુર્વ્યસનો સેવાય;
દાઇ થાય દલાલ જ્યાં, કેમ સુધારા થાય? ૯૦
શીલતણી તીજોરીએ, તાળાં જો દેવાય;
છાતી ફૂટે ડોશીઓ, કેમ સુધારા થાય? ૯૧
ઉઘાડે ઉર સ્થળે, કૂદીને કુટાય;
બજારમાં પલટણ ખડી, કેમ સુધારા થાય? ૯૨
દાટેલા બહુ દામ છે, લા'વો નવ લેવાય;
વસુ વિના માનવ પશુ, કેમ સુધારા થાય? ૯૩
દુનિયાના વ્યાપારમાં, દોલત નવ દોરાય;
ખોટ આય લાખોતણી, કેમ સુધારા થાય? ૯૪
ચમડી તુટે પણ કદી, દમડી નવ ખરચાય;
ગરીબને ગાંડા ગણે, કેમ સુધારા થાય? ૯૫
ભાષણ આપે ભારથી, ભપકામાં ભૂલાય;
બોલેલું પદ બાળતાં, કેમ સુધારા થાય? ૯૬
દિલમાં દાનત એક છે, જીભે અન્ય જણાય;
તનુ વિષે ત્રીજી વળી, કેમ સુધારા થાય? ૯૭

ધર્મ ધ્યાન જાણે નહિં, ગડબડમાં ગોટાય;
કરે ધમાધમ ધુંસરે, કેમ સુધારા થાય ? ૯૮
ઉપરથી ઓસડ કરે, પણ દરદી ઘેરાય;
ખોટા ખોટા ખ્યાલમાં, કેમ સુધારા થાય ? ૯૯

અપૂર્ણ.

---

# શ્રી રામપુરાના જૈનશ્વેતાંબર મૂર્તીપૂજક

## શ્રી સંઘે કરેલા ઠરાવો તા. ૨-૨-૧૯૦૯

આજરોજ જૈનશ્વેતાંબર કોન્ફરન્સના આસિ. સેક્રેટરી સાહેબ મી ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ તથા કોન્ફરન્સક તરફથી પાંજરાપોળ ઇન્સપેટર મી. મોતીચંદ કુરજી ઝવેરી તથા માન્યાધિકારી ઉપદેશક મી. નારણજી અમરશી શાહ અહીં આવતાં અહીંની શ્રી રત્નસાગરજી જૈનશાળામાં સભા ભરવામાં આવી હતી અને આ વખતે શેઠ ઓતમચંદ વરધમાન, શા. દલસુખરામ જેઠીદાસ. શા. ડાહ્યાભાઇ ડામરસી, મી. ચતુરદાસ કાળીદાસ મહેતા. અમૃતલાલ ગુલાબચંદ મેહેતા તથા શા. સાંકળચંદ બેચરદાસ તથા શા. પરશોતમ ખુશાલચંદ, ડાહ્યાભાઇ અમીચંદ મેતા તથા ઉતમચંદ માણેકચંદ તથા ઉતમચંદ મલુકચંદ તથા મગનલાલ કરશનદાસ તથા શા વાડીલાલ ડામરશી વિગેરે ૫૦ ગૃહસ્થો તથા આશરે ૨૦ બૈરાઓ તથા જૈન પાઠશાળામાં ભણતા ૨૦ વિદ્યાર્થીઓ તથા પંદરેક કન્યાઓએ હાજરી આપી હતી.

શરૂઆતમાં મી. બરોડીઆએ અને મી. નારાણજીએ એજૈન પાઠશાળાનું દફતર તપાસ્યું અને જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા લીધી અને પાઠશાળામાં શિક્ષણ કેવી રીતે આપવું જોઇએ તે વિષે કેટલીક સૂચનાઓ કરી. પછી વિદ્યાર્થીઓને અને જૈનબાળાઓને સદબોધ સૂચક નાની નાની વાર્તાઓ મી. નારણજીએ કહી સંભળાવી.

મી. બરોડીઆએ કૉન્ફરન્સમાં થતાં કામોનું દિગદર્શન બહુ અસરકારક રીતે સમજાવ્યું અને મી. મોતીચંદ કુરજીએ પાંજરાપોળમાં ઢોરાંની કેવી રીતે માવજત કરવી વિગેરે સંબંધી હકીકત સમજાવી મી. નારણજીએ જૈન કોન્ફરન્સની ઉપયોગીતા અને કોન્ફરન્સ હેરલ્ડની ઉપયોગીતા તથા કોન્ફરસમાં પસારતમામ થતા અગત્યના ઠરાવો સમજાવી નીચે મુજબ ઠરાવો રજુ કરી તે સર્વાનુમતે પસાર થયા છે.

( ૧ ) આ શહેરમાં રાતીજગો કરવાનો રિવાજ નથી અને હવે પછી

તે કાર્ય કોઇએ કરવું નહી.

( ૨ ) શીયળ સાતેમના દિવસે વાશી ખોરાક બનતાં સુધી કોઇએ વાપરવો નહિ.

( ૩ ) હુતાશણીની અંદર કોઇએ શ્રીફળ હોમવું નહિ તથા પાણી વિગેરે ઉડાડી કોઇએ હોલી ખેલવી નહિ.

( ૪ ) મરણ પછવાડે રડવા કુટવાનો રિવાજ કેટલેક અંશે કમી કરવામાં આવ્યો છે અને હવે પછી જેમ બને તેમ કમી કરવા કબૂલ કર્યું છે.

( ૫ ) ફટાણા વિવાહ પ્રસંગે સ્ત્રીઓને ગાવાનો આજથી પ્રતિબંધ કરવામાં આવ્યો છે.

( ૬ ) કારજવરા–મરણ પછવાડે ફરજીયાત કારજવરા કરવામાં આવતા નથી અને બારમુ તેરમું કરવાનો રિવાજ નથી.

( ૭ ) અઘરણીના પ્રસંગ ઉપર નાતવરો કરવો નહિ.

( ૮ ) કચકડાની વીંટીઓ, બટન, ચામડાનાં પૂઠા વાપરવા નહિ. કેશર દેરાસરમાં વિદેશી વાપરવું નહીં. વિદેશી ખાંડ સ્વામીવાત્સલ્ય આદિમાં વાપરવી નહી. માછલીનું તેલ ( કોડલીવર ઓઈલ ), પીંછાવાળી ટોપીઓ તથા મીંનો દીધેલા લોહાના વાસણો કોઇએ વાપરવા નહિ.

( ૯ ) ગુજરાતી કેળવણી સ્ત્રીઓને આપવામાં હરકત કરવી નહિ અને બનતી રીતે ધ્યાનમાં લેઇ તે કેળવણી આપવાની ગોઠવણ કરવાનું કબૂલ કરવામાં આવ્યું છે.

( ૧૦ ) જૈનશાળા માટે નીચેના સદ્‌ગૃહસ્થોની એક સ્પેશ્યલ કમિટી નીમવામાં આવી છે. એ સદરહુ કમિટી વખતો વખત મળશે, જૈનશાળાની દેખરેખ રાખશે અને પરિક્ષા વગેરે લેશે. તે કમિટીના સદ્‌ગૃહસ્થોનાં નામ નીચે મુજબઃ–

શા. વેલશીભાઇ નગીનદાસ.
શા. દલસુખરામ જેઠીદાસ.
શા. પુરૂશોત્તમ ખુશાલચંદ. ( સેક્રેટરી )
શા. કાળીદાસ સાંકળચંદ.
શા. ડાયાભાઇ ડામરશી.
શા. મગનલાલ કરશનદાસ.
મહેતા. ઓતમચંદ માણેકચંદ.
મહેતા. ચતુરદાસ કાળીદાસ.

સદરહુ પાઠશાળા કમિટીના સદ્‌ગૃહસ્થો કોન્ફરન્સના સબંધનું કામ કરશે ઉપર મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા છે.

# શ્રી માંડળ જૈન શ્વે. મૂર્તિપૂજક શ્રી સંઘે કરેલા ઠરાવો.

તા. ૬–૨–૦૯

મુ. માંડળ.

ગઈ કાલે રાત્રે જૈન ભારતીભૂષણ સભાના મકાનમાં માનાધીકારી ઉપદેશક શા. નારણજી અમરશી તથા પાંજરાપોળ ઇન્સ્પેકટર ડૉ. મોતીચંદ કુંરજી ઝવેરીએ કોન્ફરન્સના હેતુઓ તથા તેમાં થતા ઠરાવોનો અમલ કરાવવાને વાસ્તે ભાષણો કર્યાં હતા, જે વખતે કેટલાક હાનિકારક રીવાજો તથા ભ્રષ્ટ પદાર્થોનો થતો ઉપયોગ બંધ કરવાને માટે વિચાર થતાં આજે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો કરવામાં આવ્યા છે.

૧ સંવત ૧૯૫૮ ના અશાડ સુદ ૨ તથા સંવત ૧૯૬૧ ના વૈશાખ વદ ૭ ના રોજ પસાર કરેલા ઠરાવોનો અમલ પાકી રીતે કરવો કરાવવો છે, અને એ ઠરાવોમાં સમાતાં છતાં કેટલાક અગત્યના ઠરાવો તથા કેટલાક આજે વિચાર કરી મુકરર કરેલા નવા ઠરાવોનો અમલ નિષ્પક્ષપાત રીતે કરવાનો છે.

૨ બાળલગ્નનો રીવાજ આ તરફ નથી તેમજ તેર વરસથી અંદરની કન્યાઓનાં લગ્ન કરવા નથી.

૩ પરણ્યાના આણા પછી દીકરીઓને રાતીજગો કરાવી સંબંધીઓને રાત્રે ફરાળ કરાવવાનો અહિંઆ રીવાજ નથી અને હવે પછી એવું કાર્ય અહિં કોઇએ કરવું નથી.

૪ શીળસાતમના દીવસે વાસી ખોરાક બનતા સુધી કોઇએ વાપરવો નહિ.

૫ હુતાશનીમાં કોઇએ શ્રીફળ હોમવું નહિ. તથા પાણી વગેરે ઉડાડી હોળી ખેલવી નહિ.

૬ વિવાહ પ્રસંગે સ્ત્રીઓને ફટાણા ગાવાનો આજથી પ્રતિબંધ કરવામાં આવે છે.

૭ મરણ પાછળ કારજ કરવા ફરજીયાત રીવાજ નથી તેમ બારમા તેરમાનો રીવાજ નથી અને એવી રીતે કોઇએ કારજ વરા કરવા નહિ.

૮ મરણ પ્રસંગે રડવા કુટવાનો રીવાજ કેટલેક અંશે કમી કરવામાં આવ્યો છે અને તેમાં જુવાન મરણ વખતે શેરીના નાકાથી આગળ જવું નહિ, તેમજ ઘર કે નાકા શીવાય બીજી જગ્યાએ ઉભા રહી રડવું કુટવું નહિ. વૃદ્ધ અને આધેડ હોય તો ઝાંપેથી પાછું વળવું અને ઘેર શીવાય બીજી જગ્યાએ ઉભા રહી રડવું કુટવું નહિ.

પથરણે બેસવામાં બનતા સુધી દીવસો ઓછા કરવા અને રજા દેવી.

જુવાનના મરણ વખતે ત્રણ મહીનાથી વધારે અને વૃદ્ધના મરણ પ્રસંગે એક માસથી વધારે મુદત સુધી મોં વાળવા નહિ. આ મુદતથી કોઇ ઓછી મુદત કરવાને તજવીજ કરશે તો તે માટે સંઘ ખુશી થશે.

૯ કાણે જવામાં ખાસ સગા સંબંધીઓએજ જવું અને રોટલી ઉપર વાઢીથી ઘી પીરસવું કે પીરસાવવું નહિ, અને કોઇ પીરસસે તો તેને તેમ કરવા દેવું નહિ.

અત્રેથી કોઇ પરગામ કાણે જાય તો તેમાં ભાડુંભાતું સૌ સૌનું છે. આ ઠરાવ અહિંઆ છે, તેનો આ શહેરને લગતા ગામોમાં અમલ કરાવવો છે.

૧૦ અધરણીના પ્રસંગ ઉપર કોઇએ નાતવરો કરવો નહિં.

૧૧ કચકડાની વીંટીઓ, ચામડાંના પુંઠા, માછલીનું તેલ, પીંછાવાળી ટોપીઓ, લોઢાના મીનો દીધેલા વાસણો કોઇએ વાપરવા નહિ. દેરાસરમાં ભ્રષ્ટ કેસર કોઇએ વાપરવું નહિ. વિદેશી ખાંડ સ્વામી વાત્સલ્યમાં વાપરવી નહિ.

ઉપર મુજબ ઠરાવોનો અમલ અમારે કરવો કરાવવો છે.

---

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક મી. મણિલાલ સુંદરજીનો પ્રવાસ.

## ( પાઠશાળાઓની પરીક્ષા લેવા ઉપરાંત કરેલું કામકાજ. )

વળા સંવત ૧૯૬૫ના માગશર વદ ૧૧-૧૨-૧૩.

વૃદ્ધિચંદજી સભાનું આજે છેવટ આવ્યું હોવાથી મી. હીરાચંદ કુલચંદના પ્રમુખપણાનીચે એજ નામની બીજી સભા સ્થાપવા મુકરર કર્યું છે જેથી પાઠશાળા અને પાંજરાપોળ વિગેરે ખાતાઓ વધુ સતેજ થવા વકી રહે છે.

પચ્છેગામ, સં. ૧૯૬૫ના માગશર વદી ૧૪-૩૦—એક મિટીંગ ભરી " ઉન્નતિ માટેની સરલ યોજના " એ વિષય ઉપર લંબાણ ભાષણ આપવામાં આવ્યું હતું. જીવ દયા માટેની મોટી ખામી હોવાથી " આપણે જીવ દયા પ્રતિપાળ તરીકે છીએ " એ વિષયપર મજકુર ભાષણ પછી વિવેચન કરવામાં આવ્યું હતું.

ઘેટી સં. ૧૯૬૫ના પોષ શુદી ૧૩-૧૪-૧૫—પાઠશાળા નહોતી. ઉપાશ્રય મુકામે શ્રી પુરૂષોની એક જનરલ સભા ભરી આપણા જીવનની શ્રેષ્ઠતાનો આધાર કઇ બાબતપર રહેલો છે તે વિષયપર લંબાણ ભાષણ આપ્યું. પાઠ-

શાળા માટે બીજે દિવસે સભા ભરવામાં આવી, જેના પરિણામે પાઠશાળા સ્થાપવાનું મુકરર કર્યું. પાઠશાળા ચાલુ થાય ત્યારે લાયબ્રેરી સ્થાપવા ઠરાવ્યું છે. વીશેક પુસ્તકો ગામમાંથી થઇ શકશે.

દેહરડા સં. ૧૯૬૫ના પોષ વદી ૧-૨—આપણાં ઘર માત્ર પાંચેક છે. પહેલે દિવસે કણબી, ખેડૂત અને એવાંજ કેટલાક વર્ણના લોકોની સભા ભરી દેવગુરૂ અને ધર્મની પરીક્ષા એ વિષયપર ભાષણ કરવામાં આવ્યું હતું. જેની ઘણી સારી અસર થવા પામી હતી. બીજે દિવસે પ્રભાતે ગીરાસદારોના ચોરામાં જાહેર જનરલમિટીંગ ભરવામાં આવી હતી. તે પ્રસંગે "ક્ષત્રીઓનો ક્ષાત્ર ધર્મ હાલ કેટલો સચવાય છે" એ વિષયપર ઘણું વિસ્તૃત ભાષણ આપવામાં આવ્યું હતું જેની અસર એટલી બધી થઈ કે દારૂ માંસ વાપરનારા સઘળા ક્ષત્રીઓએ તેનો સદા માટે ત્યાગ કર્યો. કેટલાક ભાઇઓએ સર્વ વ્યસનનો સદંતર ત્યાગ કર્યો. એવોજ બીજો પણ સારો લાભ થયો. હાજર રહેલા મોટી સંખ્યાવાળા સઘળા ક્ષત્રીઓએ દારૂમાંસ કદી પણ નહી વાપરવા દૃઢ પ્રતિજ્ઞા કરી કે જે પૈકીના જાતે શિકાર કરવાવાળા હતા. પોતાના તાબાના ગામોની સીમમાં કોઇ પણ જીવને મારી ન શકે એ મુકરર કર્યું પણ તેનો અમલ હવે પછી થવાનો છે.

હાથસણી સં. ૧૯૬૫ના પોષ વદી ૩-૪—સવારમાં ચોરાના વિશાળ મકાનમાં ક્ષત્રીઓની જનરલ મિટીંગ ભરી હતી. આ પ્રસંગે ગામના કોઈ ગીરાસદારનું કારજ હોવાથી ઘણા ગામના ક્ષત્રીઓ અત્રે આવ્યા હતા. તે સઘળાઓએ અને ગામની બીજી પ્રજાએ હાજરી આપી હતી. હાજરી આપનારની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. "ક્ષત્રીઓનો વર્ણાશ્રમધર્મ" એ વિષયઉપર બહુ લંબાણથી વીરરસભર્યું ભાષણ કરવામાં આવ્યું હતું. આ ભાષણની પણ એટલી બધી અસર થઇ કે હાજર રહેલામાંથી એક બે સિવાયના બધાએ જીવન પર્યંત દારૂ અને માંસનો ત્યાગ કર્યો કે જેમાંના તે સઘળાઓ એ વસ્તુ વાપરનારા હતા. એક બે જણાએ પ્રતિજ્ઞા નથી લીધી તેમણે પણ તે વસ્તુ નહીં વાપરવા નિશ્ચય જણાવ્યો છે. આ પ્રસંગે ક્ષત્રીઓમાંના અનાચાર અને દુર્વ્યસનો સંબંધી ઘણું કહેવામાં આવ્યું હતું.

ગામના કેટલાક આગેવાનો બહારગામ હોવાથી બીજી એક સભા સ્ત્રીઓની ભરવામાં આવી હતી. આ વખતે પણ "શું સ્ત્રીઓ ગુલામગીરી માટેજ સરજાયેલી છે?" એ વિષય ઉપર મોટું સાદી અને સરળ ભાષામાં ભાષણ આપવામાં આવ્યું હતું. પ્રસંગોપાત તેમની હાલની રૂઢી એ બાબતપર વધુ સમજાવવાથી તેઓએ "રડવા કુટવાના હાનિકારક રીવાજ" માંથી

ઘણા ઓછા કર્યા છે, દશ તિથિએ મોટાં પાપનાં આરંભ કાર્યો પૈકી દળવું, ખાંડવું, કે છાણુ લેવું, એમાંથી ઘણીક સ્ત્રીઓએ નિયમ લીધો છે. કેટલીએક સ્ત્રીઓ એ અભક્ષનો ત્યાગ કર્યો છે. આ વિગેરે બીજા પણ નાના મોટા લાભ થવા પામ્યા.

બહારગામ ગએલા આગેવાનો આવવાથી ત્રીજી સભા રાત્રીએ ભરવામાં આવી હતી. આ વખતે "આપણા અગત્યના કર્તવ્યપર આપણે કેટલું અ-લક્ષ્ય કર્યું છે." એ વિષયપર ભાષણ આપ્યું હતું જેની અસરથી આઠેક ભાઇઓએ અશાડ સુદી ૧૪ સુધી હમેશાં અકેક કલાક જૈન ધર્મવિજયજી જૈન લાયબ્રેરીનાં પુસ્તકો વાંચવા સાંભળવા એક ભાઇને વાંચનાર તરીકે મુક-રર કર્યો છે અને બીજા આઠ દશ ભાઇઓ અને દશેક બાઈઓએ મળી ૨૦ ના આશરે સાંભળનાર તરીકે થશે અને તેને માટે નિયમ આપ્યો છે.

**જેસર** સંવત ૧૯૬૫ ના પોષ વદી. ૫–૬–ચોરા મુકામે સાર્વજનીક જાહેર સભા ભરવામાં આવી હતી. તે વખતે "આપણી સદબુદ્ધિનો ઘણો આ-ધાર આપણા આહારને ગણી શકાય છે" એ વિષય ઉપર ભાષણ આપવામાં આવ્યું હતું. જેની અસરથી કેટલાકે દારૂ માંસ નહીં વાપરવા પ્રતિજ્ઞા કરી છે અને એક ક્ષત્રીભાઇએ સપ્તવ્યસન ઉપરાંત અસત્યની પણ પ્રતિજ્ઞા લીધી છે. આ વખતે ક્ષત્રીઓનો શિકાર કરવાનો ધર્મ છે એવું કહેનાર સામે લાંબી ચર્ચા થઇ હતી. જેના પરિણામે શ્રોતાઓ પર સારી અસર થઈ હતી. આ મેલાવડામાં મુસલમાન કોમે પણ ભાગ લીધો હતો.

**દેપલા** સં. ૧૯૬૫ ના પોષ વદી. ૭–૮–ચોરા મધે એક જાહેર મિટીંગ ભરી. આ વખતે ઘણી કોમના ભાઇઓ હાજર હતા. તે વખતે "ક્ષત્રીઓની ફરજ રક્ષણ કરવાની કે ભક્ષણ કરવાની ?" અને "હાલના ક્ષત્રીઓ નિસ્તેજ અને પ્રતાપહીન કયા કયા કારણથી થયા" એ વિષય ઉપર ઘણું અસરકારક વિસ્તારવાળું અને વીરરસ યુક્ત ભાષણ આપવામાં આવ્યું હતું જેના પરિણામે સર્વ ક્ષત્રીઓએ દારૂ માંસ જીવિત પર્યંત નહીં વાપરવા માટે દૃઢ પ્રતિજ્ઞા કરી છે. કેટલાકોએ અનાચાર નહીં સેવવા સંબંધી અને કેટલાકોએ ક્ષાત્રધર્માનુસાર જીવન ગાળવા નિશ્ચય કર્યો છે. કેફી ચીજો જેમ અને તેમ કમી કરવાની લાગણી થઇ છે. ત્યાર બાદ "આહાર ઉપરથી બુદ્ધિ ઉપર થતી અસર" એ વિષય ઉપર લં-બાણ ભાષણ આપવામાં આવ્યું હતું. આ વખતે કંદમૂળાદિ આહાર નહિ સે-વવા સંબંધી બહુ સારી રીતે ચર્ચા થઇ હતી. ત્યાર પછી આપણા સમુદાયમાં મગજમાં કેવા સંસ્કારો મૂકવા જોઇએ; અને તેને માટે કઇ વય વધુ યોગ્ય થઇ પડે એ વિષયપર ભાષણ આપ્યું હતું. ધાર્મિક જ્ઞાનની જરૂરીયાત માટે

સારી રીતે કહેવામાં આવ્યું હતું. ત્યાર પછી હમેશાં પૂજા સેવા કરવાની, ટોપરાનો ઘણા જીવવાળો ખોળ નહિં વેચવાની, હમેશાં કલાક વાંચવા સાંભળવાની, અને અભક્ષ્ય ત્યાગની ચર્ચા ચલાવવામાં આવી હતી. તે પૈકી કેટલીક બાબતો માટે સારી લાગણી પેદા થઇ છે. માત્ર ૧ જણની આનાકાનીથી ખોળનો વેપાર તદન બંધ કરવાની પ્રતિજ્ઞા લેવાનું બાકી રહેલ છે.

**રાણીગામ** સં. ૧૯૬૫ ના પોષ વદી ૯—ચોરા મધ્યે દાઠા રાજ્યના મોટા તાલુકદાર બાવાજી બાપુના પ્રમુખપણા નીચે એક મેળાવડો ભર્યો હતો. તે વખતે "મનુષ્ય જાતિને શિરે રહેલી અગત્યની ફરજો અને જવાબદારી" એ વિષય ઉપર લંબાણ ભાષણ આપ્યું હતું. વેદ અને જૈનધર્મ સંબંધી કેટલીક ચર્ચા થઇ હતી. દેખાઈ આવે તેમ પ્રતિજ્ઞાઓ લેવાઇ નહોતી પણ તેથી આગળ ઉપર લાભ થવા આશા રાખી શકાય તેમ જણાયું હતું. આ તરફ મુનિવિહાર ઓછો હોવાથી જૈનો આપણો ધર્મ સમજતા નથી.

**વંડા** સંવત ૧૯૬૫ ના પોસ વદી ૧૧–૧૨–ચોરા મુકામે સર્વ કોમની એક જાહેર સભા ભરવામાં આવી હતી. આ પ્રસંગે "મનુષ્ય અને તેના જીવનની ઉચ્ચતા" એ વિષય ઉપર ઘણું લંબાણ ભાષણ આપવામાં આવ્યું હતું. પ્રસંગોપાત મનુષ્યના અંતઃકરણો, તેમના આચારવિચાર, સારી માઠી હાજતો અને આહાર, અને સ્વાર્થ તથા પરમાર્થ બુદ્ધિ વિગેરે બાબતોનું લંબાણથી સ્પષ્ટીકરણ કર્યું હતું. જેથી શ્રોતાઓ ઉપર સારી અસર થઇ હતી. ત્યાર બાદ પ્રારબ્ધ અને પુરૂષાર્થ, સૃષ્ટિ અને સૃષ્ટા સંબંધી બહુ ચર્ચા થઇ હતી જેના પરિણામે જૈન ધર્મની અને તેના અબાધિત સિદ્ધાંતોની અત્યુત્તમતા સિદ્ધ થઇ હતી. વિગેરે યોગ્ય લાભો થયા હતા.

રાત્રે આપણા મકાનમાં જાહેર સભા ભરી કન્યાવિક્રય, હાનિકારક રીતરીવાજો, ફરજીઆત ખર્ચો, આપણા દેશની અધોગતિ વિગેરે સમુચ્ચય વિષયો ઉપર ભાષણ આપ્યું હતું. "કેળવણીની જરૂરીયાત" એ વિષય ઉપર લંબાણ ભાષણ આપ્યું હતું બાદ આપણો કીમતી સમય અને બીજી કેટલીક બાબતો પર કહેવામાં આવ્યું હતું. જેના પરિણામે દરેક ભાઇઓ પૂજા સેવા તથા દર્શન કરવા આવનાર વિગેરેમાં વધારો થયો છે. કેટલાકોએ અભક્ષ્ય ત્યાગના નિયમ લીધા હતા. દેરાસરજી માટે દરવર્ષે રૂ. ૦ા ઘર દીઠ લેવા ઠરાવ્યું છે. તેની ચાર માસની રકમ અત્યારે ઉઘરાવી લીધી છે, આજથી ત્રણ વર્ષ પહેલાં રોપાએલા બીજથી ૪૦ વર્ષનો કુસંપ ( તડાં ) હતો તે નાશ પામી ઘણો સારો સંપ થએલો જોવામાં આવે છે. મોસમ સિવાયના દિવસોમાં હમેશાં કલાક વાંચવા સાંભળવાની લાગણી ઉત્પન્ન કરી છે, તે પુસ્તકોની સવડ થયે શરૂઆત થશે.

પીયાવા સં. ૧૯૬૫ના પોષ વદી ૧૨–૧૩–અત્રે સભા ભરી "ભેદભાવ" ટાળવા સંબંધી ભાષણ કરવામાં આવ્યું. બીજી બે સભાઓ ભરી તેને માટે માટે વધારે ચર્ચા કરી આ ગામમાં ૨૦ વર્ષથી કુસંપ હતો તે વંડાના મહાજનને પંચમાં નાખી સુલેહ કરાવી છે અને મહાજનના રૂપીઆ વપરાઇ જવા અથવા ખવાઇ જવા બાબત વંડાના મહાજન રૂબરૂ નીવેડો લાવ્યા છે. એ બંને તડ એક કરી સંઘ જમાડવામાં આવેલ હતો દેરાસરમાં પુજા, દર્શન કરવા જવા માટે તથા અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરવા નિયમ લીધા છે.

ગાધકડા, સં. ૧૯૬૫ના પોસ વદી ૧૪–૩૦ મહા શુદી ૧–જૈન કોમની સભા ઉપાશ્રયના હોલમાં ભરવામાં આવી હતી. આ પ્રસંગે "આ ગામના આ પણી કોમના આગેવાન જૈન ભાઇઓ અને તેઓ હમેશ જરૂર પુરતી ક્રિયાઓથી કેટલા વેગળા છે અને મનુષ્યજીંદગી માત્ર આહારાદિક શરીરના સ્વાર્થો પુરવા માટેજ? એ વિષય ઉપર ભાષણ આવ્યું હતું.

ઉપાશ્રયના હોલમાં બીજે દિવસે જાહેર સભા ભરવામાં આવી હતી. આ પ્રસંગે મનુષ્ય જીવનની ઉચ્ચતા તપાસતાં આપણી દશા આપણને કેવી લાગે છે એ વિષય પર ત્રીજું લંબાણ અને સાદી ભાષામાં ભાષણ આપ્યું હતું.

ત્રીજી સ્ત્રીઓની સમાજ ભરી "જૈન કુલાંગનાનાં કર્તવ્યો" એ વિષય ઉપર ત્રીજું ભાષણ આપવામાં આવ્યું હતું. તેના પરિણામરૂપે ભક્ષ્યાભક્ષ્યનો, રાત્રિભોજનનો, મોટી તિથિઓ પાળવાનો વિગેરે બાબતોના હાજર રહેલીઓએ નિયમ લીધા છે. દેરાસર પૂજા કરવા જવાનો તથા એવા કેટલાક નિયમ લેવાયા છે અને ધર્મઉપર સારી આસ્થા બંધાણી છે.

**ત્રાપજ સં.** ૧૯૬૪ વૈશાક સુદી ૫–સભા ભરી તેમાં "હાનિકારક રીવાજો" એ વિષય ઉપર ભાષણ આપવામાં આવેલ હતું તેથી બૈરાંઓમાં નીચે લખ્યા ઠરાવો થયા હતા.

૧ મરણ પછવાડે અથવા કાણ પ્રસંગે કોઇને ત્યાં આભડવા જતી વખતે એક લુગડા સિવાય કોઇને ત્યાં જવું નહીં.

૨ બજારમાં કોઇએ છાજીઆં લેવાં નહીં તેમ પછાડી ખાવી નહીં.

૩ બહારગામની કાણ જેવી તેવી આવે તે માંડવી નહીં પણ ઘેર નહાવું.

૪ કોઇ અંગની કાણ હોય ત્યારે બહાર જવું અને પુરૂષો જાય કે પછવાડે તુરત બૈરાંઓએ ઉઠવું.

૫ મરણ પ્રસંગે શબ તુરત બહાર કાઢી ગયા પછી (બૈરાંઓએ અડધી કલાકની અંદર એક લુગડા સાથે બહાર નીકળવું.

૬ મરનારની પછવાડે સવારે મોં વાળવું નહીં.

૭ મરનારની પછવાડે ગમે તેવા ઘરનાં બૈરાં હોય તેમણે નવ મહીના સુધી ખુણે રહેવું.

૮ મરણ પ્રસંગે મરનાર નામનેજ લઇને કુટવું અથવા કાણ પ્રસંગેજ મરનારના એક નામનેજ લઇને કુટવું યા રોવું.

૯ મરણ પ્રસંગે ત્રણ મહીના મોં વાળવા. ચોથે મહીનેથી બીજાં બૈરાંએ મો વાળવાં નહીં.

૧૦ મરણ પ્રસંગે ચુડીકર્મ કરતી વખતે ચુડી ભાંગવી નહિ. પણ પાંજરાપોળમાં મૂકી દેવી.

૧૧ મરણ પ્રસંગે બૈરાંઓને પછાડી ખાતી વખતે ભાઇડાઓએ આલવી નહિ.

૧૨ પાંચમ, અઠ્ઠાઇ, આઠમ, ચૌદશ, બે ઓલી વિગેરે પર્વ તિથિએ મોં વાળવું નહિ.

ઉપર લખેલા ધારાઓમાંથી કોઇ પણ ધારો તોડશે તેની પાસેથી ગુરતવંતુ ઘી પાશેર લેવામાં આવશે.

---

# જૈન ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

## જીલ્લે કાઠીઆવાડમાં ગોંડલ તાબે ગામ ઉપલેટા મધ્યે આવેલા ધાતુના શ્રી. પાર્શ્વનાથજી મહારાજના ઘરદહેરાશરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ મંગલચંદ ઘેલુચંદ હસ્તકનો સંવત ૧૯૫૨ થી. સં. ૧૯૬૪ ના શ્રાવણ વદ. ૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં ઉપજ ખર્ચનું નામું નહી લખવાથી કાંઇ પણ વધઘટ જોઇ નહી શકવાથી આ ખાતા તરફથી હવે પછી બરોબર નાંમું માંડવાની સુચના કરી તેજ દીવસથી નાંમું માંડવાનું શરૂ કરાવ્યું છે તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે અને આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીઆવાડ મધ્યે ગોંડલ તાબે પાટણવાવ મધ્યે આવેલા ધાતુના શ્રી સહસફણા પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ પ્રતિમાજી આ ગામની ભાગોળે ઓશમ (સરાવા) નામનો પર્વત છે. તે આશરે આઠ માઇલ લાંબો તથા બે માઇલ ઉંચો છે. તે પ્રાચીનકાળમાં જૈન લોકોના તિર્થનું સ્થળ હોય તેમ લાગે છે. કારણ કે તે ઉપર જૈન લોકોના જથાબંધ દેરાસરો હોય તેમ ઉપરના દેખાવથી ખુલ્લું માલમ પડી આવે છે. તે ઉપરથી પ્રતિમાજીઓ પણ કોઇ કોઈ વખતે નીકળે છે. સંવત ૧૮૯૫ માં તે ડુંગર ઉપર ભીમકુંડ નામનો કુંડ છે. તેમાં પાણી નહિ હોવાથી ખોદ કામ કરતાં તેમાંથી પ્રતિમાજી નંગ ૭ સાત પાષાણના નીકળ્યા. તેમાં ત્રણ અખંડ હતા, તે શ્રી ગીરનારજી મોકલાવ્યા. અને ચાર ખંડીત હતા તે અંદર પધરાવ્યા, ત્યાર પછી સં. ૧૯૪૫ ની સાલમાં અહિંના રહીશ રબારી લોકો ડુંગર ઉપર ઢોરો ચરાવવા ગએલા અને ત્યાં કોઇ કારણસર ખોદતાં ધાતુના ત્રણ પ્રતિમાજી નીકળ્યા. તે તેમણે અહીંના રહીશ એક બાવાને આપ્યા અને તેણે તપાસ કરતાં એક કંચનના પ્રતિમાજી હતા, તે તેણે ગળાવી નાંખ્યા. ત્યાર પછી ગામવાળાને ખબર મળતાં બાવા પાસેથી બાકી રહેલા બે પ્રતિમાજી લઇ આવ્યા. તેમાં એક ખંડીત હતા, તે ભંડારી, બાકીના એક પ્રતિમાજી શ્રી સહસફણા પાર્શ્વનાથજી હતા. તે હાલ ધોરાજીના દહેરાસરજીમાં પધરાવ્યા છે અને સંવત ૧૯૧૩ ની સાલમાં મુનિ મહારાજ પ્રેમચંદજી આ ડુંગર ઉપર આવ્યા હતા. તેમણે તપાસ કરતાં ખાત્રી થઈ કે સંવત ૧૩૦૦ ની સાલમાં આ ડુંગર ઉપરના દહેરાસરજીનો સમૂહ બંધાયેલો હોય તેમ જણાય છે. ત્યાર પછી સં. ૧૯૩૮-૩૯ ની સાલમાં કાન્તિવિજયજી નામના જતિ આ ડુંગર ઉપર આવેલા તેમણે પણ ઉપરના મુનિરાજના પ્રમાણેજ અભિપ્રાય આપ્યો. ત્યાર પછી મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી તથા મુનિરાજ જશોવિજયજી આ ડુંગર ઉપર જોવા પધારેલ. તેમણે પણ એવીજ શંકા જણાવી છે. તો આ ડુંગર ઉપરથી શિલાલેખો વિગેરે જૈન સાહિત્ય મળવાનો સંભવ છે. માટે જનો તરફથી તેની શોધખોળ થવાની ખાસ જરૂર છે.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ વનમાલી દામોદર તથા વસા દેવશી મેઘજીના હસ્તકનો સં. ૧૯૬૧ ના વૈશાખ વદ ૧૩ થી. સં. ૧૯૬૪ ના શ્રાવણ સુદ ૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સંઘમાં કુસંપ હોવાથી વહીવટ બરાબર નહી ચલાવી હીસાબ

રીતસર રાખવામાં આવેલો નહી હોવાથી સંઘ ભેગો કરી, સમજુતી આપી. નવું બંધારણ કરી આપી તે પ્રમાણે વહીવટ ચલાવવાની સુચના કરી છે. અને ત્યાંના સંઘે તે કબુલ રાખી તે પ્રમાણે નહી વર્તે તેટલા માટે તેની પાસેથી, સાધારણમાં રૂ. ૧૦ ) દશ લેવાનો ઠરાવ કર્યો છે. તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. માટે આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લા કાઠીયાવાડ પ્રાંત સોરઠ તાબાના ગામ ગોંડળ મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ કેવળચંદ દોલતચંદના હસ્તકનો સંવત ૧૯૫૪ થી સં. ૧૯૬૪ ના ફાગણ શુદી ૨ સુધીનો હીસાબ અમે તપાસ્યો. તે જોતાં મજકુર વહીવટનું બંધારણ જૈન શૈલીને અનુસરીને કરવામાં નહી આવેલ હોવાથી શ્રાવકોને દેવદ્રવ્યનો લેપ લાગી મજકુર વહીવટના કેટલાક નાણા રીતથી ઉલટી રીતે રોકી વહીવટ ચલાવતા હોવાથી મજકુર વહીવટકર્ત્તા ગ્રહસ્થને તાકીદે તે વહીવટમાં અમોએ આપેલ સુચના પત્ર પ્રમાણે સુધારો કરવાનું જણાવ્યું છે અને તેમ કરવામાં ઢીલ થશે તો મજકુર વહીવટમાં કોન્ફરન્સે વચમાં પડી બંદોબસ્ત કરાવવાની જરૂર પડશે.

## જીલે કાઠીયાવાડ શહેર ગોંડલ તાબાના ગામ છત્રાસા મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ લીલાધર જેતસી તથા શેઠ કાળીદાસ ધનજી તથા શેઠ મનજી જાદવજી તથા શેઠ ગોવિંદજી દેવજી તથા શેઠ ઝીણા વીરજીના હસ્તકનો સં. ૧૯૬૧ના ફાગણ વદી ૬ થી સં. ૧૯૬૪ ના જેઠ સુદી ૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટનું નામુ સાદી રીતે રાખી વહીવટ ચલાવતા જોવામાં આવે છે તે બહુ ખુશી થવા જેવું છે.

## જીલ્લે વડોદરા તાબે ગામ પેટલાદ મધ્યે આવેલા શ્રી રીખવદેવજી તથા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતા સાધારણ ખાતાને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા. ચતુરભાઈ ખુબ-

ચંદના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૩ સુધીનો હીસાબ અમે તપાસ્યો. તે જોતાં વહીવટ ચોખ્ખી રીતે ચલાવવામાં આવે છે પણ મજકુર ખાતાને લગતો હીસાબ પોતાના ખાનગી ચોપડામાં રાખી તેની રોકડ મીલકત પોતાને ત્યાં જમે રાખી છે તે રીતથી ઉલટું હોવાથી જુદા ચોપડા બાંધી તેમાં મજકુર વહીવટને લગતું નામુ લખી દર વરસે સંઘ સમક્ષ રજુ કરવા વીગેરેનું સુચનાપત્ર મજકુર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યુ છે.

## જીલ્લે વડોદરા તાબે ગામ પેટલાદ મધ્યે આવેલા શ્રી વિજય દેવસુર તથા અચળગછ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી ભંડારના વહીવટ કર્તા શા ચતુરભાઇ ખુબચંદ હસ્તકનો વહીવટ અમે તપાસ્યો. તે જોતાં મજકુર ભંડારમાં ૧૬૬) પ્રતો સિવાય એક પાલખી તથા બે જોડી ચંદ્રવા પુંઠીયા છે. તેમાં મજકુર પ્રતો ઘણી ખરી ચુંથાઇ જઈ તેના પાના હેરફેર થઇ ગયા છે અથવા ગુમ થઇ ગયા છે તેને શોધાવી મેળવી તેનો જીર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર છે.

આ વહીવટમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તાને આપવામાં આવ્યું છે.

## જીલ્લે વડોદરા તાબે ગામ પેટલાદ મધ્યે આવેલા શ્રી રીખવદેવજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા ચતુરભાઇ ખુબચંદના હસ્તકનો સં. ૧૯૫૯થી સં. ૧૯૬૩ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં હીસાબ ચોખો રાખી દર સાલનું નામુ જુદું પાડી સરવૈયા કાઢેલા છે. નામાની વ્યવસ્થા સારી લાઇને રાખેલ છે તે ખુશી થવા જેવું છે. સદરહુ વહીવટ કર્તા નામુ ચોખી રીતે રાખી પોતાના વખતનો ભોગ આપે છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે અને તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવેલ છે.

લી૦

શ્રી સંઘનો સેવક

ચુનીલાલ નાહાનચંદ

ઓનરરી ઓડીટર,

શ્રી. જૈ. શ્વે. કો.

# પાંજરાપોળ અને તેની સ્થિતિ.

ગયા અંકથી ચાલુ.

## વડોદરા પાંજરાપોળ.

વૈદરાજ દલપતભાઇ વડોદરાના પ્રખ્યાત વૈદ હતા અને એમણે ખંડેરાવ મહારાજની સારી પ્રીતી મેળવી હતી. તેથી મહારાજા તરફથી વંશપરંપરાને માટે એમને પાટોદ ગામ ઇનામમાં મળ્યું હતું. પણ શેઠ સાહેબ દલપતભાઇએ તુરતજ તે ગામ ખોડા ઢોરમાં આપી પોતાનું નામ અમર કરી ગયા છે. આ ગામની વાર્ષિક ઉપજ રૂ. ૫૦૦૦) ની છે. આ સિવાય જ્યાં જ્યાં પોતાનો લાગવશીલો હતો ત્યાં ત્યાં ઉપદેશ કરીને પોતે રૂ. ૧૦૦૦) આ પાંજરાપોળમાં લાવ્યા હતા.

ત્યાર પછી મી. અમીચંદ માણેકચંદ ઝવેરીના ચિરંજીવીએ આ પાંજરાપોળનો વહીવટ સંવત ૧૯૪૧ સુધી કર્યો. તેમના વખતમાં મીલઉપર પાંજરાપોળનો લાગો શરૂ થયો અને તે પ્રમાણે દરેક રૂની ગાંસડી દીઠ રૂ. ૦–૭–૩ આ પાંજરાપોળને હજી લગી મળ્યે જાય છે

સંવત ૧૯૪૨ ની સાલમાં ત્યાંના દિવાનબહાદુર મણિભાઇ જશભાઇએ આ પાંજરાપોળની હકીકત નામદાર ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજને જણાવતાં ભાદરવા વદી ૮ ના રોજ શ્રીમંત ગાયકવાડ સરકાર શેહેરના સારા સારા આગેવાનો સહીત આ પાંજરાપોળ જોવાને પધાર્યા. અને પાંજરાપોળની સ્થિતિ જોઇ પોતાનો સંતોષ જાહેર કર્યો અને કેટલુંક ઉત્તેજન આપ્યું. વિશેષમાં મુંબઇની પાંજરાપોળની માફક આ પાંજરાપોળનું કામ કમીટીથી ચલાવવા ભલામણ કરી. તે ઉપરથી થોડા વખતમાંજ એક કમીટી નીમી તેના પ્રમુખ દિવાન સાહેબ મણિભાઇને નીમ્યા અને ડો. બટુકરામ શોભારામ મહેતા તથા ઝવેરી માણેકલાલ ઘેલાભાઇને સેક્રેટરી નીમ્યા તથા બીજા કેટલાક સદ્‌ગૃહસ્થોનાં નામ પણ દાખલ કર્યાં.

ઝવેરી માણેકલાલભાઈની તથા ડો. બટુકરામભાઇની અથાગ મેહેનતથી આ પાંજરાપોળ કમિટીને ગાયકવાડ સરકાર તરફથી જનાવરો તરફ ગુજરતું ઘાતકીપણું અટકાવવાની કેટલીક સત્તા મળી–આ સત્તાના આધારે ઘણા માણસોને ( જનાવરો ઉપર ઘાતકીપણું ગુજારનારાઓને ) પકડાવી શિક્ષાઓ કરાવેલી અને મળેલા દંડમાંથી અમુક ભાગ પાંજરાપોળ ભંડોળમાં લાવ્યા છે. હાલ બે વરસ થયાં આ સતાનો બરાબર ઉપયોગ થતો નથી તો તે તરફ પાંજરાપોળના વહીવટ કર્તાનું ધ્યાન ખેંચવામાં આવે છે.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## દિગ્દર્શન.

*નામદાર વાઇસ-ચૅન્સેલરના હાલની કેળવણીસંબંધે વિચારો.*

કૅાન્વોકેશન પ્રસંગે મુંબઇની યુનિવર્સિટિના એક મૂખ્ય અધિકારી તરીકે નામદાર જસ્ટિસ મી. ચંદાવર્કરે ઉચ્ચારેલા શબ્દો કેળવણીના વિષયમાં રસ લેતા સર્વે સુજ્ઞ જનોને બહુ વિચારવા યોગ્ય છે. હાલની કેળવણીની કેટલીક ખામીઓ તથા તેમાં કરવા લાયક સુધારાઓ એમણે બહુ સારી રીતે દર્શાવ્યા હતા. ધર્મનીતિની કેળવણીની તેમજ સંગીનતાની ગેરહાજરી, એ મૂખ્ય ખામીઓ એમણે બતાવી હતી. હાલની કેળવણી "નિરિશ્વર" છે, તેથી હૃદયપર જોઇએ તેવી અસર થતી નથી, અને વિદ્યાર્થિનું વર્તન ઘડાતું નથી. તદ્દન નવીન (વિદેશીય) વિચારો તથા ભાવનાઓમાં મૂકાવાથી વિદ્યાર્થિનું હૃદય કોઇ પણ એક જીવનભાવનાપર ચોટતું નથી. પાશ્ચિમાત્ય તત્વજ્ઞાનનો ઐચ્છિક વિષય રાખવામાં આવેલ છે, પણ સાથે આર્ય તત્વજ્ઞાનની સરખામણી કરાવાતી ન હોવાથી કોલેજ છોડવાની સાથે એ વિષય સાથેનો સંબંધ પણ ઘણે ભાગે છૂટી જાય છે.

જનસમાજમાં એક જીવનભાવના આદર્શરૂપે બંધાવાની અત્યંત આવશ્યકતા છે. આ સત્ય આપણા પ્રાચિનો બહુ સારી રીતે સમજ્યા હતા, અને એજ હેતુએ તેમણે પરદેશગમનનો અટકાવ કર્યો હતો તથા જ્ઞાતિબંધન દાખલ કર્યાં હતા. જો કે તત્પશ્ચાત્ યોગ્ય મર્યાદા ન સમજાયાથી આ પ્રતિબંધોને લીધે આપણુને બહુ નુકશાન થએલ છે. વિદ્યાર્થિદશામાં બાળક સમક્ષ જે ભાવનાઓ રજુ કરવામાં આવે તે પરસ્પર વિરોધી ન હોવી જોઇએ. "It is necessary to ensure the steady operation on his mind of a single set of ideals upto the period when he is able to jud-

ge and choose for himself. જ્યાં સુધી વિદ્યાર્થિમાં સ્વતંત્રપણે વિચાર કરી પોતાને યોગ્ય લાગે તે માર્ગ ગ્રહણ કરવાની શક્તિ ન આવે તેટલા સુધી એકજ પ્રકારની જીવનભાવનાઓની અસર નીચે તેનું મન અવિચ્છિન્નપણે મૂકાવું જોઇએ. હિંદુ વિદ્યાર્થિનું મન તદ્દન જ tabula rasa પ્રતિબિંબ પડયા વિનાનું કોરૂં હોતું નથી. જન્મથી અમૂક સ્વભાવ એનામાં બંધાએલો હોય છે, એના મનપર અમૂક છાપો પડેલી હોય છે. આ સંસ્કારોની અવગણના કરી તદ્દન નવીન વિચારો બાળકના મનપર ઠસાવવાથી, ઉક્ત ભાવના વિરોધ ઉત્પન્ન થાય છે. માટે કેળવણી આપનારે બાળપણથી એમના મગજપર કોતરાએલા વિચારોને યોગ્ય વલણ આપવું જોઇએ, પણ કેળવણી, તે સંસ્કારોથી તદ્દન અસંબંધ ન હોવી જોઇએ. વિદેશીય વિચારો તથા ભાવનાઓમાં બાળક એકદમ મૂકાવાથી ભાવનાવિરોધ ઉત્પન્ન થઈ પરિણામે કોઇ પણ શુદ્ધ ભાવના બંધાઇ શક્તી નથી. આ વિરોધ કેમ અટકે ?—ધર્મ અને આત્મજ્ઞાનના વિચારો આપણામાં માતાના પયપાનની સાથેજ પ્રવેશ થાય છેઃ એ સંસ્કારોનો યોગ્ય ઉપયોગ કરવાથી આ વિરોધ ઘણે ભાગે અટકી શકશે. પ્રાચિન કેળવણીની પદ્ધતિનો એક મહાન સિદ્ધાંત એ હતો કે પરમાત્માના જ્ઞાનને અવલંબીને સર્વ પ્રકારનું જ્ઞાન આપવાની યોજના કરવી. આપણી સર્વે નવીન પ્રવૃત્તિને પ્રાચિન કાળની જેવી આપણે નહિં બનાવી શકીએ, પણ આપણી કેળવણીની પદ્ધતિમાં બની શકે તેટલી પ્રાચિનભાવનાઓનું સંમ્મેલન કરી શકીએ. ઘણા મતમતાંતરોને લીધે શાળાઓમાં તથા કૉલેજોમાં ધાર્મિક કેળવણી આપવામાં ભારે મૂશ્કેલીઓ નડે છે એ ખરૂં, પણ તે માટે નીતિની કેળવણીને પણ સ્થાન ન આપવું એ કાંઇ ઘટતું નથી. " Education to evoke the formative elements in the pupil's character must be correlated with his past national culture and appeal not only to his intellect but also to his moral being." વિદ્યાર્થિમાં રહેલ, વર્તન ઘડવામાં ઉપયોગી કુદરતી તત્ત્વોનો વિકાશ કરવા અર્થે, કેળવણી પ્રજાના અનાગત સુધારા વધારા, બુદ્ધિકૌશલ્યતા તથા જીવનભાવનાઓને અનુસરતી અને માત્ર મનને નહિં પણ હૃદયને પણ અસર કરનારી હોવી જોઇએ. લન્ડનમાં ગયે વર્ષે મળેલ કેળવણીની પરિષદે પણ નીતિની કેળવણીની અત્યંત આવશ્યક્તા બતાવી હતી. ઘણે ભાગે પ્રત્યેક વિષયનું શિક્ષણ એવી રીતે આપી શકાય અને અપાવું જોઇએ કે તેથી વિદ્યાર્થિને નૈતિક જ્ઞાન મળે તથા તેનું વર્તન ઘડાય. આ સંબંધમાં નામદાર જસ્ટિસે કેટલાક રમુજી દૃષ્ટાંતો આપ્યા હતા. કાવ્યના શિક્ષણથી વિજ્ઞાનના સિદ્ધાંતો બહુ તાદૃશ્યપણે ઠસાવી શકાય. વિદ્યાર્થિમાં નવીન રસિક દૃષ્ટિ પ્રકટાવી શકાય; તથા બાહ્ય સૌંદર્યનું ભાન કરાવી આંતર સૌંદર્ય તરફ તેને વાળી શકાય, જેમકે, જડ પદાર્થોમાં પણ નિયમિતતા

તથા સૌંદર્ય રહેલું છે તો બુદ્ધિસંપન્ન મનુષ્યમાં અનિયમિત વર્તન કે ગંદી ટેવો કેમ સાંખી શકાય ? વિજ્ઞાનના શિક્ષણુ પરથી એક બોધ એવો મળે છે કે દરેક પ્રકારના વ્યર્થ જતા પદાર્થોનો ઉપયોગ થઇ શકે છે, પણુ વ્યર્થ ગએલ વખતનો ઉપયોગ થઇ શકતો નથી. વ્યાકરણુના નિયમ પ્રમાણે શુદ્ધ વાકયો બોલવાથી કલ્યાણુ થાય છે અને વ્યાકરણુના દોષવાલી ભાષા બોલવાથી અકલ્યાણુ થાય છે. ( આ વાત પ્રથમદૃષ્ટિએ વિચિત્ર લાગશે. પણુ ભગવાન પાણિનીનું એ વચન છે. ) વગેરે. આ વિષયપર બહુ ભાર દઇને તે નામદારે જણાવ્યું હતું કે બીજા દેશોના સંબંધમાં ગમે તેમ હો, પણુ અત્રે આપણી સ્થિતિ કાંઈ વિલક્ષણુ છે. આપણી પ્રજાની નૈસર્ગિક શક્તિ તથા વંશપરંપરાથી ઉતરી આવેલ ભાવનાઓ પ્રમાણે કેળવણીનો આત્મા નીતિની કેળવણી છે: શરીરની સાથેને સાથે જેમ જીવ રહે છે તેમ કેળવણી અને નીતિની કેળવણી એક સાથે રહેવાં જોઇએ. " According to the national genius of the people and their traditions moral teaching is the very essence of education the two must go together. " + + + +

**વિદ્યાર્થિઓ અને રાજકીય વિષયો.**

વિદ્યાર્થિઓએ રાજકીય સવાલોની ચર્ચાથી તદ્દન અલગ રહેવું જોઇએ એ વાત યોગ્ય છે. પણુ એ વિષયથી વિદ્યાર્થિઓને તદ્દન અનભિજ્ઞ રાખવા એમ જો નામદાર વાઇસ-ચૅન્સેલરના કહેવાનો આશય હોય તો અમે તે સાથે એક મત થઈ શકતા નથી. અમારી માન્યતા તો એવી છે કે આવા મહત્વના સવાલોપર શાસ્ત્રીય રીતે વિચાર કરતાં કૉલેજોમાં શીખવવું જોઇએ. કૉલેજોની ડીબેટીંગ સોસાયટીઓમાં-વાદવિવાદ ચલાવવાના મંડળોમાં-આવા વિષયોની ખાસ ચર્ચા થવાની જરૂર છે. તેથી આ વિષયની મહત્વતા, અને પુખ્ત વિચાર કર્યા પછીજ તે સંબંધે કાંઇ પણુ નિશ્ચયપર આવવાની જરૂર, વગેરે બાબતોનું વિદ્યાર્થિને ભાન કરાવી શકાશે, કે જેથી પરિણામે જીંદગીમાં પડયા પછી એવા સવાલોમાં તે અવિચારીપણે ન દોરાય. જો યુવકોને રાજકીય વિષયોથી તદ્દન અજ્ઞાત રાખશો, તો કૉલેજના બંધનોમાંથી છુટતાં, ટુંકદૃષ્ટિ વક્તાઓના વિચારથી દોરાઇ ગમે તેવા વિચાર હાલના રાજ્યબંધારણુ સંબંધે તે બાંધી બેસશે. જો કૉલેજોમાં પણુ એવી કેળવણી ન આપી શકાય તો પછી કયારે ને કેવી રીતે એ કેળવણી આપી શકાશે ? કોઇ પણુ મહત્વના વિષયમાં ગુરૂદ્વારા પ્રવેશ થવો જોઇએ. વિદ્યાર્થિ કૉલેજ છોડયા પછી જ્યારે સંસારની પ્રવૃત્તિઓમાં ગુંથાએલો હોય ત્યારે પોતાની મેળે આવા વિષયમાં પ્રવેશ કરી તેનું રહસ્ય પામી શકે એમ માનવું ઘણે ભાગે ભૂલ ભરેલું છે; અને આવા વિષયનો અભ્યાસ આમ વિદ્યાર્થીની સ્વતંત્ર મરજી ઉપર છોડી દેવાથી, પરિણામ, જે બાબતોનો અવરોધ કરવા ઇચ્છા જણાય છે તેજ, ઉલટું, આવશે.

રાજકીય સવાલોમાં ભાગ નહિ લેવા દેવાની ગોઠવણ સુધારામાં આગળ વધેલા સર્વે દેશોમાં અસ્વાભાવિક તથા વિશેષ નુકસાનકારક માનવામાં આવે છે. એક નાગરિક તરીકે પોતાની ફરજો શું છે તે સંબંધી કેળવણી વિદ્યાર્થિને અવશ્ય આપવી ઘટે છે. પાશ્ચિમાત્ય કેળવણી, તમને ઈષ્ટ લાગે કે ન લાગે, પણ રાજકીય વિષયો સાથે એવો સંબંધ ધરાવે છે કે જે છૂટો પાડી શકાય તેમ નથી. નામદાર વાઈસ્રૂ-ચૅન્સેલરના શબ્દોમાં કહીએ તો " The main defect of modern education is that we live in an age when we are dominated by politics, political ideals, and political methods. " આજનો જમાનો રાજકીય મહત્વકાંક્ષાઓનો છે, અને કેળવણી અવશ્ય દેશકાળને અનુસરતી હોવી જોઇએ. + + + +

ઉપરના બન્ને વિષયોના સંબંધમાં " શિક્ષણના ઇતિહાસના* અંતિમ ભાગમાં દર્શાવેલા વિચારો બહુ મનન કરવા યોગ્ય હોઇ અત્રે ઉતારીએ છીએ.

શિક્ષણના ઈતિહાસકારના વિચારો.

" આપણામાં થોડો ઘણો ધર્મ હતો તે ઘણા શતકોથી અદૃશ્ય થયો છે; અને નવીન ધર્મપ્રચારની પ્રવૃતિમાં શિક્ષણની મદદ વગર કશું થઇ શકે તેમ નથી. આપણું રાજ્ય ગયું છે; અને જે રાજ્ય આવ્યું છે, તે એટલું બધું સારૂં છે, કે આપણને ખેદને બદલે સંતોષ થાય છે. પણ બ્રિટિશ શહેનશાહતને આપણી મદદની થોડીજ જરૂર પડે છે. ઉચ્ચતર પ્રકારની રાજકીય સેવા બજાવવા યોગ્ય કરવાને પણ બાળકોને ઉચ્ચતર શિક્ષણ આપવા સિવાય બીજો રસ્તો રહ્યો નથી. આ પ્રમાણે ધર્મ અને રાજ્યના મંદિરોનાં દ્વાર આપણે માટે પ્રાયશઃ દેવાયલાં છે. દેશવાત્સલ્યની જે ઉર્મીઓ હાલ કોઇ કોઇ સ્થળે ઉછળતી દેખાય છે, તેમને ગૃહીત અને ઉપયુકત કરવાને શિક્ષણ સિવાય બીજું કોઈ પાત્ર અમારી દૃષ્ટિએ તો દેખાતું નથી. લૂથર કહે છે તે ખરૂં છે, કે ઘરડા ઢાંડાને સુધારી શકાય તેમ નથી. લાંબી મુદ્દતે પણ ભવ્ય પરિણામ બતાવે તેવી યોજનાઓ અજમાવવાનાં ક્ષેત્ર જોવા જતાં હાલતો બાળકોજ દેખાય છેઃ તેમના ઉપર શહેનશાહતનો નહીં પણ આપણો પરિપૂર્ણ અધિકાર છે; તેમનાં હૃદયમાં આપણાથી ધાર્મિક અને રાજકીય ઉન્નતિની મહાકાંક્ષાઓનાં મૂળ નાખી શકાય તેમ છે; આપણે જવાના છીએ, પણ તેઓ અથવા તેમનાં બાળકો રહેવાનાં છે. ત્યારે આપણાથી શું ન બને ? ધર્મ પ્રચારકો, તમે તમારા નવીન ધર્મોત્સાહ અને ધર્માગ્રહનો, રાજપુરૂષો, તમે તમારી રાજકીય આકાંક્ષાઓનો, દેશભકતો, તમે તમારી દેશવાત્સલ્યની વૃતિનો, સુધારકો, તમે તમારા સાંસારિક ઉન્નતિના વિચારોનો, અને બધા ઉત્કૃષ્ટ જીવનના ઉપદેશકો, તમે તમારા ઉત્કૃષ્ટ જીવનના ઉપદેશનો તમારાં બાળકોપર ઉપયોગ કરો. "

* શ્રી શયાજી જ્ઞાન મંજુષા—યોજનાર, મણિશંકર રત્નજી ભટ્ટ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડનો વધારો.
તા. ૧૨ મી માર્ચ ૧૯૦૯.

# શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથમાં જઈ પહોંચેલો મુંબઈનો શ્રી જૈન શ્વેતાંબર સંઘ

## અને ત્યાં ઉઠેલો ઝગડો તથા મારામારી

### "દિગંબર જૈન" "મુંબઈ સમાચાર" અને સાંજ વર્તમાનમાં આવેલા દિગંબરોના સત્યથી દૂર અતિ શયોકિતવાળાં લખાણો તેમજ દિગંબરી સભાઓના રીપોર્ટો.

આવા લખાણો ઉપર નહિ રાખવો જોઇતો ભરોસો.

વાંચકવર્ગને જણાવતાં અમને દિલગીરી ઉપજેછે કે ગયા માસના છેલ્લા અઠવાડીઆમાં જૈન કોમમાં ખેદ ઉપજાવનારો એક બનાવ બન્યો છે. કલિયુગનો પંચમ આરાનો પ્રભાવ વિચિત્ર છે. તીર્થો માટે જૈન ધર્મની બે મુખ્ય શાખાઓમાં અવનવા ઝગડા થયા કરે છે. અત્રેથી નીકળેલો સંઘ ગઇ તા. ૨૧ મીએ સવારે આકોલા જીલ્લામાં શીરપુર મુકામે જઈ પહોંચ્યો. અને શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથનાં દર્શન કરવા ગયો. આ વખતે પૂજા કરવાનો ટાઇમ શ્વેતાંબર બંધુઓનો હતો, છતાં કેટલાક દિગંબર બંધુઓ દેરાસરજીમાં બેઠેલા હતા. તેઓએ સંઘની પ્રતિમાને દેરાસરમાં નહિ પધરાવવા માટે આપણા શ્વેતાંબર બંધુઓ સાથે તકરાર ઉઠાવી અને બોલાચાલી થતાં મારામારી થઇ અને દિગંબરોએ ઘણા શ્વેતાંબર બંધુઓને માર્યા. ત્યારપછી થયેલ ઝપાઝપીમાં બંને પક્ષમાંના કેટલાએક માણસોને વાગ્યું, જેને લઇને શ્વેતાંબર બંધુઓએ કેટલાક દિગંબરો ઉપર કેસ માંડયો, પણ તે પેહેલાં પોલીસે શ્વેતાંબર સંઘના કેટલાક માણસોને હુલ્લડ કરવાના, પોલીસના કામમાં હરકત કરવાના ને કેટલાએક માણસોને ઇજા કરવાના આરોપ માટે બાસીમની કોર્ટમાં ઉભા કર્યા હતા.

આ મુકદમો તા. ૨૭-૩-૦૯ તેમજ તા. ૧ તથા તા. ૨ જી માર્ચ સુધી ચાલ્યો. આ ત્રણ દિવસમાં ફરિયાદી પોલીસ ઇન્સ્પેકટર તથા સાક્ષીઓની જુબાની સાંભળવામાં આવી હતી અને તેનો રીપોર્ટ મુંબઇ સમાચારમાં આવી

ગયેલ હોવાથી અત્રે અમે આપતા નથી. આ મુકદમો આવતી તા. ૧૫ મી ઉપર મુલ્તવી રાખવામાં આવેલો છે અને શ્વેતાંબર બંધુઓએ નોંધાવેલ કેસ તા. ૧૩ મી એ ચાલનાર છે. આ મુકદમામાં પન્યાસજી શ્રી આણંદસાગરજી તથા ઠાણાં ૩ ને તહોમતદાર તરીકે ગણેલા છે.

આ મારામારી સંબંધી "દિગંબરજૈન" ના છેલ્લા અંકમાં વધારારૂપ જે લખાણ બહાર પડેલું છે, તે તદ્દન અતિશયોક્તિવાળું તેમજ સત્યથી દૂર છે. આ ઉપરાંત મુંબઈ સમાચાર તથા સાંજવર્તમાનમાં અત્રેના હિરાબાગમાં દિગંબરોની મળેલી મિટીંગોના રીપોર્ટ આપવામાં આવેલા છે. આ મિટીંગ વખતે કેટલાક વકતાઓએ પોતાની મરજી માફક સત્યથી ઘણે છેટે હકીકતો જણાવી છે આવી બીનાઓ કલેશ વધારે છે. તે માટે ન્યાયનું કામ ન્યાયથી કરવા દેવું તે અમને વ્યાજબી લાગે છે. આવા રીપોર્ટો તેમજ લખાણો ઉપર બીલકુલ ભરોસો નહિ રાખવા અમે અમારા વાંચક બંધુએને ભલામણ કરીએ છીએ.

છેવટે અમે આ ચાલતા મુકદમા માટે તીર્થ સહાયક કમિટી તથા શ્રેષ્ઠીવર્ગ પુરતી જાગૃતિથી કામ કરશે જ એવી આશા રાખીએ છીએ. આ મુકદ્દમો ચાલતો હોવાથી કડવાસનાં બી કોણ રોપે છે, તીર્થો ઉપર પોતાનો હક દાખલ કરવા કોણ પ્રયાસ કરે છે, તે સંબંધી અમે અત્રે બોલવા માંગતા નથી, પરંતુ શ્વેતાંબર આગેવાનો ને આપણા તીર્થો માટે **પુરતી સંભાળ અને સખ્ત બંદોબસ્ત** રાખવા ભલામણ કરીએ છીએ.

* * * * *

સર્વે જૈન બંધુઓને જણાવતાં અમને આનંદ થાય છે કે ધાર્મિક સંસ્થાઓના હિસાબો છપાવી પ્રસિદ્ધ કરવા કે નહીં તે માટે ભાવનગર કોન્ફરન્સ વખતે નીમાએલી કમિટીએ પોતાનું કાર્ય તા. ૨૭–૬–૧૯૦૯ના રોજથી શરૂ કર્યું છે. આ કમિટીના મેંબરો પૈકી શેઠ. ત્રીભોવનદાસ ભાણજી તથા શેઠ. પદમશી ઠાકરશી અત્રેથી તા. ૨૭–૨–૦૯ ની રાત્રે અમદાવાદ આણંદજી કલ્યાણજીનો હિસાબ તપાસવા ઉપડી ગયા હતા. બાકીના મેંબરો અગત્યના કારણને લઇને જઇ શકયા નહોતા. જૈન કોમની મહાન્ પેઢીના હિસાબ જોવાના કામમાં આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તરફથી દરેક જાતની સગવડ કરી આપવામાં આવી હતી, તેમજ તેઓની તરફથી દરેક જાતના પ્રશ્નોનાં સંતોષકારક ખુલાસા કરવામાં આવ્યા હતા. હજી આ પેઢીના હિસાબ તપાસવાનું કાર્ય ચાલુ છે. અને કમિટીના મેંબરો તરફથી અમને ખબર મળ્યા છે કે આવતી કોન્ફરન્સ વખતે અત્રે અમારો રીપોર્ટ પ્રસિદ્ધ કરવા દરેક રીતનો પ્રયત્ન કરીશું.

श्रीमान सम्पादकजी महाशय कृपया इस विज्ञापनको अपने अमूल्य पत्रमें स्थानदान दीजिये.

## नई खुश खबरी.

प्रिय भ्रातृगण आप जानते ही हैं कि जैनमत दयाका धर्म है अर्थात मन वचन कायसे यथा शक्ति छोटेसे छोटे कीडे तकको पीडाना पहुंचा ना हमारा परम कर्तव्य है-परन्तु शोक है कि हम दिगम्बरी श्वेताम्बरी आपसमेंही इस अपने नियमको पालन करना प्राय: भूल जाते हैं आप जानते होंगेकि 'जैन यंगमेन्स एसोसिएशन आफ इन्डिया' आपसमें मैत्री भाव वढाने और सब मिलकर जैन जातिकी उन्नति करानेको स्थापित हुइ है.

यह कार्य तभी हो सकता है जबकि तीनों सम्प्रदायके महाशय अपने अपने विचार एक पत्रद्वारा प्रगट करें इसीके लिये अंग्रेजी जैन गजट जारी किया था परन्तु अंग्रेजी पढे जैनी कम हैं हिन्दी भाषाको समझने वाले अधिक हैं इस कारण पहिली मार्चसे एसोसिएशन एक हिन्दी पत्रभी निकालेगी जो हमारी हर सम्प्रदायकी सेवा विना किसी पक्षपातके करेगा. प्रार्थना है कि श्वेताम्बरी दिगम्बरी सब उसके ग्राहक बनें. पत्र सम्बन्धी समस्त पत्र व्योहार वा सूरजभानजी वकील देववंदजि० सहारन पुरसे करना चाहिये.

ललितपुर ( झांसी ) चेतनदास.
ता० २१-२-०९ जनरल सेक्रेटरी.

## પ્રાસંગિક નોંધ.

અતરેના શ્રી જૈન વિદ્યાઉદ્યોગવર્ધક મંડળ તરફથી માંડવી બારેક બજારમાં ચાલતી કમર્શીઅલ સ્કૂલના મેનેજર જણાવે છે કે આ સ્કૂલમાં ૨૫ વિદ્યાર્થીઓ બુક કીપીંગ, શોર્ટહેન્ડ વિગેરે બીજા વ્યાપારી વિષયોમાં અભ્યાસ કરે છે અને આવતી લંડનની જુદી જુદી વ્યાપારિક પરીક્ષાઓમાં બેસવા માટે તેમનાં નામ નોંધાયા છે.

જૈનોને મફત વ્યાપારી કેળવણી આપવાના હેતુથી આ સ્કુલ ખોલવા માટે લંડન ચેમ્બર ઓફ કોમર્સના વ્યાપારી કેળવણી ખાતાના તરફથી આ સ્કુલ ઉઘાડનાર શ્રેષ્ઠિ વર્ગ ઉપર એક ધન્યવાદ પત્ર મોકલવામાં આવ્યો છે. અમે પણ આ સ્કુલને દરેક રીતે ફતેહ મળે એમ ઇચ્છીએ છીએ.

આ સ્કૂલનું મકાન જો પાયધુની જેવા ભાગમાં હોય તો હાલ જેટલા વિદ્યાર્થીઓ છે તેના કરતાં વધારે વિદ્યાર્થીઓની સંખ્યા લાભ લેતી થાય એમ અમારૂં માનવું છે તો અમે આશા રાખીએ છીએ કે આ બાબત ઉપર આ મંડળના કાર્યવાહકો ધ્યાન આપશે.

# શ્રી સાતમી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ સંબંધી કામકા-

## જ. પુના ખાતે થએલી શરૂઆત.

શ્રી ભાવનગર ખાતે છઠ્ઠી કોન્ફરન્સ થયા બાદ સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે પુના ખાતે આમંત્રણ કરવામાં આવ્યું હતું. મરકીના સબબથી તેનું કામ મુલતવી રહ્યું હતું. આ બાબતમાં પડેલા કેટલાક મતભેદને લીધે પણ ઢીલ થઇ હતી છતાં પુનાના આગેવાનોના સુપ્રયાસથી તે મતભેદ દુર થઇ સાતમી કોન્ફરન્સ માટે ઉમંગથી કાર્ય શરૂ કરવામાં આવ્યું છે તેને માટે તમને ધન્યવાદ ઘટે છે તે બદલ કમિટીઓ તથા સ્વાગતકમિટીના પ્રમુખ તથા ચીફ સેક્રેટરી વગેરે નીમવાને માટે તા. ૧૮-૨-૦૯ ગુરૂવારની રાત્રે પુનાના શ્રી સંઘના દેરાસરમાં સંઘ ભેગો કરવામાં આવ્યો હતો. ને તેમાં સર્વે આગેવાનો તથા સઘળા જૈન બંધુઓ તથા યેવલાવાળા શેઠ દામોદર બાપુશા તથા શેઠ બાલચંદ હીરાચંદ માલેગામવાળાએ હાજરી આપી હતી. ને તેમાં નીચે મુજબ કમિટીઓ નીમાઇ નીચેના ગ્રહસ્થોને માનવંત ઓધાઓપર નીમવામાં આવ્યા હતા.

સ્વાગતકમિટીના પ્રમુખ—મી. શિવદાનજી પ્રેમાજી મોટીવાળા

| | |
|---|---|
| ,, ઉપ પ્રમુખ— | મી. માનચંદજી નગાજી. |
| | મી. શીવરામભાઇ કસ્તુરચંદ. |
| | મી. વીરચંદ ક્રિશ્નાજી. |
| | મી. કીસનદાસ પ્રેમચંદ. |
| ,, ચીફ સેક્રેટરી— | મી. છગનલાલ ગણુપતદાસ. |
| | મી. ભીખુભાઇ મુળચંદ. |
| ,, જોઇંટ સેક્રેટરી— | મી હીરાલાલ ધનજીભાઇ. |
| ,, જનરલ સુપરવાઇઝર— | મી. મોતીચંદ ભગવાનદાસ. |

વળી કોરસ્પોંડન્સ કમિટી, મંડપ કમિટી, ભોજન કમિટી તેમ ઉતારા કમિટી વીગેરે નીમવામાં આવી છે. બીજી કમિટીઓ નીમવાનું રવીવારના દિને મુલતવી રાખવામાં આવ્યું છે ને રીસેપશન કમિટીમાં સંઘમાંથી ૧૨૫ ના શુમારે મેમ્બરો ચુંટી કહાડવામાં આવ્યા છે.

અમે આશા રાખીએ છીએ કે આપણા પુનાનિવાસી બંધુઓ સાતમી કોન્ફરન્સ માટે કરેલી તૈયારીઓને આગળ વધારી કોન્ફરન્સ ભરવાના દિવસો મુકરર કરી કુંકુમ પત્રિકાઓ વેળાસર ગામોગામ મોકલાવશે. આ કામમાં પુનાના શ્રી સંઘની અમે હરેક રીતે ફતેહ ઇચ્છીએ છીએ.

Registered No. B. 525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

## SHRI JAIN (SWETAMBER) CONFERENCE [illegible]

પુસ્તક ૫. એપ્રીલ, ૧૯૦૯ અંક. ૪.

विषयानुक्रमणिका.

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| પ્રાસંગિક નોંધ. .... .... | ૯૫ |
| નામદાર ગાયકવાડ સરકારે સ્થાનકવાસી કોન્ફરન્સને મોકલાવેલ સલાહકારક સંદેશો .... .... | ૯૮ |
| શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક મી. ભગવાનદાસ મીઠાભાઈનો પ્રવાસ. .... .... .... .... | ૯૯ |
| હમારા ઉપદેશક. .... .... | ૧૦૦ |
| ઉપદેશકસે હુવેલા લાભ. .... | ૧૦૦ |
| ગ્રંથાવલોકન .... .... .... | ૧૦૧ |
| શ્રી પડાસલી તીર્થ ઔર શેઠ લક્ષ્મીચંદજી ધીયા. .... .... | ૧૦૧ |
| શ્રી જૈન વિદ્વાનોને ખુલ્લો પત્ર | ૧૦૫ |
| [illegible]નિકારક રીતરીવાજો..... .... | ૧૦૭ |
| કેમ સુધારા થાય ? .... .... | ૧૧૧ |
| પાંજરાપોળો અને તેની સ્થિતિ વડોદરા પાંજરાપોળ. .... .... | ૧૧૨ |
| ધર્મનીતિની કેળવણી. .... .... | ૧૩ |
| શ્રી ધર્મનીતિના શિક્ષણ સંબંધી પ્રશ્નાવલી. .... .... .... .... | ૧૧૫ |

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

अमदावादमें

श्री सत्यविजय प्रिन्टिंग प्रेसमां शा. गीरधरलाल हकमचंदे छाप्युं.

स्वदेश हितेच्छु अने धर्मचुस्त गृहस्थोने एक अमुल्य तक.

वावटा छाप ट्रेडमार्कनुं पवित्र अने शुद्ध

## स्वदेशी केशर.

आ चोख्खुं केशर ते १ तोला ५ तोला ०। ०॥ अने एक रतल पेक डबामां वेचीए छीए. जैन तीर्थावळी प्रवास आवृत्ति बीजी घणा सुधारा वधारा साथे मलशे. सर्व दर्दो मटाडवानी रामबाण देशी दवाओ कीफायते वेचीये छीए. स्वदेशी माल मंगावनाराओने चोक्कसथी कीफायते कमीशनथी मोकलीशुं.

अंबर—कस्तुरी—खरो भिमसेनी बरास, लुखड मलबारी, दशांगी धुप, सोना रुपानो वरख, अत्तर, देशी बनावटना वगर चर्बीना साबुओ नहावाना तथा कपडां धोवाना छाटा, गोळा वीगेरे तथा सेंट अने खुशबोदार तेलो वीगेरे कीफायते वेचीए छीए.

एकला मालेक.

मलवानुं ठेकाणुं-डामर गलीना नाके जडीआ बजार मुंबई. | श्री जैन महाजन आश्रित शा केशवजी खीमजी कुं० जथाबंध तथा छुटक वेचनार तथा कमीशन एजंट.

---

**श्री जैन एज्युकेशन एसोशीएशन:**—तरफथी थोडाक वखत उपर मुंबईना नामदार गवर्नर साहेबने आपणा केटलाक तहेवारोने जाहेर तहेवार तरीके गणवा एक अरजी मोकली हती. आ अरजीनुं नीचे प्रमाणे संतोषकारक परिणाम आव्युं छे:—

नामदार सरकार तरफथी सने १९०८ ना जाहेर तहेवारोनी जे टीप बहार पाडवामां आवी हती तेमां जैनोना तहेवारो तरीके नीचला दश दिवसो नामदार सरकारे स्वीकारेला जाहेर करवामां आव्या छे:—चैत्र शुद १५ ता. ५ मी अप्रील, श्रावणवद १३ ता. २२ मी सप्टेम्बरथी भादरवा शुद ५ ता. १९ मी सप्टेम्बर सुधी, तथा कारतक शुदी, ५ ता. २७ मी नवेम्बर. उपली जाहेरात सिंधने लागु पाडवामां आवी नथी.

---

तैयार छे! तैयार छे!! तैयार छे!!!

श्री जैन श्वेतांबर डीरेक्टरी भा. १ नकशा साथे रु. ०-१२-० पोस्टेज जुदुं.
श्री जैन श्वेतांबर डीरेक्टरी भा. २ " रु. १-४-० "

॥ ॐनमः सिद्धेभ्यः ॥

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति,
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

ભાવાર્થ—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

ॐ शान्तिः


श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

પુ. ૫. અંક. ૪. વીર સંવત્ ૨૪૩૫ એપ્રીલ, ૧૯૦૯


# પ્રાસંગિક નોંધ.

**જીવદયા કમીટી.** જીવદયા કમીટીએ કેવી રીતે કાર્ય કરવું તે માટે સલાહ લેવા જીવદયાની હીમાયત કરનારી હિંદુસ્તાનની તેમજ પરદેશોની સંસ્થાઓ સાથે આ કમીટી તરફથી પત્રવ્યવહાર કરવામાં આવેલ હતો. જેમાં ઇંગ્લાંડની જાણીતી ધી ઓર્ડર ઓફ ધી ગોલ્ડન એઇજ નામની સંસ્થા તરફથી આવેલો પત્ર બહુ ઉપયોગી સૂચનાઓથી ભરપૂર હોવાથી તેનો તરજુમો આ માસિકના બીજા ભાગમાં આપવામાં આવેલ છે. આ પત્રમાં જણાવ્યા પ્રમાણે દયાશીળતા ગુણને ઉચ્ચ સ્થાન આપવા, સાથે પ્રાણીઓઉપર કેટલી જાતના અસહ્ય સંકટો-પીડા માણુસ પોતાના સ્વાર્થની ખાતર આપે છે તેના ચિતાર આપનારા સાહિત્યનો બ્હોળો ફેલાવો કરવાથી જીવહિંસા ઘણે અંશે અટકશે, એ બીના નિર્વિવાદ છે. આ સૂત્રને અનુસરી ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે 'The British Blood sport, ને 'The Horrors of sport' નામના બે પુસ્તકોનો હિંદુસ્તાનની માંસાહારી પ્રજામાં ફેલાવો કર્યા પછી આ માસમાં 'Errors in Eating'

નામનું પુસ્તક પણ યુરોપીયન તેમજ અન્ય માંસાહારી ગૃહસ્થોને મોકલવામાં આવ્યું છે. પ્રથમ બે પુસ્તકોની પહોંચ આપણા નામદાર વાઇસરાય અને મુંબઇના નામદાર ગવર્નર સાહેબ તેમજ તેમના પ્રાઇવેટ સેક્રેટરીઓએ પણ ઉપકાર સાથે સ્વીકારી છે.

*     *     *     *     *

**કેળવણી કમીટી.**

કેળવણી કમીટીએ આ વખતે આપણી કોમમાં ધર્મશિક્ષણ કેવી પદ્ધતિથી અપાવું જોઇએ તે સંબંધી એક પ્રશ્નાવલિ તૈયાર કરી છે, જે વાંચનાર, આ માસિકના ધર્મનીતિની કેળવણીના વિભાગમાં જોશે. આ પ્રશ્નાવલિ જૈન તેમજ અન્ય કોમોના વિદ્વદ્ વર્ગને આ પ્રશ્નાવલિના ઉત્તરો આપવા માટે એક વિનંતિપત્ર સાથે મોકલવામાં આવી છે. અને સંપૂર્ણ આશા છે કે આપણા મુનિ મહારાજાઓ તેમજ બીજા વિદ્વાન ગૃહસ્થો આ સવાલો ઉપર સંભાળપૂર્વક ચર્ચા ચલાવશે. અને પોતાના અભિપ્રાયો આ કમીટીઉપર વેળાસર મોકલી આપશે, કે જેથી આ કમીટી અમુક વિચારોઉપર આવી શકે.

+     +     +     +     +

માળવા પ્રાંતના પ્રાંતિક સેક્રેટરી શેઠ લક્ષ્મીચંદજી ધીયા અમને જણાવે છે કે આ પ્રાંતના ઝાલાવાડ જીલ્લાના સેક્રેટરીનો માનવંતો હોદ્દો શા. પ્રેમરાજજી ચોરડીઆએ સ્વીકાર્યો છે.     +     +     +     +

**સુરત દારૂનિષેધક અને નીતિવર્ધક મંડળ અને જીવદયા.**

અમને લખતાં ઘણોજ સંતોષ ઉપજે છે કે છેલ્લા ત્રણ ચાર મહીના થયાં સુરત શેહેરમાં એક નવી હીલચાલની શરૂઆત કરવામાં આવી છે. ત્યાં એક દારૂ નિષેધક અને નીતિવર્ધક મંડળ સ્થાપવામાં આવ્યું છે. આ મંડળને સહાય કરવા માટે કોન્ફરન્સ ઓફીસ તરફથી ઉપદેશક મી. અમથાલાલ જેઠાલાલ પેઈન્ટરને મોકલવામાં આવેલ છે. મી. અમથાલાલના કામકાજનો ત્રિમાસિક રીપોર્ટ આ માસિકના બીજા ભાગમાં વાંચનાર જોશે. આ રીપોર્ટ ઉપરથી માલુમ પડશે કે દારૂ તથા માંસ વિરૂદ્ધ કેવો મજબૂત ઝૂંડો સુરત શેહેરમાં ઉઠાવવામાં આવેલ છે. અને દિનપ્રતિદિન દરેક કોમના સ્ત્રી પુરૂષો આ મંડળના સુપ્રયાસથી દારૂ તથા માંસ લેતાં અટકી ગયાં છે. તેમાં પણ જીવદયાના સુપ્રસિદ્ધ હીમાયતી મી. લાભશંકર લક્ષ્મીદાસે થોડા દિવસ ઉપર સુરતમાં જઈ આ હીલચાલને ઘણાજ વેગથી આગળ વધારી છે.

ત્યાં મહાત્મા નથુરામ શર્માના પ્રમુખપણા નીચેની એક મોટી મિટીંગ-

માં તેમજ વીકટોરીઆ થીએટરમાં અને થીઓસોફીકલ સોસાઇટીમાં મળેલી સભાઓમાં માંસાહારથી થતા નુકસાન સંબંધી વિષયો ઉપર મી. લાભશંકરે અસરકારક ભાષણો આપી જીવદયાની એટલી બધી તો ઉંડી છાપ પાડી હતી કે જેથી ઘણા સ્ત્રી પુરૂષોએ દારૂ છોડી દીધો. અને ઘણાએ માંસાહારનો ત્યાગ કરી દીધો હતો. મી લાભશંકરના સુરતના પ્રવાસમાં એક ખાસ ધ્યાનમાં રાખવા લાયક હકીકત એ છે કે એક વખતે તેમણે ઢેઢ લોકોની મિટીંગમાં ઢેઢ લોકોના ધર્મગુરૂના પ્રમુખપણા નીચે ભાષણો આપેલાં હતાં અને તેજ વખતે ઘણા ઢેઢોએ દારૂ માંસ નહીં વાપરવા પ્રતિજ્ઞા લીધેલી હતી. અમે મી. લાભ શંકરના શુભ પ્રયાસ માટે ધન્યવાદ આપીએ છીએ,

* * *

વડોદરાના નામદાર ગાયકવાડ સરકારે અજમેર ખાતે મળેલી સ્થાનકવાસી ત્રીજી કોન્ફરન્સને જૈન કોમને શીખામણોથી ભરપૂર એક ઉમદા પત્ર મોકલ્યો હતો. આ પત્ર દરેક જૈનને બહુ ઉપયોગી હોવાથી આ માસિકના બીજા ભાગમાં તેનો તરજુમો આપવામાં આવેલ છે. આ પત્ર સંબંધી ઉપજતા વિચારો હવે પછી રજુ કરવામાં આવશે પરંતુ જૈન કોમનું હિત ઇચ્છનાર અને જૈન કોમને યોગ્ય અવસરે સલાહ આપનાર આ નામદાર સરકારનો અમે આ સ્થળે ઉપકાર માનવાની રજા લઇએ છીએ.

* * * *

ઉપદેશક વાડીલાલ સાંકળચંદ મોરૈયા, ગોરેજ, ગોધાવી, સાણંદ, વીરમગામ વિગેરે ગામોમાં ફરીને કોન્ફરન્સના ઠરાવો સમજાવી તે ઠરાવો અમલમાં મુકવાનું કામ દરેક ગામમાં અમુક ( પ્રતિષ્ઠિત ) આગેવાનોને સોંપે છે અને હાલ તે ઉત્તર ગુજરાતમાં ફરે છે.

* * * *

માનાધિકારી ઉપદેશક મી. દલીપચંદ મગનલાલના પ્રવાસ વખતે તેમણે સંગપુરના કોળી લોકોની સભા ભરી જીવદયા ઉપર અસરકારક ભાષણો આપ્યાં, જેની અસરથી ત્યાંના મુખી વિગેરેએ જીવહિંસા નહીં કરવા પ્રતિજ્ઞા કરી છે.

ધનપુરા—તા. ૨૬–૨–૦૯ ના રોજ એક સભા ભરી જીવદયા ઉપર ભાષણો આપ્યાં. જેની અસરથી ત્યાંના કોળી લોકોએ જીવહિંસા નહીં કરવા ઠરાવો કર્યા છે અને **એક બોકડાનું માતાજીને** બળિદાન કરતાં અટકાવેલ છે.

× × × ×

અમદાવાદથી કૉન્ફરન્સ ઓફીસના જનરલ સેક્રેટરી શેઠ. બાલાભાઇ મંછારામ અમને લખી જણાવે છે કે વિરમગામથી ત્યાંના સંઘનો એવી મતલબનો કાગળ આવેલો કે આપણા મુનિ મહારાજાઓ તે તરફ વિહાર નહિ કરવાથી અને સ્થાનકવાસી સાધુઓનો પ્રચાર વધારે હોવાથી ધર્મને ઘણીજ

હાની પહોંચે છે. માટે મુનિ મહારાજોને તે તરફ વિહાર કરવા વિનંતી કરવી. તે ઉપરથી તા. ૮-૩-૦૯ ના રોજ અત્રેનો શ્રી સંઘ મળેલો તે વખતે અમોએ નીચે પ્રમાણે લેખીત અરજ કરી છે.

**"શ્રી અમદાવાદ સંઘના શેઠ સાહેબ તથા સંઘ સમસ્ત.**

અમદાવાદ.

જયજીનેંદ્ર સાથે વિનંતિ કરવાની કે શ્રી વીરમગામના સંઘ તરફથી આવેલા કાગળની નકલ આ સાથે રજુ કરવામાં આવે છે. તેમાં વીરમગામનો સંઘ એમ લખે છે કે વીરમગામ તથા બીજા ગામોમાં જ્યાં શ્રાવકોની વસ્તી તથા દહેરાં હોય છે તેવા ગામોમાં વરસ દીવસમાં એક દીવસ પણ મુનિ મહારાજાઓનો વિહાર થતો નથી અને તેથી શાસ્ત્ર ઉપદેશ વિના ઘણા લોકો શ્રદ્ધાભ્રષ્ટ થઇ અન્ય દર્શનીના સંસર્ગથી સ્વામીનારાયણ તથા સ્થાનકવાસી થઈ જાય છે કારણ કે સ્થાનકવાસી સાધુઓનો પરિચય તે લોકોને વધારે થાય છે. માટે તે બાબતમાં ઇલાજ કરવાને સંઘના વિચારમાં ઠીક લાગે તો આપ સાહેબો યોગ્ય બંદોબસ્ત કરાવશો એવી આશા છે.

આ બાબતમાં દરેક સંઘાડાના અગ્રેસર મુનિમહારાજાઓને સંઘ તરફથી વિનંતિ કરવામાં આવે તો સહેલાઇથી પાર પડે.

બીજું કેટલાક ગામોમાં મુનિઓ એકાકીપણે વિચરે છે અને સ્વચ્છંદી બની ગામડાના લોકોને ઘણાજ હેરાન કરે છે; જેવા કે પેટલાદમાં એવો દાખલો બન્યો હતો અને ભાવનગરની કોન્ફરન્સ વખતે તે સાધુનો વેષ છીનવી લઇ વિદાય કરવામાં આવ્યો હતો. તેવી તરેહના દાખલા બીજે પણ બનેલા સંભળાય છે. માટે આ બાબતની અગ્રેસર મુનિ મહારાજાઓને વિનંતિ કરવી કે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે બબે મુનિ સાથે વિહાર કરે તથા તેમને પોતાના સંઘાડાની પ્રમાણ પત્રિકા આપે કે આ સાધુ અમારા સંઘાડાના છે.

લી. શ્રી સંઘનો સેવક.

(સહી) બાલાભાઈ મંચ્છારામ.

જનરલ સેક્રેટરી. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

× × × ×

જીવદયા કમીટી ઉપર The Order of the Golden Age તરફથી આવેલા પત્રનો તરજુમો.

પેઇંગટન, ઇંગ્લાંડ

ફેબ્રુઆરી ૧ લી ૧૯૦૯.

પ્યારા સાહેબ.

તમારા તા. ૧૪ મી જાન્યુઆરીના સરક્યુલર લેટરના જવાબમાં હું તમારી કમીટીને સૂચના કરૂંછું કે દરેક ધર્મનિષ્ઠ અને સભ્ય પુરૂષપર પહેલી

અવશ્ય ફરજ તરીકે દયા શીતલા ( કરૂણા ) ગુણને ઉચ્ચસ્થાન આપવું તે એક ક્રૂરતા ( ઘાતકીપણું ) અટકાવવાનો સૌથી વ્યવહારિક રસ્તો છે. પણ જેમાં માંસાહાર જેવી ક્રૂરતાનો સમાવેશ થાય છે, તેવા લોકમાં પ્રચલિત રિવાજોનો તદન ત્યાગ કરાવવા માટે આવા રિવાજોથી થતાં સંકટ, પીડા તથા દલીલના અભાવને લઇને અરક્ષિતપણાને લગતાં જ્ઞાનનો પ્રચાર કરવો તે અગત્યનું છે.

દયાશીળ જીંદગીનો પક્ષ લઈ, નીતિ તેમજ વૈદક શાસ્ત્રનું અનુકરણ કરી અને માંસાહારની રીતિ નિષેધીને તેનો ત્યાગ કરાવવા માટે. સઘળી જાતની ક્રૂરતાને જડમૂળથી અમારો આશ્રમ ( order ) પ્રહાર કરે છે. અમે પુરૂષ અને સ્ત્રી વર્ગના સૌથી ઉચ્ચ ( આત્માને ) અપીલ કરીએ છીએ અને આ પ્રમાણે દયાશીળ ભાવના ઉત્પન્ન કરીએ છીએ અને અમને માલુમ પડે છે કે અંતઃકરણની કરૂણાને આહારમાં પાળેલી દયાશીળતા ઊત્તેજીત કરે છે. આ ઉપરથી અમારા અનુયાયીઓ ( સ્વભાવથીજ ) ક્રૂરતાની વિરૂદ્ધ પક્ષના થાય છે. સાથે બીડેલો રિપોર્ટ જોવાથી તમોને માલુમ પડશે કે એમાંથી સોસાઇટીની આ યુક્તિએ મોટી ફતેહ મેળવી છે અને **તમારી કમીટીની** અંતઃકરણપૂર્વક સહાયતા મેળવવાને હું ઘણોજ ખુશી થઇશ કે જેથી કરીને અમારા કેલવણી સંબંધી સાહિત્યનો વિસ્તારથી પ્રચાર કરી શકાય.

ખ્રિસ્તી લોકોની વૃત્તિ તદન માંસાહારની રીતિવિરૂદ્ધ બદલાયલી અને યોગ્ય દયાશીલ વર્તન ભોગવવાના પ્રાણીઓના હક તરફ વળેલી જોવાની હું આશા રાખું છું. કારણ કે અત્યારે આપણા કાર્યને જે ફતેહ મળેલી છે તે આ આશાને પ્રદર્શિત કરે છે. પણ તેની સિદ્ધિ અમારી સોસાઇટીએ હાથ ધરેલા મનોરથને જેઓ સમજે છે તે લોક હિતૈષિ અને દયાશીલ આત્માઓની મદદ ઉપર, અને સઘળા ક્રિશ્ચિયન દેશોમાં દયાશીલ સુધારાની વૃદ્ધિ માટે કરાતા આપણા પરિશ્રમના છેલ્લા પરિણામો ઉપર આધાર રાખે છે.

હમણાં અમારા તરફથી જે છપાવવામાં આવ્યું છે તેમાંનું કેટલુંક હું આ સાથે બીડું છું. કે જેથી કરીને તે તમારી કમિટીને બતાવી શકાય અને બહોળા ફેલાવાને લાયક થવાને તેઓ પોતેજ ભલામણ કરશે. તે બાબત મને જરાપણ સંશય નથી.

ભ્રાતૃવત્ પ્રણામ સહિત

મારામાં વિશ્વાસ રાખો

શુદ્ધ હૃદયથી

( સહી ) સીડની એચ બીઅર્ડ.

# નામદાર ગાયકવાડ સરકારે સ્થાનકવાસી કોન્ફરન્સને મોકલાવેલ સલાહકારક સંદેશો.

વ્હાલા શેઠ ચાંદમલજી.

માર્ચ માસની અધવચમાં તમારા શહેરમાં મળનારી ત્રીજી શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સમાં હાજરી આપવા માટે આમંત્રણ કરવા માટે તમારા પુત્રના વડપણ હેઠળ તમારા સંઘ તરફથી આવેલા ડેપ્યુટેશનને આવકાર આપતાં મને ઘણો આનંદ થયો હતો. અગત્યના કામનું દબાણ ન હોત તો તમારી સાથે વિચાર કરવા માટે જોડાવાની તથા જે સુધારાની હીલચાલ તમારી કોન્ફરન્સ ચલાવે છે તેમાં હું અંગત હીત ધરાવું છું, એવું એકવાર ફરીથી સાબીત કરી આપવાની આ તકનો મેં ખુશીથી લાભ લીધો હોત. સને ૧૯૦૪ માં વડોદરા ખાતે મળેલી ત્રીજી શ્વેતાંબર કોન્ફરન્સને હું આનંદ સહીત યાદ કરૂં છું, અને વળતે વરસ મારા રાજ્યમાં પાટણ ખાતે તેની થયેલી બેઠકમાં ચાલેલું કામકાજ મેં આનંદ સાથે સાંભળ્યું હતું.

## કોન્ફરન્સનો હેતુ.

તમારા જેવી કોન્ફરન્સો જો સંપૂર્ણ રીતે અમુક પંથની તથા પાછળ હઠાડનારી ન થાય તો તેથી ઘણો લાભ થઇ શકે. આવી બધી કોન્ફરન્સોની નેમ, જે પંથ અથવા કોમને લગતી તે કોન્ફરન્સ હોય તે પંથ અથવા કોમોમાં ખાસ કરીને ચાલતા સંસારિક કુરીવાજો નાબુદ કરવાની અને સમગ્ર પ્રજાને એકત્ર કરવા માટે તે કોમને તૈયાર કરવાની હોવી જોઇએ. મનમાં આવો ખ્યાલ રાખીને હું એવું પણ ઇચ્છી શકું કે હીંદમાં આવા પ્રકારની વધારે કોન્ફરન્સો થવી જોઈએ. આવી કોન્ફરન્સોનો અર્થ એ કે જે કોન્ફરન્સો અજ્ઞાન, તથા સાહસ વગરના લોકોને તેઓની અધમ સ્થિતિમાંથી ઉંચી સ્થિતિએ લાવવાને વખત તથા શક્તિનો ઉપયોગ કરે છે.

## સાંસારિક સુધારાની જરૂર.

તમારી પહેલી બે કોન્ફરન્સોનું કામકાજ મેં વાંચ્યું છે અને મને જોઇને આનંદ થાય છે કે ટુંકા પણ તે છતાં બહોળા વિસ્તારવાળા કાર્યક્રમમાં તમોએ ઘણી વાજબી રીતે સાંસારિક સુધારા તથા કેળવણીને અગત્ય આપી છે. હાલના કેટલાક રીવાજો, જેવા કે બાળવિવાહ, કન્યાવિક્રય, અનેક સ્ત્રી ક-

રવાનો રીવાજ તમારા સમાજને ઘણો નામોશીરૂપ છે. પેટા કોમો, કે જેની હયાતિ મારા સમજવા પ્રમાણે જૈન ધર્મના નિયમોની વિરૂદ્ધ છે તે પેટા કોમો રદ કરવાથી આ રીવાજો સહેલથી નાબુદ કરી શકાય. તમારામાંનાં હરેક વિચારવંત પુરૂષે પોતાના ખાનગી વ્યવહારમાં તથા પોતાના કુટુંબી સંબંધીઓમાં આવા રીવાજો ચાલવા દેવાની મજબુત રીતે સામું થવું જોઇએ.

## જ્ઞાતિબંધારણ.

મુખ્ય બદી જ્ઞાતિના બંધારણની છે. હાલ જે રીતે જ્ઞાતિ બંધારણ રચાયલું છે તેવા બંધારણવાળી જ્ઞાતિઓ લાભ કરતાં નુકશાન વધારે કરે છે. જ્ઞાતિબંધનથી જેઓ બંધાયલા રહે છે તેઓની જીંદગીની દ્રષ્ટિમર્યાદા તેથી સંકુચિત થાય છે, બીજી કોમો સાથનો છુટો વહેવાર કે જે કેળવણી માટે સહુથી વધારે સંગીન રીત છે, તે જ્ઞાતિબંધનથી અટકે છે, રાષ્ટ્રિય જુસ્સો —ઐકયપર તેની ઘણી નુકશાનકારક અસર થાય છે. રાષ્ટ્રિય વિચારો તથા રાષ્ટ્રિય લાભો અંધકારમાં જઇ પડે છે. જ્ઞાતિ બંધનમાં કેટલાક સારા મુદ્દા હશે. પણ હાલ તેની જે સ્થિતિ છે તે પ્રમાણે તે બધા સુધારાનો મોટો દુશ્મન થઇ પડયું છે, અને તેથી અજ્ઞાનતામય વહેમોને તેથી ઉત્તેજન મળે છે. તમારા શાસ્ત્રોમાં એવું કાંઇ નથી કે, જેથી જ્ઞાતિઓની હયાતિને બહાલી મળતી હોય. જૈનોની અંદર જે જે જ્ઞાતિઓ છે, તે જ્ઞાતિઓની તવારીખ બતાવી આપે છે કે સૈકાઓ સુધી તમોએ જ્ઞાતિ બંધારણ દાખલ કરવાની સામે લડત ચલાવી હતી અને તદન ઘણા નજીકના વખતપર બીજા પંથો તથા બીજી કોમો સાથના વ્યવહાર અટકાયત કરવામાં આવી છે. તમારી સમાજ એક વિચારવાળાં માણસોનું મંડળ ( બ્રધરહુડ ) હતું, અને તે મંડળમાં સૈકાઓ સુધી તમોએ બીજી જ્ઞાતિઓ તથા બીજા ધંધાના માણસોને દાખલ કર્યા હતા અને સંસારી શકિત તથા રહેણી કરણીમાં ઘણો તફાવત હોવા છતાં તમોએ તેઓને તમારા મંડળમાં દાખલ કર્યા પછી તેઓ સાથ સંપુર્ણ વહેવાર રાખ્યો હતો. થોડા જમાનાની વાતપર બધી કોમવાળા જૈનો હિંદુઓમાંની બીજી કોમના લોકો સાથ જમતા હતા તથા તેઓ સાથ બેટી વહેવાર પણ રાખતા હતા અને દીલગીરીની વાત છે કે આવો વહેવાર બંધ પાડવાની વલણ જોવામાં આવે છે. ગયા સૈકામાં કોમોની સંખ્યા ઘણી વધી પડી છે. પણ કોમો જોડાઇ જઇ એક થતી હોવાનો એક પણ દાખલો જોવામાં આવતો નથી. આથી વધુ વિભાગ પડતા અટકાવવા જોઇએ, અને હાલના વિભાગોને એકત્ર કરવાની હીલચાલ શરૂ કરવી જોઇએ. કોમ એ મુખ્ય કરીને જુદા જુદા માણસોને ઓળખાવનારો કૃત્રિમ ભેદ છે. માણસો વચ્ચે, તેઓના

શરીર, નીતિ તથા વિદ્વતા સંબંધી એટલો બધો કુદરતી તફાવત છે કે કૃત્રિમ તફાવત ઉભા કરવા તથા તેઓને જુદા પાડવા માટે ખરી રીતે કોઇ જાતની જરૂર નથી. બીજા લોકો વિષેનો અનુભવ તથા તેઓના દાખલાથી આપણી ખાત્રી થવી જોઇએ કે કૃત્રિમ તફાવત ઉભા કરવા માટે સત્તાદાર આસામીઓ તરફથી પ્રયાસ કરવામાં આવવા વગર લોકોને સમજવામાં પોતાની કુદરતી પંક્તિ શોધવાને છુટા મુકવા જોઇએ, કૃત્રિમ તફાવતો તો સુધારાના મહા પ્રવાહને રુંગળાવી નાંખવાનું તથા તે પ્રવાહ આડો બંધ બાંધવાનું કામ બજાવે છે. જેવી રીતે તમો મુર્તિપુજાની શ્રદ્ધાની સામે થયા તેવી રીતે તમે વધુ નહીં તો તમારી કોમ (સેકટ) ને લાગે વળગે છે, ત્યાં સુધી જ્ઞાતિના અર્થ વગરના ભેદને બાજુએ મુકી શકો. જો આટલું કરવામાં આવે તો તમારી કોન્ફરન્સની હયાતિ વાજબી ઠરાવવા માટે આથી કોઈ વધુ પુરાવાની જરૂર હું ધારતો નથી. તમારી કોમની મહાન્ સેવા બજાવવા ઉપરાંત તમે અનુવર્તન કરવા માટે બીજી કોમોને એક વહેવારૂ દાખલો બેસાડી શકશો, પણ એક વાત યાદ રાખવી જોઇએ કે માત્ર જ્ઞાતિબંધન તોડી નાખ્યા એટલે પોતાની નેમ પાર પડી ગઇ એમ થતું નથી. કોમના સાંકડા વિચારની જગ્યાએ પ્રજાકીય કલ્યાણ માટેના વિશાળ ખ્યાલ તથા વિશાળ દીલસોજીને જગ્યા આપવી જોઇએ. જેવી રીતે તમે તમારા જ્ઞાતિ રીવાજ જાળવવામાં આતુર છો, તેવી મજબુત રીતે તમારે પ્રજાકીય ઐકયને ઉત્તેજન આપવાને પ્રયાસ કરવો જોઇએ.

## કેળવણી

નુકશાનકારક સાંસારિક રીવાજોમાં તમે બારીક તપાસ કરતા જોઇ શકશો કે આવા ઘણા ખરા રીવાજો નૈતિક, સામાજીક તથા શારીરિક નિયમોની અજ્ઞાનતાનુંજ પરિણામ છે. લોકોમાં તે નિયમોનું જ્ઞાન ફેલાવો અને મારી ખાતરી છે કે સામાજીક બંધારણપર આ જે નુકશાનકારક રીવાજો બંધાતા જાય છે તે પોતાની મેળે બંધ પડી જશે. તેમ થતાં તમારે ધ્યાન નહીં આપનારા તથા બેદરકાર શ્રોતાજનો આગળ ખાલી ઠરાવો પસાર કરવાનું રહેશે નહી. આથી હેઠલા વર્ગના લોકોને કેળવવાને તમારે દરેક પ્રયાસ કરવો જોઇએ. હિંદમાં બધા સાંસારિક રીવાજો નાબુદ કરવા માટે સૌથી વધારે અસકારક ઇલાજ કેળવણી છે.

## ગામડાંઓની શાળાઓ.

છેલ્લી કોન્ફરન્સના ઠરાવોમાં એવું જોઇને મને આનંદ થયો છે કે દરેક શહેર અથવા ગામડામાં પોતાની કોમના છોકરાઓને કેળવણી માટે ઘટતી

સગવડો કરી આપવાની દરેક સ્થાનિક સંઘને માથે ફરજ રહેલી છે એમ તમે સ્વીકાર્યું છે. દેખરેખ રાખવા માટે મજબુત તથા દીલસોજ માણસોને રાખવાથી તમે જોઇ શકશો કે આ ફરજ કેટલે સુધી બરાબર રીતે બજાવવામાં આવે છે. આ બાબતમાં તમારે હમેશાં આત્મબળ ઉપર આધાર રાખવા પ્રયાસ કરવો જોઇએ. જરૂર પડે તો તમારે તમારી પોતાની શાળાઓ ખોલવાને અને તમારી હાજતોને સઉથી સરસ રીતે પહોંચી વળી શકાય તેવું તેમાં શિક્ષણ આપવાને તૈયાર રહેવું જોઇએ.

### અજ્ઞાન.

હું ખાતરીથી માનું છું કે તમોએ વસ્તીની ગણત્રીના છેલા આંકડા વાંચ્યા હશે. તમારા જેવી વહેવારૂ તથા ધંધાવાળી કોમ માટે તે આંકડા શું ઘણી દીલગીર થવા જોગ સ્થિતિ રજુ કરતા નથી? આખા હિંદના જૈનોમાં સેંકડે ૪૮ ટકા જેટલા પુરૂષો અજ્ઞાન છે. તથા મુંબઇ ઇલાકામાં સેંકડે ૫૨ ટકા જેટલા પુરૂષો અજ્ઞાન છે. તમારી સ્ત્રીઓમાં આખા હિંદને લેતાં સેંકડે માત્ર ૧૮ ટકા જેટલી સ્ત્રીઓ કેળવણી પામેલી છે, મુંબઇ ઇલાકામાં તમારી સેંકડે ૨ ટકા જેટલી સ્ત્રીઓ કેળવણી પામેલી છે. જ્યાં સેંકડે ૫૦ ટકા જેટલા પુરૂષો તથા સેંકડે ૯૮ ટકા જેટલી સ્ત્રીઓ બીન કેળવાયલાં તથા અભણ રહે તેવો કોઇ દેશ સુધારાના સંબંધમાં ઉંચી પંક્તિ માટે દાવો કરી શકે નહીં. તમારી શક્તિઓ કામે લગાડવા માટે તથા સંગીન પરીણામો મેળવવા માટે અત્રે વિશાળ ક્ષેત્ર પડેલું છે.

### સ્કોલરશીપ માટે ફંડ.

આ બાબતના સંબંધમાં ઉંચી કેળવણી માટે અને ખાસ કરીને વેપારી ઉંચા શિક્ષણ અને કેટલાક "એપ્લાઇડ સાયન્સીસ" ના અભ્યાસ માટે સ્કોલરશીપો આપવા ફંડ ઉભાં કરી શકો. તમારી કોમ એક વેપારી કોમ છે અને તેથી આ વિષયોની તમારા પુત્રો કેળવણી લે એ ઘણું વાજબી છે. આથી તમારા લોકોને ઘણો સંગીન લાભ થશે.

### ઇતિહાસિક શોધખોળ.

તમારી તવારીખ તથા તમારા શાસ્ત્રોને લગતી શોધખોળના કામને તમારા કાર્યક્રમમાં જગ્યા મળેલી નથી એ જોઇ હું દીલગીર થાઉં છું. તમારા સિદ્ધાંતો પૂર્વ દેશના થોડા વિદ્વાનોના સાંકડા વિસ્તારની બહાર જૈનો નહીં એવાઓમાં ભાગ્યેજ જાણીતા છે. જૈન ધર્મની બહારના માણસો સૈકાઓ સુધી એમ માનતા આવ્યા હતા કે જૈન ધર્મ એ બૌધ ધર્મનો એક ફાંટો છે અને આ માન્યતાને લીધે જૈન ધર્મનો અભ્યાસ કરવામાં આવતો હતો નહીં. આ

ગેરસમજુતી કોણે દુર કરી ? તમારી કોમનાં માણસોએ નહીં એક જર્મન પંડીતે દુન્યાને જાહેર કર્યું કે જૈન ધર્મ બૌધ ધર્મથી તદન જુદો છે. વળી તે એટલું પણ સાબીત કરવાને શક્તિવાન થયો હતો, કે તમારા ત્રેવીસમા તીર્થંકર એક "માઇથોલોજીકલ પરસોનેજ" એટલે કે ધર્મશાસ્ત્રોમાં જણાવેલા કલ્પિત આસામી નહી હતા પણ વાસ્તવિક રીતે તેઓ ઇસ્વીસન પૂર્વે ૭૦૦ વરસપર હૈયાતી-ભોગવતા હતા. આથી હું એમ કહેવા નથી માંગતો કે તમારામાં વિદ્વાનો નથી. હું ઘણી સારી રીતે જાણું છું કે તમારી ઉંડી ફીલસુફી તથા ન્યાયશાસ્ત્રની ઘણી મુશ્કેલી ભરેલી બાબતોમાં ઘણા પ્રવિણ હોય તેવા તમારામાં ઘણા છે. પણ ઈતિહાસિક શક્તિ તથા સુધારાના ફેલાવા તેમજ અર્વાચીન વિચારોનાં સંપુર્ણ જ્ઞાનની આપણા ધર્મગુરૂઓ તથા આપણા લોકોમાં દીલગીર થવા જોગ ખામી છે. અંધશ્રદ્ધાનો જમાનો જતો રહ્યો છે અને માત્ર અમુકની સત્તાના આધારે કોઇ પણ બાબત, પછી તે બાબત ગમે તેટલી પુરાણી હોય, દુનિયા માનવાની નથી. તમારો ધર્મ વેદ ધર્મથી વધારે પુરાણો છે એમ તમારે વિદ્વાનો પાસે મનાવવું હોય તો તે બાબત તમારે સાયન્સના સંગીન પુરાવા વડે તથા સંગીન દલીલો વડે સાબીત કરી આપવું પડશે.

## શાસ્ત્રો.

પ્રથમ તો તમારે શોધી કાઢવું જોઇએ, કે તમારા શાસ્ત્રો કયાં છે અને કયાં કયાં છે. તેમાંનાં ઘણાં ખરાં પાટણ તથા જેસલમીરનાં ભોંયરાંમાં દટાયલાં છે. સૈકાઓ થયાં તેઓ ત્યાં સંભાળ લેવાયા વગર પડયાં છે અને ઉધી તથા કીડાઓને ખોરાક પુરો પાડે છે. મને ધાસ્તી રહે છે કે કેટલાક તો અત્યાર આગમચ નાશ પામ્યા હશે. તમારા ધર્મના લાભ માટે તથા તમારો ધર્મ જાળવી રાખવા ખાતર જો તે પુસ્તકોનો કાબુ ધરાવનારાઓ ઉદાર થાય અને ઉમદા હેતુની ખાતર તે પુસ્તકો આપે તો તે પુસ્તકો કોઇ મધ્ય સ્થળે એકઠાં કરવાં જોઇએ. તે શાસ્ત્રો તપાસી જવા, તેમના તરજુમા કરાવવા અને છપાવવા. કદાચ તમારા સાધુઓ કેટલાક શાસ્ત્રીઓની મદદ સાથ આ કામ કરી શકે. તમારો ધર્મ પાળતા જવાનીયાઓ માટે શોધ ખોળને લગતી થોડી સ્કોલરશીપો તમારે સ્થાપવી જોઇએ અને તે જવાનોને શોધ ખોળના કામ તથા ઉંચાં અજમાયસમાં "ઓરીયેન્ટલ સ્કોલર્સ" એટલે કે પુર્વ દેશને લગતી બાબતોમાં પ્રવીણતા ધરાવતા પંડીતોના હાથ નીચે કેળવણી લેવા માટે જર્મની મોકલવા જોઇએ. તેઓ પાછા ફરે ત્યારે તેઓને ચોક્કસ કામ સોંપવું જોઇએ.

## તવારીખ.

તમારા ધર્મની તવારીખ હજુ લખવાની બાકી રહી છે. તમારો ધર્મ ક્યારે અને કેવી રીતે સ્થપાયો, તેની ખીલવણી કેવી રીતે થઈ, શ્વેતાંબરો તથા દિગંબરો વચ્ચે ભેદ, દક્ષિણ હીંદમાં તેનો ફેલાવો, રાજદરબારમાં તેનો લાગવગ, તથા તેની અવનતિનાં કારણો—આ બાબતો સંબંધી તવારીખ મેળવવાની છે. વાંચી શકાય તેવા રૂપમાં હાલ કોઈ પુસ્તક નથી, કે જેમાંથી તમારા ધર્મના બધા નિયમો જાણી શકાય. તમારે આવું મોટું પુસ્તક અંગ્રેજીમાં તેમજ દેશી ભાષાઓમાં બનાવવું જોઇએ, કે જેથી બીજાઓ તે વડે તમારા ધર્મનું જ્ઞાન મેળવી શકે. જૈનોમાં કોમની શરૂઆત તથા તેની ખીલવણી, હીંદુ ધર્મની તમારા ધર્મપર અસર, તથા તમારા લોકના રીત રીવાજ બ્રાહ્મણ ધર્મ તથા બીજા ધર્મોપર જૈન ધર્મની અસર, જૈન ધર્મ પાળતી જુદી જુદી કોમો વચ્ચેના તફાવતો, તેની શરૂઆત તથા સામાન્ય રીતે તમારી કોમ પર તેથી થતી અસર—આ તથા એવી બીજી બાબતો સંબંધી તમારે તપાસ ચલાવવી જોઇએ. મારી ખાત્રી છે કે આ તપાસનું પરિણામ તમારે માટે ઘણું લાભકારી આવશે. તમારા પંથના જુના વીચારના લોકોની દોરવણી માટે તમે તેઓની આગળ સત્તાવાર વીગતો રજુ કરી શકશો. આથી તમારૂં સુધારાનું કામ વધારે સહેલું થશે અને તમારા લોકોમાં જે ગેરસમજુતી તથા જે અજ્ઞાન ફેલાયલાં છે તે નાબુદ થશે.

## પ્રજાકીય ખ્યાલ.

મેં શરૂઆતમાં જણાવ્યું છે તેમ સુધારા તથા આગળ વધવા માટેના તમારા બધા પ્રયાસમાં તમારે એક ક્ષણવાર પણ "નેશનલ આઇડીયલ" એટલે કે આખી પ્રજાને લગતો વિચાર વીસરી જવો જોઇએ નહીં. હમેશાં યાદ રાખજો, કે જે વધારે મોટા સમાજને હીંદી પ્રજામાં ભેળી દેવો જોઇએ છે તેના તમે એક ભાગ છો. કુસંપથી તથા દીલસોજીની ખામીથી હીંદે ઘણું સહન કર્યું છે. તમારા ધર્મની બહાર "ઐક્ય" એ તમારો "વોચવર્ડ" થવો જોઇએ.

## આખા હીંદને લગતી જૈન કોન્ફરન્સ.

હું જાણું છું, કે જૈન ધર્મના જુદા જુદા પંથની જુદી જુદી કોન્ફરન્સો ભરવાને બદલે આખા હીંદમાંના તમારા ધર્મના બધા પંથને લગતી એકત્ર કોન્ફરન્સ ભરવાને પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રયાસમાં તમે એક વખત નિષ્ફળ ગયા હો તો તમે તે ફરીથી કરી શકો અને મારી ખાત્રી છે કે સારી સમજુતી ફેલાતાં તમે ફતેહમંદ થશો. એવું જણાય છે કે જુવાનીઆઓ તેમાં સામેલ થવા ખુશી છે, અને સુરત ખાતે "ઓલ ઇંડીયા જૈન કોન્ફરન્સ"

ભરીને તેઓએ શરૂઆત કરી છે. દડાને ગબડતો કરવામાં આવ્યો છે, અને તમારી મદદ વડે તમે તેને વેગવાળો બનાવી શકો. આમાં કોઇ મોટી મુશ્કેલી જણાતી નથી. ત્રણે કોન્ફરન્સના ઠરાવોની સરખામણી કરતાં તેઓનું કાર્યક્રમ એક સરખું જણાય છે.

હું પુરું કરૂં તે પહેલાં એક બે બાબતો એવી છે કે જે બાબતોપર તમારી રજાથી હું બે બોલ બોલી શકું. તમે જાણો છો કે ધર્મો અમુક બાબતમાં ઘણા "એકસ્ટ્રીમ" માં એટલે કે જોઇએ તે કરતાં દૂર જતા હોવાનો સંભવ છે. નાના જીવોની દરકાર કરતાં તમારે તમારા મનુષ્ય બાંધવોના હિતના સવાલને વીસરી જવો નહી જોઇએ. હું જાણું છું કે તમારા પછાત પડેલા તથા ગરીબ સહધર્મીઓને બનતી મદદ આપવાની જરૂરથી તમે વાકેફ છો, પણ તમે જોઇ શકશો કે આના કરતાં માનવ વર્ગના મોટા વિસ્તારને તમારી દીલસોજી તથા તમારા તરફની મદદપર વધારે હક છે જીવ દયાનું દરેક કામ સારૂં છે પણ આવાં કામ જ્યારે ગરીબ લોકના સંબંધમાં તથા મનુષ્યોથી ન્યાત બહાર થઈ પડેલા જેવા લોકોના સંબંધમાં કરવામાં આવે ત્યારે તેનું પુણ્ય વધી જાય છે,

## છેવટ.

છેવટે તમારી કોન્ફરન્સમાં હાજરી આપવા માટે માયાળુપણે તમે જે આમંત્રણ કર્યું તે માટે હું તમારો આભાર માનું છું. આ પત્રમાં મેં જે ટીકાઓ કરી છે, તે જો ખરા દીલની જણાય તો તે માટે મને માફી બક્ષશો. આ કોન્ફરન્સ કે જે તરફ હું ખરાં અંતઃકરણથી દીલસોજી ધરાવું છું. તેમાં હાજર થવા મને જણાવવામાં આવ્યું ત્યાં હું એમ ધારૂં છું કે મને જે પ્રમાણે ખરૂં જણાય તે મારે જણાવવું જોઇએ, પછી ભલે મારૂં કહેવું કાંઇ અરૂચિકર હોય. હું હીંદના હિત માટે કાળજી ધરાવું છું અને જ્યાં તે બાબતને સંબંધ હોય ત્યાં વિચાર છુટથી રજુ કરવો જોઇએ. કોન્ફરન્સની હું દરેક ફતેહ ઇચ્છું છું.

---

## કોન્ફરન્સના ઉપદેશક મી. અમથાલાલ જેઠાલાલ પેઇન્ટરનો ત્રિમાસિક રીપોર્ટ.

( સુરતમાં દારૂનિષેધક અને હિતવર્ધક મંડળને કોન્ફરન્સે આપેલી સહાયતા. )

સુરત તા. ૧૨-૧૨-૦૮ ના રોજ ખા. બા. બમનજી મોદી સાહેબના દરીઆઇ મહેલમાં એકઠી મળેલી સભામાં દારૂ માંસના દુર્ગુણો સંબંધી ભાષણ આપ્યું. ત્યાર બાદ મેયાવત રજપૂતના કબીરપંથના મહંત સાથે મેળાપ કરી

તેમને ત્યાં એક મિટીંગ ભરી. રાતના ૧૦ થી ૩ વાગ્યા લગી ભાષણો આપ્યાં અને તમામ લોકોને દારૂ માંસનો ઉપયોગ નહિ કરવા પ્રતિજ્ઞા લેવરાવી. તે સંબંધી દેખરેખ રાખવા તેમના ધર્મગુરૂને વિનંતિ કરેલી છે.

ઉપરની મિટિંગથી ખુશી થઇ બીજી સભા હીરજી મીઠા પેઇન્ટરે કતારગામની ભાગોળ પાસે ભરાવી. તેમાં તેમની નાતના આગેવાન પટેલીઆઓ આવેલ હતા. બધાઓએ ખુશીથી ઉપરની બાબત માટે પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાર બાદ ડૉ. દીનશાહજી જીવાજી એદલબહેરામના મોકલવાથી મી. અમથાલાલ ખત્રી લોકોના આગેવાન ગૃહસ્થ મી. માણેકલાલ રણછોડદાસને મળવા ગયા અને મિટીંગ ભરવા જણાવ્યું. પણ તેમની કોમમાં કુસંપ હોવાથી આ કાર્ય મુલતવી રહેલ છે. ત્યાર બાદ ઘાંચીઓની નાતના આગેવાનો મેળવવા હેન્ડબીલો કઢાવ્યાં અને તેઓને મી. મોદીજીના મહેલમાં શનિવારની મીટિંગમાં બોલાવ્યા હતા તેઓ આવીને સારી આશા આપી ગયા. પણ સંતોષકારક પરિણામ આવવું બાકી રહ્યું છે.

ત્યાર પછી શા. બાલુભાઇ કલ્યાણદાસને ત્યાં એક મિટિંગ ભરી હતી તેમાં લગભગ ૩૦૦ માણસોને સારી અસર થઇ હતી. બ્રાહ્મણોના આગેવાનોને ટેમ્પરન્સમાં બોલાવ્યા હતા અને ત્યાં **वर्णानां ब्राह्मणो गुरुः** એ વિષય ઉપર ભાષણ આપવામાં આવેલ હતું.

સદરહુ ભાષણથી બ્રાહ્મણોએ માંસાહારી લોકોની ક્રિયા અટકાવવા માટે ચોરાશી નાતના પટેલોને ભેગા કરવાના વિચારથી મી. પેઇન્ટર તથા મે. દીનશાહજી તથા રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી ભેગા મળ્યા હતા. ત્યાર બાદ તેજ વિચાર માટે કાલીદાસ સ્માર્તને ભલામણ કરવામાં આવી અને મી. સૂરજરામભાઈ કંટ્રાકટરને પણ મળી સલાહ લેવામાં આવી હતી. ત્યાર પછી અંત્યજોની એક મિટિંગ અરદેસર કોટવાલની વાડીપાસે ભરવામાં આવી. ત્યાં ઘણાજ લોકોએ ઉભા થઇ દારૂ માંસનો ઉપયોગ નહિ કરવા જળ મૂકેલું છે.

ઓરપાડ જીલ્લાના ૯૨ ગામના કોળી લોકોની મોટી મિટીંગ ૨૦૦૦૦ માણસની વીશલપુર ગામે મલી હતી. તેમાં. ખા. બ. બમનજી સાહેબ તથા દીનશાહજી તથા વકીલ નાનાભાઇ વિગેરે ગૃહસ્થો સાથે બન્ને ઉપદેશકો ગયા હતા. તેમાં કોલી લોકોએ ઉપરના. ઠરાવો માટે સજ્જડ જ્ઞાતિબંદોબસ્ત કરેલ છે. આ મિટીંગની વખતે મી. બદામી વકીલ સાહેબ જેઓ જૈન છે તે પણ હાજર હતા. અને તેમણે અસરકારક ઉપદેશ આપેલો હતો.

ત્યાર બાદ થોડોક વખત મી અમથાલાલ અમદાવાદ અને ભોયણીજી

જઈ આવ્યા પછી મહાવદી ૫ ના રોજ સુરતમાં ખત્રીની વાડીમાં મોટી મિ-ટીંગ ભરવામાં આવી હતી.

બીજે દિવસે ખત્રીના બાળકો એકઠા મળેલા હતા. તે વખતે તેમની પાસે જઈ મી. અમથાલાલે આપણો ધર્મ તથા વિદ્યાર્થીનું કર્તવ્ય એ વિષય ઉપર ભાષણ આપ્યું. ત્યાર પછી મહંત ગોરધનદાસ આવવાથી બાલાજીના ચકલાપર ત્રણ દિવસ સુધી ભાષણો થયાં હતાં. છેલ્લે દિવસે " દારૂમાંસથી થતી દેશની ખરાબી " એ વિષય ઉપર બન્ને જણાએ ભાષણ આપેલ હતું

તે પછી ડાપફળીયામાં અંત્યજ લોકોની એક મોટી મિટિંગ રાતના મળી હતી. ત્યાં તેઓ તથા મહંત ગોરધનદાસ તથા મહંત જીવણદાસ ગયા હતા અને તેઓના ભાષણથી અંતેજ સારી અસર થઇ છે. ત્રીજા દીવસે પછી તેઓનીજ સભા મળી હતી. અને ઊપર લખેલા સૌ ત્યાં ગયા હતા અને ભાષણો આપ્યાં હતાં અને રવિવારે મોદીજીના મહેલમાં બપોરના વખતે તે કોમને એકઠી કરવામાં આવી હતી. તે વખતે વેદધર્મગુરૂ નથુરામ શર્મા, મી. મોદીજી. મે. ડાકટર સાહેબ તથા રા. ગણપતરામભાઇ, તથા મી. ઉત્તમ રામ અને શિવશંકર વિગેરે ગૃહસ્થો સમક્ષ ભાષણ આપ્યું હતું. છેવટ મહંત ગોરધનદાસ તથા મહંત જીવણદાસ બંનેએ મળી દારૂ માંસનો ઉપયોગ ન કરવા કેટલીક સહીયો કરાવી હતી.

ત્યાર પછી શેઠ મોહનલાલ મગનલાલ તથા મી. લાભશંકર લક્ષ્મીદાસનું સુરત આવવું થયું. એક જાહેર મીટીંગ વિકટોરીઆ થીએટરમાં ભરવામાં આવી. તે વખતે જીવદયા ઉપર મી. ગોરધનદાસે ભાષણ આપ્યું હતું અને તેના સં-બંધમાં મી. અમથાલાલનું બોલવું થયું હતું. બીજી મીટીંગ ઓરપાડમાં ૧૫) માણસોની હતી.

ત્યાર પછી શેઠ મોહનલાલ તથા મી. લાભશંકરભાઇ અને ડો. દીનશાજી વિગેરેએ શેઠ પ્રેમચંદ રાયચંદની વાડીમાં જઇ જૈન કોમની મિટિંગ ભરી હતી.

પછી ખેત્રપાળ–અંતેજોના પટેલોની મિટિંગ ભરવામાં આવી હતી તથા રાતના વખતે મી. લાભશંકરભાઇ તથા શેઠ. મોહનલાલ મગનલાલ તથા ડો. દીનશાજી અને મી. ગોરધનદાસ તથા મી. અમથાલાલ ગયા હતા. તે વખતે તે લોકોએ દારૂ માંસનો ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક મી. ભગવાનદાસ મીઠાભાઈનો પ્રવાસ.

આ પરીક્ષકના પ્રયાસથી પાલણપુર જીલ્લાના વાવ ગામમાં એક નવી પાઠશાળા ખોલવામાં આવી છે. આ ગામના રાણા ચંદ્રસિંહજીના પ્રમુખપણા નીચે આશરે ૫૦૦ માણસોની એક જાહેર સભા ભરવામાં આવી હતી. અને તેમાં મી. ભગવાનદાસે ભાષણદ્વારા અસરકારક ઉપદેશ આપ્યો હતો. અને તેનું પરિણામ એ થયું કે વિદેશી ખાંડ, દારૂ, માંસ વિગેરે ભ્રષ્ટ ચીજો નહીં વાપરવા ઠરાવ કરવામાં આવ્યો હતો.

**સમી**—અત્રેની પાઠશાળાના નિભાવ માટે તજવીજ કરી ઉપદેશદ્વારા કન્યાવિક્રય, રડવાકુટવા, ફટાણા ને વિદેશી ભ્રષ્ટ ખાંડ વિગેરેનો ત્યાગ કરવા પ્રતિજ્ઞાઓ લેવડાવી છે.

**રાધનપુર**—અત્રેની પાઠશાળાઓ ઉપર દેખરેખ રાખવા માટે એક કમિટી મુકરર કરી છે. શિક્ષણપધ્ધતિમાં બનતો સુધારો કરાવવા સાથે કૉન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવા બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**બેણાપ**—નવી શાળા સ્થાપન કરી તથા કૉન્ફરન્સના ઠરાવ વિષે ભાષણ કરવાથી શ્રોતાજનોમાં સારી અસર થઇ છે.

**સુઈગામ**—નવી શાળા સ્થાપન કરી એક જનરલ સભા ભરી ભાષણદ્વારા કન્યાવિક્રય, બાળલગ્ન, ફટાણાં, તથા પરદેશી ખાંડ અને કેસર, દારૂ, માંસ વિગેરેને દેશવટો આપવાનો આખા ગામે ઠરાવ કર્યો છે.

**મોરવાડા**—સાધારણ વાંચનાલય સ્થાપ્યું છે તેમજ કૉન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા ભાષણ આપ્યું જેની અસરથી આખા ગામવાળાએ પરદેશી ખાંડ, ચામડાનાં પુઠાં, કચકડાંની ચીજો, વિલાયતી દવા વિગેરે ન વાપરવા પ્રતિજ્ઞા લીધી છે.

**ઉચ્ચાસણ**—અત્રેના દેરાસરમાં થતી કેટલીએક આશાતનાઓ દૂર કરવા ઉપદેશ કરવાથી તેની અસર સારી થઈ છે ને આશાતના અટકાવેલ છે.

**ઉપદેશક ત્રીભોવન જાદવજીના** પ્રવાસ દરમિયાન ઉપદેશદ્વારાથી થએલા ઠરાવોની હકીકત નીચે પ્રમાણેઃ—

**મેવાસા,** પીઠવડી, ઝીંઝુડા, ભમોદરા એ ગામોમાં જૈનવર્ગમાં હાનિકારક રીવાજો અટકાવવા પ્રયાસ કર્યો, માટે ફટાણાં તથા બજારમાં રડવા કુટવાડું બંધ કર્યું, સુકૃતભંડારનું ઉઘરાણું કરી મુંબઇ મોકલવું, પરદેશી ખાંડ

વાપરવી બંધ કરી, બોકડાનાં બચ્ચાંને ઉછેરવાં ને ૪ માસનાં થયા બાદ પાં. જરાપોળમાં મોકલવા ઠરાવ કર્યો, તે સિવાય પિયાવા ગામમાં કુસંપને લીધે બે તડ હતાં તેઓને ભેગા કરી એકસંપ કર્યો.

---

# हमारा उपदेशक

## मि. नाथूजवरच गादियाका प्रवास.

दिगढान होलकर स्टेटमें जाकर सर्व जैन बान्धवोंको एकत्रित कर भाषन देकर जो ठेराव पास करवाये वो (१) जैन पाठशाला कायम करना (२) जैन विधि अनुसार लग्न किये जावे [३] यदि श्री मांडवगड वार्षिक मेलेपर प्रांतिक कान्फरन्स हो तो तन मन धनसे मदत देना [४] दिगढान जैन मन्दिरके पास कुम्हार लोग रहते है और वो वहां निमाडा पकाते हैं इससे आसातना लगती है वो दूर करना इत्यादि.

---

# उपदेशकसे हुवेला लाभ.

गोविन्दगड जिला अजमेरमें मेता पृथ्वीराजजी बक्तावरमलजी ने कुल लोगों इकत्रित करके, कन्याविक्रय इत्यादि हानिकारक रिवाजोंपर असरकारक भाषण दिया. उस भाषणसे श्रोताओं पर बहोत उत्तम असर हुवा कि सबने मिलकर निम्न लिखित ठहराव किया.

१ कन्याका पैसा किसीने नहीं लेना.

२ चालीस वर्षकी वयसे ज्यादा वयवालेको कन्या नहीं देना.

३ कन्याके पिताकी किन्चित शक्ति न हो तो २०० से २५० तक ले परन्तु इतना भी लेनेवालेके यहां जाति भात वगेर: जीमनेको न जावे.

४ जिसकी शक्ति न होने परभी कन्याका पैसा न ले तो उसने एक सेर घी होमकर कन्याविवाहा देना चाहिये [ जोकि कंकु और कन्या कही जाति है. ] उसको कोइ कुच्छु न कहसके इस मुताबिक ठहराव करके पंचोने अपनी सही यां की है—सदा दस्तावेज वहांके पंचोके पास है. इति.

# ગ્રંથાવલોકન.

લેખમાળા મણકો ૧ લો લગ્ન–આ નામના નિબંધની પહોંચ સ્વીકારતાં અમને ઘણો સંતોષ થાય છે. જૈન ગૃહસંસાર સુધારવામાં આવી માળા બહુ ઉપયોગી થઇ પડશે. તેનો પહેલો મણકો લગ્ન નામનો એવી સરળ ભાષામાં લખાએલો છે કે તે વાંચવાથી જરૂર લગ્ન સંબંધી આપણા આધુનિક દુષ્ટ વિચારો નષ્ટ થશે અને લગ્નનો પવિત્ર મૂળ હેતુ દરેક વીરપૂત્ર સમજતો થયો કે પછી બાળલગ્ન, કન્યાવિક્રય, કજોડાં વિગેરે હાનિકારક બદીઓ આપણી કોમમાંથી પલાયન કરી જશે એ નિઃસંશય છે. હાનિકારક રીવાજોમાંથી આપણી પ્રજાને મુક્ત કરવા માટે કોન્ફરન્સ ઓફીસે હાનિકારક રીવાજ નિષેધ નિબંધમાળા પ્રસિદ્ધ કરવી શરૂ કરી છે. આ માળાના બે મણકા પ્રસિદ્ધ થઇ ચુકયા છે અને ત્રીજો મણકો તૈયાર થાય છે તેવા સમયમાં જૈન ધર્મપ્રસારક સભા તરફથી આ લેખમાળા પ્રગટ થતી જોઇ તેમાં પણ હાલ જેની જરૂર છે તેવા લગ્ન સંબંધીજ લેખો લખાતા જોઇ અમે આનંદિત થઇએ છીએ, અને આ સભાના ઉત્તમ પ્રયાસ માટે ધન્યવાદ આપીએ છીએ. અને આ નિબંધના લેખક શાહ કુંવરજી આણંદજીએ જૈન શાસ્ત્રોના આધારે હાલના જમાનાને અનુકૂળ વિચારો બતાવ્યા છે તેને માટે અમે વિશેષે કરીને તેમને અભિનંદન આપીએ છીએ.

પ્રાંતે અમે ઇચ્છીએ છીએ કે આપણી કોમમાં આવી ઘણી માળાઓ લખાઓ કારણકે જેમ જેમ આવા નિબંધો આપણામાં બહોળે હાથે વંચાશે તેમ તેમ આપણો ગૃહસ્થાશ્રમ સુધરતો જશે અને ગૃહસ્થાશ્રમ સુધર્યો કે પછી સર્વ સાધનો એની મેળે મળશે.

---

॥ श्री ॥

# श्री पडासली तीर्थ और शेठ लक्ष्मीचंदजी घीया.

---

मालवा प्रान्तमें पडासली नामक एक ग्राम है, वहां श्री रिषभदेव भगवानका तीर्थ है यह स्थान बी. बी. सी. आइ. रेलवे के श्यामगढ स्टेशनसे ६ माईल दूर है.

यहां पहले आषाढ महिनेमें मामुली मेला होताथा बादमें पूज्य मुनिश्री तीर्थविजयजी महाराजके उद्योग व उपदेशसे एक बडा भारी मेला चार वर्षसे, प्रतिवर्ष फाल्गुन शुदी ४–७ तक होता है ईस अवसर पर बहोत यात्री आते हैं और बडा उत्सव होता है.

गत वर्ष भानपूरा निवासी चोरडिया पेमराजजी जो के इस मेलेके प्रबंधक है एक पत्र श्री जैन श्वेताम्बर कान्फरन्सके मालवा प्रान्तिक आफिस प्रतापगढमें ईस आशयका भेजा के प्रान्तिक सेक्रेटरी श्रीयुत्त शेठ लक्ष्मीचंदजी साहब घीयाको ईस अवसर पर पधारना चाहिए मगर उक्त शेठ साहबके यहां विवाहका कार्य होनेकी वजह वहां जाना असंभव हुवा और आपने एक उपदेशक दावडा केसरीमलजीको उपदेशार्थ भेजदिये.

ईस वर्ष पुन: एक एक पत्र उक्त प्रबंधक महाशय व जमनालालजी गोरीलालजी वेदव हीरालालजी भेरूलालजी कनिजा निवासीका आया के ईस वर्ष तो शेठ साहबको जरूर ही पधारना चाहिए, इस परसे शेठ साहबने एक पत्र श्री जैन श्वेताम्बर कान्फरन्स आफिस बंबईको लिखा कि एक सदोपदेशक जिस्के भाषण प्रभावशाली हो पडासली मेलेके मोकेपर भेजना चाहिए लेकिन हींदी भाषाका जानने वाला उपदेशक नहीं मिलनेसे कान्फरन्स आफिससे संतोषजनक उत्तर न मिला. शेठ साहबने ईस मेलेके मोकेपर जानेका विचार अपने मित्र साबिक दीवान साहब मनालालजी भाचावतसे किया.

उक्त दोनो महोदय ता. २४–२–०९ को रवाना होकर श्यामको श्यामगढ स्टेशन पर पहुंचे और ता. २५–२–०९ के फजरमें पडासली पधारे. आपके पधारनेकी खबर वहां पहलेही तारद्वारा पहुंच चुकीथी इससे वहांके प्रबंधक व आगत यात्रीयोंने आपका सहर्ष स्वागत किया और वहां दरशन पूजन बडे आनंदसे कीयी.

यात्री करिब दोतीन सहस्रके आएथे व्यापारियोंका बाजार भी लगाथा मानो जंगलमें मंगल दिखताथा. उसदिन रथयात्राका उत्सव बडेही समारोहके साथ मय रथ यात्राके किया गया, बेंड व फोनोग्राफ, नक्कारे, निशान, हाथी घोडे संगात मंडलीकी खूब धूम थी बडाही उम्द: दृश्य था, सवारी पिछी ५ बजे मंदिरजीमें पहुंची.

रातको आरती हुवे बाद शेठ साहबने " धर्म व तिर्थोन्नति " के विषयमें बडाही मनमोहक प्रभावशाली करिब १।। घंटे तक भाषण दिया. असर उस्का यह हुवा के आगत सज्जनोंने एक तीर्थोद्धार कमेटी स्थापन करनेकी इच्छा प्रकट की.

सब संघने राय मिलाकर एक पडासली तीर्थोद्धार कमेटी स्थापीत की व निम्न लिखित उस्के सेक्रेटरी व मेम्बर चुने गए.

सेक्रेटरी.

सा. पेमराजजी चोरडिया भानपूरा निवासी.

मेम्बर.

सा. हीरालालजी भेरुलालजी सकलेचा कनेज.

| | |
|---|---|
| सा. जमनालालजी. | डग. |
| सा. केसरीमलजी. | डग. |
| सा. गिरधारि लालजी. | ,, |
| सा. किशनलालजी वैद्य. | सगोरिया |
| सा. वसन्तिलालजी. | ,, |
| सा. दोलत कुंवरजी. | आगर. |
| सा. हीराचंदजी साहब कोठारी, | |
| सूबा साहिब रामपूरा. | रामपूरा. |
| सा. गुलाबचंदजी छाजेड. | गरोठ. |
| सा. धन्ना लालजी. | आवर. |
| सा. कंवरलालजी. | ,, |
| सा. मुथरालालजी. | गंगधार. |
| सा. केसरीमलजी. | ,, |

सेक्रेटरीके कर्त्तव्य.

१ कुल हिसाब साफ रखना.

२ तामिर वगेराका कार्य करनेके लिए इन्तिजामकी सलाहके वास्ते समय २ पर मेम्बरोंकी राय लेना.

३ जो कार्य वर्षके अंदर हो उस्की वार्षिक रिपोर्ट देना.

४ तीर्थकी आम्दनीके ईस प्रकार खाते रखना.

(क) मंदिर खाता.

(ख) साधारण खाता.

(ग) धर्मशाला खाता.

( नोट ) फिल हाल खजांची कार्यभी सेक्रेटरी करेंगें.

ईस कमटीके स्थापन करनेमें निम्न लिखित ग्रामोंके सज्जनोंकी राय सम्मिलित है.

१ प्रतापगढ २ कोटा ३ भानपुरा ४ रूनिजा ५ गरोठ ६ डग ७ बडोद ८ आगर ९ लालगढ १० चेचक ११ जारडा १२ मेहिदपुर १३ उहारगढ १४ सगोरिया १५ कसारी १६ लदुना १७ सीतामऊ १८ खाईखेडा १९ जालरापाटन २० कुंडला २१ गंगधार २२ धसोई २३ आवर २४ आलोट २५ ताल २६ खजुरी २७ पंचपहाड २८ बोलिया २९ पावटी.

दुसरे दिन पुनः रथ यात्राका उत्सव किया गया वही गाजाबाजा बेंड संगीत मंडली नकारे आदिकी बडीधुम थी, कोटेके स्वधर्म बंधुओंके भक्तीसे विशेष आनंद रहा.

संध्याको आरती होनेके बाद कोटा निवासी श्रीयुत विमलचंदजी यत्तीने सुधारे संबंधी गायन कीया, फिर सेठ साहबने कान्फरन्सके ठहरावोंपर अमल करनेके लिए व सुधारेके विषयमें प्रभावशाली भाषण करिब २ घंटेतक दिया आपने श्रोताओंके दिलमे ईस बातको जमादी के सुधारे करना कितने आवश्यक हे. श्रोताओंने भाषण सुनकर जाहिर किया कि, कितनेक सुधारे तो हम कर चुके हैं और कुछ कुरिवाज बंदकर आपको सूचना देंगे [ वह सूचना आने पर पुनः प्रकाशित की जायगी ]

ईस मेलेकी जो आय पहले हुई उससे धर्मशाला वजीर्णोद्धारका काम शुरू करदिया गया मगर अभी आर्थिक सहायता की बहोत आवश्यक्ता है, ईस मेलेके अवसर पर कलशः प्रतिष्ठादिकी आम्दनी करिब ८००] रूपेके हुई.

ईस तीर्थस्थलमें एक गुमटीमें श्री रिषभदेव भगवानकी प्रतिमा श्वेतवर्ण बिराजमान है यह वीर संवत् ६९९ की है, अब जीर्णोद्धारका जो कार्य शुरू किया गया है मंदिरजी बनानेके लिए एक विशाल सीमा निर्धारित की गई है.

ईस तीर्थमें जैनियोंके सिवाए बहोतसे अन्य मतावलम्बी भी आते हैं और मानता आदि भी करते हैं, बहोतसे नारियल फोडते है, कोई वस्त्र सहित ही केसरादि चढाते कोई किसी और ही ढंगमें श्री आदिनाथ भगवानकी पुजा करते है तात्पर्य यह कि दृश्य देखने योग्यथा.

यह कुल सुधारे वधारे मेला होनेके बाद सेठ साहब वापिस पधारने लगे तब कई सज्जनोंने आपको मानादिया, कुछ दूरतक साथ आकर हर्ष प्रकाशित किया.

ता. २७-२-०९ को रवाना होकर रतलाम पहुंचे वहा श्री मुनि पन्यासजी श्री कमलविजयजी आदि महाराजके दरशन किये, दुसरे दिन महाराज साहबके वाख्यान होनेबाद सेठ साहबने पडासली तिर्थका बयान वर्णन किया और रतलाम संघको सूचित किया के यह स्थान आपके पास होनेपर भी आप नहिं जाते हैं ईस लिए आपका वेहा जाना कितना आवश्यक है, जिसपरसे कई बंधुओने महाराज साहबके समक्ष आगामी वर्ष मेलेमें जानेकी प्रतिज्ञा की. बादमें सेठ साहबने मालवा प्रान्तके तीर्थोंके लिए जेसे मक्सी, मांडवगढ, सेमालिया, वई पार्श्वनाथ, बिबडोद आदिमें तीर्थ रक्षक कमेटी स्थापन करनेकि आवश्यकता बताई.

श्रीयुत सेठ केसरीसिंहजी साहबसे मिलना हुवा तो आपने ईस मेलेमें जानेकी आवश्यकता बताई और भी अन्य वार्ता लीप होनेके पश्चात सेठ साहिब मंदिसोरके लिए रवाना हुवे.

मंदसोरके अगुओंको भी सेठ साहबने सदोपदेश देकर उनका दिल आगामी वर्ष श्री पडासली मेलेमे जानेके लिए रूजु कराया बादमें वहांसे रवाना होकर व ता. १ मार्च सन् १९०९ को स्वस्थान पधारे.

यदि एसेही कुछ मालवेके अग्रेसर महोदय स्वधर्म व जाति सुधारके लिए अपना थोडासा टाईम भी देकर कोशिश करें तो थोडेही समयमें ईस गिरे हुवे मालवेकी स्थिति सुधर सक्ती है, आशा है कि धार्मिक, धनिक, बुद्धिमान महाशय उक्त सेठ साहबका अनुकरण करेंगें. और पडासलि तीर्थोद्धारके लिए मदद देंगें.

हम वारम्वार सेठ साहबकि उदारता व परिश्रमकी प्रशंसा किये विगर नहि रह सक्ते और हमेशा दिन दूगनी उन्नती इच्छते हैं ॥ शुभम् भूयात् ॥

श्री संघका शुभेच्छक,

( लेखक ) एक जैन

प्रतापगढ—मालवा.

# શ્રી જૈન વિદ્વાનોને ખુલ્લો પત્ર.

માનવંતા સાહેબો !

આપના માટે મારી અને આખી જૈન કોમની ઘણી લાંબી આશાઓ છે, અને આપ સાહેબો એ રૂડી આશાઓ પાર પાડવાને માટે બનતો પ્રયાસ કરો છો તેથી ખુશી થવાનું છે. આપના ઉપર સરસ્વતી પ્રસન્ન હોવાથી યા આપ સરસ્વતીના ઉપાસક હોવાથી આપણા ધર્મનો ને આપણા શ્રી સંઘનો મોભો સાચવી રાખવાનો ભાર આપના શિર સમજવામાં આવે છે. આપના ઘરની, કુટુંબની, જ્ઞાતિની, સંઘની, મહાજનની અને પ્રજા તથા રાજાની સેવા આપ બજાવો છો, તે માટે સંતોષ ઉપજે છે. પ્રાચીન કાળમાં વિદ્વાન પુરૂષોએ શ્રી લક્ષ્મીનો પરિગૃહ ત્યાગીને ધર્મની ધ્વજા ઉડાવવા સારૂ નિઃસ્વાર્થ પરિશ્રમ સેવેલ હતો એ વાત કાંઇ જાણવા બહાર નથી. અરણ્યમાં રહીને જે જે શોધ ખોળો કરી હતી તે શોધ ખોળો દુનિયાને આજે હેરત પમાડે છે. આત્મા, જીવ અને તત્વના વિચારોમાં આપણો જૈન ધર્મ ઘણોજ આગળ વધેલો છે, એ સંબંધે થતી શોધો માટે જ્યારે પશ્ચિમની પ્રજા વિચાર કરે છે, ત્યારે શોધો તો ઘણાક જમાના અગાઉ આપણા પૂર્વાચાર્યોએ કરી હતી. શ્રી સર-

સ્વતિ અને શ્રી લક્ષ્મીનો સંયોગ થાય ત્યાં અદ્ભૂત શોભા ખડી થાય છે. આજે એવા સંયોગનો લાભ ધરાવતા કેટલાક પુરૂષો આપણા સંઘમાં છે. ત્યારે શું નથી ? એ માટે જો વિચારીએ તો જણાઈ આવે છે કે જોઇએ એવી શાન્તિ નથી ! શાન્તિ નથી ! એનો વિચાર કરીએ છીએ તો જણાય છે કે સંતોષની ગેરહાજરી છે ! સંતોષ કેમ નથી એ જોઇએ છીએ તો જાહેર હિંમતની ખામી યાતો આત્મિક બળની ન્યુનતા જણાય છે. અને એ બળ પ્રાપ્ત કરવાનો રસ્તો જ્ઞાન છે. ત્યારે શું ? આપણા વિદ્વાન બંધુઓ શું જ્ઞાનની પૂજા નથી કરતા ? ના તો કહી શકતો નથી. પરંતુ હા પાડતાં મારા ચરણ ધ્રુજે છે ! જો આપણો વિદ્વાન વર્ગ પરિશ્રમ કરે તો તેની આગળ બહોળું ક્ષેત્ર પડેલ છે. આપણે દ્રવ્યની આશા ઉપરાંત કારોબારની આશા પણ જૈન શેઠ સાહેબો ઉપર બાંધીએ છીએ. આપણામાં લગભગ બસો જેટલા ગ્રેજ્યુએટો છે. એ પૈકી પચાસ પણ જાહેર કાર્યોમાં ભાગ લેતા નથી. જો એ ભાઇઓ ભાગ લહે તો આપણાં વર્તમાન પત્રોમાં કેવા સારા લેખો આવે ! જો એ ભાઇઓ જુના લેખો માટે શોધ ખોળ કરે તો કેટલું વિશેષ અજવાળું પાડી શકે ? આપણા ધાર્મિક ગ્રંથોનાં ઇંગ્રેજીમાં ભાષાંત્તરો અને નોટો કરવાની જરૂર છે. પ્રાકૃત ભાષા શીખવા માટે ઇંગ્રેજીમાં ગાઇડ કરવાની પણ ઓછી જરૂર નથી. આપણા જૈનો અને આપણા ધર્મની ઉન્નતિ કરવા માટે જૈન સેંટ્રલ કોલેજ બી. એ. સુધી શીખવે એવી કાઢવાની જરૂર છે. પણ એ કાર્ય બજાવવા સારૂ કોણ પોતાની સેવા અર્પણ કરવાને તૈયાર છે ? સર સયદ અહમદે અલીગઢ કોલેજ કરવા માટે મહાન્ પરિશ્રમ કર્યો હતો. સેંટ્રલ હિંદુ કોલેજ માટે વિદુષી બાઇ એનીબીસાંટ પારાવાર શ્રમ કરે છે. દયાનંદ કોલેજ માટે ઘણાક ગૃહસ્થોએ ધન, અને તન અર્પણ કરેલ છે. ફરગ્યુસન કોલેજ માટે મી. તિલક, ગોખલે, અગરવાળા, પ્રાંજપે આદિએ સેવા અર્પણ કરી છે. ત્યારે શું આપણી જ્ઞાતિમાંથી એવી સેવા કરવાને કોઇ બહાર આવે છે ! વાતો કરવા કરતાં, ખામીઓ શોધવા કરતાં, નવી નવી પદ્ધતિઓ બતાવવા કરતાં વ્યવહારૂ રીતે જાહેર કામકાજે ઉપાડી લેવાને યત્ન કરો ! કોઈ આમંત્રણ કરે તેની રાહ જોવાની ટેવ છોડી દ્યો અને બીજાને આમંત્રણ કરવાને સત્તાવાન થાઓ. આ બધું કરવાને જો સારા સયોગો ન દેખાતા હોય તો છેવટે દરરોજ થોડી થોડી વખત દેશની, ધર્મની, સંસારની અને સંઘની ઉન્નતિ માટે વિચાર કરો અને પચાસ વર્ષની ઉમર થાય કે સંસારિક મથનમાંથી રાજીનામું આપી જાહેર ફરજ બજાવવાને વાનપ્રસ્થ સ્થાન સેવવાને યત્ન કરો. આશા છે કે આ મારી દરખાસ્ત તરફ માનની નજરથી જોવા કૃપા કરશોજી.

વઢવાણ શહેર.

લી. દાસાનુદાસ,
શાહ. નારણજી અમરશીના
જયજીનેંદ્ર વાંચશોજી.

# હાનિકારક રીત રીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી. )

( અનુસંધાનઃ પૃષ્ટ ૬૬ થી. )

આ મરકી, દુષ્કાળ, કોલેરાના વિશેષ પ્રસારના સમયમાં બાળવિધવાઓની સંખ્યામાં વધારો થતો જોવામાં આવે છે. તે પણ બાળલગ્નનેજ આભારી છે. બાળલગ્નને અટકાવવાના કાર્યમાં આપણે ધીમે ધીમે પણ દૃઢતાથી આગળ વધીશું તો સહેલાઇથી ફાવી શકીશું. બાળલગ્ન એકદમ બંધ કરવામાં આવે તે પહેલાં બાળકોની નાની ઉમરમાં સગાઈ કરવામાં આવે છે. તે તરફ લક્ષ આપવાની જરૂર છે. સગાઇજ તેઓની મોટી ઉમરે કરવામાં આવે તો આપણે જે કજોડાના અનેક દાખલાઓ આપણી દૃષ્ટિ સન્મુખ જોઇએ છીએ તે જોવા પ્રસંગ આવે નહિ.

આ સંબંધમાં ભાવનગર નિવાસી **શેઠ ત્રિભુવનદાસ ભાણજીનો** દાખલો વિવેકી માબાપોએ ખાસ અનુકરણ કરવા યોગ્ય છે. જ્યાં સુધી રીવાજમાં વિશેષ ફેરફાર કરી શકયા નથી ત્યાં સુધી સગાઇ કરતી વખતે બીજી બાબત લક્ષમાં રાખવાની એ છે કે–વર કન્યાની ઉમર વચ્ચે પાંચ સાત વર્ષનો તફાવત રાખવો, એટલે તેઓની નાની ઉમરમાં લગ્ન કરવાની જરૂર રહે નહિ. અને મોટી ઉમરે લગ્ન થતાં પતિ પત્ની પોત પોતાના ધર્મો સમજતાં પત્ની સહધર્મચારિણીના યોગ્ય નામને લાયક થાય.

પરણાવ્યા પહેલાં કન્યા જો સ્ત્રી ધર્મમાં આવે તો તેના માબાપ નર્કમાં જાય એવો ખ્યાલ જૈન શાસ્ત્રાનુસાર સંભવતો નથી. અને તેથી મનમાંથી કાઢી નાંખવો જોઇએ. ક્ષાત્ર સમયમાં માંહો માંહેની અગર અન્ય પ્રજાની સાથેની લડાઈના સમયમાં લડાઇમાં ઉતરનાર પુરૂષોની જરૂરીયાત હોવાને લીધે વધારે પ્રજાની ઉત્પત્તિ કરવાના હેતુથી કદાચ આવા ખ્યાલને ઉત્તેજન મળતાં બાળ લગ્ન કરવામાં આવતા હોય પરંતુ હાલનો સમય તેથી વિપરીત છે.

ઉક્ત રીવાજથી આવા સખત હરીફાઇ (competition) ના જમાનામાં મોંઘવારીના સમયમાં બાળ પુરૂષ પોતાનું ગુજરાન કરવાને પણ સમર્થ હોતો નથી ત્યાં તેને પોતાની પત્નીનું તથા પુત્ર–પુત્રીનું ભરણપોષણ કરવાની ફરજ માથે આવી પડે છે. અને સંસારનો ભાર વહન કરવાની ફીકર થાય છે.

દીલગીર થવા જેવું તો એ છે કે માણસો પોતાના જાનવરોને સંબંધ કરવામાં જે નિયમો જાળવે છે તે નિયમો પોતાના બાળક યા બાળકીના સંબંધમાં જાળવવા ઉત્સુકતા બતાવતા નથી.

યુરોપ જેટલે દૂર ન જતાં. હીંદુસ્તાનની જ આબો હવામાં ઉછરેલી પારસી તથા અન્ય પ્રજાઓમાં બાળલગ્નનો પ્રચાર નથી તે કોમનો દાખલો લઇ બાળલગ્નના પ્રતિબંધથી થતા અગણિત લાભોનો વિચાર કરવાની આવશ્યક્તા છે.

સમસ્ત જૈન પ્રજા ગાયકવાડ સરકારના મુલકમાંજ વસતી હોત તો બાળલગ્નના સવાલને આપણે મુદ્દલ ચર્ચવાની જરૂર રહેત નહિ. પરંતુ વસ્તુ સ્થિતિ જ્યારે તેનાથી ઉલટી છે ત્યારે તત્સંબંધે તાકીદે વિચાર કરી જ્ઞાતિના અગ્રેસરોએ નિર્ણય ઉપર આવવાની જરૂર છે. સામાન્યતઃ દરેક કાર્યમાં પ્રજાવર્ગ આગેવાનોનુંજ અનુકરણ કરે છે અને તેથી આગેવાનો જ્યાં સુધી આ સંબંધમાં યોગ્ય ઠરાવ કરી પોતે તે પ્રમાણે અમલ કરશે નહિ ત્યાં સુધી સુધારાના કાર્યમાં ફતેહ મેળવવાની આશા વ્યર્થજ સમજવાની છે.

---

વૃદ્ધવિવાહ—જે ઉમરે સંસારના કાર્યથી નિવૃત્ત થઇ યથાશક્તિ ધર્મ આરાધન કરવાની પરમ આવશ્યકતા છે તે ઉમરે પણ કામવૃત્તિ ( passion ) ઉપર જય મેળવી શકાય નહિ, અસાર સંસારના વ્યવહારમાં મોહાંધતાથી વિશેષ રાચી માચી રહેવાનો પ્રસંગ હાથ ધરવામાં આવે તો તે અવનતિનું—અધોગતિનું સૂચન કરાવનારૂં ગણાવું જોઇએ. કંઇક અંશે વિવેકની હદ ઓળંગી જણાવવામાં આવે છે. વિવાહ ત્રણ પ્રકારના હોય છે. એક બાળલગ્ન જેમાં માબાપ ખુશી થાય છે, બીજો યોગ્ય વયના સ્ત્રી પુરૂષોનો વિવાહ જેમાં દંપતી આનંદિત થાય છે અને ત્રીજો વૃદ્ધવિવાહ જેથી કરીને પાડોશીઓ મોજ માણી શકે છે. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે વૃદ્ધ વિવાહથી અનીતિને—વ્યભિચારને અસાધારણ ઉત્તેજન મળે છે.

વૃદ્ધવિવાહ કરનારનો હેતુ કાંતો કામતૃપ્તિ અગર પુત્રેચ્છા અગર પોતાની વૃદ્ધાવસ્થા સમયે, મંદવાડ સમયે, ચાકરી કરનાર કોઈ જોઇએ તે ગણત્રી હોય છે. કુટુંબ કલેશને લઇને પુત્રની સાથેના અણબનાવથી સીધી યા આડકતરી રીતે તેનું અહિત કરવાની દ્વેષ બુદ્ધિથી પણ કોઇ પ્રસંગે વૃદ્ધવિવાહ થતા જોવામાં આવે છે અને ધનિકપણું આવા દુષ્ટ રીવાજને ઉત્તેજન આપે છે. **વૃદ્ધવિવાહ અને કન્યાવિક્રય બન્ને પરસ્પર અવલંબીને રહેલા** છે. એકથી બીજાને આશ્રય મળે છે. અને બીજાથી પેલાને ટેકો મળે છે. એમાંથી એકને બંધ કરતાં બીજો સ્વતઃ બંધ થઈ જશે.

વૃદ્ધવિવાહ કરનારાઓ તેથી નીપજતા અનિષ્ટ પરિણામોનો વિચાર કરી તે બંધ કરવા પ્રેરાય તેના કરતાં જ્ઞાતિ તરફથીજ તત્સંબંધમાં ૫૦ અગર ૫૫ વર્ષની ઉમર પછી કોઇ પણ સંજોગોમાં વિવાહ થઇ શકેજ નહિ તેવો ઠરાવ કરવામાં આવે તે રામબાણ ઉપાય લાગે છે.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
"શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## દિગ્દર્શન.

**ધર્મનીતિના શિક્ષણ સંબંધી પ્રશ્નાવલિ.**

આ અંકમાં આપવામાં આવેલી શ્રી કેળવણી કમીટી તરફથી તૈયાર કરવામાં આવેલ પ્રશ્નાવલિ ઉપર અમે સુજ્ઞ વાચકવર્ગનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ. ધર્મનીતિની કેળવણી આપવાની આવશ્યકતા સંબંધે હવે ઘણે ભાગે બે મત નથી, પણ તે કેવી રીતે આપવી તે વિષે હજી ઘણા મતભેદ છે. આ વિષય શાળાઓને નવીન હોવાથી, તેમજ તદ્દન ભાવાત્મક હોવાથી તેનું શિક્ષણ આપવું એ ઘણું મૂશ્કીલ કામ છે; અને ઘણીવાર ધર્મના મર્મ યા રહસ્યથી અજ્ઞ, અકુશળ, તથા બીન અનુભવી શિક્ષકને હાથે તેવા શિક્ષણથી વ્યવહારિક તેમજ પારમાર્થિક હાની સંભવે છે; કેમકે અયોગ્ય શિક્ષક ઘણી વખત કુદરતના પ્રતિરોધો દૂર કરવાને બદલે વધારે છે. આ તેમજ અન્ય કારણોને લઇને, આ વિષય સંબંધે શું શું ને કેવી રીતે શિક્ષણ આપવું એ કાર્ય દરેક શિક્ષક પર ન છોડતાં, તેને અંગે વિદ્યાર્થિઓને માટે એક વાંચનમાળા તથા શિક્ષકોને માટે ખાસ માર્ગસૂચક પુસ્તક તૈયાર કરાવવાની જરૂરીયાત ચોતરફથી દર્શાવવામાં આવે છે અને તે વાસ્તવિક છે. શિક્ષકો માટે જે માર્ગસૂચક પુસ્તક રચાય તે ઉક્ત વાંચનમાળાને ઉદ્દેશીને તૈયાર થવું જોઇએ, એટલે પ્રથમ વાંચનમાળા અને પછી તેને ઉદ્દેશી શિક્ષક માટે સૂચનાઓ લખાવી જોઇએ; માટે પ્રથમ આ વાંચનમાળા રચાવાનું કાર્ય

વાસ્તવિક રીતે કેમ થવું જોઈએ તે વિષે હમણા સહજ વિચાર કરીએ.

મૂળ ઉદ્દેશ લક્ષમાં રાખ્યા વિના તેમજ કાંઇ પણ સંકલના કે દીર્ઘ-દૃષ્ટિ વિના કાર્ય કરવામાં આવે તો તે જોઇએ તેવું ઉપયોગી થતું નથી. અને પ્રાયે નિરર્થક નિવડે છે; માટે કાર્યસિદ્ધિ અર્થે સર્વથી પહેલી જરૂર તેને સાધવાના સાધનો તથા પદ્ધતિનો નિર્ણય કરવાની છે. વાંચનમાળા મૂળે કાંઇ સાધ્ય નથી, પણ જે અંતિમ સાધન છે તેને સાધવાનું માત્ર એક સાધન છે એ વાત સર્વદા લક્ષમાં રાખવાની છે. માટે પ્રથમ આ સવાલનો નિર્ણય થવાની જરૂર છે કે ધર્મનીતિની કેળવણી આપવાનો આપણો ઉદ્દેશ શો છે? અથવા, બીજા શબ્દોમાં કહીએ તો, ધર્મનીતિની કેળવણી આપીને આપણે આપણા બાળકોને કેવા બનાવવા ચાહીએ છીએ? આમ ઉદ્દેશ નક્કી થતાં તે પાર પાડવા માટે એટલે આપણા બાળકો આપણે કરેલ ઇચ્છા પ્રમાણે નિવડે તે માટે કેટલી ને શું શું ધર્મનીતિની કેળવણી આપવી આવશ્યક છે એ બીજું નક્કી કરવાનું છે. ત્યાર પછી આપણે કરાવવા ધારેલ અભ્યાસની બાળકોની બુદ્ધિ તથા વયાનુસાર ધોરણવાર વહેંચણી કરી અભ્યાસક્રમ ગોઠવવો એ ત્રીજું કાર્ય છે. આ પ્રમાણે અભ્યાસક્રમ નક્કી કર્યા પછીજ તેને તેમજ મૂળ ઉદ્દેશને બરાબર લક્ષમાં રાખીને વાંચનમાળા રચાવી જોઇએ. “ મૉરલ ઈન્સ્ટ્રેકશન લીગ,” વગેરે એ પણ, નીતિની વાંચનમાળા રચાવવામાં આવી પદ્ધતિ અખત્યાર કરી હતી અને એજ સ્વાભાવિક ક્રમ છે. વળી ધર્મનીતિના શિક્ષણથી કેટલોક ગેરલાભ થવાનો સંભવ અમૂક વિદ્વાનો જણાવે છે, તે વાત પણ બરાબર લક્ષમાં રાખી તેવા પ્રકારની હાની નહિ નીપજે એવી સાવચેતીપૂર્વક વાંચનમાળા રચાવી જોઇએ.

આવા કારણોને લઇને ધર્મનીતિની સર્વમાન્ય વાંચનમાળા રચાવવાની શરૂઆત કરાવવા અગાઉ જનસમૂહને અત્યંત ઉપયોગી આ વિષયની જુદા જુદા દૃષ્ટિબિંદુથી ચર્ચા થવાની તથા સાક્ષરવર્ગના અભિપ્રાયો જાણવાની કેળવણી કમીટીએ અગત્ય જોઇ છે; અને એ હેતુએજ આ પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવેલ છે તથા તેમાં પરસ્પર વિરોધી એવા જુદા જુદા અભિપ્રાયોને એક સાથે સ્થાન આપવામાં આવેલ છે. જનસમાજનું તેમજ પોતાના બાળકોનું હિત જેમને હૃદયે છે એવા દરેક સુજ્ઞ વિચારશીળ બંધુની ફરજ છે કે આ કાર્યમાં તેમણે અમને યથાશક્તિ સહાય આપવી.

જ્ઞાતના અગ્રેસરો પોતે શ્રીમંત હોઈ અગર શેઠ તરીકે ગણાતા હોવાથી સહેલાઈથી કન્યા મેળવી શકતા હોય તે પ્રસંગે સ્વાર્થને અગ્રસ્થાન આપી જ્ઞાતિના હિતનો ઠરાવ કરવા પ્રયાસ કરે નહિ તે એક તેવા અગ્રેસરોના આગેવાનીપણા નીચે રહેતી જ્ઞાતિનું કમનસીબજ સમજવું. જ્ઞાતિ સમુદાયના હિત ખાતર, જન સમાજના લાભ ખાતર, જે જ્ઞાતિના વિવેકી આગેવાનો સ્વાર્થનો ભોગ આપવા તૈયાર થાય નહિ તે જ્ઞાતિની ઉન્નતિની આશા રાખવી તે આકાશપુષ્પવત છે.

કામતૃપ્તિ માટે વિષયવાસનાથી જે વૃદ્ધ પુરૂષો લગ્ન કરવા પ્રેરાય છે તેઓને સાધુ પુરૂષોનો ઉપદેશજ સીધે રસ્તે દોરી શકશે. આવા પુરૂષોથી સ્વાર્થસાધુ-કામી પુરૂષોથી કોમનું શું શ્રેય થવાનું છે તે સમજી શકાતું નથી. તેઓ પોતાની પાછળ બાળવિધવા મુકી જાય છે, જેનો આખો જન્મારો દુઃખમાં, સંતાપમાં અને કવચિત્ અનીતિના કાર્દમાં એળે જાય છે.

પુત્રેચ્છાથી લગ્ન કરનાર વૃદ્ધ પુરૂષના સંબંધમાં પ્રેમનો અંશ સંભવતોજ નથી. પ્રેમતો સરખી ઉમરનામાંજ વધે છે અને જાગૃત રહે છે. વળી પુત્રી નહિ થતાં પુત્રજ થશે તેની ખાત્રી થઈ શકે. નામ સ્મરણ ( ખરી રીતે જોતાં મહાન્ પુરૂષોનાં નામો પણ કાળે કરીને ભુલી જવાય છે ) રાખવાના હેતુથી પુત્રની જરૂર વિચારવામાં આવતી હોય તો થનાર પુત્ર સદ્‌ગુણી નીવડશે તેની ગેરન્ટી શું ? પોતાની સંપત્તિનો વારસ થનાર પુત્ર જોઈએ, એવી ઈચ્છા રાખનાર શું દ્રવ્યનો બીજો કાંઈ વ્યાજબી ઉપયોગ સમજી શકતો નથી ? જનસમાજના હિતના કાર્યમાં પોતાના પૈસાનો ઉપયોગ કરવાનો આદેશ આપી પુણ્ય બાંધી જનસમાજનેજ પોતાને વારસ તરીકે સ્વીકારવો એ શું ઓછું સંતોષકારક છે ?

આ ઉપરથી સૌ કોઈ કબુલ કરશે કે પુત્રેચ્છાથી લગ્ન કરનાર વૃદ્ધપુરૂષ ધર્મ તરફ નહિ દોરાવાથી આત્મઘાતી બની પોતાની પાછળ જેનો આખો ભવ વ્યવહાર નથી વિચારકરતાં બગડયો છે તેવી બાળાને મુકી જઈ કોમને એક બોજા સમાન થઇ પડે છે.

તેવીજ રીતે ચાકરી કરનાર કોઇ જોઇએ એ ગણત્રીએજ વિવાહ કરવો એ શું સમજુ પુરૂષોનું કર્તવ્ય કહી શકાય ખરૂં ? દરેક પ્રકારની અનુકુળતાના-સગવડતાના-આ જમાનામાં પૈસા ખર્ચતાં જે જોઇએ તે થઈ શકે તેવા સમયમાં આવા વિચારોજ ઉદ્‌ભવવા જોઇએ નહિ.

ઉપર જણાવેલા છેલા હેતુના સંબંધમાં લખતાં જણાવવું જોઇએ કે

આવાં લગ્નોથી અનેક કુંટુંબો દુર્દશામાં આવી પડયા છે. સેંકડો બલકે હજારો વર્ષોથી જુદે જુદે સ્વરૂપે ભિન્ન ભિન્ન પ્રજાના રીત રીવાજો તરફથી થયેલા હુમલા સામે અદ્યાપિ પર્યંત ટકી રહેલ આપણી અવિભકત કુટુંબની સંસ્થામાં વૃદ્ધવિવાહથી કુસંપ પેઠો છે–છિન્ન ભિન્ન કરી નાંખી છે. આ પ્રસંગે જણાવવું યોગ્ય ધારૂં છું કે એક બુદ્ધિમાન્ શ્રીમાન્ ગૃહસ્થ તરફથી મને ચોખા શબ્દોમાં કહેવામાં આવેલ કે વિધુર થતાં વિષયવાસનાને રોકવાની સ્થિતિમાં નહિ હોઉં તો અન્ય માર્ગ ગ્રહણ કરીશ પરંતુ કદીપણ વિવાહિત થઇ મારા કુટુંબમાં કલેશને દાખલ થવા દઇશ નહિ આ વિચાર કેટલેક અંશે ગ્રાહ્ય છે.

મિયાં થાય ઘોર જોગ ત્યારે બીબી થાય ઘર જોગ ’ એ કહેવત અનુસાર વૃદ્ધવિવાહથી જે કજોડાં થાય છે તેનો તો પ્રતિકારજ નથી કારણ કે બાળલગ્નનાં કજોડાં તો પુખ્ત ઉમરમાં આવતાં રૂપાંતર થાય છે પરંતુ વૃદ્ધવિવાહથી થયેલા કજોડાનો અંત તો દુઃખમાંજ આવે છે. પાંસઠ વર્ષ કરતાં પણ વધારે મોટી ઉમરના વૃદ્ધપુરૂષને નહિ જેવી રકમ દંડની લઇને જે રકમ પોતે શ્રીમાન્ હોય તેથી ચારગણી તો શું બલ્કે દસગણી રકમ પણ આપવાને સામર્થ્યવાન્ હોય તેવા પુરૂષને જ્ઞાતિના અગ્રેસરો તરફથી પરણવાની સંમતિ આપવામાં આવે અને તેથી જીવદયા પ્રતિપાળક જૈન કોમમાં દુષ્ટમાં દુષ્ટ કન્યાવિક્રયના રીવાજને ઉત્તેજન આપવામાં આવે, ગાય જેવી ગરીબ બિચારી કન્યાના ઐહિક સુખ વૈરાગ્યની હદે પહોંચ્યા નથી ત્યાં સુધી મનાતાં સુખનું સત્યાનાશ વાળવાના કાર્યમાં અને આડકતરી રીતે અનીતિના કાર્યમાં જે જ્ઞાતિના આગેવાનો તરફથી મદદ આપવામાં આવે તે જ્ઞાતિની ઉન્નતિ કેટલી દૂર છે તેની કલ્પના કરવી જરાપણ મુશ્કેલ નથી.

સરકાર પણ પોતાના અમલદારોને પંચાવન વર્ષની ઉમર થતાં ખુરશી ઉપર બેસીને કામ કરવાને પણ અશકત ગણી પેનશન આપે છે, તો જ્ઞાતિના આગેવાનોએ આ સંબંધમાં કોઇપણ છુટછાટ મુકયા વગર અમુક ઉમરની હદ બાંધીને તદ્ ઉપરાંત ઉમરના પુરૂષોને પોતાની સત્તાનો દરેક રીતે ઉપયોગ કરી લગ્ન કરતાં અટકાવવાં જોઇએ. બાળ લગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રયના રીવાજો ઉપર જ્ઞાતિના સુકાનીઓ તરફથી યોગ્ય વિચાર કરી અંકુશ મુકવામાં નહિ આવે અને તેથી બાળ વિધવાઓની વધતી જતી સંખ્યા અટકાવવામાં નહિ આવે તો વખત જતાં તેઓ **જ્ઞાતિબંધુઓનો વિશ્વાસ ખોઈ બેસશે એટલુંજ નહિ પણ જ્ઞાતિનું બંધારણ શિથિલ થતુ જશે** અને સુધારક વિચારના પુરૂષો વિધવાવિવાહની તરફેણમાં થશે જેથી આપણે અજાયબ થઇશું નહિ.

# કેમ સુધારા થાય ?

દોહરા.

મરદાનીના તોરમાં, આમ તેમ મરડાય;
વીશનખી ઘરમાં વઢે, કેમ સુધારા થાય ? ૧૦૦
ચમચમ પહેરે ચાખડી, ઠમ ઠમ ઠમકે પાય;
કડ કડ કડકે કેડીઆં, કેમ સુધારા થાય ? ૧૦૧
ધર્મ તણા સરદાર પણ, પાપી મન વચ કાય;
પોગળ કેરા પોટલા, કેમ સુધારા થાય ? ૧૦૨
વહીવટ સઘળો ખાનગી, વ્યસનીને સોંપાય;
ધર્મ વિરોધી ધડધડે, કેમ સુધારા થાય ? ૧૦૩
આંબા કેરા વનવિષે, કડવાં બી રોપાય;
અમૃતમાં વિષ ભેળવે, કેમ સુધારા થાય ? ૧૦૪
ચોરી જારીમાં ભળે, નોકર એજ રખાય;
ઢોંગીના ઠગલાથકી, કેમ સુધારા થાય ? ૧૦૫
આશા દેવાયા પછી, નિરાશમાં નંખાય;
કદી પ્રતિજ્ઞા નવપળે, કેમ સુધારા થાય ? ૧૦૬
ખાવા, પીવા, લુટવા, તપસ્યમાંહ્ય તપાય;
પણ અંતર બુઝે નહીં, કેમ સુધારા થાય ? ૧૦૭
ધર્મતણા નામે રળે, સ્વાર્થ સબળ સચવાય;
ધર્મ નામથી ધુતતા, કેમ સુધારા થાય ? ૧૦૮
એકલ વિહારી વડે, એકાંતે રહેવાય;
એકલપેટા સેવકો, કેમ સુધારા થાય ? ૧૦૯
દિવાન્ધ રજની યોગ્યને, દિવસે બહાર લવાય;
તડકામાં દીપક કરે, કેમ સુધારા થાય ? ૧૧૦
દિનકરને જો છાબડે, ઢાંકીને ઢંકાય;
ચસમાં આપે અંધને, કેમ સુધારા થાય ? ૧૧૧
જ્ઞાની અજ્ઞાની વડે, નિષ્કારણ નિંદાય;
દોલતવાળા દીનથી, કેમ સુધારા થાય ? ૧૧૨
વનિતાઓ વહેમી બને, કજીયામાં કોપાય;
પતિવ્રતા વ્રત નવ ધરે, કેમ સુધારા થાય ? ૧૧૩

અપૂર્ણ.

# પાંજરાપોળ અને તેની સ્થિતિ.

ગયા અંકથી ચાલુ.

## વડોદરા પાંજરાપોળ.

આ પાંજરાપોળમાંના અશક્ત જનાવરોને ચરવા તથા ત્યાંજ રહેવા માટે બિડની ઘણીજ જરૂર હતી, જેને માટે પાંજરાપોળ કમિટી તરફથી અરજ થતાં નામદાર ગાયકવાડ સરકારે વડોદરા તાબાનું ગણેશપેરા પાસેનું બીડ દર કુંભે રૂ. ૦ા પ્રમાણેના નામનાજ દરથી બાર વરસને પટે આપ્યું. જ્યાં આ પાંજરાપોળની બ્રાંચ ખોલવામાં આવી છે. તે હજી સુધી ત્યાંજ છે. બાર વરસ પુરા થતાં નામદાર સરકારે તે બીડનો દર વધારવાથી પાંજરાપોળે તે બીડ છોડી દીધું. ત્યાર પછી તે બીડની જાહેર હરરાજી થતાં દરવરસે રૂ. ૩૦) ના દરમાં ત્રણ વરસ માટે મળ્યું એમ કેટલાક વરસ ચાલ્યું. ત્યાર પછી સ. દરહુ જમીનની ખેડુતોએ ખેતી માટે માગણી કરવાથી પાંજરાપોળ કમિટીને તે બીડ તથા આસપાસની કેટલીક જમીન ખેતીની જમીનના દરના ભાવથી લેવી પડી. તે સિવાય બીજી કેટલીક જમીન રાખી તેમાંનું ઘાસ આ પાંજરા પોળના જનાવરોના ઉપયોગમાં લેવાય છે તેથી વધારાનું ઘાસ બીજું થોડું લેવાની આ પાંજરાપોળને જરૂર પડે છે.

અગાઉ સ્ટેટ તરફથી કેટલુંક ઘાસ તથા કેટલીક ચંદી અને ટંકશાળ ઉપરનો કાંઇક કર વિગેરે લાગા હોવાથી પાંજરાપોળને મળતું હતું તે હાલ કેટલાક કારણથી બંધ થએલ છે પણ તે સર્વને બદલે ફક્ત વાર્ષિક રૂ. ૨૦૧) મળવા લાગ્યા. હાલમાં તે પણ ઘટીને ફક્ત દરવરસે રૂ. ૧૩૧) મળે છે.

આ સ્ટેટમાં સાર્વજનિક સંસ્થાને માટે એક ધારો છે તેથી તમામ સાર્વજનિક સંસ્થાઓના ઉપજ ખર્ચનું બજેટ બનાવી પાસ થવા માટે સાર્વજનિક સંસ્થાના અધિકારીને મોકલ્યા બાદ પાસ થવાથી તે સંસ્થા તે પ્રમાણે ખર્ચ કરી શકે છે.

સાર્વજનિક સંસ્થા એટલે જેને નામદાર ગાયકવાડ સરકાર તરફથી કાંઇ પણ સાલીયાણું મળતું હોય તે. તે આધારે આ પાંજરાપોળનું ખાતું પણ તેમાં આવી જાય છે તેથી ઉપજખર્ચની દરેક બાબતની દેખરેખ સ્ટેટ તરફથી રાખવામાં આવે છે.

આ પાંજરાપોળને કેટલીક સ્થાવર મિલકતો લોકો તરફથી અને કેટલીક સ્થાવર મિલકત સ્ટેટ તરફથી મળેલ છે અને કેટલીક સ્થાવર મિલકત પાંજરાપોળ તરફથી પણ ખરીદવામાં આવેલ છે, તે સ્થાવર મિલકતોમાં

# શ્રી ધર્મનીતિના શિક્ષણ સંબંધી પ્રશ્નાવલિ.

(૧)—ધર્મનીતિના શિક્ષણ સંબંધે કેટલાક વિદ્વાનોના મત નીચે પ્રમાણે છેઃ તે દરેક વિષે આપના વિચાર પૃથક્ પૃથક્ દર્શાવશોઃ—

( ક )—ધર્મનીતિનું ખાસ શિક્ષણ આપવાથી લાભ કરતાં નુકશાન વિશેષ છે, તેથી એ વિષયપરત્વે વિદ્યાર્થીના મનમાં જે સ્વાભાવિક ઉમળકો પેદા થવો જોઇએ તે થતો નથી, બલ્કે તેપર અભાવ આવી જાય છે, ને ઉલટો તે માયાવી બને છે; માટે એ વિષયનું ખાસ અલાયદું શિક્ષણ આપવું નહિ.

(ખ)—ધર્મ (જૈન, વેદાન્ત આદિ કોઇ પણ માર્ગના ) શિક્ષણથી સ્વમતાગ્રહ તથા મતાંધતા પ્રગટશે, તેથી અધ્યાત્મમાર્ગ પામવામાં વાસ્તવિક દૃષ્ટિએ અંતરાય આવશે, રાષ્ટ્રિય ભાવનાઓને નુકશાન પહોંચશે, તથા અન્ય પ્રકારે પણ હાનિ થશે; માટે એ વિષયનું ખાસ શિક્ષણ આપવું નહિ.

(ગ)—ધર્મનીતિના વિષયનું ખાસ શિક્ષણ આપવાથી વિદ્યાર્થીની ધર્મનીતિની વૃત્તિઓ શિથિલ થઇ જવાનો તથા એ ઉપદેશ પોથીમાંના રીંગણાવત્ બનવાનો ભય રહે છે; માટે એ વિષયનું ખાસ શિક્ષણ આપવું નહિ; પણ માત્ર શાળામાં યોગ્ય નિયંત્રણ ( discipline ) રાખવું, તથા વિદ્યાર્થીમાં સારી ટેવો બંધાય તેની કાળજી રાખવી. આમ કરવાથી ઉક્ત ભય દૂર થાય છે, તથા એવી કેળવણીનો હેતુ પણ સચવાય છે.

(ઘ) ધર્મનું ખાસ શિક્ષણ આપવાની જરૂર નથી, માત્ર સામાન્ય નીતિનું શિક્ષણ આપવું પુરતું તથા યોગ્ય છે.

(ચ)—જુઠ આદિ નિષેધ વિષયોના પાઠ આપવાજ નહિ, કેમકે તેથી ઉલટું આપણે ઘણી વખત એવી અનિષ્ટ બાબતોનું ભાન વિદ્યાર્થીને કરાવીએ છીએ. ( સત્યનો બોધ આપતી વખતે અસત્ય ન બોલવું એમ કોઇપણ રૂપે કહ્યા વિના ચાલે તેમ છે ? )

(છ)—વિદ્યાર્થીને બાળવયથીજ ક્રિયાકાંડના સૂત્રોનો માત્ર મુખપાઠ કરાવવાની જે રૂઢી પડી ગએલી છે તે યોગ્ય છે ને તે પ્રમાણે થવુંજ જોઇએ.

(૨)—ધર્મશિક્ષણ આપવાની જરૂર જુઓ છો ? જોતા હો તો શા માટે ?

(૩)—ધર્મનું શિક્ષણ આપવું શક્ય છે ? કઇ ઉમ્મરે ? કેવી દૃષ્ટીથી ? તથા કેવી શૈલીએ ? તે માટે કેવા પ્રકારની યોજના થવાની આપ જરૂર ધારો છો ? આપ કોઇ યોજના સૂચવશો ? ધર્મનીતિનું શિક્ષણ કેટલા સુધી મોઢેથી અપાવું જોઇએ, અને કયારથી પુસ્તકોદ્વારા અપાવું જોઇએ ?

(૪)—તત્વદ્રષ્ટિએ ધર્મવિષયનું શિક્ષણ કેટલી વયના તથા કેવી બુદ્ધિવાળા વિદ્યાર્થીને આપી શકાય ?

( ૫ )—સરકારી ગુજરાતી વાંચનમાળાને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાંથી તદ્દન કાઢી નાખવી ને તેને ઠેકાણે ધર્મશિક્ષણમાળાને ગોઠવવી એ સલાહકારક નથી; તો પછી ધર્મશિક્ષણમાળામાં નીતિના વિષયને ખાસ સ્થાન આપવું યોગ્ય ધારો છો કે તે માટે ગુજરાતી વાંચનમાળાને પુરતી માનો છો ?

(૬)—ધર્મશિક્ષણમાળા ખાસ સાત અંકની થવાની જરૂર છે, કે સનાતન હિંદુ ધર્મમાળા માફક માત્ર બાળાવબોધ તથા પ્રજ્ઞાવબોધ એમ બે પુસ્તકોમાં મળતું જ્ઞાન સમાવી દેવું ઠીક લાગે છે ?

( ૭ ) માનસૂશાસ્ત્ર ( psychology ) ની દૃષ્ટિએ બાળકમાં અનુક્રમે કઇ કઇ વૃત્તિઓનો વિકાશ થઈ શકે તેનો નિર્ણય કરી તેવા ક્રમમાં અભ્યાસક્રમ ગોઠવવાની અને તે અનુસાર ધર્મનીતિની શિક્ષણમાળા રચાવાની ખાસ જરૂર છે ?

( ૮ )—ધર્મશિક્ષણ આપવા અર્થે (૧) વિદ્યાર્થીઓ માટે તથા ( ૨ ) શિક્ષકોને માર્ગ સુચનાર્થે, કેવા પ્રકારના પુસ્તકો રચાવવા જરૂરના છે તેની રૂપરેખા દર્શાવશો.

(૯)—જીવવિચાર, નવતત્વ, દંડક, સંઘયણી, ક્ષેત્રસમાસ, તથા કર્મગ્રંથ એ ક્રમે ધર્મજ્ઞાન આપવાની આપણામાં જે રૂઢી પડી ગએલી છે તેને જાળવી રાખી એ પુસ્તકો માત્ર નવીન શૈલીએ તૈયાર કરાવી શિક્ષણના ઉપયોગમાં લેવા વધારે ઉચિત થશે, કે જુની રૂઢીનો તદ્દન અનાદર કરી તેને ઠેકાણે નવીન ધર્મશિક્ષણમાળા તૈયાર કરી ચલાવવી વધારે ઠીક પડશે ?

(૧૦) ધર્મશિક્ષણ માટે કયા કયા જૈન પુસ્તકો નવીન શૈલીએ લખાવવાની જરૂર ધારો છો ? ગુજરાતનો ઇતિહાસ પ્રાથમિક શાળાઓના ઉપયોગ અર્થે જેવી પદ્ધતિએ વાર્તારૂપે લખાએલ છે તેવી પદ્ધતિએ શ્રી ત્રિષષ્ઠિસલાકા પુરૂષચરિત્ર લખાવું ઉચિત્ત છે ? જીવવિચાર, નવતત્વાદિ નવીન શૈલીએ લખાવાની જરૂર છે ?

(૧૧) વિશેષમાં એ વિષયપરત્વે તથા ધર્મનીતિના શિક્ષણની પદ્ધતિ સંબંધે આપને કાંઇ જણાવવું યોગ્ય લાગે તે જણાવવા કૃપા કરશો.

(૧૨)—૬ થી ૯ વર્ષ ( ગુજરાતી ધોરણ ૧–૪ ), ૧૦ થી ૧૨ વર્ષ ( ગુજરાતી ધોરણ ૫–૭, અથવા અંગ્રેજી ધોરણ ૧–૩), અને ૧૩ થી ૧૬ વર્ષ (અંગ્રેજી ધોરણ ૪ થી મેટ્રિક ) સુધીના વિદ્યાર્થીઓને કેટલું ને શું શું ધર્મનીતિનું જ્ઞાન આપવું ઉચિત ધારો છો ?

# શ્રી જૈન વિદ્યાપ્રસારક વર્ગનો દ્વિતીય ત્રિવાર્ષિક રીપોર્ટ.

આ રીપોર્ટની પહોંચ સ્વીકારતાં અમો હર્ષયુક્ત થઇએ છીએ. પ્રથમ ત્રિવાર્ષિક રીપોર્ટ સાથે સરખાવતાં આ દ્વિતીય ત્રિવાર્ષિક રીપોર્ટ ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે આ વર્ગ તેના ઉત્સાહી સેક્રેટરી મી. શિવજી દેવશીની ખંતથી છેલ્લાં ત્રણ વર્ષમાં જૈન સમાજને વિશેષ ઉપયોગી થએલો છે. તેના હેતુઓ પાર પાડવામાં વર્ગ તરફથી વિશેષ પ્રયાસ થએલો દેખાય છે. અને વધારામાં તેનું બંધારણ મજબુત કરવામાં આવેલું છે.

આ વર્ગના સેક્રેટરી ઠેકાણે ઠેકાણે ફરે છે, જાહેર ભાષણોદ્વારા ઉપદેશ દે છે, કેળવણી અને જ્ઞાનના ફાયદા સમજાવે છે, અને પોતાના વર્ગના હેતુઓ દિનપ્રતિદિન વધારે ફળીભૂત કેમ થાય તે માટે સતત્ પ્રયાસ કરે છે. તેમના પ્રયાસથી કચ્છ જેવા કેળવણીમાં પછાત પ્રદેશમાં આપણી કોમમાં ઘણી જૈન શાળાઓ અને કન્યાશાળાઓ સ્થપાઈ છે, અને તેમના છટાદાર ભાષણોથી કચ્છના ઘણા ગામોમાં હાનિકારક રીવાજો કેટલેક અંશે દૂર થયા છે. અને આપણા જૈનબંધુઓએ આપણી ઉન્નતિના સાધનો શોધવા માંડયા છે. આ વર્ગ તરફથી જે શાળા સ્થપાય છે, તેને માટે કાયમ ફંડ કરવા તજવીજ કરવામાં આવે છે, તે પણ પ્રશંસનીય છે. આવી પાઠશાળાઓ માટે આ વર્ગ તરફથી ખાસ પરીક્ષકો મોકલવામાં આવે છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળના કેળવણી ખાતા તરફથી ફરતા પરીક્ષકોની પેઠે જો આ પરીક્ષકો પણ પોતાના પ્રવાસ દરમિયાન કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપી તેના ઠરાવો અમલમાં મુકવાનો પ્રયાસ કરશે તો આ વર્ગ સ્વકોમ પ્રત્યેની ઉત્તમ સેવામાં ઉમેરો થએલો કહેવાશે.

આ ઉપરાંત આ વર્ગ આપણી કોમમાં સાહિત્યનો પ્રચાર કરવામાં ઘણો શ્રમ લે છે. આધુનિક જૈન સમાજને ઉપયોગી તેમજ સરળ અને સહેલી ભાષામાં પુસ્તકો લખાવી આ વર્ગ જૈન કોમમાં જ્ઞાન ફેલાવવાનું જે કાર્ય કરે છે તે એટલું બધું પ્રશંસનીય છે કે આ વર્ગે પ્રસિદ્ધ કરેલા શ્રાવિકા ભૂષણ, શ્રાવક સંસાર, ધર્મ સંગ્રહ જેવાં પુસ્તકો આપણી આધુનિક પછાત દશાનું જૈન બંધુઓને ભાન કરાવવામાં સબળ સાધનભૂત થયા છે. નવા ગ્રંથો પ્રસિદ્ધ કરવાની સાથે પ્રાચીન ગ્રંથોને પ્રસિદ્ધિમાં લાવવામાં પણ આ વર્ગ ઘણો પરિશ્રમ ઉઠાવે છે.

આ સિવાય વાંચનમાળા તૈયાર કરવાનું, શેઠ વસનજી ત્રિકમજી તથા શેઠ ખેતશી ખીંઅશી જૈન બોર્ડીંગ સ્કૂલની વ્યવસ્થા તેમજ દેખરેખ રાખવાનું, આનંદ માસિક કાઢવાનું, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ ચલાવવાનું, નિરાશ્રિતોને સહાય આપવાનું અને છેવટે જીવ દયાનો પ્રચાર કરવાનું વિગેરે વિગેરે અનેક શુભ કાર્યોથી સુશોભિત આ વર્ગની વિશેષ ચડતી તેમજ ખીલવણી જોવા અમે ઇચ્છીએ છીએ.

# યોગશાસ્ત્ર ભાષાંતર—

આ ગ્રંથ મુનિશ્રી કેશરવિજયજીગણિએ લખેલો છે અને શ્રીમાંગરોલ જૈન સભાએ પ્રગટ કરેલો છે. કળિકાળ સર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રીયોગશાસ્ત્રના ભાષાંતર સાથે વિવેચન મુનિશ્રી કેશરવિજયજી ગણિએ એવું તો સુંદર કર્યું છે અને ઐતિહાસિક દૃષ્ટાંતો સાથે ભાષા એવી તો સરળ અને સહેલી વાપરેલી છે કે જે વાંચતાં મનને આનંદ થયા વગર રહેજ નહીં. જો આપણો વિદ્વાન સાધુવર્ગ આ પ્રમાણે આવા ઉપયોગી પુસ્તકોને ભાષાંતર અને વિવેચન સાથે પ્રગટ કરવામાં પોતાનો અમૂલ્ય વખત ગાળે તો ખરેખર આપણા સાહિત્યને લાભ થવા સાથે આપણી કોમના વિચારો તેમજ આચરણ ઘણેજ અંશે સુધરી જાય.

આપણી આધુનિક સ્થિતિ કે જેમાં યોગ લુપ્તપ્રાય થએલો છે તેવા સમયમાં આ ગ્રંથ જૈનવર્ગમાં માનનીય થાય, એમાં શું આશ્ચર્ય ? તેમાં વળી શ્રીમાંગરોલ જૈનસભાના સુપ્રયાસથી સસ્તી કીંમતે આ અત્યુત્તમ ગ્રંથ મળી શકે છે. આથી પ્રસિદ્ધ કુમારપાળ રાજાને કંઠસ્થ રહેલા આ યોગશાસ્ત્રનો દરેક વીરપુત્ર અભ્યાસ કરવા પોતાની પાસેજ રાખશે, એમ અમે સંપૂર્ણ આશા રાખીએ છીએ.

---

**તૈયાર છે!** **તૈયાર છે!!** **તૈયાર છે!!!**

જૈન ગ્રંથાવળી સંપૂર્ણ. કી. રૂ. ૩=૦=૦ પોસ્ટેજ જુદું.

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫. )   વૈશાખ, વીર સંવત ૨૪૩૫.   મે સને ૧૯૦૯.   (અંક ૫.

## विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| The place of women in national life. ... ... ... | 113 |
| પ્રાસંગિક નોંધ ... ... ... ... | ૧૧૫ |
| હાનિકારક રીવાજો ... ... ... | ૧૧૯ |
| જૈન સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં ફાળો | ૧૨૩ |
| પરિશિષ્ટ ... ... ... ... ... | ૧૨૭ |
| ઉપદેશક પ્રવાસ ... ... ... ... | ૧૩૦ |
| પ્રાચીન તીર્થની આશાતના ... ... | ૧૩૪ |
| પાંજરાપોળ અને તેની સ્થિતિ... ... | ૧૩૫ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... | ૧૩૯ |
| ધર્મ નીતિની કેળવણી .. ... ... | ૧૪ |
| કેળવણીના વિષય સંબંધે કોન્ફરન્સને સૂચના. ... ... ... ... | |



प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

मुंबई.

श्री 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकस्ट्रिट मुंबई.

स्वदेश हितेच्छु अने धर्मचुस्त गृहस्थोने एक अमुल्य तक.

वावटा छाप ट्रेडमार्कनुं पवित्र अने शुद्ध

## स्वदेशी केशर.

आ चोख्खुं केशर ते १ तोला ५ तोला ०। ०॥ अने एक रतल पेक डबामां वेचीए छीए. जैन तीर्थावळि प्रवास आवृत्ति बीजी घणा सुधारा वधारा साथे मलेशे. सर्व दर्दो मटाडवानी रामबाण देशी दवाओ कीफायते वेचीये छीए. स्वदेशी माल मगावनाराओने चोकसथी कीफायते कमीशनथी मोकलीशुं.

अंबर—कस्तुरी—खरो भीमसेनी बरास, सुखड मलबारी, दशांगी धुप, सोना रुपानो वरख, अत्तर, देशी बनावटना वगर चर्बीना साबुओ, नहावाना तथा कपडा धोवाना लाटा, गोळा वीगेरे तथा सेंट अने खुशबोदार तेलो वीगेरे कीफायते वेचीए छीए.

एकला मालेक.

मलवानुं ठेकाणुं—
डामर गलीना नाके
जडीआ बजार मुंबई.

श्री जैन महाजन आश्रित शा केशवजी खीमजी कुं०
जथाबंध तथा छुटक वेचनार तथा कमीशन एजंट.

---

# कोन्फरन्स ओफिसमांथी वेचातां मळतां पुस्तको.

## श्री जैन श्वेतांबर मंदिरावळि—प्रथम भाग.

आ पुस्तकमां गुजरात, काठिआवाड, कच्छ अने मारवाड देशना देरासरोनी (घर देरासर सुद्धांत) हकीकत आपवामां आवेली छे. मुंबाईनी कोन्फरन्स ओफीस तरफथी महान खर्च करी शरु करवामां आवेल डीरेक्टरीना अमूल्य तेमज प्रथम फळ रुपे आ पुस्तक जैन समाजना हितने माटे बहार पाडवामां आवेल छे. हिंदुस्तानमां आवेला आपणा पवित्र क्षेत्रोनी यात्रा करवा जनार जैन भाईओने आ पुस्तक एक सुंदर गाईड ( भोमियो ) तरीके थई पडवा संभव छे. आ पुस्तकमां जुदा जुदा कालमो पाडी देरासरवाळा गामनुं नाम, नजीकनुं स्टेशन याने मोटा गामनुं नाम तथा तेनु अंतर, देरासरनुं ठेकाणुं, बांधणी, वर्णन, बंधावनारनुं नाम, मूळनायकनुं नाम, बंधायानी साल, प्रतिमाजीनी संख्या, नोकरनी संख्या तथा मकाननी स्थिति विगेरे तमाम हकीकत सविस्तर दाखल करवामां आवी छे. आ पुस्तक रोयल साईझ २६० पानानुं सुंदर कपडानां पुंठाथी बंधावेलुं छे. बहार गामथी मंगावनारने वी. पी. थी मोकलवामां आवशे. मुल्य फक्त रु० १—८—० राखवामां आवेल छे.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને ઉત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

પુસ્તક ૫.) વૈશાખ, વીર સંવત ૨૪૩૫. મે સને ૧૯૦૯. (અંક ૫.

## THE PLACE OF WOMEN IN NATIONAL LIFE.

( KUMARSINH NAHAR B. A. )

According to an English writer, the civilization of a country should be measured by the standard of its home life and the social status of its women. This is eminently true. The early education that children receive from their mother constitutes the primary ingredients of national progress. The first impressions which the child imbibes, with the very milk of its mother so to speak, it carries along to the end of life, modified no doubt by after experiences, but still sufficiently strong to colour its manhood. These early ideas form the basis on which rests the superstructure of National greatness or national degeneracy. No nation can therefore be truly advanced unless the life and thought of its women are correspondingly high and elevated. It is indeed the mother who plants the seed of future greatness in the tender mind of her child.

We are filled with despair when we look at the present debased condition of our women in striking contrast to the elevated position they occupied in ancient India. Society may be compared to a living organism. Just as the want of due development of each component part of a living body reacts on the rest, retards their growth, and affects the activity of the body as a whole, so too national progress cannot be achieved if any limb of the social organism be week and clumsy. Women are rightly held to constitute half of the "body social", and if this half become feeble or emaciated, society can never be said to have its full or proper development. It is true that all sections of the Indian people are more or less eager to follow the path of national advancement, but barring a few laudable exceptions they are quite indifferent to the other half of society, having but a low appreciation of their powers and capabilities. They forget the past glories of their country and one of the chief causes that contributed to them; they forget the true significance underlying the noble precept of their forefathers —" **कन्याप्येवं पालनीया शिक्षनीयातियत्नतः** "

Hundreds of instances might be cited from history to show the lofty patriotism and the noble activity with which women are actuated through the influence of proper education. In this age of national regeneration, when the various and divergent communities of this great land of ours are trying to advance towards a common goal, it is the duty of us all to remember that in the arduous task of nation-building, our women are to take the leading part, because the privilege is theirs by the immutable laws of nature which is beyond human power to control. To enable them to effectually carry out their share of the great work, they must be improved physically, mentally, and morally by a suitable course of training. Thus equipped, they will be better fitted to quicken the progress of true civilization and help to restore India to her lost manhood.

# પ્રાસંગિક નોંધ.

**શ્રી સાતમી પુના કોન્ફરન્સ.**

ચાલુ માસની તા. ૨૨-૨૩-૨૪ મીના દિવસોમાં શ્રી પુના ખાતે મળનારી આપણી શ્રી સાતમી કોન્ફરન્સ પ્રસંગે હિંદુસ્થાનના જૈન શ્વેતાંબર વસ્તીવાળા ગામોના શ્રી સંઘોના પ્રતિનિધિઓ મળશે અને આપણી જૈન કોમની ધાર્મિક, વ્યવહારિક અને સામાજિક ઉન્નતિને લગતા વિષયો ચર્ચશે. આ સાતમી બેઠક વખતે નીચેના વિષયો ચર્ચવાનું હાલ તુરતમાં નક્કી કરવામાં આવ્યું છે:—

૧ કેળવણી સંબંધી ધાર્મિક, વ્યવહારિક, ઔદ્યોગિક અને સ્ત્રી કેળવણી ઉંચા પ્રકારે આપણી કોમમાં કેવી રીતે શીઘ્ર પ્રચાર થવા પામે તે માટે યોગ્ય બંધારણો તથા યોજનાઓ ઘડવી.

૨ આપણા પ્રાચીન જૈન ચૈત્યો તથા પુસ્તક ભંડારોનો ઉદ્ધાર તેમજ આપણા પ્રાચીન શીલાલેખોનો શોધ, સંગ્રહ તથા રક્ષણ કેમ શીઘ્ર કરી શકાય તે માટે યોજના તઈયાર કરવી.

૩ આપણા તીર્થોના રક્ષણ માટે બંધારણ કરવું.

૪ સ્વધર્મ બંધુઓમાં સંપની વૃદ્ધિ કરવી તથા અરસપરસને સહાયતા આપવી.

૫ હાનિકારક રીતરીવાજો અટકાવવા માટે આગ્રહ કરવો અને તેમાં નડતાં વિઘ્ન દુર કરવાં.

૬ ધાર્મિક ખાતાઓના હિસાબ ચોખ્ખા રાખવા તથા પ્રગટ કરવા બાબત.

૭ જીવદયા બાબત.

૮ કોન્ફરન્સના બંધારણ સંબંધી.

સબજેક્ટ કમીટીમાં જૈન બેંક વિગેરે બીજી બાબતો રજુ થાય તે ઉપર વિચાર કરવો.

આ વિષયો માત્ર સુચના રૂપે છે. ઠરાવોનો ખરડો તઈયાર થાય છે અને તે વખતસર બહાર પાડવામાં આવશે એમ આશા છે.

ઉપર જણાવેલા વિષયોમાં ભાઈબંધ ' જૈન ' જણાવે છે કે માત્ર પિષ્ટપેષણ છે—કાંઇ નવું નથી. પરંતુ ઉપરના પહેલા તથા બીજા વિષયોની શબ્દ રચના જોવાથી વાંચનારને સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે પુનાવાસી આ વખતે કાંઈ માત્ર કેળવણીની આવશ્યક જરૂરીઆત વિગેરે દર્શાવનારા ઠરાવો પસાર કરી બેશી રહેવા માંગતા નથી પરંતુ ઉપરોક્ત ચતુર્વિધ કેળવણી

ઉચ્ચ પ્રકારે આપણી કોમમાં શીઘ્ર પ્રચાર થવા કેમ પામે તે માટે યોગ્ય બંધારણો તથા યોજનાઓ ઘડવાની તીવ્ર ઇચ્છાવાળા છે. અને તે યોજનાઓ અને બંધારણોને અમલમાં મુકવા માટે સુદૃઢ અભિલાષા ધરાવે છે. જૈન ચૈત્યોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા શિલાલેખોદ્ધાર વિગેરે વિષયોમાં તેવીજ રીતે સમજવાનું છે. આ સૂચનાપત્રમાંજ જ્યારે પુનાવાસી ઉત્સાહી બંધુઓની કાંઇ વ્યવહારૂ કાર્ય કરવાની શુભ ઇચ્છાઓ વિદિત થઇ જાય છે તો પછી ઠરાવોના ખરડામાં તો તેવી ઇચ્છા વિશેષ કેમ પ્રદર્શિત નહીં થાય ? અમે તો આ સૂચના પત્રમાં કાંઇક નવીન તત્ત્વ જોઇએ છીએ. અને તે વ્યવહારૂ ( Practical ) કામ કરવાની તીવ્ર લાગણી છે. વિશેષમાં આપણાં તીર્થોના રક્ષણ માટે બંધારણ કરવાનો ખાસ વિષય દાખલ થવા પામ્યો છે. આ શું નવીન વિષય નથી ? ભાઇબંધ 'જૈન'જ તે વિષય નવીન તરીકે સૂચવે છે પરંતુ તે વિષય ઉપલા નવ વિષયોમાં આવી જાય છે. ' જૈન ' પત્ર જે બીજા બે વિષયો સૂચવે છે તે મુનિ મહારાજાઓના સંબંધમાં છે. તે વિષયો આપણે ચર્ચી શકીએ કે કેમ તે પ્રશ્નમાં ઘણો મતભેદ છે. આવા વિષયો ખાસ કરીને મુનિઓની કોન્ફરન્સમાં ચર્ચાવા જોઇએ. પરંતુ તે વિષયો આપણે ગૃહસ્થ થઇ જાહેર પ્લેટફોર્મ ઉપર ચર્ચીએ તો તે યોગ્ય ગણાશે નહિ એમ અમારૂં માનવું છે. ભાઇબંધ જૈનની ચોથી સૂચના ઉપયોગી છે. પંચાયતી કોર્ટની ખાસ જરૂર છે અને અમે સાંભળ્યું છે કે આ પંચાયતી કોર્ટનો વિષય પુનાનિવાસી બંધુઓએ ઉપાડી લીધો છે.

× × × ×

ભાવનગરની બેઠક વખતે ઉતાવળમાં કોન્ફરન્સનાં કેટલાંક મહત્વનાં કાર્યો કરવાં રહી ગયાં હતાં, જેવાં કે પ્રોવિન્શીયલ સેક્રેટરીઓની નીમણુક, સેંટ્રલકમિટીની ચુંટણી, જૈન એજ્યુકેશનલ બોર્ડની નીમણુક વિગેરે. આવા મહત્વનાં કાર્યો કરવાનાં રહી જાય અને પાછળથી પસ્તાવાનો વખત આવે તેમ નહીં કરતાં આવાં કાર્યો તો તે વખતેજ કરવા અમે શ્રી સાતમી કોન્ફરન્સને ભલામણ કરીએ છીએ.

× × ×

કોન્ફરન્સના ઠરાવો સહેલાઇથી અમલમાં મૂકાય તે માટે આપણી કોન્ફરન્સમાં આપણી વસ્તીવાળા શેહેરોના જુદી જુદી ન્યાતોના શેઠીઆઓએ ખાસ હાજરી આપવાની આવશ્યકતા છે. ઠરાવો પસંદ કરી અમલમાં મૂકવાનું હમેશાં આ આપણી ન્યાતના શ્રેષ્ઠિ વર્ગના હાથમાં છે તેઓ ધારે તો આપણી કોન્ફરન્સના સર્વ ઠરાવો ટુંક સમયમાં સર્વત્ર પળાતા થાય. તો આપણી કોન્ફરન્સની બેઠકમાં આપણી કોમની જુદી જુદી ન્યાતોના આગેવાન

ગૃહસ્થોએ પ્રતિનિધિ તરીકે આવવાની ઘણીજ જરૂરીઆત છે. તો અમે આશા રાખીએ છીએ કે આ સૂચના તે વર્ગ ઉપાડી લેશે અને કોન્ફરન્સના ઠરાવોનો અમલ થતો નથી એમ કહેનારાઓ શાંત થશે.

* * * * *

કોન્ફરન્સે પોતાની સાત વર્ષની હયાતિ દરમ્યાન શું કર્યું છે તે તો દરેક જૈન બંધુ કોન્ફરન્સ ઓફીસના વાર્ષિક રીપોર્ટો ઉપરથી જાણી શકે છે. માત્ર અતિશય ઉચ્ચ વિચાર કરનારાઓને (idealists) ને આ કોન્ફરન્સના કાર્યોનો સરવાળો ઘણો ટુંકો લાગે એ સ્વાભાવિક છે, કારણ કે તેમનું લક્ષ્ય બિંદુ બહુ ઉંચું છે. વિચારસ્વાતંત્ર્ય, અને ક્રિયાસ્વાતંત્ર્ય જો કાર્યવાહકોને મળે તો તો આ લક્ષ્ય બિંદુ સ્હેલાઈથી પ્રાપ્ય છે. પરંતુ આપણી કોમના પ્રચલિત સંજોગો અને ખરી સ્થિતિનો જો અભ્યાસ કરીએ તો કોન્ફરન્સે જે અત્યાર સુધીમાં કર્યું છે તે કાંઇ થોડું નથી. વ્યવહાર દૃષ્ટિથી જોઇએ તો સ્પષ્ટ દેખાઇ આવશે કે આપણે ધીમે ધીમે પણ ખચીત આગળ વધીએ છીએ, પ્રતિવર્ષ આપણી કોમની ઉન્નતિમાં વધારો થાય છે, જુના વિચારો બદલાય છે, નવી નવી યોજનાઓ સૂઝે છે, અને નવો અને વધારે સરળ માર્ગ પણ મળી આવે છે. સમાજને લગતાં કાર્યો કાંઇ ઉતાવળથી બની શકતાં નથી. જેટલું વિચારીએ તેટલુંજ કાંઈ ક્રિયામાં આવી શકતું નથી. એ વાકય જ્યારે એક વ્યક્તિને લાગુ છે ત્યારે સમાજને તો તે વિશેષ લાગુ પડે એ સ્વાભાવિક છે. માત્ર સંપ, સરળ પરિણામ, એકજ લક્ષ્યબિંદુ, સહોદ્યોગ, વિઘ્ન સંતોષીઓનો અભાવ એ બધી વસ્તુઓની કોઈપણ કાર્ય કરવામાં જરૂર છે તો પછી આવાં મહાન કાર્યોમાં હોય તેમાં નવાઇ શી ? આપણને જેટલે જેટલે દરજ્જે ઉપરોકત સાધનો મળતાં જશે તેટલે તેટલે દરજ્જે વિજયી થતા જઇશું.

× × × × ×

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો સંવત ૧૯૬૪ ની સાલનો રીપોર્ટ તથા હિસાબ થોડા વખત પહેલાં બ્હાર પાડવામાં આવ્યો છે. આ રીપોર્ટ અથથી તે ઇતિ સુધી દરેક જૈન બંધુ વાંચશે એવી અમે આશા રાખીએ છીએ. પુના કોન્ફરન્સ મળ્યા પહેલાં આ રીપોર્ટ દરેક કોનફરન્સમાં ભાગ લેનાર ગૃહસ્થ જો પ્રથમથી વાંચી રાખશે તો આશા છે કે તે કાંઇક નવીન ઉપયોગી સૂચનાઓ કરી શકશે. પરંતુ કોનફરન્સના રીપોર્ટો વાંચ્યા વગર કોન્ફરન્સ ઓફીસો શું શું કાર્યો કરે છે તેનો ખ્યાલ કયાંથી આવી શકે ? જેઓ એમ કહે છે કે કોન્ફરન્સે કાંઇ કર્યું નથી, તેઓને અમે બેધડક કહીશું કે તમોએ કોન્ફરન્સની કાર્યોનો બારીક અભ્યાસ કર્યો નથી અથવા તો તેના રીપોર્ટ વાંચ્યાજ નથી. તેટલા માટે કોન્ફરન્સના રીપોર્ટ વાંચી જોવા અમે દરેક વીરપુત્રને ખાસ આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ.

અમો જૂદી જુદી કોન્ફરન્સો વખતે ભરાએલા નાણામાંથી તેનો સદ્વ્યય કરીએ છીએ તોપણ કોન્ફરન્સે હાથ ધરેલા ખાતાને અંગે યોગ્ય રીતે કામ કરવા સારૂ નાણાની ખાસ જરૂર છતાં દર વર્ષે કોન્ફરન્સની આવક ઘટતી જાય છે. આવી રીતે જો આવક હજી પણ ઘટતી જશે તો અમે સમજી શકતા નથી કે જૈન કોમની ઉન્નતિના સાધનરૂપ આ મહાન સંસ્થાની ઓફીસ ભવિષ્યમાં કેવી રીતે ચાલશે ? વળી મુંબઇ કોન્ફરન્સ વખતે જેવી રૂપીયાની રેલ છેલ થઇ તેવી હવે થશે કે નહીં તે પણ કહી શકાતું નથી. પરંતુ કોન્ફરન્સ માટે કાયમની આવક શરૂ રહેવા નિમિત્તે સુકૃત ભંડાર જેવી ઉત્તમ યોજના બીજી કોઇ નથી. જો આ યોજના જૈન વસ્તીવાળા દરેક ગામમાં અમલમાં મૂકાય તોજ કોન્ફરન્સ માટે સ્થાયી આવક થાય અને આ મહા સંસ્થા ચિરકાળ સુધી ટકી રહી, આપણા દયામય ધર્મનો વાવટો આ દુનિયા ઉપર ચોતરફ ફરકાવતી રહે. તેટલા માટે આ યોજના અમલમાં મૂકવા સારૂ સંગીન ઉપાયો લેવા દરેક જૈન બંધુને અને પુના ખાતે મળનાર સાતમી કોન્ફરન્સના પ્રતિનિધિ તથા પ્રેક્ષકોને અમારી ખાસ વિનંતિ છે. આ પ્રસંગે સુકૃત ભંડાર ઉઘરાવી અમને મોકલી આપવા અમે પ્રાર્થના કરીએ છીએ.

\+ + + + + + +

આ માસિકમાં ચાલુ વર્ષની શરૂઆતથી ધર્મ નીતિની કેળવણીનો ખાસ વિભાગ કાઢવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ જાન્યુઆરી માસના અંકમાં સ્પષ્ટ રીતે વાંચકવૃંદને જણાવવામાં આવ્યો છે.

આપણી કોમમાં ધર્મનીતિની કેળવણીની કેટલી આવશ્યકતા છે અને તેનો શીઘ્ર પ્રચાર આપણી કોમમાં કેમ થાય તેને માટે યોજનાઓ ચર્ચવાનો અને ઘડવાનો આ વિભાગનો મુખ્ય હેતુ છે.

આ વિભાગના ગત અંકમાં કોન્ફરન્સ એડવાઇઝરી બોર્ડે સ્થાપેલી કેળવણી કમીટી તરફથી તૈયાર કરવામાં આવેલી પ્રશ્નાવળિ પ્રગટ કરવામાં આવેલ હતી તે વાંચક વર્ગને સુવિદિત છે. આ પ્રશ્નાવળિના પ્રથમ પ્રશ્નમાં અમૂક વિદ્વાનોના મતો આપવામાં આવેલા છે અને તે મતો ધાર્મિક કેળવણીના વિરોધી છે. ધર્મનીતિના શિક્ષણથી કેટલોક ગેરલાભ થવાનો સંભવ તેઓ જણાવે છે.

આ મતો આપણી મહાન કોન્ફરન્સના ઠરાવની વિરૂદ્ધ છે તે ચોકસ છે પરંતુ કેળવણી કમીટીએ આ મતોનો સ્વીકાર કર્યો છે તેવું કહી સમજવાનું નથી અને તેમ પ્રશ્નાવળિ સાથે મોકલવામાં આવેલો વિનંતિ પત્ર તેમજ હેરલ્ડના ગત અંકના દિગદર્શનમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલું છે. ધાર્મિક કેળવણી આપવાની આવશ્યકતા સંબંધે હવે બે મત નથી એ મજકુર કમીટી સારી રીતે સ્વીકારે છે. ધાર્મિક અભ્યાસ લેવાનું બાળકોને સુલભ થાય તેટલા માટે ક્રમવાર જૈન વાંચનમાળા તૈયાર કરાવવાની જરૂરીઆત બતાવનારા કોન્ફ-

ન્સના ઠરાવના સંબંધમાં આ કમીટી વિચાર ચલાવતી હતી તે પ્રસંગે આવી વાંચનમાળા બનાવવા પહેલાં કેટલાક પ્રશ્નોનો નીવેડો લાવવા માટે આ પ્રશ્નાવળિ તૈયાર કરેલી છે. તેમાં પણ પરસ્પર વિરોધી મતો આપવાનું કારણ એમ છે કે આ વિષયની જાહેર ચર્ચા વખતે આ વાત બરાબર લક્ષમાં રાખી તેવા પ્રકારની હાનિ વાંચનમાળામાં દાખલ થવા પામે નહીં.

ધાર્મિક સંસ્થાઓના હિસાબ જાહેર છપાવી બહાર પાડવા કે નહીં અને તેમાંથી ગમે તે સંસ્થાઓના હિસાબ તપાસી આવતી કોન્ફરન્સમાં લેખીત રીપોર્ટ કરવા માટે છેલ્લી ભાવનગર કોન્ફરન્સ વખતે પાંચ ગૃહસ્થોની કમીટીની એક સ્થાનિક મિટીંગ તા. ૨૧-૪-૦૯ ને બુધવારના રોજ રાતે સાત વાગે (મું. ટા.) કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી. અને તે વખતે માલેગામવાળા શેઠ બાલચંદ હીરાચંદ તથા શેઠ ગુલાબચંદ હીરાચંદ તથા શેઠ પદમશી ઠાકરશી એ ત્રણ મેંબરોએ હાજરી આપી હતી. કમીટીએ શ્રી સંઘે સોંપેલ કાર્યને લગતી કેટલીક વાતચીત કરી આવતી પુના કોન્ફરન્સ વખતે પોતાનો રીપોર્ટ બહાર પાડવાનું નકકી કીધું હતું.

* * * *

કેટલાએક ગૃહસ્થો કહે છે કે સુકૃત ભંડારની યોજના અશકય છે. આ કહેવું અમને તો બીનપાયાદાર લાગે છે. સુકૃત ભંડાર જો દરેક ગામના આગેવાન ગૃહસ્થો ધારે તો આ યોજના સહેલાઈથી અમલમાં મૂકી શકાય તેમ છે. એનો એક દાખલો હમણાંજ બન્યો છે. ગતમાસમાં વેરાવળ ગામના જૈન સંઘે આ યોજના અમલમાં મૂકી છે, અને તેની ઉત્પન્ન થએલ રકમ રૂા. ૫૯ા અમને મોકલી આપ્યા છે. જો આ દાખલાનું અનુકરણ બીજા ગામવાળાઓ કરશે તો કોન્ફરન્સ જેવી જૈન કોમની જાહેર અને ઘણી ઉપયોગી મહા સંસ્થા ચીરકાળ ટકી રહે એ શકય છે. અમે આ માટે વેરાવળના શ્રી જૈન સંઘનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

---

# હાનિકારક રીતરીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલએલ. બી. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૧૦ થી. )

ગમે તેટલી ઉમરના પુરૂષને વિધુર થતાં ફરીથી પરણવા દેવામાં આવે—પરણેતર સ્ત્રીની હયાતિ છતાં એકથી વધારે સ્ત્રી પરણવા દેવામાં આવે અને સ્ત્રી જેવી ઉપયોગી જાતિ તરફ તદ્દન બેદરકારી બતાવવામાં આવે તે ન્યાયની નજરે કોઈપણ રીતે સાંખી શકાય નહિ આ સંબંધમાં નીચેનું વાક્ય સારો પ્રકાશ પાડે છે.

" History teaches us that no nation ( community ) takes and keeps a first place in which the women are regarded by their countrymen ( castemen ) as a negligible quantity and degraded to the position of goods and chattels. "

ભાવાર્થ-" ઇતિહાસ આપણને શીખવે છે કે જે પ્રજામાં (જ્ઞાતિમાં) પ્રજાજન (જ્ઞાતિબંધુ) તરફથી સ્ત્રીઓને એક ભુલી જવાય-વિસારે પડાય તેવી વસ્તુની ગણનામાં મુકવામાં આવે છે અને ઘરના સરસામાન તથા રાચરચીલાની સ્થિતિ તલક ઉતારી પાડવામાં આવે છે તે પ્રજા કદી પણ પ્રથમ જગ્યા લઇ શકતી નથી તેમજ રોકી શકતી નથી. "

**न स्त्री स्वातंत्र्यमर्हति** એ નિયમ વિરૂદ્ધ-જરૂર છતાં પણ હાલની **સ્થિતિ તરફ** ધ્યાન આપતાં-વર્તવાનો **આગ્રહ** કરવામાં આવતો નથી, સ્વાતંત્ર્ય કઈ કઇ બાબતોમાં કેટલે અંશે અર્પવું તે એક વિચારવા યોગ્ય સવાલ છે, પરંતુ વિવાહ જેવી ધાર્મિક સંસ્કારથી વાસિત થયેલી બાબતમાં સ્ત્રીઓની પતિત-દુ:ખદ સ્થિતિ તરફ નજર કરી સમાન હક આપવા તો એક બાજુએ રહ્યા પણ તેઓની સ્થિતિ સુધારવા માટે ઉદાર રીતે વર્તવામાં ન આવે તે કેટલું શોચનીય ? સ્વાર્થસાધક વૃત્તિની પણ કાંઇ હદ હોવી જોઇએ. દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરતાં આપણા પુરૂષોના આવા એકપક્ષીય વર્તનથી આડકતરી રીતે આપણી ભવિષ્યની પ્રજાની સુસ્થિતિ-ઉન્નતિ પ્રયાણ તરફના પ્રયાસમાં સખત ખતરો પડે છે અને સ્ત્રી વર્ગની સાથે આપણે પણ પાછળ હઠતા જઇએ છીએ. સ્ત્રી અને પુરૂષ સંસાર. રથના અંગીભૂત બે મહાન્ ચક્રો છે અને તેથી એક ચક્રની વ્યવસ્થા અસ્તવ્યસ્ત રહેતાં સંસાર-રથ ઉંધો વળવાનો. આ જોતાં ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખનારા મનુષ્યોએ-ગૃહસ્થાશ્રમી પુરૂષોએ લગ્નના-વિવાહના નિયમોની રચનાજ એવી રીતે કરવી જોઇએ કે સંસાર રથની ધુસરી વહન કરવામાં સ્ત્રી પુરૂષ પ્રેમમય ભાવનાથી એક બીજાને વફાદાર રહીને અન્યોઅન્ય મદદગાર થઈ પડે અને ચતુર્થ-સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમનવિરમણ વ્રતને પુષ્ટિ મળતાં નીતિમય જીંદગી ગુજારે. કોમની આવી સ્થિતિ ટુંક સમયમાં થાઓ તેવીજ ઇચ્છા કોમહિતૈષી જનોની સદાકાળ વતતી રહે છે.

**કન્યા વિક્રય.** વૃદ્ધ વિવાહના વિવેચન પ્રસંગે, કાર્ય કારણભાવથી જોડાએલ કન્યા વિક્રયના રીવાજ સંબંધી કોઇ કોઇ વિચારો પ્રકટ કરવામાં આવ્યા છે, તે ઉપરાંત ઘણું કહેવાનું રહે છે તે આ મથાળા નીચે જણાવવા પ્રયાસ કરવામાં આવે છે, કન્યા જેવી જીવતી જાગતી બાળાનું ભરબજાર વચ્ચે પૈસાની લાલચે વૃદ્ધ વર સાથે વરાવી વેચાણ કરનારા, કન્યાવિક્રય કરનારા અધમ પુરૂષો, મૃત પ્રાણિનું માંસ-મજ્જા વેચનારા કસાઇઓ કરતાં પણ શું ઉતરતી પાયરીના ગણાવા જોઇએ નહિ ! જ્ઞાતિનું લ્હેણું અગર ધર્માદા લ્હેણું વસુલ કરવા માટે જ્ઞાતિના આગેવાનો આવા કન્યાવિક્રયના સોદાને પાર ઉતારે તે શું નાનામાં નાના જીવની રક્ષા કરનાર, અભયદાન આપનાર મોટી મોટી પાંજરાપોળો સ્થાપવામાં યથાશક્તિ મદદ કરનાર જૈન નામ ધારક મુંગે મોઢે શાન્તિથી જોયા કરશે ? આવા પૈસાથી જ્ઞાતિનું શું શ્રેય થવાનું અગર ધર્માદા ફંડને કેટલી પુષ્ટિ મળવાની તે સમજી શકાતું નથી. લોક માન્યતા એવી છે કે **કન્યાવિક્રયથી** ઉપાર્જન કરેલું દ્રવ્ય ટકતુંજ નથી. કન્યાવિક્રય કરનાર તો **ભીખારીનો**

ભીખારીજ રહે છે. છતાં પણ આવા દુષ્ટ રિવાજને નાબુદ કરવા જોઇએ તેટલો પ્રયાસ થતો નજરે પડતો નથી. કવચિત પ્રયાસ થાય છે તો તે સફળ થતો નથી. આ ઉપરથી એ અનુમાન ઉપર આવી શકાય છે કે કન્યાવિક્રય કરનાર ગરીબ–નિરૂદ્યમી હોવાથી ધનપ્રાપ્તિની લાલસાથી પોતાની કન્યા વૃદ્ધ તેમજ નાલાયક વરને સમર્પે છે. માટે જો જ્ઞાતિના અગ્રેસરો તરફથી કન્યાવિક્રય નિષેધક ઠરાવ માત્રજ કરી સંતોષ પકડવામાં આવે અને ગરીબ નિરૂદ્યમી જ્ઞાતિ બંધુઓનું દારિદ્ર દૂર કરવા–તેઓને ઉદ્યમે વળગાડવા કાંઇપણ પ્રયાસ કરવામાં ન આવે અને તેને પરિણામે કન્યાવિક્રય તદન તાબુદ ન થાય તો તેથી આપણે અજાયબ થઇશું નહિ. કન્યાવિક્રય કરનારાઓ તરફ લાંબા વખતથી ગાળોનો વર્ષાદ વર્ષાવવામાં આવ્યા છતાં, તેઓ તરફ સખત ધિક્કાર બતાવવામા આવ્યા છતાં પણ તેઓની સ્થિતિ સુધારવાને માટે યોગ્ય પ્રયાસ નહિ આરંભાયાથી ગયા વર્ષમાંજ કાઠીયાવાડના મધ્ય ભાગમાં કન્યા વિક્રયના બે ત્રણ દાખલાઓ નિષ્ઠુર હૃદયને પણ કમકમાટ ઉપજાવે તેવા બન્યા છે. એક કેસમાં કન્યાએ લજ્જા છોડી હીમ્મત બતાવ્યાનું સાંભળવામાં આવ્યું છે, પરંતુ મહાજને તત્સંબંધમાં છેવટે શું ફેંસલો કર્યો તે જાણવામાં આવ્યું નથી. આ જોતાં આવા કેસોના બનાવોની સંખ્યા કાંઇક વધશે ત્યારેજ આગેવાનોની આંખ ઉઘડશે.

કન્યા વિક્રયથી થતાં લગ્નો પણ કંકાસનેજ જન્મ આપે છે. આવાં લગ્નોમાં પ્રેમનો અંશ સંભવતો નથી. પૈસા ખર્ચી પરણનાર પુરૂષ પોતાની પરણેતર સ્ત્રીને એક ખરીદ કરેલી વસ્તુ માને છે. વિષય વાસનાની તૃપ્તિ પુરતોજ તથા ઘરનું કામકાજ કરવા પુરતોજ સંબંધ નીભાવતો જોવામાં આવે છે. પ્રેમમય ભાવની વિશેષતા સ્ફૂરતીજ નથી. દંપતી ધર્મ અન્યો અન્ય પ્રતિના જળવાતા નથી. આ પ્રકારના લગ્નથી વિવાહિત થયેલા સ્ત્રી પુરૂષના ઘર સંસારનું ચિત્ર યથાર્થ રીતે આલેખવાની શક્તિ આ કલમ ધરાવતી નથી એટલે આટલાથીજ વિરમવું પડે છે.

જે જ્ઞાતિ નાની હોય છે, જ્ઞાતિ મ્હોટી હોય છતાં એક યા બીજા વિચારે જુદા જુદા ઘોળ કરી કન્યાના આપલે કરવાનું ક્ષેત્ર વિસ્તીર્ણ રાખવામાં આવતું નથી, એકજ જ્ઞાતિના પુરૂષો ધર્મના ભેદથી, અગર સ્થાનભેદથી અગર માની લીધેલી ઉચ્ચ નીચતાના ભેદથી કન્યા વ્યવહારની હદ બાંધી દે છે, અને તેને લીધે જ્યાં કન્યાની અછત હોય છે ત્યાં કેટલેક અંશે અછતના કારણથી કન્યાવિક્રય કરવામાં આવે છે. તેવા કેસોમાં કાંઇક જુદાજ ધોરણથી કન્યા વિક્રયનો અટકાવ કરી શકાશે. ' રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર ' એ પ્રતિપાદન કરવાનું અગર નિર્ણય કરવાનું આ સ્થળ નથી, પરંતુ તેવા કોઇ સૂત્રને અવલંબીને કન્યા વ્યવહાર કરવાનું ક્ષેત્ર વિસ્તીર્ણ કરવાથીજ આ સવાલનો યોગ્ય ફડચો થઇ શકશે. ક્ષેત્ર વિશાળ થતાં પસંદગીનું ધોરણ પણ ઉચ્ચતર થશે. કન્યા વિક્રયના જેટલો વર વિક્રયનો રીવાજ–સૌથી વધારે પુરતના પૈસા આપનાર માણસની કન્યા લેવાનો રીવાજ પણ અનિષ્ટ અને નાબુદ કરવા યોગ્ય છે.

જ્ઞાતિના અગ્રેસરોએ કન્યાવિક્રય નિષેધક ઠરાવ કરી તેમાં ભાગ લેનાર, મદદ કરનાર અને કન્યા વિક્રયના રીવાજને ઉત્તેજન આપનારને સખત શિક્ષા કરવાનો ઠરાવ કરવાની અનિવાર્ય આવશ્યકતા છે.

**એક સ્ત્રીની હયાતિ છતાં વધુ સ્ત્રી કરવાનો રીવાજ.**

બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય જેવા હાનિકારક રીવાજો જેવી રીતે અન્ય સુધરેલી પ્રજામાં–પોતાને સુધારાની ટોચે પ્હોંચેલી કહેવરાવતી પ્રજામાં મુદલ દ્રષ્ટિગોચર થતા નથી તેવી રીતે એક સ્ત્રી જીવતી છતાં વધુ સ્ત્રીઓ કરવાનો રીવાજ પણ તે પ્રજામાં અસ્તિત્વ ધરાવતો નથી, એટલુંજ નહિ પણ તે રીવાજને અનુસરનારને ગુન્હેગાર ગણી ફોજદારી કોર્ટમાં ઘસડવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મના ફરમાન અનુસાર તે ધર્મનો અનુયાયી કોઇ પણ પુરૂષ પોતાની સ્ત્રીની હયાતિ છતાં ( તેની સાથે છુટા છેડા કરે–મેળવે નહિ ત્યાં સુધી ) બીજી સ્ત્રી કાયદેસર રીતે પરણી શકતો નથી. અનાર્ય પ્રજાનો આ ઉચ્ચ ભાવ આપણી આર્ય પ્રજાને શું અનુકરણીય નથી ?

આ રીવાજના સંબંધમાં તો આપણે એટલી બધી શિથિલતા બતાવતા આવ્યા છીએ કે પ્હેલા જણાવેલા ત્રણ રીવાજો તરફ ધિક્કાર બતાવનારો વર્ગ દિનપ્રતિદિન વધતો જાય છે. પરંતુ આ રીવાજ દૂર કરવા તરફ–તેના ઉપર અંકુશ મેલવા તરફ આપણા તરફથી જરાપણ લક્ષ અપાયું નથી. ખાસ કરીને આ રીવાજનો વિશેષ પ્રચાર શ્રીમાન્ પુરૂષોમાં જણાય છે અને તેઓ પ્રાયે કોમના આગેવાન હોવાથી આ રીવાજને નિર્મૂળ કરવા માટે બ્હાર આવતા નથી. આ રીવાજના પરિશીલનથી તેઓ પોતાનો સ્વાર્થ જળવાતો માને છે પરંતુ વસ્તુતઃ તો તે ક્લેશ રૂપેજ પરિણમે છે.

ઉત્કટ પુત્ર–વાંછના, અણબનાવ, ધનસંચયથી છલકાઇ જતું અભિમાનીપણું ( ખોટી ભ્રમણામાં ખેંચાઇ શેઠાઇ પ્રદર્શિત કરવાની ઇચ્છા અને તદ્ અંતર્ગત રહેલ કામવૃત્તિ ) અને જુજ પ્રસંગોમાં પરિણિત સ્ત્રીની અયોગ્યતા વગેરે કારણો આ રીવાજને ઉત્તેજન આપે છે.

**કન્યા વિક્રય.**

વૃદ્ધવિવાહના વિવેચન પ્રસંગે ઉત્કટ પુત્ર વાંચ્છનાથી થતા લગ્ન સંબંધમાં કંઈ કહેવાયું છે તોપણ અત્રે જણાવવાની જરૂર છે કે પુરૂષ શરીરમાંજ કંઇ દોષ હોય અને તેને લીધે પુત્ર પ્રાપ્તિ ન થતી હોય તેવો વિચાર કરવામાં કેમ નથી આવતો ! કોઇ કેસમાં વળી પ્રથમની સ્ત્રીને પણ સંતતિ થતાં કુટુંબમાં જે કલહને, અશાન્તિને–વિરોધને સ્થાન મળે છે તે કેમ ભૂલી જવાય છે ?

પ્રારબ્ધ કર્મના સિદ્ધાંતને અગ્રસ્થાન આપનાર જૈન પ્રજામાં આવા વિચારો દાખલ થવાજ કેમ પામે છે ? નરક ગતિમાં પડતાં બચાવનાર–મરણ પાછળ શ્રાદ્ધ વગેરે કરનાર પુત્ર યેનકેન પ્રકારેણ હોવોજ જોઇએ એવી રીતની વૃત્તિ અન્ય ધર્મિઓની માફક જૈન સમુદાયમાં શામાટે રહેવી જોઇએ ? પુત્ર થાઓ–અગર ન થાઓ, સંચિત કરેલ દ્રવ્યનો વારસો લેનાર પુત્ર નહિ હોય તો તેનો પરમાર્થના કામમાં ઘણો સારો ઉપયોગ થઇ શકશે તેવા વિચારો કેમ સ્ફુરતા નથી ?

આ સઘળા સવાલોનો એકજ જવાબ છે અને તે એજ કે લગ્ન–ગ્રન્થિનું ખરેખરૂં સ્વરૂપ તદ્દન ભુલી જવાયું છે. વિવાહિત થયેલા સ્ત્રી પુરૂષોમાં ઉદયમાન થવો જોઇતો–પ્રેમ **દિવ્ય પ્રેમ** ક્વચિતજ નજરે પડે છે–સ્થૂલ વૃત્તિ તરફજ લક્ષ અપાય છે–વિરલા સ્ત્રી પુરૂષોજ દંપતી ધર્મ યથાર્થ સમજી સંતોષી જીંદગી ગાળતા દૃસ્યમાન થાય છે. જ્યાં ત્યાં " કુંભારનું હાંડલું નથી કે બદલી લાવીએ " એ નીતિએ અનેક ઘર આજ ઉભાં છે.

જ્યાં પ્રેમ છે ત્યાંજ આનંદ છે, ત્યાંજ શાન્તિનું સ્થાન છે, થોડી પણ શાન્તિ ત્યાંથીજ મળી શકે છે. પ્રેમીની દૃષ્ટિમાં આપણી બધી આપદાઓ આપણે ભૂલી જઇએ છીએ અને આનંદમાં લીન થઇએ છીએ. શુદ્ધ પ્રેમ એજ મનુષ્યના જીવિતની નીતિમત્તાની પરાકાષ્ઠા છે અને તેથીજ પ્રેમની દિવ્યતા સિદ્ધ થાય છે. શુદ્ધ પ્રેમને કેવળ વિષય વાસના રૂપ પ્રેમથી ભિન્ન સમજવો જોઇએ. **સ્ત્રી સાથેનો ખરો શુદ્ધ પ્રેમ પરમાત્મા તરફનું એક પગથીયું** છે (આ માટે જુઓ સ્નેહિ કવિ કલાપિની પ્રેમ વિષયક કવિતાઓ)

આ સઘળા વિચારો હાલ તો વિચારો રૂપેજ માત્ર જણાય છે. ઉપર જણાવેલા સઘળા હાનિકારક રીવાજો નાબુદ થશે ત્યારેજ પ્રેમી દંપતીનાં જોડાં ઘેર ઘેર જોઇ શકાશે. લગ્ન ક્રિયા જે ફારસરૂપે ભજવાય છે તે બંધ થઇ ગંભીર રૂપ ધારણ કરશે.

(અપૂર્ણ)

---

# જૈન સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં ફાળો.

**(બીજી સાહિત્ય પરિષદમાં મી. મનસુખ વિ. કીરતચંદ મહેતાએ પ્રકાશેલ.)**

અનુસંધાન ગત વર્ષ પૃષ્ટ ૪૬૬.

વિષય વિસ્તારને પામે છે. આ બધાં ગુજરાતી સાહિત્યને સીધી રીતે પોષણ આપે છે. વિદ્વાનોનું વલણ એ ગ્રંથો ભણી હજી નથી થયું અથવા ઓછું થયું છે, એ ખેદજનક છે. ખુદ જૈનો પોતે તે પ્રતિ અજ્ઞાન યોગે, અનાદર ભાવ દાખવી રહ્યા છે, તો બીજા માટે અપશોસ કેમ ઘટે ? પણ હવે જ્ઞાન પ્રકાશનો, સાહિત્ય ભાનુનો અરૂણોદય ક્ષિતિજમાં દેખાય છે, અને જૈન તેમજ ઇતર વિદ્વાનો નિદ્રામાંથી જાગશે એમ જણાય છે. સાહિત્યના જુદા જુદા વિષયો પરત્વે, આ ગ્રંથોનાં નામ આપ્યાં છે

**કોશ અને અલંકાર.**

કોશ અને અલંકારના અંગે પણ અનેક સંસ્કૃત–પ્રાકૃતમાં વિદ્યમાન જૈનીય ગ્રંથો છે. **શ્રી વાગભટ્ટ અલંકાર** અલંકારનું એક માનનીય પુસ્તક છે. કોશ માટે તો શ્રી હેમચંદ્રાચાર્યે ખાસ અભિધાન ચિંતામણી નામમાળા, અનેકાર્થ સંગ્રહ વિગેરે લખેલ છે તેમજ વ્યાકરણમાં શબ્દાનુસાસન, લિંગાનુશાસન, વિગેરે એઓના કરેલા સુપ્રસિદ્ધ છે. ગુજરાતી

સાહિત્યને એ બધાં સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યોએ મોટો ટેકો આપ્યો છે એ વાત નિર્વિવાદ છે. આમ જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યની ઘણી સેવા બજાવી છે.

**જૈનો પ્રમાદ ત્યજો !**

પણ ધર્મના મતભેદને લઈને, અને વર્તમાન જૈનોના પોતાના પ્રમાદને લઈને, એ સાહિત્ય જૈન સમૂહનું, તેમજ જૈનથી ઇતર વર્ગનું ધ્યાન નથી ખેંચી શક્યું, તે પ્રતિ દીલસોજી નથી ખેંચી શક્યું, પણ હવે સંક્રાંતિનો કાલ આવ્યો છે. જૈનો જાગ્યા છે અને બીજા વિદ્વાનોએ પણ જૈનના કથન પ્રત પોતાના કર્ણ ધર્યા છે. જૈન બંધુઓ, તો હવે તે શ્રવણોને સંભળાવો.

ગુર્જર સાહિત્યના ઉપાસકો ! જૈન સાહિત્યમાં અને ઈતર સાહિત્યમાં ધર્મ, ભાષા આદિ પરત્વે કંઈ કંઇ ભેદ છે. અને એથી કંઇ વિષમભાવ જાણ્યે -અજાણ્યે કોઈના અંતરમાં વર્તતો હોય તો તે દૂર થવા-કરવા અર્થે સ્વ. શ્રી ગોવર્ધનરામનાં રૂપાંતર કરેલાં આ થોડાં વાક્યો આપણને સાધનરૂપ થશે એમ ધારૂં છું.

**ઐક્ય સાંધો અને મૂળ મુદ્દો જુઓ.**

તાલભંગનો વખત જઈ સમભાવનો વખત આવે એજ ઈષ્ટ છે. 'સાયર અને સાગર' 'અહુણાં, હવણાં, અધુના, હમણાં' એ અક્ષરયુદ્ધના સમયને જતો કરવો ઈષ્ટ છે. એ અક્ષરોને જુદી જુદી પદ્ધતિએ અનુસરનારા જુદા જુદા સાક્ષરોએ અર્થભંગ થતો ન હોય તો સમભાવ દૃષ્ટિ રાખી વ્યવહરવું ઉચિત છે; અક્ષરની હારજીતમાં પોતાની હારજીત માની લેઇ કલેશ પામવો યોગ્ય નથી. વાદી-પ્રતિવાદી રૂપ અસીલોની ખાતર તેમના તરફથી સામસામા લ્હડતાં છતાં હૃદયમાં અન્યોઅન્ય હસી પ્રીતિ કરતા ડાહ્યા વકીલોનું વર્તન અનુસરવા યોગ્ય છે.

**ઉપસંહાર.**

સજ્જનો ! ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યે આપેલા ફાળા અંગે યથોચિત યથાવકાશ કહેવાયું. જૈન સાહિત્ય અતિ વિશાળ છતાં તેના વર્તમાન ઉપાસકોની ન્યુનતાને લેઇ એ પ્રાયઃ અપ્રસિદ્ધ રહ્યું છે; ઘણું થોડું શોધાયું છે; અને જે થોડું શોધાયું છે, તેમાંથી પણ થોડું મુદ્રાંકિત થયું છે; મુદ્રાંકિત થયેલ ભાગ પણ મુદ્રણની એવી શૈલી-પદ્ધતિને અવલંબી રહ્યો છે, કે જૈન સિવાય અન્યને બહુ રૂચિરૂપ ન થાય. પણ બંધુઓ ! આ સાહિત્ય પરિષદે જૈન સાહિત્યના ઉપાસકોમાં, જો કે એવા ઉપાસકો નથી, બહુ વિરલ છે, ગણ્યા ગાંઠ્યા છે, તે ગણ્યા ગાંઠ્યા ઉપાસકોમાં, નવું તાજું લોહી ઉમેર્યું છે.

**ભવિષ્યપર નખાતી દૃષ્ટિ.**

અને એ ઉષ્ણુ લોહીના પ્રભાવે, જૈન મુનિયોએ દેશ ભાષામાં અર્પેલી પ્રસાદી, સાહિત્ય સુખડી, ખુદ જૈનો તેમજ અન્ય વિદ્વાનોને અભિરૂચિરૂપ થાય એવી રીતે, બૃહત્ કાવ્યદોહન આદિની પદ્ધતિએ દર્શન દેશે, એવી આપણે આશા રાખશું. પ્રભુ કૃપા તો, ત્રીજી સાહિત્ય પરિષદ્‌માં એ અંગે કંઇ અભીપ્સિત અવનવો ફેરફાર આપ જોઈ શકશો; એ પૂર્વના ઉપકારી સંત–સાધુઓએ રચેલ રાસ, પદ, કાવ્ય, ચરિત્ર, ઇતિહાસ, કથાનક, શ્લોકા, પૂજા, પ્રબંધ વિશેષ સ્ફુટપણે આપ સમીપે પ્રકાશ પામશે; અને એ પુનિત ગ્રંથોના અંતર આત્મા, તેનું હાર્દ–રહસ્ય પામી, તેનું સુરસ પાન કરવા આપણે ભાગ્યશાળી થઇશું. અસ્તુ !

**ગુજરાતી નવી વાંચન માળામાં જૈન અંગે ભુલ. દોષ કોનો ?**

બંધુઓ ! જૈન સાહિત્ય પર જોઈએ તેટલો પ્રકાશ નહિ પડેલ હોવાથી, જોઈએ તેટલા અજવાળામાં તે નહિ આવેલ હોવાથી મહૂંમ રા. મહીપતરામ, નવલરામ આદિ જૈનને વિપરીત રૂપે પ્રકાશવામાં ભુલ ખાઇ ગયા હતા. એઓએ જાણી જોઇને એમ કર્યું હતું એમ આપણાથી નહિ કહી શકાય. હમણાનીજ નવી ગુજરાતી વાંચનમાળાઓમાં જૈન અંગે ક્વચિત્ કવચિત મતભેદ રૂપ પ્રકાશ પામ્યું છે. તેમાં પણ તેના પ્રકાશકે જાણી જોઇ એમ કર્યું છે એમ આપણાથી નહિ કહી શકાય. તેઓએ જે થોડું જાણેલ– જોએલ,–તે ઉપરથી સાર દોહન કરી કિંચિત્ લખ્યું. જૈન અંગે પોતામાં જે ખ્યાલ દાખલ થયેલ, તે મુજબ તેઓ દોરાયા. પણ એમ દોરાવું તેઓને યોગ્ય ન હતું. એમ દોરાવા પૂર્વે, એક તો પોતે જૈનનથી એ તેમજ જેના આધારે પોતે લખે છે, તે આધારજ અપૂર્ણ છે, એ તેઓએ જોવું જોઇતું હતું. તેમજ પૂર્વાપર વિરોધ વાળું છપાયું છે તેપર પણ ધ્યાન આપવાની જરૂર હતી. આ કદાચ્ ન થયું તો કંઇ નહિ; પણ વાત એટલેથીજ નથી અટકતી. પોતાનાંજ લખાણમાં પૂર્વાપર વિરોદ્ધ આવે, એમાં તો આધાર રૂપ ગ્રંથોની અપૂર્ણ શોધ આદિ દોષ ન હતો. એકને એક વાત એક પાઠમાં કોઇ રૂપે લખાઇ હોય, તેજ વાત ફરી બીજા પાઠમાં અન્ય રૂપે લખાય એમ તો થવું નહિ જોઈતું હતું. આને અમે ઉપયોગ જાગૃતિની ખામી કહીએ છીએ. વારૂ, બંધુઓ ! પણ એ બધી ફરીયાદોનો અંત હવે આવી પરિષદ્‌ના પરિણામે આવવો

સંભવે છે. જૈન સાહિત્ય સમ્યક્ પ્રકારે પ્રસિદ્ધિમાં આવશે; અને વર્તતી કંઇ કંઇ મત-ભેદ, અભાવ દૃષ્ટિ દૂર થશે. આપણે બધા એકજ રાજ્યની શીતળ છાયા તળે નિવસીએ છીએ; એકજ આપણો આર્ય દેશ આ હિંદજ છે; એકજ આપણું રાષ્ટ્ર આ ગુર્જર રાષ્ટ્ર છે; એકજ આપણી આ ગુર્જર ભાષા છે; એકજ આપણો આર્ય આચાર છે; એકજ આપણો ધર્મ—આર્ય ધર્મ છે; અસત્યથી દૂર, પાપથી દૂર, અનીતિથી દૂર, હિંસાથી દૂર, એ આર્ય, એવા આપણે આર્યો છીએ; આમ ભિન્ન ભિન્ન અનેક રૂપે આપણું ઐક્ય સંધાય છે, અને તે ઐક્ય માટે આપણું ગૌરવ છે, તે ઐક્યમાં આપણી પૂર્ણતા છે અને તે ઐક્યતા સધાવવામાં આ તથા આવી પરિષદો કારગત હથિઆર રૂપ થશે એમ સંભવના પૂર્વક કહું છું. ગુર્જર વાણીમાં વર્તતા ભિન્ન ભિન્ન સાહિત્યોનો અરસપરસ મેળાપ કરાવનાર આ પરિષદ્ છે. અને એ રૂપે એ ઉક્ત ઐક્યની સાધક છે. એવા ઐક્ય-સંપ તાલબંધ મેળવાવી આપનાર આ પરિષદ્ જયવંતી વર્તો:

પરિષદ્નો વિજય અને ભાવિ ઐક્યના અંકુરો.

આપણે સર્વથા એકજ છીએ.

બંધુઓ ! આપનો મેં વખત લીધો છે, તે અર્થે ક્ષમા ચાહું છું; આપે મને શ્રવણ કરવામાં રંજ ઉઠાવી છે, તે અર્થે આપનો ઉપકાર માનું છું. વળી ફરી ત્રીજી પરિષદે આપણે મળશું એમ ઇચ્છી અત્રે વિરમું છું.

પુનઃ મળશું.

ૐ શાંતિઃ શાંતિ શાંતિ

મનસુખ વિ. કીરતચંદ

# *પરિશિષ્ટ

| તારીખ | વિષય-ગ્રંથ | કર્ત્તા |
|---|---|---|
| વિ. સં. ૧૪૦૫ જેઠ સુદ ૭ | વસ્તુપાળ તેજપાળ પ્રબંધ (જુની ગુજરાતી) | શ્રી રાજશેખર |
| ,, ,, | પ્રબંધ કોશ. | ,, |
| ૧૪૧૧ | હંસરાજ વચ્છરાજ રાસ. | |
| ,, | તીર્થકલ્પ | શ્રી જીનપ્રભસૂરી |
| ૧૫૨૧ માગશર શુદ ૨ ગુરૂવાર | સિદ્ધચક્રરાસ | શ્રી જ્ઞાનસાગર ઉપાધ્યાય |
| ૧૫૪૮ માગશર શુદ ૧૦ ગુરૂવાર | સારશિખામણરાસ | શ્રી જયસુંદર શિષ્ય. |
| ૧૬૬૧ વિજયાદશમી ખંભાત | સાંબ પ્રદ્યુમ્ન રાસ. | શ્રી સમયસુંદરજી |
| ૧૬૭૨ મેડતા | પ્રિયમેલક તીર્થરાસ. | ,, |
| ૧૬૭૩ માગશર શુદ ૧૩ બુધ ધીરપુર | જંબુસ્વામીરાસ | શ્રી નયવિમળ |
| ૧૬૭૩ વસંતમાસ મેડતા | નળ દમયંતી રાસ | શ્રી સમયસુંદરજી |
| ૧૬૭૩ | શ્રી વિચારમંજરી (ગુજરાતી) | શ્રી ગુણવિમલ |
| ૧૬૭૫ પોષ જીરાવલા | શ્રી સંઘયણી રાસ. (શ્રી મલ્લધારી હેમચંદ્રસૂરિ ના સંગ્રહિણીસૂત્ર ઉપરથી) | શ્રી મતિસાગરજી |
| ૧૬૭૬ શ્રાવણ શુદ ૩ સોમ કુર્કુટેશ્વર | શ્રી ઢાળસાગર અથવા હરિવંશ રાસ. | શ્રી ગુણસાગરસૂરિ |

* આ પરિશિષ્ટમાં આવેલી યાદી જુના ગુજરાતી ગ્રંથો (હસ્તલેખો) ની છે. પરિષદ્‌માં વાંચેલા નિબંધમાં આ ભાગ નહોતો. નિબંધ છપાતી વખતે શ્રી મોરબીના ભંડારમાંથી ગુજરાતી ભાષાને લગતા મળી આવેલા હસ્તલેખોની આ ટીપ છે. બીજા અનેક ભંડારોમાંથી પ્રયાસપૂર્વક શોધતાં વધારે મળી આવવા સંભવ છે. આ હસ્તલેખો મુદ્રાંકિત થયા નથી,

**મ. કી. મેહતા.**

| | | | |
|---|---|---|---|
| ૧૬૭૮ | આસો વદ ૬ પાટણ | શ્રી શાળિભદ્ર રાસ. | શ્રી મતિસાગરજી |
| ૧૬૮૯ | શ્રાવણ શુદ ૫ | અંજનાસતિ રાસ. | શ્રી પુણ્યસાગરજી |
| ૧૭૨૦ | કાર્તિક વદ ૧૧ રવિ પાટણ | શાંતિનાથ રાસ | શ્રી ન્યાયસાગરજી |
| ૧૭૨૪ | કાર્તિક કુડઈ (કોડાય ?) | વિક્રમપત્ની લીલાવતી રાસ | શ્રી માનવિજયજી |
| ૧૭૨૪ | પોષ વદ ૧૦ | વિક્રમસેન રાસ | શ્રી પરમસાગરજી |
| ૧૭૨૬ | ફાગણ શુદ ૧૦ | શાંતરસ રાસ. | શ્રી મુનિસુંદર |
| ૧૭૨૯ | માગશર ૫ ગુરૂ | શ્રી રત્નપાળમુનિ રાસ | શ્રી મોહનવિજયજી |
| ૧૭૩૬ | (સરખેજમાં) | શ્રી હીરવિજયસૂરિ રાસ | |
| ૧૭૩૮ | કાર્તિકી પુર્ણીમા સોમવાર | શ્રી હરિવંશ ચરિત્ર | શ્રી આનંદમુનિ |
| ૧૭૪૨ | | ધર્મબુદ્ધિ રાસ. | શ્રી લાભવર્ધન |
| ૧૭૫૫ | વિજયાદશમી (વટપંદ્ર) | નવકાર રાસ | |
| ૧૭૫૮ | માગશર શુદ ૧૨ બુધ (વેલાકુલે) | વચ્છરાજ રાસ. | શ્રી નેમિવિજય |
| ૧૭૫૯ | માગશર સુદ ૧૧ (ઉનાવા નગરે) | સ્થૂલિભદ્ર રાસ | શ્રી ઉદયરત્ન |
| ૧૭૬૬ | પોષ શુદ ૫ ગુરૂ (પાટણ) | યશોધર રાસ | શ્રી શિવરત્ન |
| ૧૭૬૭ | આશો વદ ૬ સોમ (ઉનાવા) | શ્રી સુમતિવિલાસ અને લીલાવતી રાસ | શ્રી ઉદયરત્ન |
| ૧૮૨૧ | ફાલ્ગુન શુદ ૫ | અનેકાંતવાદ પ્રવેશ | શ્રી હરિભદ્ર |
| ૧૮૬૪ | કાર્તિકી પુર્ણીમા | શ્રી કોણિકનું સામૈયું | વીરવિજયજી |
| ૧૮૯૬ | શ્રાવણ સુદ ૩ | શ્રી ધમ્મિલકુમાર રાસ | ,, |
| ,, | | શ્રી ચંદ્રશેખર રાસ | ,, |
| ,, | | ઢુંઢીયાનો રાસ | ,, |

**ભરતેશ્વર બાહુબળી રાસ.**　　　શ્રી તેજવર્ધન
( જુની ગુજરાતી )
**રોહણિયા ચંદ્ર રાસ.**　　　શ્રી દેપાળ
( જુની ગુજરાતી )
**નયચક્ર ( ગુજરાતી )**　　　પં. હેમરાજજી.

મરહુમ શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથ શ્રી પ્રબંધ ચિંતામણિના ભાષાંતર અંગે પ્રથમ સર્ગમાં લખે છે, કે ગુજરાતમાં પહેલો મ્હોટો રાજા ગુર્જરજાતમાં વનરાજ થયો; તે જૈન હતો, તેથી સ્વાભાવિક રીતે જૈન મતને નહિં માનનારા આ રાજ્યની વિશેષ કારકીર્દી જણાવતા નથી, ઇત્યાદિ.

પ્રાચીન કાવ્યમાળાના અંક ૩૫ માની પ્રસ્તાવનામાં મરહુમ દિ. બા. મણિભાઈ જશભાઈ, દિ. બા. અંબાલાલ સાકરલાલ દેશાઈ M. A. L L. B શેઠ જમશેદજી અરદેશર દલાલ M. A. L L. B. રા. સા. પીતાંબર જેઠાભાઈ, રા. સા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ, અને શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકર જણાવે છે કેઃ—

"ગુજરાતી પ્રાચીન કાવ્યમાળામાં અત્યાર સુધીમાં જે જે કાવ્યો પ્રગટ થયાં છે, તેના કરતાં આ ( શીલવતીનો રાસ ) કાંઈ જુદી તરેહનો ગ્રંથ છે. અત્યાર સુધી પ્રગટ કરેલાં પુસ્તકોમાં જૈનનો ગ્રંથ એકે આવ્યો નથી."

"જૈન કવિયોએ ગુજરાતી ભાષામાં પુષ્કળ ગ્રંથો લખેલા છે. ધર્મને કારણે કે ભાષા જુદી હોવાના કારણે અન્ય ધર્મીઓમાં આવા ગ્રંથો પ્રસાર નથી પામ્યા; પણ એ ગ્રંથો ઘણી રીતે ઉપયોગી હોવાથી અમે શીલવતીનો રાસ પ્રાચીન કાવ્યમાળામાં દાખલ કરેલ છે."

"આ ગ્રંથમાં કેટલાક શબ્દો એવા જોવામાં આવે છે, કે જે હાલમાં ગુજરાતી ભાષામાં વપરાતા નથીઃ-અઠ્ઠ, ઇભ્ય, ઉમાહ્યો, વિટલ, પરઘલ, ઇણહુ, જંપે, વિખાસ, આખિયું, અછે, ગુહિર, પટકેરા, ઈત્યાદિ."

"એકંદર જોતાં આ ગ્રંથમાં ગુજરાતી ભાષાના અભ્યાસિયોને સારો ખોરાક મળે એમ છે. ગુજરાતી અને સંસ્કૃતનાં મધ્યવર્ત્તિ શબ્દનાં રૂપ એમાંથી પુષ્કળ મળે એમ છે; તથા શબ્દોના અપભ્રંશ કેવી રીતે તથા કેવા નિયમથી થાય છે તે એમાંથી જણાય છે.

"આ રાસમાંની કથાઓ ઘણી રસભરી અને મનોરંજક હોય છે એમાં તો સંશય નથી. ધર્મને અને સુનીતિને કેવો ગાઢો સંબંધ છે, તે જૈન કવિયોના લખેલા રાસ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે."

# ઉપદેશક પ્રવાસ.

કોન્ફરન્સના ઉપદેશક ત્રિભુવન જાદવજીનો કાઠીયાવાડનો પ્રવાસ.

તા૦ ૮-૯-૧૦ માહે માર્ચ સને ૧૯૦૯ નાના ભમોદરા ખાતે ત્રણ દિવસ ભાષણો આપી નીચે લખ્યા ઠરાવો કરવામાં આવ્યા હતાઃ—

૧ કન્યાવિક્રય અટકાવવા દરેક જ્ઞાતિએ ઠરાવ કરવા.

૨ બઇરાંઓએ ફટાણાં ગાવાં નહીં, તથા બજારમાં છાજીયાં લેવાં નહીં અને બંગડીઓ પહેરવી નહીં.

૩ શ્રાવકોએ સુકૃત ભંડારનો લાગો આપવો.

૪ ભરવાડોને હુકમ કરવામાં આવ્યો કે બોકડાં બચ્ચાં સીમમાં નાખી દેવાં નહી પણ ચાર માસનાં કરી પાંજરાંપોળમાં મુકવાં, વિરૂદ્ધ વર્તનારનો વ્યવહાર બંધ કરવા ગામ લોકોએ ઠરાવ કર્યો.

૫ લગ્ન જૈન વિધિ પ્રમાણે કરવાં.

તા૦ ૧૫-૩-૧૯૦૯ જુના સાવર—બે દિવસ જૈન કોમની સભાઓ ભરી, એક દિવસ સઘળી કોમની મીટીંગ બોલાવી હિંસક ચીજો નહીં વાપરવા તેમજ બોકડાનાં બચ્ચાંને સંભાળપૂર્વક ઉછેરવા માટે ઉપદેશ કર્યો.

તા૦ ૧૮-૩-૧૯૦૯ ક્રાંકચ, ભોરીંગડા તથા કુતીયાણા એ ગામોમાં સભાઓ ભરી નીચે પ્રમાણે ઠરાવો કરાવ્યા છે.

૧ બૈરાંઓએ ફટાણાં નહીં ગાવાં. બજારમાં છાજીઆં ન લેવાં.

૨ દારૂખાનુ ફોડવું નહી.

૩ હિંસક ચીજો જેવી કે કચકડાની, ચામડાનાં પુંઠાં, ટીનનાં વાસણો વિગેરે નહીં વાપરવાં.

૪ જૈન વિધિ પ્રમાણે લગ્ન કરવાં.

૫ બોકડાંના બચ્ચાંને સારી રીતે ઉછેરવાં.

તા. ૮-૪-૧૯૦૯ ઘેટી (પાલીતાણા પાસે.) ભાષણદ્વારા ઠરાવ કર્યા.

૧ જૈનોએ સુકૃત ભંડારનો અમલ કરવો.

૨ હાનિકારક રીવાજો અટકાવવા.

૩ જૈન વિધિ પ્રમાણે લગ્ન કરવાં.

૪ લગનમાં દારૂખાનુ ફોડવું નહીં, તેમ બૈરાંઓએ ફટાણાં ગાવાં નહીં.

૫ બોકડાનાં બચ્ચાં ચાર માસનાં થતાં લગી ઉછેરવાં પછી પાંજરાપોળમાં મૂકવાં. તેમાં કસુર કરનારને જ્ઞાતિ વ્યવહાર બંધ કરવા ભરવાડ લોકોએ ઠરાવ કર્યો.

૬ નવી જૈન કન્યાશાળા સ્થાપી.

## કોન્ફરન્સના ઉપદેશક ત્રિભુવન જાદવજીનો ગુજરાતનો પ્રવાસ.

ખેડામાં થએલો સંપ—ખેડામાં હાલ ત્રણ તડો છે. તે ખેડાના સબ જજ મી. ડાહ્યાભાઇ રતનચંદ તથા ઉપદેશક મી. ત્રિભુવનદાસ જાદવજીના ઉપદેશથી એકત્ર થયાં છે. ત્રણે તડની મીલકત ભેગી કરીને ટ્રસ્ટીઓ મારફત વહીવટ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. વળી ઉપદેશકના ભાષણોથી કેટલીક બાઇઓએ પાંચમ, આઠમ, ચૌદશના દિવસોમાં રડવા કુટવાની, બજારમાં છાજીઆં લેવાની, તથા સવારમાં છેડો વાળવાની બાધાઓ લીધી હતી.

તા. ૨૩—૪—૦૯. માતર—અહીં ભાષણો આપી નીચે પ્રમાણે ઠરાવો કરાવ્યા છે:—

૧ સુકૃત ભંડાર ઉઘરાવવો.

૨ હાનિકારક રીવાજો અટકાવવા.

૩ હિસાબો ચોખ્ખા રાખવા.

અહિંસા સંબંધી ભાષણો પણ અન્ય ધર્મીઓ સમક્ષ આ ઉપદેશકે આ઼પ્યાં હતાં.

## કોન્ફરન્સના ઉપદેશક વાડીલાલ સાંકળચંદનો ગુજરાતનો પ્રવાસ.

મુ. માંડળ—તા. ૧-૩-૦૯. ભાષણદ્વારા કરેલા ઉપદેશથી થએલા ઠરાવો:—

૧ લગ્ન પ્રસંગે ૬૦-૬૫ લાતીનો ચુડો થતો હતો તેને બદલે ૩૦ લાતીથી વધારે કરાવવો નહીં.

૨ હોળીના દિવસોમાં કોઇએ ધુળ ઉડાડવી નહીં તેમ બીભત્સ શબ્દ બોલવા નહીં. તેનો ભંગ કરનારનો એક આનો દંડ કરવો. આવી રીતે દંડ પણ આ વર્ષે વસુલ થયા છે. આ ઉપદેશથી બ્રાહ્મણોએ ધુળ નાખનારની પાસેથી રૂ. સવાપાંચ લેવા અને કોળી લોકોએ ધુળ નાખનાર પાસેથી રૂ. ૧ા સવા લેવા ઠરાવ કર્યો છે.

૩ કાણે આવનાર માણુસોને ૨ ટંક અને છેટેથી આવનારને ૩ ટંકથી વધારે રાખવાં નહીં.

૪ મરણ પ્રસંગે ઘર આગળ તથા ઘરના ચોક સિવાય સ્ત્રીઓએ રડવા કુટવાનું બંધ રાખવું.

૫ મરી ગએલ માણુસનું તેજ દિવસે ઉઠમણુ કરવું અને સાત દિવસથી વધારે પાથરણુ રાખવું નહી.

૬ કારતક શુદી ૨ ના દિવસે નળીયાં ઉઘાડવાનો કુરીવાજ બંધ કરવો.

દસાડા તા૦ ૯-૩-૦૯ નીચે લખ્યા પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા.

૧ હોળીના દિવસોમાં ધૂળ ઉડાડવી નહીં, તેમ બૈરાંઓએ પાણી નાખવું નહીં.

૨ લગ્નપ્રસંગે દાંતનો ચુડો ૩૦ લાતીથી વધારે લેવો નહીં.

૩ ટીનનાં વાસણુ વાપરવા નહીં, બંગડીઓ તથા પોલકાં બૈરાંઓએ પહેરવાં નહીં.

૪ કાણે આવનાર અગીઆર ગાઉની અંદરનાને બે ટંકથી વધારે રાખવાં નહીં, અને વધારે છેટેવાળાને ૩ ટંક ઉપર રાખવા નહીં.

૫ બૈરાંઓએ બજારમાં ઉઘાડી છાતી મૂકી ફરવું નહીં. ફક્ત મરણ હોય ત્યાં રોવું.

વડનગર—તા૦ ૧૦-૩-૦૯ ત્રણ દિવસ લગી ભાષણ આપ્યું. મહંત શંભુગરજીના રૂબરૂ નીચે પ્રમાણેના ઠરાવો કરવામાં આવ્યાઃ—

'૧ પરદેશી ખાંડ કોઇએ વાપરવી નહી, વાપરે તે ગુનેગાર થાય.

૨ જીવ હિંસા કોઇ કરે નહીં ને કોઈ અન્ય ધર્મી જીવ હિંસા કરે તો તેના રૂા૦ ૨૫ થી ૫૧) લગીનો દંડ મહંત શંભુગરજી કરે.

ફતેપુર તા૦ ૨૬-૩-૧૯૦૯ નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યાઃ—

૧ લગ્નપ્રસંગે દાંતનો ચુડો ૩૦ લાતીથી વધારે કોઇએ લેવો નહીં.

૨ મરણ પામેલા માણસનું પાથરણુ સાત દિવસથી વધારે રાખવું નહીં.

૩ હોળી પ્રગટાવવી નહીં.

૪ પરદેશી ખાંડ વાપરવી નહીં, ટીનનાં વાસણ, કચકડાની ચીજો વીગેરે વાપરવું નહીં.

૫ જેને ઘેર મરણ થાય તેના મોહોલાની હદ સુધી બૈરાંઓએ જવું તેમ બજારમાં કે રસ્તામાં કુટવું નહીં, સાત દિવસ લગી બે ટંક અને પછી ૧ ટંક બૈરાંઓએ છેડો વાળવો, મહીના પછી તદન બંધ કરવો.

૬ પાણીનાં બેડાં ઉઘાડાં લાવવાં નહીં.

૭ મરણ પછવાડે કાણે આવનાર પાંચ ગાઉ લગીનાને ૧ ટંક, ૧૧ ગાઉ સુધીનાને બે ટંક, ૧૫ ગાઉ સુધીનાને ૩ ટંક અને તે ઉપરાંત છેટેવાલાને ૪ ટંકથી વધારે રાખવાં નહીં.

૮ શીતળા સાતમ ઉપર ચૂલા ઠારવા નહીં, છાણાં વીણવા જવું નહીં. મોળાકતમાં કુટવાનો રીવાજ બંધ છે.

ધામા તાબે ઝીંઝુવાડા તા૦ ૨૭-૩-૧૯૦૯ નીચે પ્રમાણે ઠરાવ થયા હતાઃ—

૧ લગ્ન વખતે દાંતનો ચુડો ૩૦ લાતીથી વધારે લેવો નહીં.

૨ મરણ પામેલા માણસનું પાથરણુ ૭ દિવસથી વધારે રાખવું નહીં.

૩ પૂજાનો દીવો ચંદ્ર ખોંચતો હોય તે પ્રમાણે કરવો.

૪ હોળીનું પર્વ કરવું નહી, તેમ માનવું નહીં.

૫ ટીનના વાસણ, કચકડાની ચીજો અને બંગડીઓ વાપરવી નહીં.

૬ રોવાકુટવાના તથા કાણે આવનારાને રાખવા સંબંધમાં ફતેહપુરના સંઘે કરેલા ઠરાવ પ્રમાણે ઠરાવ થયા છે.

ઉપદેશક અમથાલાલ જેઠાલાલે સુરતમાં કરેલાં ભાષણથી થએલા ઠરાવો નીચે પ્રમાણેઃ—

તા. ૧૨-૩-૯ કાદરશાની નાળ પાસે પંજાવા મોહોલામાં કબીર ધર્મવાળાની સભા ભરી તેમાં ૩૦૦ માણસો હતા તેમણે દારૂ તથા તાડી અને માંસની પ્રતિજ્ઞા લીધી.

તા. ૧૩-૩-૯ સગરામપરામાં છાપરાવાળા અંતેજો ૧૦૦૦ ની સંખ્યામાં મળ્યા હતા તેમણે દારૂ, માંસ, તાડી, નહીં વાપરવા ઠરાવ કર્યો.

તા. ૧૪-૩-૦૯ રામપુરા, જીવણદાસના મોહોલાવાળાએ દારૂ. માંસ, તથા તાડી નહીં પીવા ઠરાવ કીધો છે.

કોન્ફરન્સ આનાધિકારી ઉપદેશક શા દલીચંદ મગનલાલના સુપ્રયાસથી અનોડીઆ ગામના મુખી તથા મહાજને મળી ઠરાવ કર્યો કે કોઇપણ માણસ કોઈ દિવસ પશુવધ કરે નહીં, અને તેમ કરતાં જોવામાં આવે તો તેને ન્યાત બહાર અથવા કોન્ફરન્સની જીવદયા કમીટી જે ઠરાવ કરે તે ગુન્હો આપવા બંધાઇએ છીએ એવી મતલબનો દસ્તાવેજ લખાવ્યો છે. અમે આ ઓનરરી ઉપદેશકના સદુપયોગ માટે તેને ધન્યવાદ આપીએ છીએ.

કોન્ફરન્સના માનાધિકારી ઉપદેશક મેહેતા મોતીચંદ પાનાચંદના હાલારમાં પ્રયાસ દરમિયાન કરેલા ઠરાવો નીચે પ્રમાણેઃ—

ડભાસંગ—તા. ૭-૩-૦૯ કેળવણીથી થતા ફાયદા ઉપર ભાષણ આપવામાં આવ્યું તે ઉપરથી શેઠ વીરપાળ હીરાએ વિદ્યાર્થીઓ વધારવા તથા તેમને ઉત્તેજન આપવા કબુલ કર્યું છે.

દાંતા—તા. ૨૪-૩-૦૯ ધાર્મિક શિક્ષણની જરૂર ઉપર ભાષણ આપતાં ઉપાશ્રય તથા ઘર દેરાસર નહીં હોવાથી તે કરવા તરતમાં ટીપ શરૂ કરી. તથા જગ્યા લેવાણી છે.

નવા ગામ—તા૦ ૨૬-૩-૦૯ મુનિમહારાજ મણિવિજયજીના પ્રમુખપણા નીચે "સંપ તથા આપણો આચાર વિચાર" એ વિષય ઉપર ભાષણ આપવામાં આવ્યું. મહારાજ શ્રીએ "આપણો ધર્મ શું" એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

પડાણા—તા. ૨૮-૩-૦૯ સભા ભરવામાં આવી અને જીવદયા એ વિષય ઉપર ભાષણ આપવામાં આવ્યું હતું.

## મેવાડમાં માનાધિકારી ઉપદેશક ચાંદમલ નાગોરીનો પ્રવાસ

છોટી સાદડી— છ મહિના લગી દર અઠવાડિયે કોન્ફરન્સના ઠરાવો સંબંધી ભાષણો આપતાં નીચે પ્રમાણે સુધારા કરવા ઠરાવ થયાઃ—

૧ શુભ પ્રસંગે ગણિકા બોલાવવી નહી.

૨ દારૂખાનું ફોડવું નહી કે ખરીદવું નહીં.

૩ ૫૦ વર્ષની ઉપરનાનાં લગ્ન કરવાં નહીં, તેમ છોકરાની ઉમર ૧૩ વર્ષ અને દીકરીની ઉમર ૧૧ વર્ષ પેહેલાં લગ્ન કરવાં નહીં.

૪ કચકડાની ચીજો. તથા પીછાંવાળી ચીજો વાપરવી નહીં.

૫ હોળીમાં અપશબ્દો બોલવા નહીં.

૬ હલકી વર્ણનાની ચલમ લેવી નહીં, તેમ ચલમ પીતાં શીખવું નહીં.

૭ પર્યુષણમાં આઠ દિવસ બહાર ગામ જવું નહીં.

૮ પરદેશી ખાંડ વાપરવી નહીં, બનારશી ખાંડ વાપરવી.

૯ હાથી દાંતના ચુડા હવે વાપરવા નહીં. તેમ નવા મંગાવવા નહીં.

૧૦ પાઠશાળમાં છોકરા, છોકરીઓ તેમજ સ્ત્રીઓને નિયમસર બે કલાક ભણવા મોકલવાં.

૧૧ શુભખાતામાં દર મહીને દરેક માણસે ૧ પૈસો આપવો.

૧૨ લાયબ્રેરીનો લાભ હમેશાં લેવો અને ન લે તેમણે દંડ જમા કરાવવો.

૧૩ કેશર તથા મીણબત્તી પવિત્ર વાપરવાં.

**વાડી— નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા:—**

૧ હાથી દાંતના ચુડા વાપરવા નહીં.
૨ દારૂખાનું ફોડવું નહીં.
૩ કોઇપણ પ્રસંગે ગણિકા પાસે નાચ કરાવવો નહીં
૪ હોળીમાં અપશબ્દો બોલવા નહીં.
૫ પર્યુષણમાં આઠ દિવસ બહાર ગામ જવું નહીં.
૬ ચોપડામાં ચામડાનાં પુંઠાં વાપરવાં નહીં.
૭ ખાંડ બનારશીજ વાપરવી.

કારૂ ખેડા—ખાંડ બનારશી વાપરવી, ૫૦ વર્ષની ઉમર થયા બાદ લગ્ન કરવું નહી, તેમ એક સ્ત્રીની હયાતીમાં બીજી પરણવી નહીં.

અમને પ્રાચીન જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક સા. ભગવાનદાસ દુલભદાસ લખી જણાવે છે કેઃ—

**એક પ્રાચીન તીર્થની આશાતના.**

સાચોર ગામ ડીસા કેમ્પથી ૩૦ ગાઉ ઉપર જોધપુર જીલ્લામાં આવેલ છે. આપણા શાસ્ત્ર પ્રાચીન લેખો જેવાકે જગચિંતામણિના ચૈત્યવંદનમાં **जयउ वीरसच्चउरी मंडण** તેમજ પંચતીર્થ સ્તુતિમાં **श्री पार्श्वं प्रणमामि सत्यनगरे श्री वर्धमानं त्रिधा** એ આદિ અનેક લેખોપરથી આ તીર્થ સુપ્રસિદ્ધ છે. આવા અપૂર્વ પ્રાચીન પ્રસિદ્ધ તીર્થના વિષે જે મહાન્ આશાતનાઓ દૃશ્યમાન થાય છે તે જોઇ કયા જૈન નામ ધરાવનારાને દુઃખ થયા વિના રહે ?

અત્રે આપણાં પ્રાચીન પાંચ દેરાસરો વિદ્યમાન છે. તે પૈકીનાં બે શિખરબંધી પંચાયતી દેરાસર સિવાય બાકીના ત્રણ દેરાસરોમાં જે અદ્ભુત પ્રતિમાઓ બિરાજમાન છે તેની પ્રાયે પૂજાસેવા થવી તે તો મુશ્કેલજ છે, એટલુંજ નહીં પરંતુ દેરાસરોની, ઇમારતોની વર્તમાન સ્થિતિ એવી તો ભયંકર છે કે અચાનક તે ઇમારતો પડતાં પ્રતિમાજી ખંડિત થતાં વિલંબ થાય તેમ નથી. તો આવા તીર્થના અંદર થતી મહાન આશાતના દૂર કરવી એ દરેક જૈનોની ખાસ ફરજ છે.

ઉપરોક્ત આશાતના દૂર કરવા માટે નાણાંની સામગ્રી આ ગામમાં દેવદ્રવ્યની સીલીક રૂ. ૫૦) હજારથી રૂ. ૬૦) સાઠ હજારના આશરે દ્રવ્યવંત શ્રાવકોમાં પથરાએલી છે.

આપણા વીતરાગ પ્રણિત પવિત્ર આગમ ઉપરથી આપણે સિધ્ધાચળજી, આબુજી, તારંગાજીનાં તીર્થોને સર્વત્ર મહાન તીર્થો માનીએ છીએ. તે સદૃષ્ય ભૃગુકચ્છ અને આ સત્યનગરનું પણ મહાન તીર્થ કહેલ છે માટે જેવી રીતે સિદ્ધાચળજી તીર્થની આશાતના દુર કરવા આપણા સર્વનું લક્ષ ખેંચાય છે, તેવીજ રીતે આ તીર્થ તેમજ ડીસા કેમ્પથી ૧૮ ગાઉ ઉપર આવેલ કુવા ગામમાં અમીઝરા પાર્શ્વનાથજીનું પ્રખ્યાત, તેમજ ત્યાંથી ૧૫ ગાઉ ઉપર ભોરોલ અર્વાચીન તીર્થની આશાતનાઓ દૂર કરવાની જરૂરીઆત છે.

ઉપર પ્રમાણે હકીકત જાણી કયા જૈન બંધુનું હૃદય દુખાયા વગર રહે ? દેવદ્રવ્યની મોટી સીલીક હોવા છતાં દેરાસરોના વહીવટ કર્તાઓ પોતાની દેખરેખ નીચેના જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર કરવો તો દૂર રહ્યો, પરંતુ તેમાં થતી ખેદજનક આશાતનાઓ યાત્રાળુઓની નજરે પડે તે કેટલું શોચનીય કહેવાય.

# પાંજરાપોળ અને તેની સ્થિતિ.

( ગયા અંકથી ચાલુ. )

## વડોદરા પાંજરાપોળ.

આ પાંજરાપોળને કેટલીક સ્થાવર મિલકતો લોકો તરફથી અને કેટલીક સ્થાવર મિલકત સ્ટેટ તરફથી મળેલ છે અને કેટલી સ્થાવર મિલકત પાંજરાપોળ તરફથી પણ ખરીદવામાં આવેલ છે. તે સ્થાવર મિલકતોમાં પાંજરાપોળનું મોટું મકાન ઉપરાંત બીજાં ૧૦–૧૨ ઘર છે. તે ભાડે આપેલ હોવાથી તેનું ભાડું પાંજરાપોળમાં આવે છે. પાંજરાપોળની ઓફીસ છે તે મકાન હમણાં વેચાતુ લેવામાં આવેલ છે, તેમજ ઘોડાઓને રાખવા માટેનું મકાન પણ વેચાણ લેવામાં આવેલ છે. પાંજરાપોળના કંપાઉન્ડમાં જૈન ધર્મશાળા તથા શ્રી કુશળદેવજી સ્વામીનાં પગલાં છે તેનો કબજો પાંજરાપોળનો છે અને પાંજરાપોળ માટે વપરાય છે પણ તેની માલીકી પાંજરાપોળની નથી.

ઝવેરી માણેકલાલ ઘેલાભાઇએ આ પાંજરાપોળનું કામ લગભગ ૧૦–૧૨ વરસ કરી પાંજરાપોળને સારા પાયા ઉપર આણેલી હતી પણ કમનશીબે ૧૯૫૬ ની સાલમાં દુકાળ પડવાથી આ પાંજરાપોળને ઘણો ખર્ચ થવાથી સિલિક રહી નથી, પણ ખર્ચના પ્રમાણમાંજ ઉપજ છે.

અહીંના રાજવૈદ દલપતભાઇના કુટુંબવાળાઓ આ પાંજરાપોળ તરફ ઘણુંજ ધ્યાન આપે છે. અને પોતાના દરદીઓ પાસેથી વખતો વખત આ પાંજરાપોળને મદદ અપાવેછે. હાલના સેક્રેટરીઓમાં મી. નંદલાલ લલ્લુભાઇ વકીલ સેક્રેટરી છે અને તેઓ પાંજરાપોળનું દરેક કામ પુર્ણ હુલ્લાસથી કરે છે.

આ પાંજરાપોળમાં બળદ ૬૬, આખલા ૨૦, ઘોડા ૨૨, ગાય ૨૨, પાડી ૧, ઘેટાં ૨૬, બકરાં ૧૬, પાડાં ૧૧, મરઘાં ૭ વાછડી ૪, વાંદરો ૧, ભેંસ ૯ અને કાચબો ૧ મળી કુલ ૨૦૬ જનાવરો છે.

પાંજરાપોળમાંના જનાવરોની માવજત સારી છે. તેમને બેસવાની જગ્યા વાળી ઝાડી સાફ રાખવામાં આવે છે, લીંદ તથા પેસાબ તરતજ ઉપાડી લેવામાં આવે છે, પુષ્કળ ઘાસ ચારો આપવામાં આવે છે. પણ આખો દિવસ બાંધી રાખવામાં આવે છે તો તેમ નહીં કરતાં બહાર ચરવા લઇ જવાની જરૂર છે. દરેક જનાવરને હમેશાં એક શેરથી ૪ શેર લગી ચંદી આપવામાં આવે છે.

દુધ વેચી નાખવામાં આવે છે ત્યારે છાણુ આઠ માસ લગી થાપી છાણાં કરવામાં આવે છે અને તે છાણાં પાંજરાપોળના ઉપયોગમાં ચંદી બાફવા વીગેરેના કામમાં લેવામાં આવે છે અને બાકીના ચાર મહીના છાણુ મફત આપી દેવામાં આવે છે, પણ દર ટોપલે બાજરી ૧ શેર લેવાનો રીવાજ રાખેલ છે. મરેલાં ઢોર ચમાર લોકો વેચાતાં લઇ જાય છે. નોકરોની વ્યવસ્થા સારી છે, જનાવરની માવજત માટે ૭ માણસો રાખેલ છે. પણ તેઓને પગાર ઓછા મળે છે તેથી તેઓનાં મન ઉંચા રહે છે અને સંતોષકારક કામ કરતા નથી માટે સારો પગાર આપી સખ્ત કામ લેવાની જરૂર છે.

આ પાંજરાપોળમાં બે કબુતરખાનાં, એક જીવાતખાતું, તથા એક પક્ષીઓ માટે મોટું પાંજરૂં છે. તેમજ વાંદરાં, સસલાં, બિલાડાં માટે જુદાં જુદાં પાંજરાંઓ છે.

કુતરાંઓને માટે પાંજરાપોળમાં કાંઇ સવડ નથી ને કુતરાં રાખતા પણ નથી પણ તેમને બચાવવા એક સંસ્થા ઉભી થઇ છે. તે શહેરમાંથી પકડાવી એક જુદા મકાનમાં રાખવામાં આવે છે અને સંખ્યા વધી જાય ત્યારે બહાર ગામડામાં મોકલી આપવાની ગોઠવણ થએલી છે.

પાંજરાપોળના મુનીમ મી૰ મોતીલાલભાઇ તથા બીજા દરેક નોકરોનું કામ સંતોષકારક છે.

**નડીઆદ પાંજરાપોળ** તા૦ ૨૮–૯–૧૯૦૮ ના રોજ તપાસી.

નડીઆદની પાંજરાપોળ નાના પાયા ઉપર છે. તે વૈશ્નવો નભાવે છે. અહીં શ્રાવક વાણિઆની વસ્તી નથી પણ ( કણબી ) પાટીદાર શ્રાવક છે. તેઓ ગરીબ હોવાને લીધે પાંજરાપોળ નીભાવવામાં ભાગ લેતા નથી. પાંજરાપોળનું મકાન નવું અને ઘણું વિશાળ બંધાવેલું છે. જનાવરોને રહેવાની સગવડ સારી છે. માવજત સારી છે. માંદા જનાવરો થોડાં છે તેમને માટે ત્યાંના વેટેરીનરી સરજન મી૰ મણીઆર દવાઓ કરે છે. જનાવરોની સંખ્યા ૨૦–૨૫ ની હતી જેમાં બળદ, ગાય, વાછરડા હતા. શિઆળાની મોસમમાં બકરીઓ આવે છે. ઉપજ સારી છે અને વ્યવસ્થા પણ ઉત્તમ છે. એક નાનું કબુતરખાનું છે. વધારેના જનાવરોને અમદાવાદ મોકલવામાં આવે છે. દુધની પેદાશ નથી. છાણુ મફત આપી દેવામાં આવે છે. જનાવરના મરણ બાદ ચામડાની ઉપજ સારી છે.

**મીઆંગામ પાંજરાપોળ** તા૦ ૩૦–૯–૧૯૦૮.

મીઆંગામની પાંજરાપોળ બહુ નાની છે. ફકત એક ઓરડો છે, તેમાં ઢોર રાખવામાં આવે છે. પણ ઢોર આવે કે તુરત વડોદરા મોકલવામાં આવે છે. વખતે એકાદ દિવસ જનાવર રહે છે ને ઘણી વખત તો જનાવર વિનાજ ખાલી પાંજરાપોળ રહે છે. સ્ટેશન નજીક એક કબુતરખાનું છે. પાંજરાપોળનું ખર્ચ નજીવું છે અને તેટલી ઉપજ વેપારીઓમાંથી થાય છે, જનાવરોના દુધ છાણુ કે ચામડાં વિગેરેની કાંઇ ઉપજ નથી.

**પેટલાદ પાંજરાપોળ.**

તા૦ ૧–૧૦–૧૯૦૮ ના રોજ તપાસી.

પેટલાદની પાંજરાપોળનું મકાન મોટું છે પણ જનાવરો ઘણાં ઓછાં રહે છે. ઉપજ ઘણી ઓછી હોવાથી જનાવરો વધારે રાખવામાં આવતાં નથી. જેમ જનાવરો વધે

તેમ ખંભાત પાંજરાપોળમાં મોકલવામાં આવે છે. શ્રાવકોની વસ્તી સારી છે પણ અંદર અંદરના કુસંપને લઈને ઉપજ સારી નથી. ઉપજ કરતાં ખર્ચ વધારે હોવાથી હરવખત મુડીમાંથી ખર્ચ કરવું પડે છે, અહીંની પાંજરાપોળનો વહીવટ શા મોતીચંદ જોઇતાદાસવાળા સ્વતંત્ર રીતે પ્રમાણિકપણાથી અને નિસ્પૃહાથી ચાર પેઢીથી ચલાવે છે. મહાજન (શ્રાવક કે વૈશ્નવ) કોઇપણ પાંજરાપોળ તરફ બરાબર ધ્યાન નહીં આપતા હોવાથી લાગા પણ બરાબર આપતા નથી. આ પાંજરાપોળમાં જનાવરોની હાજરીનું પત્રક રાખતા નહીં હોવાથી તે રાખવા અમારા પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી. મોતીચંદ કુરજી ઝવેરીએ સમજાવ્યાથી તેઓ આવતા વરસથી રાખવા કબુલ થએલ છે. જનાવરોની સંખ્યા ૨૫-૩૦ ની છે. શિઆળામાં નાનાં બકરાંઓની સંખ્યા વધે છે, દુધની પેદાશ નથી, છાણ મફત આપી દેવામાં આવે છે પણ જનાવરો મરી ગયા બાદ તેના ચામડાની પેદાશ ઠીક છે. પાંજરાપોળ નજીક કબુતરખાનું છે તેમાં દરરોજ દશ શેર જાર નાખવામાં આવે છે.

**બોરસદ પાંજરાપોળ** તા૦ ૩—૧૦—૦૮ ના રોજ તપાસી.

બોરસદની પાંજરાપોળનું મકાન નવુંજ બંધાવેલું છે, તેમાં દરેક રીતની સગવડ સારી જોવામાં આવે છે; તેમ માવજત પણ સારી છે. જનાવરોને ચંદી આપવામાં આવતી નથી પણ ઘાસ પુષ્કળ મળે છે, દિવસના જાનવરોને પાંજરાપોળની બહાર ખુલ્લા મેદાનમાં ફરવા દેવામાં આવે છે તેમજ પાણી પીવાને તળાવપર લઇ જવામાં આવે છે. ચાલવાને શકિતવાળા જનાવરોને ગામથી દુર ચરવાને લઇ જવામાં આવે છે.

જનાવરોની શારીરિક સ્થિતિ સારી જોવામાં આવે છે, કોઇ પણ માણસ જનાવરના રોગ જાણનાર નહીં હોવાથી માંદા જનાવરોની બીલકુલ દવા થતી નથી.

પાંજરાપોળની ઉપજ સારી છે, ખર્ચ પણ ઠીક છે, હાલના વહીવટકર્તા મી૦ જીવાભાઇ પરભુદાસ સંતોષકારક રીતે કામ ચલાવે છે. શ્રાવકો તથા વૈશ્ણવો બંને કોમના ગૃહસ્થો પાંજરાપોળ તરફ સારૂં ધ્યાન આપે છે. વેપારીઓ ઉપર કેટલાક લાગા છે, તેની ઉપજ સારી છે. જનાવરોના દુધ, છાણ, કે ચામડાંની કાંઇ પેદાશ નથી. આ પાંજરાપોળમાં સિલિક નથી પણ એકંદરે સ્થિતિ સારી છે.

**સાણંદ પાંજરાપોળ** તા૦ ૧૩-૧૦-૧૯૦૮ ના રોજ તપાસી.

સાણંદની પાંજરાપોળનો વહીવટ મહાજન તરફથી એક કમિટી નીમાએલી છે તેના ઓનરરી સેક્રેટરી શેઠ ઉજમશીભાઇ મુળચંદભાઇ ખરા મનથી મહેનત લઇ સંતોષ કારક રીતે કરે છે પરંતુ એવણ ભાઇને એ કામમાં મદદ કરવાને માટે એક બીજા જોઇન્ટ ઓનરરી સેક્રેટરીની જરૂર છે.

અહીના વેપારીઓ ઉપર પાંજરાપોળનો લાગો સારો છે, તેમજ શ્રાવકની વસ્તી વધારે અને વૈશ્નવો ઘણાજ ઓછા હોવાથી ઘણોખરો વેપાર શ્રાવકના હાથમાં હોવાથી લાગો સહેલાઇથી વસુલ થઇ શકે છે, તેથી ઉપજ સારી છે. તે સિવાય આ પાંજરાપોળની સ્થાવર મીલકત ઘણી છે. સાણંદ ગામમાં દાખલ થતાંજ દાણા બજાર આવે છે, અને તે બજારમાં ઘણીખરી દુકાનો પાંજરાપોળની માલેકીની છે. તેથી તેનું ભાડું પણ પાંજરાપોળને ઘણું સારૂં ઉપજે છે તે ઉપરાંત ગામમાં કેટલાંક ઘરો પાંજરાપોળની માલેકીનાં છે. જેથી તેનું પણ ભાડું આવે છે. શ્રાવકોમાં શુભાશુભ પ્રસંગે પણ પાંજરાપોળને ઘણી સારી મદદ મળે છે. વળી પાંજરાપોળની થોડી સીલીક છે તે વેપારીને ત્યાં વ્યાજે મૂકેલ હોવાથી તેનું

વ્યાજ સારૂં પેદા થાય છે. મુંબઈ પાંજરાપોળ તરફથી તેમજ બીજી ટીપો મારફત આ પાંજરાપોળને ઉપજ ઘણી સારી થાય છે. એકંદર ખર્ચના પ્રમાણમાં ઉપજ ઘણી સારી છે.

આ પાંજરાપોળનું મકાન થોડા વખત પહેલાંજ નવું બાંધેલું છે. તે ઘણું વિશાળ છે અને ત્યાં જનાવરોને રહેવાની સગવડ જોકે સારી છે પણ ચોમાસામાં તે મકાનના નાના ઓરડાઓમાં જનાવરોને ગોંધાઇ રહેવું પડે છે, અને તેથી કરીને તેઓને ઘણુંજ દુઃખ સહન કરવું પડે છે; કેમકે ચોમાસામાં ડાંસ તથા મચ્છરોનો ઉપદ્રવ ઘણો થાય છે, જનાવરોને હેરાન કરી મેલે છે. આ હેરાનગતીમાંથી બચાવવા માટે તેમને રાતની વખતે ઓરડાઓમાં પૂરવામાં આવે છે. ઓરડાઓ એટલા નાના છે કે તેમાં ૨૦ જનોવરોનોજ સમાવેશ થઇ શકે તેમાં ૫૦ જનાવરોને રાખવામાં આવતાં હોવાથી અને વળી હવા તથા અજવાળાની સગવડ નહીં હોવાથી તેઓ દુખી થાય છે તેથી અમારા પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ મોતીચંદ કુરજી ઝવેરીએ ઓરડાઓ વધારવાની તથા એકેક ઓરડામાં ૨૦-૨૫ જનાવરોને રાખવાની તથા હવા અને અજવાળાને માટે જાળીઓ મેલવાની તેમજ વખતો વખત કારબોલીક પાઉડર છાંટવાની ભલામણ કરી છે.

આ પાંજરાપોળના મકાનનો કંપાઉન્ડ ઘણોજ મોટો હોવાથી જનાવરોને હરવા ફરવાની સગવડ સારી છે. શિયાળામાં અને ઉનાળામાં અહીંના જનાવરોને પાંજરાપોળથી બે ગાઉ દુર આવેલ પાંજરાપોળના બીડમાં ખુલી હવામાં રાખવામાં આવે છે.

આ પાંજરાપોળમાં દુધાળાં જનાવરો ઘણાંજ ઓછાં છે અને તેઓનું દુધ બકરાંઓને પાવાના કામમાં આવે છે. તેથી તેની ઉપજ આવી શકતી નથી. આ પાંજરાપોળમાં રહેતાં જનાવરોને માટે વૈદની જોગવાઇ નથી. બે ચાર ભરવાડો રહે છે તે જાણવા પ્રમાણે દેશી દવા કરે છે.

શિયાળા ઉનાળામાં બાડમાં જનાવરોને રાખવામાં આવતા હોવાથી, ખુલ્લી હવા ચરીને ખાવાનું ઘાસ અને ચોખ્ખું પાણી મળતાં તેમની તંદુરસ્તી ઘણીજ સારી રહે છે. તે વખતમાં માંદા જનાવરોને ચંદી આપવામાં આવે છે અને જ્યારે ચોમાસામાં બધા જનાવરોને પાંજરાપોળમાં રાખવામાં આવે છે ત્યારે તમામને બે વખત ચંદી તથા પુરતું ઘાસ મળે છે.

નાનાં બકરાં અને ગાડરાંની સંખ્યા શિયાળામાં એકદમ વધી જાય છે. વરસમાં આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ ભેગાં થાય છે પણ કમનશીબે બધાં મરી જાય છે, તેનું ખરૂં કારણ તપાસતાં માલમ પડે છે કે ભરવાડો બોકડાઓને ઘણીજ નાની અવસ્થામાં, જન્મીને થોડા દિવસના ન થયા હોય ત્યાંજ પાંજરાપોળમાં મોકલાવી આપે છે. આ વખતે તેમને ધાવણની જરૂર હોય છે પણ તેમની માનું ધાવણ નહીં મળવાથી તમજ બીજી પણ કેટલીક સારવાર નહીં થતી હોવાથી મરણપ્રમાણ એકદમ વધી જાય છે.

આ પાંજરાપોળને અંગે એક મોટું કબુતરખાનુ છે અને તેમાં અસંખ્ય કબુતરો અને બીજા પક્ષીઓ ચારો લેવાને માટે આવે છે.

અહીંઆ માછલાંની ઉત્પતિ ઘણી છે. ચોમાસામાં તળાવોમાં અને ખાબોચીઆમાં પાણી ભરાઈ જાય છે. તેમાં અસંખ્ય માછલાં થાય છે. શીયાળાની આખરમાં તે તળાવો અને ખાબોચીઆં સુકાઈ જાય છે, ત્યારે મહાજન તરફથી તેઓને લેવરાવી બીડમાં એક ખાબોચીયામાં રાખવામાં આવે છે, અને તેમાં કુવાનું પાણી ભરી રાખવામાં આવે છે. આવી રીતે આ નાનાં જળચર પ્રાણીઓને બચાવવા માટેજ આ પાંજરાપોળને વાર્ષિક રૂ. ૩૦૦૦)નું ખર્ચ લાગે છે.

આ પાંજરાપોળમાં ઘાસ મોટા જથામાં રાખવામાં આવતું હોવાથી તે દુકાળના વખતમાં ઘણું ઉપયોગી થઇ પડે છે.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

**જીલ્લે ખેડા તાબે, ગામ સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે સંઘવીની પોળમાં આવેલા શ્રી વિમલનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રિપોર્ટ.**

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા હીરાચંદ ફીલાભાઇ બીન ફતેચંદ તથા શા ઉમેદચંદ ખીમચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી સં. ૧૯૬૩ ના આશો વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં નામુ રીતસર લખ્યું છે. દહેરાસરજીમાં આવક સાધારણ રીતે સારી છે. પુજનને લગતો કેશર, સુખડ વીગેરેને ખર્ચ શ્રાવકો પોતની ગીરોથી આપી પુજન માટે ગોઠી નહી રાખતાં પોતાના હાથે કરે છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. અમોએ માગણી કરતાં તરત હીસાબ દેખાડાવી દીધો છે, તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે, માટે આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

**જીલ્લે ખેડા તાબે શ્રી સ્તંભતીર્થ (ખંભાત) માં માણેકચોક મધ્યે આવેલા શ્રી ધર્મનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.**

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ મુલચંદ કાલીદાસના હસ્તકનો સંવત ૧૯૬૧ થી સં૦ ૧૯૬૩ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં દહેરાસરના ચોપડામાં ઉપજ ખર્ચ માંડયું નથી, તોપણ હીસાબની માગણી કરતાં તુરત દરેક બાબતો સાથે દેખડાવી આપ્યો છે, તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

**જીલ્લે ખેડા તાબે ગામ ( સ્થંભતીર્થ ) ખંભાત ચોકશીની પોળ મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.**

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ છગનલાલ નહાનચંદના હસ્તકનો સં૦ ૧૯૬૧થી સં૦ ૧૯૬૩ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે; તે જોતાં વહીવટ કર્ત્તા નિખાલસ મનથી વહીવટ ચલાવી હીસાબ ચોખ્ખી રીતે રાખી માગણી કરતાં તરત દેખડાવી આપ્યો છે, તે માટે તેમનો આભાર માનીએ છીએ. આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

**જીલ્લે ખેડા તાબે ગામ સ્થંભતીર્થ ( ખંભાત ) માં બોરપીપળા મધ્યેની શેરીમાં આવેલા શ્રી વિજય ચિન્તામણિ પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.**

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા૦ છોટાલાલ સરૂપચંદના

હસ્તકનો સં. ૧૯૬૪ ના અશાડ વદ ૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ નીખાલસ દીલથી ચલાવતા જોવામાં આવે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. માટે આશા રાખીએ છીએ કે, તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે ખેડા તાબે ગામ સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે નાગરવાડામાંના શ્રી વાસુપૂજ્ય સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા○ કસ્તુરચંદ જેચંદના હસ્તકનો સં○ ૧૯૬૧ ના અશાડ વદ○)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં દહેરાસરજીનું નામુ એક બેઠી ખાતાવહી ઊપર નહી જેવું રાખવામાં આવ્યું છે. તે મધ્યેથી તથા વહીવટ કર્ત્તાને પુછી હીસાબ નોંધી લીધો છે

અમોએ મજકુર હીસાબની માગણી કરતાં તેમની પાસે જે હીસાબ હતો તે બીન તકરારે બતાવ્યો છે તે માટે તેમનો આભાર માનીએ છીએ

આ ખાતામાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર ભરી વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલ ચોકશીની પોળમાંના શ્રી ગૌતમસ્વામી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ દીપચંદ ડાહ્યાભાઈના હસ્તકનો સં○ ૧૯૬૧થી સં○ ૧૯૬૩ના આશો વદ ○)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ વહીવટ કર્ત્તાએ હીસાબ ચોખ્ખો રાખી દહેરાસરજી ઉપર પુરતું ધ્યાન આપી દેખરેખ રાખતા જોવામાં આવે છે અને સદરહુ દહેરાસરજીમાં જીર્ણોદ્ધારનું કામ ચલાવે છે. પરંતુ દહેરાસરજીમાં ઝાઝી મીલ્કત જોવામાં આવતી નથી. તેમને મદદ મળવાની જરૂર છે. સદરહુ વહીવટ કર્ત્તાએ હીસાબ ચોખ્ખો રાખી અમોને માગણી કરતાંની સાથે બતાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે માટે આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી પુરતી રીતે યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે આવેલ દંતારવાડાના શ્રી શાંતિનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ કીલાભાઈ જેઠાભાઈના હસ્તકનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં હીસાબને અંગે નામું કંઇપણ રાખવામાં આવ્યું નથી. દાગીના તથા સીલીકની નોંધ લીધી છે. દહેરાસર એક ઘર દહેરાસરજી જેવું છે, ઉપજ પણ નહીં જેવી છે, મકાનની સ્થિતિ જીર્ણ થએલી છે. માટે તાકીદે સુધરાવવાની જરૂર છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, માટે આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થીર વ્હે, અમૃતધારા વરસે."

## કેળવણીના વિષય સંબંધે કૉન્ફરન્સને કેટલીક સૂચના.

### કેળવણીના અંગમાં કૉન્ફરન્સે પ્રથમ શું કરવું આવશ્યક છે?

આપણી કૉન્ફરન્સના ગયા વર્ષોના કેળવણીના વિષય પરત્વેના ઠરાવો જોતાં, તેમાં સૂચવેલા કાર્યોના બે વિભાગ પાડી શકાય તેમ છેઃ—(૧) જનસમાજના સામાન્ય હિતનાં કાર્યો; (૨) અમૂક વ્યક્તિઓના હિતના કાર્યો. આ છેલ્લા જણાવેલા કાર્યો પાછળજ અત્યાર સુધી પોતાના હસ્તકનો લગભગ પચીસેક હજાર રૂપીઆનો ફંડ કૉન્ફરન્સના માનાધિકારી મંત્રીઓએ ખરચેલ છે, જેથી અલબત અમૂક વ્યક્તિઓને ઉત્તેજન મળ્યું છે, પણ પરિણામ જોઇએ તેવું કાંઇ સંગીન (far-reaching) આવ્યું નથી. માટે પ્રથમ સામાન્ય હિતના અને પછી વ્યક્તિના હિતના કાર્યો તરફ કૉન્ફરન્સે લક્ષ આપવું વધારે ઉચિત જણાય છે.

સામાન્ય હિતના મૂખ્ય કાર્યો નીચે જણાવ્યા પ્રમાણે છેઃ

**(૧)—કેળવણીને લગતું સાહિત્ય ઉત્પન્ન કરવું.—**

(અ)—ધર્મનીતિની વાંચનમાળા રચાવવી.

(બ)—નવતત્ત્વ, ત્રિષષ્ટિ સલાકા પુરૂષ ચરિત્ર, વગેરે ગ્રંથો નવીન પદ્ધતિએ તૈયાર કરાવવા.

(ક)—ધર્મનીતિના શિક્ષણ અર્થે શિક્ષકોને માર્ગદર્શક પુસ્તકો રચાવવાં

(ડ)—કૉલેજિયનો માટે જૈનતત્ત્વજ્ઞાનના પુસ્તકો નવીન પદ્ધતિએ રચાવવાં.

(ઇ)—યુનિવ્હર્સિટિઓએ કૉલેજોમાં દાખલ કરેલ જૈન પુસ્તકોના અંગ્રેજીમાં તરજુમા, ટીકા, વગેરે લખાવવાં.

(ફ)—માગધી ભાષાની માર્ગોપદેશિકા, વ્યાકરણ તથા શબ્દકોષ તૈયાર કરાવવાં.

......વગેરે, વગેરે.

**( ૨ )—ધર્મનીતિનું સારૂં શિક્ષણ આપી શકે તેવા પ્રવીણ શિક્ષકો ઉત્પન્ન કરવા:—**

( અ )—આવા શિક્ષકો ઉત્પન્ન કરવા માટે એક ટ્રેનિંગ કૉલેજ મુંબઇમાં ઉઘાડવી. તેમાં માત્ર સવારના બે કલાક દરરોજ શિક્ષણ આપવું. અભ્યાસક્રમ એક યા બે વર્ષનો રાખવો. માત્ર મેટ્રિક યા ટ્રેન્ડ થએલાને તેમાં દાખલ કરવા. અત્રે શિક્ષણ લેનાર દિવસના ભાગમાં કોઇ શાળામાં શિક્ષક તરીકે કામ કરવા ઇચ્છતો હોય તો તે સંબંધે તે સ્વતંત્ર રહેવો જોઇએ, પણ તદ્ઉપરાંત પ્રાઇવેટ ટ્યુશન આપવાનો પ્રતિબંધ રાખવો જોઇએ. વાર્ષિક પરિક્ષા લઇ સર્ટિફીકેટ આપવાં. બની શકે તો સારા પગારે તેમને નોકરી રખાવી આપવા ગોઠવણ કરવી. વાર્ષિક પરિક્ષામાં અત્રે અભ્યાસ નહિ કરેલ એવા કોઇ મેટ્રિક યા ટ્રેન્ડ શિક્ષક બેસવા માગતા હોય તો યોગ્ય લાગે તો તેમને છૂટ આપવી.

(બ)—ટ્રેનિંગ કૉલેજને અંગે સ્કૉલરશીપો, ફેલોશીપો તથા લેકચરશીપો રાખવી.

(ક)—ઉક્ત ટ્રેનિગ કૉલેજમાં અભ્યાસ પૂર્ણ કરવાની તેમજ બીજી યોગ્ય શરતોએ મેટ્રિક થએલા જૈન વિદ્યાર્થિઓને અમદાવાદ યા રાજકોટ ટ્રેન્ડ થવા સારી સ્કૉલરશીપો આપી મોકલવા.

**( ૩ )—પ્રકીર્ણ સ્હાય્યકારી કાર્યો.—**

(અ)—શિક્ષણના વિષયના ખાસ અભ્યાસી, (તથા જેમણે એ કાર્ય પછવાડે પોતાની જીંદગી અર્પણ કરેલ હોય,) એવા તત્ત્વરસિક ઉદાર બુદ્ધિ-વાળા મર્મજ્ઞ અને કુશળ પુરૂષોને ઇન્સ્પેકટરો નીમવા.

(બ)—ધર્મ નીતિની કેળવણી સંબંધે એક અલાયદું માસિક કાઢવું.

(ક)—ઉપર જણાવેલા કાર્યો યથાર્થ થઈ શકે તે અર્થે એક વ્યવસ્થાપક કેળવણી ખાતું–Educational Board–સ્થાપન કરવું.

હવે વ્યક્તિના હિતના કાર્યોની કોટિમાં જે જે સુકાર્યો આવે છે તે આ છે.–વિદ્યાર્થીઓને પુસ્તકો યા સ્કૉલરશીપ રૂપે સ્હાય આપવી એ દેખીતી રીતે અમુક વ્યક્તિના હિતનું કાર્ય છે. શાળાઓ, બૉર્ડિંગો, ઉદ્યોગશાળાઓ, પુસ્તકાલયો, કન્યાશાળાઓ, શ્રાવિકાશાળાઓ, સેવાસદનો (વિધવા આશ્રમો,) વગેરે સ્થાપવાં એ અમૂક સ્થળના યા અમૂક જ્ઞાતિના માણસોને હિતકારી કાર્યો છે. વળી આવી સખાવતો ઘણે ભાગે અમૂક શ્રીમંતનાં નામે થાય છે અને થવા યોગ્ય છે. પોતાની જ્ઞાતિ યા કોમ યા દેશની ખાતર આવી સખાવતો કરવા માણસો પ્રેરાય છે, અને તેથી સ્વાભાવિક રીતે અત્યાર સુધીમાં આવા કાર્યો ઘણા થયેલાં છે, પણ પ્રથમ જણાવેલ સામાન્ય હિતના કાર્યો કરવા પ્રત્યે જોઇએ તેવું વલણ જણાયું નથી. ખુદ કોન્ફરન્સમાં પણ આ પ્રમાણે બન્યું છે;— અમદાવાદ તથા ભાવનગરની કૉન્ફરન્સ વખતે કેટલીક માત્ર સ્થાનિક સખાવતો થએલ છે. વળી બીજી તરફ જોતાં હાલનો જમાનો એવો છે કે કેળવણી લીધા વિના કોઇને ઘણે ભાગે ચાલી શકે તેમ નથી. ગમેતેમ કરીને પણ માણસો કેળવણી લે છે અને લેશેજ, તથા જમાનાના પ્રવાહ સાથે કેળવણી લેનારાની સંખ્યા દિનપ્રતિદિન વધે છે અને વધશેજ. વસ્તુ-

સ્થિતિ આવી હોવાથી આવા વ્યક્તિના હિતના કાર્યો કરવાની જેટલી આવશ્યકતા છે તેના કરતાં ઉક્ત સામાન્ય હિતના કાર્યો કરવાની આવશ્યકતા હાલના સંજોગો જોતાં વિશેષ છે. જેમ કેળવણી લેનારાં વધે તેમ તેમ તેમને કેળવણી પામવાના યથાયોગ્ય સાધનો પણ વધવાં જોઈએ. માગધીભાષા તેમજ ધર્મનીતિના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને યોગ્ય સરળ પુસ્તકોનો તથા તે વિષયોનું સારૂં શિક્ષણ આપી શકે તેવા લાયક શિક્ષકોનો બહુધા અભાવ છે, તો જમાનાની જરૂરીઆત ઓળખી તે દિશામાં પ્રયાસ કરવો એ શાણા માણસોનું કર્તવ્ય છે. આમ વિચાર કરી જોતાં સહજ જણાઈ આવશે કે ઉત્તમ રીતિ તો એજ છેકે કૉન્ફરન્સે વ્યક્તિના હિતના સુકાર્યો કરવા માટે દરેક ગામના તથા જ્ઞાતિના અગ્રેસરો તથા શ્રીમંતોને ઉદ્બોધન (appeal) કરવું જોઇએ, અને તેમની ઉદારતા પર વિશ્વાસ રાખી, જેની જે ફરજ છે તેના પર તે અદા કરવાનું છોડી દેવું જોઇએ; તથા કોન્ફરન્સે પોતે, પોતાના હસ્તક જે રકમો જનસમૂહ તરફથી સોંપવામાં આવે તેનો વ્યય, પ્રથમ બહોળા જનસમુદાયને ઉપયોગી થાય એવા સામાન્ય હિતના કાર્યો માટે અને પછી, ફંડ વિશાળ હોય તો, થોડા માણસોને યા અમૂક વ્યક્તિઓને ઉપયોગી એવાં કાર્યો માટે કરવો જોઇએ. આમ વિવેક કરવો એજ વધારે ઉચિત જણાય છે, અને સરકાર પણ ઘણે ભાગે આજ પદ્ધતિએ વર્ત્તે છે.

ઉપર દર્શાવેલા સામાન્ય હિતના કાર્યો બરાબર થઇ શકે તે માટે શું થવું જોઇએ તે વાતનો હવે કાંઇક વિચાર કરીએ.

અમારા નમ્ર મત પ્રમાણે ઉક્ત કાર્યોની યોજના તથા સુવ્યવસ્થા અર્થે ઉપર જણાવ્યા પ્રમાણે એક એજ્યુકેશનલ બોર્ડ—કેળવણી ખાતું–સ્થપાવું જોઇએ. એ ખાતાની ઓફીસ મુંબઈમાં રહેવી જોઇએ, અને તેમાં યોગ્ય સંભાવિત ગૃહસ્થો તથા ગ્રેજ્યુએટોની નીમણુંક, પોતાની સંખ્યામાં વધારો ઘટાડો કરવાની સત્તા સાથે, થવી જોઇએ. આ માટે એક સારૂં ફંડ એકઠું કરવું જોઇએ, તથા પ્રતિવર્ષે કૉન્ફરન્સમાં કેળવણી ખાતે જે રકમો ભરાય તે તમામ આ ખાતાને સોંપાવી જોઇએ. આ સઘળા ફંડનો વ્યય કેવી રીતે કરવો તે આ ખાતાની મુનસફીપર રહેવું જોઇએ. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જે પદ્ધતિએ કામ કરે છે તેજ પદ્ધતિએ ઘટતા ફેરફારો સાથે ઘણે ભાગે આ ખાતાએ કામ કરવાનું છે; અને ઉક્ત સોસાઇટી જેમ પ્રતિ વર્ષે અમૂક પુસ્તકો પ્રકટ કરે છે તથા અન્ય કાર્યોની વ્યવસ્થા કરે છે તેજ પ્રમાણે આ ખાતાએ પુસ્તકો પ્રકટ કરવા જોઇએ તથા અન્ય વ્યવસ્થા કરવી જોઇએ. તદુપરાંત અનુકૂળતા હોય, તો ઉપર જણાવેલાં બીજા પ્રકારના કાર્યોની સુવ્યવસ્થા કરવાનું કામ પણ એ ખાતાને સોંપવું જોઇએ.

જૈન બંધુઓની કેળવણી અર્થે કાંઇ સંગીન યોજના થાય એવી અંતરની લાગણીને લઇને આટલી ચર્ચા સર્વ સુજ્ઞ બંધુઓના ખાસ વિચારવા અર્થે અમે અત્રે કરેલ છે. આ વિચારો જો યોગ્ય જણાય તો તે પ્રમાણે ત્વરિત અમલ કરવા તથા આવતી કૉન્ફરન્સમાં એ દિશામાં કાંઇ સંગીન કાર્ય કરવા કૉન્ફરન્સના નેતાઓને અમારી નમ્ર સૂચના છે.

---

## ફ્રોબેલના નૈતિક અને ધાર્મિક કેળવણી સંબંધી સિદ્ધાંતો.

---

ફ્રોબેલના મત પ્રમાણે મનુષ્યનું ઉચ્ચ ભાગ્ય પરમાત્મા સાથે એકાકાર થવું તે છે. તે વિદ્વાન કહે છે કે:—"મૂળથીજ મનુષ્યનો અન્તરાત્મા પરમાત્મા સાથે એકજ છે, એવી લાગણીને વિશુદ્ધ જ્ઞાનમાં ઉતારવાને, પરમાત્મા સાથેની આ ઐક્યતા જે ઉક્ત વિશુદ્ધ જ્ઞાનના પાયા ઉપર રચાયલી છે તેની પ્રતીતિ કરવાને, અને પરમાત્મા સાથેની આ ઐક્યતામાં

જીંદગીની દરેક અવસ્થા તથા સંબંધમાં સ્વસ્થ અને સુદૃઢ જીવન અસ્ખલિતપણે ગાળવાને પ્રયત્ન કરવો એનુ નામ ધર્મ છે." આ ઐક્યતાને સિદ્ધ કરવાનું શક્ય કરવું એજ તેના (ફ્રોબેલની) કેળવણીની પદ્ધતિનું સર્વ વ્યાપી અને સર્વ પરિગ્રાહી લક્ષ્ય છે.

ફ્રોબેલ માનતો કે ઉત્ક્રાંતિવાદના સર્વમાન્ય નિયમાનુસાર મનુષ્ય વર્દ્ધમાનપણે આત્મવિકાશ કરતાં પરમાત્મ સ્વરૂપ થઇ શકે; દરેક બાળકના સ્વભાવમાં દૈવી પ્રકૃતિનો એક અંશ હોય છે જે અંશને પુષ્ટ કરવો જોઇએ અને જેની પરમાત્મા સાથે ઐક્યતા કરાવવી જોઇએ; બાળકમાં રહેલ ઉત્તમ અંશોની વૃદ્ધિ અર્થે જો તે યોગ્ય સ્થિતિમાં મૂકાયેલ હોય તો બાલ્યાવસ્થામાં તેનું સ્વાભાવિક વલણ સત્ય તરફ હોય છે; બાળકની ઉચ્ચગ્રાહિ વૃતિઓને તે જે ક્ષણથી પ્રથમ સંસ્કાર ગ્રહણ કરવા માંડે તેજ ક્ષણથી ખીલવવી જોઇએ કે જેથી તેના વર્તનમાં ઇંદ્રિય વાસનાઓની વૃદ્ધિ થતી અટકે; શિક્ષણ તો જન્મથીજ શરૂ થવું જોઇએ પણ તે બાળકની સ્વાભાવિક ઇચ્છાઓની આડે કદી પણ આવવું જોઇએ નહિ; સંપૂર્ણ વિકાસ માત્ર એકજ વાસ્તવિક સ્થિતિમાં થઇ શકે તેમ છે અને તે સ્વાતંત્ર્ય છે; દબાણ સંકુચિત કરે છે અને સદાચરણ પ્રત્યે લલચાવા માટે ઇનામ આપવાની રીતિ પતિત કરે છે; કર્તવ્યનિષ્ઠતા અથવા ધાર્મિકવેગ વર્તન ઘડાવામાં અગત્યનો તત્ત્વ છે; ખીલવણીની દરેક સ્થિતિમાં નીતિની કેળવણી આપવી જોઇએ કે જેથી કરીને તેની પછવાડેની સ્થિતિમાં તે સ્થિતિ (આશ્રમ)ને યોગ્ય અભિવૃદ્ધિને પહોંચી શકાય; બાળકના વિકાસના કોઇ પણ સમયે તત્ પશ્ચાતના કોઇપણ સમયને યોગ્ય નીતિ શિક્ષણ અથવા સદ્‌વર્તનના નિયમો તેને આપવાનો પ્રયત્ન કરવો તે એક ગંભીર ભૂલ છે; શુદ્ધ કૌટુમ્બિક જીવનના અનુભવથી પ્રત્યક્ષ જણાય છે કે ધાર્મિક અભ્યુદયના પહેલા અંકુરો સામાજિક જીવન, પ્રેમ, ભક્તિ, પિતૃ, માતૃ અને ભ્રાતૃ પ્રત્યેના સંબંધો, અને શુદ્ધ જીવનમાં રહેલા છે; સંવર્દ્ધમાન ઉચ્ચત્તર જીવનની નિષ્પત્તિરૂપ પરમાત્માનો બાળકને સાંકેતિક રીતે સાક્ષાત્કાર કરાવનાર કુદરત છે; ગૌણપણે રહેલ યા વિમાર્ગે પ્રવૃત્ત થએલ શુભ વૃત્તિમાંથી બાળકની કૃતિમાં અશુભ પરિણમે છે; ધર્મનો કોઇપણ જાતના ત્રાસ સાથે સંબંધ જોડવો ન જોઇએ; બાળકના ધાર્મિક અનુભવો આનંદ અને સુખ ઉપજાવનાર હોવા જોઇએ; ઇશ્વરને એક પ્રેમાળ પિતા તરીકે પ્રદર્શિત કરવો જોઇએ; અમૂક રીતે વર્તવામાં તેની વૃતિ ખોટી હતી એવી પ્રતીતિ બાળકને તેની પ્રથમાવસ્થામાં કરાવવી ન જોઇએ; બાળકની જીંદગી શુષ્ક ક્રિયા અને દાંભિક પ્રવૃતિથી મુક્ત રાખવી જોઇએ; અમૂક મતની માનીનતાઓનું જ્ઞાન ત્યાં સુધી એવા શબ્દોદ્વારા કરાવવું ન જોઇએ કે જ્યાં સુધી તે શબ્દોનો ભાવાર્થ તથા રહસ્યાર્થ સમજી શકે તેવો અનુભવ બાળકને થયો ન હોય; મૃત સદ્‌ગુણોની ખાખરૂપ અર્થરહિત સૂત્રોથી બાળકનું મન ભરવું ન જોઇએ; બાળકનુ વ્યક્તિત્વ તે બાળકનું દેવત્વ છે; અને તે વ્યક્તિત્વનો વિકાસ કરવો એજ ગૃહ તથા શાળાનું મહાન કર્તવ્ય છે; પરમાત્મા અને મનુષ્યની સંપૂર્ણ ઐક્યતાના મૂળ તરીકે તે વ્યક્તિત્વ (આત્મત્વ) ને સંપૂર્ણ બનાવવું જોઇએ; આત્મપ્રવૃતિ (સ્વપ્રવૃતિ) એજ નૈતિક તેમજ માનસિક વિકાસની રીતિ છે; સદ્‌વર્તન શ્રદ્ધા પ્રદર્શિત કરે છે એટલુંજ નહિ પણ તેમાં વૃદ્ધિ પણ કરે છે; એક સંપૂર્ણ વસ્તુ તરીકે અગર મતો અને સિદ્ધાંતોના બુદ્ધિપૂર્વક સ્વિકારથી ધર્મ માણસની જીંદગીમાં ઉતારી શકાયજ નહિ; પણ જેમાં ભ્રાતૃભાવ, સંપ, પ્રેમ, જીવન, નિયમ, સન્માન, કૃતજ્ઞતા, આનંદ, ત્યાગવૃતિ, નિઃસ્વાર્થતા, સ્વતંત્રતા અને ઉત્પાદક પ્રવૃતિ મૂળતત્ત્વો રૂપે રહેલાં છે એવી લાગણી તથા વિચારની સંવર્દ્ધમાન સમ્પત્તિ રૂપ ધર્મ હોવો જોઇએ.

जैन बंधुओ वांचो अने अमुल्य लाभ ल्यो.

# श्री जैन श्वेताम्बर डीरेक्टरी.

व्हाला बंधुओ, आप सारी रीते जाणता हशो के वडोदरा अने पाटण कोन्फरन्स वखते जैन श्वेतांबर कोमनी आधुनिक स्थिति जाणवा माटे सर्वे जैन बंधुओनो विचार थवाथी डीरेक्टरी करवानुं काम कोन्फरन्स ओफिसे हाथ धरेलुं हतुं. आ महाभारत कामना प्रथम फळ रूपे अमदावाद कोन्फरन्स पहेलां श्री जैन श्वेताम्बर मंदिरावलि, भाग १ लो बहार पाडवामां आव्यो हतो. त्यारपछी कोन्फरन्स ओफिस तरफथी आ मुश्केल कामना द्वितीय फळरूपे श्री जैन श्वेताम्बर डीरेक्टरीना–भाग १ लो ( उत्तर गुजरात ) अने भाग २ जो ( दक्षिण गुजरात )–एवी रीते बे भाग आ समये जैन प्रजा समक्ष प्रसिद्धिमां मुकवामां आवे छे. आ बन्ने भागमां समस्त गुजरात देशनी प्राचीन तेमज अर्वाचीन जाणवा लायक हकीकतो दाखल करवामां आवी छे; जैनोनी वस्तीसंख्या देखाडनारी गामनी निशानीओ उपरांत तीर्थस्थळ, देरासर, तथा रेल्वेनी सरल माहिती आपनारां चिन्होवाळो सुंदर नकशो पण आपेलो छे. टुंकमां जैनोनी वस्तीवाळा जील्ला अने तालुकावार गाम, राज्य, नजीकनुं स्टेशन अने तेनुं अंतर, नजीकनी पोस्ट तथा तार ओफीस, देरासर, तीर्थस्थळ, धर्मशाळा, उपाश्रय, पुस्तक भंडार, लाइब्रेरी, पाठशाळा, पांजरापोळ अने सभामंडळ विगेरेने लगती सघळी उपयोगी बाबतोथी आ डीरेक्टरी भरपूर छे. आ सिवाय गामवार ज्ञाति अने गच्छनी, कुंवारा, परणेल, विधुर अने विधवानी तेमज भणेल तथा अभणनी संख्या आ डीरेक्टरीमां समजपूर्वक आपवामां आवेल होवाथी दरेक जैन बंधुने आपणी आधुनिक स्थिति नजरे तरी आवे छे; विशेषमां जील्लावार तेमज जनरल रीपोर्ट तथा ते उपरथी उपजता विचारोथी आ डीरेक्टरी जैन समाज माटे बहु उपयोगी करवामां लगार पण कचाश राखवामां आवी नथी. छतां आ बुकनी किंमत मात्र पहेला भागना रु. ०–१२–० अने बीजा भागना रु. १–४–० अने बन्ने भाग साथेना रु. १–१४–० राखवामां आवेल छे, डीरेक्टरी तैयार करवा पाछळ रु. १५००० नी मोटी रकम खर्चवामां आवी छे; ते छतां आ जुज किंमत राखवानुं कारण कमावानी खातर नहीं परंतु श्रीमंत तेमज गरीब जैन बंधुने आ पुस्तकनो लाभ आपवानुं छे. माटे सर्वे जैन बंधुओ आ मोटो लाभ अवश्य लेशेज एवी अमारी संपूर्ण खात्री छे.

नकशानी छुटी नकल अढी आनानी पोस्ट टीकीट मोकलनारने मोकलवामां आवशे.

No. 2144 of 1909.

*GENERAL DEPARTMENT,*

*Bombay Castle, 26th April 1909.*

To,

**The General Secretary,**

The Jain Graduates' Association,

Post No. 3, Pydhoni,

BOMBAY.

Sir,

I have laid before Government the memorial of the Jain Graduates' Association accompanying your letter dated the 7th Instant.

2. In reply I am directed to inform you that it is the intention of Government to give all possible consideration to the claim of the important Jain Community to representation on the enlarged Legislative Councils of this Government.

I have the honour to be,

**Sir,**

Your most obedient Servant,

**Sd/ R. E. Enthoven,**

Secretary to Government.

---

तैयार छे ! तैयार छे ! ! तैयार छे ! ! !

**कोन्फरन्स ओफीसनी चार वर्षनी अथाग महेनतनुं**

**अपूर्व फळ.**

# श्री जैन ग्रंथावळि.

जुदा जुदा धर्म धुरंधर जैन आचार्योए भिन्न भिन्न विषयो उपर रचेला अपूर्व ग्रंथोनी संपूर्ण यादी आ पुस्तकमां आपवामां आवी छे. जैन आगम, न्याय, फिलोसोफी, औपदेशिक, भाषा साहित्य तथा विज्ञान संबंधी ग्रंथोनुं लीस्ट, ग्रंथ कर्त्ताओनां नाम, श्लोक संख्या, रच्यानो संवत्, हाल कया भंडारमांथी केवी स्थितिमां मळी शके तेम छे विगेरे सघळी हकीकत बतावनारूं आ अमूल्य पुस्तक छे. विशेष फूटनोटमां ग्रंथोने लगती उपयोगी माहिती आपवामां आवेली छे. ग्रंथ अने पृष्ठ, ग्रंथ कर्त्ता अने पृष्ठ, रच्यानो संवत् अने ग्रंथ, एवी रीते त्रण प्रकारनी संभाळपूर्वक बनाववामां आवेली अनुक्रमणिकाओ आ पुस्तकनी छेवटे आपेली छे. आ पुस्तक दरेक पुस्तकभंडार, लायब्रेरी तथा सभामंडळमां अवश्य राखवा लायक तेमज दरेक जैनने उपयोगी छे. किंमत मात्र रु. ३–०–०.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫. ) જેઠ, વીર સંવત ૨૪૩૫. જુન સને ૧૯૦૯. (અંક ૬.

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| શ્રી સાતમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શેઠ નથમલજી ગુલેચ્છાની છબી. | ટાઇટલની સામે. |
| પ્રાસંગિક નોંધ ... | ૧૪૧ |
| શ્રી સાતમી કોન્ફરન્સના ઠરાવો ... | ૧૪૯ |
| શ્રી ચોથી જૈન મહિલા પરિષદ્‌ના ઠરાવો ... | ૧૫૯ |
| નામદાર મુંબઇના ગવર્નરનો જવાબ... | ૧૫૯ |
| ધાર્મીક સંસ્થાઓના હીસાબ છપાવી બહાર પાડવા કે નહિ એ બાબતમાં નીમાયલી કમીટીનો રીપોર્ટ ... | ૧૬૦ |
| સુકૃત ભંડાર ફંડની યોજના ... | ૧૬૧ |
| તીર્થ સંરક્ષણ કમીટીના મેમ્બરોના નામો ... | ૧૬૩ |
| શ્રી જૈન ગ્રેજ્યુએટસ એસોશીયેશનનો પાંચમો વાર્ષીક મેળાવડો ... | ૧૬૪ |
| બાસીમ ખાતે ચાલેલ કેસનો ચુકાદો... | ૧૬૬ |
| શ્રી સાતમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ( સંક્ષેપ્ત વર્ણન ) ... | ૧૬૭ |
| મુંબઇના શ્રી સંઘે સુકૃત ભંડાર માટે કરેલો સ્તુત્ય ઠરાવ ... | ૧૭૦ |
| ધર્મ નીતિની કેળવણી ... | ૨૧ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

मुंबई.

धी 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकास्ट्रिट मुंबई.

स्वदेश हितेच्छु अने धमचुस्त गृहस्थोने एक अमुल्य तक.

वावटा छाप ट्रेडमार्केनुं पवित्र अने शुद्ध

## स्वदेशी : केशर.

आ चोखुं केशर ते १ तोला ५ तोला ०। ०॥ अने एक रतल पेक डबामां वेचीए छीए. जैन तीर्थावळि प्रवास आवृत्ति बीजी घणा सुधारा वधारा साथे मलशे. सर्व दर्दो मटाडवानी रामबाण देशी दवाओ कीफायते वेचीये छीए. स्वदेशी माल मगावनाराओने चोकसथी कीफायते कमीशनथी मोकलीशुं.

अंबर—कस्तुरी—खरो भीमसेनी बरास, सुखड मलबारी, दसांगी धुप, सोना रुपानो वरख, अत्तर, देशी बनावटना वगर चर्बीना साबुओ, नहावाना तथा कपडा धोवाना लाटा, गोळा वीगेरे तथा सेंट अने खुशबोदार तेलो वीगेरे कीफायते वेचीए छीए.

एकला मालेक.

| | |
|---|---|
| मलवानुं ठेकाणुं—<br>डामर गलीना नाके<br>अडीआ बजार मुंबई. | श्री जैन महाजन आश्रित शा केशवजी खीमजी कुं०<br>जथाबंध तथा छुटक वेचनार तथा कमीशन एजंट. |


## कोन्फरन्स ओफिसमांथी वेचातां मळतां पुस्तको.

### श्री जैन श्वेतांबर मंदिरावळि—प्रथम भाग.

आ पुस्तकमां गुजरात, काठिआवाड, कच्छ अने मारवाड देशना देरासरोनी (घर देरासर सुद्धांत) हकीकत आपवामां आवेली छे. मुंबाईनी कोन्फरन्स ओफीस तरफथी महान् खर्च करी शरु करवामां आवेल डीरेक्टरीना अमूल्य तेमज प्रथम फळ रुपे आ पुस्तक जैन समाजना हितने माटे बहार पाडवामां आवेल छे. हिंदुस्तानमां आवेला आपणा पवित्र क्षेत्रोनी यात्रा करवा जनार जैन भाईओने आ पुस्तक एक सुंदर गाईड (भोमियो) तरीके थई पडवा संभव छे. आ पुस्तकमां जुदा जुदा कालमो पाडी देरासरवाळा गामनुं नाम, नजीकनुं स्टेशन याने मोटा गामनुं नाम तथा तेनु अंतर, देरासरनुं ठेकाणुं, बांधणी, वर्णन, बंधावनारनुं नाम, मूळनायकनुं नाम, बंधायानी साल, प्रतिमाजीनी संख्या, नोकरनी संख्या तथा मकाननी स्थिति विगेरे तमाम हकीकत सविस्तर दाखल करवामां आवी छे. आ पुस्तक रोयल साईझ २६० पानानुं सुंदर कपडानां पुंठाथी बंधावेलुं छे. बहार गामथी मंगावनारने वी. पी. थी मोकलवामां आवशे. मुल्य फक्त रु० १—८—० राखवामां आवेल छे.



**Sheth Saheb Nathmalji Gulechha of Gwalior,**

**PRESIDENT,**

*Seventh Jain Swetamber Conference, Poona, 1909.*

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

પુસ્તક ૫. ) જેઠ, **વીર સંવત ૨૪૩૫. જૂન સને ૧૯૦૯.** ( અંક ૬.

## પ્રાસંગિક નોંધ.

**વિજયથી નીવડેલી શ્રી સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**

ગત માસની તા૦ ૨૨-૨૩-૨૪-૨૫ ના ચાર દિવસો જૈન કોમના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સાતમી કોન્ફરન્સ માટેની તૈયારીઓ છેક મોડી શરૂ કરવામાં આવી હતી, ને ઘણીજ ઝડપથી સર્વે કામકાજ થયેલું હતું, તે છતાં મહાસભાની આ બેઠક સાંગોપાંગ વિજયી નીવડી તે માટે પુના નિવાસી બંધુઓને અમે અભિનંદન આપીએ છીએ. ટુંક મુદતમાં એકસંપ કરી તેઓએ જે અથાગ પરિશ્રમ લીધો હતો તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. આ સાતમી બેઠક વખતે પ્રતિનિધિઓમાં મ્હોટો ખળભળાટ ઉભો થશે, કલહ, કુસંપ ઉત્પન્ન થશે, સુરતની કોંગ્રેસ જેવો અનુભવ થશે, એવા અનેક તરેહના તર્ક વિતર્કો ઘણી દિશાઓમાંથી ઉઠતા હતા, પણ જૈન કોમના સુભાગ્યે આવા તર્ક વિતર્કો હવાઇ કિલ્લા જેવા જણાયા છે. વિઘ્ન સંતોષીઓ નિરાશ થયા છે, અને કોન્ફરન્સના ચાર દિવસો શાન્તિમાં પસાર થયા છે.

આ બેઠક વખતે સંગીન ઠરાવો પસાર કરવા માટે સબજેક્ટસ કમીટીમાં ગંભીર ચર્ચા ચલાવવામાં આવેલ હતી, અને પુખ્ત વિચારો દર્શાવવામાં આવ્યા હતા, અને છેવટે સર્વાનુમતે ઉત્તમ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. શ્રી સાતમી કૉન્ફરન્સનો વિજય આ ઉત્તમ ઠરાવોમાંજ સમાયેલો છે. આ ઠરાવો વાંચનાર આ માસિકના બીજા ભાગમાં જોશે.

તદુપરાંત ધાર્મિક સંસ્થાઓના હિસાબો છપાવી બહાર પાડવા કે નહિ તેનો નિર્ણય કરવા માટે ભાવનગર કૉન્ફરન્સ વખતે નીમાએલી પાંચ સદ્દગૃહસ્થોની કમીટીના રીપોર્ટ માટે આપણી કોમમાં જે તીવ્ર ચળવળે જન્મ લીધો હતો અને જેને અંગે આ સાતમી બેઠક વખતે કૉન્ફરન્સ માટે કોઈ મહાન્ અવનવો બનાવ બનશે એવી જે આગાહી થોડા વખત ઉપર કેટલેક ઠેકાણેથી થઈ હતી પરંતુ જે રીપોર્ટ પૂના કૉન્ફરન્સ વખતે શાન્તિ અને ચૂપકી વચ્ચે સાંભળવા તેમજ સ્વીકારવામાં આવ્યો હતો તે રીપોર્ટ પણ વાંચનાર આ માસિકના બીજા ભાગમાં વાંચશે.

ત્યાર પછી સુકૃતભંડારના જે ઉત્તમ ઠરાવે પૂના કૉન્ફરન્સને કેટલેક અંશે પૂર્ણ ફતેહ મેળવી આપી છે, તે ઠરાવની સવિસ્તર યોજના આપવામાં આવેલીછે.

× × × ×

હમેશના રીવાજ મુજબ આ વખતે કૉન્ફરન્સને કોઇ ગામ તરફથી આમંત્રણ આપવામાં આવ્યું નથી. આ ઉપરથી જૈન સમાચાર આદિ ભાઇબંધ પત્રકારો થાકયાના ગાઉ, હવે કૉન્ફરન્સ ભાંગી પડશે એવી ઘણી જાતની શંકાઓવાળા લેખો લખે છે. તેના સંબંધમાં એટલુંજ લખવાની જરૂર છે કે આપણા સાત વર્ષના અનુભવથી સર્વે જૈન બંધુઓને માલુમ પડયું હશે કે જો કોઇ ગામ કૉન્ફરન્સને આમંત્રણ દે છે તો તે ગામ નિવાસી બંધુઓ આગળ કૉન્ફરન્સો કરતાં પોતાના ગામમાં ભરવાની કૉન્ફરન્સ ભલે ગમે તેટલો ખર્ચ થાય તોપણ વધારે ભભકાદાર કેમ થાય તે બતાવી આપવાને ઉત્સાહી બને છે. તેઓ વળી એમ પણ દેખાડી આપવાની ઇચ્છાવાળા થાય છે કે તેઓના ગામમાં પૈસા કમ નથી. હરિફાઈથી કૉન્ફરન્સ ભરવાનું ખર્ચ દર વર્ષે વધારે બનતું જાય છે, તેથી કરીને આવી ખર્ચાળ કૉન્ફરન્સને નોતરવાને ઘણા અચકાય છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે કૉન્ફરન્સ ભરવાનું ખર્ચ ઉપાડી શકનાર ગામો હવે આપણામાં નથી. હજી ઘણાં છે. પરંતુ તે ગામવાળા આપણા બંધુઓ એવા શંકાશીલ થાય છે કે કૉન્ફરન્સ ભરવાનું ખર્ચ

ઉપાડી શકનાર ગામો થઇ રહેશે ત્યારે કોન્ફરન્સને કોણ તેડશે. આ મહાન ખર્ચાળ પરોણાને આવી શંકાને લીધે આ વખતે આમંત્રણ દેવાયું નથી પરંતુ તેથી કોઇ પણ બંધુએ નાસીપાસ થવાનું નથીજ. આવતી કોન્ફરન્સ ભરાશે, અને તે એવે સ્થળે કે જ્યાં ખર્ચ ઓછો થશે, અને ઓછા ખર્ચને લીધેજ હવેથી કોન્ફરન્સ આપણી કોમમાં સદાકાળ જયવંતી વર્તશે. આવતી કોન્ફરન્સ જો બીજે કોઇ સ્થળે ન જાય તો શ્રી મલ્લિનાથજી મહારાજના શિતળ આશ્રય તળે શ્રી ભોયણીજી તીર્થમાં સને ૧૯૧૦ ના ડીસેમ્બર માસમાં ભરાશે, અને કદાચ તે દરમિયાન કોઇ પણ ગામ તરફથી આમંત્રણ કોન્ફરન્સ ને દેવામાં આવશે તો તે આમંત્રણ કોન્ફરન્સ ભરવાનું ખર્ચ ઓછું કરજો. ભભકો કમી કરજો. એવી સરતોએજ સ્વીકારવામાં આવશે. પરંતુ કોઇ પણ ગામના આમંત્રણની ગેરહાજરીમાં હવેથી કોન્ફરન્સો તીર્થસ્થળોએ ભરવામાં આવશે. અત્યારસુધી ચાલતી આવતી રૂઢીમાં સુધારો કરવાની આ જે સોનેરી તક મળી આવી છે તે કોન્ફરન્સને ભવિષ્યમાં સ્થાયી બનવાનું એક આવકારદાયક શુભ ચિન્હ છે, અને આ તક—આ સુધારો જે સ્થળેથી ઉદ્ભવેલ છે તે પુણ્યાનગરીમાં ભરાયેલી સાતમી કોન્ફરન્સ વિજયીજ નીવડેલી છે એમ કહેવામાં લગારે શંકા જેવું નથી.

× × × ×

શ્રી સાતમી કોન્ફરન્સને સંપૂર્ણ ફતેહ મળી છે તેનાં બીજા કારણો પણ છે. આ વખતે ઘણાજ ઉત્તમ ઠરાવો પસાર થાય છે.

**આ બેઠક વખતે સોળ પ્રાંતિક સેક્રેટરીઓની નીમણુક થઇ છે.** આશા છે કે તેઓ પોતાના પ્રાંતમાં ભાવનગર કોન્ફરન્સમાં ઠરાવ્યા પ્રમાણે યોગ્ય સંખ્યામાં જીલ્લાઓ પાડી તે દરેક જીલ્લામાં યોગ્ય, લાયક અને ઉત્સાહી પુરૂષને જીલ્લા સેક્રેટરી નીમશે, અને પોતાના તેમજ ભિન્ન ભિન્ન જીલ્લાઓના મુખ્ય મુખ્ય ગામોમાં કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકવા માટે સંગીન પગલાંઓ લેવા સારી સંસ્થાઓ સ્થાપશે. ગત માસના અંકમાં સૂચવ્યા પ્રમાણે પ્રાંતિક સેક્રેટરીઓની નીમણુક કોન્ફરન્સની બેઠક વખતેજ થએલી હોવાથી હવે કાર્યની શરૂઆત વ્હેલી થશે, એમ આશા રહે છે, અને ગત વર્ષની માફક માત્ર પત્રવ્યવહારમાંજ ઘણો વખત વીતી ગયો હતો તેમ નહીં થાય. પરંતુ આપણા ઉત્સાહી પ્રાંતિક સેક્રેટરીઓ હવે પોતાનું કર્તવ્ય બજાવશે અને પોતાને શ્રી સકળ સંઘના પ્રતિનિધિઓએ સોંપેલ કાર્યની ઉમંગ ભર શરૂઆત કરશે, એમ અમે મજબુતાઈથી માનીએ છીએ.

આ વખતે **એજ્યુકેશન બોર્ડની** સ્થાપના થઈ છે. તે પણ એક આપણી કોન્ફરન્સની સાતમી બેઠકનો જયધ્વજ ફરકાવે છે. આ બોર્ડના સભાસદો હવે તુરતમાં પોતાનામાંથી પ્રેસીડેન્ટ તથા સેક્રેટરીઓ ચુંટી કાઢી પોતાનું કાર્ય આરંભશે. આ કેળવણીના બોર્ડ ઉપર કેળવણીમાં પછાત પડેલી આપણી જૈન કોમના અભ્યુદયનો આધાર છે. તેટલા માટે શરૂઆતથીજ આ બોર્ડ પુખ્ત વિચાર ચલાવી નવીન વર્ષ દરમિયાન પોતે કરવાનાં કાર્યોની રૂપરેખા (Outline) દોરી કાઢશે. અને આશા છે કે ભવિષ્યમાં બોર્ડ એવાં કાર્યો કરે કે જેથી આપણી કોમમાં અજ્ઞાન અંધકાર નષ્ટ થાય, અને જ્ઞાન પ્રદીપ પ્રગટી ચિરકાળ આપણી કોમને ઉન્નતિના ઉચ્ચ શિખરે લઇ જાય.

અમે સાતમી કોન્ફરન્સને એક બીજા સંગીન કાર્ય માટે અભિનંદન આપીએ છીએ. આપણા પવિત્ર તીર્થોની રક્ષા માટે **તીર્થસંરક્ષણ કમીટી** નીમી સાતમી કોન્ફરન્સે એક ઉત્તમ પગલું ભર્યું છે. આપણાં કેટલાંક તીર્થો ઉપર સાંપ્રત કાળમાં ઘણાં વાદળો આવવા લાગ્યાં છે. આ વાદળો વિખેરી નાખવા આ તીર્થ સંરક્ષણ કમીટી સુપ્રયાસ કરશેજ, એમ અમે દૃઢ રીતે માનીએ છીએ. આ કમીટી પ્રથમથીજ સુબંધારણથી દૃઢ થઈ શ્રી સંઘે સોંપેલ કાર્ય કરવા ઉત્સાહી બનો. તથાસ્તુ.

આ વખતે વળી છ સદ્ગૃહસ્થોની એક અતિહાસિક **કમીટી** નીમવામાં આવેલી છે. તે પણ એક સાતમી કોન્ફરન્સનું શુભ પગલું છે. આપણી અર્વાચીન સ્થિતિનું ભાન પ્રાચીન ઇતિહાસજ કરાવે છે. પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસને સરખાવતાં આપણને માલુમ પડે છે કે આપણે કેટલા પાછળ પડેલા છીએ. તો શિલાલેખો તથા જુના ગ્રંથો ઉપરથી આપણો ઇતિહાસ રચવા માટે આ કમિટી આપણી કોમને બહુ ઉપયોગી થઇ પડશે. આ કમીટી પણ પોતાના કાર્યનો આરંભ તુરતમાંજ કરશે, એમ અમારી સંપૂર્ણ ખાત્રી છે.

શ્રી સાતમી કોન્ફરન્સને સંપૂર્ણ ફતેહ આપનાર સુકૃત ભંડારનો ઠરાવ છે. અમે આ ઠરાવ માટે લાંબા વખતથી સૂચના કરતા આવ્યા છીએ, અને તેનું આ ફળ આવેલું હોવાથી અમને ઘણોજ સંતોષ ઉપજે છે. તેમાં પણ વિશેષ કરીને તે ઠરાવ અમલમાં મુકવા માટે જે સુંદર યોજના ઘડી કાઢવામાં આવેલી છે અને જે પ્રમાણે વર્તવા કોન્ફરન્સની બેઠક વખતે જે સકળ પ્રતિનિધિ મંડળ દૃઢ પ્રતિજ્ઞા લીધી છે તેને માટે શ્રી સાતમી કોન્ફરન્સે મહાન વિજય સંપાદન કરેલો છે. અમે આશા રાખીએ છીએ કે આ કોન્ફરનસના સર્વે પ્રતિનિધિઓ પોત પોતાને વતન જઇ આ સુકૃત ભંડાર ઉઘરાવવા માટે પોતે લીધેલા સોગંદ ફળીભૂત કરશે.

અમે પ્રથમથી કહેતા આવ્યા છીએ કે આ યોજના વ્યવહારૂ અને શકય છે અને તેના દાખલા ઘણા ગામોએ દેખાડી આપેલા છે. સુકૃત ભંડાર ઉઘરાવવાની યોજના જોસભેર ચલાવવા માટે આપણી વસ્તીવાળાં મુખ્ય શહેરો જેવાં કે મુંબઈ, સુરત, અમદાવાદ, ભાવનગર આદિ આ ચોમાસામાંજ દૃઢ પ્રયાસ કરી સુકૃત ભંડાર ઉઘરાવે તોજ બીજાં ગામો તેઓનું અનુકરણ કરશે એમ અમારૂં માનવું છે. તેથી કરીને અમે ખાસ કરીને ઉપર જણાવેલા ચાર ગામોના આગેવાનોને આગ્રહપૂર્વક વિનતિ કરીએ છીએ કે તમે આ સુકૃત ભંડાર માટે અત્યારથીજ વ્યવસ્થા કરવા લાગશો.

× × × × ×

કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મૂકવા માટે પ્રથમ તો અમે કોન્ફરન્સમાં હાજરી આપતા **ડેલીગેટ, વીઝીટીર તથા વોલંટીએરોને** આગ્રહ કરીશું. તેઓના હૃદયમાં રહેલું કોન્ફરન્સ હિત માત્ર ત્રણ દિવસ કોન્ફરન્સમાં હાજરી આપવાથી કંઈ ખરૂં હિત કરી શકાશે નહીં. કોન્ફરન્સના હિતચિંતકો તથા શુભેચ્છકોનું ખરૂં હિત વર્ષના બાકીના ૩૬૨ દહાડા કોન્ફરન્સના ઠરાવોને અંગે પ્રયત્નો કરવામાં સમાયેલું છે. કોન્ફરન્સ પૂરી થઈ રહી એટલે પોતાનું કર્તવ્ય પૂરૂં થયું એમ સમજનારાઓને અમે કોન્ફરન્સના હિતચિંતકો નહીં પરંતુ કોન્ફરન્સને નુકસાન કરનારા સમજીએ છીએ. પ્રતિનિધિઓ, પ્રેક્ષકો, તથા સ્વયંસેવકો પોતપોતાને ગામ જઈ પોતાના ગામમાં વસતા સર્વે જૈન બંધુઓને કોન્ફરન્સના હેતુઓ તેમજ ઠરાવો સમજાવી તે ઠરાવો અમલમાં મૂકવા તેઓને આગ્રહ કરશે તો તેઓએ કોન્ફરન્સ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે એમ અમે ધારીશું. અમારે હવે માત્ર ત્રણ દિવસના પ્રતિનિધિઓ તથા સ્વયંસેવકો નથી જોઇતા. પરંતુ પોતાની જીંદગી સુધી આત્મભોગ આપનારા જૈનકોમની ઉન્નતિ માટે જેનું લોહી ઉકળી રહ્યું છે તેવા તથા તે મહોદય પ્રાપ્ત કરવા અસ્ખલિત વીર્યવાળા આત્મભોગી સ્વયંસેવકો તથા પ્રતિનિધિઓ જોઇએ છીએ અને કોન્ફરન્સને ફતેહ પણ ત્યારેજ મળશે.—આમીન.

આ નવીન વર્ષની આદિમાં પ્રથમ અમે આપણી "કોમના આગેવાનો" તેમજ **"મુનિ મહારાજાઓ" તથા "સાધ્વીઓને" અરજ** કરીશું. આપણી કોમના આગેવાનો ઘણી ન્યાતોના શેઠ પણ હોય છે અને તેથી કોન્ફરન્સના ઠરાવો પોતે અમલમાં મૂકી શકે તેવી સ્થિતિમાં છે. તેટલુંજ નહીં પરંતુ પોતપોતાની નાતોમાં તે ઠરાવોનો તુરત અમલ કરાવવા અખૂટ શક્તિ ધરાવે છે તો પ્રથમ અમે અમારા નાયકોને વિનંતિ કરી પછી આપણા જૈન શાસનના

૨. સંભરૂપ આપણા મુનિ મહારાજાઓ જેઓ નિઃસ્વાર્થી અને નિર્લોભી હોવાથી ઉત્તમ ઉપદેશકો ગણી શકાય તેઓને વિનંતી કરીશું કે આપ આપના પ્રવાસ દરમિયાન કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકવા પ્રયાસ કરશો. તેટલો પ્રયાસ બીજા કોઈ કરી શકે તેમ નથી, અને નકકી આપનો પ્રયાસ ફળીભૂત થશે જ, એમ અમારો નિશ્ચય મત છે; અને ત્યાર પછી અમે આપણી સાધ્વીજીઓને વિનંતિ કરીશું કે આપ સાહેબો આપણી કોમના સ્ત્રી વર્ગને સુધારવા પરિશ્રમ લ્યો છો તેના કરતાં વિશેષ ઉત્સાહ બતાવશો તો આપણી કોમની ચ્હડતી તુરત થવા સંભવે છે. નહીંતો પછી આપણે આટલા વર્ષો ગાઢ નિદ્રામાં કાઢયા અને હજી આપણે ઉઠતાં વર્ષો કાઢીશું તો ખરેખર આપણે મહાન દોષને પાત્ર ગણાઈશું એમાં લગારે સંદેહ નથી. છેવટે આપણી કોમમાં હયાતી ભોગવતી "સભા, મંડળીને" વિનંતિ કરવાની કે કોન્ફરન્સના ઠરાવો અમલમાં મૂકવા તમારા હાથમાં કેટલેક દરજ્જે છે. જો તમારા હેતુઓમાં કોન્ફરન્સોના ઠરાવોનો અમલ કરવાનો હેતુ ઉમેરો તો તમો તમારા સભાસદો મારફત ઘણાં સારાં કાર્યો કરી શકો તેમ છે. તો અમોને ઉમેદ રહે છે કે તમે કોન્ફરન્સના એક અંગ છો. તમો કોન્ફરન્સમાં પ્રતિનિધિઓ મોકલવાનો હક ધરાવો છો. તો પછી તમારે કોન્ફરન્સના ઠરાવોનો પ્રચાર કરવો એ તમારૂં કર્તવ્ય કર્મ છે. માટે જેમ બને તેમ ત્વરાથી આપની સભાના હેતુઓમાં આ ઉપરોકત હેતુ દાખલ કરી તે હેતુ પાર પાડવા સતત પ્રયાસ કરશો એમ અમે અંતઃકરણથી ઈચ્છીએ છીએ.

× × × ×

આ વિજયી નીવડેલી આપણી શ્રી **સાતમી કોન્ફરન્સના પ્રમુખ શેઠ નથમલજી ગુલેચ્છાની છબી** આ માસિકમાં આપવામાં આવેલી છે. આ નરવીરનું ચરિત્ર જૈન પત્રે પ્રગટ કરેલ અહેવાલે જૈન કોન્ફરન્સમાં આપેલું હોવાથી અમે અત્રે વિસ્તારથી આપતા નથી. પરંતુ સંક્ષેપમાં અમારે જણાવવું જોઈએ કે,

પ્રમુખ સાહેબના વડવાઓ અસલ ખીચુનના રહીશો હતા, અને ફલોધિ શહેરમાં રહેતા હતા. આશરે સો વર્ષ ઉપર પ્રમુખ સાહેબના પિતામહ ધંધા-રોજગારને લઇને લશ્કર (ગ્વાલીઅર) શહેરમાં રહેવા ગયા અને કાપડ આદિના વ્યાપારમાં પોતાની તેમજ પોતાના બે પુત્રોની હોશીઆરીથી સારો પૈસો અને સારી આબરૂ મેળવી.

શેઠ નથમલજીના પિતા શેઠ જીતમલજીને રાઘોબા દાદાસાહેબ સાથે સારો સંબંધ થયો તે એટલે સુધી કે જ્યારે શેઠ નથમલજીના પિતામહનો સ્વર્ગવાસ થયો અને રાઘોબા દાદાસાહેબના પુત્ર સર દિનકરરાવ ગ્વાલીઅર સ્ટેટના દિવાન થયા ત્યારે તેમણે શેઠ જીતમલજીને તવરઘાટ જીલ્લાના પોતેદાર નીમ્યા

અને આ વખતથી આ કુટુંબની જાહોજલાલીની શરૂઆત થઇ. શેઠ જીતમલજીને ગ્વાલીઅરના મહારાજા સાહેબ સાથેનો સંબંધ દિનપ્રતિદિન વધતો ગયો. તેમ તેમ શેઠજી જીતમલજીને વધારે માન મળતું ગયું. આપણી સાતમી કોન્ફરન્સના પ્રમુખ શેઠ તનમલજી આ શેઠ જીતમલજીના મોટા પુત્ર છે.

તેમનો જન્મ સંવત ૧૯૧૧ ના આશો વદી ૧૧ ના રોજ ખીચુનમાં થયો હતો. તેઓની તરફ બાળલગ્નનો પ્રચાર વિશેષ હોવાથી તેઓ ૧૨ વર્ષની નાની ઉમરે પરણ્યા હતા. તથા પહેલી પત્નીને પુત્ર ન થવાના કારણથી તેમના પિતાશ્રીની આજ્ઞાથી સંવત ૧૯૩૮ માં બીજીવાર પરણ્યા હતા. આ બીજી પત્નિથી તેઓને હાલ એક પુત્ર કુંવર બાગમલજી તથા પુત્રી જાનકુંવરબાઈ છે. શેઠ જીતમલજી તથા શેઠ નથમલજીએ ઘણાં ઘણાં ધર્મનાં કાર્યો કરેલાં છે. પ્રમુખ સાહેબ બીજા રાજારજવાડાઓ સાથે પણ સારો સંબંધ ધરાવે છે.
કેટલીક ધર્મશાળાઓ તથા કેટલાંક મંદિરો બંધાવેલાં છે; શ્રી શિખરજી તથા શ્રી સિદ્ધાચળજીના સંઘો કાઢેલ છે અને પોતાના ધનનો સદ્વ્યય કરેલ છે.

મુંબઇ કોન્ફરન્સ વખતે તેઓ સાહેબે કોન્ફરન્સ ફંડમાં રૂ. ૪૦૦૦) ભરેલા હતા આ પૂના કોન્ફરન્સ વખતે માત્ર રૂ. ૨૦૦૦) ભરેલા છે.

તેમના પુત્ર શેઠ બાગમલજી કેળવાએલા તેમજ ઉત્સાહી યુવાન છે અને આશા છે કે આ વખતે તેઓ કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી નીમાએલ હોવાથી પોતાની જૈન કોમ પ્રત્યેની પોતાની ફરજ બજાવશે. વિશેષમાં હિંદુસ્તાનના સકળ સંઘે આપેલ માનને પ્રમુખ સાહેબ ચિરકાળ યાદ રાખી અંતઃકરણમાં સ્થિર રહેલી જૈન કોમ પ્રત્યેની સ્વલાગણીની ઉત્તરોત્તર વૃદ્ધિ કરશે એમ અમે ઇચ્છીએ છીએ.

× × × ×

**શ્રી મહિલા પરિષદ.**

આ વખતની મહિલા પરિષદ બરાબર નિયમસર ભરાઇ હતી. પ્રમુખપદે શેઠ મેઘજી ખેતસીના પત્નિ સૌ. મીઠાબાઈ બીરાજ્યા હતા. પ્રમુખ સુશિક્ષિત હોવાથી આ વખતની પરિષદને જબરી ફતેહ મળી છે. બ્હેન મીઠાબાઇ સંસ્કૃત જ્ઞાન સારૂં ધરાવે છે. એટલુંજ નહીં, પરંતુ એક વકતા છે. તેમજ સાદા અને મિલનસારી હોવાથી તેમજ ગૃહિણીના સર્વ ગુણોનો વાસ તેઓમાં વસતો હોવાથી તેઓને પ્રમુખસ્થાન આપવામાં પૂનાની સ્ત્રી સમાજે દૂરંદેશી વાપરેલી છે. પ્રમુખના ભાષણે સ્ત્રી શ્રોતાવર્ગ ઉપર કેટલી ઉંડી અસર કરેલી છે તેને માટે જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે. સર્વે સ્ત્રીઓએ એક ચિત્તેથી તેઓનું ભાષણ સાંભળ્યું હતું, અને આવા વિદુષી પ્રમુખ પ્રાપ્ત થયા તે માટે મગરૂબ થતી હતી. ખરેખર નાયક સર્વ ગુણ સંપન્ન હોય તો તે નાયકનું ટોળું સુધરે

છે. બ્હેન મીઠાબાઈએ પુનાના સ્ત્રી વર્ગ ઉપર ઉપકાર કર્યો તેના બદલામાં પુનાના સ્ત્રીવર્ગ તરફથી તેમને જે માનપત્ર એનાયત કેરવામાં આવ્યું હતું તે યોગ્ય જ હતું. તેઓએ પુનાથી છુટા પડતી વખતે જે ઉત્તમ ભાષણ ઝવેરી મોતીચંદ ભગવાનદાસની ધર્મશાળામાં આપ્યું હતું તે એવું તો બોધદાયક હતું કે સર્વે સ્ત્રી પુરૂષોના મન ઉપર સારી છાપ પડી હતી. અને એક વિદુષી બાઇ શું સારૂં કરી શકે છે તેનો ખ્યાલ સર્વે લોકોના મનમાં ઉત્પન્ન થયો હતો. સૌ. મીઠાબાઇએ પુનામાં મહિલાસમાજ સ્થાપવામાં આગ્રહ કર્યો છે, અને સ્ટેશન ઉપર તેઓએ વચન આપ્યું છે કે હું મુંબઈમાં રહીશ ત્યાંસુધી દર મહીને એક વાર પુને આવીશ. પરંતુ તે દરમિયાન પુનામાં મહિલા સમાજ સ્થાપવી, અને દર પખવાડીએ ભાષણો અપાવવા જોઇએ. બ્હેન મીઠાંબાઈએ ઉપરોકત વચન આપી જે આત્મભોગ આપ્યો છે તેને માટે ધન્યવાદ ઘટે છે. અમે આશા રાખીએ છીએ કે બ્હેન મીઠાંબાઈ જેવી સ્ત્રીવકતાઓ જો ગામે ગામ ફરે તો આપણો સ્ત્રી સમાજ ટુંક સમયમાં સુધરી જાય એ નિઃસંદેહ વાત છે, અને અમે ઇચ્છીએ છીએ કે બ્હેન મીઠાબાઈ સ્ત્રી વકતા ઓ તૈયાર કરવા જરૂર પ્રયાસ કરશે. બ્હેન મીઠાબાઈ એ વળી સ્ત્રી શિક્ષક તૈયાર કરવા માટે રૂ. ૧૦૦૦) ની સખાવત કરી જે દાખલો બેસાડયો છે તે ઘણોજ પ્રશંસાપાત્ર છે. જો કે સ્ત્રી શિક્ષકો તૈયાર કરવા માટે આ રકમ બહુજ નાની છે પરંતુ તે નાની રકમથી પણ તેમણે જે આરંભ કર્યો છે તેને માટે અમે અભિનંદન આપીએ છીએ.

આ મહિલા પરિષદમાં બીજા વકતા તરીકે ઝવેરી ચુનીલાલ પનાલાલના દીકરી બ્હેન તારાબાઇનું ભાષણ પણ ઉંચ વિચારદર્શક તેમજ ઘણું બોધદાયક હતું. આ બ્હેન પણ ધર્મનું સારૂં જ્ઞાન ધરાવે છે. તેમજ કેળવાંયલી છે. ન્હાની વયમાં વૈધવ્ય પ્રાપ્ત થયા પછી તેઓએ પોતાનું જીવન વિદ્યાભ્યાસમાંજ ગાળ વા નિશ્ચય કર્યો હોય એમ જણાય છે.

ત્રીજી વકતા તરીકે બ્હેન વહાલી વીરચંદ ગણી શકાય. આ બ્હેનના પ્રયાયાસથીજ પુના પરિષદ્‌ને જય મળ્યો છે. તેમણે પરિષદ્‌ને નિયમસર કરવામાં સારો ઉદ્યમ કર્યો હતો. તેઓનાં ભાષણો પણ સારાં હતાં.

અમો આ તકે એક સૂચના કરવા માગીએ છીએ કે આપણી કોમમાં એક **વિધવાશ્રમની** ઘણી આવશ્યકતા છે. અને જો તે વિધવાશ્રમ ખોલવા માટે આ ઉપરોકત ત્રણે બ્હેનો પ્રયાસ કરશે તો જરૂર તેઓનો પ્રયાસ સફળ થશે. વિધવાશ્રમ માટે નમુનો જોવો હોય તો અમે પુનાથી ચાર માઇલ રહેલું કર્વેનું **વિધવાશ્રમ** રજુ કરીશું. આ વિધવાશ્રમ સંબંધી વધારે અમે હવે પછી લખીશું પરંતુ આ સ્થળે તો માત્ર આટલી સુચનાજ કરી વિરમીએ છીએ.

# શ્રી સાતમી જૈન ( શ્વેતાંબર) કોન્ફરન્સ-પૂના.

## પસાર થયેલા ઠરાવો.

### દ્વિતીય દિવસ.

જ્યેષ્ઠ શુદ ૪ રવિવાર તા૦ ૨૩ મે ૧૯૦૯.

### ઠરાવ ૧ લો.

( પ્રમુખ તરફથી. )

જે મહાન્ બ્રિટિશ સામ્રાજ્યની શીતળ છાયા નીચે આપણે પોતાનો ધર્મ શાંતિ અને સમાધાનીથી પાળી શકીએ છીએ તે સામ્રાજ્યના શેહેનશાહ નામદાર સાતમા એડવર્ડ અને શેહેનશાહબાનુ અલેકઝાંડ્રાનું રાજ્ય વિજયવંતુ વર્તો એવું આ કૉન્ફરન્સ અંતઃકરણ પૂર્વક ઇચ્છે છે. નામદાર મહારાણી વિક્ટોરિયાએ સને ૧૮૫૮ નો મૅગ્નાચાર્ટા ભારતની પ્રજાને આપીને મહદુપકાર કર્યો હતો. એજ ઠરાવને પચાસ વર્ષ થતાં તેની ગોલ્ડન જ્યુબીલીના પ્રસંગે નામદાર શેહેનશાહ સાતમા એડવર્ડે બીજો ઢંઢેરો પ્રસિધ્ધ કરી એ ઢંઢેરાને કાયમ માન્યા છે તથા હાલમાં ભારતની પ્રજાને કેટલાએક નવા હકો આપવામાં આવ્યા છે એ જોઇને અમારી આખી જૈન કોમ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

### ઠરાવ ૨ જો.

( પ્રમુખ તરફથી )

ધી જૈન એસોસિએશન ઓફ ઇંડિયાના પ્રમુખ, મુંબઇમાં મળેલી આપણી બીજી કોન્ફરન્સની સ્વાગત કમીટીના ચેરમેન, કૉન્ફરન્સના માજી રેસિડંટ જનરલ સેક્રેટરી, તથા પાટણમાં મળેલી ચોથી કોન્ફરન્સના અધ્યક્ષ તેમજ બનારસ યશોવિજયજી જૈન પાઠશાળા આદિ સંસ્થાઓના સ્થાપક અને ઉત્તેજક મરહુમ માનવંતા શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ., જે. પી. જે પોતાના તેમજ અન્ય કોમોના સાર્વજનિક હિતાર્થે તેમાં વિશેષે કરીને કેળવણીના ઉત્તેજનાર્થે તન, મન, અને ધનથી ઘણો પરિશ્રમ લેતા હતા, જે પોતાની વેપાર સંબંધી હોશીયારીને લીધે સાધારણ સ્થિતિમાંથી લક્ષાધિપતિ થવા પામ્યા હતા, જે સ્વધર્મ પ્રત્યે તીવ્ર લાગણીવાળા હતા અને જે આ કોન્ફરન્સના એક સ્તંભરૂપ હતા, તે નરના દિવંગત થવાથી આપણી કોમને થયેલી નહિ પૂરાય તેની ખોટની નોંધ આ કોન્ફરન્સ અતિશય ખેદ સાથે લે છે.

આપણી કોન્ફરન્સના જનરલ સેક્રેટરી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી, તથા અમદાવાદ મ્યુનિસિપલ કૌન્સિલના મેંબર શેઠ ચિમનલાલ નગીનદાસ જેઓ સ્વધર્મને લગતા દરેક કામમાં બાહોશીથી ભાગ લેતા હતા અને જેઓ કેળવાયલા તેમજ ઉદાર હતા, તેમની નાની વયે થયેલ અકાળ ખેદજનક મૃત્યુની નોંધ આ કોન્ફરન્સ દીલગીરી સાથે લે છે.

## ઠરાવ ૩ જો.

( પ્રમુખ તરફથી. )

મુંબઇ ઇલાકાના આપણા લોકપ્રિય નામદાર ગવર્નરસાહેબ સર જૉર્જ સિડનહૅમ ક્લાર્કના પત્ની તેમજ પ્રિય પુત્રીના મરણ માટે આ સમસ્ત ભારત વર્ષીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પોતાની દીલગિરી જાહેર કરે છે તથા તે નામદારને પોતાના હોદ્દા દરમ્યાન બે વખત જે અસહ્ય દુઃખ આવી પડ્યું છે તેમાં ખરા અંતઃકરણથી ભાગ લે છે અને મરનાર લેડી ક્લાર્ક અને મિસ્ ક્લાર્કના આત્માને શાંતિ મળો એવું ઇચ્છે છે.

( આ ઠરાવ નામદાર ગવર્નર સાહેબ તરફ મોકલી આપવો.)

## ઠરાવ ૪ થો.

( પ્રમુખ તરફથી. )

આપણી ગઇ છઠ્ઠી કોન્ફરન્સ વખતે થયેલા ઠરાવ ધ્યાનમાં લઇ આપણી જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશને આપણા નામદાર લોકપ્રિય ગવર્નર સાહેબ સર જૉર્જ સીડનહૅમ ક્લાર્કને, વધારાની ધારા સભામાં આપણા તરફથી પણ પ્રતિનિધિઓની બેઠક મેળવવા જે અરજી કરી હતી તેનો તે નામદારે જે સંતોષ કારક જવાબ આપણને આપ્યો છે, તે માટે તે નામદારનો તેમજ મુંબઇ સરકારનો ખરા અંતઃકરણપૂર્વક સમસ્ત જૈનકોમ આભાર માને છે. અને તે ઠરાવનો અમલ થવા પામે તેને માટે પૂર્ણ આશા રાખે છે.

મુંબઇના આપણા લોકપ્રિય નામદાર ગવર્નર સાહેબ સર જોર્જ સિડનહૅમ ક્લાર્કે આપણી જૈન ગ્રેજ્યુએટસ એસોસિએશનની અરજીને માન આપીને આપણા પવિત્ર પર્યુષણના આઠ દિવસો તથા આપણા કાર્તકી અને ચૈત્રી પૂર્ણિમાના બે તેહેવારોના દિવસોને જૈન કોમના જાહેર તહેવારો તરીકે જાહેર કર્યા છે, તે માટે તે નામદારનો શ્રી સકલ ભારત વર્ષના જૈન (શ્વેતાંબર) પ્રતિનિધિઓની આ કોન્ફરન્સ અંતઃકરણપૂર્વક આભાર માને છે અને વિશેષમાં ઇચ્છે છે કે ઉપર જણાવેલા તહેવારોમાંથી કાર્તિકી અને ચૈત્રી પૂર્ણિમાના તહેવારો, શ્રી મહા-

વીરસ્વામીનો જન્મ દિવસ તથા સંવત્સરી ખાસ બૅંક હૉલીડેઝ તરીકે જાહેર કરવા નામદાર મુંબઈ સરકાર કૃપા કરશે.

( આ ઠરાવ નામદાર ગવર્નર ઉપર મોકલી આપવો.)

## ઠરાવ ૫ મો.

( કેળવણી. )

જૈન કોમમાં વ્યાવહારિક, ધાર્મિક, ઐાદ્યોગિક, અને સ્ત્રી કેળવણી વૃદ્ધિ પામે તે માટેઃ—

(૧) દરેક જૈન ગૃહસ્થે પોતાના પુત્ર તથા પુત્રીને પ્રાથમિક, વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણી ફરજીયાત આપવા ગોઠવણ કરવી.

(૨) ઉપરની ચારે પ્રકારની કેળવણીનાં સાધનો જેવાં કે બોર્ડિંગો, સ્કોલરશિપો, લેકચરશિપો; ઔદ્યોગિક, શારીરિક અને ધાર્મિક શાળાઓ, પુસ્તકાલયો તથા ફ્રી રીડીંગરૂમો મેળવી આપવાની ગોઠવણ કરવી.

(૩) એક સારી રકમ ખર્ચીને જૈન ધર્મની વાચનમાળા જલદી તૈયાર કરાવવી.

(૪) માગધી ભાષા સહેલાઈથી શિખાય તેવી ટેકસ્ટ બુકો તથા શબ્દ કોષ તૈયાર કરવાનો તેમજ માગધીભાષા યુનિવર્સિટીમાં બીજી ભાષા તરીકે દાખલ કરાવવાનો પ્રયાસ કરવો.

(૫) યુનિવર્સિટીમાં દાખલ થએલા જૈન સાહિત્યનો અભ્યાસ આપણા તેમજ અન્ય કોમના વિદ્યાર્થિઓ ખાસ કરે તે માટે સ્કોલરશિપો ખોલવી.

(૬) કેટલીક કોલેજો પુનામાં હોવાથી ખાસ કરીને પુનામાં જૈન બોર્ડિંગ ખોલવા માટે વ્યવહારૂ પગલાં ભરવાં.

(૭) કેળવણી સંબંધી દરેક કામ શીઘ્ર બનાવી શકાય તે માટે નીચે જણાવેલ સદ્‌ગૃહસ્થોનું એક જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડ પોતાનો વધારો ઘટાડો કરવાની સત્તા સાથે નીમી છે. અને તેની ઓફીસ મુંબઈમાં રહે.

## કમીટીના સભાસદો.

| | |
|---|---|
| શેઠ અમરચંદ ઘેલાભાઈ. | શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીયા. |
| ,, મનસુખલાલ કીરતચંદ મહેતા. | ,, ગોવિંદજી મૂળજી મેપાણી. |
| ,, લખમશી હીરજી મૈશરી, | ,, હેમચંદ અમરચંદ, |
| ,, માણેકલાલ ઘેલાભાઈ | ,, પં. ફતેહચંદ કર્પુરચંદ લાલન |

| | | | |
|---|---|---|---|
| ,, | સાકરચંદ માણેકચંદ ઘડીયાળી, | ,, | મણીલાલ નથુભાઈ દોશી, |
| ,, | મોહનલાલ ચુનીલાલ દલાલ, | ,, | કેશવલાલ અમથાશા, |
| ,, | કેશવલાલ પ્રેમચંદ | ,, | કુંવરજી આણંદજી, |
| ,, | વેણીચંદ સુરચંદ, | ,, | અનુપચંદ મલુકચંદ |
| ,, | મોહનલાલ દલીચંદ દેશાઈ, | ,, | પદમશી ઠાકરશી, |
| ,, | શિવજી દેવશી | ,, | મોહનલાલ પુંજાભાઈ, |
| ડા. | ત્રિભુવનદાસ લહેરચંદ, | ,, | ટોકરશી નેણશી |
| શેઠ | દામોદર બાપુશા | ,, | ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, |
| ,, | મગનલાલ ચુનીલાલ વૈદ્ય | ,, | ગુલાબચંદ દેવચંદ. |

## ઠરાવ ૬ ઠો.

( હાનિકારક રીતરીવાજો. )

કન્યાવિક્રય, બાળલગ્ન, કજોડાં, વૃદ્ધવિવાહ, એકપત્નીની હયાતિમાં બીજી કરવી, મૃત્યુ વખતે રડવું કુટવું, મૃત્યુ પાછળ જમણવાર, જૈનધર્મવિરૂદ્ધ પર્વોનું પાલન કરવું વિગેરે આપણામાં ઘર કરી બેઠેલા કેટલાક દુષ્ટ રીત રીવાજો તથા અનાચારો છે તે સત્વર દૂર કરવા માટે આ કોન્ફરન્સ દરેક બંધુનું ખાસ ધ્યાન ખેંચે છે અને તે પ્રમાણે વર્તનારા તરફ બહુ જ ધિક્કારની લાગણીથી જુવે છે અને જેઓ તે બંધ કરે છે તેમને ખરા અંતઃકરણથી ધન્યવાદ આપે છે.

## તૃતીય દિવસ.

જ્યેષ્ટ શુદ ૫ સોમવાર, તા૦ ૨૪ મે ૧૯૦૯.

## ઠરાવ ૭ મો.

( જૈન ચૈત્યો, પુસ્તકો તેમજ શિલાલેખોનો ઉદ્ધાર. )

જૈન શાસનના મુખ્ય આધારરૂપ મંદિરો, ગ્રંથો તેમજ પ્રાચીનતાદર્શક શિલાલેખો આદિનું સંરક્ષણ તથા ઉદ્ધાર થવા માટે

( ૧ ) કોન્ફરન્સ તરફથી યદ્યપિ પ્રાચીન પુસ્તકોદ્ધાર તથા જીર્ણોદ્ધારનું કામ કેટલેક સ્થળે ચાલી રહ્યું છે, પણ કાર્યની વિશાળતા જોતાં તે બહુજ ઓછું છે, માટે મોટા દ્રવ્યસંગ્રહવાળા તથા મોટી આવકવાળા મંદિરોમાંથી તેમજ શ્રીમંત વર્ગના ગૃહસ્થોના ઔદાર્યથી પ્રાચીન મંદિરોનો ઉદ્ધાર કરાવવા.

( ૨ ) તેવીજ રીતે મોટા દ્રવ્યસંગ્રહવાળા તથા મોટી આવકવાળા જ્ઞાન ભંડારોમાંથી અને શ્રીમંત વર્ગના ઔદાર્યથી જુદા જુદા પુસ્તકભંડારોના અમૂલ્ય ગ્રંથોને ભોંયતળીયાની દૂષિત હવામાંથી બહાર કાઢી સંરક્ષિત જગ્યાએ ગોઠવી, જરૂર જણાય તેની નકલો કરાવી અને છપાવી તેઓની એક મહાન જૈન લાયબ્રેરી ખોલવી.

( ૩ ) અને જૈન શાસનની પ્રાચીનતા તેમજ ઇતિહાસ દર્શાવનારા શિલાલેખોનો શોધ, સંગ્રહ તથા રક્ષણ કરવા આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે અને તે માટે વ્યવહારૂ પગલાં ભરવા માટે નીચે લખેલ ગૃહસ્થોની ઐતિહાસિક કમિટી નીમે છે.

## કમીટીના ગૃહસ્થોના નામ.

| | |
|---|---|
| શેઠ. દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ બી. એ. | શેઠ મગનલાલ ચુનીલાલ વૈદ્ય. |
| ,, માણેકલાલ ઘેલાભાઇ. | ,, કેશવલાલ પ્રેમચંદ. |
| ,, દામોદર બાપુશા. | ,, મનસુખભાઇ રવજી મહેતા. |

આ કામમાં દરેક જણે મદદ આપવી અને અને જ્યાં જ્યાં ભંડારો તથા શિલાલેખો હોય તે જોવા, તેની નોંધ, ઉતારા વિગેરે કરવા દેવા માટે આ કોન્ફરન્સ દરેક બંધુને ખાસ ભલામણ તથા આગ્રહ કરે છે.

## ઠરાવ ૮ મો.

( તીર્થસંરક્ષણ. )

હાલ આપણાં મોટાં પવિત્ર તીર્થો જેવાં કે સમેતશિખરજી અને અંતરીક્ષજીના સંબંધમાં જે ખેદજનક બનાવો બન્યા છે અને અડચણો થઇ છે, તેમજ તે અગાઉ આપણાં બીજાં તીર્થો જેવાં કે શત્રુંજય, મક્ષીજી વિગેરે માટે પણ આપણે મોટા ખર્ચમાં ઉતરવું પડયું હતુ તે દરેક બીના ધ્યાનમાં લેતાં આ કોન્ફરન્સ એક સમસ્ત ભારતવર્ષિય તીર્થસંરક્ષણ કમીટી સત્વર નીમવાની આવશ્યકતા ધારે છે, અને તે માટે નીચેના સદ્ગૃહસ્થોની એક કમીટી નીમે છે કે જેઓ આપણાં સઘળાં તીર્થો, મંદિરો, પુસ્તકભંડારો, જુના શિલાલેખો વિગેરેનાં સ્થળો જે આપણાં છે, તેમનું બરોબર સંરક્ષણ કરવા માટે તથા જરૂર પડે ત્યારે નામદાર બ્રિટિશ સરકાર, રાજા રજવાડાઓ તથા આપણા નીમેલા વહીવટદારો વિગેરે સાથે પત્રવ્યવહાર કરે અને સ્થાનિક શ્રી સંઘની જરૂર પડે તે વખતે સમસ્ત ભારતવર્ષીય જૈન સમુદાયની સભાઓ પણ મેળવે એટલે કે તીર્થસંરક્ષણ માટે દરેક પ્રકારનાં પગલાં ભરે.

કમીટીના નામોનું લિસ્ટ નોંધી રાખવામાં આવ્યું છે.

## ઠરાવ ૯ મો.

[ પ્રમુખ તરફથી ]

( ઐક્ય. )

આપણી સામાજીક, ધાર્મિક તેમજ ઔદ્યોગિક અવનતિનું મુખ્ય કારણ આપણો પરસ્પરનો કુસંપ છે, માટે પોતપોતામાં સંપની વૃદ્ધિ થાય તેવો પ્રયત્ન કરવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે અને અરસપરસના ટંટાઓનો નીવેડો લવાદ મારફતે કરવા આ કોન્ફરન્સ એક લવાદ કમીટી નીમવાની જરૂર ધારી મોટા શહેરોના અગ્રેસરો અને જુદા જુદા પ્રોવીન્શીયલ સેક્રેટરીઓ મારફત એવી લવાદ કમીટીઓ જરૂરી પ્રસંગે નીમવા ભલામણ કરે છે.

## ઠરાવ ૧૦ મો.

( જૈન બંધુઓને સહાયતા આપવા બાબત. )

( ક ) અશક્ત, નિરૂદ્યમી તેમજ મંદ સ્થિતિમાં આવી પડેલા જૈન બંધુઓ તેમજ નિરાશ્રિત વિધવાઓ અને બાળકોની સ્થિતિ સુધારી, તેમને નિર્વાહનાં સાધનો મેળવી આપવા તેમજ બાલાશ્રમ, અનાથાશ્રમ, પુનામાં આવેલા કર્વે વિધવાશ્રમના જેવું જૈનધર્મની શૈલીને અનુસરતું વિધવાશ્રમ વિગેરે સંસ્થાઓ સ્થાપવા અને તેમને દ્રવ્યની હરેક પ્રકારે મદદ આપવા દરેક શ્રીમંત જૈન બાંધવોને આ કોન્ફરન્સ ખાસ વિનંતિ કરે છે અને દરેક સ્થળે તે માટે વ્યવહારૂ પગલાં ભરવા માટે ખાસ આગ્રહ કરે છે.

## ઠરાવ ૧૧ મો.

[ પ્રમુખ તરફથી. ]

( સોળ સંસ્કારો. )

આપણામાં લગ્નાદિ સોળ સંસ્કારો હોવા છતાં આપણા પવિત્ર ધર્મ વિરૂદ્ધ જે જે સંસ્કારો આપણે આદરીએ છીએ અને આપણી ધાર્મિક વૃત્તિને દુષિત કરી રહ્યા છીએ, તેમજ લગ્ન જેવા પતિપત્નીની પવિત્ર ગાંઠ બાંધતી વખતે પણ તે સંસ્કારોને વિસારી મૂકીએ છીએ, તેને માટે આ કોન્ફરન્સ પોતાનો અત્યંત ખેદ જાહેર કરે છે, અને દરેક કુટુંબમાં આપણા સંસ્કારો પ્રચલિત કરવા માટે ખાસ આગ્રહ કરે છે. જે જે બંધુઓ પોતાના સંસ્કારો ધાર્મિક રીતિ મુજબ કરીને પોતાનો વ્યવહાર ચલાવી રહ્યા છે અને ચલાવવા પ્રયત્ન કરી રહ્યા છે તેને આ કોન્ફરન્સ અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપે છે. આ કામમાં જેઓ નઠતર કરે છે તેની તરફ આ કોન્ફરન્સ ખેદની નજરથી જુએ છે.

## ઠરાવ ૧૨ મો.

( જીવદયા. )

જૈન ધર્મનું એક મહાન્ વાકય " અહિંસા પરમો ધર્મ " એ શબ્દોનો સાર્થક કરવા માટે,

[ ૧ ] પ્રાણીઓની હિંસાથી ઉત્પન્ન થતી વસ્તુઓ નહીં વાપરવા,

(૨) યથાશકિત હિંસક કાર્યો અટકાવવા,

(૩] પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા,

(૪) ધર્મને નામે થતો પશુવધ બંધ કરાવવા,

(૫) પાંજરાપોળ જેવી સંસ્થાઓને ઉત્તેજન આપી સુધારવા,

(૬) મોટી દ્રવ્યસંગ્રહવાળી તથા મોટી આવકવાળી પાંજરાપોળોના ફંડમાંથી નાની, નહિ નભી શકે તેવી પાંજરાપોળોને મદદ આપવા માટે તે કોમના હરેક કાર્યવાહકને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

આ સંબંધમાં પોતાના રાજ્યમાં થતો પ્રાણીવધ અટકાવવો પણ ઘણા રાજકર્તાઓએ ચાલુ રાખ્યો છે તેથી તેઓ સાહેબોનો તથા ચાલુ વર્ષમાં નવા ઠરાવ કરનારા સરવણ કોઠારીઆ, છોટાઉદેપુર, વરસોડા, સુંથલીયા, જસદણ, કચ્છ લાયજા, વાંસદા, દીનાપુર, લીંબડી વિગેરેના નામદાર મહારાજાઓનો આ કોનફરન્સ આભાર માને છે.

તેમજ માંસાહારી પ્રજામાં હિંસા પ્રતિબંધ કરવા સંબંધી ભાષણ આપનાર ઉપદેશકો નીમવાની પણ જરૂર ધારે છે.

## ઠરાવ ૧૩ મો.

( જૈન બેંક )

આપણી વ્યાપારિક ઉન્નતિ અર્થે અને જૈન ધર્માદા ફંડો તેમજ વિધવાઓ વિગેરેના નિર્વાહની રકમો યોગ્ય સંરક્ષણમાં રહી તે રકમ યોગ્ય રીતે વૃદ્ધિ પામે તે માટે જૈન આગેવાનો તથા બાહોશ નરોની સંપૂર્ણ દેખરેખ નીચે ચાલતી એક જૈન બેંક સ્થાપન કરવાને આ કોનફરન્સ આગ્રહ કરે છે અને તેને સત્વર વ્યવહારૂ રૂપમાં મુકવા માટે મોટા શહેરોના ધનાઢયોનું આ કોનફરન્સ ખાસ ધ્યાન ખેંચે છે.

## ઠરાવ ૧૪ મો.

સ્વદેશી

સ્વદેશ અને સ્વકોમની ઉન્નતિ તથા આબાદીસંબંધી.

આપણો સમસ્ત હિંદદેશ બીજા દેશો કરતાં લાંબો વખત થયાં ઉદ્યોગ, હુન્નરાદિ સાહસ તેમજ કળાકૌશલ્યતામાં પછાત પડતો જાય છે અને તેમ થવાથી

કંગાલ સ્થિતિને પામતો જાય છે એટલુંજ નહીં પણ આપણી કોમનો મોટો ભાગ પણ ધંધા વગર ગરીબાઇમાં આવી પડયો છે તેથી કરી આપણા દેશની તેમજ આપણી પોતાની ગયેલી જાહોજલાલી ફરીથી પ્રાપ્ત કરવા માટે,

૧. જે જે વ્યાપારો અને ઉદ્યોગ હુન્નરાદિ પ્રાચીન સમયમાં આપણા દેશમાં ચાલતા હતા તેનો પુનરૂધ્ધાર કરવા,

૨. જે બીજા દેશો વ્યાપાર હુન્નરાદિમાં સ્પર્ધામાં ઉતરી આપણાથી આગળ વધ્યા છે તેનું મૂળ શોધી કાઢી તેમના કરતાં ઉત્તમ વસ્તુઓ આપણા દેશમાં બનાવવા,

૩. આપણા દેશમાં હયાત રહેલા ઉદ્યોગ હુન્નરો હોય તેને પુરતું ઉત્તેજન આપવું,

૪ ખાસ કરી આપણા દેશમાં ઉત્પન્ન થતી ચીજો વાપરવા અને તેનો વધુ ખપ કેમ થાય તે માટે બનતો પ્રયાસ કરવો,

૫ હંમેશની આપણી ઉપયોગી ચીજો જેવી કે ખાંડ, કેશર, ભીણબત્તિ વિગેરે જે વાપરવામાં આપણો ધર્મ ભ્રષ્ટ થાય છે તેવા પદાર્થો એકદમ બંધ કરવા વિગેરે બાબતો માટે કાળજીપુર્વક અવશ્ય ધ્યાન આપવા તેમજ તે મુજબ વર્તવા માટે આ કોન્ફરન્સ દરેક બંધુને ખાસ આગ્રહ કરે છે.

## ઠરાવ ૧૫ મો.

( પ્રમુખ તરફથી. )

આખા હિંદુસ્થાનના શ્વેતાંબર જૈનબંધુઓ એકત્ર મળીને સર્વાનુમતે ઠરાવ કરે છે કે કલકત્તાની વડી સરકારે શ્રી સમેતશિખરજીના પવિત્ર તીર્થપર બંગલા બાંધવાનો અમારી લાગણીને દુઃખવે તેવો ઠરાવ રદ કરીને અને તે હકીકત નામદાર મુંબઇ ગવર્નમેન્ટે મરહુમ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઈ પર પત્રદ્વારા જણાવીને અમારાપર મોટો આભાર કર્યો છે તે સંબંધમાં વડી સરકાર પ્રત્યે અમે ઉપકારની લાગણી દર્શાવીએ છીએ. અને દિગમ્બરી ભાઇઓએ પોતાની અરજીમાં શ્વેતામ્બરોનો અગ્ર હક સ્વીકાર્યા છતાં હમેશને માટે પટ્ટો લેવાની ગોઠવણ કરી તેથી અમારી લાગણી દુઃખાવી છે તે સંબંધમાં જે અપીલ નામદાર વડી સરકાર સમક્ષ કરવામાં આવી છે તેનો વ્યાજબી ચુકાદો આપવાની કૃપા કરવા અંતઃકરણથી વિનંતિ આ કોન્ફરન્સ કરે છે.

આ ઠરાવની નકલ વડી સરકારને તારથી મોકલી આપવી.

## ઠરાવ ૧૬ મો.

( પ્રમુખ તરફથી )

દરેક ધાર્મિક ખાતાના હિસાબો ચોખ્ખા રહે અને તેમાં વહીવટ સંબંધી ગેરસમજુતી થવાનો સંભવ દુર થઇ વિશ્વાસ બેસે, જેથી આવક પણ વૃધ્ધિ પામે. માટે હિસાબો તૈયાર રાખવાની, સરવૈયા કઢાવવાની, તે જોવા માગે ત્યારે બતાવવાની અને દર વર્ષે છપાવી પ્રગટ કરવાની આ કોન્ફરન્સ જરૂર ધારે છે તેમજ આ ખાતા તરફથી નીમાયલા હિસાબ તપાસવા આવનારાઓને તે બતાવવાને આ કોન્ફરન્સ ખાસ આગ્રહ કરે છે અને તે કામમાં બનતી મદદ આપવા માટે દરેક બંધુનું ધ્યાન ખેંચે છે, તેમજ આ ઠરાવનો સર્વત્ર ત્વરિત અમલ થઇ ધર્માદા દ્રવ્યને પૂર્ણ રક્ષણ મળીને ધારેલ ઉદ્દેશ પાર પડે તે માટે સૌથી પહેલો દાખલો બેસાડવા શ્રી સંઘોના નામે વહીવટ કરતી આપણી ધાર્મિક જાહેર સંસ્થાઓના હીસાબો જેમ બને તેમ છપાવી પ્રગટ કરવા આ કોન્ફરન્સ તેવી સંસ્થાઓના વહીવટકર્તાઓ પ્રત્યે આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

જે જે ખાતાઓએ રાજી ખુશીથી તુરત પોતાના હિસાબો તપાસાવ્યા છે કે પ્રગટ કર્યા છે તેઓને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે.

આ સંબંધમાં ગયા વર્ષે નીમેલી કમીટીએ જે રિપોર્ટ રજુ કીધો છે તે આ કોન્ફરન્સ બહાલ રાખે છે, અને તે પ્રમાણે વર્તવા રિપોર્ટની એક કોપી શેઠ આણંદજી કલ્યાણજી ઉપર મોકલી આપવા આ કોન્ફરન્સ ઠરાવ કરે છે.

## ઠરાવ ૧૭ મો.

કોન્ફરન્સ મારફતનાં કેળવણી ખાતાનો ખર્ચ તેમજ બીજા ખર્ચો ચલાવવાને માટે એમ ઠરાવવામાં આવે છે કે પરણેલા અથવા કમાતા દરેક સ્ત્રી પુરૂષો સુકૃત ભંડારમાં ઓછામાં ઓછા ચાર આના અને વધારે પોતપોતાની ઈચ્છાનુસાર રકમ દર વર્ષે આપવી. આ સંબંધની વિષેશ યોજના જુદી તૈયાર કરેલી મંજુર કરવામાં આવી છે, તે અનુસાર અમલ કરવો.

## ઠરાવ ૧૮ મો.

(પ્રમુખ તરફથી)

### કોન્ફરન્સનું બંધારણ.

### જનરલ સેક્રેટરીઓ.

મુંબઈ— ઝવેરી કલ્યાણચંદ શોભાગ્યચંદ.

અહમદાવાદ— રા૦ બ૦ શેઠ બાલાભાઇ મંછારામ બી. એ.

કલકતા— બાબુ રાયકુમારસિંહજી.

જયપુર— મી૦ ગુલાબચંદજી ઢઠ્ઠા એમ. એ.

## એસીસ્ટંટ જનરલ સેક્રેટરીઓ.

મુંબઈ— મી૦ મકનજી જુઠાભાઈ મહેતા બી. એ. એલ એલ. બી.

આજીમગંજ— બાબુ પુરણચંદજી નાહર એમ. એ. બી. એલ.

ભાવનગર— શા. કુંવરજી આણંદજી.

એવલા— શેઠ દામોદર બાપુશા.

## પ્રાંતિક સેક્રેટરીઓ.

| | | |
|---|---|---|
| પૂર્વ કાઠિયાવાડ.... .... | શેઠ નાગરદાસ પુરૂષોત્તમ.... .... | રાણપુર |
| પશ્ચિમ કાઠિયાવાડ .... | વકીલ ચતુર્ભુજ ગોવિંદજી.... .... | જામનગર |
| કચ્છ .... .... .... | શેઠ નાથાભાઈ લવજી .... .... | અંજાર |
| ઉત્તર ગુજરાત .... .... | શેઠ હીરાચંદ કકલભાઈ .... .... | અહમદાબાદ |
| મહીકાંઠા .... .... .... | મી૦ છોટાલાલ લલુભાઈ વકીલ .... | સાદ્રા |
| દક્ષિણ ગુજરાત .... .... | શેઠ અનોપચંદ મલુકચંદ.... .... | ભરૂચ |
| સુરત .... .... .... | મી૦ ચુનીલાલ છગનલાલ શરાફ.... | સુરત |
| માળવા .... .... .... | શેઠ લક્ષ્મીચંદ ધીઆ .... .... | પ્રતાપગઢ |
| મેવાડ .... .... .... | શેઠ રોશનલાલજી ચતુર .... .... | ઉદેપુર |
| મારવાડ .... .... .... | શેઠ ધનરાજજી કાંસટીઆ.... .... | અજમેર |
| મહારાષ્ટ્ર .... .... .... | શેઠ બાલચંદ હીરાચંદ .... .... | માલેગામ |
| દક્ષિણ મહારાષ્ટ્ર .... .... | શેઠ મોતીચંદ ભગવાનદાસ .... | પુના |
| બીરાર .... .... .... | શેઠ હરખચંદ ગુલાબચંદ.... .... | ર્‍હેલારા |
| સેંટ્રલ ઇંડિયા .... .... | કુમારશ્રી બાગમલજી ગુલેચ્છા .... | ગ્વાલીયર |
| બરમા .... .... .... | શેઠ મનસુખલાલ દોલતચંદ .... | રંગુન |
| પંજાબ .... .... .... | શેઠ જશવંતરાવ જૈની .... .... | લાહોર |

## ઓડીટરો.

શેઠ ત્રિભુવનદાસ ભાણજી. શેઠ અમરચંદ ઘેલાભાઈ.

# શ્રી ચોથી જૈન મહિલા પરિષદ્-પુના.

### પસાર થયેલા ઠરાવો.

જેષ્ઠ શુદ ૬, તા૦ ૨૫-૫-૦૯.

### ઠરાવ ૧ લો.

#### કેળવણી.

સ્ત્રી જાતિની સંપૂર્ણ ઉન્નતિ અર્થે આપણી બાળાઓને ધાર્મિક, નૈતિક, માનસિક અને શારીરિક કેળવણી ઉત્તમ પ્રકારની મળે તથા મોટી વયની સ્ત્રીઓને યોગ્ય ઔદ્યોગિક અને ધાર્મિક શિક્ષણ અપાય તેવી સંસ્થાઓ સ્થાપવાની આ પરિષદ આવશ્યકતા સ્વીકારે છે. અને શહેરે શહેરના ધનાઢય જૈન બંધુઓ તથા બ્હેનોને તેવી સંસ્થાઓ સ્થાપવા માટે ખાસ આગ્રહ કરે છે.

### ઠરાવ ૨ જો.

#### સ્ત્રીનાં કર્તવ્ય.

પતિ, વડિલો, બાળકો, સ્નેહી બંધુઓ અને દાસજન પ્રતિ પોતાનાં કર્ત્તવ્યો, ફરજો સ્ત્રી સમજતી થાય, એવા પ્રકારનો ઉત્તમ બોધ અપાય, તેવી ગોઠવણ કરવાની આવશ્યકતા આ પરિષદ સ્વીકારે છે.

### ઠરાવ ૩ જો.

#### હાનિકારક રિવાજ.

બાળલગ્ન, રડવું કુટવું, વિગેરે હાનિકારક રીવાજોથી આપણી સાંસારિક સ્થિતિ ઘણી શોચનીય થઇ છે. તે રીવાજની અયોગ્યતા દર્શાવી તેને જડમૂળથી દૂર કરવાને આ પરિષદ આગ્રહ કરે છે.

### ઠરાવ ૪ થો.

#### વિધવાશ્રમની આવશ્યકતા.

આપણી અનાથ વિધવાઓ સુખી થાય તે માટે વિધવાશ્રમ ખોલવાની તેમજ નિરાશ્રિત બહેનોને નિર્વાહનાં સાધનો પુરાં પાડવાની આ પરિષદ અત્યંત જરૂર ધારે છે.

× × × ×

#### મુંબઇના નામદાર ગવર્નરનો જવાબ.

Craig Dhee
Simla.
27—5—09.

My dear Sir,

His Excellency the Governor desires me to request you to

convey to the Members of the Seventh Jain Swetamber Conference his warm thanks for their kind Message of Sympathy which he greatly values.

I am very truly,

Sd/ Elie Drummond

Captain

*To*

The President of the Seventh Jain Swetambèr Conference.

---

**શ્રી ભાવનગર મધ્યે મળેલી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ વખતે "ધાર્મિક સંસ્થાઓના હિસાબો છપાવી બહાર પાડવા કે નહીં" એ બાબતમાં નીમાએલી કમીટીનો રીપોર્ટ.**

આ બાબતમાં અમોએ તા. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૦૯ ના દિવસથી તપાસ શરૂ કરી હતી. અમદાવાદ શેઠ ત્રિભુવનદાસ ભાણજી અને શેઠ પદમશી ઠાકરશીએ જાતે જઇ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તથા તેની શાખા પેઢીના સંવત ૧૯૬૩ ની સાલના સરવૈયાં જોયાં તથા શ્રી અમદાવાદમાંની મીલ્કત જોઇ અને તે પછી માણસો હીસાબ તપાસવા માટે રાખેલા તેઓની હકીકત અને શેઠ આણંદજી કલ્યાણજીના મેનેજીંગ પ્રતિનિધિઓ સાથે થએલી વાતચીત એ સઘળા ઉપર વિચાર કરતાં અમારો એ સંસ્થા સંબંધી નીચે પ્રમાણે અભિપ્રાય થાય છે. એ સિવાય વિશેષ સંસ્થાઓ અમે તપાસી શક્યા નથી. માટે સઘળી ધાર્મિક સંસ્થાઓ વિષે અમે અમારો રીપોર્ટ આપી શકતા નથી.

શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થાનો હીસાબ છપાવીને અગર કોઇ પણ રીતે બહાર પાડવો નહીં એવો અમારો અભિપ્રાય છે પણ એ હિસાબ કોઇ પણ શ્રી જૈન શ્વેતાંબર ગૃહસ્થને બતાવવામાં આવે તેમાં સંઘને કાંઇ પણ નુકસાન નથી, પણ ફાયદો છે. માટે એ હિસાબના દરેક સાલના ખુલાસાવાર સરવૈયા તે સંસ્થાના કાર્યવાહકોએ સંસ્થાઓની મુખ્ય અને શાખા પેઢીઓમાં અને કોન્ફરન્સની મુંબઇની ઓફીસમાં જોવાને માટે તૈયાર રાખવા. આ પ્રમાણે નો બંદોબસ્ત આજથી ત્રણ વર્ષ સુધી રાખવો અને તેટલો અનુભવ લીધા પછી ભવિષ્યને માટે જેમ યોગ્ય લાગે તેમ કરવું.

લિ. શ્રી સંઘના નમ્ર સેવક,

ત્રિભુવનદાસ ભાણજીની સહી દા. પોતે.
શા. પદમશી ઠાકરશીની સહી દ. પોતે.
G. C. Dhadha.
બાલચંદ હીરાચંદ.
ગુલાબચદ દેવચંદ.

# સુકૃતભંડાર ફંડની યોજના,

ઉદ્દેશ—૧ કેળવણી એ સર્વનું જીવન છે અને તેનો વધારો કરવા પૈસાની ખાસ અગત્ય છે. તેથી તેને માટે અને બીજા મહત્વનાં કાર્યો કરવા માટે સુકૃત ભંડાર ફંડની સ્થાપના કરવામાં આવે છે.

પાત્રતા—૨ દરેક પરણેલ જૈન સ્ત્રી પુરૂષે દર વરસે ઓછામાં ઓછા ચાર આના અને વધારેમાં વધારે પોતાની ખુશીમાં આવે તેટલી રકમ આ ફંડમાં ભરવી જોઈએ.

વસુલ કરનાર—૩ ઉપર પ્રમાણેના પૈસા દરેક ગામના સંઘ, ન્યાત અગર તડના શેઠ અગર આગેવાન વસુલ લેશે અને આવા વસુલ થયેલા પૈસા તેજ ગામના શ્રીસંઘના શેઠ અગર આગેવાન મારફતે કોન્ફરન્સની મુંબઇની હેડ ઓફીસમાં મોકલી આપશે.

પહોંચ—૪ જે જે ઇસમો આ ફંડમાં પૈસા ભરશે તેમને કોન્ફરન્સ તરફથી પુરી પાડેલી છાપેલી પહોંચ તેમની ન્યાતના અગર તડના શેઠ પૈસા લીધા બદલ આપશે. અને આ પૈસા કોન્ફરન્સ ઓફીસ તરફ રવાને થતાં ન્યાતના અગર તડના શેઠને રવાને કરેલી રકમની પહોંચ ગામના શ્રી સંઘના શેઠ આપશે અને કોન્ફરન્સ ઓફીસમાં પૈસા પહોંચતાં ગામના શ્રી સંઘના શેઠને કોન્ફરન્સના જનરલ સેક્રેટરી પહોંચ આપશે તથા હેરલ્ડ અને જૈન પત્રમાં પણ પહોંચ આપવામાં આવશે.

ક્યારે વસુલ લેવા—૫ અશાડ શુદી ૧૪ થી આ ફંડ ઉઘરાવવાની શરૂઆત થશે. અને સંવત્સરી સુધી એટલે ભાદરવા શુદ ૪ સુધીમાં તે કામ પુરૂ કરવામાં આવશે.

વસુલાતનો ખર્ચ—૬ બનતાં સુધી વગર ખર્ચે વસુલાત અને પૈસા મોકલવાનું કામ કરવા પ્રયત્ન કરવો. પણ કદી તેમ ન થાય તો તે સંબંધમાં ન્યાતના ગોરને અગર બીજા માણસને રોકી ઉઘરાણીમાં વસુલ આવેલી રકમમાંથી દર રૂપિએ ૦॥ અડધા આનાથી એક આના સુધી ખર્ચ કરવાની

ન્યાતના અને શ્રી સંઘના શેઠને સત્તા આપવામાં આવે છે અને આ શિવાય ટપાલ ખર્ચ તથા હુંડીયામણુ ખર્ચ જે લાગે તે પણ ભેગી થએલી રકમમાંથી બાદ કરી બાકીના પૈસા મોકલવા એમ ઠરાવવામાં આવ્યું છે.

તપાસણી—૭ જીલ્લાના તથા પ્રાંતના એટલેકે ડિસ્ટ્રીકટ અને પ્રોવિનશિઅલ સેક્રેટરિઓએ પોતાના જીલ્લા તથા પ્રાંતની વસુલાતનું કામ અને તે વસુલ થએલા પૈસા મુંબઈ હેડ ઓફીસ તરફ મોકલવાનું કામ બરોબર અને વખતસર થાય તેટલા માટે તેના ઉપર દેખરેખ રાખવાની છે. અને કોઈ ગામ અગર ન્યાતમાં તકરાર પડે તો ત્યાં જાતે જઈ અગર પત્ર લખી કે માણસ મોકલી તેવી તકરારનું સમાધાન કરવા પ્રયત્ન કરવો. અને જ્યાં જ્યાં પોતે અગર પોતા તરફના માણસો જાય ત્યાં ત્યાંની ન્યાત અગર શ્રી સંઘના શેઠની પાસેની પોહોંચબુકો તપાસી તેપર તેણે પોતાની સહી કરવી.

ઉપયોગ—૮ આ ફંડમાં વસુલ થએલી રકમમાંથી અડધી રકમ કેળવણી ખાતામાં અને બાકીની રકમ કોન્ફરન્સના નિભાવમાં હાલ વાપરવામાં આવશે.
આ આઠમી કલમના સંબંધમાં ત્રણ વરસ સુધી અનુભવ લીધા બાદ કાંઈ પણ ફેરફાર કરવો હશે તો તે થઇ શકશે.

હિસાબ—૯ આ ફંડ સંબંધી હિસાબ ગમે તે વખતે કોન્ફરન્સ ઓફીસમાં જોવાની દરેક જૈનને છુટ રહેશે. તથા તે કોન્ફરન્સના હિસાબ તથા રિપોર્ટ સાથે દર વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવશે.

# તીર્થ સંરક્ષણ કમીટીના મેંબરોનાં નામો.

નગરશેઠ ચીમનલાલ લાલભાઇ
શેઠ લાલભાઇ દલપતભાઇ
,, મનસુખભાઇ ભગુભાઇ
,, જેઠાભાઇ નરશી
,, નથમલજી ગુલેચ્છા
,, મોતીચંદ ગીરધર કાપડીઆ
,, મકનજી જુઠાભાઇ
,, કેશવલાલ અમથાશા
,, વકીલ લખમશી હીરજી
,, દામોદર બાપુશા
,, રાયબદ્રીદાસજી બહાદુર
,, વીરચંદ ત્રિભુવનદાસ ગીરનારની પેઢીના પ્રમુખ.
,, નગીનદાસ મંચ્છુભાઇ
,, નેમચંદ માણેકચંદ
,, ચીમનલાલ લલ્લુભાઈ
,, સુરચંદ પુરૂષોતમ બદામી
,, કુંવરજીભાઇ આણંદજી
રા. બા. વસનજી ત્રીકમજી જે. પી.
શેઠ ભાગચંદ છગનદાસ
,, લક્ષ્મીચંદજી ધીયા
,, અનોપચંદ મલુકચંદ
,, જીવણચંદ ધરમચંદ
,, ગુલાબચંદ દેવચંદ
,, પુનમચંદ કરમચંદ કોટાવાળા
,, માણેકલાલ ઘેલાભાઈ
,, વેણીચંદ સુરચંદ
,, ચુનીલાલ નાનચંદ
,, રા. બ. બાલાભાઇ મંચ્છારામ
,, સીતાબચંદજી નાહર
,, મેળાપચંદ આણંદચંદ, દીવાન, સીરોહી.
,, મહારાજ બહાદુરસિંહજી
,, વેલજી આનંદજી મેસરી
,, મેઘજી ખેતશી
,, કમળશીભાઈ ગુલાબચંદ
,, કલ્યાણચંદ લાલચંદ
,, શિવદાનજી પ્રેમાજી ગોટીવાળા
,, હીરાચંદજી સચેતી
,, રતનચંદ ખીમચંદ
,, કીકાભાઈ પ્રેમચંદ
,, ભોગીલાલ વીરચંદ દીપચંદ
,, હરખચંદ ગુલાબચંદ
,, મણિલાલ ગોકળભાઇ
,, મોહનલાલ હેમચંદ
,, જીવણલાલજી પનાલાલજી
સંઘવી ફુલચંદ ઉમાજી
શેઠ છગનલાલ ગણપતદાસ
,, હેમરાજ ટોકરશી
,, લક્ષ્મીચંદ માણેકચંદ
,, લલુભાઇ કરમચંદ દલાલ
,, ફુલચંદજી ગુલેચ્છા
,, કલ્યાણચંદ શોભાગચંદ
,, માણેકચંદ જેઠાભાઇ વર્ધમાન
,, મોતીચંદ ભગવાનદાસ
,, ગુલાબચંદજી ઢઢા
,, જમનાભાઈ ભગુભાઇ
,, સેનાભાઇ ચુનીલાલ
,, છોટાલાલ લલુભાઇ વકીલ
,, લાલચંદ દેવચંદ
,, રતનચંદ સાંકળચંદ
,, નેણશી દેવરાજ
,, છોટાલાલ લલુભાઇ ઝવેરી
,, હંસીલાલ પાનાચંદ
,, મોતીજી મેઘાજી
,, માનચંદ નગાજી.

| | | | |
|---|---|---|---|
| ,, લેહેરૂચંદ ચુનીલાલ | | શેઠ જવહારલાલજી | સીકંદ્રાબાદ |
| ,, સાલમચંદ ગુલેચ્છા બેંગલોર | | ચતુર શ્રીપાલજી | ઉદેપુર |
| ,, કોઠારી જવાનમલજી જોધપુર | | મગનલાલજી | મુંજાવત |
| ,, પારખ સુરજમલજી | ,, | હીરાલાલજી સુરાના | સોજત |
| ,, કેસરીમલજી | ,, | શેઠ રતનલાલજી સુરાના | રતલામ |
| પોરવાલ તેજમલજી | પાલી | ,, પુનમચંદજી સાવણસુખા | ઇંદોર |
| છાયેડા ચાંદમલજી | ,, | ,, શાંતીલાલજી | ઈંદોર |
| શેઠ શોભાગમલજી હઠા | અજમેર | ,, જોડીદાસજી | ભોપાળ |
| શેઠ ધનરાજજી કાંસટીઆ | અજમેર | શા. જમનાદાસજી ભાંડાવત | શાજાપુર |
| ,, અમરચંદ પી. પરમાર | | શેઠ ટાલચંદજી | આગરા |
| દલેલસિંહજી | દીલ્હી | | |

## ધી જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનનો પાંચમો વાર્ષિક મેલાવડો

**—પુના**

ધી જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનનો પાંચમો વાર્ષિક મેળાવડો પૂના ખાતે મળેલી શ્રી સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ભવ્ય મંડપના કમ્પાઉન્ડના એક તંબુમાં તા. ૨૩ મી મે ૧૯૦૯ ને રવિવારે રાત્રે આઠ વાગે મળ્યો હતો, તે વખતે હાજર થએલા મેમ્બરોની સંખ્યા ૧૨ ની હતી. તથા દીલસોજી ધરાવનારા સદ્‌ગૃહસ્થો આશરે ચારેક હતા.

મી૦ કેશવલાલ અમથાશાએ દરખાસ્ત કરી કે આ મેળાવડાનું પ્રમુખસ્થાન મી. મોતીચંદ ગીરધર કાપડીઆ બી. એ. એલ એલ. બી. સોલીસીટરે લેવું. આ દરખાસ્તને મી. દોલતચંદ પુરૂષોત્તમ બરોડીયાએ ટેકો આપ્યો. તે દરખાસ્ત સર્વાનુમતે પસાર થતાં મી. કાપડીયા પ્રમુખસ્થાને બીરાજ્યા. પછી એસોસીએશનના જનરલ સેક્રેટરીએ આમંત્રણપત્રિકા વાંચી સંભળાવી તે પછી તેમણે ગત વર્ષનો રીપોર્ટ વાંચ્યો.

આ રીપોર્ટનો સાર નીચે મુજબ છે.

આ સંસ્થાની સ્થાપના મી. ગુલાબચંદ ઢઢ્ઢાના પ્રમુખપણા નીચે તા. ૨૯-૧૧-૧૯૦૪ ના રોજ થઈ. ત્યારથી બે વર્ષ સુધી આ સંસ્થાના સેક્રેટરી મી. મોતીચંદ ગીરધર કાપડીયા હતા. તેમણે કામ સંતોષકારક બજાવ્યું હતું. ત્યાર પછી મી. મકનજી જુઠાભાઇ મ્હેતા આ સંસ્થાના સેક્રેટરી થયા. તેમના

વખતમાં આ સંસ્થા તરફથી કરવામાં આવેલી અરજથી સં. ૧૯૦૭ ની સાલમાં મુંબઇ યુનિવર્સિટિમાં જૈન સાહિત્ય દાખલ થવા પામ્યું હતું.

ત્યારપછી આ સંસ્થાના પ્રયાસથી ગુજરાતી પાંચમી ચોપડીમાં આપણી ધાર્મિક લાગણી ઉશ્કેરનારી ભૂલો કેળવણી ખાતાએ સુધારી હતી. ગત વર્ષમાં આ સંસ્થા તરફથી મુંબઇ ઇલાકાના નામદાર ગવર્નરને બે અરજીઓ કરવામાં આવી હતી. તે બંને અરજીઓમાં તેઓને જય મળ્યો છે. આ અરજીઓથી આપણા કેટલાક તેહેવારો જૈન કોમના તેહેવારો તરીકે જાહેર કરવામાં આવ્યા છે તેમજ હજી અમુક તેહેવારો જાહેર તેહેવારો તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે, એવી નામદાર સરકાર તરફથી આશા આપવામાં આવી છે. તેમજ મુંબઇ ઇલાકાની વધારાની ધારાસભામાં આપણી કોમના પ્રતિનિધિ માટે બેઠક આપવાના સંબંધમાં નામદાર સરકારે સંતોષકારક જવાબ આપ્યો છે. આ બાબતમાં નામદાર સરકારનો આપણે ઉપકાર માનવો જોઇએ.

ગતવર્ષમાં આ સંસ્થા તરફથી મી૦ ઉમેદચંદ દોલતચંદ બરોડિયાની જૈન ધર્મનો ઇતિહાસ અને સાહિત્ય એ નામની ચોપડી ઇંગ્રેજીમાં છપાવવામાં આવેલી છે.

છેવટે મી૦ મોતીચંદ ગીરધર કાપડીઆ સોલીસીટર થયા તથા મી૦ પુનસી હીરજી મૈસરી એલ. એમ. એન્ડ એસ થયા તેને માટે મુબારકબાદી આપી, મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢાએ શ્રી શિખરજીની બાબતમાં તથા મી૦ મોતીચંદ ગીરધર કાપડીઆ, મી૦ ધીરજલાલ પી. શરાફ બારીસ્ટર તથા મી૦ કેશવલાલ અમથાશાએ શ્રી અંતરીક્ષજી કેસમાં જે મદદ કરી છે તે માટે તેઓનો ઉપકાર માનવામાં આવ્યો હતો. આ સંસ્થાના સભાસદો હવે જાહેર કાર્યોમાં ભાગ લે છે તે માટે ખુશી બતાવી તથા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ કેટલેક દરજ્જે સુધર્યું છે તે છતાં વિશેષ સુધારવા માટે આ સંસ્થાના મેંબરોને સારા સારા લેખો મોકલવા વિનંતિ કરવામાં આવી હતી.

આ રીપોર્ટ મી૦ દોલતચંદ પુરૂષોત્તમ બરોડિયાની દરખાસ્તથી અને મી૦ કેશવલાલ અમથાલાલ શાહના ટેકાથી સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ મુંબઇના નામદાર ગવરનર સાહેબને આ સંસ્થાની બે અરજી-ઓનો સંતોષકારક જવાબ આપવા માટે ઉપકારનો એક તાર પ્રમુખ સાહેબે મોકલવો એવો ઠરાવ કરવામાં આવ્યો હતો.

તે પછી પ્રમુખ સાહેબે આ મંડળના ગતવર્ષના સેક્રેટરીઓએ ગતવર્ષમાં ઉત્સાહ તથા ખંતથી કામ કર્યું હતું તેના માટે ઉપકાર માન્યો હતો. અને મી૦ લખમશી હીરજી મૈસરી અનુમોદનમાં તેઓને માટે કેટલાક લાગણીવાળા શબ્દો બોલ્યા હતા.

પછી હાલના ઓધ્ધેદારોએ પોતાનાં રાજીનામાં આપ્યાં હતાં, તેથી નવા ઓહ્ધેદારો નીચે પ્રમાણે નીમાયા હતા.

મી૦ લખમશી હીરજી મેસરી બી. એ. એલ એલ. બી. પ્રમુખ મુંબઈ.
,, કેશવલાલ પ્રેમચંદ મોદી   જનરલ સેક્રેટરી   અમદાવાદ.
,, મણિલાલ નથુભાઈ દોશી   સ્થાનિક સેક્રેટરી   ,,
,, ત્રીભોવનદાસ લ્હેરચંદ શાહ   ,,   મુંબઈ.

ત્યાર પછી પ્રમુખ સાહેબનો ઉપકાર માની મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

---

# બાસીમ ખાતે ચાલતા શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે થયેલ મારામારીના કેસનો ચુકાદો.

ગઈ તા૦ ૩૧ મીએ આપણી કોમના સુભાગ્યે સારા સમાચાર આપણને મળ્યા છે. પન્યાસજી શ્રી આનંદસાગરજી તથા બીજા ત્રણ મુનિ મહારાજાઓ ગંભીર આરોપમાંથી માન સહિત મુક્ત થયા છે. તે સાંભળી કયા જૈનપુત્રને હર્ષ થયા વગર રહેશે ? તે સિવાય બીજા સાત જણ પણ છુટી ગયા છે. અને બાકીનાઓના દંડ થયા છે. આઠ દિગંબર આરોપીમાંથી પણ ત્રણ જણા છૂટી ગયા છે. અને બાકી પાંચ જણાના દંડ થયા છે.

મહાન્ ખર્ચ થતાં પણ આ શુભ પરિણામ આવ્યું તે એક સંતોષની બાત છે. આ કેસના કાર્યમાં કોન્ફરન્સની હેડ ઓફીસે કેટલો પરિશ્રમ લીધો છે તે સર્વે કોઇ જાણતા હોવાથી અત્યારે વધારે લખવાની જરૂર નથી, પણ એટલું તો આ સ્થળે લખવાની જરૂર છે કે મુનિમહારાજાઓ પકડાયા અને આરોપો મુકાયા એવા માઠા સમાચારનો તાર મળ્યો કે તે દિવસથી તે ગઇ તા. ૩૧ મી ના રોજ સુધી આ ઓફીસને ઘણીજ મુશ્કેલીઓ વચ્ચે કામ લેવું પડયું હતું. એક તરફથી પુના કોન્ફરન્સની તૈયારીઓ થતી હોવાથી અને બીજી તરફથી આ કેસ ચાલતો હોવાથી તેમાં પણ પૈસા સંબંધી અગવડો વેઠતાં છતાં પણ આ ઓફીસનો પ્રયાસ સફળ થયો તેજ સંતોષનું કારણ છે. મુંબઈ આદિ સ્થળેથી મળેલાં જે નાણાં મુંબઇ ઓફીસ મારફત ખર્ચાયા છે તેનો કુલ હિસાબ મુંબઈ ઓફીસેથી નાણાં ભરનારને જોવાને મળશે. અમારા કામમાં અમને જે જે સદ્‌ગૃહસ્થોએ મદદ કરી છે તેઓમાંના શેઠ આણંદજી કલ્યાણજી તથા શેઠ મનસુખભાઇ ભગુભાઇ તથા તત્વવિવેચક સભા તથા ચેવલાના સદ્‌ગૃહસ્થો તરફથી પૈસા સંબંધી તથા બીજી મદદ આપવામાં આવી છે તેને માટે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

# શ્રી સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, પુના.

## ( સંક્ષિપ્ત વર્ણન. )

શ્રી સાતમી જૈન કૉન્ફરન્સની તૈયારીઓ માટે માત્ર ૧॥ મહિના જેટલી ટુંક મુદત રહી હતી તે છતાં આ દોઢ માસમાં આપણા પૂનાના ઉત્સાહી બંધુઓએ એવી ઝડપથી અને સંભાળ પૂર્વક કામ લીધું હતું કે જેથી કૉન્ફરન્સની આ સાતમી બેઠક સાંગોપાંગ ઉતરી હતી. આ કોન્ફરન્સ આપણી બીજી કોન્ફરન્સો કરતાં કેટલીક બાબતોમાં સરસાઇ ભોગવતી હતી. મંડપ વિશાળ તેમજ પુષ્કળ હવાવાળો બાંધવામાં આવ્યો હતો. મંડપના કમ્પાઉન્ડમાં જુદી જુદી ઓફીસો માટેના જુદા જુદા તંબુઓ, ફુઆરો, સરસ ઢબમાં ગોઠવેલાં ફુલઝાડનાં કુંડા એ સર્વે પ્રેક્ષકોના ચિત્તને આનંદ આપતાં હતાં. આ કોન્ફરન્સમાં આશરે ૧૩૦૦ ડેલીગેટો, ૧૫૦૦ વીઝીટરો અને લગભગ ૮૦૦ બાનુઓ હાજર હતી, તે ઉપરાંત યુરોપીયન ગૃહસ્થો તથા કેટલાક નામાંકિત અન્ય કોમોના આગેવાન ગૃહસ્થો પણ હાજર હતા. કોન્ફરન્સના ત્રણે દિવસોમાં મુનિ મહારાજ અમરવિજયજી તથા બાલવિજયજીએ હાજર રહી શ્રી સંઘ ઉપર ઉપકાર કર્યો હતો.

### પ્રથમ દિવસ તા. ૨૨-૫-૦૯

બરાબર એક વાગે સ્વાગત કમીટીના ચેરમેન શેઠ શિવદાનજી પ્રેમાજી ગોટીવાળા તાળીઓના અવાજ સાથે મંડપમાં દાખલ થયા. ત્યારબાદ થોડીવાર પછી બીજા આગેવાન ગૃહસ્થોએ આવવા માંડયું અને લાયકને લાયક માન આપવામાં આવ્યું. બરાબર પોણાબે વાગે પ્રમુખ સાહેબ શેઠ નથમલજી ગુલેચ્છા પધાર્યા હતા.

શરૂઆતમાં પૂના જૈન સંગીત મંડળનાં જૈન બાળકો તથા બાળકીઓએ સુસ્વરથી મધુર મંગલાચરણનાં ગાયનો ગાયાં હતાં.

ત્યારબાદ સ્વાગત કમીટીના ચીફ સેક્રેટરી શેઠ છગનલાલ ગણપતદાસે આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી. પછી શેઠ શિવદાનજી પ્રેમાજી ગોટીવાળાએ પધારેલા ગૃહસ્થોને આવકાર આપી પોતાનું ભાષણ મી. અમરચંદ પી. પરમારને વાંચવા આપ્યું. આવકાર આપનારૂં ભાષણ પુરૂં થયા પછી સ્વા૦ ક૦ ના ઉપપ્રમુખ તથા જનરલ સુપરવાઇઝર શેઠ મોતીચંદ ભગવાનદાસે ગ્વાલીયરવાળા શેઠ નથમલજી ગુલેચ્છાને પ્રમુખસ્થાન આપવાની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તને યેવલાવાળા શા. દામોદર બાપુશાએ ટેકો આપ્યો, અને તેહદારાવાળા ઓનરરી માજીસ્ટ્રેટ શેઠ હરખચંદ ગુલાબચંદ તથા સ્વા૦ ક૦ ઉપપ્રમુખ શેઠ ગગલભાઇ હાથીભાઇએ અનુમોદન આપ્યું હતું, બાદ તાળીઓના અવાજ વચ્ચે શેઠ નથમલજીએ પ્રમુખસ્થાન લીધું હતું. આ વખતે મી મકનજી જુઠાભાઈ મ્હેતાએ કોન્ફરન્સની ફતેહ ઇચ્છનારાઓના તે દિવસે આવેલા તારો વાંચી સંભળાવ્યા હતા. તે પછી પ્રમુખ સાહેબે પોતાનું ભાષણ થોડુંક વાંચી બાકીનું ભાષણ વાંચવા તેમના પુત્ર શેઠ બાગમલજીને આજ્ઞા આપી. શેઠ બાગમલજીએ આ ભાષણ પુરૂં કર્યું હતું. ત્યાર પછી શેઠ કુંવરજી આણંદજીની દરખાસ્તથી અને શેઠ હીરાચંદ ધનજી તથા શેઠ વીરચંદ કૃષ્ણાના ટેકાથી આ કોન્ફરન્સમાં પસાર કરવાના ઠરાવો નક્કી કરવા, સબ્જેક્ટસ કમીટીના મેમ્બરો ચુંટી કાઢવામાં આવ્યા હતા. છેવટે ઉઠતી વખતના મંગળ ગીતો સાંભળી પ્રથમ દિવસની બેઠક પુરી કરવામાં આવી હતી,

## બીજો દિવસ તા. ૨૩-૫-૦૯

બીજા દિવસની બેઠક બપોરે બાર વાગે મળી હતી. પ્રમુખ સાહેબ નથમલજી જ્યારે મંડપમાં દાખલ થયા ત્યારે ચારે તરફથી તેમને જયઘોષથી વધાવી લેવામાં આવ્યા હતા. આજની બેઠકમાં પૂનાની ખેતીવાડી કોલેજના પ્રીન્સીપાલ તથા અહિંના પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ તથા પૂનાના કલેક્ટરે હાજરી આપી હતી.

આરંભમાં બાળાઓએ મંગળ ગીતો ગાયાં હતાં પછી મી૦ મકનજી જુઠાભાઈ મ્હેતાએ બહાર ગામથી આવેલા તારો વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ પ્રમુખ તરફથી તેમના પુત્ર શેઠ બાગમલજીએ પ્રથમ ચાર ઠરાવો પ્રતિનિધિઓ તથા પ્રેક્ષકો સમક્ષ વાંચી સંભળાવ્યા હતા. અને સર્વેએ તે ઠરાવો દરેક ઠરાવને ઉચિત લાગણી પ્રદર્શિત કરી પસાર કર્યા હતા.

પાંચમો ઠરાવ મી. લખમશી હીરજી મૈસરીએ અસરકારક ઢબમાં રજુ કર્યો હતો અને તેને લગતું ઉમદા ભાષણ કર્યું હતું. આ ઠરાવની દરખાસ્તને મી. મણિલાલ નથુભાઈ દોશી, મી. કેશવલાલ અમથાશા, શેઠ લાલભાઇ કલ્યાણચંદ, મી. ડાહ્યાભાઇ ચુનીલાલ સરાફ, નાણાવટી જમનાદાસ બાલાભાઈ, મી. નારણજી અમરસી તથા મી. સાંકળચંદ માણેકચંદ ખડીયાળી તથા મી. ફતેચંદ કપુરચંદ લાલન એઓએ અનુક્રમે ટેકો તથા અનુમોદન આપ્યું હતું.

છઠો ઠરાવ મી. અમરચંદ પી. પરમારે રજુ કર્યો હતો. તેને ટેકો આપતાં મી. શિવજી દેવસીએ એક છટાદાર ભાષણ કર્યું હતું. આ ભાઇએ કન્યાવિક્રય ઉપર એક સુંદર કવિતા ગાઇ હતી જેની એવી ઉંડી છાપ શ્રોતાઓ ઉપર પડી કે તુરત સર્વે પ્રતિનિધિઓ તથા પ્રેક્ષકોએ ઉભા થઈ મુનિ મહારાજ શ્રી અમરવિજયજી પાસે પચ્ચખાણ લીધા હતા. તે પછી શેઠ નાનચંદ ભગવાન, મી. ત્રિભુવનદાસ જાદવજી, મી. લાલચંદ દેવચંદ, મી. લહેરૂભાઈ ચુનીલાલ તથા મી. મણિલાલ રતનચંદે આ ઠરાવના અનુમોદનમાં પ્રસંગને અનુસાર ભાષણો કર્યાં હતા.

## ત્રીજો દિવસ તા. ૨૪-૫-૦૯

ત્રીજા દિવસની બેઠકમાં શરૂઆતમાં શ્રી જૈન મંગળ ગાયન સમાજના બાળકો મંગળ ગીતો ગાઇ રહ્યા પછી સાતમો ઠરાવ મી. દોલતચંદ પુરૂષોત્તમ બરોડીયાએ રજુ કર્યો હતો અને તેને ટેકો શેઠ માણેકલાલ ઘેલાભાઇએ આપ્યો હતો તથા મી. અમરચંદ પી. પરમારે અનુમોદન આપ્યું હતું.

આઠમો તથા નવમો એ બન્ને પ્રમુખ તરફથી મુકાયા હતા.

દશમો ઠરાવ શેઠ ટોકરશી નેણસીએ રજુ કર્યો હતો. તેને મી૦ ચુનીલાલ નારણદાસે ટેકો આપ્યો હતો અને મી૦ મૂલચંદ આશારામે છટાદાર સુંદર ભાષામાં અનુમોદન આપ્યું હતું.

ઠરાવ ૧૧ મો પ્રમુખ તરફથી મુકવામાં આવ્યો હતો.

ઠરાવ ૧૨ માની પંડિત લાલને દરખાસ્ત મુકી હતી. મી૦ મોતીચંદ કુરજી ઝવેરીએ ટેકો આપ્યો અને મી૦ દોલતચંદ પુરૂષોત્તમ બરોડિયાએ અનુમોદન આપ્યું હતું.

ઠરાવ ૧૩ મો. મી૦ બાલચંદ હીરાચંદે રજુ કર્યો. મી૦ મોહનલાલ દલીચંદ દેશાઇએ ટેકો આપ્યો. મી૦ લ્હેરૂભાઇ ચુનીલાલ તથા શેઠ વીરચંદ કૃષ્ણાજીએ અનુમોદન આપ્યું હતું.

ઠરાવ ૧૪ મો. પ્રમુખ તરફથી મુકાયો હતો અને તેના સંબંધમાં મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબે ખુલાસો કર્યો હતો.

ઠરાવ ૧૫ મો. મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબે રજુ કર્યો. શેઠ બાગમલજી તથા શેઠ ગુલાબચંદ દેવચંદે ટેકો આપ્યો અને મી૦ લલ્લુભાઇ કરમચંદ દલાલે અનુમોદન આપ્યું હતું.

ઠરાવ ૧૬ મો. પ્રમુખ તરફથી મુકવામાં આવ્યો હતો.

ઠરાવ ૧૭ મો. બાબુ રાયકુમારસિંહે અસરકારક રીતે રજુ કર્યો હતો અને તેને શેઠ માણેકલાલ ઘેલાભાઇએ તથા પંડિત લાલને ટેકો આપ્યો હતો. આ વખતે બધાએ ઉભા થઇ પ્રતિજ્ઞા લીધી હતી.

ઠરાવ ૧૮ મો. પ્રમુખ તરફથી મુકાયો હતો. છેવટે પ્રમુખ સાહેબ તરફથી પ્રતિનિધિઓને ધન્યવાદ આપવામાં આવ્યો તથા સ્વાગત કમીટીનો આભાર માનવામાં આવ્યો. ત્યારપછી શેઠ દામોદર બાપુશા તરફથી વોલંટીઅરોનો આભાર માનવામાં આવ્યો તથા તેના યોગ્ય જવાબો આપવામાં આવ્યા હતા. પછી મી૦ ઢઢ્ઢા સાહેબે જણાવ્યું કે આવતી કોન્ફરન્સ શ્રી ભોયણીજી તીર્થમાં ૧૯૧૦ ના ડીસેમ્બર માસમાં મળશે. મી૦ કુંવરજીભાઇએ જણાવ્યું કે મને નવાણુ ટકા ખબર મળી છે કે આવતી કોન્ફરન્સ સુરત ખાતેજ મળશે પણ તે હજી નક્કી નથી. ત્યારપછી સ્વાગત કમીટી તરફથી ડેલીગેટોનો તથા પત્રકારોનો તથા ડાકતર વિગેરેનો આભાર માનવામાં આવ્યો હતો. પ્રમુખ સાહેબનો આભાર માનવામાં આવ્યો હતો. પછી મુંબઇવાળાઓનો આભાર માનવામાં આવ્યો હતો બાદ પ્રમુખને હાર તોરા ગુલાબ અત્તર આપ્યા પછી કોન્ફરન્સ વિસર્જન થઇ હતી.

---

# ચોથી જૈન મહિલા પરિષદ્.

**તા. ૨૫–૫–૦૯**

આ પરિષદ્‌માં આશરે બે હજાર કરતાં વધારે જૈન બાનુઓએ હાજરી આપી હતી. તે ઉપરાંત મીસીસ કીંગ તથા થોડી દેશી ખ્રીસ્તી બાનુઓ અને મરાઠા બાનુઓએ ભાગ લીધો હતો. આશરે ત્રીશેક સ્ત્રીઓએ વોલંટીયર તરીકે કામ કરેલું હતું. બરાબર ૧૨ વાગે પ્રમુખ સૌ. મીઠાબાઇ પધાર્યાં. અને તેઓને સર્વે સ્ત્રીઓએ આવકારદાયક શબ્દોવડે વધાવ્યા. આરંભમાં બાળાઓએ સમયને ઉચિત મંગળ ગીતો ગાયાં પછી સ્વાગત કમીટીના પ્રમુખ સૌ. પાર્વતીબાઇ અનિવાર્ય અડચણને લઇને હાજર ન હોવાથી તેમની ભત્રીજી મેનાબાઇએ તેમનું ભાષણ વાંચ્યું હતું. ત્યારપછી સૌ. મોતીબાઇએ દરખાસ્ત કરી કે સૌ. મીઠાબાઇ મેઘજી ખેતસીને પ્રમુખસ્થાન આપવું. આ દરખાસ્તને વહાલી બહેને ટેકો આપ્યો અને સૌ. મીઠાબાઇએ તાલીઓના અવાજ વચ્ચે પ્રમુખસ્થાન લીધું. ત્યારપછી તેમણે બુલંદ અવાજે વિદ્વતા ભરેલું છટાદાર રીતે ભાષણ કર્યું હતું. આ ભાષણ થઇ રહ્યા પછી બીજી કેટલીએક સ્ત્રી વક્તાઓના ભાષણો સાથે ચાર ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ સ્ત્રી વક્તાઓમાં બહેન તારાબાઇ ચુનીલાલ પનાલાલ તથા બહેન વહાલીનાં ભાષણો બહુ સારાં હતાં.

**શ્રી સાતમી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ પુના, ખાતે ભરાયેલા ખાતાવાર કુલ રૂપીઆની રકમ નીચે મૂજબ.**

| | | | |
|---|---|---|---|
| કૉન્ફરન્સ કેળવણી ફંડ | ૨૪૭૪—૪—૦ | કૉન્ફરન્સ શ્રી કેળવણી ફંડ | ૨૫૩૩-૮-૦ |
| ,, નિભાવ ફંડ | ૨૮૩૯—૮—૦ | ,, સેંટ્રલબેંક | ૧-૪-૦ |
| ,, પુસ્તકોદ્ધાર | ૬૧—૪—૦ | પુના બોર્ડીંગ | ૬૭-૮-૦ |
| ,, મંદિરોદ્ધાર | ૯૦-૧૨—૦ | ,, કન્યાશાળા | ૨૫૬-૦-૦ |
| ,, નિરાશ્રિત | ૪૬૮-૧૨—૦ | ,, પાઠશાળા | ૩૦૨-૮-૦ |
| ,, જીવદયા | ૬૮—૪—૦ | ,, બાળાશ્રમ | ૫-૦-૦ |
| ,, સુકૃતભંડાર | ૪૭-૧૨—૦ | | |

કુલ રૂા ૯૨૪૬—૪—૦ બાણુસો છેંતાલીશ રૂપીઆ ચાર આના ભરાયા હતા. નામવાર લીસ્ટ હવે પછીના અંકમાં આપવામાં આવશે.

**મુબઈના શ્રી સંઘે કરેલો સ્તુત્ય ઠરાવ.**

બીજા ગામોને અનુકરણ કરવા જોગ દાખલો.

ચાલુ માસની તા. ૧૦—૬—૦૯ ને રોજ મુંબઈના સંઘે પુનાખાતે મળેલી આપણી સાતમી કૉન્ફરન્સે પસાર કરેલો સુકૃત ભંડારનો ઠરાવ તથા તેની યોજના ઘણા હર્ષ સાથે સ્વીકારી નીચે પ્રમાણે જે ઉત્તમ ઠરાવ કર્યો છે. અને બીજા ગામોને અનુકરણ કરવા જોગ જે શરૂઆત મુંબઈના શ્રી સંઘે કરેલી છે તેને માટે તેને ધન્યવાદ ઘટે છે. આ યોજનાનો અમલ કરવા અત્રેના સ્વયંસેવક મંડળે જે ઉત્સાહ દેખાડયો છે તે માટે તેમનો પણ આ ઠેકાણે ઉપકાર માનવામાં આવે છે. આ પ્રમાણે બીજા ગામોમાં પણ ઉત્સાહી યુવક વર્ગ થોડાક વખતનો ભોગ આપી સુકૃત ભંડાર ઉઘરાવશે તો સકલ સંઘ ઉપર ઉપકાર થશે.

**ઠરાવ.**

આપણી સાતમી કૉન્ફરન્સે પસાર કરેલો સુકૃત ભંડારનો ઠરાવ તથા તેની યોજના મુંબઈનો સકળ સંઘ સ્વીકારે છે અને આ યોજનાનો અમલ કરવાના કામમાં મદદ આપવા દરેક જૈન બંધુને આગ્રહ કરવામાં આવે છે અને જે આ ફંડ ઉઘરાવવા આવે તેને વગર ઢીલે વસુલ આપવું.

---

## જાહેર ખબર.

ચાલુ સાલનું લવાજમ વસુલ કરવા માટે આવતા માસનો અંક વી૦ પી૦ થી મોકલવામાં આવશે તો તે સ્વીકારી લેવા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે.

આસિસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થીર વ્હે, અમૃતધારા વરસે."

## દિગ્-દર્શન.

**જૈનશ્વેતામ્બર એજ્યુકેશનલ બૉર્ડ**

પુના શહેરમાં મળેલી સાતમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સે, અમે ગયા અંકમાં કરેલ સૂચના પ્રમાણે એક ખાસ નોંધ લેવા લાયક કાર્ય કરેલ છે; અને તે, કેળવણી સંબંધી દરેક કામકાજ કરવા માટે એજ્યુકેશનલ બૉર્ડની કરવામાં આવેલ સ્થાપના, એ છે. મજકુર બૉર્ડને પોતાની સંખ્યામાં વધારો ઘટાડો કરવાની સત્તા આપવામાં આવેલ છે, તથા તેની ઑફિસ મુંબઇમાં રહે એવો ઠરાવ કરવામાં આવેલ છે, જે કોન્ફરન્સના નેતાઓની દીર્ઘદૃષ્ટિ તથા વ્યવહારકુશળતા સૂચવે છે. આ બૉર્ડની સ્થાપના કરવામાં કોન્ફરન્સનો ખાસ હેતુ કેળવણીને અંગે જે કાંઇ કાર્યો કરવામાં આવે તે સંગીન થાય તથા કાંઇપણ પદ્ધતિસર અને શીઘ્રતાથી કરવામાં આવે એ છે. મજકુર બૉર્ડ જો ખંત અને સુવ્યવસ્થાપૂર્વક કાર્ય કરશે, અને સુજ્ઞ બંધુઓ ઉદારતાથી તેને જોઇતા ફંડઝ પુરા પાડશે, તો આ બૉર્ડની સ્થાપના કલ્પવૃક્ષ જેવી કલ્યાણકારી નિવડશે એ નિઃસંદેહ છે. એથી આપણી કોમમાં ધાર્મિક તથા વ્યાવહારિક કેળવણીનો બહોળો પ્રસાર થવા માટે સર્વ સાધનોની જોગવાઇ થઇ શકશે; અને કેળવણીનો બહોળો ફેલાવો થયો કે સ્વાભાવિક રીતે તેને પરિણામે કાળક્રમે આપણે આપણામાં પ્રચલિત હાનિકારક રિવાજો તથા પરસ્પરમાં ચાલતા કલહ-કુસંપને નાબુદ થયેલા જોઇશું, અને સમીપમાં આપણો અભ્યુદય થયેલો નિહાળવા ભાગ્યશાળી થઇશું.

**કેળવણીની સફળતાનો આધાર શિક્ષક**

કોઇપણ પ્રકારની કેળવણીની અને ખાસ કરીને ધાર્મિક કેળવણીની સફળતાનો આધાર શિક્ષક ઉપર રહેલો છે, અને તેથી ધર્મશિક્ષણને અંગે ખાસ ટ્રેનિંગ કૉલેજ શિક્ષકોને માટે સ્થાપવા અમે ગયા અંકમાં ભલામણ કરી હતી, પણ ગત કોન્ફરન્સમાં અતિ વ્યવસાયીપણાને લીધે તેવિષે યોગ્ય ઠરાવ કરવાનું લક્ષ બહાર રહી ગયેલ છે. અત્યાર પર્યન્ત આપણામાં અનેક સખાવત થએલ છે, પણ ખાસ આપણા લાભાર્થે આવા

પ્રકારની કોઇ સખાવત થએલી અમારી જાણમાં નથી. એવા સમયે ગઇ મહિલા પરિષદ્‌નાં પ્રમુખ સૌભાગ્યવંતાં શ્રીમતિ મીઠાંબાઇ તરફથી રૂ. ૧૦૦૦ )

**સ્ત્રી શિક્ષકોને ટ્રેનિંગ**

ની સખાવત સ્ત્રીશિક્ષકોને ટ્રેનિંગ આપવા માટે કરવામાં આવેલ છે તે ખરે ! સ્તુતિપાત્ર છે. ઉક્ત મહાન કાર્ય માટે રૂ. ૧૦૦૦) ની રકમ કાંઇ પુરતી નથી, તેથી અમે સર્વ સખી ગૃહસ્થો તથા સન્નારીઓને તે માટે એક સારૂં ફંડ એકઠું કરી એજ્યુકેશનલ બૉર્ડને સુપ્રત કરવા ભલામણ કરીએ છીએ.

જેટલી જરૂર સ્ત્રી શિક્ષકોને ટ્રેનિંગ આપવાની છે, તેટલીજ, બલ્કે તેથી વધારે, પુરૂષ શિક્ષકોને વ્યાવહારિક તથા ધાર્મિક શિક્ષણ માટે ટ્રેનિંગ આપવાની છે. જૈનોમાં ટ્રેન્ડ શિક્ષકો ગણ્યાગાંઠયાજ છે; તેથી આપણા બંધુઓ કાંઇક સારી સંખ્યામાં ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ અર્થે જોડાય તે માટે સ્કોલરશીપો આપવાની ખાસ જરૂર છે; તેમજ ધાર્મિક શિક્ષણ માટે

**ધાર્મિક શિક્ષણ માટે ખાસ ટ્રેનિંગ કૉલેજ**

ટ્રેનિંગ આપવા આપણે ખાસ જુદી ટ્રેનિંગ કૉલેજ સત્વર ઉઘાડવાની જરૂર છે. એ માટે હાલ શરૂઆતમાં વાર્ષિક રૂ. ૧૦૦૦) નું ખર્ચ પુરતું થઇ પડશે, અને જો દશ સદ્‌ગૃહસ્થો એકેક હજાર રૂપીયાની રકમ આપવા કબુલે અને તે રકમ એજ્યુકેશનલ બૉર્ડને સુપ્રત કરે તો એ કાર્યની શરૂઆત તરતમાં કરવા યોગ્ય છે. અમને આશા છે કે શ્રીમંત જૈન બંધુઓ ધાર્મિક શિક્ષણ માટે ખાસ ટ્રેનિંગ કૉલેજ ખોલવા માટે સખાવત કરી પૂણ્ય ઉપાર્જન કરવા ઉત્સાહથી બહાર પડશે.

ધાર્મિક તથા નૈતિક શિક્ષણ સંબંધી પ્રશ્નાવલિના ઉત્તરો અત્યાર પર્યન્ત સાઠેક સદ્‌ગૃહસ્થો તરફથી અમને મળ્યા છે, જેમાંથી સાર દોહન કરી અમે અમારા વાચકો સમક્ષ આ

**પ્રશ્નાવલિ માટે અભિનંદન.**

અંકથી રજુ કરતા જઇશું. જે સજ્જનોએ અમને પ્રત્યુત્તર લખી મોકલવાની તસ્દી લીધી છે તે સર્વેનો અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ. આ વિષય સંબંધે ચર્ચા ઉપસ્થિત કરવા માટે અનેક સુજ્ઞજનો તરફથી અભિનંદન આપવામાં આવેલ છે, જેમાંથી અત્ર માત્ર બે સુપ્રસિદ્ધ સાક્ષરોનાં વાક્યો ઉતારીએ છીએ.

બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના માન્યવર પ્રમુખ મહાશય રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ લખે છે કે—" એ પ્રશ્નો બહુ મહત્વના છે કેમકે તે પ્રશ્નોમાં સમાયલાં તત્ત્વો ઉપર ભારત ભૂમિના ભવિષ્યનો આધાર છે. ... ... તમે બહુ સારૂં કામ હાથ ધર્યું છે. એ સારા કામમાં હું આપને સંપૂર્ણ વિજય મળે એમ ઇચ્છું છું."

શિક્ષણવિદ્ રાજેશ્રી ગણપતરામ અનુપરામ ત્રવાડી લખે છે કે—જે બુદ્ધિમાન્ નરે ઉપરની દશ પ્રશ્નની માળા કર–માળાની પેઠે ઉપજાવી કાઢી છે. તેમને વા કામટીએ રચી હોય તો તે પ્રશ્નોત્પાદક કમિટીને ' અહો ' કહીને અંતરથી અભિનંદન આપું છું, અને તેના પરિણામમાં સતત્ શુભ ફળની પ્રાપ્તિ થાઓ એમ ઇચ્છું છું. **અસ્તુ.**

# ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

## (૧)—ધાર્મિક શિક્ષણ આપવાની આવશ્યકતા છે!

જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ. ધર્મનું એવું લક્ષણ કર્યાથી ફલિત થાય છે કે શિષ્યોના અભ્યુદય અને નિઃશ્રેયસ ઇચ્છનારે તેમને ધર્મનું શિક્ષણ આપવું જ જોઇએ. નીતિનો સમાવેશ ધર્મમાં થઇ જાય છે.

પ્રજાની કેવળ ઐહિક ઉન્નતિ જેમણે મુખ્ય માની હોય, તેમને પણ નીતિનાં તત્ત્વો તથા તત્વજ્ઞાન હિતકર છે. પરંતુ તેથી આગળ વધીને જેઓ નિઃશ્રેયસની ઇચ્છાવાળા હોય—જે આ જીંદગી પૂરી થયા પછી કોઈ સ્થિતિ છે એ વાત ખરીજ માનતા હોય—તો ધર્મના શિક્ષણ વગર તેને ચાલશેજ નહિ. એકલાં નીતિનાં તત્ત્વો અને સખ્ત ડિસિપ્લીનથી નાસ્તિકતા અટકવાની નથી, અને ધર્મ વગરની નીતિ અને સુટેવો તે કયે વખતે અનીતિમાં અને કુટેવોમાં પરિણામ પામી જશે તેનો કાંઇ નિરધાર નથી. ધર્મ વગર નીતિ સંભવતીજ નથી.

પાશ્ચાત્યો જેમ ધર્મથી નીતિને છૂટી પાડે છે તેમ આપણે પણ કરવું જોઇએ એનું કાંઇ કારણ નથી. જેઓ ધર્મથી વિભિન્ન પાડેલી નીતિનું શિક્ષણ મેળવે છે, તેમના કરતાં જેઓ ધર્મ સહિત અથવા ધર્માભિન્ન નીતિનું શિક્ષણ મેળવતા હતા, તે આપણા પૂર્વજોની નીતિ વિષે મારો તો ઉંચો અભિપ્રાય છે.

ધર્મનું ખાસ શિક્ષણ આપવાને તો કાંઇ વાંધો નથીજ, પરંતુ ખાસ ધર્મનું શિક્ષણ આપવાની પણ તે તે ધર્મના અનુયાયીઓની ફરજ છે.

**છોટાલાલ નરભેરામ ભટ્ટ**, મેનેજર, "કેળવણી."

આ દેશની સઘળી પ્રજામાં વંશ પરંપરાથી ધર્મના સંસ્કારરૂપ પાયો છે. તેને કોરાણે રહેવા દઇ અથવા તેનો નાશ કરી અથવા નાશ થવા દઇને બીજાજ કોઇ નવા પાયા ઉપર શિક્ષણ પદ્ધતિ અને ઉદ્ધાર પદ્ધતિ રચવી તે અસ્વાભાવિક અને હાનિકારક છે. ધર્મ એ આખી દુનિયાની પ્રજાઓમાં જીવનનો વાસ્તવ નિર્વાહક અને પોષક છે. બુદ્ધિ અને સામાન્ય નીતિની કેળવણી ધાર્મિક કેળવણી વિના અનુક્રમે ભ્રમણા ઉપજાવનારી અને નિમાલ્ય હોય છે. ધાર્મિક કેળવણી વિના કોઇપણ જ્ઞાન વિવેક અને તૃપ્તિને પ્રકટાવી શકતું નથી; માટે ધર્મ શિક્ષણ આપવાની ખાસ જરૂર છે. ધર્મ શિક્ષણ વિના સ્વાર્થત્યાગ આત્મબલિ કે જે વ્યવહાર પરમાર્થ સિદ્ધિના મહાયજ્ઞ છે તે કરવા જેટલી સમજણ અને શક્તિ આવતી નથી. દરેક પ્રજાના અને દરેક દેશના ઇતિહાસોમાંથી આને માટે પ્રમાણરૂપ દાખલ આપી શકાય તેમ છે.

**નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.**

એક પવિત્ર અને અનાદિ સત્તાના પવિત્ર વિલાસો સમજવા અને ભોગવવાના મૂળરૂપ જે આત્મોન્નતિ, તે દરેક જીવમાં જીજ્ઞાસારૂપે રહેલ છે એ જિજ્ઞાસા તૃપ્ત થવામાં સમાજના અને રાષ્ટ્ર ઉન્નતિના વિચારો કેવા જોડાયલા છે, તેમ તેને ... કરવા તપ—વ્રત—કર્મની જરૂર છે એ ઉચ્ચ વિશાલતાનું દર્શન કે નિયમન તેજ ધર્મ. તેવા ધર્મને અનાભજ્ઞ માબાપો, સીસોટારૂપ વ્રત આચારો, કે એકાદ બે વખતના વખાણ શ્રવણથી થયેલ સ્મશાન જ્ઞાન આદિ કોઈ બાલકમાં લોહીરૂપ કરવાને શક્તિમાન થતાં નથી, માટે તે ખાતે તો ખાસ શિક્ષણની જરૂર છેજ.

સર્વ શિક્ષણનું શિરોરાજ શિક્ષણ તે ધર્મ શિક્ષણ છે. ધર્મભાવ વગરની વિદ્યા મનુષ્યને નરકગામી કરાવે છે. પાશવ પ્રેમ રસિકતા, અનાસ્થા, અનાચાર અને ઉડવાઇ, આદિનો વારસો

આપે છે, જે બધો વારસો સર્વ પ્રકારે નીંદનીય છે મનુષ્ય હૃદયની અંદર ધર્મના મજબુત પાયા વગર સદાચારના આખ્યાનો, નીતિના નુસ્ખાઓ, વિદ્યાના પ્રયોગો અને બળના દર્શના નકામાં છે. સદાચાર–નીતિ, વિદ્યા કે બળ, ધર્મ સિવાય એકલાં રહી પોતાનું ખરૂં તેજ પ્રકાશી શકતાં નથી. તે બધાંનો આત્મા ધર્મ છે, અને તેથીજ તે વિનાનાં સઘળાં તે જીવ વિનાના શબ જેવાં છે. અત્યાર સુધીમાં હાલની ચાલુ પદ્ધતિમાં એ આપણી શરમજનકએજ, આપણને અધોગતિમાં લાવી મૂક્યા છે. આપણને આપણા વ્યવહાર, વિચાર વિહાર, આહાર, અને આચારથી ભ્રષ્ટ બનાવ્યાં છે; માટે આપણે હવે આપણી તે ઉન્નતિની ખાતર એ શબને સજીવન કરવા આપણા ધર્મ ગ્રંથોમાની અમૃત સંજીવની વિદ્યા લઈ તેને સજીવ કરી પૂજવાં જોઈએ.

એકલી નીતિની પ્રાધાન્ય રીતિએ યુરોપનું હાલનું સુખ સાંસારિક વિષયે ખાસ મનન કરવા યોગ્ય છે ! !

**કહાન ચકુ ગાંધી.**

સ્વાભાવિક ધર્મવૃત્તિને કેળવવા માટે, બાળકોને ધાર્મિક અને શ્રદ્ધાળુ અને નીતિમાન કરવા માટે, પાશ્ચાત્ય વિદ્યાથી પ્રગટતા જડવાદને નિવારવા માટે, દેશમાં ધાર્મિક ચેતન લાવવા માટે, તથા ભારતખંડનો ઉદ્ધાર કરવા માટે, ધર્મ શિક્ષણની જરૂર છે.

ધર્મ એજ નીતિનો મૂળ પાયો છે. ધાર્મિકવૃત્તિ વિનાની નીતિ નિર્માલ્ય છે. ધર્મશ્રદ્ધા વિના નીતિ દૃઢ થતી નથી

સ્વાભાવિક ધાર્મિક વૃત્તિનો વિકાસ કાંઈ આપોઆપ થતો નથી. ધર્મવૃત્તિને ઉત્તેજિત કરવાની જરૂર છે. કુમળી વયનો બાળક પોતાને રૂચતું ધાર્મિક સાહિત્ય વાંચી આ વૃત્તિને વિકાસ પમાડે તેમાં કરતાં યોગ્ય શિક્ષા, નિરીક્ષણ ને નિયંત્રણા નીચે એ કાર્ય વધારે સારૂં થઈ શકે.

**નરહરિલાલ ત્ર્યંબકલાલ, બી. એ.**

ચારિત્ર્ય ઉન્નત બનાવવાને માટે જે ઉત્કૃષ્ટ મનોબળ, વિશુદ્ધ વિચારો ને કોમળ લાગણીઓ તથા સદસતના વિવેકની જરૂર છે તે આપવાને માટેજ ધર્મ શિક્ષણની જરૂર છે.

સામાન્ય નીતિના કારણો કરતાં ધર્મની પારલૌકિક આશાઓ એવી આકર્ષક છે કે જેથી મનની પવિત્રતાને અનુપમ જુસ્સો મળે છે. નીતિ ફક્ત સમાજના બાહ્ય સ્વરૂપને સાચવવા તરીકેજ માણસને દોરે છે. ધર્મની આશાઓનું બલ ખરેખર અવર્ણનીય છે. તે આશાઓથીજ હજારો મનુષ્યો સત્પંથે વળે છે ને પાપાચરણથી અટકે છે.

**ડી. એ. તેલંગ, બી. એ.**

**જીવાભાઈ અમીચંદ પટેલ.**

મનુષ્ય કેવળ પાર્થિવ પ્રાણી નથી, પરંતુ વસ્તુતઃ તે આધ્યાત્મિક પ્રાણી છે. મનુષ્યનો દેહ આત્માના વિકાસને અર્થે મળેલો છે. તે વિકાસ ધર્મશિક્ષણ વિના થઇ શકતો નથી. (૨) પ્રવૃત્તિમાં પડ્યા પછી દ્રવ્યઉપાર્જનને માટે માણસો હજારો કાળાંગોરાં કરે છે. વિદ્યાર્થી તરીકે જેઓનું જીવન શુદ્ધ હોય છે તેઓને પણ પ્રવૃત્તિમાં પડયા પછી અસંખ્ય લાલચો લલચાવે છે અને તેઓના તેઓ ભોગ થઇ પડે છે. જો દરેકને ધર્મનું શિક્ષણ મળતું હોય તો જે સડો વ્યવહારમાં જોઇએ છીએ તે ઘણે અંશે ઓછો થાય. (૩) ધર્મના શિક્ષણથી માણસોને ખરૂં સુખ મળે છે. કયા માણસને સુખ નથી જોઇતું ! (૪) આંગ્લ વિદ્યાના પ્રચારથી અને આંગ્લ લોકોના સહવાસથી આપણા યુવકોની આપણા ધર્મ ઉપરથી આસ્થા કેટલીક જતી રહી છે. તેનું પરિણામ ન નિપજે માટે આધુનિક સમયમાં ધર્મનું શિક્ષણ આપવાની અત્યંત આવશ્યકતા છે.

**મહેશ્વરલાલ નટવરજી ત્રિવેદી**

જૈન બંધુઓ વાંચો અને અમુલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતામ્બર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારપછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુસ્કેલ કામના દ્વિતીય ફળ-રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના—ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત)—એવી રીતે બે ભાગ આ સમયે જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવાલાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તીસંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ-સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હોવાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકમાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભામંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપૂર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલ, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે, વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. છતાં આ બુકની કિંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦–૧૨–૦ અને બીજા ભાગના રૂ. ૧–૪–૦ અને બન્ને ભાગ સાથેના રૂ. ૧–૧૪–૦ રાખવામાં આવેલ છે, ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૬૦૦૦ ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં આ જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વે જૈન બંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

નકશાની છુટી નકલ અઢી અનાની પોસ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

---

# જાહેર ખબર.

ધી જૈન શ્વેતાંબર ફંડમાં જે પ્રોમીસરી નોટો છે તેનું જે વ્યાજ આવે તેમાંથી સદરહુ ફંડ ચલાવવાનું ખર્ચ જતાં બાકી રહે તેની અડધી રકમ નિરાશ્રિત વિધવાઓ, માબાપ વિનાનાં છોકરાં અને નિરાશ્રિત વિદ્યાર્થીઓને આપવી અને બાકીની અડધી રકમ રહે તેના ત્રીજા ભાગની રકમ હાયર એજ્યુકેશન શીખનારાઓને સ્કોલરશીપો આપવામાં વાપરવી અને ત્રીજા ભાગની રકમ મીલ અથવા તેવાજ બીજા હુન્નરો શીખનારાઓને સ્કોલરશીપ આપવામાં વાપરવી અને ત્રીજા ભાગની રકમ મેડીકલ લાઇનમાં અભ્યાસ કરનારાઓને સ્કોલરશીપ આપ-વામાં વાપરવી.

સદરહુ મુજબ વેહેંચણી કરવાની છે માટે જેઓને મદદ જોઇતી હોય તેઓએ મજ-કુર ફંડના નીચે સહી કરનાર સેક્રેટરીને અમદાવાદ અરજીઓ મોકલવી. અરજદારની અરજીઓ-માંથી જે વધારે નિરાશ્રિત હશે તેને પ્રેફરન્સ આપવામાં આવશે.

અમદાવાદ } ( સહી ) હરિલાલ મંન્છારામ

તાં૦ ૧ લી મે સને ૧૯૦૫ } સેક્રેટરી.

તૈયાર છે!　　　　તૈયાર છે!!　　　　તૈયાર છે!!!

**કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.**

## શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્ત્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્ત્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩-૦-૦.

---

## જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસ્તા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ:—

| રા. | લીટી |
|---|---|
| ૧ ... ... ... ... ... | ૩ |

દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે.

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે $\frac{1}{4}$ ગણો ચાર્જ પડશે, છ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે $\frac{3}{4}$ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નકી થઇ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઆર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસિસ્ટંટ સેક્રેટરી
**શ્રી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સ.**
પાયધુની મુંબઇ.

---

## જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને તથા અન્ય ગૃહસ્થોને નીચેના પુસ્તકોમાં કીંમતનો ઘટાડો કરી આપવા નક્કી કરવામાં આવ્યું છે.

| | હેરલ્ડના ગ્રાહકને | બીજાઓને | મુળકીમત |
|---|---|---|---|
| મુંબઇનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૨-૦ |
| ફલોધીનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૦-૦ |
| વડોદરાનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૦-૦ |

ઉપર મુજબ જણાવેલ ત્રણે પુસ્તકો હેરલ્ડના ગ્રાહકને રા. ૧ થી આપવામાં આવશે. વી૦ પી૦ પોસ્ટેજ જુદું.

આસિસ્ટંટ સેક્રેટરી
**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.**

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫. ) અષાડ, વીર સંવત ૨૪૩૫. જુલાઈ સને ૧૯૦૯. (અંક ૭.

प्रकट कर्त्ता.
श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| પ્રાસંગિક નોંધ | ૧૭૧ |
| Jain Architecture (Kora Dahyabhai Balabhai Esq.) | 173 |
| જૈન ગ્રંથાવળી સંબંધી અભિપ્રાયો | ૧૭૭ |
| શ્રી સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, પુના | ૧૭૯ |
| હાનિકારક રીત રીવાજો (રા, રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ એલ. બી. ) | ૧૮૧ |
| જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગ્દર્શન. (મી૦ અમરચંદ પી. પરમાર.) | ૧૮૭ |
| પાંજરાપોળ ઇન્સ્પેકટરનો રીપોર્ટ | ૧૯૧ |
| પુના કોન્ફરન્સ અને અપ્રયોજક 'જૈન.' | ૧૯૩ |
| બુદ્ધિપ્રભા માસિક માટે અભીપ્રાય | ૧૯૬ |
| કોન્ફરન્સની મુંબઇ [illegible] નું કામકાજ | ૧૯૭ |
| ધર્મ નીતિની કેળવણી | ૨૫ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

मुंबई.

श्री 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकस्ट्रिट मुंबई.

# जैन प्रकाशक.

मासिक पत्र मूल्य वार्षिक १)

इस समय पृथ्वीपर ६६ करोड बौद्ध, ३२ करोड ईसाई, २० करोड हिंदु और १५ करोड मुसलमान हैं; परन्तु जैनी कुल १४ ही लाख रह गये हैं. इससे अधिक अवनति जैन जातिकी क्या हो सकती है? और १४ लाख के भीरु टुकडे दिगम्बरी, श्वेताम्बरी और स्थानकवासी जीनोंमें किसी प्रकारका मेल नहीं, किसी भांतिका वाली नहीं, बलिक आपसमें द्वेष और नित्यकी लडाइ, ऐसी दशामें पृथ्वीकी अन्य जातियोंके मुकाबलेमें जैन जाति कोई जाति ही नहीं कही जा सकती है. बल्कि पृथ्वीके लोग यह ही कहते हैं कि फूटकर कुछ मनुष्य पृथ्वी पर जैनी भी है. अन्य सब जातियें बहुत कुछ उन्नति कर रही है, परन्तु जैन जाति घोर निद्रामें सो रही है. यद्यपि उन्नतिके अर्थ तीनों सम्प्रदायवालोंने अपनी २ सम्प्रदायमें जाग्रति करनेके लिये कुछ समाचार पत्र भी जारी किये हैं, और निःसंदेह समाचार पत्रोंके द्वारा ही उन्नति हो सक्ती है. परन्तु ऐसे समाचार पत्रों के द्वारा क्या उन्नति हो सक्ती है? जो एकही सम्प्रदाय गीत गाते हों, यह ही कारण है कि जैन जैन जाति में अभी तक कोई उन्नति नहीं हुई है. धन्य हैं "जैन यंग मेन्स एसोशिएशन आफ इन्डिया" को और "भारतवर्षीय जैन शिक्षा प्रचारक कमिटि" जयपुर को जिन्होंने तीनों सम्प्रदायमें ऐक्यता करके जैन जाति बनाने और इसको उन्नतिके शिखरपर चढानेका बीडा उठाया है. और इस ही कार्यकी सिद्धिके अर्थ "जैन प्रकाशक" मासिक पत्र जारी किया है. जैन जातिकी उन्नति चाहनेवालों, श्री जिनेन्द्र के सच्चे भक्तों, और जैन नामके प्रेमियोंको चाहे वह दिगम्बरी, श्वेताम्बरी वा स्थानकवासी हों चाहे तेरह पंथी हों या बीस, पंथी सबको इस पत्रका ग्राहक होना चाहिये, और सर्व प्रकारसे इसकी सहायता कर जैन धर्मकी प्रभावना को बढाना चाहिये.

सूरज भानु वकील,

देवबन्द जिल्ला सहारनपुर,

"सम्पादक."

---

## જોઇએ છે.

જૈન કોન્ફરન્સના ઠરાવો ઉપર અસકારક ભાષણો આપી શકે તેવા જૈન ઉપદેશક જોઇએ છીએ. પગાર લાયકાત મુજબ. જાતે મળો શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ. પાયધુની-મુંબઇ.

---

## જાહેર ખબર.

ચાલુ સાલનું લવાજમ વસુલ કરવા માટે જુલાઇ માસથી અંક વી૦ પી૦ થી મોકલવા શરૂ કરેલું છે તો તે સ્વીકારી લેવા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે.

આસિસ્ટંટ સેક્રેટરી

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂપ કરે છે તે પુરૂપને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુકિત તેને વારંવાર જુએ છે.

---

પુસ્તક ૫. ) અષાઢ, વીર સંવત્ ૨૪૩૫. જુલાઈ, સને ૧૯૦૯. ( અંક ૭.

---

## પ્રાસંગિક નોંધ.

**સુકૃત ભંડારની ઉત્તમ યોજના**

જૈન કોમની ઉન્નતિ કરવા માટે ઉભી થયેલી કોન્ફરન્સ નામની મહાસંસ્થાએ–જુદા જુદા ગામોના શ્રી સંઘોના પ્રતિનિધિમંડળે કરેલા ઠરાવો અમલમાં મુકવા માટે જુદે જુદે ઠેકાણે ખોલવામાં આવેલી કોન્ફરન્સ ઓફીસોના નિભાવ માટે તથા તેમના અંગે રહેલાં ખાતાંઓ ટકાવી રાખવા માટે સ્થાયી આવકની જરૂરછે. છ વર્ષ સુધી આ સંસ્થાઓ માત્ર શ્રીમાન વર્ગની ઉદાર સખાવતો ઉપર ટકી રહી, પરંતુ હવે આવી સખાવતોની ગેરહાજરીમાં કાયમની આવક વગર આ સંસ્થાઓ ચાલુ રહી શકે તેમ નથી.

જૈન કોમની ચડતી કરનારી આ મહા સંસ્થાને સર્વે જૈન બંધુઓએ શ્રીમાન તેમજ ગરીબ સાધર્મી બંધુઓએ પોતાની શકિત પ્રમાણે પ્રતિવર્ષ ધનથી મદદ કરવી એ તેમની ફરજ છે.

આ સંસ્થાએ છેલ્લા સાત વર્ષોમાં જૈન કોમને ઉન્નતિની નીસરણીએ ચડાવીછે એમ માનવામાં લગારે શંકા જેવું નથી. આ સંસ્થાને જેમ સર્વે જૈનબંધુઓએ

જેટલા ઉત્સાહથી સ્થાપીછે, તેટલાજ ઉત્સાહથી ટકાવી રાખવા દરેક બંધુ ઉદ્યમ કરશેજ એમ અમારી સંપૂર્ણ ખાત્રી છે.

આ ઉત્તમ સંસ્થાના રિપોર્ટ ઉપરથી તેમજ બીજાં વર્તમાનપત્રો અને માસિકોથી સર્વ જૈન બંધુઓ જાણતા હશે કે આ સંસ્થા પોતાની સ્થાપના પછી પોતાના હેતુઓ પાર પાડવા પાછળ પડી નથી.

છ વર્ષ થયાં ઘણી પાઠશાળાઓએ અને ઘણા વિદ્યાર્થીઓએ આ સંસ્થા-મંદિરના શીતળ આશ્રય તળે જે લાભ લીધો છે, તે હવે અફસોસ! કેળવણી ફંડને અભાવે કોઇને મળવો દુર્લભ થઈ પડયોછે. કેળવણી ફંડ સાથે નિરાશ્રિત આદિ બીજાં ખાતાંઓ પણ આવક વગર દુર્બળ થતાં જાયછે. કોન્ફરન્સ નિભાવ ફંડ પણ ઘણું ઘસાઇ ગયું છે; ત્યારે આ સંસ્થા માટે કાયમની આવક કેવી રીતે પ્રાપ્ત કરવી તેનો ખૂબ વિચાર કરીને પુનામાં મળેલી આપણી વિજયી શ્રી સાતમી કોન્ફરન્સે **સુકૃત ભંડારનો સ્તુત્ય ઠરાવ** કરી તેને લગતી એક ઉત્તમ યોજના ઘડી કાઢી છે. તે યોજના એવી સહેલી અને સુગમ છે કે જો દરેક જૈનબંધુ તે અમલમાં મુકે તો ક્ષણ માત્રમાં શકય થાય તેમ છે. તે યોજના શકય તો છેજ કારણ કે જો અશકય હોય તો અત્યાર સુધીમાં આ યોજનાથી અઢી હજાર કરતાં વધારે રૂપીઆ કદી ભેગા થયા નહોત. આ યોજના એ છે કે દરેક પરણેલ જૈન સ્ત્રી પુરૂષે પ્રતિ વર્ષે આ સંસ્થાને ઓછામાં ઓછા ચાર આના આપવા.

આ માસમાં અમારા તરફથી આપણી વસ્તીવાળા દરેક ગામના આગેવાનોને આ સુકૃત ભંડારફંડ ઉઘરાવવા માટે એક વિનંતિ પત્ર લખવામાં આવ્યો છે. આશા છે કે આ વિનંતિ પત્રમાં જણાવ્યા પ્રમાણે દરેક ઉત્સાહી જૈનબંધુ પોત-પોતાના ગામમાં સુકૃત ભંડાર ઉઘરાવવા ઉદ્યમ કરશેજ.

મુંબઇના શ્રી સંઘે આ કામમાં સૌથી પહેલો આરંભ કર્યો તે માટે તેને અમે અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ; અને મુંબઇનો દાખલો લઇ બીજા ગામોના આગેવાનો સુકૃતભંડાર ઉઘરાવશે એમ અમને સંપૂર્ણ આશા છે.

ચાર આના જેવી જૂજ રકમ આપણે દરવર્ષે આપવી એટલે એક મહીને માત્ર ચારપાઈ કોન્ફરન્સમાં આપીને કોન્ફરન્સના સર્વે સત્કાર્યોમાં ભાગીદાર થવું એ અખૂટ પુણ્ય બાંધવાનો કેવો સરળ અને સુગમ રસ્તો છે તે દરેક વિચારશીળ જૈન જોઈ શકશે. સુજ્ઞેષુ કિંબહુના.

માત્ર આ કામમાં જુદા જુદા ગામના સંઘના શેઠ તથા જુદી જુદી ન્યાતના શેઠ તથા આગેવાન ગૃહસ્થો, તેમજ ઉત્સાહી ઉપદેશકો તથા સ્વયં સેવકોએ અમોને

મદદ કરવાની છે. આગેવાન ગૃહસ્થો આ કામમાં જરૂર મદદ કરશેજ એમ અમારી દૃઢ માન્યતા છે.

શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના પ્રથમ બે ભાગ ઉપરથી જણાય છે કે જો ગુજરાત દેશનો દાખલો લઈએ તો ૨૪૫૯૧ પુરૂષો તથા ૨૫૦૯૪ સ્ત્રીઓ પરણેલ છે. તેમાં ૪૯૦૮ વિધુર ભેળવતાં ૫૪૫૯૩ની સંખ્યા થાય છે. જો આમાંથી દરેક વ્યકિત આ વર્ષથી દર વર્ષે ઓછામાં ઓછા ચાર આના આપે તો માત્ર ગુજરાત દેશમાંથીજ આશરે રૂ. ૧૩૦૦૦) જેવી નાદર રકમ મળે એમાં બીલકુલ સંદેહ નથી; અને તેવી રીતે કાઠીઆવાડ, કચ્છ, મારવાડ, માળવા, દક્ષિણ, પંજાબ બેંગાલ આદિ દેશોમાંથી દરવર્ષે આશરે માત્ર **ઓછામાં ઓછા** રૂ. ૧૨૦૦૦ ગણીએ તો દરવર્ષે કોન્ફરન્સ પાસે કુલ રૂ. ૨૫૦૦૦) આવે. આવી વાર્ષિક આવકમાંથી કોન્ફરન્સ કેળવણી માટે જે કરવા ધારશે તે કરી શકશે, એ ચોક્કસ છે.

પરંતુ અમારી કોમમાં ચાર આનાથી વધારે આપનારા પણ ઘણા ગૃહસ્થો છે. ચાર આના જેવી નજીવી રકમ તો જેને પાનસોપારીમાં ઉડી જાય, તેવા ગૃહસ્થો તો કોન્ફરન્સ તરફ પોતાનો હાથ વધારે લંબાવશે એમ માનવાને અમારી પાસે સબળ કારણો છે.

આમીન.

# JAIN ARCHITECTURE.

(KORA DAHYABHAI BALABHAI L. C. E.)

Preliminary.

Although the subject of Jain Architecture does not, at first sight, suggest much interesting material to our graduates for careful study but a little consideration will show them that there are few other things that deserve more attention with us, Jains, than this. I request my graduate-friends to wipe off the common but erroneous belief that the subject belongs properly and only to graduates and students in Engineering. In proof of this statement I will say, Architecture is one of the optional subjects prescribed for the final examination for the degree in arts in most of the European Universities. Architecture is nothing but a kind of history. It is a standing and living record. It

supplies us a more vivid and lasting picture of a nation than History does.

We the greatest temple-builders in Western India.

We, Jains, by our habits and occupation must at all times have held much of the wealth of the country in our hands and from the special merit we believe to be attached to the building of a temple and the dedication of images of our Tirthankaras, we are much more given to temple building than the Hindus. With us the aim is to erect a temple large or small, at one or other of the great Tirthas or Holy places and if unable to do so, to dedicate an image or repair an old temple.

Jain Architecture.

General style of Architecture presented in our magnificent temples at Shatrunjaya and Girnar in Kathiawar, at Parasnath or Samet Shikhar in Bengal, at Songad in central India, at Muktagiri in Central Provinces, at Mt. Abu in Rajputana and a considerable number in every city and village of any importance is familiarly known as the Jain Style of Architecture. It is singularly chaste and elegant and essentially Hindu. It was, as many Scholars of Architecture are led to believe, of the Brahmins first, but in its evolution it was bound to be modified in details by the Jain tastes and requirements. Hindus in turn accepted and copied our stylistic advances.

Our Knowledge of Architecture.

Being the greatest temple builders in Western India, we had in our keeping at least excellent works on civil and religious Architecture such as the *Prasada Mandala*, *Raja Vallabha* &c. which we have preserved even this day in our temple libraries where they are jealously locked up in huge chests. Salats, a class of Architects and builders have worked, as they still do, both for Hindus and Jains.

Even this day we are no less given to temple building than before. Even the need of the upkeep and necessary repairs to our grand and magnificent temples is keenly and urgently felt. Through want of sufficient Architectural knowledge we see some glaring inconsistencies or bad taste displayed somewhere on recent repairs which cost us great labour and expense, while attempting to restore our structures of early times. Often in the same attempts we substitute a style though not altogether wanting in picturesqueness but wholly deficient in decision and refinement characteristic of the older work.

Need of Architectural knowledge.

Modern Salats—our only architects and builders—we their knowledge indirectly to our great works on Architecture of which they possess some Gujarati abstracts for their guidance. They have also the teaching of certain Jain professors and the traditions handed down from father to son. Our present style of Architecture has become debased and compares unfavourably with the purer style of earlier and better days.

Our present knewledge.

## Causes of degradation.

(1) Moslem oppression induced a loss of taste by prohibiting the building of fine temples.

Degradation of Art.

(2) Salats as a rule are somewhat jealous of the secrets of their guild.

(3) Salats are ignorant of Sanskrit and possess only rough untrustworthy abstracts of original works.

(4) Our Yati professors of the art read original works but they are content with instructing a few pupils in technicalities and canons of science. They are not builders themselves and they consequently take no more interest iu the matter.

(5) Old mechanical and artificial rules which prevented ignorant builders from violating all ideals of proportions in plan and profile are now really at variance with the progress of a living aud growing art. Man of genius and taste does not trammel himself much with these conventional details.

(6) Our Architectural shastras are difficult to grasp, being couched in condensed metrical verses.

A step forward.

After reviewing our present Architectural situation and causes that led to it, in the active days of civilization and progress, one naturally thinks where to put a step forward. One may think to start technical schools managed under strict supervision of best Yati professors who would explain the rules and principles laid down in ancient treatises, would insist on them being carried out in practice, exemplify their use from ancient buildings and exclude all western ideas. In reviving the antiquated style, if at all practical, what is the ultimate gain ?

To revive the dead past is not in the true line of progress any more than servilely to copy what is most recent.

In my humble opinion 'a step forward' in the right direction would be:—

(1) To let the Conference Office undertake to make the public feel that the old Shilpa Shastras are well worth study and to understand correctly and intelligently the old methods and the structural remains of ancient works. An intelligent study of these works will be of immense service to a Jain builder who is able to assimilate improved methods and principles of design.

(2) To collect all works on Architecture whether originals, copies, translations or abstracts—either Sanskrit or Vernacular.

(3) To prepare, publish and circulate cheap series on the subject giving scientific and mathematical explanation and methods of arriving at old mechanical and artificial rules used by Salat in early days of temple building, made more valuable by giving photographic plan, sections, detail views &c, judiciously selected, complete, trustworthy and carefully laid down on the spot from accurate measurements.

(4) To act as something to be an examining body,

(*a*) That would hold Test Examinations in Vernacular or English if possible—open for all students in

Architecture and science of temple building ( To include all Salats and professional builders).

(*b*) That would give prizes and certificate of proficiency to deserving students.

(5) To arrange so that building and repairing of Jain Public Buildings—specially temples—be done only under the direct control and supervision of men (may be Salats) who have qualified themselves by undergoing the above said Test Examination.

(6) To appoint some Hon. Consulting Engineers,

(*a*) who have a thorough theoretical as well as practical professional knowledge.

(*b*) who are students of ancient architecture,

(*c*) who are upto date with the rapidly marching conditions—of Europe and America in improved methods of construction and principles of design.

(*d*) whose advice and opinion as regards design and construction would be of immense service.

(*e*) who can be requested to pay occasional visits to work in progress.

To conclude.

Then I think we would be creating a new class of efficient Architects and Builders or at least raising the state of present Salats and thereby doing an immense service not only to ourselves but also to the country.

---

## જૈન ગ્રંથાવળિ સંબંધી અભિપ્રાયો.

*Bonn* 21-5-09.
59 Niebuhrstrasse.

*To,*

**THE SHRI JAIN SWETAMBER CONFERENCE**
**BOMBAY.**

GENTLEMEN,

I beg to offer you my best thanks for presenting me

with a copy of the Jain Granthavali. It is a very useful book for the compilation of which you have merited the thanks of all students of Jain Literature. The plan of the work is good, it gives all information which can be expected from a short catalogue. If more information for which the student might desire, were added, it would swell the bulk of the book to an unduly great size. The aim of the editor of the next edition should be to make the column क्यां छे ? as complete as possible by statistics from such Bhandars as have not been noticed in the 1st edition. If in using the Granthavali I come across mistakes or omissions I shall not fail to give you notice. Of course, the entries in the remaining columns, especially in that headed नाम, should be controlled where necessary and augmented when possible + + +

Yours faithfully,
(Sd) Professor H. JACOBI.

(२)

Dobelu, Saxony, German Empire.
May 16th 1909.

DEAR SIR,

I beg to thank you for kindly sending me a copy of श्री जैन ग्रंथावली which is a very valuable publication. I cordially congratulate you on bringing out this book which shows the wealth incorporated in श्वेताम्बर literature. You are quite right in supposing me to be very fond of Jain literature, and I gladly shall send you any suggestions which I should have to make in using this catalogue. + + +

Thanking you again most cordially for your kindness.

I am, dear sir,
Your most obediently,
(Sd) JOHANNES HERTELY
PH. D.

# શ્રી સાતમી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, પૂના.

## (થયેલા ભાષણનો સાર.)

**સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ**—આ ભાષણ જોઇએ તે કરતાં લાંબુ છે. આ ભાષણ માત્ર આવકારદાયકજ હોવું જોઇએ તથા તેમાં સહેજ આવકાર દેનાર શહેરનું વર્ણન તથા પ્રાચીન અર્વાચીન જાણવા લાયક ઐતિહાસિક હકીકતો આવવી જોઈએ. વિષયો ચર્ચવાથી ભાષણ લાંબું તથા શ્રોતાજનોને કંટાળો ઉપજાવનારૂં થાય છે, તેથી હવેથી આવું ભાષણ માત્ર આવકાર દેનારૂંજ થવું જોઇએ. પ્રમુખે પોતાનું ભાષણ પોતેજ વાંચવું જોઇએ કે, જેથી શ્રોતાઓ ઉપર અસર સારી થાય. આ ભાષણ પ્રમુખ સાહેબની આજ્ઞાથી મી૦ પરમારે વાંચી સંભળાવ્યું હતું.

શરૂઆતમાં પ્રમુખ સાહેબે પોતાને મળેલા પદ માટે ભાગ્યશાળી થયેલ જાહેર કરી પૂનામાં પધારેલા સર્વે ડેલીગેટ તથા વીઝીટર સાહેબને માન સહિત આવકાર આપી તેઓનો ઉપકાર માન્યો હતો. પ્લેગ આદિ કારણોને લીધે કોન્ફરન્સ ભરવામાં મોડું થયું તેને માટે ક્ષમા માગી સ્વકોમની સુધારણા એજ સર્વે બંધુઓનું એકજ નિશાન છે તે તરફજ દ્રષ્ટિ રાખી, કાર્ય ક્ષેત્રમાં ઉતરવા ખાસ આગ્રહ કરવામાં આવ્યો હતો. કોન્ફરન્સનો ફલોધીમાં થયેલો જન્મ અને તેના બાળપણાના જીવનનું વર્ણન કરી આવી કોન્ફરન્સથી થતા લાભો સમજાવી, પૂના શહેરનું પ્રાચીન અને આધુનિક બ્યાન આપી દક્ષિણ સાથે જૈન ધર્મનો સંબંધ ઘણા પ્રાચીન સમયથી ચાલ્યો આવ્યો છે તે સરસ રીતે સમજાવી, પૂનાના સાંપ્રતકાળના જૈનબંધુઓની સ્થિતિનો ઇતિહાસ દર્શાવવામાં આવ્યો હતો. **કોન્ફરન્સરૂપી બાળક હવે પોતાના પગ ઉપર ટટ્ટાર થવા લાગ્યું છે. કોન્ફરન્સના નિંદકોના દલીલોમાં કંઈ વજુદ નથી. ચળવળ (એજીટેશન) ની જરૂરીઆત, વિદ્વાનો તથા શ્રીમાનોનું સંમેલન, સધન અને નિર્ધનનું સાથે મળવું, નવી રોશનીવાળા વિચારો વિગેરે કોન્ફરન્સની આવશ્યકતા દેખાડે છે.**

૭ વર્ષની અંદર જે જે કામો કોન્ફરન્સે કર્યા છે તેમાંથી કેટલાંએક તો જાહેરમાં આવી ચૂકયાં છે. આજ સુધીના બધા ઠરાવો સૂચનારૂપ અને કાર્યની આવશ્યકતા બતાવનાર હતા. પરંતુ હવે કોન્ફરન્સ કાંઈક ઉંચી પગથી ઉપર પહોંચીછે. તેટલા માટે તે ઠરાવોને મજબુતીથી વ્યવહારૂપ આપવાનો વખત આવી પહોંચ્યો છે, હવે ઠરાવોમાં આવશ્યકતાની જગ્યાએ પ્રચાર શબ્દ વપરાવો જોઇએ. **જીર્ણોદ્ધાર માટેનાં લાયક મંદિરોનાં લીસ્ટ, થોડું થોડું કામ કરવાની શરૂઆત, કેટલાએક મંદિરોના જીર્ણોદ્ધાર માટે અપાયલી મદદ, પુસ્તકોનાં જુદાં જુદાં લીસ્ટો, ડાયરેકટરી, ધાર્મિક, અને વ્યવહારિક કેળવણીના ફેલાવા માટે અપાતી સ્કોલરશીપો, મદદ આપી પાઠશાળાઓ ઉઘાડવાનું કામ (જેના લીધે ઘણા ગામોમાં પાઠશાળાઓ ઉઘડી છે.) બોર્ડીંગ વગેરેની સ્થાપના, રોવા કુટવાનો,**

**કન્યાવિક્રયનો, વૃદ્ધવિવાહનો, બાળલગ્નનો અને મિથ્યાત્વી પર્વોના હાનિકારક રીવાજ બંધ કરવા ઠામોઠામ થતો યત્ન અને ખાસ કરીને કાઠીયાવાડમાં બહુ ઠેકાણે કન્યાવિક્રય થાય છે તેનું બંધ પડવું, જૈનવિધિ અનુસાર થતાં લગ્નો, અનાથોને મળતો આશ્રય, ભ્રાતૃભાવ વધારવાનો થતો યત્ન, પ્રાચીન તવારીખ તરફ વધેલી ઉલટ, જીવદયા, ધાર્મિક ખાતાંઓના હિસાબની થતી તપાસણી, યુનીવરસીટીમાં જૈન સાહિત્ય તથા ભાષાનું દાખલ થવું, જૈન તહેવારોની મળેલી રજા, ધારાસભામાં જૈન પ્રતિનિધિ દાખલ કરવા થયેલો યત્ન, જૈન છબીઓ પ્રસિદ્ધ ન થવા માટે રચાયલો પ્રબંધ વિગેરે નાના મોટા સુધારાઓ જે ચર્ચાઇ રહ્યાછે તે સઘળી સુધારાની હયાતી આપણી આ કોન્ફરન્સનેજ આભારી છે. પ્રવીણ પોલીટીશીઅન ગ્રેડલોનું એ સૂત્ર હતું કે સઘળા સુધારાઓ એક સાથે થઈ શકતા નથી. સુધારાવાળાઓને લોકોનો તિરસ્કાર, બળ કે માર પણ સહન કરવો પડે છે, તોપણ સુધારકો જો તેમની પવિત્ર ફરજમાં મચ્યા રહે છે અને દ્રઢતાથી આગળ વધે છે તો તેથી સુધારાનો અમલ અને ફેલાવો જરૂર થવાનો; અને તેનો તિરસ્કાર કરવાવાળાઓજ તેને અભિવંદન આપેછે. સત્ય વાત છે કે રોમ શહેર કાંઈ એકજ દિવસમાં બંધાયું નથી.**

પછી કોન્ફરન્સનાં બંધારણ સંબંધી સૂચના કરવામાં આવી કે બધા ઠરાવોનો સરખી રીતે પ્રચાર કરવા સારૂ જ્યાંસુધી પગારદાર ઈન્સ્પેક્ટરો અને ઉપદેશકો જીલ્લાવાર મુકરર કરી તેઓના નિર્માણ કરેલ કામના રિપોર્ટ નહીં આવવા લાગે, સેક્રેટરીઓના હાથ નીચે પગારદાર કલાર્કો નહીં રાખવામાં આવે ત્યાંસુધી સચોટ નિશાન લાગશે નહીં.

હવે એવો સમય આવ્યો છે કે **ખાલી ધામધુમને છોડીને જેમ બને તેમ થોડા ખર્ચથી કોન્ફરન્સ ભરવી જોઇએ.** આમ થવાથી દરેક સ્થળના લોકો કોન્ફરન્સને આમંત્રણ કરી શકશે, અને ધનનો બચાવ થઇ શકશે.

કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવાનો એક ઉત્તમ રસ્તો છે અને આમાં આત્મભોગની પુરી જરૂર છે. દર વર્ષે માત્ર પંદર દિવસ સુધી મોટા મોટા શહેરોમાં આગેવાનોમાંથી ૧૫-૨૦ ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન મુકરર કરેલ વખતે જવાનો જો પ્રથા ચાલુ કરે તો તેની શેહ અને મરતબો ભારે અસર કરી શકે છે અને સાધુ મુનિરાજો જો વિહારમાં ઉપદેશ આપતા રહે તો ઘણા વર્ષોમાં જે કામ પાર પડે નહીં તે થોડા સમયમાંજ સિદ્ધ થઇ જાય.

ત્યારબાદ આપસ આપસના ઝગડાઓ દૂર કરી કુસંપને દેશવટો દઇ, કેળવણીથી થતા ફાયદા સમજાવી, કેળવણી બહોળે હાથે પ્રચાર કરવાનો આગ્રહ કરી ઔદ્યોગિક કેળવણીનો ફેલાવો કરવા ઉદ્યોગશાળાઓ સ્થાપવા ઉપર ખાસ ભાર દઇ, અલીગઢ કોલેજ જેવી આપણી જૈન સેંટ્રલ કોલેજ સ્થાપવા ભલામણ કરી, આપણાં પવિત્ર તીર્થોનો ઉદ્ધાર તથા રક્ષણ કરવા આગ્રહ કરી, જૈન બેંક તથા પૂનામાં જૈન બોર્ડિંગ ઉઘાડવા ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યુ હતું.

છેવટે મહારાષ્ટ્રની હાજતોમાં દક્ષિણમાં કેળવણી ઘણી પછાત છે પણ દુષ્ટ રીવાજો પ્રચલિત છે તે સર્વે દૂર કરવા પ્રયાસ કરવાની જરૂરીઆત જણાવી, પૂના મહિલા પરિષદ

ક્સ્તેહમંદ ઉતરે એવો વિશ્વાસ પ્રદર્શિત કરી, કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા પુનઃ પ્રાર્થના કરી, પ્રતિનિધિ તથા પ્રેક્ષક વર્ગ તથા સુશીલ બહેનોને ફરીથી આવકાર આપી, આપણા રાજ્યકર્તા શહેનશાહ એડવર્ડને ધન્યવાદ આપી આ ભાષણ સમાપ્ત કરવામાં આવ્યું હતું.

## પ્રમુખ શેઠ નથમલજી ગુલેચ્છાનું ભાષણ.

આજના મેળાવડામાં મારા કરતાં વધારે લાયક હોશીયાર પુરૂષોને હાજર દેખું છું તેને આ માન નહીં આપતાં મને આપવામાં આવ્યું છે તે માટે મને અફસોસ થાય છે. પરંતુ શ્રી સંઘની આજ્ઞા બજાવવા હું તત્પર થાઉં છું અને પધારેલા સર્વે સાહેબોને પોતાનું કામ છોડી અત્રે પધારવા જે તસ્દી લીધી છે તે માટે હું ધન્યવાદ આપું છું. ત્યારપછી 'પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા' એ સૂત્ર કહી, જ્ઞાનના ફેલાવા સંબંધી સરસ રીતે વિવેચન કર્યું હતું. આગળના આપણા વિદ્વાનોની સાથે હાલની આપણી પછાત પડેલી સ્થિતિ સરખાવી હતી. પછી પારસી કોમ જેવી હમણાજ આગળ વધેલી કોમ સાથે આપણી કોમને સરખાવી, આપણી પછાત દશા ચોખ્ખી રીતે દર્શાવી આપી હતી. સાંસારિક કેળવણી અને તાલીમ ઘણા પ્રકારની છે. ૧— લખવું વાંચવું જાણવું તે, ૨— ચડતા દરજ્જાની પરીક્ષામાં પાસ થવું, જેમકે સિવિલ સરવીસ, ડોકટરની અથવા ઇન્જિનેરી વીગેરે વીગેરે. ૩- નાના નાના ધંધા રોજગારને લીધે અથવા પોષણને માટે સાધારણ સર્વોપયોગી હુન્નરો જેના કે, ફોટોગ્રાફી, ટાઇપરાઇટીંગ, ઘડીયાળ બનાવવાનો, સર્વે અને ડ્રોઇંગ ઇત્યાદિ શીખવું. ખાસ કરીને આવા નાના નાના હુન્નરો શીખવામાં વખત થોડો જાય છે, અને સામાન્ય ગૃહસ્થનો નેક નિયતથી નિર્વાહ થઇ શકે છે, તથા શ્રીમાન્ લોકોનો શોખ પુરો થાય છે. જો આપણી કોમમાં આવી જાતના કારીગરો હોય તો જે લોકો આવા રોજગારો ઉંચા પ્રકારથી કરે છે તે લોકો અન્ય કોમના લોકોને નોકર ન રાખતાં પોતાની કોમના લોકોને સાહાતા આપવાની તક જરૂર આપશે. એ રસ્તે આપણી કોમમાં જે ગરીબી પ્રતિદિન વધતી જાયછે તે કમ થઈ નાબુદ થશે. આ રીતને અમલમાં લાવવાના બે રસ્તા છે. પહેલો એ કે ટેકનીકલ અથવા ઔદ્યોગિક સ્કુલો સ્થાપવી અને જે સ્થળોમાં આવી સ્કુલો ઉઘાડવામાં આવે તે સ્થળોનાં બચ્ચાંઓને તેમાં દાખલ કરવાં. બીજો રસ્તો એ છે કે જે લોકો આવી જાતના ખાતાંઓ ચલાવે છે તેઓએ પોતાનાં કારખાનામાં કારખાનાની ગુંજાસના પ્રમાણમાં છોકરા છોકરીઓને દાખલ કરીને કામ શીખવવું. આવા પ્રકારનો માર્ગ કાયમ થવાથી મને પક્કો ભરોસો છે કે બહુ થોડા વખતમાં જ્યારે લોકો આ તરફ નજર દોડાવતા થશે અને તેના ફાયદા હાંસલ કરવા લાગશે ત્યારે આજની બેરોજગારીનો અંત આવશે.

ત્યારપછી પ્રમુખ સાહેબે ધાર્મિક અભ્યાસની આવશ્યક્તા દર્શાવી જૈન સીરીઝ તૈયાર કરવા આદિ કેળવણીને લગતાં કાર્યો કરવા માટે કમીટી નીમવા ભલામણ કરી, સ્ત્રીશિક્ષણની જરૂરીઆત ઉપર અસરકારક રીતે વિવેચન કર્યું હતું. આપણી કોમમાં ગ્વાલીયર રાજ્યની મહારાણી ગર્લ્સસ્કુલ જેવી સ્કુલોની આવશ્યક્તા ઉપર બોલી પછી જીવદયા સંબંધી થોડાક વિચારો બતાવી, અનાથાશ્રમની ઉપયોગિતા ઉપર સારી રીતે બોલ્યા હતા. તદનંતર મંદિરોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા શિલાલેખો ઉપર સહેજ બોલી જૈન સેંટ્રલ લાયબ્રેરી ખોલવાની અગત્યતા દેખાડવામાં આવી હતી. તે પછી કુરીતિઓ દૂર કરવા ખાસ આગ્રહ કરી, યુનીવર્સીટીમાં માગધી ભાષાને બીજીભાષા તરીકે દાખલ કરાવવા પ્રયાસ કરવાની ખાસ ભલામણ કરી અને કોર્ટમાં જૈન લો માન્ય કરાવવા ઘણોજ ઉદ્યમ કરવાનો આગ્રહ કરી, સંપ, જૈન બેંક, કોન્ફરન્સ જરૂરીઆત દર્શાવી છેવટે મુંબઇના ગવર્નરને ધન્યવાદ આપી આ ભાષણ સમાપ્ત કરવામાં આવ્યું હતું.

# હાનિકારક રીતરીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી. )

( અનુસંધાન પૃષ્ટ ૧૨૭ થી. )

અણબનાવથી પુરૂષ બીજી સ્ત્રી કરવાનું સાહસ માથે ઉઠાવે છે તેની અનિષ્ટ આધુનિક સ્થિતિનો કાંઇક ખ્યાલ આપવો આવશ્યક છે. સ્ત્રીઓની આધુનિક સ્થિતિનો વિચાર નહિ કરતાં, વિચાર કર્યા છતાં પણ તેઓની તે સ્થિતિ સુધારવા માટેના પ્રયાસમાં પોતાની તરફથી કિંચિત્ પણ હિસ્સો આપ્યા સિવાય, સ્ત્રીઓની કેળવણી માટે, અન્ય ગુણો માટે, પતિ પ્રત્યેના ધર્મો માટે તથા અન્ય ફરજો માટે મોટી મોટી આશાઓ બાંધવી અને તેમાં સ્વાભાવિક રીતે નિરાશ થવાનો વખત આવે એટલે વાવ્યાં સિવાય ફળ ચાખવાની વૃત્તિને તાબે થઇ સ્ત્રીઓ તરફ અભાવ ઉત્પન્ન થતાં અણબનાવને જન્મ મળે તે કેટલું શોચનીય! ગૃહ સંસારની ઐક્યતા માટે સદ્‌વૃત્તિ, સહિષ્ણુતા, ઉદારતા, ગુણશોધકવૃત્તિ વગેરે ગુણો જાળવી રાખવાની, ખીલવવાની ખાસ જરૂર છે. અને તેવી ખામીને લીધેજ દંપતી વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય છે.

અજ્ઞાન સ્ત્રી પુરૂષો પણ લાંબા વખતના પરિચયથી ઘણે સ્થળે એકમેક થયેલા, ઓતપ્રોત થયેલા જોવામાં આવે છે તો પછી કેળવણીથી સંસ્કાર પામેલ હૃદય પોતાનું નિશાન ચૂકે તે અત્યંત શોકજનક ગણાવું જોઇએ.

એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી આવતાં અનેક ગૃહ સંસારો દુઃખમય થઇ પડયાં છે. પ્રથમની સ્ત્રીને પોતાના ઉપર સપત્ની (શોકય) આવતાં, જીવતાં ધણીએ વૈધવ્યતાના દુઃખ કરતાં પણ વધારે દુઃખો સહન કરવાં પડે છે. અનેક સ્ત્રીઓને કલેશમય જીવન ગાળવું પડે છે. અનેક સ્ત્રીઓ પીયર વાસ કરતી થઇ છે. અનેક સ્ત્રીઓ અનીતિ, અન્યાચાર—અનાચાર સેવતી થઇ છે અને પરિણામે કેટલીએક અબળાઓએ આત્મઘાત કરેલા આપણે સાંભળીએ છીએ, જોઇએ છીએ. આ બધાં અનિષ્ટ પરિણામોનું કારણ કોણ? નિષ્ઠુર હૃદયના પુરૂષોજ. વિનયશીલ સ્ત્રીઓ બિચારી કાંઇપણ વાંક—ગુન્હો—કસુર વગર ધિક્કાર મળતાં નિરૂપાયે બેશી રહે, આંસુ પાડે, હૃદય બાળે. બીજી એની શી સ્થિતિ થાય?

**नार्यस्तु यत्र पूज्यंते रमन्ते तत्र देवताः** ( જે ઘરમાં નારીઓ પૂજાય છે તે ઘરમાં દેવતાઓ રમે છે ) એ મહાન્ સત્રને સાતમે પાતાળ ધકેલી મુકવામાં આવે છે. સમાન હકની વાત કરવા જતાં સ્વાર્થ પરાયણ પુરૂષો સામા થાય છે. તેવો સમય અતીત કાળમાં ગણાવાની વાત તો એક બાજુએ રહી પણ સ્ત્રીઓની યોગ્ય કદર કરવાની, તેઓ તરફ દયા બતાવવાની કિંચિત્‌પણ દરકાર કરવામાં આવતી નથી. આપણે ચોકસ યાદ રાખવું જોઇએ કે ગૃહની શોભા વૈભવ સ્ત્રીઓની સુવ્યવસ્થિત સ્થિતિ ઉપરજ આધાર રાખે છે. પરસ્પર પ્રેમી દંપતી ગરીબાવસ્થામાં પણ શાન્તિમય, સંતોષી જીંદગી ગુજારતાં જોવામાં આવે છે.

એક વિદ્વાન્ કહે છે કે—**गृहं तु (सु) गृहिणीहीन अरण्या दतिरिच्यते** (પત્ની વગરનું ઘર વનથી પણ વધારે દુઃખદ છે) પરંતુ આવા સદ્‌વિચારોના સ્વપ્ન પણ આવવાં દુર્લભ છે.

પ્રથમની સ્ત્રી તરફ જે પુરૂષે પોતાની યોગ્ય ફરજ વિચારી નથી તે પુરૂષની અનન્ય પ્રીતિ માટે નવીન સ્ત્રીને સંશય (વસવસો) ઉત્પન્ન થાય તો તેમાં શું નવાઇ ? લગ્નની ઉદાત્ત ભાવનાનો નાશ કરનાર વિધવાવિવાહને ધિક્કારનારી, લગ્નને ધર્મ હેતુક માનનારી આપણી પ્રજામાં છુટા છેડા મેળવવાનો રીવાજ પ્રચલિત નથી કે જેથી સ્ત્રીઓ પણ પુરૂષોની માફક પોતાનો યોગ્ય માર્ગ શોધી લે. છુટા છેડાનો સ્વીકાર કરનારી અમેરીકન તથા અન્ય પ્રજા પણ લગ્નગ્રન્થિની શિથિલતા માટે, હજારો બલ્કે લાખો તેવા કેસો થવાથી ફરીઆદ કરતી જણાય છે. તોપછી પ્રાચીન સમયના આપણા મહાન્ દીર્ઘદૃષ્ટિ આગેવાનોએ લગ્નની શુદ્ધ ભાવનાને ટકાવી રાખવાને માટે વિવાહના જે ઉદાત્ત નિયમો નિર્માણ કર્યા છે તેનો પુનરોદ્ધાર આપણે કેમ ન કરવો ?

શ્રીમંતાઇ પ્રાપ્ત થતાં એક ઉપર બીજી સ્ત્રી પરણવાની ઇચ્છા કરનારા અવિચારી પુરૂષોને એટલુંજ કહેવું બસ થશે કે આ સુધારાના સમયમાં મહાન્ વૈભવના ધણી પ્રખ્યાત રાજકર્તા પુરૂષો પણ એક પત્નીવ્રતધારી થયા છે. અને તે વ્રતનું પાલન કરવામાંજ સંતોષ માને છે. એકથી વધારે સ્ત્રીઓના ધણીના ગૃહસંસારના ભવાડા સૌ કોઇએ સાંભળ્યા હશે. તેઓના ઘરમાં રોજરોજ અવનવા હાસ્ય તથા શોકજનક નાટકો, ફારસો ભજવાય છે. બબે, ત્રણ ત્રણ સ્ત્રીઓના સ્વામીની, સાધન સંપન્ન છતાં પણ શારીરિક, માનસિક સ્થિતિ એટલી બધી દયાને પાત્ર હોય છે કે તેઓ કલેશમય જીવનમાંથી ભાગ્યેજ પોતાનું માથું ઉચું કરી શકે છે.

સ્ત્રી અસાધ્ય રોગથી પીડાતી હોય, સ્ત્રીપણાને લાયક ન હોય અગર બીજી કંઇ ખોડ હોય, તેવા પ્રસંગે બીજી સ્ત્રી કરવાની જરૂર પડે તેની વિરૂદ્ધ, આપણે હાલ જે સ્થિતિમાં મુકાયા છીએ તે જોતાં, કાંઇપણ અભિપ્રાય ઉચારવો, તે અત્ર યોગ્ય વિચારવામાં આવ્યું નથી. આ પ્રકારના દરેક કેસના સંજોગો ઉપરજ ધ્યાન આપી વિચાર દર્શાવવા યોગ્ય ગણી શકાય.

ઉપરોક્ત રીવાજ વિરૂદ્ધ એકદમ ઠરાવ પસાર કરાવવાના કાર્યમાં ફાવવાની આશા ન જણાતી હોય, જ્ઞાતિના સ્વાર્થી અગ્રેસરોનું જોર નરમ પડયું ન હોય, તેની સામા થઇ કાર્ય કરવાની હિમ્મત સુધારક વર્ગમાં ન હોય, તેમ કરવા જતાં લાભ કરતાં સીધી યા આડકતરી રીતે વિશેષ હાનિ થવાનો સંભવ હોય તો પછી કાંઇક વચગાળેનો માર્ગ ગ્રહણ કરવો લાભ દાયી થઇ પડશે અને તેને માટે એવી મતલબનો ઠરાવ કરવો જરૂરનો છે કે સ્ત્રી જીવતી છતાં પ્રથમના પરણેતરને ૧૫-૧૭ વર્ષ થયાં પહેલાં કોઇએ પણ બીજી સ્ત્રી પરણવી નહિ.

લગ્ન વિષયક જુદા જુદા હાનિકારક રીવાજો ઉપર વિવેચન કર્યું. હવે આપણે મૃત્યુ **મૃત્યુપાછળ જમણવાર.** પાછળ કરવામાં આવતી જમણવારના રીવાજને હાથ ધરીશું. આ રીવાજને જૈન ધર્મના શાસ્ત્રો સંમતિ આપતા હોય તેવું સાંભળ્યામાં અગર વાંચવામાં આવ્યું નથી.

આપણા ધર્મોપદેષ્ટાઓ સ્પષ્ટ રીતે કહે છે કે સુખ અગર દુઃખ, સારૂં અગર બુરૂં ફળ આપણાં પોતાનાંજ પૂર્વકૃત કર્મો ઉપર આધાર રાખે છે. કરશે તે ભરશે એ નિયમાનુસાર આપણે પોતે જેવાં કાર્યો કરીશું તેવાં તેનાં ફળ ભોગવીશું. અન્ય પુરૂષ સંવિભાગી થશે નહિ. દાન પુણ્ય જે કંઇ આપણે સ્વહસ્તે કરશું તેનો લાભ આપણનેજ પ્રાપ્ત થશે. હાથે તે સાથે

એ નિયમજ ખરો છે. મૃત માણસની પાછળ તેના કુટુમ્બીઓ જે કાંઇ કરશે તેનો લાભ તેને મળશે નહિ. તે તો બિચારો કોણ જાણે કેવી ગતિમાં રઝળતો હશે. આવી સ્થિતિ છતાં પણ કારજ (દાડા) કરવાનો રીવાજ અન્ય કોમોમાં થતા બારમાના રીવાજને અનુસરી આપણામાં ઘર કરીને રહ્યો છે તે અન્ય કોમો સાથેના આપણા પરિચય, ગાઢ સંસર્ગનેજ આભારી છે. માત્ર દેખાદેખીથીજ અન્ય ધર્મીઓની માફક વર્તવામાં આવે છે.

પ્રાચીન સમયમાં નજદીકના સંબંધીના મૃત્યુથી થતા શોકના સાન્ત્વન નિમિત્તે દિલાસો આપવા માટે દૂર વસતા સંબંધીઓ, મિત્રો આવતા. તેઓને જમાડવામાં આવતા હોય ( મિષ્ટાન્ન તો નહિજ ) અને તેઓની સંખ્યા વધારે હોય તો ગામમાં વસતા પોતાના સગાવ્હાલાને મદદને માટે બોલાવવામાં આવતા હોય, વળી કોઇ પ્રસંગે વયોવૃદ્ધ શ્રીમાન્ પુરૂષનું મરણ થયું હોય અને જાહોજલાલીના સમયમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ વસ્તુઓ સત્વર મોકલવાના હાલના જેવા સાધનના અભાવે ઘી ગોળ ધાન્ય વીગેરે ઘરમાં ભર્યાં હોય તેનો ઉપયોગ કરવામાં આવતો હોય તેથી કાંઈ કારજ કરવાના રીવાજને હવે પણ વળગી રહેવાને સબળ કારણ મળતું નથી.

મિષ્ટાન્નના જમણવાર, આનંદસૂચક જમણવાર બીજા કોઈ પ્રસંગે થાય અગર ન થાય તેની દરકાર નહિ, પરંતુ સંબંધીના મૃત્યુ પ્રસંગે અપાર દીલગીરીમાં ગીરફતાર થયા હોઇએ ત્યારે કારજરૂપે કરવાજ જોઇએ. જ્ઞાતિજનો આડકતરી રીતે દબાણ કરી દાડા કરવાની ફરજ પાડે એ કેટલું શરમ ભરેલું !

કુટુમ્બી જનોનું પોષણ કરનાર, કુટુંબને નિરાધાર સ્થિતિમાં મુકી આ ફાની દુનિયામાંથી હમેશને માટે દૂર થતાં તેની સ્ત્રી પુત્રો વગેરે ચોધારા આંસુ પાડતાં પોક મુકીને રડતાં હોય તેવે પ્રસંગે, શોક ધારણ કરવાને પ્રસંગે જ્ઞાતિજનો બાજુમાં બેસીને લાડવા ઉડાવે એ રીવાજ તો જંગલી પ્રજા પણ પસંદ કરશે નહિ.

જ્ઞાતિમાં કોઇનું મૃત્યુ થતાં કહેવામાં આવે કે એ ત્રણ દીવસ તો લાડવા પાક્યા એ પશુવૃત્તિ નહિ તો બીજું શું ? ૧૮–૨૦ વર્ષની ઉંમરનો પુરૂષ બાળા–વિધવા મુકીને ગુજરી જાય તેવા પુરૂષનો દાડો ખાવાવાળા માણસોને કેટલા ધિક્કારને પાત્ર ગણવા ? અત્યંત ગમગીનીના ગંભીર પ્રસંગે હર્ષનું પ્રદર્શન જમાવવું, આનંદથી પ્રીતિ ભોજન ઉડાવવું એ કેવો અન્યાય !

પુત્ર જન્મ જેવા માંગલિક પ્રસંગે કાંઇ નહિ કરતાં, મરણ પ્રસંગે જમણવાર કરવામાં આવે એ કેટલું અઘટિત !

મરનારની વિધવાને રોટલાના પણ સાંસા પડતા હોય, મહા મુસ્કેલીથી બાળ બચ્ચાંને ઉછેરી મોટાં કરવાનાં હોય તેવી સ્થિતિમાં પણ જ્ઞાતિ બંધુઓ તરફથી દાગીના વટાવી ઘર વેચી દાડો કરવાની સલાહ આપવામાં આવે, ફરજ પાડવામાં આવે, તેઓને મિત્રના લેબાસમાં શત્રુની ગરજ સારતા પુરૂષો કેમ ન ગણવા ?

આ સંબંધમાં જ્ઞાતિના શ્રીમાન આગેવાનો જેટલા ધિક્કારને પાત્ર છે તેટલા બીજા

કોઇ નથી. કારણ કે સાધારણ સ્થિતિના અગર ગરીબ સ્થિતિના મનુષ્યો નૈતિક હિમ્મતના અભાવે દાડો ન કરવાની પહેલ કરી શકતા નથી, જ્ઞાતિજનોના મેણા સહન કરવાની શકિત ધરાવતા નથી પરંતુ આગેવાનો એકદમ ઠરાવ કરે તો આ રીવાજને દેશવટો આપવામાં જરા પણ મુસ્કેલી પડે તેવું નથી. પહેલાં આપણે જે રીવાજો જણાવી ગયા તે સઘળાને નાબુદ કરવાના કાર્ય કરતાં આ કાર્ય ઘણુંજ સહેલું લાગે છે.

શકિતમાન્ પુરૂષો પોતાના કોઇ કુટુમ્બી જનના મરણ પ્રસંગે જ્ઞાતિજનો પ્રત્યેની પોતાની ફરજ વિચારી કેળવણી જેવા કાર્યમાં યથાશકિત મદદ કરવા ઉત્સુકતા બતાવે અને તેવા રીવાજને ઉત્તેજન આપવામાં આવે તો તે આવકારદાયક લેખી શકાશે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, તે માટે દબાણ થવું જોઇએ નહિ તથા તે બોજા રૂપે જણાય નહિ.

**શોક ક્રિયા.**

આ રીવાજ રડવા કુટવાના હાનિકારક ચાલ સાથે મરણ પાછળ અયોગ્ય સંબંધ ધરાવે છે. સ્નેહીજનનો થોડા વખત માટે પણ વિરહ થતાં સંસારી જનને દુઃખ થાય છે તો પછી વ્હાલાંના દેહોત્સર્ગથી, હમેશના વિરહથી અસહ્ય દુખ થાય અને તેથી અપાર શોક સાગરમાં ગિરફતાર થવાનું બને તે સ્વાભાવિક છે. જ્ઞાન દૃષ્ટિથી વિચાર કરનારા, સમતા ગુણી પુરૂષો તો વિરલાજ હોય છે. સુખમાં અગર દુઃખમાં સમ ચિત્ત કોઇનેજ રહે છે. ગમે તેટલા દુઃખના બોજા તળે હૃદયની શાન્તિ જાળવી રાખનારા હિમતવાન્ પંડિતજનો ગણ્યા ગાંઠયાજ નજરે પડે છે. આવા સંજોગો વચ્ચે કુટુંબમાં કોઇનું મૃત્યુ થતાં શોક, દીલગીરી થાય તે બંધ કરવાનો અત્ર હેતુ નથી પરંતુ લજ્જાશીળ યુવાન સ્ત્રીઓ સરિયામ રસ્તા વચ્ચે રીવાજને વશ થઇ શરમ તજી છાતી કાઢીને ઉંચી ઉંચી ઉછળી કુદીને કુટે છે. છાજીયાં લે છે તથા પુરૂષો પ્રધાનતાએ દેખાવ કરવાનાજ હેતુથી મોટી પોક મુકીને રડે છે તે તરફજ લક્ષ્ય ખેંચવાની જરૂર છે, શોક ઉપર અંકુશ મેલી શકાય તેમ નથી પરંતુ શોક પ્રદર્શિત કરવાની રીતિ–પદ્ધતિજ વાંધા ભરેલી છે અને તેનો અટકાવ કરવાની આવશ્યકતા છે.

આવા દેખાવો કોઈ વિવેકી મનુષ્યની નજરે પડે તો તે આપણા બૈરાં માટે શું મત બાંધશે તેનો વિચાર કરવાની જરૂર છે. આવા ફારસમાં ભાગ લેતી સ્ત્રીઓ શું તેની નજરમાં મૂર્ખ, વિવેક શૂન્ય, ઢોંગી, નિર્લજ, (સ્વ) દયા વિનાની જણાશે નહિ ? રસ્તા વચ્ચે કુટતી સ્ત્રીનું ચિત આલેખવાની જરૂર નથી, સૌ કોઇ સારી રીતે જાણે છે. સારા કુટુંબમાં કોઇનું મરણ થાય એટલે સ્ત્રીઓ બાપડીના પુરા ભોગ. કુટવા આવનારી દરેક સ્ત્રીની સામા આવી કુટવું પડે છે અને તે પણ મરણને દીવસેજ નહિ પરંતુ જ્યારે જ્યારે બ્હાર ગામથી સગા વ્હાલા દીલાસો આપવા માટે, શોક સાન્ત્વન નિમિત્તે નહિ પણ ખરૂં જોતાં સંતાપ આપવા તથા મિષ્ટાન્ન ઉડાવવા આવેછે ત્યારે પણ તેઓને તૈયાર રહવું પડે છે; પછાડીઓ ખાવી પડે છે. વળી છ છ અને બાર બાર મહીના સુધી રાગડા તાણીને મોટેથી મોં વાળવા પડે છે. આવી રીતે ઢોંગ કરવામાં નિર્લજ દેખાવ કરવામાં કદાચ કોઇ બીચારી સ્ત્રીની કચાસ જણાઇ એટલે જોઇ લ્યો તેની ફજેતી. મરશીયા ગવરાવવામાં પણ હોંશીયારી માનવામાં આવે તે એક નવાઇજ!

જે સમયે તદન શાન્તિની–ગંભીરતાની છાપ સર્વત્ર પ્રસરી જવી જોઇએ તે સમયે

એવો તો કોલાહલ થઇ રહે છે કે જાણે કોઈ મહાન્ જ્વાલામુખી પર્વત ફાટયો હોય ! કો-ઇનુ મરણ સાંભળીને અગર શબવાહિનીનો દેખાવ જોતાં મૃત શરીરની સાથે સંબંધ નહિ ધરાવતાં હરકોઈ મનુષ્યને જ્યારે શોકમૂલક વૈરાગ્ય થવો જોઇએ ત્યારે આપણા આ દેખાવોથી વૈરાગ્ય-સંસારની અસારતાની ઉન્નત ભાવનાને સ્થાને હાસ્યયુકત ધિક્કારની લાગણી થાયછે.

આપણા ગમે તેટલા મહાન્ આર્ત્તધ્યાનથી, રૂદન કુટનથી મૃત થયેલ માણસ પાછો આવનાર નથી તો પછી આવા દીલગીરીના પ્રસંગે ધર્મ તરફ ચિત્ત કેમ ન વાળવું ? એક સંબંધી જન ગત થતાં અન્ય તેના સંબંધીઓને ખેંચાઇને પરાણે લોક લજ્જાએ આવા નુ-કશાનકારક રીવાજનું શરીરને નિરર્થક બાધ પ્હોંચે તેવી રીતે અનુકરણ કરવાનું કયારે બંધ થશે ? મુસલમાન, પારસી, ખ્રીસ્તી કોમના મનુષ્યોને શું લાગણીજ નથી ? તેઓને કુટુમ્બી જ-નના મરણ પ્રસંગે શોક નહિજ થતો હોય ? તેઓ બધા શું વજ્ર હૃદયના છે ? આપણે શું નાહિંમત ઢોંગીની ગણનામાં ખપવું વ્યાજબી વિચારીએ છીએ ? આ સઘળા પ્રશ્નોનું નિરાક-રણ કરવાનું વાંચક વર્ગનેજ સોપું છું.

આ રીવાજ બંધ કરવાને કોન્ફરન્સે કરેલા ઠરાવથી માત્ર સંતોષ નહિ પકડતાં દરેક **જુદી જુદી જ્ઞાતિના અગ્રેસરોએ પોતપોતાની જ્ઞાતિમાં ઠરાવ કરવાની જરૂર છે.** આ સંબંધમાં અત્ર વિશેષ વિવેચન નહિ કરતાં કોન્ફરન્સ તરફથી હાલમાંજ પ્રસિદ્ધ થયેલ રડવા કુટવાના હાનિકારક ચાલ વિષે નિબંધ વાંચવાની ખાસ ભલામણ કરવી યોગ્યજ થઇ પડશે. ગુજરાત, કાઠીયાવાડ વગેરે સ્થળોમાં જ્યાં આ રીવાજ વિશેષ પ્રચલિત છે ત્યાંના આ-ગેવાનોએ સત્વર ધ્યાન આપવાની અનિવાર્ય જરૂર છે. ધર્મ વિરૂદ્ધ, લોક વિરૂદ્ધ, સામાન્ય નીતિ નિયમ વિરૂદ્ધ, આત્માને મલીન કરનારા આ રીવાજને એકદમ બંધ કરવાની જરૂર છે.

આપણા કાર્યદક્ષ પુર્વજોએ, જે સદ્વિચારથી, શુભ ભાવનાથી વ્યકિતનું હિત સમષ્ટિના **અયોગ્ય ગજાઉપરાંત** હિત સાથે જાળવતાં વધારે સારી રીતે જાળવી શકાશે એવી ગણુ **ફરજીયાત ખર્ચો.** ત્રીએ જ્ઞાતિબંધારણ જેવા મહાન્ ઉપયોગી સામાજીક બંધારણની વ્ય વસ્થા કરી છે. જેના અનેક ફળ, લાભ, અદ્યાપિ પર્યંત આપણે ભોગવીએ છીએ. સમસ્ત જન સમાજનું બંધારણ કાંઇ એવું છે કે, પ્રત્યેક વ્યકિતને યથેચ્છ રીતે વર્તવા દેવામાં આવે તો એક બીજાના લાભોની એટલી બધી અથડામણ થવા સંભવ છે કે, રાજ્યકર્ત્તાઓના ગમે તેટલા પ્રયાસ છતાં પણ કિંચિત્ માત્ર વ્યવસ્થા જાળવી શકાય નહિ. જંગલી પ્રજા પણ થોડે અંશે સામાજીક બંધારણને આધીન રહી વર્તે છે. આ પ્રકારના સામાજીક બંધારણને અનુ-સરી જ્ઞાતિનું ધોરણ દાખલ કરવામાં આવ્યું હોય એમ સમજાય છે, પરંતુ આગેવાનોની બે-દરકારીથી સ્વાર્થઅંધતાથી આ ધોરણ એટલું બધું નબળું પડતું જાય છે, કે હાલ તુરત વિચાર કરવામાં નહિ આવે તો ભવિષ્યમાં આપણે કઇ સ્થિતિએ પ્હોંચીશું તે કલ્પી શકાતું નથી.

એક વ્યકિત કરતાં અનેક વ્યકિતઓનો બનેલો સમુદાય જ્ઞાતિ પ્રત્યે વ્યકિતના સુખ તરફ, કેળવણી જેવા મહાન્ કાર્ય તરફ, સંસાર વ્યવહારના વિશુદ્ધ વર્તન તરફ ઘણા પ્રસંગોમાં વિશેષ ધ્યાન આપી શકે છે. અને તેને માટે જે જે નિયમો રીવાજો નિર્ણિત કરવામાં આવે છે તેના ઉપર જ્ઞાતિની ઉન્નતિનો આધાર રહે છે.

અપૂર્ણ.

# જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગ્દર્શન.

( મી૦ અમરચંદ પી. પરમાર. )

ગત વર્ષના પૃષ્ટ ૪૩૧ થી ચાલુ.

એ સંસ્કારોમાં જન્મથી મરણપર્યંતની વિધિઓનો સમાવેશ થાય છે. મુહૂર્ત જોવું, અમુક મંત્રથી વિધિ કરાવવી, સિદ્ધચક્રાદિની સ્થાપના કરવી, સ્નાત્ર ભણાવવું, ભોજકને દક્ષણા દેવી, સૂતક પાળવું, સ્તનપાનની વિધિ, લેખણી કાગળના લૌકિક વ્યવહાર, બેન ભાણેજોને આપવું, નામ પાડવાની રીતિ, આંગી કરાવવી, જનોઇ પહેરવુંજ જોઇએ, સ્વર જોઇ કામ કરવું, કન્યા અને વરની પસંદગીના નિયમો, તેઓની ઉમર, વિગોત્ર, માતૃકાગ્રહ, કૌતુકાગારની સ્થાપના, ગોત્રદેવીની સ્થાપના, વેદી, ચોરી, પોંખવાની રીતિ ને કારણો, વરકન્યાએ બોલવાના મંત્રો, પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિ૦, અદત્તાદાન વિ૦, પરસ્ત્રી વિ૦, પરિગ્રહ પ્રમાણ, દિશાપરિમાણ, ભોગોપભોગ વિ૦, અનર્થ દંડ, સમાયક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિ સંવિભાગ એ બાર વ્રતને ધારણ કરવા અને પાળવાની વિધિ, મરણપથારીએ શું શું સંભળાવવું, ધારવું, કરવું ઇત્યાદિ અનેક બાબતો તથા મંત્રો વિગેરેથી આ વિષય ભરપૂર છે.

### ૪૫ કન્યા બાબત પડદાના રીવાજો.

જૈનશાસ્ત્ર પ્રમાણે મોટી ઉમરના માણસોને ફરી લગ્ન કરવાની, વધુ કન્યાઓ કારણ વગર આ કાળને વિષે પરણવાની, પુત્રીને વેચવાની, બાળલગ્ન કરવાની, મનાઇ હોવા છતાં એ કાર્ય ઘણી જ્ઞાતિઓમાં પ્રચલિત થયેલું જોવામાં આવે છે. જોધપુર રાજ્યના મહારાજા સાહેબની આજ્ઞાનુસાર મહારાજ જનરલ સર પ્રતાપસિંહજીએ કન્યાના ૨૩૨ રૂપીઆથી વધુ લેવા નહી, અમુક ઉમરથી વધારે ઉમરનો પરણે નહી, જાનમાં આટલાં માણસ જાય, વિગેરે બંદોબસ્ત કર્યો છે. કેટલાક રાજ્યમાં એવો રીવાજ છે કે જે બાપ કન્યાના રૂપીઆ લે તેની ચોથાઈ રાજાને આપવી પડે છે.

એક કન્યાના થએલા વિવાહ નપુંસકપણાને પુરૂષ પ્રાપ્ત થયો હોય તે સિવાય કોઇ પણ કારણસર છોડી શકાતા નથી.

**ઘુમટો–પડદો.** રજપૂતાના, માળવા, ઉત્તર ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ વિગેરે સ્થળે સ્ત્રીઓને લાજ એટલે ઘુમટો કાઢવાનો રીવાજ વધતો ઓછો હોય છે, તો કેટલેક સ્થળે તે રીવાજ તદ્દન ચાલતો નથી. કેટલેક સ્થળે વહુથી સાસુ સાથે જીંદગી સુધી બોલી શકાયજ નહી; તો પુરૂષ વર્ગ સાથે તો બોલાયજ કેમ ? મોટી મારવાડમાં સ્ત્રીને સખત પડદો રાખવો પડે છે, અને દેવદર્શને પણ બહાર જઇ શકતી નથી, તો બંગાળા વિગેરેમાં સફેદ ચાદર ઓઢવાથી પડદાનો સુલાઅજો સમજવામાં આવે છે. પડદાવાળા ગામોમાં ગરીબ કુટુંબમાં મર્દ વર્ગને હાથે પાણી લાવવું પડે છે.

**કન્યાકાળ.**

કેટલાકો એમ સમજે છે કે ઋતુ પ્રાપ્ત થયા પછી કન્યાદાન આપવું એ પાપ છે, પણ એ માનવું ખોટું છે. કન્યાની ઉમ્મર સોળ વર્ષની કહી છે. વિદ્યા, રાંધનકળા ઈત્યાદિ ૬૪ કળા શીખવી તેને લાયક ગૃહિણી બનાવવાની જૈન શાસ્ત્રોની આજ્ઞા છે.

**લખપતી કન્યાના પૈસા લે છે.**

કેટલાકો લખપતી હોવા છતાં ન્યાતિ રીવાજને આગળ ધરીને પોતાની પુત્રીના લગ્ન વખત અમુક રકમ વુઆર તરીકે, અમુક માંડવા ખરચ તરીકે લે છે. તો કેટલેક સ્થળે દસ, પંદર અને વીસ હજાર રૂપીઆ સુધી લે છે.

**કન્યાનો પૈસો ન લેનારા રજપુતાનામાં.**

મારવાડની ઓસવાલોની કેટલીક ન્યાતોમાં કન્યાનો એક પણ પૈસો ગરીબ હોવા છતાં લેતા નથી; અને ધનવાનો તો જાન જ્યાંથી નીકળે ત્યાંથી તે લગ્ન કરીને પાછી જાય ત્યાં સુધીનો રસ્તાનો, લગ્નનો અને જમણનો સર્વે ખર્ચ આપે છે. પહેરામણીમાં રથ, દાસ, દાસી, ગા, ઘરેણાં તથા સેવકો (કવિ)ને ઇનામ વિગેરે પુષ્કળ આપે છે. રાજાએ અમુક માણસથી જવું, અમુક આપવું ઇત્યાદિ બંદોબસ્ત કર્યો છે.

## ૪૬ જૈનોમાં કુસંપ.

જૈનોની પ્રચલિત ન્યાતોના સમુહ અથવા તડ બંધાયલા હોય છે, અને દરેક ગામમાંની જુદી જુદી ન્યાતો મળીને તેનો આખો સમુદાય તેને શ્રી સંઘ કહે છે **શ્રી સંઘ** ને **તીર્થ** કહે છે કારણ કે તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. શ્રી તીર્થંકર પોતે પણ **નમો તીથ્થસ્સ** કરી નમતા હતા પણ એવા એ મહાન સંઘમાં ઘણે સ્થળે કુસંપ જોવામાં આવે છે. કુસંપના કારણો માન, મમતા મમતી, અજ્ઞાન અને અહંકાર છે. વીસ ઘરની વસ્તીમાં કોઇ સ્થળે પાંચ તડ જોવામાં આવે છે. ધર્મની આજ્ઞાઓ, સ્વામીવત્સલનો બહોળો અર્થ જૈનો અવિદ્યાને લીધે ભુલતા જાય છે. જૈન કોન્ફરન્સની સ્થાપના સંપને સહાય કર્તા થતી જાય છે. લોકોએ સમજવું જોઇએ કે ઘરનો ટંટો ન્યાતમાં નાંખી દુર્ગતિના ભાગી ન થવું.

## ૪૭ જૈન ન્યાતિઓમાં જમવાની રીતિ.

કેટલીએક જૈન ન્યાતો રેશમી કપડાં પહેરી જમવા બેસે છે, રજપૂતાના ઈત્યાદિમાં પાંચે પોષાક પહેરી બેસે છે તો સુરત આદિ સ્થળે માત્ર પાઘડી પહેરી જમવા બેસવાનો રીવાજ છે. ન્યાતો વાડીઓમાં જમે છે. મોટા સંઘના જમણ વાસ્તે મોટી વાડીઓ હોય છે તો રસ્તામાં બેસી જમવાની કવચિતજ ચાલ છે. ગુજરાતમાં એઠાની છીટ બહુ ગણવામાં આવતી નથી, તો મારવાડ, પૂર્વ વિગેરે સ્થળે એઠા—જૂઠાનો મોટો તિરસ્કાર હોય છે. તેઓમાં પીરસતાં કડછી પણ થાળીને અડે તો તે કડછી એઠી થએલી ગણાય.

ખાનપાનમાં રજપૂતાનામાં તેલ તદ્દન ખાતાજ નથી, ગુજરાતમાં વિશેષ રીવાજ છે.

**લીલોતરી, રાત્રી ભોજન, ગાળેલું જળ.**

જૈન શાસ્ત્રાધારે વિદળ, કંદમૂળ, વેંગણ વિગેરેનું શાક ન્યાતમાં સર્વથા નહીં અને પોતાને ઘેર પણ મોટે ભાગે ખાતા નથી. અષ્ટમી, ચતુર્દશી વિગેરે દિવસોએ લગભગ કોઈ પણ જૈન રાત્રે ખાતાજ નથી; અને ન્યાતિ ભોજનમાં તો હમેશાં દીવાબતી પહેલાં આટોપી લેવામાં આવે છે. પંચમી આદિ મોટી તિથિઓમાં ન્યાતિ જમણમાં કોઈ પણ લીલું શાક રાંધવામાં આવતું નથી; તેમજ ઘેર આગળ પણ પ્રાયઃ તે ખાવાની બાધાજ હોય છે. ફાગણ માસ પછી આઠ મહિના સુધી ભાજીપાલાનું શાક વિગેરે જૈનો ખાવાનું છોડી દે છે. અણગળ પાણી નહાવા પીવામાં વાપરતા નથી ઇત્યાદિ બહુ બારીકી ન્યાતિઓના સંબંધમાં પોતાના ધર્મની આજ્ઞાને આધારે પાળવામાં આવે છે.

**કપડાથી જમણું. ભેગા, સાથે ન જમવું. એઠાનો દોષ.**

રજવાડાના જૈનોમાં ઢોલીઆ ઉપર બેસીને, પાંચે પોષાકથી, તેમજ ભેગા બેસીને જમવાનો ચાલ હોય છે. કેટલાએક જૈનો બ્રાહ્મણની બનાવેલી રસોઇ પણ જમતા નથી તો કેટલાએક પકી કચ્ચીનો ભેદ રા[illegible] છે. કાઠીઆવાડ ગુજરાતમાં પણ ભેગા જમવાનો રિવાજ છે, પણ એ રિવાજ શાસ્ત્રથી વિરૂદ્ધ હોવાથી અને તે બંધ કરવા સાધુઓ જગે જગે પ્રયત્ન કરતા રહે છે તેથી બંધ થતો જાય છે. એઠું નાંખવાનો જૈનોમાં મોટો દોષ બતાવ્યો છેઃ તેમાં તથા ભેગા જમવામાં લાળીઆ જીવની ઉત્પત્તિ થવાનું જૈન શાસ્ત્રમાં લખાણ છે.

**પત્રાવળી નહી.**

જૈનો પત્રાવળીમાં જમતા નથી કારણ તેમાં કુંથવા વિગેરે નાના જીવો હોય છે અને તેપર બીજા જીવો પણ ચઢી જાય છે. દરેક ગામમાં થાળીઓ ન્યાતિના શેઠને ત્યાં રાખવાનો રિવાજ હોય છે.

**બજારની મીઠાઇ.**

બજારની મીઠાઇ, તે પણ અમુક દિવસની વિગેરે બાબત જૈન જ્ઞાતિમાં સરખી રીતે બંદોબસ્ત હોય છે. રજપૂતાનામાં સઘળે અને ગુજરાતમાં કોઇક સ્થળે એવો ન્યાતનો કાયદો હોય છે કે દેશી (બનારસી) ખાંડ વગર જમણ થાયજ નહિ અને પંચો એકઠા થઇ ખાંડ ગળાવે છે. રાતની કરેલી લાપસી યા સીરો (ગમે તેટલો મોટો ધાણ હોય તોપણ) જૈનોની ન્યાતિમાં વપરાતાં નથી.

લગ્નાદિ વિગેરેની ન્યાતિ જમણની રજા આપતાં પહેલાં દેવદ્રવ્યનું લહેણું વસુલ કરવાનો રીવાજ પ્રાયઃ હોય છે.

જૈન જ્ઞાતિવાળાઓ વૈશ્નવ વિગેરે બીજી જાતિવાળાઓ સાથે જમવા અને જમાડવાનો વ્યવહાર રાખે છે, અને લગ્ન, મરણના પ્રસંગોમાં એક બીજાને ત્યાં જવા આવવાનો સારો સંબંધ ધરાવે છે.

## ૪૮. जैन तहेवारो अने पर्वो.

જૈનોના શાસ્ત્ર પ્રમાણે હોળી, શીળી સાતમ, ગણેશચોથ, બળેવ વિગેરે પર્વો નથી પણ તેઓ વૈશ્નવ ભાઇઓની સોબતથી તેઓના તહેવારમાં પણ ભાગ લે છે, ત્યારે પોતાના પર્વ પણ માને છે. તીર્થંકરોના કલ્યાણકો (જન્મ, દીક્ષા, નિર્વાણ ઇત્યાદિ) ની તિથિઓને વધતી ઓછી પર્વમાં માને છે; પણ તેઓના ખાસ પર્વ અને તહેવાર તરીકે નીચે જણાવેલા દિવસો ને માને છે. જ્ઞાન પંચમી (કાર્તિક સુદી ૫) કાર્તકી ૧૪ અને ૧૫ (યાત્રાનો દિવસ), મૌન-એકાદશી (માગશર સુદિ ૧૧), પોષ દશમ (માગશર વદ ૧૦), ચૈત્રી આંબીલના નવ દિવસ, ચૈત્રી પૂનમ, અક્ષય ત્રીજ, અષાડ સુદ ૧૪ [ચતુર્માસની શરૂઆત), શ્રાવણ વદી ૧૨થી ભાદરવા શુદ ૪ (પર્યુષણના દિવસો), તેમાં છેલ્લો દિવસ સંવચ્છરી એટલે આખા પર્વના પાપોનો પશ્ચાતાપ કરવાનો, સકળ સૃષ્ટિના જીવોમાં જે વૈરી થયા હોય તેઓને ક્ષમાવી માફી માગવાનો દિવસ , આસોના આંબીલના નવ દિવસ અને દીવાળી. જૈનોના તહેવારના દિવસોમાં વિશેષ કરીને અપવાસાદિ તપશ્ચર્યા, પૂજા, પ્રતિક્રમણ, જીવોને અભયદાન ઇત્યાદિ કરવામાં આવે છે.

## जैनोना साहस.

જૈનો મોટે ભાગે વ્યાપારીઓ છે. અને હિંદુસ્તાનની દોલતનો મોટો ભાગ તેઓના હાથમાંથી પસાર થાય છે. થોડાક સમયથી જૈનો વિલાયત વિગેરે દેશમાં પરદેશગમન કરી પેઢી (ઝવેરી ૯૦ ની) ખોલવા લાગ્યા છે. ધર્મના ફેલાવા માટે મી૦ વીરચંદ ગાંધી અને પંડિત લાલન અમેરિકાદિ પ્રવાસ કેટલીક વાર ગયા છે. અને લગભગ બીજા સો જણા પરદેશ જઈ આવ્યા હશે. મોટે ભાગે પરદેશ જઇ આવેલા જૈનોને જ્ઞાતિ તરફથી હરકત કરવામાં આવી નથી. અને એવો સામાન્ય અમલ હાલમાં થતો જોવામાં આવે છે કે જ્યાં સુધી અમુક માણસને ન્યાત પૂછે નહીં તો શ્રી સંઘે વચ્ચે આવી તેને સંઘ બહાર કરવાનું પગલું ભરવું નહીં. જંગબાર, દક્ષિણ આફ્રીકા, જાપાન, મોરીસ, એડન આદિ સ્થળે તો લાંબા વખતથી જૈનો જાય છે. હાલમાં ઇરાની અખાત વિગેરે તરફ પણ જવા લાગ્યા છે. મોતી અને ઝવેરાતના ધંધા, સરાફી ઇત્યાદિ મોટે ભાગે કરે છે. રજપૂતાનાના રાજ્યોમાં દીવાનથી લઇને સર્વે મોટા નાના ઓહ્દાઓ, લશ્કરી ઓહ્દાઓ, તેઓ ભોગવે છે; વકીલ, બારીસ્ટર, સરકારી નોકરો અને ડાકટરો એઓમાં ઓછા જોવામાં આવે છે; નોકરીના ધંધાને તેઓ ધીકારે છે; મારવાડી જૈન શરાફો વિગેરેમાં એક રસોઇદાર પણ ભાગીઓ હોય છે; મરહુમ પ્રેમચંદ રાયચંદ, કાબુલ, આફ્રીકા, ચીન જનારા અને સરકારના ઝવેરીઓ, લશ્કરના ખજાનચીઓ, અને સરકારી તીજોરરો ઇત્યાદિ જૈનોના સાહસો બહુ મોટાં જોવામાં આવે છે; કેટલાએક સટાના સાહસમાં પણ ઝપલાયા છે.

## ૫૦ सखावंत अने दान.

જૈનો જેમ ધન પેદા કરવામાં શૂરા છે, તેમજ ખરચવામાં પણ શૂરવીર છે. જન્મથીજ જૈનોને દાનેશ્વરી થવાની તાલીમ મળે છે; ઘણા જૈનો તો પરિગ્રહનું પ્રમાણ કરી લે છે એટલે અમુક રકમની દોલત તેને મળે તે ઉપરાંત જે જે તે પેદા કરે તે ધર્મકાર્યમાં ખરચી નાંખવું. એવી સંગ્રહની હદ નાનીજ રાખવામાં આવે છે. ધર્મકાર્યમાં તેઓ છુટે હાથે ખરચે છે.

અપૂર્ણ,

# પાંજરાપોળ ઇન્સ્પેક્ટરનો રીપોર્ટ.

મેસાણા પાંજરાપોળ, તપાસી તા૦ ૧૯-૧૦-૦૮

અહિંની પાંજરાપોળનો વહીવટ કરવાને માટે મહાજનના પાંચ આગેવાન શેઠીઆઓની એક કમીટી નીમાયેલી છે. શેઠ ડાહ્યાભાઇ કાલીદાસ કમીટીના સેક્રેટરી છે અને તેની જાતિ દેખરેખ નીચે પાંજરાપોળનો વહીવટ સંતોષકારક ચાલતો જણાય છે. એ૦ સેક્રેટરી દરેક કામ કમીટીની સલાહ પ્રમાણે કરે છે.

પાંજરાપોળ તરફથી વેપાર ઉપર લાગો નાખેલો છે અને તેની ઉપજ ઘણી સારી થવા સંભવ છે પરંતુ સાંભળવા પ્રમાણે કેટલાક ભાઇઓ નિયમિત રીતે લાગો આપતા હોય તેમ જણાતું નથી. જો આ વાત ખરી હોય તો ઠીક કહેવાય નહિં. અમો દરેક હિંદુભાઇને પાંજરાપોળના લાગાઓ નિયામત રીતે આપવાની ભલામણ કરીએ છીએ.

પાંજરાપોળની માલેકીના ખેતરો છે; જેમાં સારા વરસમાં વાવેતર કરાવવામાં આવે છે અને તેની ઉપજ પણ ઠીક થાય છે. આવા ખેતરોમાં પાંજરાપોળ તરફથીજ વાવેતર કરવામાં આવે અને પાંજરાપોળનાજ કામ કરવા લાયકના જનાવરોને તે ખેતરમાં કામ આપવામાં આવે તો વધારે ફાયદો થવા સંભવ છે.

આ ઉપરાંત શ્રાવકોમાં જમણવાર પ્રસંગે પાંજરાપોળની થાળી પીરસાય છે, એટલે કે પાંજરાપોળને અમુક લાગો મળે છે. પાંજરાપોળની સ્થાવર મીલકતના ભાડાં પણ ઘણાં સારાં આવે છે. અહિંઆં જનાવરોમાં વખતો વખત રોગ ફાટી નીકળે છે અને તેમાં ઘણા જનાવરોનો નાશ થઇ જાય છે. જો છાણ વેચી નાખવામાં આવે તો તેની ઉપજ સારી થાય તેમ છે. દુધ જે કાંઈ થાય છે તે ન વેચતાં નાનાં બકરાંઓને પાવામાં આવે છે.

હાલમાં પાંજરાપોળનું એક નવું મકાન બાંધવામાં આવેલું છે તે ઘણું સુંદર છે પણ જનાવરોને રહેવાને લાયક કહેવાય નહિં. પાંજરાપોળના મકાન બાંધતી વખતે માણસો કરતાં જનાવરોને રહેવાની સગવડ ઉપર વધારે ધ્યાન અપાવું જોઇએ. નવાં મકાનની સામેજ એક જુનું મકાન છે જેમાં બે મોટી અડાળી છે, જ્યાં ચોમાસાની રૂતુમાં જનાવરોને રહેવાની સગવડ ઘણી સારી છે છતાં પણ ત્યાં કેટલોક સુધારો કરવાની જરૂર છે. અડાળીની સામેજ એક મોટા ખાડા જેવું છે જેમાં ચોમાસામાં કાદવ અને પાણી ભરાઇ રહેવા સંભવ છે. તે ખાડા પુરાવી આસપાસ કઠણ માટી અને પથરી નંખાવી જમીન વધારે કઠણ અને મજબુત તેમજ કીચડ રહે નહિં તેવી કરવી જોઇએ.

પાંજરાપોળમાં રહેતાં જનાવરોમાંથી હાલી ચાલી શકે તેવાઓને પાંજરાપોળને ખરચે ભાડે રાખેલા બીડમાં ચરવાને લઈ જવામાં આવે છે જ્યારે અશક્ત અને દુબળાને હમેશાં પાંજરાપોળમાંજ રાખી ઘાસ ચંદી વગેરે આપવામાં આવે છે.

ઘાસ તથા કડબની મોટી ગંજીઓ કરી રાખેલી છે જે કાળ દુકાળે કામ આવે છે. આ પાંજરાપોળમાં કડબ વપરાતી હોવાથી "ચેફ કટર" રાખવાની ખાસ ભલામણ કરવામાં આવેછે.

માંદા જનાવરોની સારવાર બીલકુલ થતી નથી. પશુવૈદ અથવા ડાક્ટરની ઘણી જરૂર છે. મેસાણામાં રહેતા વેટરીનરી ડાક્ટરની મદદ લેવામાં આવે તોપણ ઘણો ફાયદો થશે.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેક્ટરે આ પાંજરાપોળના માંદા જનાવરોને દવા આપેલ છે તથા બીજી કેટલીક ઉપયોગી દવાઓ ઉતરાવી આપેલ છે.

પાટણ પાંજરાપોળ, તપાસી તા० २०–१०–०८

આજરોજ આંહિંની પાંજરાપોળ તપાસી છે. પાટણ ઇતિહાસિક, પુરાણું શહેર છે અને અહિંની પાંજરાપોળ પણ ઘણા જુના વખતની છે. આહિંની પાંજરાપોળ સાધારણ છે પણ આ પાંજરાપોળની બ્રાન્ચ ખલીપુરમાં રાખવામાં આવી છે તે ઘણીજ મોટી છે. ખલીપુર નામનું ગામ પાટણથી બે ગાઉ દુર છે અને મહારાજા ગાયકવાડ સરકારે તે ગામ પાટણ પાંજરાપોળને બક્ષીસ તરીકે આપેલ છે. ત્યાં પાંજરાપોળના મોટા મકાનો બાંધેલા છે. બેથી અઢી હજાર જનાવરો આસાનીથી રહી શકે તેવી મોટી મોટી અડાળીઓ બાંધેલી છે. વળી ચોમાસાની રૂતુમાં કાદવ ન થાય તેમજ જનાવરોને ડાંસ વગેરે હેરાન ન કરે તેટલા માટે પાંજરાપોળનો આખો કંપાઉન્ડ ઇંટો તથા પથરોથી જડી લીધેલો છે.

આહિંની પાંજરાપોળનો વહીવટ, જનાવરોની માવજત તથા વહીવટ કરનારાઓની જાતિ દેખરેખ જોઇ મને વધારે સંતોષ થયો છે. પાંજરાપોળમાં આવી જનાવરો કેમ સુખી થાય તે તરફ પુરતું ધ્યાન આપવામાં આવે છે.

ઘાસ તથા કડબ જથાબંધ સંગ્રહ કરી રાખવામાં આવેલ છે. ચેફકટર નથી તે રાખવાની જરૂર છે. આ પાંજરાપોળની પૈસા સંબંધમાં સ્થિતિ સંતોષકારક જણાય છે. વેપારઅંગે કેટલાક લાગાઓ છે. મુંબઇના ઝવેરી તરફથી તેમજ તાંબાકાંટા તરફથી પણ આ પાંજરાપોળને સારી મદદ મળે છે. સ્થાવર મીલકતના ભાડાઓ ઘણાં સારાં આવે છે.

વૈદક મદદની ઘણી જરૂર છે. માંદા જનાવરોને માટે એક હકીમ રાખેલ છે પણ કામ સંતોષકારક નથી. વડોદરા સ્ટેટના પાટણમાં રહેતા વેટરીનરી ડાક્ટરની મદદ લેવાની ભલામણ કરવામાં આવે છે.

# પૂના કોન્ફરન્સ અને અપ્રયોજક "જૈન"

પૂના કોન્ફરન્સ ફતેહમંદીથી પસાર થયાબાદ " જૈન "પત્રે " પૂના કોન્ફરન્સ, દિગ્દર્શન " એ નામે એડીટોરીઅલો શરૂ કર્યાં અને તેમાં પૂના કોન્ફરન્સને અપ્રયોજક પુષ્પાંજલી આપવા માંડી. પોતાની પત્રકાર તરીકેની ફરજ બજાવવાની હોશમાં–ખરી રીતે તો બેભાન અવસ્થામાં પૂના કોન્ફરન્સે અને તેના અધિકારીઓએ કરેલ કાર્યોને ગેરઇન્સાફ આપ્યો છે, એમ કહેતાં જરાપણ અચકાવા જેવું નથી.

" જૈન પત્ર "ના આવા અન્યાયી લખાણોના શબ્દે શબ્દોના જવાબ આપવાને અમોને ભલામણ થાય છે, અને તે માટે અમો તૈયાર છીએ. પણ તેમ કરવાને અમે જરૂર જાતા નથી. કારણ કે તેમ કરવાથી કોન્ફરન્સ જેવી ઉચ્ચ સંસ્થા પણ અપ્રયોજક લેખો લખવા મંડી એવો આક્ષેપ આવવા સંભવ છે. બીજો એ પણ આક્ષેપ આવે કે કોન્ફરન્સથી ખમાઇ શકાયું નહિ; માટે આવા પ્રત્યુત્તરો આપ્યા. આવા આવા કારણોથી અમો લંબાણમાં ઉતરવાને માગતા નથી. પણ વ્યાજબી શબ્દોમાં ન્યાય પુરઃસર અમો કેટલોક ખુલાસો કરીશું અને " જૈન " જેવા આપણી કોમના અગ્રગણનીય પત્રના અધિપતિને એકવાર ફરીથી શિખામણ આપીશું કે તમારા લેખોથી કોન્ફરન્સને સુધારવા માગોછો, એવી તમારી માન્યતા હોય તો તમારા અઘટિત શબ્દો અને વાકયો કોન્ફરન્સને લાભ કરે છે કે કેમ એનો પુખ્ત વિચાર કરો. તમો કયા અને કેવા હૃદયથી આવા અનુચિત લેખો લખો છો એ અમારે અત્રે જણાવવા જરૂર નથી. પણ તમારા ઉપરોકત લેખોથી તમને કોન્ફરન્સના હિતચિંતકને બદલે ઘણા જૈન બંધુઓ શત્રુ ગણવા તૈયાર થાય તે તદ્દન સંભવિત છે. અને તેથી તમારી સ્વકોમ પ્રત્યેની લાગણી અને મહેનત બરબાદ જાય છે–ઉન્માર્ગે દોરાય છે, તે તમારે ભૂલી જવું જોઇતું નથી. હિંદના બીજા પત્રકારો તરફ વિચાર કરો. મુંબઇનાજ ગુજરાતી પત્રકારોના લખાણોનો અભ્યાસ કરો. પારસીઓ તથા અંગ્રેજોના હાથતળે ચાલતાં પત્રો અને તેઓના જૈન કોન્ફરન્સ વિષેના વિચારો વાંચો. તો અમને ખાત્રી છે કે તમે પોતેજ પોતાની ભૂલ માટે શરમાશો અને પસ્તાશો. પૂના સાથે અથવા "પ"નામની રાશિ સાથે આપની રાશિ મળતી આવતી નથી, એમ જણાય છે. અને પૂના સંબંધી આપના લેખો તેવાજ રૂપમાં લખાએલા છે. તદુપરાંત કોઇ પણ લેખ લખતાં "ખરી બીના શું છે" "તે હકીકતમાં સત્ય કેટલું છે" તે પણ શોધતા હો તેમ જણાતું નથી. તેમજ આવા સત્યથી દુર લખાણોથી તમારી પોતાનીજ મૂર્ખતા જણાશે તેનો પણ તમે વિચાર કરતા નથી એ એક મહાન્ ખેદની વાત છે.

સ્વાગત કમીટીના (ચેરમેન) પ્રમુખ ચલમ પીતા હતા, આવા પ્રકારના વાકયો જૈનનું સંકુચિત મન બતાવી આપે છે. ચલમ માત્રથી તેમને વ્યસની કહેવા એ અન્યાયજ છે. પ્રસિદ્ધ સાત વ્યસનમાં ચલમ પીવી તે વ્યસન તરીકે ગણાતું નથી. અલબત અમો આવી બાબતોને પણ ઉત્તેજન આપવા માંગતા નથી, પરંતુ આવી ક્ષુલ્લક, અસભ્ય ટીકા કરવી એ

પવિત્ર પત્રકારની ફરજથી વેગળું છે. શેઠ શિવદાનજી જેવા એક નિર્વ્યસની માણસ માટે આવો વ્યક્તિ વિષયક અણુછાજતો હુમલો કરવો એ ખરેખર શોચનીય છે. આવા લેખોથી જૈનનું વજન ઘટે છે, એમાં શંકા જેવું નથી.

શેઠ શિવદાનજી વધારે રકમ આપી પ્રમુખ નીમાયા, એમ માનવામાં પણ મોટી ભૂલ છે. કારણ પ્રમુખની ચુંટણી થયા પછી લગભગ એક માસે ટીપ શરૂ થઇ હતી. ટીપમાં તેઓની રકમ સૌથી વધારે થવા પામી તે માટે પ્રમુખ સાહેબ નિરૂપાય છે. તેમાં તેમનો કિંચિત્ માત્ર દોષ નથી. થોડા માસ ઉપર ઉછામણીનું વિષ બીજ વાવી પૂનાનાં લોકોનું નાક લેવાનો વખત આ જૈન પત્રેજ આણેલો હતો, પણ સારા ભાગ્યે તે પ્રસંગ વીતી ગયેલો અને દક્ષિણી બંધુઓએ પોતાનું પુરૂષાતન પ્રત્યક્ષ બતાવી આપ્યું છે અને સંપને પૂનામાં સ્થાપન કરી જૈનના કલ્પિત કુસંપને દેશવટો દીધો છે.

ભાષણ લખવામાં અને વાંચવામાં અન્ય: પુરૂષોની મદદ લેવાની બાબતમાં ટીકા કરવી એટલા માટે ગેરવ્યાજબી છે કે તેવા દાખલાઓ ઘણી વખતે બનેલા છે. કોંગ્રેસ જેવી સંસ્થામાં તેવા બનાવો બનેલા સાંભળ્યા છે. દરેક વાતમાં કોઇ સંપૂર્ણ હોય કે ? તમારા પત્ર માટે પણ બીજાની જરૂર પડે છે એમ તમે સારી રીતે જાણો છો.

સ્વાગત કમીટીના ચેરમેન સાહેબે ફલોધિ અને ભાવનગર સિવાયની સર્વે કોન્ફરન્સની બેઠકો વખતે હાજરી આપી છે, એટલુંજ નહીં પણ પોતાનો ઉદાર હાથ ઘણી વખતે કોન્ફરન્સના જૂદા જૂદા ખાતાઓ તરફ લંબાવેલ છે. તેઓની ચેરમેન તરીકેની નીમણુંક પૂનાના શ્રી સંઘે સર્વાનુમતે કરી હતી. આ બધી બીનાની તપાસ કર્યા વગર "જૈન,"માં ઉપરોક્ત બીનાથી વિરૂદ્ધ લખાએલું છે, અને તેમ થવાથી પૂનાવાસી બંધુઓને ઘણું માઠું લાગેલું છે.

દક્ષિણીભાઇઓ માટે અશિક્ષિત, અજાણ, અભણ, ઉછામણી આદિ શબ્દો લખી જૈન પત્રે પોતાની કલમનો દુરૂપયોગ કરેલો છે. તેમજ ઉતારા અને ખાનપાનાદિની વ્યવસ્થા માટે પૂનાવાસીઓએ ઉત્તમ સગવડ કરેલી હોવા છતાં માત્ર ખોડજ શોધી કહાડી પોતાની દૃષ્ટિને તેમજ બુદ્ધિને ઉંધે રસ્તે દોરીને મહાન અન્યાય કર્યો છે.

આ સ્થળે અમારા પૂનાવાસી બંધુઓનું ધ્યાન ખેંચીએ છીએ કે જૈન પત્રના લખાણુથી માઠું ન લગાડતાં તે લખાણુની ઉપેક્ષા કરવીજ યોગ્ય છે, કારણ કે ભૂંડા ગમે તે કરે પરંતુ ભલા પુરૂષોએ ભલાઇજ કરવી ઉચિત છે.

કોન્ફરન્સ ઓફીસ અને તેને અમૂલ્ય મદદ આપનારાઓ માટે પણ જૈન પત્ર અધુરી તપાસે જબરી ભૂલો કરવાને દોરવાઇ જાય છે અને તે માટે ઉત્તરો પણ અપાય છે, પણ હરવખત તેમ કરવું અમે ઉચિત ધારતા નથી, કારણ કે ચાલુ ટેવથી 'જૈન' પોતેજ અજ્ઞાન પત્રમાં ખપે છે, અલબત તેઓનાં લખાણુમાં સત્ય, સાર અને પથ્ય હોય તેટલા ઉપર ધ્યાન આપવાને તૈયાર રહીએ છીએ અને તેવું ગમે તેની તરફથી મળે તે ઉપર ધ્યાન આપવા કોન્ફરન્સ ઓફીસના અધિકારીઓ વિરોધ બતાવતાજ નથી.

જૈન પત્રકારને છેવટે જણાવીએ તો ગેરવ્યાજબી નહીં ગણાય કે લેખ સ્વતંત્રતાથી લખાય તેના માટે કોઇપણ ના પાડી શકે નહીં (ઉલટું અમારૂં માનવું છે કે તે લાભકારક નીવડે.) પણ સ્વચ્છંદતા તો નુકશાનજ કરે: તમારા ઘણા લેખોમાં સ્વતંત્રતા અને સ્વચ્છંદતાને એક કરવામા આવેછે અને તે વખતે તમો કોઇ પ્રકારે ગેરવ્યાજબી રસ્તે દોરવાઇ જાઓ છો. અને કોઇક વખતે સાચું ખોટું ભરડી નાંખોછો, બકવાદ કરોછો. ખરેખર અમને આટલું લખવું પણ ઠીક નથી લાગતું, પણ જૈન કોમ મધ્યેના એકજ પત્રકાર તરીકે તમારી ખ્યાતિ (ઘટે છે તેને બદલે) વધે અને તેમાં અમારી સૂચનાઓ મદદગાર થઇ પડે તે ખાતર તથા તમે પ્રથમથીજ કોન્ફરન્સના હિતચિંતક છો એ માનવું કાયમ રહે, તે ખાતર આટલું લખવું પડયું છે. તમો અને તમારૂં જૈન સારી સ્થિતિમાં રહે એજ અમારી અંતઃકરણની ઇચ્છા છે. જૈન પત્રના લખાણોમાં ગમે તેના માટે ગમે તે પ્રકારે કોઇપણ બીના આવે તેને માટે કોન્ફરન્સને જવાબદાર ગણવી એ ભૂલ ન થવી જોઇએ. અલબત જૈન પત્રથી લાભ થાય તેવા માર્ગે તેના અધિપતિ કામ કરે તેવી સૂચના કરવી તે અમારી ફરજ છે અને તેમ ધારીનેજ આ લેખનું પ્રયોજન થયું છે તે ધ્યાનમાં લેવું.　　　　લી. **મધુકર.**

---

# કોન્ફરન્સના કાર્યોનું સિંહાવલોકન.

---

આ અંક સાથે આ કોન્ફરન્સ ઓફીસ તરફથી અત્યાર સુધીમાં શા શા કામ કર્યાં તે સંબંધી એક કોષ્ટકના રૂપમાં મદેહનજર વ્હેંચવામાં આવી છે. આ મદેહનજર દરેક વ્યક્તિએ ધ્યાનપૂર્વક વાંચવી. કેટલાક કહે છે કે કોન્ફરન્સે કાંઇ કર્યું નથી. તેવા કહેનારાઓને આ સિંહાવલોકન તપાસવા સૂચના કરીએ છીએ.

જુદા જુદા ખાતામાં પૈસા ભરનારાઓ જેમને કેટલાક સમજાવે છે કે તમારા પૈસાનું કાંઇ સાર્થક થયું નથી, તેવા નાણાં ભરનારાએ તપાસવું કે તેમના ભરેલા પૈસાનું કેટલું સુકાર્ય થયું છે.

અંગ્રેજીમાં કહેવત છે કે રોમ એક દીવસમાં બંધાયું નહોતું. તેમ સારા કાર્યો એકી વખતે થઇ શકે નહીં. કોન્ફરન્સ ઓફીસને ગોઠવવામાં ઘણા ભેજાની જરૂર જણાયેલી અને આજે પાંચ-છ વર્ષે હવે કોન્ફરન્સ ઓફીસ કામ કેવી રીતે અને કઇ પદ્ધતિ ઉપર કરવું તે જાણતી થઈ છે.

મુસ્કેલી દરેક કાર્યમાં છે-આવી મુસ્કેલી કામ કરનારાઓજ જાણે છે, નહી કે કહેનારાઓ. કહેનારાઓ કેવળ વાતો કરી અને શુષ્ક લેખો લખી આવા સારા કાર્યોને ધોકો પ્હોચાડે છે-પણ આવી ખોટી અફવાઓ ઉડાવ્યા પ્હેલાં અમે આ કહેનારાઓને આ કોષ્ટક જોવા અને

તે જોતાં પણ તેમનું મન ન માને તો કોન્ફરન્સ ઓફીસમાં થતાં કાર્યો તપાસવા સૂચના કરીએ છીએ.

કોન્ફરન્સ ઓફીસ તર્ફથી બ્હાર પડેલી ગ્રંથાવલિ નામના પુસ્તકની પ્રશંસા થવા લાગી છે,–અને આ પુસ્તક રાખનારાઓને જૈન જ્ઞાનભંડાર શું છે અને તે કેવા પ્રકારનો હોવો જોઇએ તે જાણવા ખાસ તક મળે છે, વળી અમુક સ્થળેથી અમુક પ્રત મળી શકશે તે જાણવા માટે આજ ગ્રંથ સાધનભૂત છે. આપણા મુનિરાજોના ઉપયોગ અર્થે સેંકડો બલકે હજારો રૂપિયા ખર્ચી અમુક પ્રતો લખાવવા તજવીજ થાય છે. તેવા પૈસા ખર્ચનારાઓને અમુક પ્રત કેવી છે, કેટલા શ્લોકની છે, તે કયાંથી મળી શકશે વગેરે જાણવા માટે આ સાધન છે. આ પુસ્તકની કિંમત તેના સંગ્રહનારા જાણી શકે છે અને આવા ટીકા કરનારાઓ જો તપાસશે તો તેમની ખાત્રી થશે કે આ પુસ્તક કેવા પ્રકારનું છે. વળી યૂરોપિય પ્રોફેસરોને પણ આ ગ્રંથ ઉપયોગી થઇ પડે તેમ છે.

ઉપરની હકીકતથી વાંચનારાઓ જોશે કે કોન્ફરન્સે કરેલું કામ જો કે સમુદ્રમાં બિન્દુ સમાન છે–પણ સારા કાર્યોમાં હમેશાં વીલંબ થાય છે અને તેથી આવા કાર્યો માટે પ્રહાર કરવા પ્હેલાં તેમને કેમ પોષવા તે તર્ફ દરેક વ્યક્તિએ લક્ષ રાખવું.

શ્રીમાનોએ પૈસાની, વિદ્વાનોએ બુદ્ધિની અને કામ કરનારાઓએ શ્રમપૂર્વક કાર્ય લેવાની વગેરે મ્હેનત કરી આ કાર્યને સર્વ રીતે પોષવું જોઇએ છે. ન્હાનામાંથી મ્હોટું થવાય છે. હવે કોન્ફરન્સ રૂપી બાલક ૭ વર્ષનું થયું છે અને તેને માટે ફીકર રાખનારાઓને હવે અમળાવું જોઇતું નથી.

---

# અભિપ્રાય.

**બુધ્ધિપ્રભા**—અમદાવાદની શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રગટ થતા આ માસિકના ત્રણ અંકોની પહોંચ સ્વીકારતાં અમને ઘણો સંતોષ ઉપજે છે. આ માસિકમાં આવતા ઉત્તમ લેખો ઉપરથી એમ લખ્યા વગર ચાલતું નથી કે આ માસિકનો જન્મ આપણી કોમને માટે આવકારદાયક છે. કોઇ પણ અંગત વિષય અથવા જેથી કોમમાં કુસંપ વધે તેવો કોઇ પણ લેખ આ માસિકમાં દાખલ કરવામાં આવશે નહીં જ; આ હેતુ પણ પ્રશંસાપાત્ર છે. આપણી કોમમાં ખરૂં પુછાવો તો આવા મધ્યસ્થ માસિકોની જ સાંપ્રત કાળમાં જરૂર છે. વિશેષમાં આ માસિકમાં મુનિશ્રી બુદ્ધિસાગરજીના લેખો ખાસ મનન કરવા લાયક છે. આ માસિકનો ખર્ચ બાદ કરતાં જે ઉપજ થશે તેનો ઉપર જણાવેલ બોર્ડિંગના હિતમાં ઉપયોગ કરવો તે ઉદ્દેશ પણ વખાણવા લાયક છે. દરેક ધર્માભિમાની પુરૂષે આવા માસિકના ગ્રાહક બની ઉત્તેજન આપવું જોઇએ. અમે આ માસિકની હરેક રીતે ફતેહ ઇચ્છીએ છીએ.

# કૉન્ફરન્સની મુંબઈ હેડ ઑફીસમાં થએલું કામકાજ.

**નવી નીમાયેલી એડ્વાઇઝરી બોર્ડ તા૦ ૭-૬-૦૯**

ગતવર્ષની એડવાઇઝરી બોર્ડ ડીસોલ્વ થયેલી જાહેર કરી ચાલુ વર્ષ માટે નવી એડવાઇઝરી બોર્ડમાં ઓફીશીઅલ અને વિભાગી એવા બે જાતના મેંબરો નહીં રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તથા ચાલુ વર્ષની એડવાઇઝરી બોર્ડમાં ૧૮ ગૃહસ્થોની નીમણુક કરવામાં આવી હતી.

ચાલુ વર્ષ માટે નવા સ્થપાએલા એડવાઈઝરી બોર્ડે તા૦ ૭-૬-૦૯ ના રોજ નીચે પ્રમાણે કમીટીઓ નીમી છે:—

જીવદયા કમીટી, નિરાશ્રિત કમીટી, જીર્ણમંદિરોદ્ધાર કમીટી, ઉપયોગહીન ફંડ શોધક કમીટી ને સક્કર કેશર પરીક્ષક કમીટી.

સક્કર કેશર પરીક્ષક કમીટીને પોતાનો રીપોર્ટ જલદી તૈયાર કરવા આગ્રહ કરવામાં આવ્યો હતો, અને ઉપયોગહીન ફંડ શોધક કમીટીને પોતાના કામની શરૂઆત કરવા ખાસ આગ્રહ કરેલ હતો.

મુંબઇમાં સુકૃત ભંડારની યોજના અમલમાં મૂકાવવા માટે મુંબઇના સંઘની એક મીટીંગ બોલાવવા સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદને વિનંતિ કરી હતી, જેને લીધે મુંબઇનો સંઘ તા૦ ૧૦-૬-૦૯ ગુરૂવારે મળ્યો હતો, અને સુકૃત ભંડાર મુંબઇમાં ઉઘરાવવાનો સ્તુત્ય ઠરાવ કર્યો હતો.

આ ફંડ ઉઘરાવવાનું કામ મી૦ લ્હેરૂભાઇ ચુનીલાલે ધી તીર્થરક્ષક સ્વયં સેવક મંડળની વતી માથે લેવા આ વખતે ઇચ્છા દર્શાવી હતી.

## ગત વર્ષની જીવદયા કમીટી,—મળી તા૦ ૬-૬-૦૯.

પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ મોતીચંદ કુંરજી ઝવેરીએ નીચે પ્રમાણે યોજના રજુ કરી:-

પાંજરાપોળો માટે વેટેરીનરી (પશુવૈદાનું) જ્ઞાન આવવા માટે એક સેંટ્રલ સ્કૂલ કરવી, (આ બાબત ઉપર વિચાર ચાલે છે.)

મી૦ મોતીલાલ કુશળચંદે પાંજરાપોળ ઇન્સ્પેક્ટરને નીચે પ્રમાણે સુચના કરી:—

સામાન્ય રીતે પાંજરાપોળોના જનાવરોમાં ખોરાક માટે ઘાસ અથવા કડબ માટે ચેફકટર દાખલ કરવાની સુચના આપવી કે જેથી ખોરાકના જથામાં બચાવ થવા સાથે બાકીનો કચરો થોડો થશે અને તે પણ જાનવરોને બીછાના તરીકે વાહપરવો. વળી જાનવરો છુટાં રહી શકે તે માટે **બોક્સ સીસ્ટમ** કે જેનો નકશો મી૦ મોતીલાલે ડોકટર મોતીચંદને આપવા જણાવ્યું છે તે દાખલ કરવાથી જાનવરોની તંદુરસ્તી સુધરવા ઉપરાંત જીવાત ઉત્પન્ન ન થતાં ઉત્તમ ખાતર તૈયાર થશે કે જેની ખેડુતો સારી કીમત આપશે. આ સિવાય નાનાં બકરાં અને ઘેટાંને ખાતાં શીખતાં કરવા માટે ખોળ બારીક થઇ શકે તેવડા કેકબ્રેકર દાખલ કરવાં અને તે ઉપર જરા મીઠાનું પાણી છાંટી તેમને ખવરાવવા મૂકવું.

**એજ્યુકેશનલ બોર્ડની** એક મીટીંગ તા૦ ૧૩-૬-૦૯ ના રોજ શેઠ માણેકલાલ ઘેલાભાઇના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે આ બોર્ડમાં કેટલાંક નામો ઉમેરવામાં

આવ્યાં હતાં, ત્યાર પછી નીચે પ્રમાણે આ બોર્ડના હોદ્દારોની નીમણુક કરવામાં આવી.

શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ—પ્રમુખ          મી૦ મોતીચંદ ગીરધર કાપડીઆ
બી. એ. એલ એલ. બી. સોલીસીટર
મી૦ મનસુખલાલ કીરતચંદ મેહેતા } સેક્રેટરી

મી૦ લખમશી હીરજી મૈસરી બી. એ. એલ એલ. બી.—ઉપપ્રમુખ

આ વખતે આ બોર્ડ માટે નિયમનો ખરડો તૈયાર કરવા આ બોર્ડમાંથી પાંચ મેંબરોની એક કમીટી નીમવામાં આવી હતી. તા૦ ૨૭–૬–૦૯ ની મીટીંગ વખતે મજકુર ખરડો રજુ કરવો એવો ઠરાવ કરી મિટીંગ વિસર્જન થઈ હતી.

જીર્ણમંદિરોદ્ધાર કમીટી,—મળી તા૦ ૧૮–૬–૦૯

શેઠ નેમચંદ માણેકચંદ–પ્રમુખ, શેઠ મોહનલાલ પૂંજાભાઇ–સેક્રેટરી, નીમાયા.

નિરાશ્રિત કમીટી મળી તા૦ ૧૯–૬–૦૯

શેઠ માણેકલાલ ઘેલાભાઇ—સેક્રેટરી નીમાયા.

મુંબઇના શ્રી સંઘની તા૦ ૧૦–૬–૦૯ ની મીટીંગ વખતે મી૦ લ્હેરૂભાઇ ચુનીલાલે મુંબઇમાં સુકૃતભંડાર ઉઘરાવવાનું માથે લેવા દર્શાવ્યું હતું તેથી તેમણે આ કામ માટે સ્વયંસેવક મેળવવા જાહેર ખબર આપી આ સ્વયંસેવકોની તથા શ્રી તીર્થરક્ષક સ્વયંસેવક મંડળની એક મીટીંગ તા૦ ૨૦–૬–૦૯ ના રોજ મી૦ મકનજી જુઠાભાઇ મ્હેતા બી૦ એ૦ એલ એલ૦ બી૦ ના પ્રમુખ પણા નીચે મળી હતી.

ધી જૈન તીર્થરક્ષક સ્વયંસેવક મંડળ ડીસોલ્વ થયેલું જાહેર કરવામાં આવ્યું અને તેની જગ્રેએ ધી જૈન સ્વયંશેવક મંડળ નામનું નવું મંડળ સ્થાપવામાં આવ્યું. આ મંડળના સેક્રેટરી તરીકે મી૦ લ્હેરૂભાઇ ચુનીલાલ નીમાયા. પછી મુંબઇમાં સુકૃતભંડાર ફંડ ઉઘરાવવાનું ઉપાડી લેવાનો આ મંડળે ઠરાવ કર્યો. આ વખતે કોટવોર્ડમાં આ ફંડ ઉઘરાવી આપવા મી૦ મોહનલાલ પૂંજાભાઇએ માથે લીધું.

સકર કેશર પરીક્ષક કમીટી—મળી તા૦ ૨૧–૬–૦૯

મી૦ મોતીલાલ કુશળચંદ શાહ—સેક્રેટરી નીમાયા.

આ કમીટીનો રીપોર્ટ સેક્રેટરીએ જલ્દી તૈયાદ કરી કમીટી આગળ રજુ કરવો એમ ઠરાવ કરવામાં આવ્યો.

ધી જૈન સ્વયંસેવક મંડળની બીજી મીટીંગ તા૦ ૨૨–૬–૧૯૦૯ ને રોજ મળી હતી. તે વખતે મુંબઇના ૧૧ વોર્ડ પાડવામાં આવ્યા હતા, અને પ્રથમ કાલબાદેવી વોર્ડ હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું હતું, આ વોર્ડના ત્રણ જુદા જુદા વિભાગો પાડી દરેક વિભાગ માટે બબે ત્રણ ત્રણ સ્વયંસેવકો નીમવામાં આવ્યા. ત્યાર પછી સુકૃતભંડારના હેતુઓ લોકોને સમજાવવા માટે મુંબઈમાં જુદે જુદે સ્થળોએ જાહેર મીટીંગો બોલાવી ભાષણો આપવાનો ઠરાવ કરી ફંડ ઉઘરાવવાનું અશાડ શુદી ૧૫ થી શરૂ કરવાનું નક્કી કરી સભા વિસર્જન થઇ હતી.

એડવાઇઝરી બોર્ડની બીજી મીટીંગ—મળી તા૦ ૨૪–૬–૧૯૦૯

બહાર ગામમાં સુકૃતભંડાર ફંડ ઉઘરાવવા સંબંધી પત્ર વ્યવહારાદિ કાર્યો કરવા માટે એક સુકૃતભંડાર કમીટી નીમી અને તે કમીટીના સેક્રેટરી શેઠ મોહનલાલ પૂંજાભાઇને નીમવામાં આવ્યા;

એજ્યુકેશન બોર્ડની બીજી મીટીંગ—મળી તા૦ ૨૭–૬–૦૯

નીમેલી સબ કમીટીએ તૈયાર કરેલો નિયમોનો ખરડો રજુ કરવામાં આવ્યો હતો અને તે ખરડાની નકલ દરેક મેમ્બરને મોકલવી, એમ નકી કરવામાં આવ્યું.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૧)—ધાર્મિક શિક્ષણ આપવાની આવશ્યકતા છે?

શું પૂર્વ કે શું પશ્ચિમમાં ધર્મની અસર વ્યાવહારિક કે લૌકિક કેળવણી ઉપર સદા તેજ હોય છે......આગળ તો ધર્મ એજ બન્ને દેશોમાં મુખ્યત્વે કરી કેળવણીનો વિષય હતો. ધર્મનો સંબંધ ગૃહવ્યવસ્થા, જનસમુદાય વ્યવસ્થા વિગેરે અનેક સાથે રહેલ છે; અને આભ્યંતરિક શાંતિનું સ્થાન છે, છતાં બાહ્ય વિષયોમાં પ્રવૃત્ત થતાઓમાં સારા સંસ્કાર પાડવા સમર્થ છે. મનુષ્ય વ્યક્તિને બહિઃસૃષ્ટિ કે જેમાં બીજા મનુષ્ય ભાઇઓનો સમાવેશ થાય છે તેવી બહિઃસૃષ્ટિ સાથેનો અનેક પ્રકારનો સંબંધ જણાવવામાં લાવનાર ધર્મ શિક્ષણજ છે. સારે રસ્તે ધર્મનીતિની કેળવણી અપાય તો ખોટા વ્હેમોનો નાશ થાય અને ખરું રહસ્ય ઉદ્‌ઘાટન પામવાથી ખરી શ્રદ્ધા સુદૃઢ બને.

**શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા, બી. એ.**

ધર્મ એ એક પ્રબળ શકિત છે. ત્હેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો મનુષ્યને સુધારવાનું, ઉચ્ચ માર્ગે ત્હેને લઈ જવાનું અને ત્હેની પાસે મ્હોટાં મ્હોટાં પરમાર્થિક કાર્યો કરાવવાનું તે એક ઉત્તમ સાધન થઇ પડે છે. સામાન્ય જન સમાજને તો ત્હેના વિના બીજું એકે નિયંત્રણનું બળ નથી.

**કાન્તિલાલ છગનલાલ પંડયા, બી. એ.**

સર્વ દેશીય ધર્મ (cosmopolitanism) હજી સુધી સૃષ્ટિમાં પ્રવર્ત્યો નથી ત્યાં સુધી ધાર્મિક શિક્ષણ—અમુક ધર્મનું—આપવું જોઇએ. એની આવશ્યકતા નીચેના બે સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો ઉપરથી તાદૃશ થશેઃ ૧— **મી૦ એન. જી.** વેલિન્કર (મુંબાઇ) પ્રથમ હિન્દુ હતા; પાછળથી

ખ્રિસ્તિ થયા; અને હાલ સમાજીસ્ટ થયા છે. રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ (ભાવનગર) પ્રથમ હિન્દુ હતા; પાછળથી ખ્રિસ્તિ થયા; અને વળી હિન્દુ ધર્મમાં પાછા આવ્યા. આ પરિણામ વિદ્યાર્થિ અવસ્થામાં ધાર્મિક શિક્ષણ નહિ મળવાને લીધે આવ્યાં હશે. જો હેમને ધાર્મિક શિક્ષણ આપેલું હોત તો તેઓએ અન્ય ધર્મના સિદ્ધાંત સ્વિકારતાં પહેલાં હેમનું સત્ય જરૂર તપાસ્યું હોત.

અમુક ધર્મનું શિક્ષણ પ્રથમ આપવુજ. એથી ધાર્મિક વૃતિઓ ઉદ્‌ભવશે. ભવિષ્યમાં અન્ય ધર્મના અભ્યાસમાં સ્હાયરૂપ નિવડશે.

**કરીમ મહમદ, એમ. એ.**

ધર્મના ખાસ શિક્ષણની ખાસ જરૂર છે. સરકારની શાળાઓમાં તે અપાય નહિ માટે જુદા જુદા ધર્મ તથા પંથવાલાએ તે વિષે યત્ન કરવાની ભારે જરૂર છે.

**હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાલા,**
દિવાન, લુણાવાડા સ્ટેટ.

ધર્મપર અનાસ્થા વધતી જાય છે ને તેથી નીતિને પણ નુકશાન પહોંચે છે. લોકો દંભી તથા અસત્યશીલ થતા જાય છે, ધર્મ નીતિનું મૂળ છે, ધર્મથી ઐહિક ને આમુષ્મિક શ્રેય થાય છે, માટે ધર્મશિક્ષણની જરૂર છે.

**કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.**

ધર્મના તત્ત્વનો બરાબર બોધ થવાથી મનુષ્ય જીવનનો ગંભીર અર્થ કરતાં શીખે છે, ને જીવનનો ગમે તેમ વ્યય કરવાને બદલે 'હું એક જોખમદાર ઋણી છું' એમ સમજી તેનો તે સદ્‌વ્યય કરે છે.

**ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા, બી. એ.**

ધર્મ શિક્ષણની બેશક જરૂર છે. કારણ કે એ સર્વોપરીજીવનનું શિક્ષણ છે. કારણકે જીવન એટલે શું તે એથી સમજાય છે. સામાન્ય નીતિનો પાયો ધર્મ છે. ધર્મ વગર માત્ર સામાન્ય નીતિનું શિક્ષણ સફળ થાય એમ લાગતું નથી. યોગ્ય નિયંત્રણ અને સારી ટેવો ધર્મના પાયા ઉપરજ યોગ્ય રીતે બંધાઇ શકે.

**મણિશંકર રત્નજી ભટ્ટ, બી. એ.**

નાનપણમાં સારી યા નરસી છાપ પડશે તેની અસર આખી જીંદગીપર થવાની, તેથી બાળકોનું મન, વ્યાવહારિક વિષયથીજ ભરીને, ધર્મના આસ્વાદનથી વિમુખ રાખવામાં આવશે તો શ્રેષ્ટ જીવન નહિ બને.

**મોહનલાલ જેસિંગભાઈ બારોટ.**

જૈન સિદ્ધાંત મુજબ " વથ્થુ સહાવો ધમ્મો " ( વસ્તુનો સ્વભાવ તેજ ધર્મ ) એ નિશ્ચયાર્થ લઇ, તે નિશ્ચય જેથી સિદ્ધ થાય એવા વ્યવહારમાર્ગનું શિક્ષણ અત્યાવસ્યક છે.

**મનઃસુખલાલ કીરત્‌ચંદ મહેતા.**

ધર્મ શિક્ષણની જરૂર તો છેજ. પોતાપણું જે માણસ જાણતો નથી કે સમજતો નથી તે વૃથા જીવે છે, અને પોતાપણું જાણવા સમજવા પોતાના ધર્મનાં જ્ઞાનની પહેલી જરૂર છે.

**હિમ્મતલાલ ગણેશજી અંજારિયા, એમ. એ.**

ખાસ સ્વાભિમાન અને દૃઢતાના કાયમ ગુણનું અવલંબન કરવા ધર્મ શિક્ષણની જરૂર છે.

**કરૂણાશંકર જેઠાલાલ વ્યાસ.**

'વિદ્યા ધર્મેણ શોભતે;' 'જ્ઞાન કરતાં સદ્‌વર્તન શ્રેષ્ઠ છે;' 'સાક્ષરા વિપરીતા રાક્ષસા ભવન્તિ;' વગેરે કહેવતો ધર્મ શિક્ષણની જરૂરીયાત સ્પષ્ટતાથી જણાવી આપે છે.

**પોપટલાલ કેવળચંદ શાહ.**

**धर्म शिक्षण देना जरुर है, कारण (क) केवल मात्र व्यवहारिक शिक्षासे शिक्षाकी सर्वागीन पूर्णता नहीं होती, तथा (ख) मनुष्योंकी आध्यात्मिक पिपासा (Spiritual thirst) की तृप्ति हुये बिना मनुष्य मनुष्य पदका योग्य अधिकारी नहीं हो सकता.**

**विद्यार्थीओंको छोटी उमरमें सामान्य नीतिकी शिक्षा ही देना चाहिये परन्तु वय तथा ज्ञान वृद्धि के साथ साथ क्रमशः धर्म्म तत्त्वकी शिक्षा देनी आवश्यक है.**

**कुमारसिंग नाहार, बी. ए.**

પ્રાથમિક વર્ગમાં ધર્મના ખાસ શિક્ષણની જરૂર નથી, માત્ર સામાન્ય નીતિનું શિક્ષણ આપવું પુરતું તથા યોગ્ય છે. આગળપર ધર્મ શિક્ષણની ખાસ આવશ્યકતા છે. આવશ્યકતા એટલા જ માટે કે યોગ્ય વય થતાં એ શિક્ષણ દ્વારા મનુષ્યના નૈતિક વિચાર એવા દૃઢ હોય કે જેથી સંસારમાં તે બહુ ઉપયોગી અને દાખલો લેવા યોગ્ય મનુષ્ય થઇ શકે.

**વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, બી. એ, બૅરિસ્ટર-ઍટ-લૉ.**

ખાસ કોઇ ધર્મનું નહિ, પરંતુ સામાન્ય ધર્મનું શિક્ષણ આપવાની જરૂર લાગે છે. ધર્મના શિક્ષણ વગર માણસ હૃદયના સાચા બળવાળો તથા ધર્મના ખરા ચૈતન્યવાળો નહિ બને.

હાલમાં આપણા લોહીમાંથી ધર્મનું ખરૂ ચૈતન્ય ઉડી જઇ, હૃદયની ખરી લાગણી વિના માત્ર ઉપલક ઉપલક ધર્મની વૃત્તિને ખરો ધર્મ માની માણસ ભૂલાવામાં પડે છે. ધર્મના બળથી જ માણસ આત્મિક બળ તથા ખરી શ્રદ્ધાવાળો બની દુનિયાના માયિક ઘા સહેવામાં નિડર રહી શકી, પોતાનું ધારેલું કામ પાર ઉતારી શકે છે. ઐહિક દ્વારા આમુષ્મિક કલ્યાણ મેળવવાની વૃત્તિ ધર્મથી જ ઉદ્‌ભવી શકે છે.

**બહેચર ત્રિકમજી પટેલ.**
**હરિશંકર નાગરદાસ આચાર્ય.**
**ભાણાભાઈ મોતીભાઈ રાણા.**
**દયાશંકર તુળજારામ પંડયા.**

ધર્મ નીતિના શિક્ષણની જરૂર છે પણ, ઉદાર પાયા ઉપર. ધર્મ માણસને ઉચ્ચ ભાવના તરફ દોરનાર છે. તેમ જ આ દેશમાં તો ધર્મ અને રાજકીય બાબતોને પણ સગપણ છે. આપણા જુના ધર્મનો બરાબર આદર્શ બાળકોને દેખાડો અને તેઓ કોઇ દિવસ પરદેશીઓથી ખેંચાશે નહિ. આ મ્હારો ધર્મ છે અને આ મ્હારો દેશ છે એવી જો ભાવના ઉત્પન્ન થાય છે તો રાષ્ટ્રીય ચળવળ મજબુત થયા વગર રહે નહિ.

**જયસુખલાલ કૃષ્ણલાલ મેહતા, એમ. એ.**

સર્વમાન્ય ધર્મ શિક્ષણ આપવાની બહુ જરૂર છે. પણ વિદ્યાર્થીઓને "વાડાજ્ઞાન"થી દૂર રાખવા જોઇએ, નહિ તો ગચ્છ મતનો આગ્રહ—મતાંધતા—પ્રકટશે.

**લખમશી હીરજી મૈશેરી, બી. એ., એલ્ એલ્. બી.**

દરેક શિક્ષણની દરેક મનુષ્યને જરૂર છે. ધર્મના મતો કે પંથો એ કાંઇ ધર્મ શિક્ષણના ખાતાઓ નથી, પણ મતાગ્રહીઓ અને મતાંધ વાદીઓની દુકાનો છે. તેમાં વાસ્તવિક ધર્મનું શિક્ષણ મળતુંજ નથી, પણ માત્ર ધર્માંધતા વધે છે અને તેથી બીજા ધર્મો તરફ અભાવ વધવાને લીધે તે ધર્મોની જાણવા જોગ અને ગ્રાહ્ય વાતોથી અજ્ઞાન રહેવાય છે. દરેક પંથ કે મત સાથે આ દૂષણ વળગેલું છે. માટે જો ધર્મ શિક્ષણ આપવું હોય તો એક મનુષ્ય તરીકે આપણી ફરજ શું છે એટલુંજ શિક્ષણ પુરતું છે.

**જટાશંકર લીલાધર વૈદ્ય.**

ધર્મનુ ખાસ શિક્ષણ આપવાની હું જરૂર જોતો નથી.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી.**

તૈયાર છે! તૈયાર છે!! તૈયાર છે!!!

## કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્ત્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩-૦-૦.

---

# જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસતા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મૂજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએઃ—

| રૂા. | લીટી |
|---|---|
| ૧ ... ... ... ... ... | ૩ |

દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે.

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે ½ ગણો ચાર્જ પડશે, ૭ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ¾ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઈંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઆર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસિસ્ટંટ સેક્રેટરી

**શ્રી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સ.**

પાયધુની, મુંબઈ.

---

# જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને તથા અન્ય ગૃહસ્થોને કીંમતમાં ઘટાડો કરી નીચેના ભાવથી આપવા નક્કી કરવામાં આવ્યું છે.

| | હેરલ્ડના ગ્રાહકને | બીજાઓને | મુળકીમત |
|---|---|---|---|
| મુંબઇનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૨-૦ |
| ફલોધીનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૦-૦ |
| વડોદરાનો રીપોર્ટ | ૦-૬-૦ | ૦-૮-૦ | ૦-૧૦-૦ |

ઉપર મુજબ જણાવેલ ત્રણે પુસ્તકો હેરલ્ડના ગ્રાહકને રૂા. ૧ થી આપવામાં આવશે. વી૦ પી૦ પોસ્ટેજ જુદું.

આસિસ્ટંટ સેક્રેટરી

**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.**

## જૈન બંધુઓ વાંચો અને અમુલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતામ્બર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારપછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુસ્કેલ કામના દ્વિતીય ફળ-રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના-ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત)—એવી રીતે બે ભાગ આ સમયે જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવાલાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તીસંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ-સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હોવાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકમાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભામંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપૂર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલ, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. છતાં આ બુકની કિંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦-૧૨-૦ અને બીજા ભાગના રૂ. ૧-૪-૦ અને બન્ને ભાગ સાથેના રૂ. ૧-૧૪-૦ રાખવામાં આવેલ છે. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૬૦૦૦ ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં આ જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વે જૈન બંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

નકશાની છુટી નકલ અઢી આનાની પોસ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

---

## કોન્ફરન્સ ઓફિસમાંથી વેચાતાં મળતાં પુસ્તકો.

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ—પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘર દેરાસર ) સુદ્ધાંત ) હકીકત આપવામાં આવેલી છે. મુંબાઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઈડ (ભોમિયો) તરીકે થઈ પડવા સંભવ છે આ પુસ્તકમાં જુદા જુદા કાલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાનાં પુંઠાથી ] બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. મુલ્ય ફકત રૂ૦ ૧-૮-૦ રાખવામાં આવેલ છે.

श्री [illegible] ताम्बर कान्फरन्स [illegible]

SHRI [illegible] TAMBER [illegible] FERENCE HERALD.

[illegible] ૧૯૦૯. (અંક ૮.

प्रकाशक [illegible]

श्री जैन (श्वेतांबर) [illegible] आफिस, मुंबई.

विषयानुक्रम [illegible]

## विषय. पृष्ठ.


| | |
|---|---|
| [illegible] | १९९ |
| [illegible] | २०१ |
| [illegible] | २०३ |
| [illegible] | २०५ |
| श्री [illegible] | २०६ |
| [illegible] (લેખક [illegible] પી. પરમાર.) | २०७ |
| [illegible] બી. એ. એલ એલ. બી.) | २११ |
| [illegible] (લે. રા. મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ.) | २१५ |
| [illegible] રીપોર્ટ | २१७ |
| જૈન [illegible] | २१९ |
| [illegible] | २२१ |
| [illegible] | २२३ |
| [illegible] | २२६ |
| [illegible] | २८ |


( Bombay )

[illegible] अङ्कका मूल्य कीमत सिर्फ रु. १

मुंबई.

[illegible] प्रिन्टिंग वर्क्स लि. १२ बेंकफिल्ड मुंबई.

# [illegible] प्रकाशक.

मासिक पत्र. मूल्य वार्षिक [illegible]

इस समय पृथ्वीपर [illegible] करोड़ [illegible] करोड़ [illegible] करोड़ हिन्दु और १९ करोड़ मुसलमान हैं, [illegible] जैनी [illegible] [illegible] हैं, इससे अधिक अवनति जैन जातिकी क्या हो सकती है? और [illegible] दिगम्बरी, श्वेताम्बरी और स्थानकवासी जातिमें किसी प्रकार [illegible] नहीं, [illegible] भांतिका वाली नहीं, बल्कि [illegible] और [illegible] लड़ाइ, [illegible] दशामें पृथ्वीकी अन्य जातियोंके मुकाबलेमें जैन जाति कोई जाति ही नहीं [illegible] जा सकती है बल्कि पृथ्वीके लोग यह ही [illegible] हैं कि [illegible] कुछ मनुष्य पृथ्वीपर जैनी भी है. अन्य सब जातियें बहुत कुछ उन्नति कर रही हैं, परन्तु जैन जाति [illegible] निद्रामें सो रही है यद्यपि [illegible] [illegible] तीनों सम्प्रदायवालोंने अपनी [illegible] सम्प्रदायमें जाग्रति करनेके लिये कुछ समाचार पत्र भी जारी किये हैं, और निःसंदेह समाचार पत्रोंसे [illegible] ही उन्नति हो सक्ती है. परन्तु ऐसे समाचार पत्रों के द्वारा क्या उन्नति हो सक्ती है? जो एकही सम्प्रदाय [illegible] गाते हों, यह ही कारण है कि जैन जाति में अभी तक कोई उन्नति नहीं हुई है. धन्य हैं "जैन यंग मेन्स एसोसिएशन आफ इण्डिया" को और "[illegible] जैन शिक्षा प्रचारक कमिटि" जयपुर को जिन्होंने [illegible] [illegible] करके जैन जाति बनाने और इसको [illegible] [illegible] [illegible] उठाया है और इस ही कार्यकी सिद्धिके अर्थ "जैन प्रकाशक" मासिक [illegible] जारी किया है. जैन जातिकी उन्नति [illegible] [illegible] [illegible] के [illegible], और जैन नामके धर्मियोंको चाहे वह दिगम्बरी, श्वेताम्बरी या स्थानकवासी हो चाहे तेरह पंथी हों या बीस पंथी सबको इस [illegible] ग्राहक होना चाहिये, और सर्व प्रकारसे इसकी सहायता कर जैन धर्मकी [illegible] [illegible] चाहिये.

सूरज भानु वकील,

[illegible] [illegible] [illegible]नपुर,

" सम्पादक. "

---

[illegible] [illegible].

जैन कोन्फरन्सना हेराल्ड उपर [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] छापे. पगार लायकात मुजब. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible].

---

[illegible] [illegible]

चालु सालनुं लवाजम वसुल [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] थइ करेलुं छे तो ते स्वीकारी लेवा [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

---

मेघजी हीरजीनी कुं० जैन बुकसेलर्स, पायधुनी,—[illegible]

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને ઉત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

પુસ્તક ૫. ) શ્રાવણ, વીર સંવત્ ૨૪૩૫. ઓગસ્ટ, સને ૧૯૦૯. ( અંક ૮.

## પ્રાસંગિક નોંધ.

નીચેના ગામોમાંથી સુકૃતભંડાર વસુલ થઈ ગયેલ છે:—

ઉદેપુર, મહુડી, કરજત, છોટીસાદડી, તેલ્હારા.

નીચેના ગામોમાં સુકૃતભંડાર ઉઘરાવવાનું કામ ચાલુ છે:—

મુંબઈ, માલેગામ, સાદ્રા, ઔરંગાબાદ, છાણી, સેલાના, પાચોરા, પ્રતાપગઢ, લાડીહડ, ઇંદોર, ધમતરી.

ગ્વાલીઅર અને દભોઇના શ્રી સંઘોએ પર્યુષણના દિવસોમાં ઉઘરાવવાનો ઠરાવ કરેલ છે.

ઉપર લખેલા ગામોના શ્રી સંઘોને કોન્ફરન્સના ઠરાવને અમલમાં મૂકવા માટે ધન્યવાદ ઘટે છે, અને બીજા ગામો પણ આ ગામોનું અનુકરણ કરશેજ, એમ અમે આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ.

નીચેના પ્રાંતોના સેક્રેટરીઓ તરફથી પોતાના પ્રાંતમાં જીલ્લાઓ પાડી જીલ્લા સેક્રેટરીઓ નીમવામાં આવેલ છે:—

દક્ષિણ ગુજરાત પ્રાંતના જીલ્લા તથા જીલ્લા સેક્રેટરીઓ:—

ખેડા—શેઠ બાઇલાલ અમૃતલાલ

વડોદરા (પંચમહાલ સાથે)—શેઠ નંદલાલ લલુભાઇ

ખંભાત—શેઠ પોપટભાઇ અમરચંદ

ભરૂચ—શેઠ ચુનીલાલ દામોદર

કપડવંજ—શેઠ વાડીલાલ જમનાદાસ

**બરમા પ્રાંતનાઃ--**

માંડલે—ઝવેરી જમનાદાસ ઉમેદચંદ
મોલમીન—વહોરા મનસુખલાલ રતનચંદ

**સુચનાઃ**—બીજા પ્રાંતોના સેક્રેટરીઓને અમે ખાસ આગ્રહ કરીએ છીએ કે આપે પણ હવે પોતાના પ્રાંતોના યોગ્ય જીલ્લાઓ પાડી જીલ્લા સેક્રેટરીઓ નીમી કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા તુરતમાંજ બંદોબસ્ત કરવો ઘટે છે. વખત જતો પાછો આવતો નથી, જેમ ઢીલ થાય છે તેમ આપણું કામ ધીમું થાય છે તો પોતાની ફરજ અદા કરવા દરેક પ્રાંતિક સેક્રેટરીને અમારી વિનંતિ છે.

**અમારા ઉપદેશકો.**

અમે ઘણી વખત સાંભળીએ છીએ કે કેટલાક જૈન બંધુઓ કોન્ફરન્સના માનાધિકારી ઉપદેશક તરીકે પોતાને કહેવડાવી ગેરવર્તણુકથી વર્તે છે. જે ગામોમાં જાય છે તે ગામોના લોકોને તેઓ ભારે પડે છે; અને કોઈ વખતે પૈસા પણ ઉઘરાવે છે. આથી અમારે જૈન પ્રજા વર્ગને ચેતવણી આપવાની કે કોન્ફરન્સ તરફથી ફરતા ઉપદેશકોનું લીસ્ટ આ સાથે આપેલ છે, અને જેનાં નામો હવે પછી આપવામાં આવશે તે સિવાય કોઈ પણ ગૃહસ્થ પોતાને ઉપદેશક તરીકે કહેવડાવી પૈસા ઉઘરાવશે અથવા તો બીજી રીતે દોષવાળા જણાશે તો તેને માટે કોન્ફરન્સ ઓફીસ જોખમદાર નથી. અમે આવા કહેવાતા ઉપદેશકોથી સાવચેત રહેવા જૈન પ્રજાવર્ગને ચેતવીએ છીએ.

| માનાધિકારી | ઉપદેશક |
|---|---|
| **મી૦ મોતીચંદ પાનાચંદ**—જામનગર | **ત્રિભુવનદાસ જાદવજી** પગારદાર. |
| ,, **બાપુલાલ ન્યાલચંદ**—કરાંચી | **વાડીલાલ સાંકળચંદ** ,, |
| ,, **નાથુજી ઝવેરચંદજી**—બદનાવર | **કોઠારી કેસરીસંગજી** ,, |
| ,, **દલીપચંદ મગનલાલ**—મહુડી | |
| ,, **નારણજી અમરશી**—વઢવાણ | |

## કોન્ફરન્સની મુંબઈ હેડ ઓફીસમાં થએલું કામકાજ.

નિરાશ્રિત કમીટી મળી તા૦ ૫-૭-૦૯

આ વખતે પાલીતાણામાં એક વૃદ્ધાશ્રમ ખોલવા સંબંધી વિચાર કરવામાં આવ્યો હતો, અને તે વિચાર હજુ ચાલુ છે.

શ્રી જીર્ણ પુસ્તકોદ્ધાર કમીટી મળી તા૦ ૫-૭-૦૯

મુંબઈમાં જૈન સેંટ્રલ લાયબ્રેરી સ્થાપવા માટે યોજના તથા બજેટનો અડસટો તૈયાર કરવામાં આવ્યો હતો.

ઉપયોગહીન ફંડશોધક કમીટી તા૦ ૭-૭-૦૯

આ કમીટીના સેક્રેટરી શેઠ મોહનલાલ હેમચંદ નીમાયા તથા ઉપયોગ વિના પડી રહેલા ફંડોનું લીસ્ટ કરવામાં આવ્યું, તેમજ તે ફંડોના લાગતાવળગતા સાથે પત્રવ્યવહારનું કામ તુરતમાં હાથ ધરવા નક્કી કર્યું.

જીવદયા કમીટી તરફથી તા૦ ૧૮-૭-૦૯ ના રોજ બપોરના ૧ થી ૪ દરમિયાન ગ્રાંટ મેડીકલ કોલેજના ઉમેદવાર વિદ્યાર્થીઓની Perfect way in Diet અને Diet & food એ ચોપડીઓ ઉપર લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષકો તરીકે સર ભાલચંદ્ર કૃષ્ણા નાઈટ એલ. એમ. તથા ડૉ૦ ત્રિભુવનદાસ લહેરચંદ શાહ એલ. એમ એન્ડ એસ હતા. ૧૧ ઉમેદવાર પૈકી ૨ ક્રિશ્ચિયન, ૨ પારસી, ૩ જૈન અને બાકીના બીજા હતા.

આ પરીક્ષાનું પરિણામ એક પખવાડીઆમાં બહાર પડશે.

એજ્યુકેશનલ બોર્ડની મીટીંગ મળી તા૦ ૧૮-૭-૦૯

આ મીટીંગ વખતે આ બોર્ડના નિયમો છેવટના માટે પસાર કરવામાં આવ્યા (જે આ માસિકના બીજા ભાગમાં આપવામાં આવ્યા છે.)

સ્વયંસેવક મંડળ.

આ મંડળ તરફથી મુંબઈમાં સુકૃત ભંડાર ઉઘરાવવાનું કામ શરૂ થઈ ગયું છે. શરૂઆતમાં આ મંડળે પ્રથમ ગોડીજીના દેરાસરે, લાલબાગ, તેમજ બંદરના ઉપાશ્રયે જુદા જુદા મુનિ મહારાજાઓના પ્રમુખપણા નીચે ભાષણો આપી જૈન વર્ગની લાગણી કોન્ફરન્સ તરફ વધારવા પ્રયાસ કર્યો.

એડવાઈઝરી બોર્ડ

મળી તા૦ ૨૦-૭-૦૯

પ્રો૦ ભડકંકરનો કાગળ રજુ કરવામાં આવ્યો હતો અને તે સંબંધમાં નક્કી કરવામાં આવ્યું હતું કે પ્રો૦ કે. બી. પાઠક, પ્રો૦ ભડકંકર આદિ વિદ્વાન ગૃહસ્થોને પુસ્તકોદ્ધારના કામમાં સલાહકાર તરીકે નીમવા. ત્યાર પછી સુકૃતભંડાર કમીટી તેમજ તીર્થ સંરક્ષણ કમીટી સંબંધી કેટલોક વિચાર કરવામાં આવ્યો હતો.

# સુકૃત ભંડાર સંબંધી મુનિ મહારાજાઓના અભિપ્રાય.

### મુનિ શ્રી ચારિત્રવિજયજી (તા. ૪-૭-૦૯ ના રોજ શ્રી બંદરમાં મળેલી જૈન બંધુઓની જાહેર સભા વખતે.)

કોન્ફરન્સ એ એક ઉત્તમ અને ઉંચી સંસ્થા છે, સ્વતંત્રતાને પોષનારી છે, તેણે સામાન્ય વર્ગમાં ઘણો જાહેર જુસ્સો ઉત્પન્ન કર્યો છે; અને તે પુના કોન્ફરન્સની સબજેક્ટ કમીટીમાં પુરવાર થયું છે. આ કોન્ફરન્સ કોઈ અમુક વ્યક્તિ માટે નથી, તેમાં સર્વ જૈન બંધુઓનો સરખો અવાજ છે. લ્હેરૂભાઈએ અગાઉ કહ્યું તેમ એવી સાક્ષર, અને લાગણીવાળી વ્યક્તિને અવશ્ય મદદ કરવી જોઈએ. કોન્ફરન્સનો ઉદય વિદ્વાન વર્ગથીજ થવાનો. આ વર્ગે કોઈ રીતે દબાયેલા રહેવું નજ જોઈએ. કોન્ફરન્સ એ માત્ર સુચના કરનારી સંસ્થા છે, અને જ્યાંસુધી તે તેવીજ રહેશે ત્યાંસુધી તે ફતેહમંદ થશે, પણ જ્યારે પૈસાની વ્યવસ્થાનો સવાલ આવે છે

ત્યારે આ સંસ્થા માટે લોકો અવિશ્વાસની નજરે જુએ તે સ્વભાવિક છે. ચાર આનાની યોજના સુસાધ્ય છે. અને તેથી કરોડોનું કાર્ય થાય તેમ છે, અને ચાર આના ભરનાર લાખોના પુણ્યનો ભાગી બને છે. કોન્ફરન્સ અંગે ચાલતાં ખાતાઓનો સમાવેશ સાત ક્ષેત્રોમાંજ થાય છે, અને તેથી તે દરેક રીતે મદદને પાત્ર છે. વળી આપણી કોમમાં કેટલાંક ઉપયોગ વિના પડી રહેલાં ફંડો સંબંધી આ કોન્ફરન્સે પ્રથમ તપાસ કરવાની જરૂર છે. આ સંસ્થા જયવંતી હશે તોજ કોમના ઉદયનાં તમામ કાર્યો પાર પડશે. આ સ્વયં સેવકોને ધન્યવાદ ઘટે છે, પણ તેમણે એટલું તો યાદ રાખવું કે કેટલાક કોન્ફરન્સના ઉપદેશકો માનાધિકારીનો હોદ્દો ધરાવતા છતાં તેઓ પૈસા ખાતા જણાયા છે, તેમના ચારિત્રોની વાતો થાય છે, તેમના બોધ ઉપર કેટલાક વિશ્વાસ રાખતા નથી, ટુંકામાં આવા વકતાઓ લાભને બદલે હાનિ કરે છે, માટે આ ભાઇઓએ તેવા લુચ્ચા હરામખોરોને બહાર પાડવા, અને તેમણે કોઇ રીતે સ્વતંત્રતા ગુમાવનારી આપણા ગ્રેજ્યુએટોએ દ્રવ્યવાનની સેહમાં ખેંચાવું નહીં, પણ તેમણે નિડરપણે કામ કરવું. આ નાની ચાર આનાની રકમ આપવા માટે કોઇએ આનાકાની કરવી નહીં, એવી મારી ભલામણ છે, પણ આ ચાર આનામાંથી શું કાર્યો થાય છે તે જોવાને આકાંક્ષા રાખવી. આ યોજનાનો અમલ જો પ્રથમ મ્હોટા ગામોમાં થશે તો પછી કોન્ફરન્સ ચિરંજીવી થશે તેમાં કાંઈ શક નથી.

તેજ સંબંધમાં **મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી**નો અભિપ્રાયઃ—કોન્ફરન્સે અત્યાર સુધીમાં કરેલાં કાર્યોનું સિંહાવલોકન સાંભળી આપણે જોઇ શકયા છીએ કે:કોન્ફરન્સના પૈસાનો વ્યય સારે ઠેકાણેજ થયો છે, પરંતુ કેટલાક લોકો જે અનુભવ્યા વગર, ખરી સ્થિતિ જાણ્યા વગર ખોટા આક્ષેપો કરે છે તે તદ્દન ગેરવાજબી છે. વળી નીચે પ્રમાણે શ્લોક બોલ્યા હતા કેઃ—

**न वेत्ति यो यस्य गुणप्रमाणं,**
**स तस्य निंदां प्रकरोति नित्यं।**
**किरातकन्या करिकुंभजातां,**
**मुक्तांपहित्वा हि बिभर्ति गुंजां ॥**

**અર્થઃ**—જે માણસ બીજાના ગુણનું પ્રમાણ ન જાણતો હોય તે તેની હમેશાં નિંદા કરે છે. દાખલા તરીકે ભીલની છોકરી હાથી કુંભસ્થળમાંથી ઉત્પન્ન થયેલા મોતીને છોડીને ચણોઠીને ધારણ કરે છે. સાર એ છે કે મોતીને છોડતાં પેહેલાં મોતીના ગુણને જાણવાની જરૂર છે, તે પ્રમાણે કોન્ફરન્સરૂપી મોતીને છોડી દેશો તો તમારા હાથમાં ચણોઠીજ આવશે, માટે કોન્ફરન્સને સ્થાયી આવક માટે આ સુકૃત ભંડારની યોજનાને અમલમાં મુકવા સ્વયં સેવકો તમારે ઘેર આવે ત્યારે તેમને ધક્કો નહીં ખવરાવશો એમ હું આશા રાખું છું.

તેજ સંબંધમાં **પન્યાસ શ્રી હરખમુનિ**ના વિચારો—

( તા. ૨-૭-૦૯ ના રોજ શ્રી લાલબાગમાં મળેલી જૈન બંધુઓની જાહેર સભા ) મુનિ શ્રી મોહનલાલજી તથા અમે જેસલમીરના જે ભંડારો ઉઘડાવી ન શકયા તે ભંડારો કોન્ફરન્સે ઉઘડાવી, તેમાંના પુસ્તકોની ટીપો કરાવી, શ્રી જૈન ગ્રંથાવળિ નામનું અત્યુત્તમ પુસ્તક પ્રગટ કરેલું છે, કોન્ફરન્સે કરેલાં કાર્યો સ્પષ્ટ રીતે સમજાય તેમ છે, તો પછી તેને મદદ કરવાની ખાસ જરૂર છે, તો આ સ્વયં સેવકો જ્યારે ચાર આના ઉઘરાવવા આવશે ત્યારે તેને રોકી નહીં રાખતાં વગર ઢીલે ચાર આના આપી દેવા મારી ભલામણ છે.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડના નિયમો.

## નામ અને સ્થળ.

૧ આ બોર્ડનું નામ "શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડ" રાખવામાં આવ્યું છે; તેની ઓફીસ મુંબઇમાં રહેશે.

## ઉદ્દેશ.

૨ કેળવણી સંબંધી યોજનાઓ તથા તમામ પ્રકારનાં કાર્યો કરવાં એ આ બોર્ડનો ઉદ્દેશ છે. ( જુઓ સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો ઠરાવ ૫ મો પેટા વિભાગ સાતમો ).

## સંખ્યા.

૩ હાલ જે બોર્ડ કોન્ફરન્સે નીમેલ છે તે વખતો વખત પોતામાં વધારો ઘટાડો કરી શકશે પણ બોર્ડના સ્થાનિક સભાસદોની એકંદર સંખ્યા ત્રીશ તથા બહાર ગામ વસતા સભાસદોની સંખ્યા ત્રીશ મળી સાઠથી વધારે થઇ શકશે નહીં.

૪ બોર્ડના મુંબઇમાં વસતા સભાસદોમાંથી કોઇ સભાસદ લાગલાગટ ચાર સ્થાનિક સભાઓમાં વગર કારણે ગેરહાજર રહેશે, તો તેનું નામ સ્થાનિક બોર્ડ રદ કરી શકશે.

## બોર્ડની મીટીંગો.

૫ આ બોર્ડની સભા ઓછામાં ઓછી વર્ષમાં ત્રણ વાર અને જરૂર પડે તો વધારે વાર મુંબઇમાં મળશે.

અ આગલા વર્ષના ઑ. સેક્રેટરી કોન્ફરન્સની ફરી બેઠક થયા પછી એક માસની અંદર નવીન વર્ષ માટેની બોર્ડની પ્રથમ સભા બોલાવશે. તે સભામાં સભાસદોમાંથી નવા વર્ષ માટે એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, બે ઓ. સેક્રેટરી અથવા એક ઓ. સેક્રેટરી અને એક પગારદાર સેક્રેટરી તથા બે ઓડીટરની નીમણુક થશે. આ સભામાં નીમાયેલા પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરીઓનો અધિકાર આ સભાથી ગણાશે.

બ ૭ માસિક સભામાં આગલા ૭ માસનો રીપોર્ટ ઓ. સેક્રેટરી રજુ કરશે.

ક વાર્ષિક સભામાં વાર્ષિક રીપોર્ટ તથા ઓડિટ થએલો હિસાબ ઓડિટરોના રિપોર્ટ સાથે ઓ. સેક્રેટરી રજુ કરશે અને બહાલ રહે કોન્ફરન્સની ફરી બેઠક જ્યાં થવાની હોય ત્યાંની રીસેપ્શન કમીટીના ચીફ સેક્રેટરી ઉપર તે કોન્ફરન્સમાં રજુ કરવા માટે તથા કોન્ફરન્સ હેડ ઓફીસ ઉપર મોકલવામાં આવશે. આ સભા કોન્ફરન્સની ફરી બેઠક જે સમયે મળવાની હોય તેની અગાઉ લગભગ દોઢ મહીને મળશે.

૬ બોર્ડની એક જનરલ સભા કોન્ફરન્સની ફરી બેઠક જે સ્થળે થવાની હોય તે સ્થળે, અને જે દિવસે થવાની હોય તેના આગલા દિવસે સાંજના મળશે અને તે પ્રસંગે કોન્ફરન્સમાં કેળવણીના ઠરાવ સંબંધમાં વિચાર કરવામાં આવશે.

૭ નવા સભાસદની નીમણુક માટે જે સભાસદ દરખાસ્ત લાવવા ધારતા હોય તેમણે

સભા મળવા અગાઉ ઓછામાં ઓછું એક પખવાડીઆ સુધીમાં તે દરખાસ્ત ઓ. સેક્રેટરીને લખી મોકલેલી હોવી જોઇએ. તે સિવાય તે દરખાસ્ત તે સભામાં રજુ થઇ શકશે નહીં.

૯ સભા મળવાની ખબર, તેમાં રજુ કરવાનાં મુકરર થએલાં કામકાજની તપસીલ સાથે તે મળવાના ઓછામાં ઓછા અડતાલીશ કલાક અગાઉ સ્થાનિક સભાસદોને ઓ. સેક્રેટરી સરકયુલરદ્વારા અથવા અન્ય રીતે અપાવશે, બહારગામના સભાસદોને ઓછામાં ઓછા સભાની મળવાની તારીખ પેહેલાં ૪ દિવસ અગાઉ ખબર મળે તેવી રીતે પોસ્ટદ્વારા સભા મળવાની ખબર આપવામાં આવશે. મુકરર થયેલ કામ સિવાય કોઇપણ નવી બાબત અગાઉથી જણાવેલી નહિ હશે તો તે સભામાં રજુ થઇ શકશે નહીં પણ કોઇ ખાસ અગત્યની બાબત હશે તો તે પ્રમુખની સંમતિથી રજુ થઇ શકશે. ૭ સભાસદો હાજર હોય તો કોરમ થયેલું ગણાશે, પણ કોરમ ન થશે તો હાજર થએલા સભાસદો તે સભાને કોઇ ચોકસ દિવસ ઉપર મુલતવી રાખશે. જે દિવસે ઓ. સેક્રેટરી સભા બોલાવશે. આવી રીતે બોલાવેલી સભાને કોરમનો નિયમ લાગુ પડશે નહીં.

૧૦ બોર્ડની સભામાં રજુ થએલ બાબતપર તટસ્થ ન રહેતાં વિરૂદ્ધ કે તરફેણમાં મત આપવાનું હાજર રહેલા સભાસદોને ફરજ્યાત છે,

૧૧ બહારગામના સભાસદો તરફથી જે કાંઇ સુચનાઓ વખતોવખત આવશે તે ઓ. સેક્રેટરી તે પછીની સ્થાનિક સભામાં રજુ કરશે તથા તેપર સ્થાનિક સભા પુરતું ધ્યાન આપશે. પત્રવ્યવહારથી તથા હેરલ્ડ વિગેરેમાં પ્રગટ કરી બોર્ડના કાર્યોની જોઇતી હકીકતથી બહારગામના મેંબરોને વાકેફ રાખવામાં આવશે.

૧૨ બોર્ડ પોતામાંથી વખતો વખત ચોકસ કાર્યો કરવા સારૂ સબકમીટીઓ નીમી શકશે.

૧૩ દરેક સભામાં પ્રમુખ, અને તેની ગેરહાજરીમાં ઉપપ્રમુખ કામ ચલાવશે, ને બંને ગેરહાજર હશે તો હાજર થયેલા સભાસદો પોતામાંથી પ્રમુખ નીમી કામ ચલાવી શકશે.

૧૪ બોર્ડની સભા પ્રમુખ કે ઓ૦ સેક્રેટરીને જરૂર જણાતાં અથવા સભાસદોમાંના પાંચની લેખીત માગણીથી કોઇપણ મુકરર કાર્ય માટે ઓ૦ સેક્રેટરી અનુકૂળ સમયે કલમ આઠમી અનુસાર બોલાવશે.

૧૫ બોર્ડને લગતાં બધાં ફંડોનાં નાણાં કોન્ફરન્સને હસ્તક રહેશે. ચાલુ ખર્ચને માટે જોઇતી રકમો ઓ૦ સેક્રેટરીના નીમેલા આધકારીને કોન્ફરન્સ આપશે. તેનો હિસાબ પદ્ધતિસર ઓ૦ સેક્રેટરી રખાવશે, અને તે ઓડીટ કરાવી ઓડીટરોના રીપોર્ટ સાથે વાર્ષિક સભામાં રજુ કરશે.

૧૬ બોર્ડની તથા સબ કમીટીની સભાઓમાં સઘળું કામકાજ ગુજરાતીમાં ચાલશે, અને તેની ૨૫ નોંધ તે વેળાએ ઓ૦ સેક્રેટરી લેવડાવશે; જે અઠવાડીઆની અંદર ફેર મીનીટ બુકમાં ઉતરાવી તેપર તે સભાના પ્રમુખની સહી લેવડાવશે તથા તે પછીની મીટીંગમાં તે કન્ફર્મ કરાવશે.

૧૭ પ્રમુખની મુંબઈમાંથી ગેરહાજરીને પ્રસંગે તેના સર્વ હક્કો ઉપપ્રમુખ ભોગવશે.

**ઓનરરી સેક્રેટરી.**

૧૮ **અ** આ નિયમો કે બોર્ડની સભાઓમાં વખતો વખત જે ઠરાવો થાય તે ઓ૦ સેક્રેટરી અમલમાં મૂકશે.

**બ** બોર્ડના તમામ નોકરો ઓ૦ સેક્રેટરીના તાબામાં ગણાશે. જોઇતા ચાકરો, નોકરો રાખવા કે બરતરફ કરવા ઓ૦ સેક્રેટરીને સત્તા છે.

**ક** કોઇ વેળા બોર્ડની સભા બોલાવવા જેટલો વખત ન હોય તો સરક્યુલરદ્વારા સભાસદોના અભિપ્રાય જાણી, અને કોઇ ખાસ પ્રસંગે માત્ર પ્રમુખની અનુમતિ લઇ જરૂરી કામ કરાવશે.

૧૯ આ નિયમોમાં વખતો વખત ઘટતો ફેરફાર કે સુધારો વધારો બોર્ડ કરી શકશે.

# મુંબઈના જૈન સંઘે ઉપાડી લીધેલી સુકૃત ભંડારની યોજના.

**મુંબઇનું ઉત્સાહી ધી જૈન સ્વયંસેવક મંડળ.**
**જૈન વસ્તીવાળા બીજા ગામોએ લેવો જોઇતો દાખલો.**
**મોટા શહેરોને ખાસ અપીલ.**

પચરંગી પ્રજાથી ભરપૂર આ મુંબઇ નગરી જૈન કોમના સર્વ મહત્વના કાર્યોમાં પ્રથમ પગલું ભરે છે. શ્રી શિખરજી સંબંધી જો મહાન ચળવળ જૈન કોમમાં ઉત્પન્ન થઈ હોય તો તે આ મુંબાપુરીના જૈન સંઘનેજ આભારી છે. શ્રી અંતરિક્ષજી કેસમાં પણ મુંબઇએજ આગેવાનીભરેલો ભાગ લીધો હતો. હાલ તુરતમાં આ શેહેરની જૈન કોમમાં એક નવી હીલચાલ જોશભેર ચાલવા લાગી છે. આ હીલચાલ સુકૃતભંડાર સંબંધી છે. ગત માસની તા૦ ૧૦ મીથી આ હીલચાલનો જન્મ શ્રી ગોડીજીના દેરાસરમાં મળેલા શ્રી સંઘ વખતે થયો હતો. ત્યાર પછી આ હીલચાલ માટે મુંબઇમાં જુદે જુદે ઠેકાણે ભિન્ન ભિન્ન સભાઓ ભરવામાં આવી છે. આ હીલચાલ માટે મુનિ શ્રી દર્શનવિજયજી, પન્યાસ શ્રી હરખમુનિ તથા પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી ચારિત્રવિજયજીએ ઉત્તમ અભિપ્રાયો આપી કોન્ફરન્સ ચિરંજીવી થાય તે માટે સુંદર વિચારો દર્શાવેલા છે. તેની સાથે આ શહેરમાં સુકૃતભંડાર ઉઘરાવવાનું કામ ધી જૈન સ્વયંસેવકે ઉપાડી લીધેલ છે. આ મંડળના ખંતીલા સેક્રેટરી મી૦ લહેરચંદ ચુનીલાલ તથા બીજા સ્વયંસેવકોએ એ યોજનાનો અમલ કરવા ભગીરથ પ્રયત્ન

કરવા માંડયો છે, અને તેઓને સ્તુત્ય ઉદ્યમ માટે ધન્યવાદ ઘટે છે, પરંતુ જે પ્રમાણે મુંબઇમાં આ હીલચાલ જોશભેર ચાલી છે તેવીજ રીતે જૈન વસ્તીવાળા બીજા ગામોમાં ચાલતી હોય તેમ સંભવતું નથી.

અમદાવાદ, સુરત, ભાવનગર, પુના આદિ મહોટાં શહેરોમાં કેમ કાંઇ પણ પ્રયાસ થતો નથી તે સમજાતું નથી. કેટલાક નાનાં ગામોમાં આ ફંડ ઉઘરાવવાનું કામ શરૂ થયું છે, તેમ સાંભળ્યું છે. પરંતુ જ્યાં સુધી ઉપર જણાવેલા મોટાં શહેરો આ યોજના ઉપાડી નહીં લે ત્યાં સુધી આ યોજનાને ધારીએ છીએ એટલી ફતેહ મળશે નહીં. આ ગામોએ મુંબાઇએ દેખાડી આપેલ પ્રશંસાપાત્ર દાખલો લેવો જોઇએ છે. મુંબાઇની માફક બીજાં ગામોમાં સ્વયંસેવક ઉત્પન્ન થવા જોઈએ છે. મુંબઇની માફક જૈન પ્રજાની આ યોજના તરફ લોક લાગણી જગાડવી જોઇએ છે. કોન્ફરન્સે અત્યાર સુધીમાં કરેલાં કાર્યનું સિંહાવલોકન કોન્ફરન્સ ઓફીસે પ્રગટ કરી આપી પ્રજા લાગણી જગાડવામાં ઉત્તમ સાધન ઉત્પન્ન કરેલું છે. જો આ સિંહાવલોકન દરેક જૈન બંધુ વાંચી જોશે તો પછી તે બંધુ આ ચારઆના જેવી નજીવી રકમ કદી કોન્ફરન્સને આપતાં અચકાશે નહીં. ચાર આના જેવી નાની રકમમાં કોન્ફરન્સના લાખો રૂપીયાના કાર્યોના પુણ્યપુંજના ભાગીદાર થવું એ શું ઓછું સુભાગ્ય છે ? તો હું આથી મોટાં શહેરોના આગેવાનોને ખાસ અરજ કરૂં છું કે આના જેવી ઉત્તમ યોજના બીજી કઇ તમે શોધી શકો તેમ છો ? આ યોજના કલ્પલતા જેવી યોજના જૈન કોમને મળી છે. તો પછી તેના મધુરફળ ચાખવા જૈન વર્ગ શા માટે પાછી પાની કરે છે ? તો મોટા શહેરોના આગેવાનો આ અપીલ ઉપર ખાસ ધ્યાન આપશેજ એમ મારી ઉમેદ છે. B.

---

# સાતમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

---

( બુદ્ધિપ્રભા અંક ૩ જો પૃષ્ઠ ૭૬ )

અત્યાર સુધી કોન્ફરન્સ કેવળ વિચારજ કરતી હતી, આ છએ કોન્ફરન્સોનો ઘણો ભાગ વિચાર કરવામાં પસાર થયો હતો. આ સાતમી કોન્ફરન્સમાં એ વિચારો કેવી રીતે અમલમાં મૂકાય તે બાબતની કેટલીક યોજનાઓ ઘડવામાં આવી છે એ ખરેખર આનંદની વાતછે. કોન્ફરન્સે એક પગલું આગળ ભર્યું છે. વિચારકાળમાંથી યોજનાઓ ઘડવાનો કાળ આવીલાગ્યોછે. આ વખત પસાર થયેલા ઠરાવોમાંના ઘણાખરા એના એ હતા છતાં જરા બારીક અવલોકન કરનારને જણાયા વગર રહેશે નહીં કે તે ઠરાવોનું સ્વરૂપ યોજનાઓના રૂપમાં કર્યું છે. હજુ તે યોજનાઓ અમલમાં કયારે મૂકાયછે, એનો જવાબ ભવિષ્ય આપશે.

# જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગદર્શન.

( મી૦ અમરચંદ પી૦ પરમાર )

( ગયા અંકથી ચાલુ. )

દરેક જૈનના મરણ વખતે સાતક્ષેત્ર (સાત સ્થાન)માં અમુક રકમ ધર્માદાની કાઢવામાં આવે છે. ઘણી પેઢીઓમાં તો ધર્માદાનો હિસ્સો હોય છે. વળી ધંધા ઉપર ધર્માદાના લાગા, પાંજરાપોળના લાગા, મોતીનો ધર્મનો કાંટો ઇત્યાદિ ખાતાંઓ જૈનોનેજ આભારી છે. કેળવણીના પ્રચાર માટે મોટી મોટી રકમો તેઓએ આપી છે (યુનીવર્સીટી હોલ આદિ). તેઓ મુંગે મોંઢે જાણ પાડયા વગર મોટી સખાવતો કર્યા જાય છે. નીચેની બાબતો તેઓની સખાવતનેજ આભારી છે.

( अ ) લગભગ મોટા નગર અને કસ્બાઓમાંની પાંજરાપોળો.

( आ ) નિરાશ્રિતોને ખાનગી અપાતી મદદો.

( इ ) અમદાવાદ, પાલીતાણા, મેસાણા વિગેરેના અનાથાશ્રમો.

( ई ) લગભગ ૪૦૦ જૈન પાઠશાળાઓ (જુદા જુદા ગામોની)

( उ ) કેટલીએક જાહેર અને જૈન લાયબ્રેરીઓ.

( ऊ ) દેશી અને અંગ્રેજી ઔષધોના દવાખાનાઓ.

( ए ) કન્યાશાળાઓ.

( ऐ ) શ્રાવિકાશાળાઓ (ઉદ્યોગશાળાઓ)

( ओ ) મંદિરોના જીર્ણોદ્ધાર, અને નવા મંદિરો, ધર્મશાળા, ઉપાશ્રયો વિગેરે

( औ ) સ્થાયી અને કામચલાઉ ફંડો.

( अं ) જૈન બોર્ડિંગો (અમદાવાદ, મુંબઈ, ભાવનગર)

( अः ) અમેરિકાદિ દેશોમાં જૈન મિશનોની સ્થાપના.

એ શિવાય જૈનો યાત્રાના મોટા સંઘો કાઢી જૈનોના ૧૦૮ તીર્થમાંના કેટલાએક મુખ્ય તીર્થોપર પોતાને પૂરે અથવા અમુક ભાગને ખરચે દર વર્ષે લઇ જાય છે. સાધુઓને માટે પુસ્તકો લખાવી ભેટ આપે તથા વસ્ત્રાદિ વહોરાવે છે. તીર્થ ઉપર પુષ્કળ ધન ખરચે છે. સ્વામીવત્સલના જમણો કરી ધર્મની પ્રભાવના વધારે છે, લહાણીઓ કરે છે, પોતાની જાતિનાને તેમજ અન્યજાતિના અપંગોને ગુપ્ત દાન આપે છે. (જૈનોમાં કોઇ ભીખ માંગતો એજ કારણસર નજર આવતો નથી). કસાઇને ત્યાં જતા અથવા અમુક તહેવારો પર જીવો છોડાવી અભયદાન આપે છે. મરણ પાછળ ઉજમણા (અઠ્ઠાઇ મહોત્સવ) કરી તેમાં પુષ્કળ ધન ખર્ચે છે. ગમે તે દેશની ધર્મકાર્યની ટીપ આવે તેમાં છુટે હાથે ભરી આપે છે, વિગેરે રીતીમાં જૈનનો દાનનો ઝરો વહેતોજ રહે છે. ઘણાં શહેરોમાં મુસાફર જૈનોને જમવાને ભોજનગ્રહો છે, ત્યારે પંજાબ વિગેરેમાં હરેક જૈન મુસાફરને જમવા માટે ત્યાંના જૈનોએ વારા બાંધેલા છે. મુર્શીદાબાદ તરફ જૈન યાત્રીઓને આગ્રહ કરી ત્યાંના જૈનો જમાડે છે.

## ૫૧. जैन कायदो.

શ્રીમદ્ હેમાચાર્યે જુના જૈન ગ્રંથોને આધારે **અર્હન્નીતિ** નામનો ગ્રંથ બનાવ્યો છે.

**અર્હન્નીતિ.** તેમાં જૈનોના દાયભાગ, વારસા, ગુન્હાની સજાઓ ઇત્યાદિ બાબતોના પ્રકરણો આવેલાં છે. જૈનોને હિંદુ લો લાગુ પાડતાં આ બાબત સરકારના કાન પર લાવવામાં આવી હોત તો અવશ્ય તે મુજબ (મુસલમાનોની શરેહની પેઠે) અમલ થયો હોત.

જૈનોની વસ્તીની ગણત્રી ( સુમારે ૧૫ લાખની ) ઉપરથી સરકારી ગુન્હાઓ અને જેલખાનાના રીપોર્ટ, ખુનોની વીગતના રીપોર્ટો જોતાં માલમ પડે છે કે ગુન્હા કરનારાઓનું પ્રમાણ હિંદુસ્તાનની સર્વે જાતો કરતાં જૈનોમાં અત્યંત ઓછું આવે છે. એ બાબત એ કોમને મગરૂર થવા જેવી છે.

જૈનોના મુકદમાઓ ( પોત પોતામાંના ) કોર્ટોમાં બહુજ ઓછા જાય છે, અને પંચ નીમી ફેસલા કરાવવામાં આવે છે. મારવાડી જૈનોમાં તો એવા ફેસલા કરવાને અને જજમેંટ લખવાને ન્યાતની ખાસ કોર્ટો છે, તેમાં રૂ, ૧ા આપ્યાથી લાખો રૂપીઆના કેસનો ફેસલો કરી આપે છે; અને જેને અપીલ કરવી હોય તો રૂ૦ ૨ાા ની ફી આપવાથી અપીલ થઈ શકે છે. એ ફેસલાને માન નહી આપનારાઓને તાકીદ મળ્યા પછી ન્યાતિ બહાર રહેવાનો વખત આવે છે.

મોટાં મોટાં ધર્માદા ખાતાઓનો વહીવટ જૈનોજ કરે છે. સભા, એસોસિએશનો, મંદિરો અને બીજા ફંડોના વહીવટો જુની રીતિ પ્રમાણે કરે છે, અને કોઇ પણ ધર્માદા વહીવટના મામલા કોર્ટે ચઢતા નથી.

## ૫૨. जैनोमां केलवणी.

અંગ્રેજી વિદ્યા અને સામાન્ય કેળવણી તરફ હાલમાં જૈનો સારૂં લક્ષ આપવા લાગ્યા છે. સંસારિક સાથે ધાર્મિક કેળવણી અપાય તે માટે સ્કૂલો અને કન્યાશાળાઓ, શ્રાવિકાશાળાઓ અને પાઠશાળાઓ સ્થપાતી ચાલી છે. લગભગ ચારસેં પાઠશાળા (ધર્મની કેળવણી આપનારી ) જુદા જુદા ગામોમાં સ્થપાઈ છે. કોલેજનો લાભ પણ ઘણા લેવા લાગ્યા છે. ધાર્મિક કેળવણી આપવાને સભાઓ થાય છે. સાધુ મુનિરાજો પણ વિહાર સમયે પાઠશાળાઓ કાયમ કરાવી ધર્મ બોધ આપે છે. ઉપદેશકો પણ સારાં કાર્ય બજાવે છે. જૈનોએ સ્થાપેલી તમામ શાળાઓ અડધો કલાક પણ ધાર્મિક શિક્ષણ આપે છે. તેનું અનુકરણ બીજાઓએ કરવું જોઇએ. ઉંચી અને ઉદ્યોગ હુન્નરની કેળવણી માટે તથા સ્રી કેળવણી માટે મોટાં ખાતાંઓ તથા બોરડીંગો સ્થપાવાની જરૂર છે.

મારવાડીઓમાં કેળવણીનો પ્રચાર બીલકુલ નહીં જેવો છે. ઘણાંઓ નાનપણથીજ ધંધે લગાડવાનું પસંદ કરે છે. એ રીતે તેઓની જીંદગી ખરાબ થાય છે. મારવાડ દેશમાં વિદ્યાનો પ્રચાર સારો થતો જાય છે, અને ત્યાં ઘણા મારવાડી ગ્રેજ્યુએટો નજરે આવે છે.

## ૫૨. जैनोमां कुरीवाजो.

જૈનોમાં ચાલતા કેટલાએક ખોટા રીવાજો અજ્ઞાનતા અને સંગતિદોષને લીધે દાખલ થયા છે; એમાંના કેટલાએક નીચે પ્રમાણે છે:—

( ૧ ) **બાળલગ્ન**, તે છોકરીની ઉમર તેરની આસપાસ હોય છે, પણ છોકરાની ઉમર કરતાં નાની યા બરાબરની હોય છે; નાનપણથી વિવાહ કરવાથી એ અનર્થ થાય છે.

( ૨ ) **કન્યાવિક્રય**—આગળ લખાયું છે; આ બાબત વધુ ચર્ચા ચાલુ થઇ છે, અને ધીમે ધીમે બંધ થતું જાય છે, પણ કેટલાક જૈનોની સ્થિતિ સુધારવી જરૂરની છે.

( ૩ ) **વૃદ્ધવિવાહ, વધુ સ્ત્રી**—જૈન કોન્ફરન્સના ઠરાવોથી અંકુશ મુકાતો જાય છે. ધનવાળાઓ એ રસ્તે વધારે ઉતરે છે.

(૪) **રોવા કૂટવાનો રીવાજ**—ગુજરાતમાં રોવા અને છાતી કૂટવાનો રીવાજ છે, પણ ઉપદેશોથી તે ઉપર અંકુશ પડવા લાગ્યો છે. મારવાડમાં બબ્બે વરસ સુધી રૂએ છે, વાસી પલ્લા લે છે.

(૫) **લગ્નાદિમાં લખલૂટ ખર્ચ**—એકેક લગ્નમાં રજપૂતાનામાં બબ્બે લાખ રૂપીયા ખર્ચ થાય છે. દારૂખાનું, માંડવો, વેશ્યા સ્ત્રીના નાચ, મોટાં જમણો ઇત્યાદિ ઉપર અંકુશ મુકાવા શરૂ થાય છે.

(૬) **મરણ પાછળ જમણ**—બારમે દિવસે, પંદર દિવસ વિગેરે જમણ કરવામાં આવે છે. અમુક સ્થળે અમુક ટંક જમાડવાનો રીવાજ છે. રજપૂતાનામાં કાણે જવામાં પણ ઘીથી રોટલી ચૂરીને ખાય છે. જુદી જુદી ન્યાતોએ બંદોબસ્ત કરવા માંડયા છે.

(૭) **માનતા. વહેમ**—દેખાદેખી માનતાઓ મનાય છે; હોળી, સીળીસાતમ, ગ્રહણ વિગેરેને માને છે; છોકરાને બાબરી ઉતરાવવી, ભુવાઓના મંત્રોના વહેમો, શ્રાદ્ધ કરવાં, ગંગાસ્નાન, ક્ષેત્રપાળ, ભૈરવમામાના પૂજન, ગણગોર અને શનિશ્ચર પૂજન, ગોગાપૂજા, ઇત્યાદિ અજ્ઞાનતાને વશ થઇને કરે છે. એ બાબતોપર પણ લક્ષ અપાવા લાગ્યું છે, અને જગે જગે ઉપદેશ થવા માંડયા છે, અને બંધ થતું જાય છે.

જૈનોમાં (૩૬) ગોત્રદેવી અને (૬૪) જોગણી જેઓને જૈનો સમકિતી કુળદેવી કહે છે, તેમને સ્વધર્મી તરીકે માનવામાં વાંધા જેવું જણાતું નથી.

## ૫૪. ઉપસંહાર.

આખરે એટલુંજ જણાવીશું કે જૈન કોઇ જ્ઞાતિ નથી; અમારી જાતિ અને કુળ મોટાં કહીને જાતિમદ કરવો એ જૈન શાસ્ત્રથી વિરૂદ્ધ છે. કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, જ્ઞાનમદ, લાભમદ અને ઐશ્વર્યમદ કરનારાઓની અવશ્ય દુર્ગતિ થાય છે. ખરેખરૂં પ્રસિદ્ધપણે કહી દેનારા, moral courage ધરાવનારા, સ્વ૦ શ્રીમદ્ વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજ લખે છે કે;—

જે પોતાની જાતને ઉત્તમ માને છે, એ કેવળ અજ્ઞાનતાથી ચાલી આવેલી રૂઢી માલમ પડે છે, કારણકે પરસ્પર પુત્ર પુત્રીના વિવાહ કરવા, એક ભાણામાં એકઠા જમવું, અને પોતાને ઉંચો માનવો એ અજ્ઞાનતા નહીં તો બીજું શું? વળી જાતિનો ગર્વ કરનારા જન્માંતરમાં નીચ ગતિને પામશે એ ફળ થશે."

ખરો સ્વામિવત્સલ એટલે જાતિનો મદ કર્યા વગર સર્વે સ્વધર્મી ભાઇઓને સ્વામીભાઇ ગણી ધનહીન હોય તેને રોજગારમાં લગાવીને તેના કુટુંબનું પોષણ થાય તેમ કરવું, તથા

જે ભાઇઓ સીદાતા હોય તેને મદદ કરવી. ન્યાતજાતનો ભેદ રાખ્યા વગર જમણ આપવું તેને પણ સ્વામિવત્સલ કહે છે, પણ એ બાબતમાં એ મહારાજ હિંમતથી લખે છે કેઃ—

"× × × + એમ ન સમજવું કે અમે વાણિયા લોકોને જમાડવા રૂપ સ્વામિ વચ્છલનો નિષેધ કરીએ છીએ. પરંતુ નામદારીને વાસ્તે જીનમંદિર બનાવવામાં અલ્પ ફળ કહ્યું છે, અને આ ગામના વાણિયાઓએ તે ગામના વાણિયાઓને જમાડયા અને તે ગામવાળાઓએ આ ગામનાઓને જમાડયા, પરંતુ સ્વામિભાઇને સહાય કરવાની બુદ્ધિથી નહીં, તેને અમે સ્વામિ વચ્છળ માનતા નથી પણ ગધા ખુરકની માનીએ છીએ."

જૈનો ખરૂં જોતાં વૈશ્યોની એક જાતના હોવાથી તેઓએ સાથે ખાવા પીવાનો વ્યવહાર રાખવો જોઇએ. આ સંબંધમાં એ મહાત્મા લખે છે કેઃ—

× × × આચાર્ય મહારાજ શ્રી રત્નપ્રભસૂરિજીએ રજપૂત, બ્રાહ્મણ, અને વાણિયામાંથી જૈની બનાવ્યા, તે કાર્ય શાસ્ત્રથી વિરૂદ્ધ હોત તો બધાને એકઠા નહીં કરત. સાથે ખાવા પીવાની બાબતમાં કોઇ અડચણ નથી પરંતુ આ જમાનાના વૈશ્ય લોક પોતાની સમાન બીજી જાતિવાળાઓને સમજતા નથી એ અડચણ છે. એ વ્યવહાર કરવો ન કરવો તે વાણિયા લોકોને આધીન છે. શ્રી મહાવીરથી ૭૦ વર્ષ પછીથી લઇને વિક્રમ સંવત ૧૫૭૫ સુધીમાં (હમણાની પ્રચલિત) જૈન જાતિયો આચાર્યોએ બનાવી છે. તેમાં પહેલાં ચારે વર્ણ જૈન ધર્મ પાળતી હતી. આ સમયની જાતિઓ નહિં હતી. મેં જે લેખ લખ્યો છે તે બહુ ગ્રંથોમાં મેં એવા લેખ વાંચ્યા છે, પરંતુ મેં પોતાની મન કલ્પનાથી લખ્યું નથી. બધી જૈન ધર્મ પાળવાવાળી વૈશ્ય જાતિઓ એકઠી મળી જાય અને જાત, ન્યાત, નામ નિકળી જાય તો તે કામમાં જૈન શાસ્ત્રની કંઈ મનાઇ છે કે નહીં ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં ઉક્ત મહારાજ જણાવે છેઃ—

"જૈન શાસ્ત્રમાં તો જે કામ કરવાથી ધર્મમાં દૂષણ લાગે તે વાતની મનાઇ છે. શેષ તો લોકોએ પોતપોતાની રૂઢીઓ માની રાખી છે. જ્યારે ઓશવાળો બનાવવામાં આવ્યા ત્યારે અનેક જાતિની એક જાતિ બનાવી હતી, તે માટે હમણાં પણ કોઈ સમર્થ પુરૂષ સર્વ જાતિઓને એકઠી કરે તો શું વિરોધ છે !

જૈન જ્ઞાતિ બાબતમાં જૈન સાધુઓ ગમે તે જાતિમાંથી જૈન સાધુ થઇ શકે છે, અને તેઓને પછી જાતિ ભિન્નતા રહેતી નથી, તેમજ તે સાધુઓ રજપૂત અને બીજી અમાંસાહારી જાતોને ત્યાંથી સ્વચ્છ આહાર (ભોજન) લઈ શકે છે, તો તે જોતાં પણ જાતિની ખટપટ જૈનોમાં જણાતી નથી; આ વિષય હજુ વધારે ચર્ચી શકાય, પણ લંબાણ બહુ થયું છે, તેથી સુજ્ઞ વિદ્વાનોએ જે ધીરજ અને શાંતિથી મારો વિષય સાંભળવાની તસ્દી લીધી છે, તે માટે સર્વેનો ઉપકાર માની મારૂં બોલવું બંધ કરવાની રજા માંગતાં આપણે એ ઇચ્છીશું કે ન્યાતિના ખોટા ભેદો દૂર થઇ એકસંપી થાઓ ! કે જેથી ધર્મની ઉન્નતિ અને દેશની આબાદી થાય અને જૈનો પોતાના ક્ષત્રી લોહીની યાદ આણી શૂરવીર બનો ? તથાસ્તુ.

તા૦ ૨૧-૮-૭

મુંબઇ, બીજો ભોઇવાડો.                    અમરચંદ પી૦ પરમાર

# હાનિકારક રીતરીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી. )

( અનુસંધાન પૃષ્ટ ૧૮૬ થી. )

ઉન્નતિને પોતાનું કેન્દ્રસ્થાન સમજતાં જ્ઞાતિજનોને કોઇપણ રિવાજ તેઓના ગજા ઉપરાંત બોજારૂપ થવો જોઇએ નહિ. સામાન્ય-સાધારણ સ્થિતિના માણસના સંજોગો તરફ ખાસ કરીને **રીવાજ પ્રવર્તક આગેવાનોએ** લક્ષ આપવાની જરૂર છે. શ્રીમાન્ આગેવાનોના ખર્ચાળ કાર્યોનું અનુકરણ કરવા અન્ય જ્ઞાતિજનો પોતાની સ્થિતિનો વિચાર કર્યા વગર પ્રેરાય અને તેમ થતાં એક સામાન્ય કાર્ય રીવાજ રૂપ-જ્ઞાતિના ધારા રૂપ થઇ પડે તે ઇચ્છવા યોગ્ય નથી.

આ પ્રસંગે અગ્રેસરોએ પોતાની ફરજોનો, જોખમદારીનો યોગ્ય વિચાર કરી પોતાના કાર્યોનું વલણ બદલાવવાની જરૂર છે. તેઓએ સમજવું જોઈએ કે પોતાની શ્રીમંતાઇનો જ્ઞાતિ જનોને લાભ આપવાના નાતવરા, જમણવારો ઉપરાંત બીજા અનેક રસ્તાઓ છે. જમણવારોથી માત્ર ગરીબ તેમજ તવંગર જ્ઞાતિ બંધુઓ એક અગર બે ટંક મિષ્ટાન્ન ભોજન મેળવી શકે છે, ત્યારે દ્રવ્યનો સદુપયોગ અન્ય રસ્તે કરવાથી કોમનો ગરીબ વર્ગ હમેશને માટે ભોજન મેળવવાના-આજીવિકા ચલાવવાના સાધનો પ્રાપ્ત કરી શકે છે. બાહ્યાડંબર એટલો બધો વધી પડયો છે કે ઉપલકની ખોટી મોટાઇ—શ્રીમંતાઇ પ્રદર્શિત કરવાના હેતુથી થોડા વખતને માટે વાહ વાહ કહેવરાવવાની આશાથી લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. અને પરિણામ ઉંડા ઉતરીને તપાસશો તો ઉપરના હેતુઓ પણ જળવાતા માલુમ પડશે નહિ. જમણવાર વખતેજ મીઠાઈ-પકવાન ગમે તેટલા સારાં હશે પરંતુ શાક અગર કઢી રસોયાના વાંકે સારાં નહિ થયાં હોય તો જમાડનાર, જ્ઞાતિજનોની અસહ્ય ટીકાનો-કવચિત્ અનિષ્ટ ઉદગારોનો ભોગ થઇ પડશે.

આ પ્રકારના રીવાજથી એક વખત તવંગર ગણાતો આખો કાઠીયાવાડ નિર્ધન થઇ ગયો છે. લગ્ન પ્રસંગે થતાં ખર્ચો સ્થિતિ અનુસાર થવા જોઇએ. અધરણી પ્રસંગે કરવામાં આવતી ધામધુમો શરમાવનારી ગણાવી જોઇએ. મરણ પ્રસંગે કરવામાં આવતી જમણવારોના સંબંધમાં પ્હેલાં કહેવામાં આવ્યું છે. આપણા બાપદાદાઓએ પોતાની સારી સ્થિતિમાં મોટાં મોટાં ખર્ચો કરી, નાતો કરી એટલે આપણે પણ આગલી આગલી સ્થિતિને **અનુસરી હાલની સ્થિતિનો વિચાર કર્યા વગર** ખર્ચો કરવા પ્રેરાવું-ફુલણજી બનવું એ વ્યાજબી નહિ. પૂર્વજોએ કરેલા નાતવરા જેવા કાર્યના યશોગાન ગાઇ અભિમાન ધારણ કરવું તે યોગ્ય નહિ. સદ્દવર્તન જાળવી રાખવું, કોમની ઉન્નતિના કાર્યમાં યથાશક્તિ સહાયભૂત થવું એજ આપણો ઉદ્દેશ હોવો જોઇએ. આ ઉદ્દેશ પાર પડતાં આનંદ માનવો, વ્યાજબી રીતે મગરૂર થવું અને તે ખરી મગરૂરી જળવાઈ રહે તેવા કાર્યોમાંજ મચ્યા રહેવું તેજ આપણો ધર્મ છે.

**જ્ઞાતિના આગેવાનોએ આવા ફરજીયાત ખર્ચો ઉપર અંકુશ મુકી કાંઈક ધોરણ બાંધવાની જરૂર છે.** જ્ઞાતિ જેવી પૂજ્ય સંસ્થા જે જ્ઞાતિજનોની–તેઓના હિતની રક્ષણકર્તા છે, તે ભક્ષણકર્તાનું રૂપ ધારણ કરે નહિ તેને માટે ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે. તે બાબત લક્ષ્ય આપવામાં નહિ આવે તો જ્ઞાતિબંધન તદ્દન છિન્નભિન્ન થઈ જશે અને પરિણામે દરેક માણસને શોષવું પડશે.

આપણા બાળકોને પુરી કેળવણી આપવાને પણ આપણે શક્તિ ધરાવતાં નથી તેવા સમયમાં આવા લખલૂટ ખર્ચો કરવાની ચાલને ઘડીભર પણ સ્થિત રહેવા દેવી જોઇએ નહિ.

**અન્ય ધર્મિઓના પર્વો તથારીત રીવાજોનો પ્રચાર.**

જૈન કુળમાં જન્મ્યાથીજ મનુષ્યથી જૈન થઇ શકાતું નથી. બહારના દેખાવથી જૈન કહેવાયા, કપાળમાં અમુક જાતનો ચાંદલો કર્યાથી શ્રાવક વર્ગમાં ગણાયા એટલે ખરા જૈન થયા એમ સમજવાનું નથી. જૈન નામ ધારક દરેક મનુષ્યનું વર્તન, તેના વિચારો, તેની રહેણી કરણી સર્વે જૈન શાસ્ત્ર સંમત હોવું જોઇએ. સમ્યગદષ્ટિ જીવો શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધ ધર્મમાંજ શ્રદ્ધા રાખે છે આપ્ત પુરૂષ પ્રણીત શાસ્ત્રો જેને શુદ્ધ દેવ તરીકે ઓળખાવે છે તે સિવાયના અન્ય ધર્મિઓએ માન્ય કરેલ દેવ દૂષણ યુક્ત હોવાથી તેની ભક્તિ કરવામાં સાર્થકતા સમજતા નથી. તેઓ પંચ મહાવ્રત ધારક ગુરૂનેજ ધર્મગુરૂ તરીકે માન્ય રાખે છે તેમજ કષ–છેદ–તાપની કસોટીમાંથી પસાર થયેલ ધર્મનેજ શુદ્ધ ધર્મ તરીકે અનુસરે છે. વિવેકી જૈનો અન્ય ધર્મિઓનાં પર્વો પાળવાનું તથા તેઓના રીતરીવાજ જારી રાખવાનું કોઇપિણ સંજોગોમાં પસંદ કરતા નથી. પરંતુ હાલમાં આપણી નજરે આથી ઉલટી સ્થિતિ જણાય છે તેનું કારણ શોધવા બહુ દૂર જવું પડે તેમ નથી. ધાર્મિક કેળવણીના અભાવે, ગુરૂ મહારાજના યોગ્ય ઉપદેશની ખામીને લીધે મુનિ મહારાજાઓનો વિહાર બંધ થતાં ગામડામાં વસ્તો શ્રાવક વર્ગ અન્ય મતાવલંબીયોના વિશેષ પરિચયમાં આવવાથી સ્વધર્મ ભ્રષ્ટ થઇ તેઓનાં પર્વો તથા રીતરીવાજો પાળવા પ્રવૃત્ત થયો છે- અને કેટલેક અંશે મોટા મોટા શહેરોમાં પણ તેવીજ સ્થિતિ માલુમ પડે છે.

હોળીના તહેવારમાં અન્ય મનુષ્યોની સાથે કેટલાએક આપણા જૈન બંધુઓ પણ અને ખાસ કરીને તમામ મારવાડી ભાઇઓ દેખાદેખીથી ભાગ લેતા જણાય છે; બીભત્સ શબ્દો બોલે છે અને અનેક કુચેષ્ટાઓ કરે છે. આવા નિર્લજ રીવાજ તરફ તો સમજુ હિંદુભાઇઓ પણ ધિક્કાર બતાવે છે. પરંતુ અજ્ઞાન વર્ગનું પ્રબળ એટલું બધું છે કે તેઓ ઘણુંજ થોડું કરી શકે છે.

શીળસાતમ કરવી, તે દીવસે ટાઢું ખાવું, ગણગોર પૂજા કરવી, એવ્રત કરવું, પવિત્રમાં પવિત્ર સંવત્સરી જેવા દીવસે ગણપતિપૂજન કરવું, નવરાત્રીમાં દેવીનું સ્થાપન કરવું, વિગેરે અનેક રીવાજો જૈનોમાં પ્રચલિત થયા છે. કેટલાએક જૈનો પોતાની પર્વતિથિએ ધર્મારાધન કરતા નથી. એટલુંજ નહિં પણ મિથ્યાત્વીના પર્વો કરતાં જરા પણ આંચકો ખાતા નથી. તેઓ શ્રાદ્ધ કરે છે, સોમવાર, શનિવાર વગેરેના વ્રત કરે છે, સત્યનારાયણની કથાઓ બેસાડે છે, ચંડીપાઠ કરાવે છે, અને વળી તેથી પણ આગળ વધીને મુસલમાનભાઈઓના તહેવારોને પણ માન્ય કરે છે, મહોરમમાં તાજીઆની માનતા કરે છે.

આ સઘળા રીવાજો અજ્ઞાનતા મૂલક, વ્હેમી ભેજાંને આભારી છે. મુસલમાન ધર્મનો કોઇ મનુષ્ય ભાગ્યેજ હિંદુ ધર્મોના પર્વો પાળતો અગર હિંદુ દેવોની માનતા કરતો જોવામાં આવે છે. આધ્યાત્મિક સુખનો અર્થી દરેક શ્રદ્ધાવાન્ મનુષ્ય પોતપોતાના ધર્મને દ્રઢતાથી વળગી રહે છે. આત્માને મલિન કરનારા, સંસારની વૃદ્ધિ કરનારા આ સઘળા રીવાજોને મુમુક્ષુજનોએ દૂર કરવાની જરૂર છે.

ધાર્મિક કેળવણીની–તદ્‌વિષયક ઉપદેશની ખાસ જરૂર છે. ધર્મનું સ્વરૂપ યથાર્થ સમજવામાં આવશે તોજ સ્વધર્મમાં દ્રઢ રહી શકાશે. સર્વ ક્રિયા જૈન ધર્મને અનુસાર થવી જોઇએ. લગ્નવિધિ પણ જૈન શાસ્ત્ર સંમત હોવી જોઇએ–જૈન લગ્ન વિધિનું પુસ્તક બહાર પડેલ છે. તદનુસાર બ્રાહ્મણો લગ્ન કરાવવા તૈયાર ન હોય તો ભોજકવર્ગ–યાચકવર્ગ જે આપણા ઉપર આધાર રાખે છે, તેઓને આ વિધિનો અભ્યાસ કરવા લલચાવી તેઓના હાથે કામ લેવું યોગ્ય જણાય છે–આ પ્રમાણે આપણું આચરણ જૈન નામ ધારકને છાજે તે મુજબનું હોવું જોઇએ. જે માટે નૈતિક હિમ્મત ( Moral courage ) સિવાય બીજા કશાની જરૂર નથી.

**લગ્નપ્રસંગે ગણિકાનો નાચ તથા આતશબાજી.**

આ રીવાજની હસ્તિ માટે શ્રીમાનોજ જ જવાબદાર છે. લગ્ન જેવાં માંગલિક–ધાર્મિક પ્રસંગે અનીતિ પોષક, વ્યભિચારની શાળાની શિક્ષાગુરૂ (Head mistress) નખરાંબાજ વેસ્યાને નાચ કરવા માટે બોલાવી સભ્ય સદ્‌ગ્રહસ્થોની સમક્ષ ગણિકાનો નાચ કરાવવામાં આવે તે લગ્નના ખરા સ્વરૂપને ઉતારી પાડવા જેવું છે. આવા નીતિવિરૂદ્ધ કાર્યમાં દ્રવ્યનો વ્યય નિરર્થક કરવામાં આવે છે–એમ કહેવું એ જરા પણ ખોટું નથી. લગ્ન પ્રસંગે હાજર થયેલા બાળ તથા યુવાન્‌વર્ગના વિચારો ઉપર આવા વેસ્યાના નાચથી ઘણીજ માઠી અસર થાય છે. તેના વિના આપણે ખુશીથી ચલાવી શકીએ. વેસ્યાનો નાચ નહિ કરાવવાથી શ્રીમંતોની પ્રતિષ્ઠાને જરા પણ હાનિ પહોંચતી નથી. તેઓ તરફથી કવચિત્ કહેવામાં આવે છે કે મોટા મોટા પુરૂષો–યુરોપીયનો વગેરે સાથેનો સંબંધ જાળવી રાખવા તેઓને આમંત્રણ કરવામાં આવે તે પ્રસંગે તેઓને ખુશી કરવા માટે ગણિકાનો નાચ કરાવવો પડે છે. આના જવાબમાં એટલુંજ કહેવાનું કે તેઓને ખુશી કરવાના રસ્તા અનેક છે તથા વેસ્યાના નાચ વિરૂદ્ધ તેઓ પણ હવે ફરીયાદ કરેછે.

વળી લગ્ન પ્રસંગે દારૂખાનું ફોડવામાં આવે છે. આતસબાજી છોડવામાં આવે છે તે રીવાજ જીવદયા પ્રતિપાળ જૈનોને માન્ય હોવો જોઇએ નહિ. માત્ર પૈસાનો ધુમાડો કરવામાં આવેછે, અને વળી અનેક જીવોનો આથી નાશ થાય છે. પૈસા ઉછળી રહ્યા હોય તો તેનો સદ્‌ઉપયોગ કરવાને માટે અનેક રસ્તાઓ યોજેલા છે. આવા કાર્યમાં પૈસો ખરચવાથી દેશની નિર્ધનતા વધારવામાં આપણે કારણભૂત થઇએ છીએ. આ સંબંધમાં જ્ઞાતિના અગ્રેસરો રીવાજ વિરૂદ્ધ ઠરાવ કરે તો તેમાં જરાપણ મુસ્કેલી નડવા સંભવ નથી.

જમણવાર, નાતવરા, સ્વામીવત્સલ, નવકારશી વગેરે પ્રસંગે જમવા આવનારાઓ એટલા બધા અધીરા બની જાય છે કે ખાવાની ચીજોની લૂંટાલૂંટ કરી મેલે છે, પીરસનારાઓની સંખ્યા કમી હોવાને લીધે ભાડુતી પીરસનારા ઉપર યોગ્ય કાબુ ન રાખવાથી તથા જમવા બેસનારાઓ એકી વખતે પંક્તિવાર નહિ બેસતા હોવાથી કોઇ પણ રીતની વ્યવસ્થા જાળવી શકાતી નથી. શાન્તિથી થવું જોઇતું કાર્ય યોગ્ય રીતે થઇ શકતું નથી. એટલી બધી ધમાધમ થાય છે, કોલાહલ એટલો બધો વધી પડે છે કે શાન્ત મનુષ્ય જમવાનું તો એક બાજુ એ રહ્યું પરંતુ ત્યાં ઉભોએ રહી શકતો નથી. અન્ય ઘણી કોમોમાં આપણી માફક જમણવાર થાય છે પરંતુ તે આવા સ્વરૂપ ધારણ કરતી નથી. આપણી કોમજ એક અપવાદ રૂપ છે. અને આપણા આવા વર્તનથી આપણે આચાર રહિત છીએ એવો આક્ષેપ આપણા ઉપર મુકવામાં આવે છે. વળી આપણા રીવાજથી ઘણોજ બગાડ થાય છે. જીવ દયાનો હેતુ જાળવી શકાતો નથી.

આવી સામાન્ય બાબતમાં સુધારો કરવાનું કામ ઉત્સાહી પુરૂષોનું છે. તેઓ મન ઉપર લે તો અગ્રેસરોની અનુમતિથી જમણવારની વ્યવસ્થા સહેલાઇથી કરી શકે.

લેખની શરૂઆતમાં જણાવેલા રીવાજો પૈકીનો છેલ્લો રીવાજ અર્વાચીન સમયનેજ આભારી છે. પાશ્ચાત્ય વિચારોના સાથે સાથે પાશ્ચાત્ય રીત રીવાજોએ પણ આપણા ઉપર દૃશ્ય યા અદૃશ્ય રીતે ઘણીજ અસર કરી છે. પ્રાચીન સમયમાં કમાણીના સાધનો બળવાન હતાં. દેશ તવંગર હતો અને આપણે સાદી જીંદગી ગુજારતા હતા તે સમય હરઘડી સાંભરી આવે છે. આધુનિક સમયમાં લક્ષ્મીનો પ્રવાહ પૂર્વમાંથી પશ્ચિમ દિશા તરફ વ્હેતો થતાં દેશમાં દારિદ્ર વધતું ગયું. જો કે રાજ્યનીતિમાં નિપુણઆંકડા શાસ્ત્રીઓ લોકોની આંતર સ્થિતિ તપાસ્યા વગર, અન્યકારણોની ઉપેક્ષા કરીને આંકડાની ગણત્રીથી દેશને તવંગર થતો જણાવે છે પરંતુ આપણો અનુભવ તદ્દન જુદોજ જણાય છે. મોંઘવારીના ભાવ દુકાળના ભાવ કરતાં પણ વધી ગયા છે. લોકો નિરૂદ્યમી થઇ ગયા છે. કમાણીના સાધન આ હરીફાઇના જમાનામાં ઘણાજ નબળા પડી ગયા છે અને ખર્ચ વધતો જાય છે. પ્હેલાં મોજ શોખની ચીજ ગણાતી હતી તે હવે જીંદગીની જરૂરીયાતની ચીજોની ગણનામાં દાખલ થઈ છે અને તેની વગર ચાલી શકે નહિ એવી સ્થિતિ થઈ પડી છે. આટલાથીજ અટક્યું નથી પરંતુ દેખાદેખીથી પોતાની સ્થિતિનો વિચાર કર્યા સિવાય ભવિષ્યની દરકાર નહિ કરતાં ટાપટીપજ-બહારના દેખાવ તરફ એટલું બધું લક્ષ્ય અપાય છે (ભીતરકી તો રામજી જાણે) કે આ સ્વદેશી ચળવળના સમયમાં પણ આપણે આપણી યોગ્ય ફરજો સમજતા થયા નથી. ફેશનનું જોર એટલું બધું જામ્યું છે કે કપડાંની કીમત કરતાં ચાર ચાર ગણી સીલાઈ ખર્ચવામાં આવે છે. સ્ત્રીઓ પણ ફેશનની સત્તાને શરણ થઇ છે. શરણ થવામાં તેમને સહાય કરીએ છીએ, અનુમતિ આપીએ છીએ.

(અપૂર્ણ.)

# વર્તમાન સાહિત્ય સમૃદ્ધિ અને ધર્મલાભ.

( રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. )

न ते नरा दुर्गतिमाप्नुवन्ति
न मूकतां नैव जडस्वभावम्
नैवान्धतां बुद्धिविहीनतां च
ये लेखयन्त्यागमपुस्तकानि ॥

જે આગમ પુસ્તકો લખાવે છે, તે પુરૂષો દુર્ગતિ–નઠારી ગતિ પામતા નથી, મુંગા થતા નથી, તેમનામાં જડતા, વિવેકશૂન્યતા આવતી નથી, અંધ થતા નથી અને બુદ્ધિ હીન થતા નથી.

જૈન પ્રાચીન સાહિત્યના સૂર્યનું ઉદય પ્રભાત થયું છે. આપણા પરમ મહાન્ ઋષિઓનાં વચનામૃતનું પાન જનસમાજને કરાવી અમૃત આત્માનું ભાન કરાવવા અનેક પ્રયાસો અનેક જન કે સંસ્થા તરફથી થાય છે. અનાદિકાલથી અંધકારમાં લુપ્ત રહેલ આત્મ–જ્ઞાન સૂર્યના પ્રકાશની ઝાંખી જોઇ કોના હૃદયને શાંતિ અને આનંદ નહિ થાય?

ઇસ્વીસન ૧૯૦૮ ના વર્ષમાં ક્યાં ક્યાં પુસ્તકો જૈનોમાં થયાં છે અને જૈન સાહિત્ય સંબંધે કેવો અને કેટલો પ્રયાસ થયો છે તેનું અવલોકન કોઇ વિદ્વાન કરશે, તો વિશેષ અજવાળું સાહિત્ય સંબંધી પડી શકશે.

આપણા ગ્રંથોમાં કેટલાક આપણી પવિત્ર માગધી ગિરામાં છે, કેટલાક સંસ્કૃતમાં છે, અને કેટલાક બન્નેથી મિશ્રિત છે. આવા મૂળ ગ્રંથો સમજાવવા માટે આપણા આચાર્યોએ સંસ્કૃત ટીકા, અવચૂરિ, ભાષ્ય વગેરે કરવા માટે અતુલ પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ કેટલા મહાભારત અંશમાં છે તે હાલમાં પ્રસિદ્ધ થતા પુસ્તકોની અપૂર્ણ યાદીઓપરથી પણ ઘણે અંશે જાણી શકાય તેમ છે.

આ સર્વ ગ્રંથોના પ્રકાશનથી જ્ઞાનાવરણીય કર્મો પ્રકાશ કરનારનાં અને તેના લાભ લેનાર બંનેના દૂર થાય છે. આપણા પરમ તાત્વિક શાસ્ત્રોમાં કર્મનો અગાધ વિષય જે ઉંડી અને પરમગૂઢ દૃષ્ટિથી સમજાવવામાં આવ્યો છે તેવો કોઇ પણ અન્ય ધર્મના શાસ્ત્રોમાં સમજાવવામાં આવ્યો નથી. ઉપર કહ્યાં તેવાં કર્મો કઇ રીતે દુર થાય છે તે આપણા શાસ્ત્રોમાંથી સમજવા માટે પ્રયત્ન કરીએ. જે રસ્તેથી કર્મો આવે છે જેવાં કે ચાર કષાય, વિષય, શુભ કે અશુભ, ત્રિવિધયોગ વિગેરે તેને કર્મનાં દ્વાર કહે છે, અને તેને આશ્રવ તત્વમાં સમજાવેલું છે. જીવની વૃત્તિ ત્રણ પ્રકારની છે, શુભ, અશુભ અને શુદ્ધ. શુભ વૃત્તિથી સારાં અને અશુભ વૃત્તિથી માઠાં કર્મ બંધાય છે, તે આશ્રવ કહેવાય. તે આશ્રવ તોડવા માટે પુરૂષાર્થ કરવાની જરૂર છે અને તે પુરૂષાર્થ સંવર તત્વમાં નિરૂપણ કરેલ છે. સંવર તત્વમાં ચાર કષાયનો ત્યાગ તેના વિરોધીથી કરવાનો છે, જેમ ક્રોધ ક્ષમાથી, માન નમ્રતાથી, વગેરે. આથી જે કર્મ

હવે પછી લાગ્યાં કરે, તેને તોડવાને સંવર તત્વનું નિરૂપણ કર્યું. પણ જે કર્મ જ્ઞાનાવરણી આદિ લાગેલાં હોય છે—સત્તામાં હોય છે તેને કેમ દૂર કરવાં? તો તે કર્મની નિર્જરા કરવાથી થાય છે. કર્મની નિર્જરા શુદ્ધ વૃત્તિથી થાય છે.

શુભ વૃત્તિ કેમ થાય છે? બાર પ્રકારના તપથી. આ બાર પ્રકારના તપમાં બાહ્ય તપના છ પ્રકાર છે અને અંતરંગ તપના છ પ્રકાર છે. અંતરંગ તપના છ પ્રકારમાંનો એક પ્રકાર સ્વાધ્યાય છે. સ્વાધ્યાયના ચાર પ્રકાર છે ૧ વાચના ૨ પૃચ્છના ૩ પરાવર્તના ૪ અનુપ્રેક્ષા.

સ્વાધ્યાય (પ્રાકૃતમાં સજ્ઝાય) સુ+અધ્યાય એટલે સુ=શોભન, સારૂં અને અધ્યાય=અધ્યયન, અભ્યાસ (Study)=સારૂં અધ્યયન. આ સારૂં અધ્યયન એ એક આભ્યંતર તપ છે અને તે તપથી કર્મની નિર્જરા થાય છે. હવે કયે પ્રકારે થાય. તો કહે કે પાંચ પ્રકારે. તે પાંચ પ્રકારની સમજ નીચે પ્રમાણે છે.

**વાચના**—તેનું નામ પઠન છે, પઠન એટલે અપૂર્વ શ્રુતગ્રહણ, શાસ્ત્રોનું વાંચવું.

**પૃચ્છના**—(પ્રચ્છન, પૃચ્છા) પૂછવું એટલે ગ્રંથના અર્થ તથા પાઠને પ્રશ્નપૂર્વક જાણવા.

**પરાવર્તન**—(Recollection, Recapitulation) શીખેલું સંભારવું. આને આમ્નાય એટલે ઘોષ વિશુદ્ધ (શુદ્ધ પાઠવાં પદચ્છેદ પૂર્વક) પરાવર્તન કહે છે.

**અનુપ્રેક્ષા**—(અર્થ ચિંતન) Pondering over the meaning ગ્રંથના અર્થ ઉપર મનનો અભ્યાસ-મનનું ચિંતવન-એકાગ્રમનથી વિચાર કરવો.

આ ઉપરનાં ચારમાં વાંચન, મનન (Reflection, Thinking) અને નિદિધ્યાસનો સમાવેશ થયો. હવે શ્રવણનો સમાવેશ કરવા પાંચમો સ્વાધ્યાય કહે છે, જો કે પૃચ્છામાં શ્રવણનો અલ્પાંશે સમાવેશ થાય છે.

**ધર્મોપદેશ**—( અર્થોપદેશ, વ્યાખ્યાન, અનુયોગવર્ણન, ધર્મકથા ) એટલે ધર્મના વ્યાખ્યાનનું શ્રવણ કરવું.

ઉપરના સ્વાધ્યાયના પહેલા ચાર પ્રકારમાં ગ્રંથ, આગમ, શ્રુતનોજ સંબંધ છે. તે વાંચવા, તેમાંથી ન સમજાતું પૂછવું; તેમાંથી શીખેલું સંભારવું, અને તેના અર્થનું ચિંતવન કરવું. તે ગ્રંથો વગર થઇ શકે તેમ નથીજ એ સ્વાભાવિક છે. ગ્રંથો હોય તોજ સ્વાધ્યાય થઇ શકે, સ્વાધ્યાય થઇ શકે તો આભ્યંતર તપ થઇ શકે, આભ્યંતર તપ થાય તો ચિત્તની શુદ્ધ વૃત્તિ થાય, ચિત્તની શુદ્ધ વૃત્તિ થાય તો કર્મનિર્જરા. ( જ્ઞાનાવરણીય કર્મની ) થાય, જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય તો અનંત જ્ઞાન કે જે સિદ્ધનો એક ગુણ છે તે પ્રાપ્ત થાય.

આ ઉપરથી સમજાશે કે ગ્રંથ પ્રકાશ કરનાર બીજાને સ્વાધ્યાયનો લાભ આપનાર હોવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા કરે છે તેથી મથાળે ટાંકેલા શ્લોકની અર્થકતા છે.

ઉકત શ્લોકમાં લખાવે છે, એ શબ્દનો પ્રબંધ કર્યો છે તેનું કારણ એ છે કે મુદ્રણકલા તે શ્લોકના સમયમાં વિદ્યમાન ન હતી. એક પુસ્તક હસ્તથી લખાવવામાં જેટલા સમય, વીર્ય અને ધનનો વ્યય કરવામાં આવે છે તેટલા સમય, વીર્ય અને ધનનો વ્યય મુદ્રાંકિત કરાવવામાં ( છપાવવામાં ) કરવામાં આવે તો એક પુસ્તકને બદલે અનેક પુસ્તકો અને એક પુસ્તકથી થોડા સ્વાધ્યાય કરી શકનારને બદલે અનેક પુસ્તકોથી ઘણા સ્વાધ્યાય કરી શકનાર

આપણે ઉપજાવી શકીએ છીએ. આથી લખાવવા કરતાં છપાવવામાં વિશેષ જ્ઞાનાવરણી કર્મનો નાશ કરી શકીએ છીએ એ સહેલાઇથી સમજી શકાય તેમ છે.

મૂળ પુસ્તકો છપાવવાં કે ભાષાંતરો છપાવવાં એ વિશેષ જન કલ્યાણકારી છે ? આ સવાલનું નિરાકરણ કરતાં પહેલાં મૂળ અને ભાષાંતરમાં રહેલો તફાવત વિચારવો પડશે.

મૂળની જે ખૂબીઓ—અર્થગૌરવ, અલંકાર, વર્ણલાલિત્ય, પ્રતિભા, રસ વિગેરે હોય છે તે ભાષાંતરમાં સાચવી શકાતી નથી. આ મુખ્ય તફાવત ઉપરથી સમજાશે કે મૂળ વિશેષ કલ્યાણકારી છે. પરંતુ તે મૂળમાંથી સમજી શકે, સાર કાઢી શકે તેવાને. ભાષાંતર હાલની પ્રચલિત ભાષામાં થયું હોય તો તે મૂળની ભાષાની ગંધ સરખી પણ જેને ન હોય તેને તો મૂળ કરતાં પણ વિશેષ કલ્યાણકારી નિવડશે એ ચોક્કસ છે, છતાં એકલાં ભાષાંતરો થઈ વધી પડશે. તો મૂળ ક્યાં છે, મૂળની ખૂબીઓ શું છે? તે સમજવાનો પ્રયત્ન કદી પણ થશે નહિ. વળી મૂળ હશે તો ભાષાંતર બની શકશે પરંતુ ભાષાંતરમાંથી કદી પણ મૂળ બની શકવાનું નથી. માટે મૂળ અર્થપ્રકાશિની ટીકા—જેટલી જેટલી ટીકા પ્રાપ્ત થાય તેટલી સંયુક્ત કરી છપાવવામાં આવશે તો બહુજ લાભ થશે, અને મૂળ સર્વ ટીકા સમેત અને તેની સાથે તે સર્વનું ભાષાંતર છપાવાય તો તેના જેવું એકેય નથી—સર્વોત્તમ છે.

---

# માનાધિકારી ઉપદેશક મી૦ નારણજી અમરશીનો ત્રિમાસિક રિપોર્ટ.

તા. ૨૩–૩–૦૯ના રોજથી માનાધિકારી ઉપદેશકનું પ્રમાણપત્ર મી૦ નારણજી અમરશીને મળ્યા પછી તેમણે કોન્ફરન્સ હેરલ્ડ માટે કેટલાએક લેખો લખ્યા છે. ઉપદેશક મી૦ ત્રિભુવનદાસ જાદવજીના કેટલાક ભાષણોથી વઢવાણના સંઘને ઉપજેલો અસંતોષ દૂર કરવામાં તેમણે મદદ કરી હતી. પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ મોતીચંદ કુરજી ઝવેરીએ વઢવાણની પાંજરાપોળ તપાસી જે રીપોર્ટ મોકલેલ તેમાં તે પાંજરાપોળના હિસાબ બતાવવા આદિ કેટલીક સૂચનાઓથી વઢવાણ મહાજનના સ્હેજ દુખાએલા મનને સમજાવી સંતોષ ઉપજાવવામાં તેમણે શ્રમ લીધો હતો. ડાકોરની અફલાતુનની પાંજરાપોળ સંબંધી આપણા પાંજરાપોળ ઇન્સ્પેક્ટરના રીપોર્ટ ઉપરથી મજકુર પાંજરાપોળના વહીવટ કર્તાએ કેટલાક અયોગ્ય ચોપાનીઆં છપાવ્યાં હતાં. તે ઉપરથી આ પાંજરાપોળ સંબંધી વધારે મજબુત તપાસ મી૦ નારણજી અમરશીએ કરી હતી. તે તપાસનો સવિસ્તર રીપોર્ટ કોન્ફરન્સ ઓફીસમાં તેઓએ મોકલાવેલ છે. મી૦ નારણજીનો તે પાંજરાપોળ વિષે એવો મત બંધાયો છે કે " અફલાતુનની પાંજરાપોળ માટે મકાન નથી. ઢોરોની માવજત પૂરતી દેખાતી નથી; અને તેમને પોકાર સત્ય લાગતો નથી જેથી પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ ઝવેરીનો રીપોર્ટ સત્ય લાગે છે. અને તેમાં જણાવેલ હકીકત રદ કરવાને કારણો જણાઇ આવ્યાં નથી. "

પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ મોતીચંદના કાઠીયાવાડના પ્રવાસ દરમિયાન મી૦ નારણજીએ તેમને ઘણી વખતે સહાય કરી સલાહ આપેલી છે. કેટલીક પાંજરાપોળની તપાસ વખતે તેમનો બંનેનો સાથે પ્રવાસ થવાથી પાંજરાપોળ ઇન્સ્પેક્ટરના કામકાજનો સારો અનુભવ થયો હતો, અને તે અનુભવથી મી૦ નારણજી પોતાનો સંતોષ જાહેર કરે છે.

સુઇગામ પ્રાંતિક કોન્ફરન્સને મી૦ નારણજીએ કેટલીક સલાહ આપી હતી. વઢવાણ કેમ્પમાં તેમના પ્રયાસથી શ્રી સંઘે ધાર્મિક દ્રવ્યની વ્યવસ્થા કરવા માટે એક કમીટી નીમી છે. તેમજ ત્યાંના મજુર વર્ગ સમક્ષ પણ ભાષણો આપી જીવદયાનો કેટલોક પ્રચાર કરાવ્યો હતો, અને શીઆણી તથા સુડા ગામે જઈ ભાષણો આપી કોન્ફરન્સના હેતુઓ સમજાવ્યા હતા.

માંડળ, પાટડી, લીંબડી ને પાચોરાની પાઠશાળાઓ તપાસી તેના શિક્ષકોને યોગ્ય સલાહ તેમણે આપી હતી તથા ઉપરીઆળા ને ચાળીશગામમાં પણ યથાયોગ્ય ઉપદેશ કર્યો હતો.

શ્રી ભોયણી તીર્થમાં શ્રી મલ્લિનાથજી મહારાજની વર્ષગાંઠ વખતે ત્રણ ભાષણો આપી કોન્ફરન્સ બંધારણ, હેરલ્ડનું ઉપયોગીપણું, મંદિરોદ્ધાર આદિ વિષયો ઉપર સારૂં વિવેચન કર્યું હતું. રામપુરા, માંડળ, વીરમગામ, પાટડીમાં પણ ઉપદેશ કર્યો હતો. અને બધી જગ્યોએ સારી અસર થઇ હતી. પૂના કોન્ફરન્સ વખતે કેળવણીના વિષય ઉપર ભાષણ આપ્યું હતું, નાશિકની પાંજરાપોળને ઉંચા પાયા ઉપર મુકવાને કેટલીક સૂચના તેઓએ કરી હતી.

ધુળીઆમાં સુકૃતભંડાર ઉપર ભાષણ આપ્યું હતું. તેમજ ત્યાંના અનાથાશ્રમ પાંજરાપોળ અને પ્રાણી સંરક્ષણનાં ખાતાં જોઈ તેઓ બહુ સંતોષ પામ્યા હતા. તેમજ ચાલીશગામ અને પાચોરામાં ત્રણ ભાષણો આપી કોન્ફરન્સના ઉદ્દેશો સમજાવી સુકૃત ભંડારની યોજના અમલમાં મુકવા આગ્રહ કર્યો હતો. તથા બીજા ઘણા વિષયો ઉપર વિવેચન કર્યું હતું. ત્યાંથી સુરત થઇ ડાકોર ગયા, જે વિષેનો એક જૂદો રીપોર્ટ તેઓએ કરેલ છે. સર્વ કરતાં મુસ્કેલ અને જોખમદાર કામગીરી ડાકોરની હતી.

વળી મી૦ નારણજી જણાવે છે કે દક્ષિણમાં મુનિમહારાજાઓ અને ઉપદેશકોની ઘણી જરૂર છે ત્યાં ઉપદેશકોના ફરવાથી ઘણું સારૂં પરિણામ નીપજાવી શકાય તેમ છે. તેમના તરફથી આ ત્રણ માસ દરમ્યાન એકંદરે ૯૦ પત્રો લખાયા છે. તેમણે ૧૮૦ માઇલની મુસાફરી પગ રસ્તે અને ૧૨૨૦ મૈલની મુસાફરી રેલવે રસ્તે મળી ૧૪૪૦ માઇલની મુસાફરી કરી છે.

આવા સ્તુતિપાત્ર પ્રયાસ માટે અમે મી૦ નારણજીને ધન્યવાદ આપીએ છીએ.

# જૈન ગ્રંથાવળી ઉપર પ્રો. ભડકમકરનો અભિપ્રાય.

12, Sadashiv Street,
Girgaon, *Bombay*.
4th July 1909.

*To*,

The Secretary, Shri Jain (Swetamber) Conference,
BOMBA

Dear Sir,

Your letter and the catalogue of Jain Mss prepared by your office both duly to hand. The book clearly bears signs of love and labour, and I believe the Conference has done signal service to their own religion as well as to literature in general in offering the information of all these records in so detailed a form. The footnotes are interesting and the indexes greatly facilitate reference.

I hardly deserve being called a devout student of Jainism though I have surely begun to see the excellence and usefulness of this literature in various ways. Rather than being essentially antagonistic I feel it is supplementary to Brahmanical literature and I believe, it is impossible to gain a full and an accurate view of the development of the present composite Hinduism unless our scholars devoutly give themselves up to a study as far as possible of the Jain, the Brahmanic and the Buddhistic *pali* literature. The latter two are made so far accessible by the labours of the European, and the Hindu Scholars, and the work of the Pali text society. But the Jain literature, though playing an important part in the mediœval history of India has not yet been accessible on a large scale. The efforts of your Conference and the munificent support of your own people is however expected to make up for the want.

I should suggest that you will now get up a committee of interested literary men like Prof. K. B. Pathak and other

scholars and to plan the launching of a Jain text series and, after fully considering the prospects, undertake in a systematic manner the printing of the more useful of these books at least. In case such a series is advertised I believe many scholars native and foreign will like to co-operate in this cause and within a period of the next twenty years the world will find much of this literature open to them. For my part I am ready to do what service I can, and shall be glad to edit any books if I receive proper help from the Conference in the way of getting Mss together, and securing the earnest and intelligent co-operation of *Jain scholars.*

I am sorry my scanty acquaintance with Jain literature does not enable me to judge or correct the data supplied by your lists, but should I come across any point worth noting, nothing will please me so much as to communicate it to you.

Thanking you, lastly, for the present of the catalogue and hoping to receive similar kindness from the Conference in future.

I remain,
sincerely yours
H. M. BHADKAMKAR.
Professor of Sanscrit
Wilson College.

# વીરમગામ પાંજરાપોળ.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેકટરે ગઇ તા૦ ૨૨-૧૦-૦૮ ના રોજ વીરમગામની પાંજરાપોળ તપાસી છે. આ પાંજરાપોળનો વહીવટ કરવાને માટે મહાજન તરફથી એક કમીટી નીમાયેલી છે, જે કમીટી વખતો વખત મળે છે, અને દરેક કામ સંતોષકારક રીતે ચાલે છે. કમીટીમાં જો કે વૈશ્નવોના નામો જોવામાં આવે છે તોપણ જૈન ભાઇઓ પાંજરાપોળ તરફ વધારે ધ્યાન આપે છે. અહિંઆં એક બીજું નાનું મહાજન કહેવાય છે અને તે મહાજન તરફથી એક જુદીજ પાંજરાપોળ ચલાવવામાં આવે છે. આવી રીતે એકજ શહેરમાં બે જુદી જુદી પાંજરાપોળ ચાલે છે. જો અંદર અંદરનો મતભેદ નીકળી જાય અને બંને પાંજરાપોળ એક થઇ જાય તો બંનેને ઘણોજ ફાયદો થવા સંભવ છે.

પાંજરાપોળનાં મકાનો ઘણાં સુંદર છે પરંતુ જનાવરોને રહેવા લાયક કહી શકાય નહિં. મકાનોમાં વેંટીલેશન જેવું જોઇએ તેવું નથી.

બંને પાંજરાપોળની ઉપજ ઘણી સારી છે. અહિં કપાસનો વેપાર ઘણો સારો ચાલે છે. અને તે વેપાર ઉપર પાંજરાપોળનો લાગો નાંખેલો હોવાથી પાંજરાપોળને વાર્ષિક આવક ઘણી સારી છે. ખર્ચ બાદ કરતાં જે કાંઈ વધે છે તે દર વરસે કોઈ સારા વેપારીને ત્યાં જમે રહે છે.

વેપારના લાગા ઉપરાંત શ્રાવકોમાં શુભાશુભ પ્રસંગોપર પાંજરાપોળમાં અમુક ધર્માદો આપવામાં આવે છે. આ ઉપરાંત જ્યારે ગામમાં કોઇ પણ માણસને પોતાને ત્યાંના સારા માઠા પ્રસંગપર પાખી પળાવવી હોય ત્યારે પણ તે માણસને પાંજરાપોળમાં ૫૫૧ રૂપીઆની રકમ ભેટ કરવી પડે છે.

અહિંની પાંજરાપોળમાં જનાવરો સાજા અને કામ કરવાને લાયકના થાય કે તરતજ કોઇ સારા ગ્રહસ્થને વેચાતા આપવામાં આવે છે, એવે કરારે કે તેઓએ તે જનાવરને સખત કામ આપવું નહિં તેમજ બીજા કોઇને વેચાતું આપવું નહિં, પરંતુ જ્યારે માંદું અથવા કામ કરવાને અશક્ત થાય ત્યારે પાછું પાંજરાપોળમાં લાવવું.

માંદા જનાવરોને માટે વૈદકની મદદ બીલકુલ મળતી નથી. તેઓ ઘણીજ હેરાનગતી ભોગવે છે. એક હજામ છે તે કેટલીક દેશી દવાઓમાં ભેળસેળ કરી જખમોપર પાટા-પીંડી કરે છે પણ તે ઉંટવૈદ હોવાથી કેટલીક વખત રજનું ગજ અને ઉંધાનું ચતું કરી નાંખે છે. માંદા જનાવરોની સંખ્યા પણ અહિં વધારે રહે છે. પાંજરાપોળની પૈસા સંબંધમાં ઘણી સારી સ્થિતિ જોતાં પાંજરાપોળને ખરચે એક વેટેરીનરી આસીસ્ટંટની નીમણોક કરવાની ભલામણ કરવી કોઈ રીતે અયોગ્ય લેખાય નહી. જો તેમ ન બને તો છારોડી ગૌશાળા જે અહિંથી નજીક છે ત્યાં સરકાર તરફથી એક વેટેરીનરી સરજન રહે છે તેની સાથે ખાનગીમાં અગર તેના ઉપરીની મારફત કંઈ પણ ગોઠવણ કરી તે માણસ દર અઠવાડીએ એક વખત અહિં આવી જાય અને માંદા જનાવરોની સારવાર કરે એવી સગવડ થાય તોપણ વધારે ફાયદો થાય તેમ છે.

કેટલાક માંદા જનાવરોને દવાઓ આપી છે અને કેટલાક રોગોને માટે ઉપયોગી દવાઓ ઉતારી આપી છે.

# અમદાવાદ પાંજરાપોળ.

અમારા વેટેરીનરી સરજને આ પાંજરાપોળ તા૦ ૨૫-૧૦-૦૮ ને રોજ તપાસી છે અને પોતાના રીપોર્ટમાં જણાવે છે કે:—

અમદાવાદમાં બે પાંજરાપોળ છે. એક ઝવેરીવાડામાં અને બીજી માંડવીપોળમાં. ઝવેરીવાડની પાંજરાપોળ ઘણી મોટી છે અને તેના તાબામાં લગભગ ૧૫૦૦ થી ૧૭૦૦ જનાવરો છે. અમદાવાદ શહેરમાં આ પાંજરાપોળના કંપાઉન્ડમાં ઝાઝા જનાવરો રહી શકે એટલી સગવડ નહિં હોવાથી ફક્ત અશક્ત અને માંદા જનાવરોનેજ અહિં રાખવામાં આવે છે; જ્યારે જુવાન અને અશક્ત જનાવરો અહિંથી થોડે દુર રાચેડા નામનું એક ગામ છે, કે જ્યાં આ પાંજરાપોળની બ્રાન્ચ છે ત્યાં રાખવામાં આવે છે. જનાવરોની માવજત ઉત્તમ રીતે કરવામાં આવે છે; ઉત્તમ ખોરાક આપવામાં આવે છે અને પાણી પણ સ્વચ્છ અપાય છે. પાણી પાવાની કુંડીઓ વખતો વખત સાફ થાય છે.

આ પાંજરાપોળમાં એક મોટું કબુતરખાનું છે જેમાં ૧૫૦૦ થી ૨૦૦૦ ને આશરે કબુતરોને રાખવામાં આવેલા છે. કંઈ પણ કારણ વગર, જંગલમાં ઉડીને ચારો ચરી શકે તેવા પક્ષીઓને જો કેદ કરી રાખવામાં આવે તો તે પસંદ કરવા લાયક ગણાય નહિં.

પાંજરાપોળનું મકાન મોટું છે, જેમાં અશક્ત, માંદા, નાના બચાંઓ, કામ કરી શકે તેવા જનાવરો, વગેરેને રાખવાને માટે જુદા જુદા વાડો બાંધેલા છે. માંદા જનાવરોને રહેવાને માટે એક જુદીજ ઇસ્પીતાલ બાંધેલી છે. જો કે મકાનો સ્વચ્છ રહે છે તોપણ કંપાઉન્ડમાં કેટલીક જગ્યાએ ખાડાઓ હોવાથી ચોમાસામાં વરસાદનું પાણી ભરાઈ રહેતું હોય તો આવા ખાડાઓ કાંકરી અગર માટી નાખી પુરાવી દેવાની જરૂર છે.

આ પાંજરાપોળમાં નાના બકરાંઓ મોટી સંખ્યામાં આવે છે અને દરેક પ્રયત્ન કરવાં છતાં પણ લગભગ સઘળાં મરી જાય છે.

અમદાવાદ પાંજરાપોળમાં માંદા જનાવરોને માટે જેવી જોઇએ તેવી સારવાર કરવામાં આવે છે છતાં પણ તેમાં કેટલોક સુધારો કરવાની જરૂર છે. અમદાવાદ લોકલ બોર્ડ વેટેરીનરી ડીસ્પેનસરી ફંડમાં પાંજરાપોળ તરફથી એક મોટી રકમની વાર્ષિક મદદ આપવામાં આવે છે અને તેના બદલામાં તે ડીસ્પેનસરીના ડાકટર સાહેબ અમદાવાદ પાંજરાપોળની અઠવાડીએ એક વખત મુલાકાત લે છે, અને માંદા જનાવરોને દવાઓ આપે છે, પરંતુ અહિંઆં માંદા જનાવરોની સંખ્યા ઘણી રહેતી હોવાથી ડાકટરની હમેશાં હાજરીની જરૂર છે, જેથી જો એક વેટેરીનરી આસીસ્ટંટને ખાસ તેજ કામને માટે પાંજરાપોળ તરફથી રોકવામાં આવે અને તે આસીસ્ટંટ લોકલબોર્ડ વેટેરીનરી ડીસ્પેન્સરીના સરજન સાહેબની સુચના પ્રમાણે જનાવરોની સારવાર કરે તો ઘણો ફાયદો થવા સંભવ છે. વળી જો થોડું વધારે ખર્ચ કરી દવાઓનો જથો રાખવામાં આવે તો તે આસિસ્ટંટ શહેરના ગરીબ માણસોના માંદા જનાવરોની પાંજરાપોળ તરફથી મફત સારવાર કરશે અને તેમ થવાથી જીવદયાના ઉંચ હેતુ જળવાયાની સાથે પાંજરાપોળની લોકપ્રિયતામાં વધારો થશે.

## પ્રાંત સોરઠ—શહેર જુનાગઢ મધ્યે શ્રી ગિરનારજી તીર્થરાજનો તથા તેની નીચેની તળેટીનો તથા શહેરમાંના શ્રી મહાવીરસ્વામી મહારાજના દેરાસરનો વિગેરેનો વહીવટ ચલાવનારી શેઠ દેવચંદ લક્ષ્મીચંદના નામથી પેઢી ચાલેછે તેના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ગિરનારજી તીર્થરાજ ઉપર આશાતના થવા માટે તેમજ તેના (શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના) વહીવટ સંબંધી તથા ત્યાંના વહીવટકર્તા બીજા ગામવાળાને સદરહુ વહીવટ સોંપતા નથી, તે સંબંધી વખતો વખત અમારી ઉપર ફર્યાદો આવવાથી તેની તપાસ કરવા ઇન્સ્પેક્ટર અમુલખ નરશીને એક પટાવાળાસાથે શ્રી જુનાગઢ મોકલ્યા. તેણે તપાસ કરી ચોકસ ખબર આપવાથી શ્રી ભાવનગર મધ્યે ભરાયેલી શ્રી છઠ્ઠી મહાન કોન ફરન્સમાં સદરહુ પેઢીના વહીવટકર્તા શેઠ વીરચંદભાઇ ત્રિભુવનદાસ આવેલ હોવાથી તેમને બોલાવી સર્વ બાબતનો ખુલાસો માગવામાં આવ્યો. તેમની સાથે બીજા બે ત્રણ ગૃહસ્થો આવેલા, તેમાંથી એક જણે જવાબ આપ્યો કે સદરહુ વહીવટ બીજાને સોંપવો કે નહીં તે અમારી મરજીની વાતછે, વિગેરે રીતથી ઉલટા અને ઉડાવનાર જવાબ આપવાથી અમે તેમને સખ્ત ભાષામાં વખોડી કાઢયા, અને શેઠ વીરચંદભાઈ પાસે ખુલાસો માગવાથી તેઓ પણ મારા મતને મળતા થઇ દરેક બાબતનો સરળપણે ખુલાસો કરી તીર્થના લાભમાટે અમો જેજે સૂચવીએ તે પ્રમાણે વર્તવા પોતાની મોટી ખુશી જણાવી. તેથી શ્રી ભાવનગર કોન્ફરન્સ પૂરી થતાં ફરીથી ઇન્સ્પેક્ટરને જુનાગઢ મોકલી સદરહુ વહીવટનો હિસાબ તપાસવાની શરૂઆત કરી. તેમાં જેજે ખામીઓ દેખાઇ તેમાં સુધારો કરાવતા આવ્યા. તેમ કરતાં લગભગ ૭ મહીના નીકળી ગયા, તેમાં શેઠ વીરચંદભાઇ તરફના બીજા એક બે ગૃહસ્થો સદરહુ વહીવટમાં મદદ કરતા હતા. તેઓ વખતો વખત તેમાં અડચણો નાખી ઇન્સ્પેક્ટરને ત્યાંથી કાઢી મૂકવાની તજવીજ કરતા હતા. અમોએ સદરહુ વહીવટને લગતી સર્વે જંગમ તથા સ્થાવર મિલકત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપી દેવાની ભલામણ કરવાથી તે લોકો શેઠ વીરચંદભાઇને આડું અવળું સમજાવી તેમનું મન ફેરવી નાખતા હતા. પણ અમોએ મજબુત હાથે કામ લઇ શેઠ વીરચંદભાઇનું ધ્યાન તે ઉપર ખેંચવાથી તે લોકો ફાવી શકતા નહીં હતા. પણ તે લોકો આડકતરી રીતે વખતો વખત વચમાં અડચણો કરતા હોવાથી અને તે શેઠ વીરચંદના સમજવામાં પૂરેપૂરી આવવાથી તે લોકોને સદરહુ પેઢી ઉપરનું કામ કરવાની મનાઇ કરવાથી તપાસણીનું કામ સહેલાઇથી આગળ ચલાવવાનું તથા મીલકત તપાસી લઈ યોગ્ય બંદોબસ્ત કરવાનું બની આવ્યું. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીવાળાને તેઓએ એક બે વખત બોલાવી પાછા કાઢેલ હોવાથી કંટાળી જઇ સદરહુ વહીવટનો પૂરેપૂરો કબજો લેવાની તેઓ ના પાડતા પણ ગિરનારજી તીર્થ ઉપર જુનાગઢ રાજ્ય તરફથી બહુ જબરજસ્તી તેમજ આશાતના થતી હોવાથી તે ઉપર શેઠ સાહેબ મનસુખભાઈ ભગુભાઇ તથા શેઠ લાલભાઈ દલપતભાઇનું ધ્યાન ખેંચી સદરહુ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીનો પૂરેપૂરો વહીવટ કબજે લેઈ તે તીર્થનું રક્ષણ કરવાનું મંજુર કરાવી નીચે જણાવ્યા મુજબ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપાવી દીધો છે. તે કામમાં આ ખાતાને લગભગ એક વરસ સુધી મહેનત કરવી પડી હતી.

સદરહુ પેઢીના વહીવટ કર્તા શેઠ વીરચંદભાઇ ત્રિભુવનદાસના હસ્તકનો સંવત

૧૯૫૯થી સંવત ૧૯૬૪ આસોવદ ૩૦ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ વહીવટ સરળ અને સારી રીતે ચલાવેલો જોવામાં આવેછે. મરહુમ શેઠ ત્રિભુવનદાસ મોતીચંદ સ્વર્ગવાસી થયા પછી જરૂર પ્રસંગે જુનાગઢના રહીશ કેટલાએક ગૃહસ્થોની સદરહુ વહીવટમાં મદદ લેવામાં આવતી હતી. તેમાંના એક બે ગૃહસ્થોની કાર્ય કુશળતા બરાબર નહીં હોવાથી પૂરેપૂરા અનુભવી માણસ સિવાય નહીં સમજી શકે એવી રીતે કેટલાએક નાણાંની ગેરવ્યવસ્થા થઇ હોય તેમ લાગેછે. તોપણ મરહુમ શેઠ ત્રિભુવનદાસ મોતીચંદે સદરહુ વહીવટનું બંધારણ બહુજ ઉત્તમ પ્રકારનું કરેલ હોવાથી તેમજ તેમના વડીલપુત્ર શેઠ વીરચંદભાઈ તેજ બંધારણને મજબૂતાઇથી વળગી રહી સરળપણે વહીવટ ચલાવતા હોવાથી ખુલ્લી રીતે તેમાં એક પાઇની પણ ગેરવ્યવસ્થા થવા પામી નથી. અને વહીવટ સારી રીતે ચલાવ્યો છે, તે બહુ ખુશી થવા જેવું છે. અમારે ખુશી થવા જેવું એ છે કે શ્રી ગિરનારનો પર્વત આપણી માલિકીનો તથા કબજા ભોગવટાનો હોવા છતાં તથા પૂર્વે થઈ ગયેલા વડવાઓએ તેમજ જૈન રાજાઓએ તે ઉપર મોટાં મોટાં ભવ્ય જીનાલયો તથા કુવા, વાવો, જૈન જાત્રાળુઓ માટે ધર્મશાળાઓ બંધાવેલી છે. અને પહેલી ટુંકને મજબૂત કિલ્લો બાંધી તેમાં દરવાજા મૂકયા છે. બીજી તથા ત્રીજી ટુંક ઘણીજ ઉંચાણમાં હોવાથી તેને કિલ્લો બાંધેલ નથી. ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ટુંકો ઘણીજ ઉંચાણમાં હોવાથી તેને કિલ્લો બાંધેલ નથી. ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ટુંકે નાની નાની દેરીઓ બંધાવી તેમાં પગલાં પધરાવવામાં આવ્યાં છે. તેને ઘણો કાળ વીતી ગયો છે. અને તે અરસામાં ત્યાં ઘણાં રાજ્યો થઈ ગયેલાં હોવા છતાં તથા તે બદલના ઘણા શિલાલેખો તથા મજબૂત પૂરાવાઓ હોવા છતાં જુનાગઢની દરબાર જૈનીઓની ધર્મની લાગણી દુખાશે તેનો વિચાર કર્યા વગર પોતાની મરજી મુજબ જૈનીઓની વિરૂદ્ધ કામ ચલાવે જાયછે. તેથી ભવિષ્યમાં મોટો બખેડો ઉઠવાનો ભય રહેછે, વિગેરે ફરિયાદો અમારા સાંભળવામાં આવવાથી અમોએ સદરહુ તીર્થનો બચાવ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીવાળા સારી રીતે કરી શકશે તેવું ધારી શેઠ વીરચંદભાઇનું તે ઉપર ધ્યાન ખેંચી સદરહુ વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સ્વાધીન કરી આપવાની સલાહ આપવાથી અને તેઓએ મોટી ખુશીથી તેમ કરવાનું કબુલ કરવાથી તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીવાળાએ તે રીતે વહીવટનો પૂરેપૂરો કબજો લઇ સદરહુ તીર્થનો બચાવ કરવાનું કબૂલ કરી તેમની કમીટીમાંથી રાવબહાદુર બાલાભાઇ મંચ્છારામ તથા ઝવેરી વાડીલાલ વખતચંદને જુનાગઢ મોકલી આપવાથી તેમને શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીને લગતો પૂરેપૂરો વહીવટ તથા તેને લગતી સર્વ જંગમ તેમજ સ્થાવર મીલ્કત શેઠ વીરચંદભાઈ ત્રિભુવનદાસ પાસેથી તેમની રાજીખુશીથી સંવત ૧૯૬૫ ના અશાડ શુદી ૪ ને સોમવાર તા૦ ૨૧ મી જુન ૧૯૦૯ ને દિને સ્વાધીન કરાવી છે. તે માટે શેઠ વીરચંદભાઇ ત્રિભુવનદાસને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. અમો આશા રાખીએ છીએ કે જે હેતુથી સદરહુ પેઢીનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપાવ્યો છે તે પ્રમાણે પૂરેપૂરી મહેનત લઈ હરેક પ્રકારે સદરહુ તીર્થનું પૂરેપૂરૂં રક્ષણ કરશે. તે કામ કરવાને ઢીલ થશે તો પાછળથી પૂરેપૂરો પસ્તાવો કરવો પડશે.

આપણી ધાર્મિક સંસ્થાના વહીવટ કર્તા ગૃહસ્થો ઉપર જણાવ્યા મુજબ શેઠ વીરચંદભાઇ ત્રિભુવનદાસનો દાખલો લઈ તે પ્રમાણે પોતાના કબજાની ધાર્મિક સંસ્થાને અથવા

તેના વહીવટને રાજ્ય તરફથી અથવા બીજા કોઈપણ કારણથી નુકસાન થતું હોય તો ઉપર જણાવ્યા મુજબ શેઠ વીરચંદભાઈ ત્રિભુવનદાસની માફક સારી રીતે વહીવટ ચલાવી શકે તેવા બીજા સદ્ગૃહસ્થોને શોધી કાઢી તેમને વહીવટ સોંપી દઈ તેમાં પોતાથી બનતી મદદ કરે તો આપણી દરેક ધાર્મિક સંસ્થાઓના વહીવટ ચોખ્ખી રીતે ચાલી તેની મીલ્કતની ગેરવ્યવસ્થા થતી અટકે અને તેનો સદ્ઉપયોગ થાય.

લી૦ શ્રી સંઘનો સેવક
**ચુનીલાલ નાહાનચંદ**
ઓનરરી ઓડીટર
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

# પ્હોંચ.

શ્રી માંગરોળ જૈન સભા—આ સભાના સંવત ૧૯૬૩-૬૪ ની સાલના રીપોર્ટની પહોંચ સ્વીકારતાં અમે અમારો સંતોષ જાહેર કરીએ છીએ. અમે ઘણી વખત લખી ગયા છીએ કે આપણી કોમની જુદી જુદી સભાઓ આપણી વિજયી કોન્ફરન્સ શરીરનાં અંગોપાંગ છે. કોન્ફરન્સ સૂચવે છે, ઠરાવ કરે છે, અને સભાઓ તેની સૂચના અને ઠરાવોનો અમલ કરે છે. જેમ જેમ આ અંગોપાંગ દઢતર બનતાં જશે, જેમ જેમ તેના પૈસા-સ્નાયુ વધારે મજબુત થશે તેમ તેમ આપણી કોમનો ઉદયભાનુ વિશેષ પ્રજ્વલિત થશે. નાણાંની વિચિત્ર સ્થિતિ અને બીજા પ્રતિકુળ સંજોગોની મુશીબતો વચ્ચે આ સભા પોતાના લાગણીવાળા ઉત્સાહી સભાસદોની મદદથી આટલું બધું કરી શકી છે તે એક અજાયબી જેવુંજ માની શકાય, પણ તેનું મુખ્ય કારણ એજ કે આ સભાના સભાસદો પોતાની ફરજો સારી રીતે સમજે છે અને ઉત્સાહપુર્વક ઉદ્યમ કરે છે. મુંબઈ શેહેરમાં જૈન કોમની ઉન્નતિ સંબંધી ચળવળ ઉત્પન્ન કરી, જારી રાખનાર આ સભા સ્ત્રી કેળવણી ફેલાવા માટે જે ઉત્તમ પ્રયાસ કરે છે તેને માટે આ સભાને ધન્યવાદ ઘટે છે. આ સભાની દેખરેખ નીચે એક ઉત્તમ પદ્ધતિથી જૈન કન્યાશાળા ચાલે છે. તે ઉપરાંત દરવરસે આ સભા તરફથી ગોઠવવામાં આવતી ભાષણશ્રેણી તથા ઉપદેશશ્રેણીમાં ઉપયોગી વિષયો ચર્ચાવાથી અનેક લાભો દષ્ટિગોચર થયેલા છે. તે સિવાય બીજી પણ અનેક હીલચાલો આ સભા હાથ ધરે છે. આવા ખાતાને પૈસા સંબંધી અગવડ ન આવે તેમ કરવા દરેક જૈન બંધુની ફરજ છે.

# માનાધિકારી ઉપદેશક મી. દલીપચંદ મગનલાલનો પ્રવાસ.

તા૦-૧૯-૬-૦૯ ને રોજ મહુડી ગામથી જંત્રાલ ગયા. અત્રેના સંઘમાં બે તડ પડી ગયાં હતાં તેથી સંપ ઉપર ભાષણ આપી બંને પક્ષોને સારી રીતે સમજાવી બેઉ તડમાં સંપ કરાવ્યો હતો. કુસંપને લીધે બંધ થએલી જૈનશાળા પણ પાછી ઉઘાડવામા આવેલ છે. તથા તેને માટે સારૂં ફંડ એકઠું કર્યું છે. સુકૃત ભંડાર ફંડની યોજના પણ અમલમાં મૂકવા ઠરાવ કરાવ્યો છે. તા૦-૨૨-૬-૦૯ ને રોજ કમાલવેર ગયા. બંધ પડેલી પાઠશાળા પાછી ખોલાવી છે. તા૦-૨૪-૬-૦૯ ને રોજ ગુંદરાસણ ગયા. અત્રેના જૈનોમાં ધાર્મિક કેળવણી બહુ થોડી છે. તેનું મુખ્ય કારણ અત્રે સાધુ વિચરતા નથી તેજ છે. ઘણા શ્રાવકો વૈષ્ણવ ધર્મ પાળે છે. આ ઉપદેશકના પ્રવાસથી ઘણા ગૃહસ્થોએ કંઠીઓ તોડી નાખી જૈન ધર્મ પાળવાની બાધા લીધી. તથા દેવદર્શનથી થતા લાભો સમજાવ્યા હતા. અત્રેનો કોળી વર્ગ હુતાશણી આદિ તેહેવારોને વખતે જીવહિંસા ઘણી કરેછે. તેથી તેઓ સમક્ષ પણ ભાષણ આપી જીવહિંસા હમેશને માટે બંધ કરાવી છે. દશેરાના દિવસે પણ પાડા નહિં મારવા સર્વે જણાએ દૃઢ પ્રતિજ્ઞા લીધી છે.

તા૦-૨૬-૬-૦૯ —ખરોડ. આ ગામમાં મુનિ મહારાજાઓનું વિચરવું બીલકુલ થતું નથી તેથી મરણ પાછળ નાતવરા આદિ હાનિકારક રીવાજો બહુ વધી ગયા છે, તથા કન્યા વિક્રયના પણ કોઈ વાર દાખલા બનેછે. અત્રેના શ્રી સંઘ સમસ્ત સમક્ષ કેળવણીના વિષય ઉપર અસરકારક ભાષણ આપ્યું હતું. તેની સાથે દુષ્ટ રિવાજો સંબંધી પણ વિવેચન કરવામાં આવ્યું હતું. જેથી અત્રે (૧) કન્યા વિક્રય (૨) મૃત્યુ પાછળ નાતવરા નહિં કરવાનો (૩) વૃદ્ધવિવાહ આદિ નહિં કરવાનો ઠરાવ કરવામાં આવેલ છે. પરદેશી અશુ ખાંડ તથા હિંસક વસ્તુઓથી બનતી ચીજો પણ નહિં વાપરવા ઠરાવ થયેલ છે. તે ઉપરાંત બંધ થયેલી જૈન શાળા પાછી ઉઘાડવામાં આવીછે.

તા૦-૨૮-૬-૦૯— કરમજ. બંધ પડેલી જૈનશાળા માટે ફંડ એકઠું કરાવી જૈનશાળા ચલાવવી શરૂ કરેલ છે.

તા૦-૨૨-૬-૦૯—સુરજ. અત્રે બે તડો પડી ગયેલ છે. તેથી દેરાસરમાં બહુ આશાતના થાયછે. અત્રે પણ સંપ ઉપર ભાષણ આપ્યું હતું જેની અસરથી અત્રેના બે તડો સંધાયાંછે તથા સુસંપ કરાવેલ છે. બંધ પડેલી પાઠશાળા પણ ચાલુ થએલ છે.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૨)—ધાર્મિક શિક્ષણ આપવું શકય છે? કઇ ઉમ્મરે?

આપના પ્રશ્નોમાં આ ત્રીજો પ્રશ્ન મહત્વનો છે. જાહેર શાળાઓ માટે આ પ્રશ્ન હજી કોઇ છોડવી શકયું હોય એમ મારા જાણવામાં નથી. પણ જૈન શાળાઓ જેવી વિશેષ ધર્મની સંસ્થાઓ માટે ધર્મ શિક્ષણ આપવું અશકય નથી આપણું (જૈન અને વૈદિક બન્નેનું) જીવન આરંભથીજ ધર્મમય છે, તેથી છોકરો સમજતો થયો ત્યારથી તે ધર્મ શિખવાને લાયક થાય છે.

**છોટાલાલ નરભેરામ ભટ્ટ.**

જ્યારથી સારૂં ખોટું સમજવાની સમજણ (શકિત) આવે ત્યારથી ધર્મ શિક્ષણની શરૂઆત કરી શકાય.

**ગણપતરામ રાજારામ ભટ્ટ.**

ધર્મનું શિક્ષણ આપવું મ્હને તો શકય લાગે છે; એવું શિક્ષણ ન અપાઇ શકાતું હોત તો દુનિયામાં ગુરુ શિષ્યોની પરંપરા થાતજ કયાંથી.

**ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા, બી. એ.**

ઇતિહાસ પરંપરાથી અને હાલ પણ ખાસ ધાર્મિક સંસ્થાઓ ખાસ શિક્ષણાર્થેજ ભારતવર્ષના અનેક ભાગોમાં ચાલતી જણી છે તે પરથી એ શકય છે. શિષ્યનું વય સાત વર્ષ પછી એને માટે સદા યોગ્યજ છે.

**રાજારામ રામશંકર શાસ્ત્રી.**

શકય છે એટલુંજ નહિ પણ તે સર્વ પ્રજામાં અપાયજ છે. ઉત્તમ વય ત્રણ વર્ષની અંદરની છે. એ અવસ્થામાં પડેલા ઉત્તમ સંસ્કારોને ખીલવવાનું કામ પછીના ભાગમાં રહે છે. ત્રણ વર્ષની અંદર શિક્ષણ આપવું માતાપિતાના હાથે રહે છે, અને ત્યાર પછી શાળામાં તો એ સંસ્કારો ખીલવવાનું રહે છે.× * * * *

× લેખક મહાશયે પોતાનું નામ જણાવ્યું નથી.

ધર્મનું શિક્ષણ શકય છે ને તે નાનપણથીજ માતાના અંકમાંથી મળવું જોઇએ. એની શરૂઆત નિશાળના કાળની સાથેજ થવી જોઇએ.

**મગનભાઈ ચતુરભાઇ પટેલ, બી. એ., એલ. એલ. બી.**

ધર્મ શિક્ષણની શરૂઆત બાળશક્તિઓનો વિકાસક્રમ નજર આગળ રાખી ન્હાનપણથીજ કરી શકાય છે.

**ડી. એ. તેલંગ, બી. એ.**

**જીવાભાઇ અમીચંદ પટેલ.**

છોકરૂં અનુકરણ કરવાનું શરૂ કરે ત્યારથીજ તેને ધાર્મિક શિક્ષણ આપવાનું શરૂ કરી શકાય.

**નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.**

ધર્મનું શિક્ષણ આપવામાં અશકય કશું છેજ નહીં. બહુજ બાળક અવસ્થાથી પણ તેની તો શરૂઆત થવીજ જોઇએ.

**હિમ્મતલાલ ગણેશજી અંજારિયા, એમ. એ.**

ધર્મનું શિક્ષણ શકય છે. જે ઉમરથી વ્યવસ્થિત રીતે શિક્ષણ આપવું શરૂ થાય તે ઉમરથી વ્યવસ્થિત રીતે ધર્મ શિક્ષણ શરૂ કરવું. પરોક્ષ રીતે તો માબાપ ને ઘરના અન્ય માણસોના આચરણ જન્મથીજ શિક્ષણરૂપજ થાય છે. એ શિક્ષણના બીજ ઘર કેળવણીમાં રોપાવાં જોઇએ ને શાળામાં પરિપુષ્ટ થવાં જોઇએ.

**કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.**

શરૂઆતથી સામાન્ય નીતિનું શિક્ષણ વાર્તાઓ ને પ્રત્યક્ષ દાખલાથી શરૂ કરી આગળ ઉપર ધર્મના શિક્ષણની જરૂર છેજ.

**છગનલાલ વિદ્યારામ રાવળ.**

દશેક વર્ષની ઉમર પછી ખાસ ધર્મનું શિક્ષણ અપાય અને દરમ્યાન સામાન્યનીતિનું શિક્ષણ સાતેક વર્ષની ઉમરથી શરૂ થાય તો યોગ્ય ગણાશે.

**જયચંદ બહેચર ઝવેરી.**

ધર્મનું શિક્ષણ આપવું શકય છે, પણ કાંઇક મોટી ઉમરે. તદ્દન બાળક વયમાં તો બાળકના આચરણ પવિત્ર અને નીતિમાન થાય તેવી તેને ટેવો પડાવવી એ ખાસ આવશ્યનું છે; માત્ર મુખ ઉપદેશ અને વર્તનનાં દ્રષ્ટાંત આપી તેમને નીતિ અને સદાચરણ તરફ દોરવાં જોઇએ.

**શિવજી દેવશી.**

શિશુઓ ધાર્મિક શિક્ષણ માટે કંઇક મ્હોટી ઉમરના જોઇએ. પોતાને માટે વિચાર કરી શકે તેટલી ઉમર અવસ્ય જોઇએ. આમ જોતાં પ્રાથમિક શાળાઓમાં ધાર્મિક શિક્ષણ શકય ભાસ્તું નથી, દ્વિતીય શાળાઓમાં શકય છે, કોલેજોમાં જરૂરનું છે.

**કરીમ મહમદ, એમ. એ.**

ધર્મના લાક્ષણિક અને પારમાર્થિક એવા સનાતન ભેદો સ્વિકૃત હોય તોપણ પારમાર્થિક ધર્મ પૂર્વકર્માવલંબી હોઇ તેનું શિક્ષણ આપી શકાય એમ નથી. માત્ર લાક્ષણિક ધર્મનું અપાય. ધૃતિ, ક્ષમા, દયા, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય, આ લાક્ષણિક ધર્મના અંગો છે. આનું શિક્ષણ ગમે તે ઉમરે પણ ગ્રાહકની શક્તિના વિચારે આપવું જોઇએ.

**ગીરજાશંકર કાશીરામ દ્વિવેદી.**

'ધર્મનું શિક્ષણ' 'ખાસ' વિષય લેખાય. જેમ 'ખાસ' ધંધા શીખવા માટે 'ખાસ' શાળા કે 'ખાસ' યોજનાઓ પાશ્ચાત્ય દેશોમાં હોય છે, તેમ 'ધર્મના શિક્ષણ'ને માટે 'ખાસ' શાળા કે યોજનાઓ હોઇ શકે, અથવા ઘર આગળ અપાય; પણ તેને (General Education Scheme) સામાન્ય શિક્ષણની યોજનામાં અવકાશ નથી. રાજ્યના કાયદા-કાનુનો સમાજની સ્થિતિ જાળવવાને અર્થે બહુધા છે એમ સમજાય છે, તેથી તેનું ફરજ્યાત પાલન સ્વિકારવામાં આવે છે; પણ ધર્મ એ મન તથા બુદ્ધિનો અભ્યંતર વિષય હોવાથી તેના કાયદા-કાનૂનો રૂચિભેદે સર્વત્ર એક સરખી રીતે તે માન્ય થઇ શકયા નથી, તે જગતના પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોમાં ધર્મ-ભેદ, ધર્મ-વિગ્રહ, ધર્મ-સંહારના વર્ણનોથી સુસિદ્ધ છે; માટે 'ધર્મ શિક્ષણ' ના નાજુક વિષયને તો વડિલોના અનુકરણીય દૃષ્ટાંત, ગૃહ-શિક્ષણ, અને એ બાબતની જે ખાસ શાળાઓ બહુ મતે સ્થાપવામાં આવે, તો તે ખાસ શાળાઓને માટે રહેવા દેવો; અને જેમ કેળવણીનો આરંભ બાળકના જન્મ સાથે થાય છે અને તેની સમાપ્તિ તેના અંત સાથે થાય છે, તેમજ ધર્મની કેળવણી તત્વજ્ઞાનનાં પર્યવસાનમાંજ પૂર્ણ થતી હોવાથી યાવજ્જીવન ચાલે છે.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી.**

## (૩)—ધાર્મિક શિક્ષણથી કાંઇ અહિત છે?

કોઇ વિષયનું ખાસ શિક્ષણ આપવાથી તે વિષય પરત્વે ઉમળકો પેદા ન થવો અથવા અભાવ આવવો તે શિક્ષક અને શિક્ષણ પદ્ધતિની ખામી છે. પદ્ધતિની ખામીને માટે તે વિષયના શિક્ષણને દોષ દેવો વાજબી નથી. ધર્મ વિષયક ફરજ્યાત શિક્ષણ આપવાથી ઇચ્છા કે અનિચ્છાએ પણ જે સંસ્કારો બાળકોના હૃદયપર પડશે, તે તેમની ભાવી. જીંદગીમાં હિતકર થશે. ધર્મ શિક્ષણ આપવાની પદ્ધતિ સારી હશે તથા શિક્ષક શ્રદ્ધાળુ અને ખરા મનથી ધર્મ આચરનાર (વકતા માત્ર નહિ) હશે તો તેથી માયાવીપણું કદી ઉદ્ભવ પામશે નહિ.

સ્વપરનો ભેદ જેમાં નિરાસ ન કર્યો હોય, **'वसुधैव कुटुंबकम्'** નો જેમાં ઉપદેશ ન હોય,-મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષાનું જેમાં શિક્ષણ નહિં હોય, તે ધર્મના શિક્ષણથીજ હાનિ થવાનો સંભવ છે, અન્યથા નહિ.

નીતિના સામાન્ય તત્વો બધા ધર્મોના એકજ છે, અને બધાજ કૈવલ્ય સુખની આરાધના કરનારા હોય છે અને સાધનરૂપ પદાર્થને સાધ્ય માની તદ્વિષયક આગ્રહ પકડી બેઠેલ હોય છે. માટે ધર્મ શિક્ષણની પ્રણાલી એવી રીતે રચવી કે જેનાથી દુનિયાના તમામ નહિ તો ઘણાખરા ધર્મોની સાથે બની શકે તેટલી એકવાકયતા સંપાદન કરી શકાય.

રૂચિ વૈચિત્ર્યને લીધે નાના પથે વિચરનારાઓનું અંતિમ દૃષ્ટિબિંદુ એકજ છે,-આવા ધર્મ શિક્ષણથી સ્વમતાગ્રહ કે મતાંધતા પ્રગટવાનો ભય નથી, અને અધ્યાત્મ માર્ગ પામવામાં અંતરાય પણ આવવાનો નથી; તેમ રાષ્ટ્રીય ભાવનાને નુકશાન પહોંચવાનો કે બીજે પ્રકારે હાનિ થવાનો પણ ભય નથી. ચતુરાઈ માત્ર સઘળા ધર્મોના સિદ્ધાંતોનો સમન્વય શીખવવામાં છે.

ધર્મના ગ્રંથોમાં સ્તુતિ નિંદા લક્ષણ અર્થવાદરૂપ ઘણાં વચનો હોય છે; આ બાબતોનું સ્વાર્થમાં તાત્પર્ય હોતું નથી, પણ મુખ્યાંશનું સમર્થન કે નિરસન કરવામાં તાત્પર્ય હોય છે. આ વાતને ન સમજનારા અને અપૂર્ણ શાસ્ત્રજ્ઞાન ધરાવનારા સ્વધર્મના સ્તાવક અને પરધર્મના નિંદક થાય છે. પણ આ વાતને સારી રીતે સમજનારા વિદ્વાન શિક્ષકોના હાથ નીચે કેળવણી આપવામાં આવે તો, ધર્મ કોઈ એવી વસ્તુ નથી કે તેથી મતાંધતા અને હઠાગ્રહ ઉત્પન્ન થાય.

**છોટાલાલ નરભેરામ ભટ્ટ.**

ધર્મનીતિનું ખાસ શિક્ષણ આપવાથી કેવળ લાભજ છે. ધાર્મિક સંસ્કારવાલા મનુષ્યોમાં કોઇ કોઇ વાર કેટલીક ખામીઓ હોય છે, પણ તેમના પોતાના સ્વભાવની કે સંગથી ઉપજેલી કે તે શિક્ષણપદ્ધતિમાં રહેલી ખામીઓને લીધે હોય છે. ખાસ શિક્ષણથી નુકશાન હોય તો સર્વ પ્રકારના શિક્ષણને તે વાત લાગુ પડે તેવી છે એટલે તેજ કારણથી ધર્મનીતિની ખાસ કેળવણી અગ્રાહ્ય છે એમ માનવું એ કેવળ કેટલાક વિદ્વાનોનો અભિનિવેશ ( Prejudice ) જ છે. ધર્મનીતિનું ખાસ શિક્ષણ પામેલા મનુષ્યમાં કોઇપણ કારણથી ખામીઓ રહી હોય છે કે નવી દાખલ થયેલી હોય છે, તોપણ તે ખામીઓ હાસ્યપાત્ર હોય છે; પણ ધર્મશિક્ષણ વિનાના માણસની ખામીઓ તો ભયંકર જ હોય છે. ખાસ ધર્મશિક્ષણ નહિ મળવાથીજ હાલની પ્રજાત્વહીન સ્થિતિ આવેલી હતી, અને જેટલે અંશે ધાર્મિક જાગ્રતી થઇ છે તેટલેજ અંશે પ્રજાકીય જાગ્રતી રાષ્ટ્ર સંબંધે પણ થયેલી છે.

હિંદુસ્તાનમાંજ જન્મેલા કોઇ પણ ધર્મનું ખાસ શિક્ષણ તે કદી પણ મતાંધતા પ્રકટાવશે નહિ; પણ અધ્યાત્મ વિકાસને ઉત્તેજન આપી પ્રજાત્વ અને રાષ્ટ્રીય ભાવનાઓને મજબુત બનાવશે. જે મતાંધતા હાલ છે તે લેભાગુ ધર્મશિક્ષણને લીધેજ છે. જો કે હિન્દમાં ઉદ્‌ભવેલા અનેક ધર્મો છે તો પણ તે સર્વમાં પ્રજાત્વ અને રાષ્ટ્રિય ભાવના ઓત પ્રોત છે. તે ખાસ ધર્મ શિક્ષણથીજ અનુભવમાં આવશે.

દરેક ધર્મના કથાભાગો એવા છે કે જો તેની અધિકાર પરત્વે પસંદગી કરી સંગ્રહ કરવામાં આવે તો હાલમાં ચાલતા વિજાતીય નિયંત્રણ અને ઉપદેશ કરતાં વધારે ઉત્તમ અને પ્રબળ સંસ્કાર ઉત્પન્ન કરી શકાય. તેમજ તેવા પ્રકારના પુસ્તકો વાંચનથી તો વિવેકબુદ્ધિને એવી તો કેળવી શકાય, કે હાલના નિશાળના પોપટ જુઓ કરતાં વિવેકી અને વ્યવહારકુશળ સુનીતિમાન ધાર્મિક મનુષ્યો બની શકશે. વ્યવહારમૂઢ અને પરવશમતિના જે માણસો દુર્ભાગ્યે આપણા દેશમાં જણાય છે, તેવી દશા ખાસ ધાર્મિક કેળવણી મળતાં દૂર થઇ જશે.

ધર્મના ખાસ શિક્ષણ વિના સામાન્ય નીતિનું શિક્ષણ એ કેવળ સિદ્ધાંત રૂપ હોવાથી શુષ્ક અને બાલકોને કેવલ અગમ્યજ છે. એવી સામાન્યનીતિના શિક્ષણેજ હાલમાં સોડાવૉટરની બાટલી જેવો વિભ્રાન્ત પઠિતવર્ગ બહુધા ઉપજાવેલો છે. પ્રજાત્વનો નાશ એવી સામાન્ય નીતિના શિક્ષણેજ કર્યો છે.

**નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.**

## पहोंच.

हमारे पास मार्च सन् १९०९ ई० से प्रगट होनेवाला जैन प्रकाशक नाम के मासिक पत्रका प्रथम अङ्क प्राप्त हुआ. यह पत्र भारत वर्ष जैन शिक्षा प्रचारक समिति व जैन यंग मेन्स आफ इन्डिया तरफसे बाबू सूरजभानुजी वकील देवबन्दसे निकालते हैं. यह पत्र हमारे हिन्दी जानने वाले जैन बान्धवोंको इसके लेखोंकी रचना और चमक दमक देखकर अत्यन्त उपकारी है. प्रगट कर्त्ताने अपने बान्धवों के लाभार्थ तन मन धनसे इसको बडे परिश्रमके साथ प्रगट किया है. इस मासिकके सर्व लेख उत्तम होकर मूल्य भी न्यून १।) रू० रखा है. इस लिये हम आशा करते हैं कि अपने सर्व जैनी भाइ इस नये पत्रके ग्राहक होकर इसको उच्च शिखरपर पहुंचावें. आशा है कि इस कदर नये २ उत्तम पत्र निकलते रहेंगे तो बहोत जल्द यह धर्म उन्नतिपर पहुंचेगा.

---

हमको भारत वर्षीय जैन शिक्षा प्रचारक समिति जयपूरका तृतिय वार्षिक रिपोर्ट मिला. इसको देखकर हमको बहोत हर्ष प्राप्त हुआ कारण कि यह उच्च जैन जाति जो कि अन्य जातियों से पिछडी हुई उसको उन्नति के शिखरपर लाने के वास्ते उक्त समितिका सर्व प्रयत्न है, इससे हम को आशा होती है कि यह समिति शीघ्रही अपने जैन बान्धवों के अज्ञानताका नाश करेगा. समितिका उद्देश भारत के सब जैनों को शिक्षा प्राप्त करानेका है. इस समितिने अपनी शिक्षा प्रनाली मे सर्व विषय रक्खे हैं तथा धार्मिक विषय देखकर और भी विशेष आनन्द प्राप्त होता है. इस संस्थाका काम सर्व प्रकार उत्तम है. पुरुष और स्त्री शिक्षाका सर्व प्रकार योग्य प्रबन्ध किया है

समितिने अपने रिपोर्ट मे विद्यार्थीयों की क्रमवार संख्या और परीक्षा फल तथा परीक्षा पेपरकी नकल व सालभरका एकन्दर हिसाब मेम्बर इत्यादि के नाम प्रगट किये हैं. हम आशा करते हैं कि सर्व जैन बन्धु इस समितिको तन मन धनसे मदत देकर उच्च शिखरपर चढावें. समितिने न्यून वयमें अपने कार्यकी अच्छी उन्नति की इस के लिये उसके कार्य कर्ताओं को धन्यवाद देते हैं.

---

## જૈન ભાઇઓને અગત્યની સુચના.

જૈન કોમના સ્થળોમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતી દરેક બાબતાની ખબર આ માસિકમાં પ્રગટ કરવા માટે દરેક મહિનાની તારીખ ૧૫ ની પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

આસિસ્ટંટ સેક્રેટરી,

**જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.**

પાયધુની મુંબઇ, નં. ૩

તૈયાર છે! [illegible] તૈયાર છે!! [illegible] તૈયાર છે!!!

કૉન્ફરન્સ ઑફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન [illegible] ગ્રંથોની [illegible] યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. [illegible] ઔપદેશિક, [illegible] સંબંધી [illegible] રચ્યા, [illegible] સઘળી હકીકત [illegible] માહિતી આપવામાં આવેલી છે [illegible] અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની [illegible] આ પુસ્તકની [illegible] આપેલી છે, આ પુસ્તક હરેક પુસ્તકભંડાર, [illegible] તેમજ હરેક જૈનને ઉપયોગી છે. [illegible]

---

# જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ [illegible] જાહેર કરું [illegible] નાણાના [illegible] કરવામાં આવ્યું [illegible]

| | | | |
|---|---|---|---|
| | [illegible] | [illegible] | |
| મુંબઈના રીપોર્ટ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] રીપોર્ટ | [illegible] | [illegible] | [illegible] |
| વડોદરાનો રીપોર્ટ | [illegible] | [illegible] | [illegible] |

ઉપર મુજબ [illegible] સીક પીક પોસ્ટેજ જુદું. [illegible]

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

---

# જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું [illegible] જુદાજુદા ભાગોમાં વસતા [illegible] જાહેર ખબર આપવાના ભાવો નીચે [illegible] ધ્યાન ખેંચીએ છીએ:—

[illegible]

હસથી [illegible]

[illegible] ચાર [illegible]

[illegible]

જાહેર ખબરો [illegible] નાણું [illegible] મારફતે [illegible] માટે સઘળો પત્ર વ્યવહાર [illegible]

[illegible]

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.
[illegible] મુંબઈ.

Registered No. B. 525

# श्रीजैन (श्वेताम्बर) कॉन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫.) અધિક શ્રાવણ, વીર સંવત ૨૪૩૫. સપ્ટેમ્બર સને ૧૯૦૯.(અંક ૯.

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| પ્રાસંગિકનોંધ ... ... ... ... ... | ૨૨૭ |
| સુકૃત ભંડાર ફંડ સંબંધી ચાલતા કામકાજને લગતો રીપોર્ટ ... ... | ૨૩૦ |
| સુકૃત ભંડાર ફંડ માટે ધ્યાનમાં રાખવા જોગ સુચનાઓ. ... ... ... | ૨૩૨ |
| શ્વેતાંબર જૈનોને એક જાહેર અપીલ (લેખક-માણેકલાલ મગનલાલ ડાકટર.) ... ... | ૨૩૩ |
| ધુરોપગમન ... ... ... ... ... | ૨૩૪ |
| કોન્ફરન્સને લગતી કેટલીક અગત્યની બાબતો ... ... ... | ૨૩૫ |
| ખંભાળીયા પાંજરાપોળ. ... ... ... ... ... | ૨૩૭ |
| પાંજરાપોળ રીપોર્ટ ... ... ... ... ... | ૨૩૮ |
| પાંજરાપોળની હાલહવાલ સ્થિતિ તેમાં કરવો જોઇતો સુધારો. (લેખક-મોતીચંદ કુંવરજી ઝવેરી બી. બી સી.) ... ... ... ... | ૨૩૯ |
| [illegible]ન્ફરન્સના માનાધિ[illegible] ... ... ... | ૨૪૦ |
| શ્રી યશોવિજયજીકૃત [illegible] સીમન્ધર જીન સ્તવન. ... ... | ૨૪૧ |
| પ્રાચીન શિલાલેખોની [illegible]નસુખ, વિ૦ કીરતચંદ મહેતા.)... ... | ૨૪૨ |
| હાનિકારક રીવાજ (ન[illegible]ની બી. એ. એલ એલ. બી ) ... ... | ૨૪૫ |
| Appeals to Ind[illegible] ... ... ... ... | ૨૪૭ |
| A short Note of [illegible]ption of Education ... ... | ૨૫૦ |
| વાર્ષિક હિસાબ તપાસણી ખાતુ ... ... ... ... | ૨૫૧ |
| શ્રી ગિરનારજી સંબંધી ભાઇબંધ પત્રકારોના અભિપ્રાય. ... ... ... | ૨૫૫ |
| ધર્મનીતિની કેળવણી ... ... ... ... ... | ૩૩ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

मुंबई.

श्री 'जैन' प्रिन्टिंग वर्क्स लि. १२ बेंकस्ट्रिट मुंबई.

# जैन प्रकाशक.

मासिक पत्र मूल्य वार्षिक १।)

इस समय पृथ्वीपर ६६ करोड बौद्ध, ३२ करोड ईसाई, २० करोड हिंदु और १५ करोड मुसलमान हैं; परन्तु जैनी कुल १४ ही लाख रह गये हैं. इससे अधिक अवनति जैन जातिकी क्या हो सकती है? और १४ लाख के भीत टुकडे दिगम्बरी, श्वेताम्बरी और स्थानकवासी जीनोंमें किसी प्रकारका मेल नहीं, किसी भांतिका वाली नहीं, बलिक आपसमें द्वेष और नित्यकी लडाइ, ऐसी दशामें पृथ्वीकी अन्य जातियोंके मुकाबलेमें जैन जाति कोई जाति ही नहीं कही जा सकती है. बलिक पृथ्वीके लोग यह ही कहते हैं कि फूटकर कुछ मनुष्य पृथ्वीपर जैनी भी हैं. अन्य सब जातियें बहुत कुछ उन्नति कर रही है, परन्तु जैन जाति घोर निद्रामें सो रही है. यद्यपि उन्नतिके अर्थ तीनों सम्प्रदायवालोंने अपनी २ सम्प्रदायमें जाग्रति करनेके लिये कुछ समाचार पत्र भी जारी किये हैं, और निःसंदेह समाचार पत्रोंके द्वारा ही उन्नति हो सक्ती है. परन्तु ऐसे समाचार पत्रों के द्वारा क्या उन्नति हो सकी है? जो एकही सम्प्रदाय गीत गाते हों, यह ही कारण है कि जैन जाति में अभी तक कोई उन्नति नहीं हुई है. धन्य हैं "जैन यंग मेन्स एसोशियशन आफ इन्डिया" को और "भारतवर्षीय जैन शिक्षा प्रचारक कमिटि" जयपुर को जिन्होंने तीनी सम्प्रदायमें ऐक्यता करके जैन जाति बनाने और इसको उन्नतिके शिखरपर चढानेका बीडा उठाया है. और इस ही कार्यकी सिद्धिके अर्थ "जैन प्रकाशक" मासिक पत्र जारी किया है. जैन जातिकी उन्नति चाहनेवालों, श्री जिनेन्द्र के सच्चे भक्तों, और जैन नामके प्रेमियोंको चाहे वह दिगम्बरी, श्वेताम्बरी वा स्थानकवासी हों चाहे तेरह पंथी हों वा बीस, पंथी सबको इस पत्रका ग्राहक होना चाहिये, और सर्व प्रकारसे इसकी सहायता कर जैन धर्मकी प्रभावना को बढाना चाहिये.

सूरज भानु वकील,

देवबन्द जिल्ला सहारानपुर,

"सम्पादक."

---


## ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.

"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરલ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કોં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ. ગુલાલવાડી—મુંબઇ. નં૦ ૪.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

**પુસ્તક ૫.) શ્રાવણ, વીર સંવત્ ૨૪૩૫. સપ્ટેમ્બર, સને ૧૯૦૯. (અંક ૯.**

## પ્રાંસંગિક નોંધ.

નીચેના ગામોમાંથી **સુકૃત ભંડાર** વસુલ થઈ ગયેલ છે:—

પાદરા, ડભોઈ, દસાડા, જુનેર, મસુર, ઉમેટા, ચમારા, માનપુર, નવાખલ, બામણગામ, બીલપાડ, ગંભીરા, આમરોડ, આસરચા, કાનવાડી, અંબાલી, નવાપુરા, નારાણગઢ, સૈલાના, વડુ, રણુજા, વીસાવાટી, આંકલાવ, કોસીંદરા, લાલપુર, ખેડાસા, મલારગઢ, બોતનગંજ, વહી, કનગેટી, બટીયા વગેરે.

નીચેના ગામોમાં સુકૃતભંડાર ઉઘરાવવાનું કામ ચાલુ છે:—

મુંબઇ, કલકત્તા, કરાંચી, સુરત, આમલનેર વગેરે.

નીમવામાં આવેલા નવા જીલ્લા સેક્રેટરીઓ:—

દક્ષીણ મહારાષ્ટ્ર—

સોલાપુર—શેઠ રામચંદ રાવજી.

અહમદનગર—શેઠ કનકમલ હલીચંદ.

પુના—શેઠ શિવદાનજી પ્રેમાજી.

ઉત્તર ગુજરાત—

રાધનપુર—વકીલ હરજીવનદાસ દીપચંદ.

ચાણસ્મા—શેઠ રવચંદ આલમચંદ.

પશ્ચિમ કાઠીયાવાડના પ્રાંતિક સેક્રેટરી—

શેઠ દોલતચંદ પુરૂષોત્તમ બરોડીયા, બી. એ. (ચત્રભુજ ગોવિંદજીની જગ્યાએ.)

* * *

## કોન્ફરન્સની મુંબઇ હેડ ઓફીસમાં થયેલું કામકાજ.

**જીવદયા કમીટી**—આ કમીટી તરફથી તા૦ ૧૮-૭-૦૯ ના રોજ "Perfect Way in Diet" અને "Diet & Food" એ વિષય ઉપર લેવામાં આવેલી પરીક્ષામાં બેઠેલા ઉમેદવાર વિદ્યાર્થીઓ પૈકી ૫ પાસ થયા છે.

| પાસ થએલા વિદ્યાર્થીઓનાં નામ. | ઇનામ. | રૂ. |
|---|---|---|
| ૧ મી૦ વી. એન. મ્હેતા | ,, | ૭૦ |
| ૨ ,, શંકર શર્મા | ,, | ૭૦ |
| ૩ ,, કે. એમ. પરીખ | ,, | ૩૦ |
| ૪ ,, આર. એમ. માંકડ | ,, | ૨૦ |
| ૫ ,, એસ. કે. દેબ | ,, | ૧૦ |

પરીક્ષામાં ફતેહમંદ ઉતરેલા વિદ્યાર્થીઓને ઇનામો વહેંચી આપવા તા૦ ૨૨-૮-૦૯ ના રોજ ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટના હોલમાં મી૦ એચ૦ એસ૦ એલ૦ પોલેકના પ્રમુખપણા નીચે એક મેળાવડો ભરવામાં આવ્યો હતો. તે પ્રસંગે સુપ્રસિદ્ધ વકતા મી૦ જહાંગીરજી જમશેદજી વીમાદલાલ એમ૦ એ૦ એલ એલ૦ બી. નું "અહિંસા ગૌરવ" એ વિષય ઉપર ભાષણ રાખવામાં આવ્યું હતું.

કોન્ફરન્સ જીવદયા કમીટીનું ક્ષેત્ર બહોળું કરવા અન્ય ધર્મી ગૃહસ્થોને મેમ્બર તરીકે જોડાવા સભા સન્મુખ વિનંતી કરવામાં આવી હતી.

**એજ્યુકેશનલ બોર્ડ**—આ બોર્ડની એક મીટીંગ તા૦ ૭-૮-૦૯ ના રોજ મળી. તે પ્રસંગે પુરૂષશિક્ષકો તથા સ્ત્રીશિક્ષકો તૈયાર કરવા માટે યોજના ઘડવા એક કમીટી નીમાઇ. વળી ધાર્મિકશિક્ષણનો ક્રમ ગોઠવવા એક બીજી કમીટી નીમવામાં આવી.

૧ આજ રોજથી ૭ મહીના સુધી જે પાઠશાળા તથા વિદ્યાર્થીઓને મદદ અપાય છે તે પૈકી યોગ્ય લાગે તેમને મદદ માટે એજ્યુકેશનલ બોર્ડના પ્રમુખ, ઓનરરી સેક્રેટરી તથા મી૦ મકનજીભાઇને સત્તા આપવામાં આવે છે.

૨ ઇન્સપેકટરના સંબંધમાં ઓનરરી સેક્રેટરી મી૦ મનસુખભાઇ તરફ આવેલી યોજના હાલ થોડો વખત મુલતવી રાખવી પરંતુ તે સંબંધી પત્ર વ્યવહાર ચલાવવાની ઓનરરી સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

૩ કેળવણીના અંગે પૈસા એકઠા કરવાના કામમાં બોર્ડે હાલ પડવું નહી.

૪ બોર્ડમાં નીચેના બે નામ વધારવા મંજુર કરવામાં આવ્યું:—

**કોઠારી ધરમચંદ ચેલજીભાઈ.**

**શેઠ મોહનલાલ હેમચંદ.**

**પુસ્તકોદ્ધાર કમીટી**—આ કમીટી તરફથી સિદ્ધિવિનિશ્ચય, અને શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય એ નામના બે ગ્રંથો લખાવવાનું કામ ચાલે છે. દરેક ગ્રંથ ૧૩ હજાર શ્લોકનો બનેલો છે.

**સ્વયંસેવક મંડળ**—આ મંડળે મુંબઇના ઘણાખરા લત્તાઓમાંથી સુકૃતભંડારનાં નાણાં ઉઘરાવ્યાં છે. સ્વયંસેવકોની સંખ્યામાં વૃદ્ધિ કરવા તથા સુકૃતભંડારનું રહસ્ય સમજાવવા મંડળ તરફથી મુળજી જેઠાની ક્રાપડમાર્કીટના હોલમાં સભા ભરવામાં આવી હતી.—

**એડવાઈઝરી બોર્ડ**—આ બોર્ડની મીટીંગ તા૦ ૧૦–૮–૦૯ ના રોજ મળી. પ્રથમ ઉપયોગહીન ફંડ શોધક કમીટીના સેક્રેટરી શેઠ મોહનલાલ હેમચંદે પોતાની કમીટીનો પત્રવ્યવહાર રજુ કર્યો હતો. આવેલા પત્રોના જવાબ કેમ લખવા તે તે વખતે સુચવવામાં આવ્યું હતું. ત્યારબાદ સુકૃતભંડાર ફંડ કમીટીના સેક્રેટરી મી૦ મોહનલાલ પુંજાભાઇએ પોતાની કમીટીનો લેખીત રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો.

ત્યારબાદ ભગવાનની મૂર્ત્તિવાળા બટનો, શ્રી મક્ષીજી તીર્થ, શ્રી ગિરનારજી તીર્થ આદિ બાબતો ઉપર વિચાર ચલાવવામાં આવ્યો હતો. પછી ઠરાવવામાં આવ્યું હતું કે સાકર, કેશરપરીક્ષક કમીટીનો રીપોર્ટ જેમ બને તેમ જલદી બહાર પાડવા બંદોબસ્ત કરવો વગેરે.

**प्रतापगढ मालवा**—श्रीयुत सेठ सा. शंकरलालजी घीया सुकृत भंडार फंड सम्बन्धी प्रयास करते हैं यह सुनकर हमेरेको अत्यन्त हर्ष प्राप्त होता है.

**इन्दौर मालवा से**—नथमलजी बोथरा हमको जनाते हैं कि यहांपर खरतरगच्छाधिपति सुखसागरजी के पटधर छगनसागरजी महाराज के सैंघाड़े के श्री श्री १००८ श्रीमति गुरुणीजी साहिबा पुष्पश्रीजी अपने शिष्याओं परिवार सहित विराजमान है. आपके अमृतरूपी सदउपदेशसें २४० जनोंने ६०५ उपवासकी तपस्या सेठ पूनमचन्द्रजी सावनसुखाके भायोंके उत्तम भावसे की. इस साल आपकी साध्वीये जोकी मालवेमें पधारी हैं उनमेंसे सादड़ी, मन्द्सोर, उज्जैन, बदनावर, परतापगड़, और महिदपुरमें चातुर्मास व्यतीत कर रहीं है । श्रीमतीजी तथा इनके गुरुबहन सिंहश्रीजीके मिलकरें अनुमान १२५ शिष्यों हैं उनका आप सर्व भाई दर्शनोंका अपूर्व लाभ जरूर २ करके लेवेंगे इति शुभम्

**हमारे उपदेशक मि० शेरसिंहजीका मालवेका प्रवास**—ता० १–८–०९ ई० को सैलानासे रवाना होकर जावरेको पहुंचे वहां श्रीयुत् कुंवर रिखबदासजीकी प्रेरणा से मि० मोतीलालजीने सभा की और शेरसिंहजीने हानिकारक रिवाज पर असरकारक भाषण दिया ।

जावरा निवासी हमारे भाईयोंने सुकृत भंडार फन्ड अपने परम पवित्र पर्युषण जी में इकट्ठा करनेको कहा इसके लिये हम उनको धन्यवाद देते हैं और आशा करते हैं कि श्रीपर्युषणजी में सदर फन्ड अवश्य इकट्ठा करके इधर भेजेंगे ।

ता. ५ तथा ६ को मन्द्सोर में कई विषयोंपर भाषण दिया. यहांके जैन बान्धवोंने स्वयम् सेवकों द्वारा सुकृत भंडार की उघरा का काम सुरू कर दिया इससे हम उनको धन्यवाद देते हैं और आशा करते हैं कि दूसरे भाईयोंभी इसका अनुकरण करेंगे— .

ता० ९ को मल्हारगड़में हानिकारक भाषण देकर वहां के निवासी भाईयोंसे हाथीदांतके चूड़े बन्द करानेका ठहराव करवाया.

**सुधारा**—गत अङ्क में हमने हमारे मानाधिकारी तथा पगारदार उपदेशकों के नाम प्रगट किये हैं उसमें पगारदार उपदेशक मि० शेरसिंहजी कोठारीका नाम होना चाहिये उस जगह केशरीसिंहजी कोठारी होगया. वास्ते पाठकोंको सूचित करनेमें आता है कि केशरीसिंहजी कोठारीका नाम रद्द समझकर उसके बदल शेरसिंहजी समजना चाहिये ।

## मालवे के जैन वन्धवोंको सूचना।

जुदो २ कानफ्रन्स के वक्त कई सद्गृहस्थोंने अलग २ खातों में रुपिये मंडाये हैं उन गृहस्थोंके नाम मैं रुपियो के हमारे उपदेशक मि० शेरसिंहजी कोठारी के पास भेजा है वास्ते वि० है कि सद्र रुपियोंका लिस्ट ( जिनका नाम हो उन्होंने ) उपदेशकसें देखकर उनको रुपिया देकर रसीद् लेनेकी कृपा करें।

### सुकृत भंडार फंड कमेटी।

हमारे तरफसे मि० कस्तूरचन्द् जतरचंद गादिया यह मालवा प्रांतमें सुकृत भंडार फंड उघराने वास्ते बम्बाईसे ता० १-९-९ को रवाना होंगे वास्ते मालवाके जैन बन्धु व अग्रेसर साहिबोंसे प्रार्थना है कि जिस गाममें यह आवें वहांके अग्रेसर साहिब मदत देकर सुकृत भंडार इकट्ठा करवाके शीघ्र दुसरे गांव भेजदेनेकी कृपा करें।

Mohanlal Punjabhai.

---

### શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસમાં મળેલી મીટીંગ વખતે વાંચવામાં આવેલો શ્રી જૈન કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ સંબંધી ચાલતા કામકાજને લગતો

# રીપોર્ટ.

મને જણાવતાં ઘણીજ ખુશાલી પેદા થાય છે કે આ ફંડ માટે જે ઠરાવ આપણી મહાન કોન્ફરન્સે પસાર કર્યો છે, તે ઘણોજ ફતેહમંદ ધીમે ધીમે નીવડશે. શરૂઆતમાં જરાક વધારે મહેનત લેવી પડશે પણ ભવિષ્યના વર્ષોમાં તેમાં વિશેષ અડચણો આવશે નહી, એવી મારી સંપૂર્ણ ખાત્રી છે.

### સુકૃત ભંડાર ફંડ એકઠું કરવા માટે ચાલી રહેલું કામકાજ.

૧ ફક્ત પંજાબ સીવાય દરેક ભાગમાં પત્ર વહેવાર શરૂ થયો છે. અને હવે પછી પંજાબમાં પત્ર વહેવાર ચાલુ કરવામાં આવશે.

૨ કેટલાક મુનિ મહારાજાઓ ઉપર પત્રો લખ્યા છે. અને કેટલાકના ઉપર લખવાના છે. દરેક મુનિ મહારાજ સ્તુતીપાત્ર પ્રયાસ કરી રહ્યા છે.

૩ ગામની વસ્તીની સંખ્યા મુજબ લીસ્ટ તૈયાર થાય છે, અને તે મુજબ મોટા શહેરો તથા ગામોમાં પ્રથમ કામ હાથ ધરવામાં આવશે, અને તેની આસપાસ ધીમે ધીમે નાનાં ગામડાઓમાં પણ તે કામ સાથે સાથે કરી શકાશે.

૪ હાલ મોહોટાં શહેરો જેવાં કે મુંબાઇ, સુરત, માલેગામ, કપડવંજ વગેરેમાં તે કામ શરૂ થયું છે, જ્યારે તેના પ્રમાણમાં નાના ગામોમાં પણ વિશેષ જલદીથી તે કામ શરૂ થઇ શક્યું છે. જેની સંખ્યા લગભગ સોએકની હશે.

૫ વરાડ ખાનદેશ અને દક્ષિણના ઘણાખરા જીલ્લામાં તે કામ ધમધોકાર ચાલી રહ્યું છે, અને લોકોએ મોટી ખુશીથી તથા પુરતી માગણીથી આ ફંડને વધાવી લીધું છે.

૬ કોઇ પણ સ્થળે આ ફંડ સંબંધી વિરૂદ્ધ "મત" નથી પણ કેટલેક ઠેકાણેથી ઉપદેશકો બોલાવે છે, જેને માટે ગોઠવણ કરવામાં આવે છે.

૭ બનશે તો શ્રાવણ બીજા શુદ ૧ થી જુદા જુદા ભાગોમાં કોન્ફરન્સ તરફથી માણસો મોકલવામાં આવશે. જેઓ ઉપદેશક તથા ફંડ એકઠું કરાવવાનું કામ કરશે.

૮ દરરોજ આ કામ માટે સવારના લગભગ ચાર કલાક સુધી કામ કરવામાં આવે છે. તે વખત પણ ટુંકો જણાય છે. તેથી કરી હવે આખો દિવસ તે કામ સેક્રેટરીની સુચના મુજબ કલાર્કો બજાવે તેમ ગોઠવણ કરવામાં આવશે.

૯ આ કામની ખરી શરૂઆત તા૦ ૨૨ જુલાઇથી કરવામાં આવી છે. અને ટુંક અરસામાં જેટલું કામ બની શક્યું છે. તે તરફ જોતાં જો તેવીજ કાળજીથી આપણે એ માસ સુધી કામ કરીશું, તો દરેક ભાગમાંથી આ ફંડ એકઠું કરવાના શુભ સમાચાર ફરી વળશે. આ ફંડ કેટલું થશે તે હવે પછી જણાવી શકીશું.

૧૦ જે જે હાલ પગારદાર ઉપદેશકોછે, તેમજ માનાધિકારી ઉપદેશકોછે, તેમના ઉપર ખાસ સરક્યુલર પત્રદ્વારા મોકલવામાં આવ્યું છે, અને તેમાં જણાવવામાં આવ્યું છે કે તેઓએ આ ફંડ માટે હાલ વિશેષ કાળજી રાખી કામ લેવું.

૧૧ શ્રી કોન્ફરન્સની સ્થાપનાથી તે આ ફંડનું કામ હાથ ધરવામાં આવ્યું ત્યા સુધીમાં જેટલી રકમ ભરાણી છે, તે લગભગ રૂ૦ ૨૭૦૦) ની થઇ, તે જાહેર પત્રોમાં પ્રગટ કરવામાં આવી છે. આ ઉપરાંત વારંવાર તે પ્રગટ કરાવવામાં આવશે.

૧૨ આ ફંડનો હિસાબ તથા નામુ જુદુ રાખવામાં આવ્યું છે, અને ફંડનું જનરલ સેક્રેટરી તથા આસિસ્ટંટ જનરલ સેક્રેટરીના નામની મુંબાઇ બેંકની સેવીંગ્સ બેંકમાં હાલ તુરત ખાતું ઉઘાડવામાં આવ્યું છે.

૧૩ ઉપર સુચવેલી રકમમાંથી અડધી રકમ કેળવણી માટે ઉપયોગમાં લેવા માટે એજ્યુકેશન બોર્ડને જણાવવામાં આવ્યું છે, અને જેને લઇને આગળ અપાતી જુદી જુદી સ્કોલરશીપો તથા પાઠશાળા અને કન્યાશાળાને મદદ આપવી જારી રાખી છે. આ ઉપરથી જોઈ શકાશે કે આ ફંડથી ભવિષ્યમાં કેલવણીખાતાને કેટલો મોટો લાભ થશે.

૧૪ આ ફંડથી અનેક પ્રકારે કેટલો લાભ થશે, તે માટે ઉતમ લેખ તૈયાર કરવા માટે એજ્યુકેશન બોર્ડના માનવંતા વિદ્વાન સેક્રેટરી શેઠ મોતીચંદ ગીરધર સોલીસીટરને લખવામાં આવ્યું છે અને તેઓ જલદીથી લખી આપશે તેવી કબુલાત આપી છે. જેથી કરી તેના ઉપર લક્ષ આપી ઉપદેશકો અસરકારક રીતે બોલી શકશે.

૧૫ આ ફંડની દરેક યોજના વિષે મુનિ મહારાજ તેમજ જુદા જુદા શહેરના અગ્રેસરો સભાઓ વગેરેના પત્રો આવ્યા છે. તેઓએ તે પસંદ કરી છે, અને ફંડની પૂર્ણ ફતેહ ઇચ્છી છે.

૧૬ દેશના મોટા ભાગમાં ફંડ આપણા પર્યુષણ પર્વમાં ભરાશે. તેવાં પત્રદ્વારાથી લખાણો આવ્યાં છે.

૧૭ આપણા અઠવાડિક પત્ર જૈનના અધિપતિને તેમજ માસીકો જૈનધર્મ પ્રકાશ, આત્માનંદ પ્રકાશ, વીગેરે ઉપર પણ આ સંબંધી લેખો પ્રગટ કરવા માટે યોગ્ય સુચના કરવામાં આવી છે.

૧૮ મી૦ મોતીચંદભાઇ ગીરધરભાઇ તરફથી જે લેખ લખાઇ આવશે તે પ્રગટ કરવા ઇરાદો રાખ્યો છે.

૧૯ પહોંચબુક દરેક સ્થળે મોકલવા ગોઠવણ થાય છે. અને જ્યાંથી એમને એમ ફંડ ભરાઇને મોકલી આપવામાં આવે છે, ત્યાં અહીથી પોંચ મોકલી આપવામાં આવે છે.

૨૦ ઉપદેશક તથા કલાર્કોને માટે યોગ્ય નિશાન તરીકે ચાંદના આકારે તકતા કરવાની રજા જનરલ સેક્રેટરી સાહેબે આપી છે. જે મુજબ તૈયાર કરવામાં આવનાર છે,

૨૧ કોનફરન્સના જનરલ, આસિસ્ટંટ જનરલ, પ્રાંતિક, અને જીલ્લા સેક્રેટરીઓ વીગેરે દરેક સેક્રેટરીઓએ આ કામ ઘણીજ ખંતથી પાર પડે તેમ ગોઠવણ કરવા માંડી છે, અને છેવટમાં અમને જણાવતાં ખુશી પેદા થાય છે કે બધું કામ નિર્વિઘ્ને પાર પડશે એવી સંપૂર્ણ આશા છે.

નમ્ર સેવક.
(સહી) મોહનલાલ પુંજાભાઈ
ઓનરરી સેક્રેટરી શ્રી સુકૃત ભંડાર ફંડ.

# શ્રી સુકૃત ફંડ માટે ધ્યાનમાં રાખવા જોગ સુચનાઓ.

શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટીના ઓ. સેક્રેટરી મી. મોહનલાલ પુંજાભાઇ તરફથી નીચેની સુચનાઓ તે ફંડમાં નાણાં ભરનારાઓની જાણ માટે બહાર પાડવામાં આવી છેઃ—

૧. આ ફંડ ભરનારાઓએ, ઉપદેશક અથવા કલાર્કે તે રકમ મુંબઇ કોન્ફરન્સ ઓફીસ ઉપર મોકલી આપી છે કે કેમ તેનું પુરતું ધ્યાન રાખવું.

૨. જે ગામ કે શહેરમાં તે ફંડ એકઠું થયું હોય ત્યાંના અગ્રેસરોએજ બનતાં સુધી મોકલી આપવું અને કેટલી રકમ ભરાણી છે તેમજ હજી ભરાય છે કે કેમ તે જણાવવું.

૩. ફંડ શરૂ થાય તે વખતે શ્રી સંઘના અગ્રેસરોએ મુંબઇ કોન્ફરન્સ ઓફીસ ઉપર લખી જણાવવું અને છેવટમાં કુલ રકમ કેટલી થઇ હતી તે પણ જણાવવા માટે કૃપા કરવી.

૪. જ્યાં જ્યાં પાઠશાળા, સભા જેવી સંસ્થાઓ હોય ત્યાંના અધિકારીઓને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે, તેઓએ પણ અમોને આ ફંડ સંબંધી શરૂઆત થયાની ખબર આપવી અથવા શા સારૂ તે કામ શરૂ થતું નથી તે પણ જણાવવું. પોતાના શહેર કે ગામમાં તેમજ આસપાસનાં સ્થળોમાં જે બંધુઓ આ ફંડ એકઠું કરી આપવા ઓનરરી તરીકે અથવા પગારદાર થઈ કામ કરવા બહાર આવશે તેને માટે પણ યોગ્ય બંદોબસ્ત પત્ર આવ્યાથી અમો કરીશું.

૫. કોઇ પણ પ્રકારની સુચના માટે અથવા કંઇ પણ સવાલોનો ખુલાસો મેળવવા કોઇની ઇચ્છા થાય તો તરતજ અમારા ઉપર લખી ખુલાસો મેળવવો.

૬ નંબર ૫૦૦૦ સુધીની બુકો પાછળ કોન્ફરન્સ ઓફીસનો સિક્કો મારેલો છે. અને તે નંબર પછી જે પહોંચ છે તેના ઉપર લાલ સાહીથી ટુંકમાં નીચે સહી કરનારની સહી છે. અને તે પહોંચજ ખરી માનવી.

૭ દરેક ગામ તથા શહેરમાંથી નાણું ભરાઇ આવે છે તેની ખબર જાહેર પત્રો, જેવાં કે જૈન, મુંબઈ સમાચાર, અને સાંજ વર્તમાન વિગેરેમાં પ્રગટ થાય છે અને જૈન માસિકોમાં તથા કોન્ફરન્સ તરફથી પ્રગટ થતા હેરલ્ડમાં પ્રગટ કરવા માટે પણ ગોઠવણ કરવામાં આવી છે. મુંબઇમાં ભરાયેલી રકમ નામવાર કોન્ફરન્સ ઓફીસ, પાયધુની, માંડવીબંદર, ભાયખળા, તથા કોટનાં મોટાં મંદિરો ઉપર બોર્ડોમાં લખી જાહેર કરવામાં આવશે.

| | |
|---|---|
| પાયધુની-મુંબઇ<br>જૈન શ્વેતાંબર કોન્ફરન્સ<br>ઓફીસ તા૦ ૧૮-૭-૦૯ | શ્રી સંઘનો નમ્ર સેવક.<br>**મોહનલાલ પુંજાભાઈ**<br>ઓનરરી સેક્રેટરી શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટી. |

# શ્વેતાંબર જૈનોને એક જાહેર અપીલ.

( માણેકલાલ મગનલાલ ઠાકર. )

## રાગ—વૈદર્ભી વનમાં વલવલે.

જાગો જાગો જૈન બંધુઓ, કરવા કોમ ઉદ્ધાર;
કુંભકરણની નિદ્રા તજી, થાઓ સત્વર તૈયાર. જાગો.
પૂર્વજો તમ કેવા હતા, તેનો કરતાં વિચાર;
સાંપ્રત કાળ સરખાવતાં, વહે અશ્રુની ધાર. જાગો.
તન મન ધન જે અર્પતા, જાતિ બંધુને કાજ;
ક્યાં છે એ વીરત્વ તમ મહીં, ક્યાં છે કોમની દાઝ ? જાગો.
જીનાલયો જે બંધાવતા, ખરચી દ્રવ્ય અપાર;
શક્તિ નથી આજ તમ મહીં, લેવા સાર સંભાળ. જાગો.
જૈન સાહિત્ય તણા ભર્યા, જેઓએ ભરપૂર ભંડાર;
જીવ જંતુ તેને ખાયછે, ઉધેઇ કરેરે ફરાળ, જાગો.
ભામાશા જેવે શેઠીએ, કરી પ્રતાપને સ્હાય;
પોતે ભિખારી બન્યા, રાણાને કિધો રાય. જાગો.
ધન્ય ધન્ય એવા દીકરા, ધન્ય મા અને બાપ;
પરમારથ કારજ કરી, ફેડયાં ભવોભવનાં પાપ. જાગો.
એવા જૈનો ચાલ્યા ગયા, પાછળ રહી ગઈ છાય;
સાપ ગયા લીસોટા રહ્યા, અમ કરમે હાય ! જાગો.
ગૌરવ ના રે ગુમાવશો, પૂર્વજોનું આમ;
વીર પ્રભુના પુત્ર છો, કરો શૂરવીર કામ. જાગો.
આજ તમે ધન વાપરો, ફેશન બાઇને કાજ;
ગાડી લાડીને વાડીમાં, પેરવા સુંદીર સાજ. જાગો.
નાત વરે વરઘોડલે, કરો લખલૂટ ખર્ચ;
જાતિ બંધુઓ સીજાય જે, તેની સુણો ન અર્જ. જાગો.
પાનસોપારી ને બીડીમાં, ખરચો પૈસા અપાર;
હોટલ દર્શન કારણે, જાઓ દશ દશ વાર. જાગો.
કોનફરન્સ ઉભી થઈ, કરવા દુખ સૌ દૂર;
તે જનની તે માતની, ધરજો ભક્તિ ઉર. જાગો.
કુધારા નિવારીને, કરે કોમનું હિત;
કેળવણી ફેલાવવા, વાપરે બહુ વીત. જાગો.
જ્ઞાન સરસ જેથી પામશે, તમારાં સંતાન;
આ લોકે પરલોકમાં, મેળવશે બહુ માન. જાગો.

જ્ઞાન સમુ કોઈ ધન નહિ, જ્ઞાન સમુ નહિ દાન;
જ્ઞાન તમે નિશ્ચે માનજો, જાવા મોક્ષે વિમાન. જાગો.
પરિષદ્‌ને નિભાવવા, કરવા જ્ઞાન પ્રચાર;
સુકૃત ભંડાર યોજના, ઘડી છે નિરધાર. જાગો.
તેને આશ્રય આપવા, ધરો છો પાછા પાય;
દમડી એક છૂટે નહી, ભલે ચમડી છો જાય. જાગો.
રંક તમે થાવાના નથી, દેતાં આના ચાર;
જમે થશે પ્રભુ ચોપડે, મોરો દશ હજાર. જાગો.
વાપરશો ધન જેટલું, તેને પોષવા ભાઇ;
લક્ષ ગણી કરી આપશે, તમોને તે કમાઇ. જાગો.
દયા નથી જેને કોમની, તેને છે ધિક્કાર;
એવા મૂજીને જાણવો, ભૂમી ઉપર ભાર. જાગો.
જીવ્યો તે ન જીવ્યા સમો, જીવે મુઆ સમાન;
પાપનું પોટલું બાંધીને, ચાલી જાશે મસાણ. જાગો.
કોમ દુખે દુખી જે થતા, કોમ સુખે સુખી થાય;
એવા વિરલા પુરૂષના, જગમાં યશ ઉચરાય. જાગો.
મગન સુત માણીક કહે, કરજોડી સો વાર;
સુકૃત ભંડાર યોજના, તેની સૌ કરો વ્હાર. જાગો.

# યુરોપ ગમન.

મી૦ હીરાચંદ લીલાધર ઝવેરી નામના જામનગર નિવાસી એક જૈન યુવાન મુંબઈની શ્રી માંગરોળ જૈન સભાના કેળવણી ફંડમાંથી પુરતી મદદ મળવાથી વ્યાપાર ઉદ્યોગને લગતી ઉચ્ચ કેળવણી સંપાદન કરવા **નજીકના ભવિષ્યમાં** ઈંગ્લાન્ડ ખાતે ઉપડી જનાર છે.

આ ભાઇ ઈંગ્રેજી ભાષા ઉપરાંત સંસ્કૃત અને ધાર્મિક જ્ઞાનના સારા જાણકાર છે. સમગ્ર જૈન કોમમાં વ્યાપાર સંબંધી ભિન્ન ભિન્ન વિષયોનો અભ્યાસ કરી ઉંચી ડીગ્રીઓ મેળવનાર જો કોઇ હોય તો આજ નર છે. પોતે જૈનોની સાર્વજનિક સંસ્થાઓમાં અગ્ર ભાગ લેઇ કોમની સારી સેવા બજાવનારા છે.

અમારા ધારવા પ્રમાણે જો આ ઉત્સાહી યુવાન મોજશોખમાં ન પડી જતાં કર્તવ્ય પથપર રહી વખતનો યોગ્ય ઉપયોગ કરશે તો તેમના આ પરદેશગમનથી કોમને ઘણા સારા લાભ થશે.

માંગરોળ જૈન સભા તરફથી ખોલવામાં આવેલા કેલવણી ફંડમાં બનતી મદદ આપવા દરેક જૈન શ્રીમાનને અમારી વિનંતી છે. જૈન કોમનું ત્યારેજ શ્રેય થશે કે જ્યારે મી૦ હીરાચંદ જેવા એક નહિ પણ અનેક તરૂણોને વિદ્યા, ઉદ્યોગ, કળા કૌશલ્ય વગેરેમાં પ્રવીણ થવા સુધારાના શિખરે પહોચેલા દુનિયાના જુદા જુદા દેશોમાં મોકલવામાં આવશે.

# "કોન્ફરન્સને લગતી કેટલીક અગત્યની બાબતો."

આ મથાળા નીચેનો એક લેખ "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના ગત માસના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. અમારી માન્યતા પ્રમાણે એકાદ અપવાદ સિવાય બાકીની બધી સૂચનાઓ આપણી કોન્ફરન્સને અંગે લાભદાયી ધારી તેનો ટુંક સાર અત્રે અમે આપવાનું ઉચિત ધારીએ છીએ.

કોન્ફરન્સને માટે સર્વથી વિશેષ અગત્યની બાબત પ્રમુખ સાહેબને લગતી છે. પ્રમુખ સાહેબના જ્ઞાન, ખંત, અનુભવ, અને દીર્ઘદ્રષ્ટિપર આ મહાન્ સંસ્થાની ફતેહનો ઘણોખરો આધાર રહેલો છે. અદ્યાપિ પર્યંત ચાલતી આવેલી ધનવાનોને અધ્યક્ષપદ આપવાની જે પ્રથા છે, તે ખાસ કરીને કાંઇ ગેરવ્યાજબી હોય એમ લાગતું નથી; કારણ કે કોમને લગતાં કાર્યો પૈકીનાં ઘણાંખરાં સિદ્ધ કરવા દ્રવ્યની જરૂર છે. ધનવાન વર્ગમાંથી પ્રમુખ શોધવામાં આવે તેની ફીકર નહિ, પરંતુ તે સંસ્કારવાન્ અને ચાલુ જમાનાની હાજતોને જોનારા હોવા જોઇએ.

કોન્ફરન્સનો પ્રથમ દિવસ ખાસ કરીને રીસેપ્શન કમીટીના પ્રમુખ અને કોન્ફરન્સના પ્રમુખનું ભાષણ વાંચવામાં ઘોંઘાટ અને અશાન્તિ વચ્ચે વ્યતિત કરવામાં આવે છે. લખનાર વાંચનાર અને વંચાવનાર એ ત્રણે પ્રથક હોઇ, તથા ભાષણો પ્રથમથી છપાવીને વહેંચી દીધાં હોય છે, તેથી તદ્દન નિર્માલ્ય બની જાય છે. આ પ્રણાલિકા દૂર કરી જો તે દિવસે જનરલ સેક્રેટરી અથવા આસિસ્ટંટ જનરલ સેક્રેટરી એક ભાષણ આપે, જેમાં કોન્ફરન્સના હેતુઓ, મુદ્દાઓ અને ગત વર્ષમાં થયેલા કામકાજની ટુંકી પણ ઉપયોગી નોંધ આપે, તો પહેલા દિવસનું સાર્થક થયું ગણાશે. વળી એથી વધુ લાભ એ થશે કે "કોન્ફરન્સે શું કર્યું ?" એ વારંવાર પૂછાતા પ્રશ્નનો અંત આવશે, અને જૈન કોન્ફરન્સના દરેક વર્ષ દરમ્યાન થતા કાર્યોનું દિગ્દર્શન થશે. કોન્ફરન્સનું ખરૂં કાર્ય બરાબર ચાલે તો અગીઆર કલાક થાય છે. બીજા અને ત્રીજા દિવસો આ માટે નિર્માણ થયેલા છે. આ અગીઆર કલાકમાં પણ નિયમિતપણું જળવાતું નથી. ગાયનો ગાવામાં, પરસ્પર આભાર માનવામાં અને એવી બીજી ક્રિયાઓમાં કલાકોના કલાકો વહી જાય છે. આથી મહત્વનું કાર્ય કરવાનો વખત મળતો નથી. એને માટે યોગ્ય બંદોબસ્ત થવો જોઇએ.

સબ્જેક્ટસ કમીટીના સંબંધમાં ઇસારો કરતાં આ ભાઇબંધ પત્ર જણાવે છે કે તે કમીટીને માટે કંઇ મુકરર બંધારણ થવાની ઘણી આવશ્યકતા છે. જો એમ થવા પામે તો સબ્જેક્ટસ કમીટી વખતે ઉદ્ભવતા કેટલાક નાપસંદ દેખાવો, શેઠીયાઓને ઉતારી પાડવાની અર્ધદગ્ધ કેળવાયલાઓની કોશિશો, એક બીજાને તોડી પાડવાના ઇરાદાઓ અને શાબ્દિક મારામારીનો સત્વર છેડો આવશે. ઉક્ત બંધારણ બાંધવા ભાવનગર કોન્ફરન્સ વખતે ત્યાંની રીસેપ્શન કમીટીએ બહુ વિચાર કરીને બંધારણનો સવાલ સબ્જેક્ટસ કમીટી સન્મુખ રજુ કર્યો હતો. સેન્ટલ કમીટી નીમવાની હતી, તેનો ઠરાવ થયો, પણ નીમણુક મુલતવી રાખવી પડી હતી. સેન્ટ્રલ કમીટીનું બંધારણ બહુજ અગત્યનું છે. એ કમીટીનું બંધારણ સુચવનારનો ઉદેશ તેમાં વધારેમાં વધારે સો મેમ્બરો રાખવાનો હતો. તેઓ આખા વરસ દરમ્યાન કોન્ફરન્સના કાર્ય વાહકો ગણાય. તેને નામે તેઓ કાર્ય કરે. આખી કોમના પીઠના બળથી કોમને નામે ઉભી થતી તમામ અડચણોના પ્રસંગો સાચવી

શકે. આ ઉપરાંત કૉન્ફરન્સ મળવાને આગલે દિવસે તેઓ આવી કૉન્ફરન્સમાં જે ઠરાવો રજુ થવાના હોય તેના ખરડા તપાસી, સુધારા વધારા સાથે સબ્જેક્ટસ કમીટી સન્મુખ રજુ કરે. આ કમીટીમાં જેનાં નામ બોલવામાં આવે તેને લાગણી આપતા હોય તેમ ગમે તેમ દાખલ કરી કમીટીની મહત્વતા ઓછી ન કરવા ખાસ આગ્રહ છે. દરેક ગામના આગેવાનો અને અનુભવી વિદ્વાનોને બહુ ઓછી સંખ્યામાં આ કમીટીમાં લેવા, તેમાં પણ જેઓ બોલાવીએ ત્યારે ગમે ત્યાં આવે તેવા સરળ અને સાદા તેમજ કૉન્ફરન્સ પ્રત્યે લાગણીવાળાઓની સેન્ટ્રલ કમીટીમાં નીમણુક કરવામાં આવે તો સારૂ.

ગ્રેજ્યુએટસ એસોશીએશન કૉન્ફરન્સને આગલે દિવસે મળી ઠરાવેલા ખરડાપર અગત્યનું વિવેચન કરી, સુચનાઓ કરે તો સબ્જેક્ટસ કમીટીની મહેનત ઓછી થાય. તે કમીટીની મહેનત ઓછી કરવાનો આ બીજો માર્ગ છે.

વક્તાઓ કેવા હોવા જોઇએ ? એક વિષય ઉપર થોડું થોડું અસ્તવ્યસ્ત બોલી મંડપને બીજી વાતમાં પડવા દેનાર પ્રાકૃત વક્તાઓને કૉન્ફરન્સમાં બોલવા ન દેવા જોઇએ. પ્રખર વક્તાઓ કે જેમના વાક્ચાતુર્યથી શ્રોતાઓના હૃદયપર ધારેલી સચોટ અસર થાય તેઓનેજ ભાષણ કરવાના માંચડા ઉપર સ્થાન આપવું ઉચિત છે.

વોલંટીયરો કેવા જોઇએ ! નાની વયના વોલંટીયરો કામ કરી શકતા નથી અને મોટી વયના કામ કરી શકે તેવી સ્થિતિમાં મુકાતા નથી; આથી સોળથી બાવીશ વરસની વયનાનેજ વોલંટીયરો તરીકે પસંદ કરવા. તેમની સંખ્યા પણ દોઢસોનીજ રાખવી.

કૉન્ફરન્સની હીલચાલ લોકપ્રિય થવા માટે તથા તે તરફ મોટી સંખ્યામાં લોકોનું આકર્ષણ થાય તેટલા માટે કૉન્ફરન્સને જે ઠાઠમાઠથી ભરવામાં આવે છે, તે ઠાઠમાઠ હજુ દશેક વર્ષ સુધી નિભાવવાની જરૂર છે. મારવાડ, મેવાડ, પંજાબ, બેંગોલ અને દક્ષિણમાં એકેક બબે કૉન્ફરન્સો ભરી પુનઃ તેને મુંબઇમાં આણી સાદા રૂપમાં મુકવી.

આના સંબંધમાં અમે અમારા વિચારાનુસાર કહીશું કે કૉન્ફરન્સ માટે હવે ઠાઠમાઠની જરૂર નથી. અમારી તો મરજી છે કે દમામને દેશવટો દેવાય તો સારૂં. અહા! મંડપને રંગ બેરંગી કરી, ચિત્રવિચિત્ર સામગ્રીઓથી શણગારવા પાછળ અને મિષ્ટાન્નપાણી પાછળ જે હજારો રૂપિયાનો ભોગ અપાય છે, તે હજારો રૂપિયાવડે જૈન કોમનાં દર્દો ફેડવા ઉભા કરેલા ફંડોની ત્રીજોરીઓ જે આજ કાલ તળીયાઝાટક થવા બેઠી છે તેને ભરી દેવામાં આવે તો કેટલો બધો લાભ થાય. સાત વર્ષના અનુભવથી માલુમ પડ્યું છે કે જ્યાં જ્યાં કૉન્ફરન્સને આમંત્રણ દેવાતું ત્યાં ત્યાં તે સ્થળોના નિવાસી બંધુઓ હરીફાઇમાં ઉતરી પડી, ભરાએલી કૉન્ફરન્સો કરતાં પોતાના ગામમાં ભરવાની કૉન્ફરન્સ સરસાઇ મેળવવા વધારે દાગદમાકથી તથા ભપકાભેર ભરવા લલચાતા હતા અને તે માટે હજારો રૂપિયા ખર્ચતા હતા. આ બધાનું પરિણામ એ આવ્યું છે કે કૉન્ફરન્સ રાક્ષસી ખર્ચાળ થઇ તેથી કરીને તેને નોતરવાને ઘણા અચકાયા. પુના પછી કૉન્ફરન્સને નોતરવાનું બીડું કોઇએ ઝડપી ન લીધું, તેનું કારણ કૉન્ફરન્સ પ્રાહુણાનું ખર્ચાળપણા શિવાય બીજું કંઇ નથી. ખરેખર જો કૉન્ફરન્સ ભરવામાં આવું લખલૂટ ખર્ચ ન થતું હોત તો એક નહિ પણ અનેક નોતરાં ક્યારનાંએ આવી ગયાં હોત. આ બાહ્યબંધ પત્ર કૉન્ફરન્સને પુરભપકાથી ભરવાની ભલામણ તો કરે છે, પણ આમંત્રણ દેનાર કોણ છે? આવતા વર્ષે ભોયણી તીર્થે મળનારી કૉન્ફરન્સને સાદા સ્વરૂપમાં ભરી દાખલો બેસાડવામાં આવે એ જોવા અમે ઘણાજ ઉત્સુક છીએ.

# ખંભાળીઆ પાંજરાપોળ.

અમારા પાંજરાપોળ ઇન્સ્પેક્ટર મી૦ મોતીચંદ કુરજીએ તા૦ ૧-૭-૦૯ ના રોજ આ પાંજરાપોળ તપાસી.

આ પાંજરાપોળ ત્યાંના ઉદાર ગૃહસ્થ ઠ. હરજીવનદાસ નરોતમદાસના ફંડથી ચાલે છે. તેમણે હજારો રૂપીઆ ખર્ચીને પાકા પાયા ઉપર મોટું મકાન બંધાવી તેના નિભાવ માટે એક ટ્રસ્ટ ડીડ કરી લગભગ ૭૦ હજાર રૂપીઆની પ્રોમીસરી નોટ એક કમીટીને સ્વાધીન કરી છે. તેના વ્યાજમાંથી પાંજરાપોળનું ખર્ચ ચાલે છે. તે ઉપરાંત મુંબઇની જામ મીલ તરફથી પણ મોટી મદદ મળે છે. લોકલ ઉપજ ઘણીજ થોડી છે. આ પાંજરાપોળની સ્થિતિ ઘણીજ સારી છે. આ પાંજરાપોળમાં મોટાં જાનવરો રાખવામાં આવે છે પણ નાનાં જાનવરો (નાનાં બકરાં કુતરાં બિલ્લાડાં વિગેરે) રાખવામાં આવતાં નથી તે રાખવામાં આવે તો આ પાંજરાપોળ ઉત્તમ ગણાય.

આ પાંજરાપોળના મુનીમ ખીમજી ત્રીકમજી ઘણા લાયક માણસ જણાયા છે.

જૈન ભાઇઓ તરફથી એક જુદી નામનીજ પાંજરાપોળ ચલાવવામાં આવે છે. તેમાં નાના જીવોને રાખવામાં આવેછે. જૈનની વસ્તી બહુ થોડી હોવાથી વધારે ખર્ચ પોસાય તેમ નથી.

અહીં ગાયો માટે એક જુદી ગૌરક્ષક મંડળી છે. આ સંસ્થાને દેશાવરમાંથી ઘણી સારી મદદ મળે છે. આ ખાતા તરફથી વખતો વખત ગામની ગાયને નીરણ નાખવામાં આવે છે અને કસાઇખાનેથી ગાયોને છોડવી પાંજરાપોળમાં મોકલવામાં આવે છે.

**સલાયા**—પાંજરાપોળ તપાસી તા૦ ૩-૭-૦૯

આ પાંજરાપોળ નવી બંધાવેલી છે પણ તેમાં ચોમાસામાં અને ઉનાળામાં જનાવરોને રહેવા માટે અડાળીઓ નથી, તે ઉપર પાંજરાપોળ સેક્રેટરીનું ધ્યાન ખેંચવામાં આવે છે.

આ પાંજરાપોળમાં વાર્ષિક ૪૦૦ જનાવરોની સરાસરી આવક છે, પણ તે સઘળાં જનાવરો કરાંચી પાંજરાપોળ તરફથી અહીં મોકલવામાં આવે છે. અહીંના સ્થાનિક જનાવરોની આવક બહુ થોડી છે.

મકાન દરીઆ કિનારા ઉપર હોવાથી જનાવરોની તંદુરસ્તી માટે બહુ અનુકૂળ છે. પાંજરાપોળમાં આવ્યા પછી જનાવરો સાજાં અને કામ કરવા લાયક થાય તેને હિંદુ ગૃહસ્થોને વેચાતાં આપવામાં આવે છે. એવી સરતે કે તે જનાવર પાછું જ્યારે માંદુ થાય ત્યારે પાછું પાંજરાપોળમાં મોકલવું. બીજા કોઇને વેચાતું આપવું નહીં. આવી રીતના વેચાણથી આ પાંજરાપોળને ગઈ સાલમાં ૫૦૮ જનાવરોની રૂ. ૩૨૧૩-૧૪-૦ ની આવક થઇ હતી. આ પાંજરાપોળનો વેપાર ઉપર લાગો નહીં હોવાથી ઉપજ ઘણી થોડી છે. આ પાંજરાપોળને ત્યાંના ઠ. કલ્યાણજી ભાણજીની ઘણીજ મદદ છે. તેઓ મોટા વેપારી છે અને તેમની દેશાવરમાં ઘણી પેઢીઓ હોવાથી તેનો ધર્માદો આ પાંજરાપોળને આપવામાં આવે છે. તેમજ આડતીઆ પાસેથી પણ અપાવે છે. આ પાંજરાપોળ તેમણેજ સંવત ૧૯૫૯ માં ખોલેલી છે. આ સંસ્થાને વાર્ષિક ઉપજ રૂ. ૩૦૦૦ થી ૩૨૦૦ લગીની છે અને ખર્ચ પણ તેટલુંજ છે. જનાવરોની સારવાર ઘણી સારી રીતે કરવામાં આવ છે. મુનીમ પણ લાયક છે અને હિસાબ ચોખ્ખો જણાય છે.

# રાજકોટ પાંજરાપોળનો રિપોર્ટ.

તા૦ ૨૫-૭-૦૯ ને રોજ અત્રેની પાંજરાપોળ અમારા ઇન્સ્પેક્ટરે તપાસી છે. મકાનની સગવડ સર્વોત્તમ છે. તે નદીકાંઠે ખુલી હવામાં છે તેથી વિશેષ સગવડતાવાળું છે. તેમાં મોટા પણ સારી સગવડતાવાળા તબેલાઓ છે. હવા આવવાને માટે જાળીઓ, તથા ઘાસ રાખવા માટે મોટા ઓરડાઓ છે. ટુંકામાં મકાન સારૂં અને સગવડતાવાળું છે. પાંજરાપોળો બંધાવનારાઓને ખાસ એક વખત આ પાંજરાપોળનું મકાન જોવા ભલામણ કરવામાં આવે આવે છે. જનાવરોને પાણી પીવા માટે કુંડીઓ છે અને તે રોજ સાફ કરવામાં આવે છે. દવા પણ કાળજીપુર્વક કરે છે. આ પાંજરાપોળની જે સારી સ્થિતિ જોવામાં આવે છે, તે મુનીમ મી૦ અમરચંદભાઇને આભારી છે. અહિંના લોકને કેળવણીનો પ્રચાર સારો છે પણ ધાર્મિક શિક્ષણ બીલકુલ નહોવાને લીધે અને કુસંપ હોવાથી, અને પાંજરાપોળ તરફ લાગણી ન હોવાને લીધે પાંજરાપોળનો લાગો નથી. તેને લીધે આવક ઘણી થોડી છે. સર્વે સગવડતા, પણ નાણાની અગવડતા છે. સ્ટેટ તરફથી રૂ. ૫૦૦ મળે છે. વરકન્યા પરણતી વખતે અમુક લાગો લેવાય છે. તે સિવાય પરચુરણ આવક ઘણી થોડી છે. ખર્ચ લગભગ ૩ થી ૪ હજાર સુધીનું છે. શક્તિવાન જનાવરોને ભાડેથી ફેરવવામાં આવે છે. એમ કરી મુશ્કેલીથી ખર્ચ ચાલે છે. વાર્ષિક હીસાબ છપાય છે. ખાસ કરીને પાંજરાપોળને નાણાંની અગવડ છે. મદદ કરવાની ખાસ જરૂરીઆત છે.

# મોરબી પાંજરાપોળનો રિપોર્ટ.

અમારા તરફથી ફરતા પાંજરાપોળ ઇન્સ્પેક્ટરે તા૦ ૧૮-૭-૯ ને રોજ અત્રેની પાંજરાપોળ તપાસી છે. પાંજરાપોળના ઢોરો રાખવાના મકાનોમાં કેટલીએક જગાએ ખાડા પડી ગયા છે, અને તે તુરતમાંજ સુધારવાની જરૂર છે. જે જગોએ હાલ જનાવરોને રાખવામાં આવે છે તેમાં અંધારૂં ઘણું છે. ટુંકામાં મકાનની હાલત સારી અને સગવડતાવાળી નથી, અને તે ઉપર પાંજરાપોલના સેક્રેટરીનું ધ્યાન ખેંચવામાં આવે છે. વળી પાંજરાપોળમાં રાખવામાં આવતા ઢોરોનું પત્રક રાખવાની જરૂર છે. પાંજરાપોલના જે ઢોરો મરણ પામે છે, તેનું ચામડું દરબારમાં લઇ જવામાં આવે છે અને ઢોરોનું ભેગું થતું ખાતર વેચી નાખવામાં આવે છે. તેના માવજત કરનારાઓની ખામી છે, એમ જણાય છે. આ પાંજરાપોળની વાર્ષિક આવક રૂ. ૧૦૦૦૦ ની છે અને ખર્ચ પણ તેટલુંજ છે. પાંજરાપોળનો હીસાબ સંતોષકારક છે. એ સીલક ત્રીજાને ત્યાં રહે છે, અને જ્યારે જોઇએ ત્યારે થોડી થોડી મોકલવામાં આવે છે. માંદા જનાવરોની સારવાર કરવામાં આવે છે પણ જોઇએ તેવી નહી. સ્ટેટનો વેટર્નરી સરજન એક વખત તપાસી જાય છે અને તેના બદલામાં અમુક રકમ આપવામાં આવે છે.

# પાંજરાપોળોની હાલહવાલ સ્થિતિ.

## તેમાં કરવો જોઇતો સુધારો.

લેખક મોતીચંદ કુરજી ઝવેરી જી. બી. વી. સી.

પાંજરાપોળોની સ્થિતિ દિન પ્રતિદિન બગડતી જાય છે. હવે વખત એવો આવ્યો છે કે તેમાં એકદમ સુધારો કરવાની જરૂર છે અને જો તેમ કરવામાં નહિં આવે તો આ સંસ્થાઓ ભવિષ્યમાં પડી ભ ગશે.

પહેલાં તો પાંજરાપોળ એ શબ્દનો અર્થ હાલમાં ઘણો બહોળો થઇ ગયો છે અને તેમાં ફેરફાર કરવાની જરૂર છે. "પાંજરાપોળ" એ "પાંગળાંપોળ" એ શબ્દનો અપભ્રંશ છે એ દરેક જીવદયાના હિમાયતીએ ભુલી જવું ન જોઇએ અને તેથી કરીને તેમાં લુલાં-લંગડાં -વૃદ્ધ-અશક્ત-અને માંદા જનાવરોનેજ તેમજ ઘણીજ નાની ઉમરના મા વગરના બકરાં વગેરેના બચાંઓનેજ રાખવા જોઇએ. જંગલમાં હરી ફરી શકે તેવા જંગલી પશુઓ અને ઉડી શકે તેવા પક્ષીઓને કાંઇ પણ કારણ વગર પાંજરાપોળમાં જીંદગી પર્યંત કેદ કરી રાખવાથી પાંજરાપોળ નકામા ખર્ચના ખાડામાં ઉતરે છે એટલુંજ નહિં પણ તેવા પશુઓ અને પક્ષીઓપર એક જાતનું ઘાતકીપણું ગુજારેલું કહેવાશે. દૈવ ઇચ્છાથી પાંજરાપોળમાં આવેલા માંદા જનાવરો સારા થાય અને કામ કરી શકે તેવી સ્થિતિમાં આવે કે તરતજ કોઇ હિંદુ ગૃહસ્થને વેચાતા યા બક્ષીસ આપી દેવામાં હું કોઇ પણ રીતે ખોટું ગણતો નથી; પરંતુ તેમ કરતાં પહેલાં તે ગૃહસ્થ પાસેથી કબુલાત લેવી કે તે જનાવર માંદું થાય અથવા કામ કરવાને અશક્ત જણાય ત્યારે બીજા કોઇને વેચાતું ન આપતાં [પાછું] પાંજરાપોળમાંજ મોકલાવવું જોઇએ.

પાંજરાપોળને બની શકે તો "self suporting body" "પોતાની મેળે પોતાનું ખર્ચ પેદા કરી શકે તેવી સંસ્થા" બનાવવાની જરૂર છે અને આ બાબતમાં જુદા જુદા માણસોએ જુદી જુદી સ્કીમો રજુ કરી છે. પાંજરાપોળમાં રહેતા કામ કરવા લાયકના જનાવરોને જીવદયાનો હેતુ ધ્યાનમાં રાખી તેમને લાયકનું કાંઈ પણ કામ આપી પાંજરાપોળની ઉપજ વધારવાની યોજનાપર પણ પાંજરાપોલ વહીવટદારોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

પાંજરાપોળમાં આવતાં માંદા જનાવરોની દવાદારૂ અને મલમપટા તરફ ઘણુંજ થોડું ધ્યાન આપવામાં આવે છે એ ઘણા ખેદની વાત છે. ગુજરાત અને કાઠીઆવાડમાં સારી સ્થિતિની સંખ્યાબંધ પાંજરાપોળો છે પણ તેમાં આઠ કે દસથી વધારે જગ્યાએ પશુવૈદને માટે કાંઇ પણ ગોઠવણ કરેલી હોય તે મારા જાણવામાં આવેલ નથી. માંદા અને અશક્ત જનાવરોને ફક્ત પાંજરાપોળમાં લાવ્યા બાદ મહેનત લઇ દવાદારૂ અને માવજત કરવામાં જીવદયાનો ખરો હેતુ સમાયેલો છે એ વાંચનારે ભુલી જવું ન જોઇએ.

પાંજરાપોળના મકાનો સાફ રાખવાની ઘણી જરૂર છે. આ અગત્યની બાબત ઉપર પણ કેટલીક જગ્યાએ ઘણું થોડું ધ્યાન આપવામાં આવે છે. કેટલીક જગ્યાએ તો કલાકો અને દિવસો લગી જનાવરોને પોતાની લીદ અને પેસાબપર પડ્યું રહેવું પડે છે અને તેવી ગંદકીથી મિશ્રિત થયેલું ઘાંસ ખાવું પડે છે. હમેશાં દિવસોમાં બે વખત પાંજરાપોળના મકાનો સાફ કરવાં જોઇએ.

પાણી હમેશાં ગાળેલું સ્વચ્છ પાવું જોઇએ. પાણી પીવાની કુંડી દરરોજ ખાલી કરી સાફ કરવી જોઇએ. અપૂર્ણ.

# કોન્ફરન્સના માનાધિકારી ઉપદેશકો.

હમણા એવી અફવા ઉડી છે કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના માનાધિકારી ઉપદેશકો કોન્ફરન્સના નામે લોકો પાસેથી પૈસા ઉઘાપત કરે છે, તેઓ સ્વહસ્તે માન માગે છે, પ્રજાને પ્રેરી ત્હેમની પાસેથી શિરપાવ મેળવે છે, વગેરે વગેરે. તેવી અફવાને આવકાર આપનાર, ત્હેને ઝીલી લેનાર—તે હકીકત સત્ય માનનારને અમે પૂછીશું કે જો તે બાબત ખરી હોય તો ત્હેમણે હિંમત ધરી બહાર આવવું, અને તે સંબંધી કોન્ફરન્સની મુંબઈ હેડ ઓફીસને ખબર આપવી. તેવા વેશધારી ઓનરરી ઉપદેશકોનાં નામ, ઠામ, જણાવવાં. સત્ય કહેતાં શા માટે આંચકો ખાવો જોઇએ ? મુંગે મોઢે બેશી રહેવાથી–ચુપકી ધારણ કરવાથી દાદ કેવી રીતે મળી શકે ? ઉપરની અફવાને માત્ર અનુમોદન આપનાર તરફ અમે શોકની દૃષ્ટિથી જોઇશું, કારણ કે તેથી કોન્ફરન્સ જેવી મહાન્ સંસ્થાના લાભને ધોકો પહોંચવાનો સંભવ છે, અને તે એટલા માટે કે સુકા જોડે લીલું બળે છે. એ બનવાજોગ છે કે કેટલાક કે જેઓને કોન્ફરન્સ તરફથી કંઈ પણ સત્તા મળી ન હોય તોપણ માનાધિકારી ઉપદેશકો તરીકેનો ઝુંડો પકડી ન છાજે તેવી વર્તણુકથી વર્તે અને ત્હેમની જોડે અમારા તન, મન, અને ધનથી વખતનો ભોગ આપી કામ કરનાર કોન્ફરન્સના ઉદ્દેશોને બર આણવા ગામોગામ વગર પૈસે, વગર પગારે, બીન અંગત લાભે રખડનાર માનાધિકારી ઉપદેશકો નિંદાય. આથી પરિણામ એ આવે કે ત્હેમનો ઉત્સાહ મંદ પડે.

ઉપરની અફવાને વધાવી લેનારને અમે પૂછવાની રજા લેઇશું કે ડોળઘાલુ, સ્વાર્થસાધક વક્તાઓને શું કોન્ફરન્સથી નીમાયેલા માનાધિકારી વક્તાઓ માનવા ? શુ તેવા દંભીઓની વર્તણુક માટે કોન્ફરન્સ જવાબ આપવા બંધાએલી છે ! કોન્ફરન્સથી નીમાએલા માનાધિકારી ઉપદેશકો અમે ત્હેમનેજ કહીશું કે જેઓનાં નામ હેરલ્ડમાં જાહેર કરવામાં આવ્યાં છે. બાકીના માટે કોન્ફરન્સને લેવા દેવા નથી. આવું અમે 'હેરલ્ડ' દ્વારા પોકારી પોકારીને કહ્યું છે. અત્રે અમે પુનઃ લખવાનું ઉચિત ધારીશું કે જે ગૃહસ્થોનાં નામ 'હેરલ્ડ' ના ગત માસના અંક ૮. મામાં લખવામાં આવ્યાં છે અને હવે પછી લખવામાં આવે તેઓનેજ કોન્ફરન્સ તરફથી નીમાએલા ઉપદેશકો તરીખે ગણવા.

સવિનય જણાવવાનું કે અમારા પગારદાર, માનાધિકારી, તેમજ કોન્ફરન્સને નામે જૈન કોમના હિતાર્થે ઉપદેશ કરનારા ઉપદેશકોને કોઇ પણ જાતની બક્ષિશ, ભેટ, ઇનામ, યાતો પૈસા કોઇપણ ગૃહસ્થે આપવા નહી, કારણ કે કોન્ફરન્સ ત્હેમને તે લેવાનો અધિકાર આપતી નથી.

# શ્રી યશોવિજય કૃત નિશ્ચય વ્યવહાર ગર્ભીત સીમન્ધરજિન સ્તવન.

રાગ કેદારો.

શ્રી સીમન્ધર સાહિબ આગે વિનતિ રે, મન ધરી નિર્મલ ભાવ;
કીજે રે કીજેરે લીજે લ્હાવો ભવ તણો રે. ૧

બહુ સુખ ખાણી તુજ વાણી પરિણમેરે, જેહ એક નય પક્ષ;
ભૂલા રે ભૂલા રે તે પ્રાણી રડવડે રે. ૨

મેં મતિ મોહે એક જ નિશ્ચય નય આદર્યો રે, કે એક જ વ્યવહાર;
ભેળા રે ભેળા રે તુજ કરૂણાએ ઓળખ્યા રે. ૩

શિબિકા વાહક પુરૂષ તણી પેરે તેં કહ્યો રે, નિશ્ચય ને વ્યવહાર;
મળીયા રે મળીયા રે ઉપકારી નવિ જુજુઆ રે. ૪

બહુલાં પણ રત્ન કહ્યાં જે એકલાં રે, તે માલા ન કહાય;
માલા રે માલા રે એક સૂત્રે જે સાંકલ્યાં રે. ૫

તેમ એકાકી નય સઘળા મિથ્યા મતિ રે, મળીયાં સમકિત રૂપ;
કહીયે રે કહીયે રે લહીયે **સમ્મતિ** સંમતિ રે' ૬

હોય પંખ વિણુ પંખી જિમ નવી ચલી શકે રે. જિમ રથ વિણુ હોય ચક્ર;
ન ચલે રે ન ચલે રે તિમ શાસન નય બિહું વિના રે. ૭

શુદ્ધ અશુદ્ધપણું સરખું છે બેહુને રે, નિજ નિજ વિષે શુદ્ધ
જાણે રે જાણે રે પર વિષે અવિશુદ્ધતા રે. ૮

નિશ્ચય નય વ્યવહાર પ્રણાણે (પ્રમાણે!) છે વડો રે, તેહવો નહિ વ્યવહાર;
ભાખે રે ભાખે રે કોઇક એમ તે નવિ ઘટે રે. ૯

જે કારણ નિશ્ચયનય વ્યવહાર છે રે, કારણ છે વ્યવહાર;
સાચો રે સાચો રે કારજ તે સહી રે, ૧૦

નિશ્ચયનય મતે ગુરૂ શિષ્યાદિક કો નહીં રે, કરે ન ભુંજે કોય;
તેહથી રે તેહથી રે ઉન્માર્ગ તે દેશના રે, ૧૧

નય વ્યવહારે ગુરૂ શિષ્યાદિક સંભવે રે, તેણે સાચો ઉપદેશ;
ભાખ્યો રે ભાખ્યો રે ભાષ્ય સૂત્ર વ્યવહારની રે. ૧૨

(અપૂર્ણ.)

# પ્રાચીન શિલાલેખોની ઉપયોગિતા.

(પ્ર૦—મનઃસુખ વિ૦ કીરતચંદ મહેતા—મોરબી)

પ્રાચીન શિલાલેખો આદિની શોધખોળ અંગે શ્રી કોન્ફરન્સે ઠરાવ કર્યો છે, એ કેવળ વ્યાજબી કર્યું છે. એ ઠરાવ અનુસાર યોગ્ય શોધખોળો કરવામાં આવે, તો જૈન ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પડે એમ છે. પુરાતન ખંડિયેરો અને શિલાલેખો અંગે ડાકતર જે. ઍફ. ફ્લીટ્ (Dr. J. F. Fleet) તથા જનરલ કનીંગહામ (General Cunningham)—એ વગેરેએ બહુ સારી શોધખોળ કરી છે. આ શોધખોળોનો વિગતે અહેવાલ Gupta Inscriptions by Dr. Fleet (ડાકતર ફ્લીટ્‌ના ગુપ્ત શિલાલેખો) અને Reports of Archæological Researches by General Cunningham (કનીંગહામ સાહેબના પ્રાચીન શોધખોળોના રીપોર્ટો) માં આપેલો છે. એમાં શિલાલેખોના ફોટોલીથો પણ આપેલા છે. પ્રાચીન જીનમંદિરો, પ્રતિમાઓ; અને ઐતિહાસિક બીના ઉપર પ્રકાશ પાડનાર શિલાલેખો અંગે એ ગ્રંથોપરથી જૈન ઇતિહાસમાં હિત લેનારને ઘણું જાણવાનું મળી શકે એમ છે. ઉપરાંત Indian antiquary ની જુની ફાઇલો વગેરેપરથી ઘણું જાણવાનું મળે એમ છે. એ શોધખોળ કરનારાઓએ એ રીતે જૈન કોમપર ઉપકાર કર્યો છે. ઉપર જણાવેલા શોધખોળ કરનારા આદિ ઉપરાંત અત્રે સૌરાષ્ટ્રમાં શાસ્ત્રી વલ્લભજી હરિદત્તે પણ ગીરનાર આદિના શિલાલેખો શોધી ઐતિહાસિક પ્રકાશ પાડયો છે. આપણા ધર્મબંધુ શ્રી ડાલતચંદ બરોડીઆએ પણ પોતાના ગિરનાર મહાત્મ્યમાં તથા આ પત્રમાં શિલાલેખો સંબંધી સારૂં વિવેચન કર્યું છે. હજી આ અંગે વિશેષ થવાની જરૂર છે.

શિલાલેખોની શોધથી જેમ કેટલીક અવનવી ઐતિહાસિક બાબતો જાણવાનું બની આવે છે, તેમ કેટલાક ધર્મ સંબંધી વાંધા-વિરોધ-મતભેદનું નિરાકરણ થઇ શકે છે; એવાં નિરાકરણ અર્થે શિલાલેખો સાક્ષી-પુરાવાની ગરજ સારે છે. ગઇ સાલમાંજ પૂર્વહિંદમાં મહોબાની ખાણનું ખોદકામ ચાલતાં બે જીન પ્રતિમાઓ હાથ લાગ્યાનું દિગંબરી ભાઇઓ તરફથી પ્રસિદ્ધ થતા માસિક Jain Gazette (જૈન ગેઝેટ્) માં પ્રસિદ્ધ થયું છે. એક પ્રતિમા ઉપર વિ૦ સં૦ ૮૨) નો અને બીજી ઉપર વિ૦ સં૦ ૧૧૦૪) નો લેખ છે. આ મળી આવેલી પ્રતિમાઓ સંબંધી શું થયું એ કાંઇ આપણે જાણતા નથી. એ પ્રતિમા શ્વેતાંબરી સંપ્રદાયની છે કે દિગંબરીની, એ નક્કી થયું કે નથી થયું, એ પણ આપણે જાણતા નથી. એ પ્રતિમાઓ કયા સંપ્રદાયની છે અને એ સંબંધી શું વ્યવસ્થા થઇ એ અંગે કોન્ફરન્સ ઓફીસ તરફથી પુછાવવાની જરૂર છે. વિ૦ સં૦ ૮૨) વાળી પ્રતિમા કયા સંપ્રદાયની છે એ નક્કી થઇ શકે, તો શ્વેતાંબરો અને દિગંબરો પોતપોતાના સંપ્રદાયની ઉત્પતિ સંબંધી જે તારીખ રજુ કરે છે, તેમાંથી કઇ સાચી એનો નિવેડો આવી શકે. વળી એથી પણ પ્રાચીન પ્રતિમાઓ વિદ્યમાન છે, તથાપિ આ પ્રતિમાઓ પણ સ્થાનકવાસી ભાઇઓને પુરાવારૂપે દેખાડી શકાય કે પ્રતિમા આરાધક માર્ગ શુદ્ધ સનાતન છે; પ્રતિમાઓ હતી, તો તેને વિરાધક સંપ્રદાય ઉત્પન્ન થયો; પ્રતિમા આરાધક માર્ગ પ્રથમ ન હોય તો તેને વિરાધક માર્ગ કયાંથી ઉભો થાય? આ વગેરે અંગે શિલાલેખો બહુ ઉપયોગી છે.

આ લેખમાં ડો. ફ્લીટે શોધેલા એક શિલાલેખ ઉપરથી જાણવામાં આવતી બિના રજુ કરૂં છું. સંપ્રતિ, કુમારપાળ, વનરાજ, વગેરે જૈન રાજાઓ હતા, તેની તો ઇતિહાસ ગવાહી પુરે છે. શ્રી બપ્પભટ્ટસૂરિએ ગ્વાલિયરના આમ્ર રાજાને ( વિ. સં. નવમો સૈકો) જૈન કર્યાની વાત ગુજરાતના ઇતિહાસ, તથા પ્રબંધ ચિંતામણિ, પ્રબંધ કોશ આદિથી આપણે જાણિયે છિએ. તે સૈકાનો રાઠોડ રાજા અમોઘવર્ષ પણ જૈન હતો એ બિના પણ આપણે જાણીયે છિએ. પણ વિ. સં. બારમા સૈકાના અંતમાં અને તેરમાની શરૂઆતમાં મરૂદેશના મેદપાટમાં આલ્હણદેવ જૈન રાજા હતો એ ખબર તો આપણને નવી લાગશે. પ્રસ્તુત શિલા-લેખથી આપણને સમજાય છે, કે એ જૈન રાજા હતો. ડો. ફ્લીટે એ શિલાલેખનો એક ફોટોગ્રાફ મરહુમ મી૦ હરિલાલ હર્ષદરાય ધ્રુવને આપ્યો હતો. તે ઉપરથી તેણે નિબંધરૂપે એક લેખ સને ૧૮૯૪ ના માર્ચ માસમાં રોયલ એશ્યાટીક સોસાઇટીની મુંબઇની શાખામાં વાંચ્યો હતો. આ શિલાલેખ વિ. સં. ૧૨૧૮ ની મિતિનો છે. શ્રી નાડોલમાં આવેલા સાંડેરકગચ્છના શ્રી મહાવીરપ્રભુના મંદિરમાં પૂજા સામગ્રી માટે બક્ષીસ આપ્યાની આમાં વિગત છે. આલ્હણદેવ રાજા મેદપાટમાં છે. સાધુ (કે જેની પ્રેરણાથી આ બક્ષીશ મળી હોય), તે શ્રી રામચંદ્ર (હેમચંદ્રાચાર્યના શિષ્ય ?) છે. આ બધી વિગત એ લેખમાં છે. શિલાલેખ આખો સરળ ગદ્ય-પદ્યયુક્ત સંસ્કૃતમાં છે, પણ તે બહુ લાંબો છે; એટલે એ નહિં આપતાં એનો ઉપયુક્ત સાર આપ્યો છે. પ્રથમ શરૂઆતમાં શ્રી સર્વજ્ઞને ૐ પૂર્વક નમસ્કાર કરી ચરમતીર્થંકરની માલિની વૃતમાં કલ્યાણની યાચનાપૂર્વક સ્તુતિ કરી છે. ત્યાર પછી ગદ્યમાં રાજાની વંશાવલી છે; ત્યાર પછી બે સ્રગ્ધરાવૃત્તમાં સંસારની અસારતાનું નિરૂપણ છે; અને એ અસારતા જોઇ સારરૂપ શું કર્તવ્ય છે એનો બોધ છે; ત્યાર પછી રાજા આલ્હણદેવ ઉપરોકત મંદિરને ઉપરોકત બક્ષીસનો લેખ લખે છે, તે પ્રમાણે ચાલવાને પોતાના વંશજ તથા બીજા ગાદિયે આવનારાને વિનવે છે; છેવટે મંત્રી આદિનાં નામ આપી પોતાની સહી રૂપ નૈગમ વાકય મુકે છે. મિતિ વિ. સં. ૧૨૧૮ ની છે. પોતાની વંશાવલીનો સાર નીચે મુજબ છે:—

૧ ચાહમાન ( ચહુઆણ ) વંશનો મૂળ સ્થાપક લક્ષ્મણદેવ ( વિ. સં. ૧૦૨૪ )

૨ લોહિયો

૩ બલિરાજ

૪ વિગ્રહપાળ

૫ મહેંદ્ર

૬ અણહિલ

૭ બાલપ્રસાદ

૮ જેંદ્રરાજ

૯ પૃથ્વીપાલ

૧૦ જોજ્લ

૧૧ આશરાજ

૧૨ આલ્હણદેવ

રાજા આલ્હણદેવ આ પ્રમાણે જૈન હોવાની માહિતી આપણને મળે છે.

નાડોલ પ્રાચીન જૈન તીર્થોમાંનું એક છે. આપણે વખતો વખત તીર્થમાળાના સ્તવનમાં

"નાડુલાઇ યાદવો, ગોડિ સ્તવોરે,

"શ્રી વરકાણો પાસ—તીરથ તે નમું રે."

—તીર્થમાળા સ્તવન—

એમ ગાઇએ છિએ, એ નાડુલાઇ એ આ નાડોલ.

શ્રી વીરાત્ સાતમા સૈકાના પૂર્વાર્ધમાં શ્રી સુધર્મા સ્વામીની પાટે ૧૯ મા યુગપ્રધાન શ્રી માનદેવસૂરિ થયા; તેમણે આ નાડોલ નગરમાં લઘુશાંતિસ્તવન રચ્યું હતું. આના સંબંધમાં શ્રીમદ્ આત્મારામજી પ્રકાશે છે કેઃ—

શ્રી પ્રદ્યોતનસૂરિકે પાટ ઉપર શ્રી માનદેવસૂરિ હુયે; ઇનકે સૂરિપદ સ્થાપનાવસરમેં દોનો સ્કંધોંપર સરસ્વતી ઔર લક્ષ્મી સાક્ષાત્ દેખકે યહ ચારિત્રસેં ભ્રષ્ટ હોં જાવેગા ! ઐસે વિચાર કરકે ખિન્ન ચિત્ત ગુરૂકોં જાનકે ગુરૂકે આગે ઐસા નિયમ કરા કિઃ—ભક્તિવાલે ઘરકી ભિક્ષા ઔર દૂધ, ઘૃત, મીઠા, તેલ અરૂ સર્વ પક્વાન્નકા ત્યાગ કિયા, તબ તિનકે તપકે પ્રભાવસેં નડોલપુર જો પાલીકે પાસ હૈ તિસમેં ૧. પદ્મા, ૨. જયા, ૩. વિજયા, ૪. અપરાજિતા, એ ચાર નામકી ચાર દેવી સેવા કરતી દેખી, કોઈ મૂર્ખ કહેને લગા કિ એ આચાર્ય સ્રીયોંકા સંગ ક્યોં કરતા હૈ ? તબ તિન દેવિયોંને તિસકોં શિક્ષા દિની, તથા તિસકે સમયમેં તિક્ષિલા (ગજની) નગરીમેં બહુત શ્રાવક થે તિનમેં મરીકા ઉપદ્રવ હૂઆ તિસકી શાંતિકે વાસ્તે શ્રી માનદેવસૂરિને નડોલ નગરીસેં શાંતિ સ્તોત્ર બનાકર ભેજા."

આ નડોલ નગરના શ્રી મહાવીર સ્વામીના મંદિરમાંનો પ્રસ્તુત શિલાલેખ છે. આ શહેર પ્રાચીન હોવાથી ત્યાંથી આસપાસમાંથી જીન પ્રતિમા વખત પરત્વે મળી આવે છે. સં૦ ૧૮૫૭ ના વૈશાખ વદ ૨ રવિવારે આ ગામના દક્ષિણ ભાગમાં મહાત્મા ગોરજીની પોશાળમાંથી સુકાઇ ગયેલા એક વૃક્ષને કાઢી નાખવા માટે જમીન ખોદતાં સુકરાત આરસની શ્વેતવર્ણી મૂર્ત્તિઓ (૧૫) નિકળ્યાની વાત શ્રી જૈનધર્મપ્રકાશમાં પ્રસિદ્ધ થઇ હતી.

શ્રી વિમલનાથ, શાંતિનાથ, સંભવનાથ, સુમતિનાથ, અને સુવિધિનાથની પ્રતિમાઓ આમાં હતી અને તેની પ્રતિષ્ઠા થયાનો લેખ સં૦ ૧૫૩૦ મહાવદ ૨ નો છે. વળી આમાં શ્રી શાંતિનાથજી તથા અજીતનાથજીની એમ બે પ્રતિમા કાયોત્સર્ગ મુદ્રાએ છે, તે પરનો લેખ સં૦ ૧૩૨૬ નો છે, અને તેની પ્રતિષ્ઠા શ્રી ધર્મચંદ્રસૂરિએ કરી છે. તેમજ એક મૂર્ત્તિ શ્રી પ્રદ્યુમ્નસૂરિ કે જે શ્રી સુધર્માસ્વામીથી ૩૩ મી પાટે થયા, તેના શિષ્ય શ્રી શાલિભદ્રની છે; જેની પ્રતિષ્ઠા પણ શ્રી ધર્મચંદ્રસૂરિએ સં૦ ૧૩૩૫ માં કરેલી છે.

આમ શિલાલેખોથી બહુ જાણવાનું મળી આવે છે. ઐતિહાસિક શોખ ધરાવનારાઓને તો આ બહુ રમણીય પ્રદેશ છે; આ નિરૂવદ્ય ક્ષેત્રમાં વિહરવાથી એઓને આનંદ અને ધર્મ સેવાનો લાભ મળે એમ છે. ઇતિ

તા૦ ૧૮–૭–૦૫ રવિ. } લી૦ મનઃસુખ વિ. કીરતચંદ મેહતા

—મોરબી.—

# હાનિકારક રીતરીવાજો.

( રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી. )

( અનુસંધાન પૃષ્ટ ૧૮૯ થી. )

રાચરચીલું સર્વ વિદેશી અને ખર્ચાળ ગ્રહણ કર્યાં છે. આપણા હીંદી ઢબછબના પોશાક કરતાં યુરોપીયન ફેશનનો પોશાક વિશેષ પસંદ કરવામાં આવે છે. પરંતુ કહેવું જોઇએ કે ટાઇમ્સ ઓફ ઇન્ડીયાએ હીંદીવાનોને યુરોપીયન ઢબછબનો પોશાક વધારે અનુકૂળ છે કે હિંદી પોશાક વધારે અનુકૂળ છે એ વિષય ઉપર ઇનામી નિબંધ માગ્યો હતો અને તેમાં હીંદી પોશાકની તરફેણ કરનાર પુરૂષ ઇનામ જીતી ગયો હતો. વળી દીલ્હીના પ્રદર્શન વખતે લોર્ડ કર્ઝને સઘળા દેશી રાજા મહારાજાઓને પોતાનો મહેલ શણગારવા માટે જોઇતું ફરનીચર ખુદ હીંદુસ્તાનમાંથી સ્વદેશી બનાવટનું લેવા આગ્રહપૂર્વક ભલામણ કરી હતી. આ સઘળું ધ્યાનમાં લઇ આપણે આપણી સ્થિતિ અનુસાર ખર્ચ કરવો જોઇએ કે જેથી આપણને અને દેશને લાભ થાય. 'વિલાયતી વિલાસમાં ફેશનબાઇ ખલાસ" એવો ઘાટ જોઇએ નહિં.

**ઉપસંહાર,** ઉપર જે સઘળા રીવાજો જણાવ્યા તે સિવાય કોઇ કોઇ રીવાજો અમુક પ્રાંત અગર દેશમાંજ પ્રચલિત હશે, તે બાબત વિવેચન કરવાનું બની શક્યું નથી પરંતુ સર્વ સામાન્ય જણાતા રીવાજો જણાવવામાં આવ્યા છે. **આ સઘળા રીવાજો સામટી રીતે લેતાં નિર્મૂળ કરવાને માટે જ્ઞાતિના અગ્રેસરો ઉપર જોખમદારી આવી પડે છે.** કારણકે જ્ઞાતિના હિત અગર અહિત, ભલાં અગર બુરા માટે તેઓજ જવાબદાર છે. જ્ઞાતિને-કોમને લાભકારક હોય તેવા રીવાજો દાખલ કરવાના, નુકશાનકારક જણાતા હોય તેવા રીવાજોને સને ૧૮૧૮ના જરીપુરાણા એક એક્ટને આધારે કોઇપણ તપાસ ચલાવ્યા વગર એકદમ દેશવટો આપવાના કાર્યને હાથ ધરવાનું પણ તેઓએજ કરવાનું છે.

જ્ઞાતિનો કેળવાયેલ વર્ગ પણ પોતા તરફનો હીસ્સો આપી આ મહાન્ કાર્યમાં તેમને મદદ કરવાને તૈયાર રહેલો છે. તેઓએ સમજવું જોઇએ કે 'અન્ધેરી હાર ચલી જય દાતાર' જેવું હવે લાંબો વખત નિભાવી લઈ શકાય તેમ નથી. તેમાં લાભ પણ નથી. આવા મહાન્ કાર્યોના જ્ઞાતિને લાભ થાય તેવી રીતે થવા જોઇતા નીવેડા ઉપરજ તેઓનું અગ્રેસરત્વ આધાર રાખે છે. મામા મસીઆઇનો (Nepotism) સમય હવે નથી. પક્ષપાત બુદ્ધિથી કરવામાં આવતા ચુકાદાને જ્ઞાતિજનો પ્હેલાંની માફક માન આપે તેવો વખત હવે નથી. જ્ઞાતિઓના મુખીઓના આપખુદ કૃત્યો સામે અવાજ ઉઠાવવાનું કાર્ય સાધારણ થઇ પડયું છે. આ બળનો યુગ નથી પણ ન્યાયનો યુગ છે. દોલતથીજ આગેવાન થવાનો સમય હવે રહ્યો નથી. સદ્‌વર્ત્તન, બુદ્ધિ અને બીજાં અનેક ગુણો ધરાવનાર લાયક પુરૂષોનેજ જ્ઞાતિજનો પોતાના આગેવાન તરીકે સ્વીકારવાનું પસંદ કરે છે.

આ સુધારા વધારાના **સમયમાં-પૂર્વ-અને પશ્ચિમના ઉદ્દાત્ત** વિચારોના સંક્રાન્તિ કાળમાં જ્ઞાતિ બંધુઓ સુધારણાની મોટી મોટી આશાઓ બાંધે છે. અને તેને સફળ કરવાનું આગેવાનોનું કર્ત્તવ્ય છે. આ રીવાજોના સંબંધમાં જુદી જુદી જ્ઞાતિઓના આગેવાનો તરફથી ઠરાવ કરવામાં આવે નહિ ત્યાં સુધી કેળવાયેલ વર્ગે તેને માટે પોતાના પ્રયાસમાં મચ્યા રહેવાની જરૂર છે. સભા, મંડળો તેમજ અન્ય સંસ્થાઓ આ બાબત ઘણું કરી શકે તેમ છે. આ કાર્યને માટે ખાસ વોલન્ટીયરો (સ્વયંસેવકો) તૈયાર કરી તેઓ દ્વારા ઉપદેશ અપાવવાની જરૂર છે. દૂર કરવા યોગ્ય-વર્જવા યોગ્ય રીવાજોનું લીસ્ટ તૈયાર કરી તત્સંબંધમાં ચોક્કસ નિયમો બાંધી પ્રત્યેક વ્યક્તિની કબુલાત મેળવવાની જરૂર છે. તેની કબુલાત આપનાર ગૃહસ્થોનેજ જુદી જુદી સભાઓએ પોતાના મેમ્બર તરીકે ચાલુ રાખવા, તદ્‌વિરૂદ્ધ વર્તન કરનાર સભાસદો થવાને, ચાલુ રહેવાને નાલાયક છે એમ ચોક્કસ સમજવું જોઇએ. એક વખત જણાવી ગયા તેમ આ કાર્યમાં કોઇના ખીસ્સા ઉપર કાપ મેલવાનો નથી. બલ્કે સારી જેવી રકમનો બચાવ થવાનો છે અને તેવા જરૂરી કાર્યમાં આપણે આપણી કરકસરથી કાર્ય કરવાની ટેવનો (Economical habits) ઉપયોગ કરવાનો છે. આથી આપણે કાંઇ કંજુસ કહેવાઇશું નહિ. ઘરમાંથી કચરો પૂંજો દૂર કરી સ્વચ્છ રાખવાનું છે. તેવીજ રીતે જ્ઞાતિમાં દાખલ થયેલા કચરા પૂંજારૂપ અનિષ્ટ રીવાજોને નાબુદ કરવાની જરૂર છે. એક દેશમાં અમુક સમયમાં જે રીવાજ માન્ય ગણાતો હોય તે રીવાજ અન્ય દેશમાં સમય બદલાતાં જમાનાના ફેરફારને લઇને અમાન્ય લાગે તો તેથી આપણે અજાયબ થવાનું નથી.

પ્રાન્તે એટલુંજ કહેવાનું રહે છે કે આપણા પૂજ્ય મુનિ મહારાજોએ વ્યવહાર શુદ્ધિને કેટલેક અંશે ધાર્મિક ઉન્નતિનો હેતુ ગણી સમ્યગ્ દૃષ્ટિ જીવોના લાભ ખાતર હાનિકારક રિવાજો બંધ કરવાનો વખતો વખત ઉપદેશ વ્યાખ્યાન દ્વારાએ આપતા રહેવાની જરૂર છે. તેઓની મદદ આપણને અસાધારણ રીતે ઉપયોગી થઇ પડશે. પ્રસિદ્ધ વક્તાઓએ પોતાના વાક્ચાતુર્યને આ દિશા તરફ વલણ આપવાની જરૂર છે. ઉપદેશક ભાષણની તાત્કાલિક અસર શ્રોતાજનો ઉપર એવી સારી થાય છે કે તેનો લાભ લઇ તે વખતેજ તેઓ પાસેથી કબુલાતો મેળવવી લાભકારક થઇ પડશે. મહાન્ કોન્ફરન્સે પોતાના માનાધિકારી તેમજ પગારદાર ઉપદેશકોને આ કાર્ય માટે વિશેષ તૈયાર કરવાની જરૂર છે તથા શ્રેયસ્કર મંડળ તથા અન્ય સંસ્થાઓ તરફથી ફરતા પરીક્ષકોને પણ આ સવાલ હાથ ધરવાની ભલામણ કરવી જોઇએ.

આ સંબંધમાં અન્ય ગૃહસ્થો તરફથી પણ એટલું બધું લખાયું છે, બોલાયું છે, ચર્ચાયું છે કે આ પ્રયાસ તદન સામાન્ય તથા પિષ્ટપેષણ જેવો લાગશે, પરંતુ વિષયની ગહનતા, ઉપયોગિતા જોતાં તે નિરર્થક સમજાતો નથી. રહેવાનું એવે સ્થળે બન્યું છે કે જ્યાં જોઇતા પુસ્તકો મળી શકે નહિ. અને તેથી તેવા કોઇ પુસ્તકોના આધાર અગર તેમાંથી ઉતારા વિષયને પુષ્ટ કરવા માટે, તદ્અંતર્ગત રહેલી દલીલોને પ્રતિપાદન કરવા માટે લેવાનું જરૂરનું કોઇ તરફથી ધારવામાં આવતું હોય તો તેમ કરવું બની શક્યું નથી, તેને માટે તથા ધર્મ વિરૂદ્ધ કોઇ વિચાર પ્રદર્શિત થયો હોય તો તેને માટે ક્ષમા યાચવામાં આવે છે.

**ઓમ્ શાન્તિ:**

# Appeals to India.

The following petitions are now being signed by large numbers of Transvaal Indians both passive resisters and non-resisters:—

TO THE HONOURABLE DADABHAI NAOROJI.

Sir,—We, the undersigned, British Indians residing in the Transvaal hereby approach you as the father of the Indian nation that is to be, with reference to the gigantic struggle in which we are engaged in this Colony. Through you we appeal to the whole of India.

We will not go into the history of the struggle, but will state the question as it stands to-day.

The Indian inhabitants of the Transvaal have asked for repeal of the Asiatic Registration Act of 1907, so that Indians possessing educational attainments, be they ever so few, even six per year, may enter the Transvaal on the same terms as the other immigrants. To-day, by reason of the Registration Act read together with the Immigration Act of the Colony, no British Indian can immigrate into the Colony unless he has been previously domiciled. The laws of the Colony, therefore, constitute a colour-bar. No other British Colony possesses such legislation. Indians have, therefore, publicly entered into a solemn covenant not to submit to the Registration Acts of the Colony but to suffer imprisonment and other hardships until the national insult is removed.

Under the covenant, during the past two years and six months over 2,500 Indians have suffered imprisonment mostly with hard labour. Many homes have been broken up, many families have been ruined, in the struggle. Fathers and sons have gone to gaol at the same time, leaving behind them weeping wives and mothers. Many families are being supported from charitable funds raised by us. At the present moment, nearly two hundred Indians are suffering imprisonment for conscience' sake.

The hardship felt has been so great that many have succumbed owing to sheer exhaustion. Others have left the Colony and are probably to-day starving. A resolute band of over 300 continues an active struggle. Some have passed through the Transvaal gaols five times.

The covenanters are derived from all classes and strata of Indian Society. Hindus, Mahomedans, Parsees, Sikhs and Christians are all fighting India's battle. Merchants who have never undergone physical exertion and have been brought up in the lap of luxury are breaking stones, or doing scavenger's work, or wheeling barrows of earth and living on coarse mealie meal and boiled potatoes or rice and ghee.

We ask India to come to the rescue and demand from the Indian Government a removal of the bar sinister. Until the racial taint from the Transvaal legislation is removed, the little band of Indians referred to above will suffer unto death. We pray for relief.

To the President of the
Bengal Chamber of Commerce,
Calcutta.

Sir,—We, the undersigned, British Indians residing in the Transvaal, beg to approach you as the leader of Anglo-India. We approach you regarding the Asiatic struggle that has now been going on in this Colony for the past two years and a half.

We do not desire to trouble you with the history of the question. The point of dispute between the local Government and the British Indians is whether, as regards immigration, the laws of the Colony are to contain a racial disqualification. The local Parliament has passed two laws—one called the Asiatic Registration Act of 1907, and the other the Immigration Act of the same year—whereby a British Indian, no matter what his educational attainments may be, becomes upon entering the Colony, unless previously domiciled, a prohibited immigrant by reason of his Indiaan birth or extraction. This legislation is without parrllel in British Colonies. We have, therefore, after other efforts had become vain, publicly entered into a solemn

covenant not to submit to the Registration Law abovenamed and another passed in the year 1908, whilst the struggle was yet going on, until the Registration Act of 1907 is repealed so as to remove the racial taint.

By reason of the covenant, over 2,500 Indians, representing all races, classes, and religions, have undergone imprisonment. Many Indians domiciled in the Transvaal or in some other South African Colony have been by arrangement with the Portuguese Administration at the Province of Mozambique deported direct to India, at a moment's notice, in some cases leaving families and businesses behind uncared for and unattended. Many homes have been ruined. Many merchants have been reduced to poverty. Many families are being supported out of charitable funds collected by the Indian community.

We do not desire unrestricted Indian immigration into the Colony. We accept the principle of white predominance in this sub-continent. All we claim is that the Transvaal cannot, unlike the other Colonies, impose a test and thus, in the words of Mr. Chamberlain, wound the susceptibilities of India's millions.

We have appealed to all parties—all British subjects. And we have received support from all of them. Even in the Transvaal, a small European Committee, composed of prominent members of the community, under the Chairmanship of Mr. Wm. Hosken, M.L.A., has been supporting us.

The honour of India, we doubt not, is as dear to Anglo-Indians as it must be to Indians. Through you therefore, we ask the whole of Anglo-India to help us in any manner you may consider best, to end the unfortunate situation.

Owing to the almost unbearable severity of the struggle, many have succumbed. But the heroic band still continues to court imprisonment again and again. They are determined to fight unto death. The Transvaal gaols contain, at the time of addressing this appeal nearly 200 Indian conscientious objectors. The Government have, for the purpose evidently of gagging us, arrested five such objectors, who were chosen as delegates to proceed to India and England. We pray for relief.

# A short Note on the Modern Conception of Education.

Man does not live by bread alone. He has certain higher necessities which must be provided for before he can rightly take his place at the head of the animate world. His physical wants in common with those of the lower animals, though of course of the first consideration, are, strictly speaking, few and capable of being easily supplied. It is his mental and spiritual cravings that differentiate him from the inferior types, and the greater these are stimulated and properly satisfied in any particular individual, community or nation, the higher that individual, community, or nation may be said to have mounted in the scale of civilization. In other words, physical, intellectual, moral and spiritual culture form the great keystones to arch of a perfect manhood; nay they have been held to constitute the very summum bonum of human existence.

Now the question naturally arises – how best to awaken and satisfy these cravings which are in a more or less degree innate in mankind. The answer undoubtedly is–by education. Judged from this standpoint, the test of all true education must be their adaptability to the realization of an all-round manhood by the simultaneous development of the physical, the intellectual, the moral and the spiritual sides of human nature. In any proper scheme of education, therefore, physical, intellectual and moral culture should each have its due place, and should be harmoniously blended together so as not to trench upon the legitimate province of one another. This is the modern conception, briefly put, of what education ought to aim at.

So far as I am aware, Prof. Blackie is one of the best exponents of the modern ideal of education. In his excellent book on Self–Culture, he has brought out a system of education, finished and admirably balanced in all its parts. I would venture to advise my English-knowing readers to read that book attentively. They would find in it much that would advance their horizon of ideas, broaden their views and make them realize the latent possibilities of man in the realms of the mind and the spirit.

Ajimganj, 28-7-09.          Kumar Sing Nahar B. A.

# ધાર્મીક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે માણેકચોકમાં આવેલા શ્રી મહાવીર સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા, શેઠ છોટાલાલ સાકરચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી સં. ૧૯૬૩ ના આશો વદ ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં, સદરહુ દેરાસરજીમાં ઉપજ નહી જેવી આવેછે. તેમ કેસર સુખડ વીગેરે સહુ સહુના ઘેરથી વાપરે છે; હીસાબ ચોખ્ખો રાખી અમોને જોવા માગતાં તુરત દેખડાવી આપ્યો છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામા આવ્યું છે. માટે આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે. * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે ખારવાડા મધ્યે આવેલા શ્રી અનંતનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ ઝવેરચંદ વખતચંદના હસ્તકનો હીસાબ અમોએ સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૪ ના અશાડ વદ ૧૨ સુધીનો તપાસ્યો; તે જોતાં દેરાસરજીમાં ઉપજ નહી જેવી છે. વહીવટકર્ત્તાએ પ્રથમ હીસાબ દેખડાવવા આનાકાની કરી પણ પાછળથી હીસાબ દેખાડી દીધો છે. તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે. * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે ગીપટીમાં આવેલા શ્રી મહાવીર સ્વામીજી મહારાજ તથા શ્રી અજીતનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ ગુલાબચંદ કાળીદાસ તથા શેઠ મોતીચંદ કશળચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી સં. ૧૯૬૪ ના અશાડ વદ ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામુ ગુંચવણ ભરેલું સાદીરીતે રાખ્યું છે. પણ દાગીના વીગેરેનો તોલસાથે ચોક્સ નોંધ રાખેલો છે, અને અમોએ માગણી કરતાં તુરત હીસાબ દેખડાવી દીધો છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. માટે આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે. * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) આળીપાડા મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજ તથા શ્રી સુપાર્શ્વસ્વામી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો **રીપોર્ટ.**

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ બકોરદાસ પીતામ્બરદાસના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૩ ના આશો વદ ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ વહીવટકર્ત્તાએ પૂર્ણ લાગણીથી દહેરાસરજીની અંદર તન મનથી કામ કરી કેટલોક સુધારો કરવામાં આવેલ જોવામાં આવે છે. વહીવટકર્ત્તા પોતે ઘણા કામના બોજાને લીધે હીસાબ લખવાનું કામ પોતાથી નહી બનવાથી બીજા ગૃહસ્થને લખવા સોંપેલ છે. તેથી નામું રીતસર લખ્યું નથી. તોપણ સદરહુ વહીવટકર્ત્તાએ પુરતી દેખરેખ રાખી હીસાબ ચોખ્ખો રાખ્યો છે. તથા સદરહુ વહીવટકર્ત્તા પાસે સદરહુ દહેરાસરજીનો હીસાબ તપાસવાની માગણી કરતાં તુરતજ તેમણે બતલાવી દીધો છે. એટલુંજ નહી પણ બીજા ઘણાક દહેરાસરોના હીસાબો અમોને દેખાડવા માટે પુરતી મદદ કરી છે. તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.　　*　　*　　*

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે માટે આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

જીલ્લે ખેડા તાબે સ્થંભતીર્થ (ખંભાત) જીરાળા પાડા મધ્યે આવેલા શ્રી મનમોહન પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો **રીપોર્ટ.**

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ કસ્તુરચંદ મલુકચંદના હસ્તકનો સં० ૧૯૬૪ ના શ્રાવણ વદ ०)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં સદરહુ વહીવટકર્ત્તાએ દહેરાસરજીનું નામું બીલકુલ રાખ્યું નથી. તેથી રીતસર નામું રાખી ચોપડામાં દરેક ચીજની નોંધ રાખવા સુચવ્યું છે. તેઓ દહેરાસરજીમાં પુરતી દેખરેખ રાખી કામ ચોખ્ખી રીતે કરે છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતાને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે માટે આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.　*　　*　　*

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતિર્થ (ખંભાત) માંડવીની પોળ મધ્યે આવેલા શ્રી કુંથુનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ દીપચંદ પાનાચંદ માસ્તરના હસ્તકનો સં० ૧૯૫૯ થી સં० ૧૯૬૪ ના શ્રાવણ વદ ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં દહેરાસરજીમાં ઉપજ ખર્ચ નહી જેવાં છે. સદરહુ વહીવટકર્ત્તા ધર્મિષ્ટતા તથા કોમ ઉપર લાગણી ધરાવતા હોવાથી જીર્ણ ઉદ્ધાર વીગેરેનો કેટલોએક ખર્ચ પદરથી કરી દહેરાસરજીની સારસંભાળ સારી રીતે રાખે છે તેમજ જૈન કોમના ઉદયને માટે કેટલોક પ્રયત્ન કર્યા કરે છે. તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી, તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.　　*　　*　　*

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) ખારવાડા મધ્યે આવેલા શ્રી સુખસાગર પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ. છોટાલાલ કાળીદાસના હસ્તકનો સં. ૧૯૬૧થી સં. ૧૯૬૪ના શ્રાવણ વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં સદરહુ વહીવટ કર્તાએ હીસાબ ચોખ્ખો રાખી અમોએ માગણી કરતાં તુરત દેખાડવી દીધો છે. તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે આવેલા ગંધકવાડામાં શ્રી શાન્તનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ સુખલાલ ખુબચંદના હસ્તકનો સં. ૧૯૫૯થી સં. ૧૯૬૪ના અશાડ વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ કર્તાએ હીસાબ ચોખ્ખો રાખી નામું તૈયાર રાખેલું છે. આ દહેરાસરજી એક ઘર દહેરાસરજી તરીકે છે. તેમાં લાંબો ઉપજ ખર્ચ પણ નથી. વહીવટ કર્તા પાસે હીસાબની માગણી કરતાં તુરત દેખડાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ. આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે આવેલી ચોકશીની પોળમાં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ખુબચંદ અનોપચંદના હસ્તકનો સં. ૧૯૬૧થી સં. ૧૯૬૩ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં સદરહુ દહેરાસરજીનું કેશર, સુખડ વીગેરે સર્વે ખર્ચ વહીવટ કર્તા પોતાના ઘેરથી કરે છે તથા પુજન હાથોહાથ કરે છે. દહેરાસરજીમાં એક કરો જીર્ણ થએલ છે પણ હાલમાં કંઇ મીલકત નહી હોવાથી કામ અધુરું છે. દહેરાસરજીમાં લાંબી આવકની જોવામાં આવતી નથી. વહીવટ કર્તાએ નામું ચોકસ રાખી હીસાબની માગણી કરતાં તરત દેખડાવી આપ્યો છે, તેથી તેમનો આભાર માનીએં છીએ.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે આવેલી ચોકશીની પોળમાં શ્રી વિમળનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા મોકશી છોટાલાલ ભુરાભાઇના હસ્તકનો સં. ૧૯૬૩ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું બીલકુલ રાખવામાં આવ્યું નથી. તેમજ હીસાબ તપાસવાની માગણી કરતાં પ્રથમ કેટલીક આનાકાની કરેલી, પરંતુ પાછળથી હીસાબ બતાવી દીધો છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

*　　*　　*

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલા કડાકોટડીના પાડામાં શ્રી સુમતિનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ મોહનલાલ વખતચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી સં. ૧૯૬૪ ના શ્રાવણ શુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં હીસાબ ચોખી રીતે રાખ્યો છે, અને અમોએ માગણી કરતાં તુરત દેખડાવી દીધો છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

દેરાસરમાં કાંઇ લાંબી ઉપજ જોવામાં આવતી નથી. અને જીર્ણોદ્ધારનું કેટલુંક કામ કર્યાવગર ચાલે તેવું નથી. તે સંબંધમાં સાંભળવા પ્રમાણે મુંબાઇ નિવાસી સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદ મોતીચંદે આ દેરાસર પોતાના વડીલોનું બંધાવેલ હોવાને લીધે કેટલીક મદદ આપવાને જણાવેલ છે. તે વાત ખરી હોય તો સદરહુ શેઠજી સાહેબને અરજ કરીએ છીએ કે જેમ બને તેમ તાકીદે જીર્ણોદ્ધાર કરાવવા તરફ લક્ષ આપશો.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

લી૦ શ્રી સંઘનો સેવક.
**ચુનીલાલ નાહાનચંદ**
ઓનરરી ઓડીટર શ્રી જૈ. શ્વે. કો.

---

શ્રી જૈન વિદ્યા ઉદ્યોગ વર્ધક મંડળ તરફથી ચાલતી કોમર્શીઅલ સ્કુલના નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ નેશનલ યુનીઅન ઓફ ટીચર્સની જુદી જુદી પરીક્ષાઓમાં પાસ થયા છે. બુક કીપીંગ—મગનલાલ જેચંદ ધ્રુવ, વેલજી લાલજી વોરા, મોહનલાલ પુરશોતમ શાહ, દલીચંદ હકમચંદ મ્હેતા, ઝવેરીલાલ માણેકચંદ ઘડીયાળી, અને ચુનીલાલ ગાંડાલાલ કાપડીયા. હેન્ડરાઇટીંગ વેલજી લાલજી વોરા, અને મોહનલાલ પુરશોતમદાસ, શોર્ટ હેન્ડ વ્રજલાલ ભીમજી રૂપાણી.

# શ્રી ગિરનારજી સંબંધી બાહ્યબંધ પત્રકારોના અભિપ્રાય.

## JAINS IN SEARCH OF JUSTICE.

The British Government is very properly loath to interfere with the internal affairs of Native States, but occasional friendly advice is not only proper but necessary. If there is one direction more than another in which the States err it is in the administration of Justice. We admit that grave difficulties surround those trusted with dispensing the law, and in cases affecting the State itself it is almost impossible for litigants. A particularly flagrant case has been brought to our notice. The Jain community complain that their rights in respect of the Girnar Hill in the Junagadh State have been seriously infringed. The hill is one of the holy places of the Jains, and their right and title to the hill date back to time immemorial. There is documentary evidence dating as far back as A. D. 421. The Junagadh State has questioned this right, and the Jains have been called upon to show their right and title in the local courts. With the merits of the case we have for the moment no concern. The matter is *sub judice*, and we are prepared to pay the same respect to the Nawab's judicial system as would be enforced in the case of a British court. The Jains themselves make no complaint on the score that their title to the possession of the hill has been called in question; but having undertaken to establish their right before a judicial tribunal they demand that the case should have a fair trial, and that pending the decision, their rights should not be infringed or their case wilfully prejudiced.

The facts laid before us indicate that there is a very small chance of a fair decision issuing from the Nawab's Court and that its actions cannot be freed from the fact that the State itself is the defendant in the case. A suit was filed in the Rajprakarni Court, on the 19th December, 1907, and at

the same time the Jains applied for an *interim* order prohibiting the Darbar from doing certain acts pending the result of the suit. The Court held that the State, as the ruler, had a superior right, and refused the injunction: a finding which was based on no real evidence and which is tantamount to a premature decision on the whole question. The State's right could not possibly have been prejudiced by the injunction sought for, but the plaintiff's case is prematurely disposed of. The plaintiffs petitioned Mr. C. H. A. Hill, I. C. S. Agent to the Governor, to advise the Darbar to await the result of the Girnar case and refrain from any action on the hill. Mr. Hill did not see his way to intervening in the case, and doubtless his attitude was scrupulously correct. The Rajprakarni Court on the Ist January, 1908, gave the defending State till the 19th March of the same year to file a reply to the plaint. This certainly appears to be ample time for the State Vakil to prepare his case. Various postponements have, however, been applied for and granted. The last was fixed for the 16th August of the present month for the filing of the necessary document. So far as we have been able to learn the reply has not been forthcoming. The hearing of the case is fixed for the 2Ist instant, and although application has been made to allow a Bombay barrister to appear before the Rajprakarni Court on behalf of the plaintiffs, up to this no answer has been received.

Twenty months have passed without the slightest move being made in the case by the Court, and during the whole of this time the State has exercised on the Girnar Hill, what it claims to be its rights, doing irreparable acts and seriously prejudicing the claims of the Jain community. As we have already stated we have no desire to enter into the merits of the question of rights or the ability of the plaintiffs to maintain their contention. But, assuming the accuracy of the facts we have set out, which are borne out by documentary evidence, we have no hesitation in saying that the Rajprakarni Court is not approaching the enquiry with an open mind, and that the

delays it has sanctioned, whist tolerating the acts of the defendant State, fairly indicate that it is affected by the status of one of the parties to the cause. We fully recognize the difficulties the Jains labour under in having to establish their claim in the Darbari Court but the action of the latter in refusing the injunction and permitting the delay in the proceedings is without even an outward semblance of justice, and it is fair to infer that the State intends to exercise arbitrary powers over the Girnar Hill, unless it is seriously reminded of its responsibilities.

*The Advocate of India.* 18-8-09.

## THE JAINS AND THE JUNAGADH STATE.

We understand from the *Advocate of India* that our Jain brethren urge forward a serious grievance in the matter of their rights as against the Junagadh State authorities with reference to the Girnar Hill which is within the jurisdiction of that State. The Girnar Hill is considered a holy place by the Jains, and their right and title to that hill are alleged to date from very ancient times, and there is documentary evidence more than fifteen centuries old to support them. It appears that this right of the Jains was questioned by the State authorities, and the opposite party called upon to prove it in a Judicial Court. So far this is alright, but we gather that the Jains demand that pending the decision of the Court the rights urged by them with respect to the Hill in question should be properly respected and should not be infringed in any way. The history of the case as published by our contemporary shows that a suit was filed by the Jains in December 1907 in the Junagadh Court in connection with the Hill. They also applied for an *interim* order prohibiting the State from doing certain acts pending the disposal of the suit. The Court, however, refused to give the injunction order as prayed for by the Jains, because it held that the opponent as the Ruler had superior right. The Jains appealed in this connection to the Agent to the Governor at Rajkot, but that officer in ac-

cordance with the policy of non-intervention generally followed by the British Government declined to interfere in the matter. The State court in which the Jains had filed their suit gave on the Ist January I908 time to the defendant till I9th March of the same year to file a reply to the plaint But the State instead of filing the reply obtained postponement from time to time. The last postponement was fixed for the I6th instant, and it is said that no reply to the plaint has been so far filed. The hearing of the case that has been pending for more than a year and a half was to come off yesterday, and the Jains are very naturally anxiously awaiting to learn the result thereof.

We have given above in brief the account in connection with this deplorable affair as is published by our Anglo-Indian contemporary. The case being *sub judice* we are precluded from discussing its merits lest we might unconsciously do injustice either to one party or the other. Judging, however, from what has been brought to light it is evident that the State court is not proceeding in the way a Judicial court ought to. Nearly twenty months have passed since the Jains filed their plaint, but strange as it may seem, precious little has been done by the court during this long period, while the State has all this while been exercising its rights over the Girnar Hill in spite of such rights being seriously disputed by the opponents in a law court. It is certainly difficult to conceive what the State would have lost if the injunction prayed for by the Jains had been granted. The way in which the court has been doing its work in this case is likely to leave an impression on every unbiassed mind that it is not approaching the inquiry with an open mind. The state is evidently in no hurry to have this vexed question finally decided, for it is entirely unfettered in its acts with respect to the hill. The conduct of the court throughout this case has been open to objection, and the Jains have obviously to fight against odds. Let us, however, wait for the result of the hearing of the case which was to come off yesterday.

*Praja Bandhu*—22-8-09.

# જૈનો અને જુનાગઢ સ્ટેટ વચ્ચે ઉઠેલો વાંધો.

## શ્રી ગિરનારજી તીર્થના સંબંધમાં ઉભો થયલો મુકદમો.

### શ્વેતાંબરી શ્રાવકોના હકને લગતી તકરાર.

### જુનાગઢની રાજપ્રકરણી કોર્ટ હજુર ચાલતી તપાસ.

(અમારા ખબરપત્રી તરફથી.)

જુનાગઢ તા૦ ૧૦ મી ઑગસ્ટ ૧૯૦૯

શ્રી ગિરનારજીના પવિત્ર જૈન તીર્થના સંબંધમાં જૈનો અને જુનાગઢ સ્ટેટ વચ્ચે વાંધો ઉઠયો છે. એ તીર્થના શ્વેતાંબરી શ્રાવકોના હકને લગતી તકરાર ઉભી થઇ છે અને તેને લગતો મુકદમો અત્રેની રાજપ્રકરણી કોર્ટ હજુર મંડાયો છે, જેની તપાસ શરૂ થઇ છે. આ મુકદમો નોંધાવવામાં આવ્યો, તે વખતે જે સ્થીતી તીર્થના મકાન વગેરેની છે, તે કાયમ રહેતાં નવીન નહીં કરવાની મતલબના મનાઇ હુકમો આપવામાં આવ્યા નથી. જૈનોએ માગણી કરી હતી, પણ તે મનાઇ હુકમો આપવામાં આવ્યા નથી. જૈનોએ એવી ફરીયાદ રજુ કરી છે કે, અમારી ધર્મશાળા કે જે નેમીશ્વર ભગવાનના કોટને લગતી અને નવા કુંડની દક્ષીણ દીશાએ છે, તે તદન પાયેથી માંડીને અમોએ ચણાવી છે. તે ધર્મશાળા જુનાગઢ સ્ટેટ તરફથી તેની સ્થાનીક તપાસ કોર્ટને નહીં કરવા દેવાના કે બીજા કારણથી ફરજીઆત પડાવી નાંખવામાં આવી છે.

### જૈનો તરફના પુરાવા.

જૈનો તરફના પુરાવાઓ નીચે મુજબ છે.

૧ સદરહુ ધર્મશાળા હમારા કીલ્લાની અંદર આવેલી છે.

૨ તે ધર્મશાળા બંધાવ્યાને લગભગ આશરે સવાસો વરસ થયાં છે અને તે બાબત થયેલા ખર્ચનું નામું છે.

૩ તે પછી જ્યારે જ્યારે જરૂર દેખાઇ છે તે વખતે તેનું રીપેરીંગ કરાવવામાં આવ્યું છે.

૪ સદરહુ ધર્મશાળાના આગલના ભાગમાં હમોએ એક નવો કુંડ કરાવેલો છે. તે કુંડ કરવામાં આવ્યો ત્યારે આ ધર્મશાળાની આગળ દીવાલ કરી, આડ કરી લેવામાં આવી છે.

૫ સદરહુ ધર્મશાળાની ચતુઃસીમા નીચે મુજબ છે.

- ૧ દક્ષીણે નેમનાથજી મહારાજના ભમતીના ગઢની રાંગ છે.
- ૨ પશ્ચીમે અદબદનાથજીની ટુંકની ભીંત છે.
- ૩ ઉતરે પડતર જમીન—તે બાદ સોનીવાળી ટુંકની ભીંત અને નવો કુંડ છે.
- ૪ પુર્વ તરફ સદરહુ ધર્મશાળાનો ચોક તથા તે તરફની દીવાલ ચણી તેમાં બાર મુકાવ્યું તથા પગથીયાં બાંધી ચોક કરાવ્યો.

### રાજ પ્રકરણી કોર્ટને અરજી.

ઉપર પ્રમાણે ધર્મશાળા સંબંધી પ્રત્યક્ષ પુરાવો હોવાથી તે નહી પાડવા માટે નીચેના કારણો બતાવી રાજ્ય પ્રકરણી કોર્ટને તા૦ ૩૦ મી માહે મે સને ૧૯૦૯ ને દીને અરજી કરવામાં આવી હતીઃ—

૧ આ ધર્મશાળા હમારા કોટની અંદર આવેલી છે વીગેરે.

૨ હાલના દાવામાં તેનો સમાવેશ થઇ જાય છે.

૩ દાવાનો છેવટ નીકાલ થતાં સુધી સદરહુ ધર્મશાળા પડાવવાનું કામ બંધ રખાવવા મનાઈ હુકમની માંગણી નીચેના કારણોથી કરવામાં આવી છે.

૧ સદરહુ ધર્મશાળા હમારી માલીકીની છે.

૨ સદરહુ ધર્મશાળા જુના વખતથી છે અને તેનો ઉતરોતર જીર્ણોધ્ધાર તથા સમારકામ હમે કરાવેલું છે.

૩ દાવાનું છેવટ થતાં સુધી જે સ્થીતી છે તે કાયમ રહેવી જોઇએ. કાંઇ પણ ફેરફાર કરવો નહીં જોઇએ.

૪ સદરહુ મકાન પાડી નાંખવાથી અને સ્થીતીમાં ફેરફાર કરવાથી સ્થાનીક પુરાવાનો નાશ થાય છે તેથી હમને પુરેપુરૂં નુકશાન છે.

૫ ઉપર પ્રમાણે દરમીયાન મનાઇ હુકમ આપવાથી સંસ્થાનને નુકશાન નથી તેમ અગવડ આવે તેમ નથી પણ મનાઈ હુકમ નહીં આપવામાં આવે તો હમારા હકને નુકશાન છે. અરસપરસની સગવડતા તથા લાભાલાભનો વીચાર કરતાં પણ દરમ્યાન મનાઈ હુકમ આપવાની જરૂર છે. આ બાબતનો પુરાવો દાવા અરજી સાથે રજુ રાખેલો છે તથા તે સીવાય બીજો પુરાવો પણ આપવા હક રાખીએ છીએ માટે અરજ કે

૧ આ અરજીનો નીકાલ થતાં સુધી સદરહુ મકાન પાડી નાખવાનું કામ તુરત બંધ કરાવવું.

૨ આ કામ માટે સુનાવણીની વહેલી એક તારીખ મુકરર કરી બંને પક્ષની હકીકત તથા દલીલ સાંભળીને મકાન પાડવાનું કામ બંધ કરવા દરમ્યાન હુકમ આપશો.

સદરહુ અરજી ઉપર નંબર $\frac{૨}{૯}$ ચઢાવી દાખલ કરી સરકારી વકીલનો જવાબ માંગ્યો પણ ધર્મશાળા નહી તોડવાનો મનાઇ હુકમ આપવામાં આવ્યો નહી હતો.

## જૈનોની બીજી અરજી.

જૈનોએ ફરી તા૦ ૨–૬–૧૯૦૯ ના રોજ એક અરજી આપી કે સદરહુ ધર્મશાળા સરકાર શ્રી તરફથી પડાવી નાખવામાં આવે છે માટે અમારી અરજીનો નીકાલ થતા સુધી ધર્મશાળા તોડવાનું કામ હાલ તરત બંધ રાખવું જોઇએ તથા સ્થિતીમાં ફેરફાર થવો નહી જોઇએ.

ઉપલી અરજી નીચે બીજે દીને એવો હુકમ કર્યો કે–

આ બાબતમાં રા૦ રા૦ સરકારી વકીલનો જવાબ માગ્યો છે. દરમ્યાન તાત્કાલીક હુકમ શા માટે આપવો તેનો જવાબ દેવા તા૦ ૬–૬–૧૯૦૯ ની તારીખ મુકરર કરવી.

૫ એ પ્રમાણે અરજીઓ કર્યા છતાં તથા હકીકત બતાવ્યા છતાં મનાઈ હુકમ આપવામાં આવ્યો નહી હતો.

## સરકારી વકીલનો જવાબ.

તા૦ ૬ જુનનો નંબર ૯૦૯નો સરકારી વકીલનો જવાબ નીચેની મતલબનો રજુ થયો છેઃ—

અરજદાર જે ધર્મશાળા કહે છે તે રાહ ખેંગારના મહેલની સામે રાહ ખેંગારની ઘોડારને નામે ઓળખાતું મકાન છે. લાંબી મુદતથી તે મકાન સંસ્થાનના કબજા ભોગવટામાં છે અને

તે પૈકીનો અમુક ભાગ પડી જતાં તથા અમુક ભાગ ખલભલી જતાં મકાનમાં રહેતા સરકારી માણસોને અને જાનવરોને જરા પોહોચે તેવી સ્થીતી જણાતાં મકાનને ગીરાવી નાખવામાં આવે છે એવું જાહેર થયું છે.

આ પ્રમાણે સરકાર શ્રીના કબજા ભોગવટાના આ મકાન સંબંધે ઉપરની હકીકતે ફેરફાર કરવામાં આવે છે તે બાબતમાં વાંધો લેવા અરજદારને કંઇ પણ કારણ નથી."

## સ્થાનીક તપાસ.

સદરહુ જવાબ રજુ થવા ઉપરથી તા૰ ૬–૬–૧૯૦૯ ના રોજ રજુવાત થતાં સ્થાનીક ચોકસી કરવા ઠરતાં તે માટે તા૰ ૮–૬–૧૯૦૯ ની તારીખ મુકરર કરવામાં આવી. પણ સ્ટેટ તરફથી તે કામ શરૂ કરાવી તા૰ ૮–૬–૧૯૦૯ ના રોજ ધર્મશાળાનું મકાન તમામ પડાવી નાંખ્યું. સ્થાનીક તપાસ કરવાની તારીખ ૮–૬–૦૯ ની હતી, પણ તે તારીખે તપાસ કરવામાં નહીં આવતાં તા૰ ૯ મી જુનના રોજ તપાસ શરૂ થઇ હતી.

## રાજ પ્રકરણી કોર્ટનો હુકમ.

એ પ્રમાણે સદરહુ ધર્મશાળા સ્ટેટ તરફથી પડાવી નાંખ્યા પછી સ્થાનીક ચોકસી કરી અને તેના સંબંધમાં રાજ્ય પ્રકરણી કોર્ટે નીચે પ્રમાણે હુકમ કર્યો હતો:–

"વાદીએ આ કામમાં બે માગણીઓ કરી છે:–

૧ આ અરજીનો નીકાલ થતા સુધી જીકરવાળું મકાન પાડી નાંખવાનું કામ તુરત બંધ કરાવવાની.

૨ સદરહુ મકાન પાડવાનું કામ બંધ કરવા દરમીયાન હુકમ આપવાની.

જીકરવાળા મકાનની સ્થાનીક તપાસ કરવા અદાલતનું પક્ષકારો સાથે મુકામ ગીરનાર ઉપર થયું તે વખતે જીકરવાલું મકાન સંસ્થાન તરફથી પાયેથી ગીરાવી નાંખેલું માલમ પડયું છે જે સંબંધી રોજ કામ આ કામમાં છે.

આ પ્રમાણે જ્યારે જીકરવાલું મકાન પાયેથી ગીરાવી નાંખ્યું છે તો પછી તે મકાન ગીરાવી નાખવાનું કામ બંધ રાખવાના દરમીયાન હુકમ માટેની માંગણીની આ અરજી સંબંધે કાંઇ કરવાપણું રહેતું નથી. આ અરજીમાં જીકરવાલું મકાન પાડવું બંધ કરવાની માગણી શીવાય બીજી કાંઇ માગણી છે નહીં તો પછી આ અરજી સંબંધે આગળ તજવીજ કરવાની રહેતી નથી, જેથી આ કામ ફેસલમાં કાઢવું."

## રાજ પ્રકરણી કોર્ટની તપાસ.

રાજ પ્રકરણી કોર્ટ હજુર ચાલેલી તપાસને લગતો સતાવાર હેવાલ નીચે મુજબ છે:–

ડાક્ટર ત્રીભોવનદાસના કુંડ ઉપરની ધર્મશાળા નહીં પાડવા બાબત પ. અ. નાં. ૩૪/૬૫ નું કામ ચાલે છે. દરમીયાન શ્રાવકના કારખાનાવાળાએ તા૰ ૨–૬–૯ ને રોજ તે સંબંધમાં તાત્કાધિક મનાઇ હુકમ મળવા બાબતની અરજી રજુ કરતાં તે ઉપરથી થયેલ, સ્થાનીક તપાસને અંતે રોજકામ તા૰ ૯–૬–૯ ના ની નકલ.

રોજકામ–તા૰ ૯–૬–૦૯ મુકામ ગીરનાર.

વાદી તરફથી પ. અ. નાં. ૩૪/૬૫ મે એવી માંગણી થઈ છે કે ગીરનારે ઉપર ડાક્ટર ત્રીભુવનદાસવાળા કુંડની નજીક ધર્મશાળા છે તે અમારી છે. તે સરકાર શ્રી તરફથી ગીરાવી નાંખવામાં આવે છે., પણ તે શ. પ્ર. મુ. નાં. ૧૭/૬૪ ના દાવાનો વિષય છે. જેથી

તેમાં કાંઇ ફેરફાર થવો જોઇએ નહી. આ હકીકત જાહેર કરી તે મતલબનો મનાઇ હુકમ વાદીએ માગ્યો છે, અને તે હુકમ દેતાં સુધીમાં આ ધર્મશાળા પાડવા સંબંધી આગળ પ્રવૃત્તી સરકાર ન કરે તેવો તાત્કાલીક હુકમ આપવા તારીખ ૨-૬-૯ ની અરજીથી વાદીએ માંગ્યું છે.

આ સંબંધમાં રા. રા. સરકારી વકીલ ના. ૯૦૯' તારીખ ૬-૬-૯ ની યાદીથી જવાબ રજુ કર્યો છે જેમાં તેઓ જણાવે છે કે, વાદગ્રસ્ત મકાન ધર્મશાળા નથી. પણ તે રાખેંગારની ઘોડાર નામે ઓળખાય છે, અને સંસ્થાનની માલીકી તથા કબજાનું તે મકાન છે, જેથી વાદીને તે સંબંધે કાંઇ હુકમ માગવા હક કે અવકાશ નથી.

વાદીના વકીલ મી૦ નાનાલાલને આ જવાબ બતાવતાં તેમણે સ્થળ ઉપર જઇને સ્થાનીક તપાસ કરવા માંગણી કરી જે મંજુર કરી ગીરનાર ઉપર આજે આવી રા. રા. સરકારી વકીલ તથા રા. ડુંગર નાયબ તેહેસીલદાર લીલાધર કેશવજી અને વાદી વકીલ મી૦ નાનાલાલ તથા કારખાનાના માણસ જેચંદ વીરચંદ સમક્ષ સ્થાનીક તપાસ કરી; તો નીચે પ્રમાણે હકીકત માલુમ પડી.

જીકરવાળું મકાન ખુદાવીંદ સરકાર શ્રી તરફથી પાયેથી ગીરાવી નાંખ્યું છે અને ઇમલાનો કાંઈ પણ ભાગ ઉભો નથી. માત્ર તે સ્થળે પથરો પડયા છે. આ હકીકતે જીકરવાળા મકાનની સ્થીતી સંબંધે કાંઇ સ્થાનીક તપાસ કરવાપણું રહ્યું નથી.

રા. રા. વકીલ જણાવે છે કે—આ મકાનનો કેટલોક ભાગ પડી ગયો હતો અને બાકીનો ભાગ પડી જવાથી માણસ તથા જનાવરને જફા લાગવા ભય હતો. તેથી આ મકાન પાડી નાંખવામાં આવ્યું છે અને તે સરકારી મકાન હોઇ વાદીને તે સંબંધે કાંઇ કહેવાપણું નથી. સ્થાનીક તપાસ પુરતો અમારે એટલોજ નોંધ લેવાનો છે કે સ્થળ ઉપર કાંઇ ઇમલો નથી. માત્ર પાડી નાંખેલ મકાનની લંબાઇ, પહોળાઇ તથા ઉંચાઈનું માપ કરતાં નીચે પ્રમાણે થયું છે.

લાંબુ આશરે ફુટ ૭૩, પોહોળું આશરે ફુટ ૧૫, ઉંચું આશરે ફુટ ૧૫.

પાયા ઉપર પથરો હોવાથી ચોક્સ માપ લેવાયું નથી. આ મકાનને તેર કમાન અને વીશ ઘુમટ હોવાનું વાદી તરફથી કહેવામાં આવે છે. અમે સ્થળ ઉપર જોયું તો સાત કમાનનાં બીન્હ નેમનાથજીની ભમતીની પછીતની ભીંત ઉપર છે. નેમનાથજીની ભમતીની પછીતની ભીંતમાં બે બહાર નીકળતા કાંતા છે જે પ્રથમ ખાળ હતા એમ વાદી વકીલ કહે છે પણ અમે મંદીરની અંદર જઇ તથા ભમતીમાં જઇ તપાસ કરી તો તેનો કાંઇ સળંગ સંબંધ જણાયો નથી.

વાદી કહે છે કે ભમતીની દીવાલમાં તે ચણાઇ ગયા છે. ગમે તેમ પણ હાલ તે ખાલીયા નથી. તે પથરમાં ખાલની આકૃતીની નહેર છે. સરકાર શ્રી તરફથી કહેવામાં આવે છે કે તે ખાળીયા નથી, પણ કાંતા છે. નેમનાથની ભમતીની પછીતની ભીંતે એક બાકોરૂં છે અને તેમાંથી નેમનાથની ભમતીમાંનું પાણી પડે છે. અમે પાણી નંખાવી જોયું તો મંદીરમાંથી સળંગ સંબંધ જણાયો છે.

આ મકાનને સરકાર શ્રી તરફથી રાખેંગારની ઘોડાહાર કહેવામાં આવે છે. અને વાદી તરફથી તેને ધર્મશાળાનું નામ શું તે તેમને પુછતાં મી૦ નાનાલાલ જણાવે છે કે તેમને હાલ ખબર નથી. પણ ચાર દિવસમાં જાહેર કરશું તા. સદર.

(સહી) **મણીલાલ કેશવલાલ.**
રા. પ્ર. કો. જજ.
અખબારે સોદાગર, તા૦ ૧૪-૮-૯

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૩)—ધાર્મિક શિક્ષણથી કાંઇ અહિત છે?

પ્રશ્ન ૧ લામાં ટાંકેલ દલીલો સત્ય ધર્મ શિક્ષણની પદ્ધતિનું તથા ક્રમનું નિરૂપણ કરવામાં સાવચેત રહેવા સૂચવે છે, ધર્મ શિક્ષણ નજ આપવું એમ સૂચવતી નથી: એટલે શિક્ષણના બાધક તરીકે તેમાં કાંઇ બલ નથી. બાકી સ્વયંભૂતા (spontaneity) ઉપર આધાર રાખી બેશી રહીએ તો તો કોઇ પણ વિષય ઉપર બોધ અપાયજ નહિ. સત્ય ધર્મ શિક્ષણથી રાષ્ટ્રીય ભાવના વધશે-ઘટશે નહિ; બાકી મિથ્યા સાંપ્રદાયિક શિક્ષણથી લાભ નથી. ધર્મ શિક્ષણ એકતા અને સ્નેહનું વર્ધક તો હોવુંજ જોઇએ.

ધર્મનીતિનું શિક્ષણ સારી રીતે ન અપાય તો દુર્દશા પ્રાપ્ત થાય ખરી, પરન્તુ શિક્ષણક્રમનો ને શિક્ષણપ્રકારનો દોષ તે શિક્ષણનો પોતાનો દોષ નથી. ધર્મનીતિના યોગ્ય શિક્ષણથી બંદોબસ્ત-નિયંત્રણ-નું કામ સરળ થશે. બંદોબસ્ત એકલો બસ નથી.

**ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા, બી. એ.**

ધર્મનીતિનું ખાસ શિક્ષણ નહિ આપતાં, માત્ર નિયંત્રણ રાખવાની પદ્ધતિએ શિક્ષણ આપતાં, અત્યારની સ્થિતિ આવી છે. જો આ સ્થિતિમાં ફેરફાર કરવાની જરૂર ન જણાય તો માત્ર નિયંત્રણ રાખવાની પદ્ધતિ યોગ્ય ગણાય; નહિ તો ફળમાં ફેરફાર કરવા માટે કારણમાં પણ ફેરફાર કરવો પડશે જ.

**મગનભાઈ ચતુરભાઇ પટેલ, બી. એ., એલ્‌એલ્. બી.**

શિક્ષણ અને નિયંત્રણ બન્નેની અતિ આવશ્યકતા છે. નિયંત્રણ વગરનું શિક્ષણ કેટલીક વખત પોથીમાંના રીંગણાં જેવું નીવડે છે; ત્યારે શિક્ષણ વગરનું નિયંત્રણ કેટલીક સારી વ્યાવહારિક ટેવો પાડે છે, પરંતુ આંતરવૃતિઓનો વિકાસ કરી શકતું નથી.

ધર્મનીતિના શિક્ષણથી વિદ્યાર્થીની ધર્મનીતિની વૃતિઓ કેવી રીતે શિથિલ થઇ જાય છે તે વાત મનમાં ઉતરતી નથી. મ્હારી એવી પાકી સમજ છે કે તે વૃતિઓ ધર્મના શિક્ષણથી ઉલટી વધારે સુદ્રઢ બને છે. જેમ શરીરને કસવાથી તે મજબુત થાય છે, જેમ બુદ્ધિને યોગ્ય તાલીમ આપવાથી તે વધારે તીવ્ર બને છે, તેમ આપણામાં રહેલા ધર્મ અને નીતિના અંકુરોને યોગ્ય શિક્ષણ આપવાથી તેમનો વિકાસ થાય છે એ વાત નિઃસંદેહ અને ઝટ ગળે ઉતરે એવી છે.

ધર્મના શિક્ષણથી સ્વાભાવિક ઉમળકો વિદ્યાર્થીના મનમાં થતો નથી એ વાત પણ મનાતી નથી. કારણ કે મનુષ્ય સ્વભાવમાં ધર્મભાવનાનું બી દ્રઢ રોપાયલું છે. મનુષ્યમાં અને અન્ય પ્રાણીમાં મુખ્ય તફાવત આ જ છે. હવે, આ ધર્મભાવનાના બીને શિક્ષણરૂપી જલથી સીંચીએ તો સુન્દર વૃક્ષ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. આ ધર્મભાવનાની વૃદ્ધિ કુદ્રતથી કેટલેક અંશે થાય છે, પરંતુ કુદ્રત અને મનુષ્ય પ્રયત્ન એક દિશામાં કામ કરે ત્યારે ફલ સિદ્ધિ સત્વર ઉત્પન્ન થાય. ધર્મ શિક્ષણની ક્રિયા કુદ્રતને અનુસરતી હોવાથી તેમાં આનંદ અને ઉત્સાહ હોવાં જ સંભવે છે. જો કોઇ સ્થળે તેથી વિરૂદ્ધ અસર જોવામાં આવે તો સૂક્ષ્મ અવલોકનથી પ્રતીત થશે કે શિક્ષણક્રમની રચનામાં અથવા શિક્ષણ આપવાની પધ્ધતિમાં દોષ છે.

ધર્મનું શિક્ષણ જો બરાબર આપવામાં આવે તો સ્વમતાગ્રહ તથા મતાંધતા પ્રકટવાનો સંભવ નથી. જે સ્વમતાગ્રહ મતાંધતા ધર્મનું શિક્ષણ લીધેલાઓમાં જોવામાં આવે છે તે ત્હેમને યથાસ્થિત ધર્મનું શિક્ષણ નહિ મળ્યાને લીધે છે. ધર્મના યથાર્થ શિક્ષણથી હ્રદયનું સંકુચિતપણું દૂર થઇ આપણી દ્રષ્ટિ વિશાળ થાય છે અને તેથી કરીને ઇશ્વરને પ્રાપ્ત કરવાના આ સર્વ ભિન્ન ભિન્ન માર્ગો છે એવી સમજ અસ્તિત્વમાં આવે છે. રાષ્ટ્રીય ભાવનાઓને તો જરાયે નુકશાન થતું નથી; ધર્મના શિક્ષણથી તે ઉલટી વધારે ખીલે છે. અને તદુપરાંત બીજો ફાયદો એ છે કે ધર્મના શિક્ષણ વિનાની રાષ્ટ્રીય ભાવનાઓ ખોટે રસ્તે દોરાવાનો ભય છે તે આમાં નથી.

**બહેચરલાલ નટવરલાલ ત્રિવેદી, બી. એ., એલ્.એલ્. બી.**

ધર્મ અને નીતિના સૂત્રોનું છેક સુકી ભાષા ને સુકી શૈલીમાં શિક્ષણ આપવામાં આવે તો જ તેના પર અભાવ ઉપજે. પણ તે તે સૂત્રો આપણા જે મહાન્ પૂર્વજોએ પોતાનાં જીવનમાં ઉતારેલાં છે તેના જીવન રસિક શૈલીએ વર્ણવી બતાવવાથી તેમ બનશે નહિ.

સ્વમત પ્રતિપાદનનો દુરાગ્રહ ત્યારે જ ઉત્પન્ન થશે કે જ્યારે અન્ય ધર્મોને ઉતારી પાડી સ્વધર્મને ઉંચો ચ્હડાવવાનો શિક્ષણદ્વારા પ્રયત્ન કરવામાં આવે. પરંતુ જો શુદ્ધ કર્ત્તવ્ય ભાવના જગાડવાનો, લાગણીઓ કેળવવાનો, ને ચારિત્ર્યને ઉન્નત બનાવવાનો હેતુ નજર આગળ રાખવામાં આવશે તો હરકોઇ સાંપ્રદાયિક શિક્ષણથી પણ નુકશાન થવા સંભવ નથી.

બાળકોને નિયંત્રણમાં ત્યારે જ રાખી શકાય કે જ્યારે તેનાં મન નિયંત્રિત બન્યાં હોય. ધર્મ ને નીતિના શિક્ષણની આવશ્યકતા પણ એટલા માટે જ છે કે તેની લાગણીઓ

વિકસે, તેનો સંયમ વધે, તેના વિચાર શુદ્ધ થાય. આ સઘળું થાય એટલે સ્વાભાવિક રીતે જ તેના આચાર શુદ્ધ બનશે ને બહારના નિયંત્રણની જરૂરીઆત ઓછી થશે. ધર્મનીતિના શિક્ષણનું લક્ષ્ય માનસિક વિકારોને નિયંત્રિત કરવાનું ને વિચાર લાગણીને વિશુદ્ધ કરવાનું હોવું જોઇએ.

**ડી. એ. તેલંગ, બી. એ.**
**જીવાભાઈ અમીચંદ પટેલ.**

ધર્મનો વિસ્તૃત અર્થ કરી જો તદ્‌વિષયક શિક્ષણ આપવામાં આવે તો ઉલટી રાષ્ટ્રીય ભાવનાઓને પુષ્ટિ મળે એમ છે. વિસ્તૃત અર્થ તે અદ્વૈતભાવના વા દ્વૈતભાવના. પ્રથમ ભાવના પ્રમાણે આત્મૈક્યત્વ અને દ્વિતીય ભાવના પ્રમાણે ભ્રાતૃભાવ સિદ્ધ થાય એમ છે. આ ઉભય ભાવનાઓ નષ્ટ થવાને લીધે રાષ્ટ્રાદિની આ દશા થઈ છે, તેનો જો પુનરૂદ્ધાર કરવામાં આવે તો ઇષ્ટ સિદ્ધિ થાય.

**હરિલાલ વૃજભૂખણદાસ શ્રોફ, બી. એ.**

ધર્મના શિક્ષણથી વિદ્યાર્થીઓનાં જ્ઞાનચક્ષુ ઉઘડે છે. તે સારાસારનો વિચાર કરી શકે છે. તે સમજે છે કે દરેક ધર્મ ચોક્કસ સત્યોના પાયા ઉપર ચણાએલો છે. દરેક ધર્મના સત્યો તેના તે જ છે. માત્ર નિયમો જુદા છે. **आत्मवत् सर्व भूतेषु, अहिंसा परमो धर्मः** આ તત્ત્વો વાસ્તવિક રીતે સમજનાર સ્વમતાગ્રહી અને મતાંધ થઈ શકે જ નહિ, બલ્કે સમદૃષ્ટિવાળો અને ઉદાર ચરિત થાય છે. તેનું **अहम्**પણું સાડા ત્રણ હાથની પોતાની કાયામાં જ નહિ સમાતાં વિસ્તાર પામી દેશ કે વિશ્વ સુધી પહોંચશે, તેની ભાવનાઓ સ્વદેશ વ્યાપી કે વિશ્વવ્યાપી થશે. જે દેશના લોકો ધર્મ સમજતા નથી તેની રાષ્ટ્રીય ભાવનાઓ નાશ પામે છે.

**મંગળજી હરજીવન ઓઝા.**

ધર્મના યથાર્થ તત્ત્વો સમજવાથી અધ્યાત્મતત્ત્વો તથા રાષ્ટ્રિય ભાવનાઓ સતેજ થશે.

**મુનિરાજ શ્રી દેવવિજયજી.**

ઉદાર અને નિષ્પક્ષપાત રીતે ધર્મનું શિક્ષણ આપવામાં આવે કે ચર્ચા કરવામાં આવે તો મતાંધતા પ્રકટવાનો સંભવ નથી.

**સાંકળચંદ નારાણજી શાહ, બી. એ., એલએલ. બી.**

જે ધર્મનીતિના શિક્ષણથી અસહિષ્ણુતા પ્રગટે તે ધર્મનીતિનું શિક્ષણ કહેવાયજ નહિ. ધર્મનીતિના શિક્ષણનો એ પણ એક વિષય છે કે વિદ્યાર્થીઓને સારગ્રાહી કરવા અને મતાંધતા તથા દૂરાગ્રહ તજાવવાં. આ જમાનામાં તેમ કરવું કઠિન નથી. રાષ્ટ્રના સર્વજનો ધાર્મિક હોય તો રાષ્ટ્રને લાભજ છે, હાનિ નથી.

સારા શિક્ષકને હાથે રસમય રીતે ધાર્મિક કેળવણી અપાય તો ઘણુંજ શુભ પરિણામ આવે.

**નરહરિલાલ ત્ર્યંબકલાલ, બી. એ.**

જે શિક્ષણથી મનુષ્યો સરલ, શાન્ત, સમભાવી, દયાવાન, પરોપકારી થાય, જે શિક્ષણ જીંદગીનું સાર્થક શીખવે, જે શિક્ષણ ઐહિક આમુષ્મિક શ્રેય માટે મનુષ્ય કર્તવ્ય સમજાવે–તે પ્રકારના શિક્ષણથી જરાપણ હાની નથીજ. જેનું પરિણામ ક્ષણીક નહિ પણ શાશ્વત છે, જેનું પરિણામ અદૃશ્ય નહિ પણ પ્રત્યક્ષ છે, જે પૃથ્વીપર પોતાનું જ નહિ પણ પારકું શ્રેય કરવું તે એક અપેક્ષાએ પોતાનુંજ શ્રેય સાધવા જેટલુંજ ઉપકારીછે–એવું વિશાળ, ઉદારચિત્ત બનાવે છે તે શિક્ષણ, તે ધાર્મિક જ્ઞાનની આવશ્યકતા સંબંધે શંકાને જરાપણ અવકાશ નથીજ.

**દુર્લભજી ત્રીભુવનદાસ ઝવેરી.**

આખો સંસાર અને સર્વ વસ્તુ ધર્મને આધારે છે, અને તેના શિક્ષણ વિના મનની શુદ્ધિ થતી નથી. ધર્મના અભ્યાસથી પરસ્પરની મમતા દયા અને પરોપકારના સદ્ગુણોની પ્રાપ્તિ સાથે રાષ્ટ્રિય ભાવનાઓ સર્વ પ્રકારે અંકુશમાં રખાશે અને કોઇ પ્રકારની હાની થશે નહીં.

**ભાઇશંકર નાનાભાઇ, જે. પી.**, સોલિસીટર.

જૈન ધર્મમાં સાર્વત્રિક પ્રેમ ( Universal Brotherhood ) રાખવાનું ફરમાન છે. એક સૂક્ષ્મ જીવ ઉપર પણ દયા પ્રેમ રાખવા ફરમાવ્યું છે. અને તેથી જો જૈનના ખરેખરા સિદ્ધાંત મુજબ શિક્ષણ આપવામાં આવે, ખંડન મંડનની અને બીજી તકરારી બાબતોને છેડવામાં ન આવે તો મતાંધતા પ્રગટશે નહિ. સારો કાબેલ બહુશ્રુત તથા અનુભવી શિક્ષક હોય ને તે " **ખામેમિ સવ્વે જીવા** "ની ગાથા મન વચન અને કર્મમાં સિદ્ધ કરે તો ધર્મ શિક્ષણથી નુકશાન નથી.

**પોપટલાલ કેવળચંદ શાહ.**

હાલ ધર્મનું શિક્ષણ જેવા રૂપમાં અપાય છે તેને માટે હું નાપસંદગી બતાવું છુ.

**વાડીલાલ સાંકળચંદ.**

ચાલતા હરકોઈ સંપ્રદાય કે પંથનું શિક્ષણ સ્વપંથાગ્રહનીજ લઘુદષ્ટી આપવામાં આવે, તેથી કાંઇ પણ લાભ નથી, ઉલટું હાનીકારક થાય છે; કેમકે બુદ્ધિવિકાસમાં ઉઠતી સ્વાભાવિક ઉર્મીઓને અકાળે મતાગ્રહથી દબાવવામાં આવવાથી ધર્મ વડે થતું સત્યજ્ઞાન, અને પ્રાણી માત્રના કલ્યાણમાં પોતાના હૃદયની તલસ્પર્શી લાગણી સ્ફુરી આવી પોતાની પ્રભુ પ્રત્યેની ફરજ સાથે વિશાળ દષ્ટિના સ્વરૂપનું ખરૂં ભાન પામી શકશે નહિ, પણ ઉલટો લઘુદષ્ટિનો હૃદયની ખરી લાગણી વિનાનો માત્ર દાંભિક બની, ધર્મનાં ખરાં રહસ્યોનો ઘાતક બનશે.

કાર્ય કારણના વિચાર, સાયન્સ, તથા વર્ત્તમાન યુગમાં ચાલતી પ્રવૃતિઓ સાથે ધર્મનું શિક્ષણ બંધ બેસતી રીતે નહિ આપવામાં આવે, તો ધર્મનીતિની શ્રુતિઓ શિથિલ થઇ જવાનો તથા એ ઉપદેશ પોથીમાંના રીંગણાવત્ બનવાનો ભય રહે છે.

**બહેચર ત્રિકમજી પટેલ.**
**હરિશંકર નાગરદાસ આચાર્ય.**
**ભાણાભાઈ મોતીભાઈ રાણા.**
**દયાશંકર તુળજારામ પંડયા.**

# શોકજનક મૃત્યુ.

જૈન કોમમાંથી એક પછી એક એમ નરરત્નો ચાલ્યા જાય છે. હજૂ તો શેઠ ફકીરભાઇ, પ્રેમચંદ રાયચંદ અને વીરચંદ દીપચંદ એ મર્હૂમોની ખોટ પુરાઇ નથી, એટલામાં તો શેઠ ત્રિભુવનદાસ ભાણજીના અકાળ મૃત્યુથી આપણામાં એક નહી પૂરાય તેવી ખોટ આવી પડી છે. તેઓ ભાવનગર ખાતે બુધવાર તા૦ ૧૮-૮-૦૯ ના રોજ ત્રેતાળીશ વર્ષની વયે પોતાની પાછળ ત્રણ દીકરા, એક દીકરી અને એક વિધવા મૂકી આ અસાર સંસારનો ત્યાગ કરી પરલોકમાં સીધાવ્યા છે. ખરેખર, જૈનોએ એક આગેવાન રૂપી અમૂલ્ય હીરો ગુમાવ્યો છે. કોન્ફરન્સ પોતાનો એક ચુસ્ત ભક્ત અને ઉત્સાહી ઓડીટર ખોઈ બેઠી છે.

મર્હૂમનું જીવન અનુકરણ કરવા લાયક છે. તેઓ સ્વાશ્રય અને સ્વાત્મબળે નિર્ધન અવસ્થામાંથી લક્ષાધિપતિ થયા હતા. તેઓ જાત કમાઇ કરી ટુંક પગારમાંથી ધુરંધર વ્યાપારી બન્યા હતા. મરનાર સખાવતે બહાદુર હતા એમ કહેવું એ અતિશયોક્તિ ભરેલું નથી. મર્હૂમ તેમની કારકીર્દીનાં છેલ્લાં પાંચ-સાત વર્ષોથી નાદર રકમો ધર્માદા આપી સ્વકોમની અમૂલ્ય સેવા બજાવતા હતા. જોકે તેઓ થોડું ઘણું ભણ્યા હતા, તોપણ વિદ્યા-રસિક હતા. સ્ત્રી કેળવણીના તેઓ મ્હોટા હિમાયતી હતા એમ ભાવનગર કોન્ફરન્સ વખતે કન્યાશાળા સ્થાપન કરવા તેમની આપેલી ૨૦ હજાર રૂપિયાની રકમ દેખાડી આપે છે. મર્હૂમે પાલીતાણાના અનાથાશ્રમને ખીલવવા બહુજ પ્રયાસ કર્યો હતો. તેમણે ભાવનગર ખાતે એક આરોગ્યભવન ઉભું કર્યું છે. વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપો સ્થાપી છે. તેઓ સ્વભાવે મળતાવડા, દયાળુ, હસમુખા, અને પરોપકારી વૃત્તિવાળા હતા.

મર્હૂમના પુણ્યશાળી આત્માને અક્ષય શાન્તિ મળો એજ અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. તથાસ્તુ.

* * * *

સત્યવિજય પ્રેસના માલીક તેમજ સત્યવિજય માસિકના અધિપતિ મી૦ ગીરધરલાલ હકમચંદ તા૦ ૪-૮-૦૯ ના રોજ રાત્રે અમદાવાદ ખાતે આ ફાની દુનિયા છોડી પરલોકગામી થયા છે. આ મરણથી અસહ્ય શોક ફેલાયો છે, એટલુંજ નહી પણ જૈન કોમમાં એક ધાર્મિક પુરૂષની ખોટ પડી હોય એમ લાગી આવ્યા વિના રહેતું નથી. તેઓ સ્વભાવે સુશીલ મીલનસાર અને પરગજુ હતા. તેમના આત્માને શાન્તિ મળે એજ અમે ઇચ્છીએ છીએ.

**સર્વે જૈન દેરાસરોના ટ્રસ્ટી સાહેબો તથા જૈન બંધુઓને વિનતિ કરવામાં** આવે છે કે અમોએ ખાસ જૈનોની સગવડ સાચવવા માટે ચોપડા તથા બુકો બાંધવાનું કામ ઘણુંજ કીફાયત ભાવે અને મુદતસર કરી આપવા ખોલ્યું છે. મહેરબાની કરી એકવાર કામ આપી ખાત્રી કરવા વિનંતી કરીએ છીએ.

**જૈન કાગદી કેશવલાલ નવલચંદ પારેખની કું.**

ઠે. મસજીદ બંદર રોડ. હબીબની ચાલ. ઇ. ડી. સાસુનની ઓફીસની બાજુમાં દુકાન નં. ૩.

---

## જોઈએ છે.

જૈન કોન્ફરન્સના ઠરાવો ઉપર અસરકારક ભાષણો આપી શકે તેવા જૈન ઉપદેશક જોઇએ છીએ, પગાર લાયકાત મુજબ.

## જૈન ભાઇઓને અગત્યની સુચના.

પોતપોતાના સ્થળમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતી દરેક બાબતની ખબર આ માસિકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા૦ ૧૫ મી પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબર.

ચાલુ સાલનું લવાજમ વસુલ કરવા માટે જુલાઇ માસથી અંક વી૦ પી૦ થી મોકલવા શરૂ કરેલું છે તો તે સ્વીકારી લેવા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસતા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ:—

| રૂ. | લીટી |
| --- | --- |
| ૧ ... ... ... ... ... | ૩ |

દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે.

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે ½ ગણો ચાર્જ પડશે, ૭ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ¾ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નકી થઇ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઆર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસિસ્ટંટ સેક્રેટરી
**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.**
પાયધુની, મુંબઈ.

Registered No. B. 525

ॐ

# श्रीजैन (श्वेताम्बर) कोन्फरन्स

# हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫.) ભાદ્રપદ, વીર સંવત ૨૪૩૫. અકટોબર સને ૧૯૦૯. (અંક ૧૦ મો.

प्रकट कर्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| કોન્ફરન્સનું યશોગાન. (લેખક-માણેકલાલ મગનલાલ ઠક્કર.) ... ... ... | ૨૬૩ |
| સુકૃત ભંડારની યોજના પ્રત્યે જૈનોએ આપવું જોઈતું લક્ષ ... ... ... | ૨૬૫ |
| **सुकृत भंडार और जैनों. ( लेखक-चंदनमल नागोरी. ) ... ... ...** | **२६६** |
| પ્રાસંગિક નોંધ ... ... ... ... ... | ૨૬૭ |
| કોન્ફરન્સ ઉપદેશકનો પ્રવાસ ... ... ... ... | ૨૬૮ |
| પાંજરાપોળ ... ... ... ... ... | ૨૬૯ |
| પહોંચ. ... ... ... ... ... ... | ૨૭૦ |
| **भारतवर्षीय जैन शिक्षा प्रचारक सामति जयपुर. (लेखक-फुलचंद मोदी)...** | **२७१** |
| શ્રીમાન હરિભદ્રસુરિ અને વર્તમાન જૈન સાહિત્ય (મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ.) ... | ૨૭૩ |
| શ્રી યશોવિજયકૃત નિશ્ચય વ્યવહાર ગર્ભિત સીમન્ધર જીન સ્તવન. ... ... | ૨૭૭ |
| [illegible] બંધી ભાઇબંધ પત્રકારોના અભિપ્રાય... ... ... ... | ૨૭૯ |
| [illegible] ... ... ... ... ... | ૨૭ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

मुंबई.

धी 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकस्ट्रिट मुंबई.

તયાર છે!　　　　તૈયાર છે!!　　　　તૈયાર છે!!!

**કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.**

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્ત્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્ત્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩-૦-૦.

**જૈન બંધુઓ વાંચો અને અમુલ્ય લાભ લ્યો.**

# શ્રી જૈન શ્વેતામ્બર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પડવામાં આવ્યો હતો. ત્યારપછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુશ્કેલ કામના દ્વિતીય ફળરૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના-ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત)—એવી રીતે બે ભાગ આ સમયે જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવાલાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તીસંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ-સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હોવાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકમાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભામંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપૂર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલ, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. છતાં આ બુકની કિંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦-૧૨-૦ અને બીજા ભાગના રૂ. ૧-૪-૦ અને બન્ને ભાગ સાથેના રૂ. ૧-૧૪-૦ રાખવામાં આવેલ છે. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૬૦૦૦ ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં આ ત્રુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વે જૈન બંધુઓ આ મોટો લાભ અવસ્ય લેશેજ એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

નકશાની છુટી નકલ અઢી આનાની પોસ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपेत रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

પુસ્તક ૫. ) ભાદ્રપદ, વીર સંવત્ ૨૪૩૫. અક્ટોબર, સને ૧૯૦૯. ( અંક ૧૦.

## કોન્ફરન્સનું યશોગાન.

રાગ-ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

ધન્ય ધન્યરે કોનફરન્સ મુજ માવડી,
નોધારા જૈનોનો તું આધાર જો;
સંતાનો કાજે તેં કારજ બહુ કર્યાં,
ગણના તેની ગણતાં નાવે પાર જો. ધન્ય.

પ્રતિ વરસે તું પ્રગટ થતી જુદે સ્થળે,
કરવા નિજ બાલુડાંનો ઉદ્ધાર જો;
સકળ હિંદના પૃથક પૃથક પ્રદેશથી,
જૈન પ્રતિનીધીઓ આવે તારે દ્વાર જો. ધન્ય.

તે સૌને તું બોધે સદ્‌ઉપદેશથી,
શીખવાડે સુસંપ તણો મહા મંત્ર જો;
ભ્રાતૃભાવની સાંકળડીથી જોડતી,
કુસંપ કુધારાના તોડે તંત્ર જો. ધન્ય.

કન્યાવિક્રય બાળલગ્ન ઓછાં થયાં,
વૃદ્ધવિવાહનું ઘટીયું જાલમ જોર જો;
શોકયપ્રથા ચાલંતી તે નિર્મૂળ થતી,
શ્રીમાનોનો છેક ઉતાર્યો તોર જો.　　ધન્ય.

નાતવરા ધીરે ધીરે ઓછા થતા,
મરણું પાછળે જમણવાર જુજ હોય જો;
સંસારીક સ્થિતી સુધરે અમ એ રીતે,
તુજ પ્રતાપે જાગૃત થયું સૌ કોય જો.　　ધન્ય.

કેળવણીનાં બી રોપ્યાં શુભ કોમમાં,
અજ્ઞાન તિમીરથી કાઢી પ્રજાને બા'ર જો;
તુજ પ્રસાદે સંસ્થાઓ સ્થપાઇ ઘણી,
જૈનશાળાઓ બોર્ડીંગો નિરધાર જો.　　ધન્ય

પ્રાચીન પુસ્તક ભંડારો ખોલાવીયા,
ઉધેઇ ખાતાં પુસ્તક કાઢયાં બહાર જો;
દ્રવ્ય વાપરી ગ્રંથો ઘણા સુધરાવીયા,
જૈન સાહિત્ય તણો કરતી ઉધ્ધાર જો.　　ધન્ય.

જીર્ણ થએલાં જીનાલયો સમરાવીયાં,
તીર્થોની તેં લીધી બહુ સંભાળ જો;
પવિત્રતા જાળવવા પ્રયાસ અતિ કરે,
એ તારો અમપર અગણિત ઉપકાર જો.　ધન્ય.

નિરાશ્રિતોને આશ્રય માડી આપતી,
સમદ્રષ્ટિથી સઉનો કરે સત્કાર જો;
સીદાતા જૈનોને માટે માવડી,
ખુલ્લા રાખે તારા નિત્ય ભંડાર જો.　　ધન્ય.

સૌ ગુણ ગાવા બેસું જો હું તાહરા,
તો નિશ્ચે જુગના જુગો વહી જાય જો;
સહસ્રમુખી શેષનાગ હારે કહી,
તો **માણીકથી** શા રીતે ઉચરાય જો.　　ધન્ય.

**માણેકલાલ મગનલાલ ડોકટર.**

# સુકૃત ભંડારની યોજના પ્રત્યે જૈનોએ આપવું જોઇતું લક્ષ.

આપણી સપ્તમી કૉન્ફરન્સ જો વિજયી નિવડી હોય, તો તે તેના બીજા ઠરાવોની સાથે પસાર કરેલા સુકૃતભંડારના ઠરાવને લેઇનેજ નિવડી છે, એમ માનવું એ અતિશયોક્તિ ભરેલું નથી. જે યોજના સમસ્ત ભારતવર્ષના પ્રથક્ પ્રથક્ ભાગોમાંના નગરો અને ગ્રામ્યોમાંથી ચુંટાઇ આવેલા જૈન પ્રતિનિધિઓ પૈકી આપણા કોમોદ્ધારક મહાશયોના વિચારશીલ મગજમાંથી ઉદ્ભવી છે, જેને પરિષદ્ અધિવેશનમાં બિરાજેલા પ્રત્યેક જૈને જયઘોષણા સાથે વધાવી લીધી છે, અને જે સર્વાનુમતે પસાર થવા પામી છે, તે સર્વોત્તમ અને સર્વ માનનીય છે એ નિર્વિવાદ છે. આ યોજના શું છે ? તેનું રહસ્ય કેવા પ્રકારનું છે ? તેનાથી શા શા લાભો થવાના છે ? વગેરે હકીકત દરેક જૈનને સુવિદિત હશે; કારણકે પુના કૉન્ફરન્સના મંડપમાં તે વિષે ઘણું બોલાયું છે, અનેક નાનાં મોટાં વર્તમાન પત્રોએ તેને લગતી ચર્ચા ઉપાડી લીધેલ છે, જાહેર ખબરો રૂપી રણશીંગડાંદ્વારા તેના નાદ ફુંકાયા છે; અને કૉન્ફરન્સના કાર્યવાહકો તથા ઉપદેશકોએ તેના સંદેશા ચોતરફ પહોંચાડયા છે. એટલે તે સંબંધી વિશેષ લખવું એ મેઘધનુષમાં રંગો પુરવા જેવું નિરર્થક લાગે એ બનવા જોગ છે. તોપણ જૈન બંધુઓને જાગૃત રાખવા તે યોજનાથી થતા ફાયદા સંબંધી થોડુંક વિવેચન કરવું ઉચિત ધારીએ છીએ.

અત્યાર સુધી આપણી કૉન્ફરન્સ નભી છે, તે મોટે ભાગે આપણા શ્રીમાન્ બંધુઓની ઉદારતા વડેજ નભી છે. જો તેમની સખાવતો તેની વ્હારે ન આવી હોત તો તે ક્યારનીએ હતી ન હતી થઇ ગઇ હોત. ખરેખર, તેમણે તેમનું કર્તવ્ય બજાવ્યું છે. પરંતુ કાળક્રમે જેમ બીજી વસ્તુઓનો અંત આવે છે તેમ તેમના તરફથી પ્રસંગોપાત કરવામાં આવતી સખાવતોનો અંત કેમ ન આવવા પામે ? અને જો તેમ થાય તો, અર્થાત્ તે આધાર જતો રહે તો કૉન્ફરન્સના શા હાલહવાલ થાય તેનો વિચાર કરવાનું કામ વ્હાલા વાચકો ! તમનેજ સોંપવામાં આવે છે.

જો સુકૃતભંડારની યોજનામાં વિજય મળે, તો આપણને જાગૃત કરનાર, આપણી કોમમાં કેળવણીનાં બીજ રોપનાર, હાનિકારક રીવાજોને નષ્ટપ્રાય કરવા મથન કરતી, પુસ્તકોદ્ધાર તથા જીર્ણોદ્ધાર માટે અથાક શ્રમ વેઠતી, અને નિરાશ્રિતોને આશ્રય આપતી આપણી પરમ કૃપાળુ, પરમ પવિત્ર માતુ કૉન્ફરન્સને આપણા કલ્યાણ અર્થે આપણે જુગોજુગ જીવતી જાગતી રાખવા સમર્થ થઇ શકીશું.

આ ફંડમાંથી ઉત્પન્ન થતાં નાણાં પૈકી અડધી રકમનો વ્યય કેવળ કેળવણી પાછળ કરવાનું ઠર્યું છે; એટલે કેળવણીનાં અત્યાર સુધીમાં જે બીજ રોપાયાં છે તેમાંથી વૃક્ષો પેદા થશે; અને તે વૃક્ષોપર આવતાં મિષ્ટ ફળ ચાખવા આપણે, આપણે નહિતો આપણી ભવિષ્યની પ્રજા ભાગ્યશાળી થશે. કોન્ફરન્સે જોકે હજૂ કેળવણીને માટે કંઇપણ યોજના ઘડી કાઢી નથી, તોપણ આપણે એવું અનુમાન કરીશું તો ભુલભરેલું નહિ ગણાય કે જો આ ફંડ-

માં પ્રતિ વર્ષ હજારો રૂપિયાની આવક થશે, તો કેળવણીને અંગે બોર્ડીંગો, સ્કુલો, જૈનશાળાઓ વગેરે સંસ્થાંઓ ખોલવામાં આવશે. તેથી માબાપની દુખી સ્થિતિને લઇને જે બાળબાળકીઓ કેળવણી લેવા બેનશીબ રહે છે, તેઓ સદ્‌વિદ્યા સંપાદન કરી શકશે. સંખ્યાબંધ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે, વ્યાપાર ઉદ્યોગમાં પ્રવીણ થવા, અને હુન્નર કળા શીખવા ઈંગ્લાન્ડ, જર્મની, અને જાપાન જેવા દેશોમાં મોકલવામાં આવશે. આથી આપણી કોમમાં વિદ્યા વિદ્યા થઈ રહેશે. આપણું વેપારનું ક્ષેત્ર વિસ્તારવાળુ થશે. નાનાં મોટાં કારખાનાઓ સ્થપાશે, અને તે-વડે સીદાતા જૈનોને આશ્રય મળશે. પછી જૈન પ્રજાની ઉન્નતિ કયાં વેગળી છે ?

છેવટે અમારા જૈન બંધુઓ પ્રત્યે અમારી પુનઃ પુનઃ નમ્ર પ્રાર્થના છે કે તમે સુકૃત ભંડાર ફંડની યોજનાને સફળ કરવા ફતેહમંદીથી પાર ઉતારવા તન, મન, અને ધનથી મદદ કરો. તમે ચાર આના જેવી નજીવી રકમ આપતાં આંચકો ખાશો નહિ. ચાર ચાર આના આપવાથી તમે રંક થવાના નથી. "પંચકી લકડી એકકા બોજ" એ કહેવત પ્રમાણે ચાર આ-નાથી લંક લાગી જશે, હજારો રૂપિયા ભેગા થશે; અને તે વડે કોન્ફરન્સને નિભાવી તથા કેળવણીનો ફેલાવો કરી આપણી કોમની દરેક રીતે જાહોજલાલી કરી શકાશે.

---

# ( सुकृत भंडार और जैनों )

---

( लेखक शा० चंदनमल नागोरी. )

महाशयों ! अपनी कान्फरन्स की गुजिश्ता बेठक ( पुना ) में सुकृत भंडारका ठेहराव हुवा है, इस ठेहरावको अमलमें लाने के लिये, कान्फरन्स सुकृत भंडार कमीटीसे उपदेशक भी गये हैं और आफीससे खत किताबत हो रहा है. इस लिये सदर ठेहरावसे बेवकाफिअत कोइ जैनी नही होगा, बलके चंद शहरोंसे चंदा वसूल हो भी गया और चंद गांवोंमें हो रहा है, मगर जिस तरहसे यह सवाल पबलिक पास हुवा वैसा अमलदरामद अभी नही पाया जाता ! बंधूओ कितनेक शख्स गांवड़वाले शंका करते हैं कि यह तो ठग विद्या है. उनको मालूम होना चाहिये कि यह पैसा खान पान में और मोज शोख अथवा दातारी देनेको नही हैं; मगर बच्चोंको पढाने में, और निरउद्यमीको उद्यम लगाने के लिये, अथवा कानफरन्स निभाव में काम आवेगा. भाइयों अगाने हालमें यह सवाल पास करनेका वख्त नही आता मगर हमारी स्थीति एसी कमजोर होगइ हैं कि और कोमोंसे हमारी जैन कोम, व्यापार, रोजगार, कला, कौशल्य, हुन्नर और विद्या इत्यादि में ज्यादेतर पश्चात है, इस लिये, हमारी धार्मीक, व्यवहारिक, सांसारिक, उन्नती के लिये यह सवाल कान्फरन्समें पास हुवा हैं कि जिससे हमारी उन्नती होने वाली है वास्ते इनसानका फर्ज है कि इस सवालको अमलमे लावें.

सदर सवाल में जमा करानेका लाभ गरीबसेगरीब मनुष्य ले सक्ता है. एसा इनसान कोइ नहीं कि चार आने देनेसेभी लाचार हो. अरे भाइयों! चार पाइ महिनेकी देनेसे गरीब नहीं हो सक्ते, और नहीं देनेसे धनाढ्य नही हो सक्ते, कमसेकम पौणसो रुपे साल भरमें खर्च हरएक इनसानके पीछे होइ जाता है, तो चार आने कम खर्चे तो क्या! और ज्यादा खर्चे तो क्या! माइयों जमाने हालमें यह सवाल पास किया है, अगरचे निर्विघ्नतासे संपूर्ण हो जायगा तो भविष्यमें बोहत फायदा हांसिल होगा.

अपने पूर्वजोंकी स्थीती देखते लाखों क्रोडोंकी उदारता मालूम होती है, और यह उदारता आबूजी, सिद्धाचलजी, आदि तीर्थोंकी यात्रा करनेसे रोशन होगा. हा! अति खेद हमारे बुजरग दुनिया फानी सरायको छोड़कर परलोकको सिधारे, इस वास्ते जमाने हालमें चार चार आने मांगनेका मोका पेश आया, अरे भाइयों पूर्वजों कि लाखोंकी उदारता देखकर क्या चार चार आने देनेमेंभी दिलको दलेर नहीं करोगे, अफसोस! है जो महाशय चार आने देनेसे हिचकते हैं वो इनसानियतके बजाय. अहेवा नियत पैदा करते है.

अगरचे कान्फरन्स हितचिंतक, भातृ भावके शुभेच्छक, जाति उन्नतीके हिमायती, और जैनीयों कि स्थीति सुधारनेमें तत्पर होना, चाहते होतो भरो, भरो, सुकृत भंडार भरो, वीर पुत्रों भरो, एसी एक दुर्जनके मित्र और सज्जनके दासकी अर्ज है. सुज्ञेषु किंबहुना.

---

# પ્રાસંગિક નોંધ.

નીચેના ગામોમાંથી સુકૃત ભંડાર વસુલ થઇ ગયેલ છે:—

નિકોરા, પીંપળી, માંડલ, ઝીંઝુવાડા, બોરી, કચગામ, દેતરજ, ગોરીયા, ઓડુ, જોશીપુરા, ખેડાસા, વાલવોડ, અલારસ, પીંપળ, જોશીકુવા, અંબાદ, આસોદર, કંથારીઆ, વાસદ, ધમત્રી વગેરે.

નીચેના સ્થળોએ સુકૃતભંડાર ફંડ ઉઘરાવવાનું કામ ચાલુ છે:—

ખેડા જીલ્લો, કાઠીયાવાડ, દક્ષિણ વગેરે.

*　　　　*　　　　*　　　　*　　　　*

### કોન્ફરન્સની મુંબઇ હેડ ઓફીસમાં થએલું કામકાજ.

શક્કર કેસર કમીટી—આ કમીટીની એક મીટીંગ તા૦ ૯—૯—૦૯ ને રોજ મળી. તે પ્રસંગે તે કમીટીના સેક્રેટરી મી૦ મોતીલાલ કશળચંદે ખાંડ, કેસર તથા શક્કર કે જે પદાર્થો ખોરાક તેમજ ધાર્મિક ક્રિયાઓમાં મોટા જથામાં વપરાય છે, તેની બનાવટની શુદ્ધતા—અશુદ્ધતા બાબત તપાસ કરી તેને લગતો રીપોર્ટ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. રીપોર્ટ ઘણોજ વીગતવાર અને દાખલા દલીલોથી ભરેલો હોવાથી તેની યોગ્ય વ્યવસ્થા માટે કોન્ફરન્સની હેડ ઓફીસમાં મોકલવા ઠરાવ થયો હતો.

નિરાશ્રિત કમીટી—તા૦ ૩-૯-૦૯ ના રોજ આ કમીટીની એક મીટીંગ મળી હતી. આ વખતે વૃદ્ધાશ્રમ ખોલવા બાબત ચર્ચા ચલાવવામાં આવી હતી. વળી લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજમાં કેટલાક જૈન નિરાશ્રિતો છે એમ જાણવામાં આવ્યાથી તે બાબતની તપાસ કરી રીપોર્ટ કરવા સારૂ મેસર્સ અમૃતલાલ કેવળદાસ તથા અમરચંદ પી. પરમારની નીમણુક કરી. જો ત્યાં તેઓની સંભાળ સંતોષકારક હોય તો જૈન ધાર્મિક શિક્ષણ તેઓને મળે એવાં પગલાં ભરવા બાબત તે બંને ગૃહસ્થોએ કમીટીને સૂચના કરવી.

એજ્યુકેશનલ બોર્ડ—આ બોર્ડની સ્ત્રી શિક્ષક તથા પુરૂષ શિક્ષક, તથા ધાર્મિક અભ્યાસ ક્રમ ગોઠવવા નિર્ણય કરવા પેટા કમીટીઓની એક સભા તા૦ ૨૪-૮-૦૯ ની રાત્રે મળી હતી. તેમાં મી૦ લલ્લુભાઇ કરમચંદ દલાલનું નામ સ્ત્રી શિક્ષક તથા પુરૂષ શિક્ષક તૈયાર કરવાની યોજના માટેની કમીટીમાં ઉમેરવા નક્કી કરવામાં આવ્યું. તથા મી૦ મનસુખલાલ કીરતચંદ મહેતા, અને મી૦ મોહનલાલ દલીચંદ દેશાઇના કાગળો દરેક મેમ્બરને વાંચવા મોકલી, અભિપ્રાય મંગાવવાનો ઠરાવ થયો.

સ્વયંસેવક મંડળ—આ મંડળ મુંબઇમાં સુકૃતભંડાર ફંડ ઉઘરાવે છે. સ્વયંસેવકોની એક મીટીંગ દર અઠવાડીએ મળે છે.

---

# કોન્ફરન્સ ઉપદેશકોનો પ્રવાસ.

**ઉપદેશક મી૦ ત્રીભુવનદાસ જાદવજી**—એ બામડી, કલ્યાણી, થાણા, કુરલા, દાદર, માહિમ, અંધેરી, દહાણું, વાપી, દમણ, ઉદવાડી, અમલસાડ, નવસારી વગેરે ગામોમાં કોન્ફરન્સના ઠરાવો બર આણવા ભાષણો આપ્યાં.

વલસાડ—ત્યાંના જૈનો ધાર્મિક જ્ઞાનમાં પછાત હોવાથી, જૈનશાળાની આવશ્યકતા બતાવી.

બીલીમોરા—ના સંઘને એક જૈનશાળા ખોલવાનું કહેવામાં આવ્યું, તથા ગોલારાણાની સભા ભરી માંસ મદિરા વાપરવાની બંધી કરાવી.

વાંદરા—જૈનો કસાઇઓ સાથે જે લેવડદેવડ રાખતા હતા, તથા ધીરધાર કરતા હતા તે બંધ કરાવી.

સુરત—ત્યાંના સંઘને સુકૃતભંડાર ફંડનાં નાણાં જેમ બને તેમ તાકીદે ઉઘરાવી કોન્ફરન્સ તરફ મોકલાવવાની વિનંતી કરવામાં આવી.

પાદરા, મજપુર, ચમારી, બામણગામ, નવાપરા, એકલાવ, લાલપર, અંબાવ, વાસદ વગેરે ત્રીસ ગામોમાં સભાઓ ભરવામાં આવી હતી, તેમજ અસરકારક ભાષણો આપ્યાં હતાં. સુકૃતભંડાર ફંડની હીલચાલ કરી હતી. ઉપરનાં ગામો પૈકી ઘણા ગામોના રજપુતો તથા ઠાકરડાઓએ દારૂ નહિ વાપરવાની બાધાઓ લીધી હતી. કેટલેક સ્થળે એવો પણ ઠરાવ કરાવવામાં આવ્યો હતો કે પાડાઓને કસાઇને ત્યાં ન આપતાં ગાડામાં જોડવા.

**उपदेशक मि. शेरसींगजीका प्रवास**—**सोतनगंजमें एक छोटीसी कोटडीमें प्रभुजीको विराजमान कर रखे है. चंद्रवेकी जगह टाट बांधा हुवा है. जैन भाईओको कह कर लगेकी छत बंधवाई. कोटडी छववानेका इकरार करवाया.**

कनगेटी—यहांपर सभा शामको की गईथी. कितनेक ठराव पेशतर हो चुके थे. ईसके अतिरिक्त पन्द्रा बीस जनोने नित्य मंदिर जानेको बंधाण ली है. सुकृत भंडार सब वसुल हो गया.

जीरन—यहां तीन बजे सभा हुई. कुरिवाजोपर भाषण दिया गया. दुसरे दिन औरभी सभा की गई. उस वक्त श्रावकोके कर्तव्य और विद्याके विषय उपर भाषण किया. कइ सहियोने सत व्यसन, जमीकंद पर्वतिथीओ उपर लीलोती नहीं खाना, तथा चोथा व्रत तिथियोपर पालना आदि कइ सोगन तथा बंधाण किये. आज एक पाठशालाभी की गई है. खर्च के लीये महावार टेक्स लगाया गया. उसका नाम " पुण्य प्रकाशक पाठशाला " रखा गया.

# પાંજરાપોળ.

ગોંડલ પાંજરાપોળ—અમારા પાંજરાપોળ ઇન્સ્પેક્ટરે તા. ૨૮–૭–૦૯ ના રોજ આ પાંજરાપોળ તપાસી છે. અને પોતાના રીપોર્ટમાં જણાવે છે કે પાંજરાપોળનાં મકાનો જુના વખતમાં બંધાવેલાં હોવાથી, હવા જવા આવવાને માટે પુરતી સગવડ નથી. મકાનો તથા પાણીની કુંડીઓ વધારે સાફ રહેવાની જરૂર છે. અહિંયાં ઘાસ સંઘરી રાખવામાં આવે છે, અને તેની દર બબે વર્ષે ફેરબદલી કરી નાખવામાં આવે છે. પાંજરાપોળમાં રહેતાં જાનવરોની શારીરિક સ્થિતિ સાધારણ જણાય છે. જાનવરોની માવજત તરફ પુરતી કાળજી રાખવામાં આવે છે. તેમની સારવાર માટે એક દેશી વૈદ્યને રાખવામાં આવેલછે. જાનવરોની હાજરીનાં રજીસ્ટરો રાખવાની પધ્ધતિ સંતોષકારક છે. પક્ષીઓનાં પાંજરાંની સ્થિતિ સારી નથી.

આ સંસ્થાનો હિસાબી વહીવટ ચોખ્ખો છે, પણ કેટલાંક કારણોને લઇને હિસાબ પ્રગટ કરવામાં આવતો નથી.

જેતપુર પાંજરાપોળ—તા. ૬–૮–૦૯ને રોજ અમારા વેટરનરી સરજને આ પાંજરાપોળ તપાસી છે. તેના સંબંધમાં પોતે જણાવે છે કે પાંજરાપોળનાં મકાનો જીર્ણ થઇ ગયાં છે, તેથી તેને રીપેર કરવાની જરૂર છે.

પાંજરાપોળમાં સાફસુફ બીલકુલ રહેતી નથી. સ્વચ્છતાની ગેરહાજરીને લીધે, મચ્છરો જનાવરોને હેરાન કરી નાંખે છે. પાણી પાવાની કુંડી તદન ગંદી રહેતી હોવાથી, તેમાં પોરા અને બીજા સંખ્યાબંધ જંતુઓ નજરે પડેછે.

માંદા જાનવરોની સારવાર બીલકુલ લેવાતી નથી. ઘરડાં અને અશકત પ્રાણીઓને જોઇએ તેવો ખોરાક મળતો નથી.

પાંજરાપોળના નોકરો વૃધ્ધ અને કામ કરવાને બીલકુલ અશકત જણાય છે. યુવાન, ચાલાક અને ઉત્સાહી તેમજ પ્રમાણિક માણસોને પાંજરાપોળના કામમાં રોકવા જોઇએ.

પાંજરાપોળને લગતો હિસાબ ચોખ્ખો જણાય છે, પણ હિસાબ રાખવાની પધ્ધતિ બીલકુલ પસંદ કરવા જેવી નથી. આ સંસ્થાની સ્થાવર મીલ્કત ઘણી છે, અને તેનું ભાડું સારૂ આવે છે. દાણા મારકીટ તથા શાક મારકીટ જે પાંજરાપોળના પૈસાથી બંધાવવામાં આવી છે તેમાંથી સારી આવક આવે છે. રાજ્ય તરફથી પણ અમુક રકમ દર વર્ષે આ પાંજરાપોળને મળે છે. બીજા કેટલાક લાગા પણ છે. એકંદરે ઉપજ કરતાં ખર્ચ વધારે છે. ઉપરની પાંજરાપોળોના કાર્યવાહકોનું આ રીપોર્ટ ઉપર અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

# પહોંચ.

રાવ સાહેબ વસનજી ત્રીકમજી જે. પી. તથા શેઠ ખેતશી ખીઅશી પાલીતાણા **જૈન બોર્ડિંગ સ્કુલનો** રીપોર્ટ અભિપ્રાયાર્થે મળ્યો તે ઘણા હર્ષથી સ્વીકારીએ છીએ. આ ખાતાની સ્થાપના સં૦ ૧૯૫૯ ના વૈશાક શુદી ૧૫ ના દિવસે પાલીતાણા સિદ્ધક્ષેત્રમાં કરવામાં આવી હતી. પ્રથમ તે ન્હાના પાયા ઉપર હતું; પરંતુ ઉકત ગૃહસ્થોની રૂ૦ ૧) લાખ જેવી જબરી સખાવત વડે હાલ તે જાણવાજોગ થઇ પડયું છે. આ બોર્ડિંગ સ્કૂલનું મકાન, વ્યવસ્થા, વિદ્યાર્થીઓની લેવાતી સંભાળ, એ બધુ સંપૂર્ણ સંતોષકારક છે. તેમાં વિદ્યાર્થીઓને રહેવા, ખાવા, ભણવા વગેરેનું મફત મળે છે; બાળકોને ઉત્તમ પ્રકારની ધોરણુસર ધાર્મિક અને વ્યવહારિક કેળવણી આપવામાં આવે છે; વળી વધારે ખુશી થવા જેવું એ છે કે ચિત્રકળા પણ અંદર દાખલ કરવામાં આવી છે; આ ખાતાનો લાભ માત્ર કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના બાળકોને મળે છે; પરંતુ અન્ય શ્રીમાનોની સહાયતાથી જો તે ખાતાના ઉદ્દેશ ક્ષેત્રને વિસ્તીર્ણ કરી તેમાં દરેક જ્ઞાતિના જૈન બાળકોને આશ્રય અપાય તો ભવિષ્યમાં આ સંસ્થા જૈન કોમને માટે અતિશય આશિર્વાદાત્મક નિવડે એમ અમારૂં માનવું છે. અમે આ સંસ્થાનો સદા અભ્યુદય ઇચ્છીએ છીએ.

×　　×　　×　　×　　×

**શ્રાવક સંસાર**—શ્રી પાલીતાણા વિદ્યા પ્રસારક વર્ગ તરફથી, આ પુસ્તક પ્રસિદ્ધ થએલ છે. આ એક બોધદાયક નવલકથા છે. તેમાં આપણા આધુનિક જૈન ગૃહસંસારનું અતિ રસિક અને સુંદર ચિત્ર છે. આપણા હાનિકારક રીવાજો કેમ દૂર થઇ શકે તેને માટે તેમાં વ્યવહારિક રસ્તા દેખાડવામાં આવેલ છે. આવા પુસ્તકોનું વાંચન જેમ જેમ આપણી કોમમાં વધતું જશે તેમ તેમ આપણી કોમનો ઉદય થશે, એ નિર્વિવાદ છે.

×　　×　　×　　×　　×

શ્રી અમદાવાદ **જૈન શ્વેતામ્બર મૂર્તિપુજક બોર્ડીંગ**ના રીપોર્ટની પ્હોંચ અમે આભાર પૂર્વક સ્વીકારીએ છીએ. ગુજરાતમાં નિરાશ્રિત જૈન બાળકોને અશ્રય પામવાનું આ એક ઉપયોગી સ્થાન છે. તેમાં દરેક જાતની સગવડો ઘણે ભાગે સારી છે. મકાનની સગવડતા જોઇએ તેવી ન હોવાથી તે સંસ્થાના લાગતા વળગતાઓનું અમે તે તરફ ધ્યાન ખેંચીએ છીએ. આ વર્ષમાં વિદ્યાર્થિઓનો અભ્યાસ, ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન વખાણવા જેવું છે, એમ રીપોર્ટ ઉપરથી જણાય છે. વિદ્યાર્થીઓની મ્હોટી સંખ્યા આ બોર્ડીંગનો લાભ લેઇ શકેછે એ ખુશી થવા જેવું છે. હિસાબ પણ ચોખ્ખો રાખવામાં આવે છે. આ ખાતાને નાણાની મદદની ખાસ જરૂર છે. જો તેમ કરવામાં આવે તો, આ સંસ્થા ભવિષ્યમાં અતિ ઉપયોગી નિવડે એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

×　　×　　×　　×　　×

**શ્રી જૈન વિદ્યા ઉદ્યોગ મંડળ**નો રીપોર્ટ અવલોકતાં અમને આલ્હાદ થાય છે, અને તે એટલા માટે કે જે સંસ્થાની અત્યાર સુધી આપણામાં ખોટ હતી, તે આથી પુરી પડી છે. જો કે કાર્યવાહકો નાણાની તંગીને લીધે આ મંડળને અને તેને લગતાં ખાતાઓને જોઇએ તેવી સ્થિતિપર હજુ મુકી શકયા નથી; તોપણ તેમનું ભવિષ્ય ઉજવળ લાગે છે. આ મંડળનો ઉદ્દેશ પ્રશંસનીય છે. જૈન વિદ્યાર્થીઓને ઉંચા પ્રકારનું વ્યાપારી જ્ઞાન આપવા મંડળ તરફથી એક કોમર્શીઅલ સ્કૂલ ખોલવામાં આવી છે, તથા જુદા જુદા અભ્યાસ માટે સ્કોલરશીપો સ્થપાઈ છે.

# भारत वर्षीय जैन शिक्षा प्रचारक समिति जयपूर

( लेखक-फूलचंदजी मोदी )

यह बात सर्वमान्य है कि धर्म व देशकी उन्नतिके लिये विद्या प्रचार मुख्य और आवश्यक उपाय है. विद्या परं दैवत "विद्या दैवत है" यही महा शक्ति है. और यही अपार और अनंत बल है. पुरुषार्थीयों का पुरुषार्थ, योगियों का योग, बलशूरोंका शरीर बल और कवियोंका कवित विद्या सेही बढ़ता है. जापान, इंग्लेन्ड, अमेरिका आदि देशों की उन्नतिभी विद्या देवीनेही की है।

धर्मकी स्वतंत्रता, विचारकी स्वतंत्रता, और व्यापारकी स्वतंत्रता, जो हालमें सुधरे हुवे देश भोग रहे हैं, यहभी विद्याहीका प्रसाद है. राज्यकी, धर्मकी, समाज की दशाका बिगाड़ या सुधार; विद्याकी अवनति वा उन्नतिपर अवलम्बित है, विद्या अधमको उद्धारने वाली है, निर्धनका धन है, अन्धोंकी आंख है, और गरीब अमीर सबकी माताकी तरह प्रतिपालक है। विद्या विपतिमें धैर्य देती है. और सम्पतिमें उदासीन रखती है. विद्या कल्पवृक्ष है. विद्या चिन्तामणि है, और जिसके पास विद्या है उसके पास सब कुच्छ है। सारांश विद्या क्या क्या नहीं कर सक्ती और विद्यासे क्या प्राप्त नहीं हो सक्ता।

विद्याकी सहायतासे ही रेलगाडी, तार, पत्र, मोटरकार और अग्निबोट आदि अनेकानेक वर्तमान समयके चमत्कार दृष्टिगोचर होते हैं।

जो मनुष्य विद्याकी सहायता विना धर्म, व देश व जातिकी उन्नतिकी आशा रखते हैं वे सचमुच भूल निद्रा में सो रहे हैं।

प्राचिन कालमें पिता अपने पुत्रोंको गुरुओंके समीप गुरुकुल, मठ, चटशाळा में बहुत वर्ष तक रखके ब्रह्मचर्य सहित धार्मिक व लौकिक सर्व प्रकारकी शिक्षा दिला थे, भारतमें पहिले विद्याका बड़ा प्रचारथा, इस बातको हजारों उपयोगी ग्रन्थ पुष्ट करते हैं. पहिले जमानेमें प्रत्येक मन्दिरमें शास्त्रसभा होतीथी, घर घरमें धर्मचर्चा थी, विवाहोंमें पहरावनी आदिके समय द्रव्यचर्चाका बड़ा प्रचारथा-जगह (२) त्यागी महात्मा, व पण्डित लोग धर्मोपदेश देतेथे चार विकथाओंकी जगह धर्म कथाका प्रचार था।

पाठशालाओं व दानशालाओ आदि में अपनी संतानकी शिक्षा में करोड़ों रुपिये खर्च करके पुण्य संचय किया जाता था, परन्तु शोक है. अब सब प्रकारके सामाजिक प्रबन्ध खोखले होगए. विद्याका बिलकुल अभाव हो गया, जिससे धर्म तथा जातिको बड़ा भारी धक्का लग रहा है इसका मुख्य कारण यह है कि अबतक कोई ऐसा स्कूल, कालेज पाठशाला कहीं स्थापित नहीं जहां लौकिक और धार्मिक सर्व प्रकारकी शिक्षा दी जाती हो।

राजकीय कालेजोंमें लौकिक शिक्षा है धर्म शिक्षा नहीं और जैन पाठशालाओंमें सिर्फ धार्मिक शिक्षा है और लौकिक नहीं।

इस समय ऐसी शिक्षाकी आवश्यकता है जिससे धार्मिक और लौकिक दोनों विषयोंमें निपुणता प्राप्त हो और यह लाभ उपयुक्त दोनों प्रकारकी संस्थाओंसे नहीं हो सक्ता ।

इस स्वतन्त्र ब्रिटिश राज्यमें तमाम कॉमोंने आंखें खोलदी और समयकी आवश्यकतानुसार अपने २ जातीय विद्यालय व बोर्डिंग व अनाथालय खोलकर विद्याका प्रचार कर रही है ।

जैन समाजमें भी बडी भारी आवश्यकता थी कि कोई ऐसी संस्था स्थापित हो जिके द्वारा धार्मिक व लौकिक शिक्षा का साथ साथ में क्रमानुसार प्रबन्ध हो ।

हर्षका स्थान है कि जयपुरमें श्रीमान् बाबू अर्जुनलालजी सेठी बी. ए. की प्रेरणासे "भारत वर्षीय जैन शिक्षा प्रचारक समिति" को स्थापना सन १९०६ ई० में हुई इसका मुख्योदेश भारतवर्षमें धार्मिक, तथा लौकिक विद्याका प्रचार करनेका है. उक्त समितिको कार्य करते अभी ३॥ वर्षही हुए हैं. इस थोड़ेसे अर्सेमें बालक बालिकाओंकी शिक्षा के अर्थ केवल जैपुरमेंही ६ पाठ शालाए स्थापित हुई और ग्रामोंमें ( मोजमाबाद, शिवाड़, बरवाड़े, बोराज आदि स्थानोंमें ) भी पाठशालाए स्थापित हुई ।

समितिका मुख्य केन्द्र विद्यालय "श्रीबर्द्धमान जैन विद्यालय है" और उसके साथ एक छात्रालय ( बोर्डिंग हौस ) भी है जिसमें विदेशी विद्यार्थी भोजनादि पाकर आनन्दसे शिक्षा पाते हैं. असमर्थ विद्यार्थीयोंको भोजनादिके अर्थ छात्र वृतियां भी दी जाती है, इस विद्यालय में जैन धर्म, संस्कृत साहित्य व व्याकरण तथा अंग्रेजी गणित धर्म अविरुद्ध भूगोल व इतिहास, चित्रकारी ( ड्राइंग ) आदि सब प्रकारकी शिक्षाएं उत्तम प्रकारसे दी जाती हैं शीघ्रही वैदक व ज्योतिषकाभी प्रबन्ध होगा ।

इस समय साहित्याधीन पाठशालाओंमें अनुमान ४०० लडके लडकियोंको शिक्षा दीजा रही है समितिकी ओरसे ग्रामोंमें उपदेशक भेजे जाते हैं, और पाठशालाका प्रबन्ध कराया जाता है—समितिका अनुकरण करके कई स्थानोंमें पाठशालाएं खुल रही हैं. ।

आधीन पाठशालाओंके उत्तीर्ण विद्यार्थियोंको समिति से मेडिल, ( पदक ) पारितोषक और सार्टीफिकट दिए जाते है. समिति सिर्फ जैपुरमें ही शिक्षा फैलानेसे संतुष्ट नहीं होगी. किन्तु इसका उद्देश सारे भारत वर्ष में विद्या फैलाना है और न समितिका सम्बन्ध किसी खास एक संप्रादायसे हैं. किन्तु दिगम्बर स्थानकवासी आदि जैन समाजमें निज २ आम्नायानुसार धर्म पूर्वक शिक्षाका प्रचार करना समितिका कर्तव्य हैं ।

समिति और जैन यंग मेन्स एसोसिएशन आफ इंडिया इन दोनोंकी ओरसे "जैन प्रकाशक" नामा मासिक पत्र जारी होता है. जिन के सम्पादक जैन भक्त बाबू सूर्य भानुजी वकील देवबन्द निवासि हैं । अब समितिसे निम्न लिखित कार्य और होने वाले हैं—समितिने अपने खर्चेसे दो विद्यार्थीयोंको बंबाई भेजकर कपड़ा बुनने आदिका काम सिखलाया है, वह कार्यकुशल होकर शीघ्रही लौटने वाले हैं, वे लोक एक कारखाना खोलेंगे जिसमें अनाथ बालकोंको शिक्षा दीजायगी एक विधवाश्रम शीघ्रही खुलनेवाला है, और जैन गुरु कुल स्थापित होनेकाभी प्रबन्ध हो रहा है. ।

अपूर्ण.

# શ્રીમાન્ હરિભદ્રસૂરિ અને વર્તમાન જૈન સાહિત્ય.

(લેખક મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ.)

શ્રીમાન્ હરિભદ્રસૂરિનો જન્મ, દીક્ષાસમય, સૂરિસમય, વગેરે ઇતિહાસ મળી શકતો નથી. ચતુર્વિંશતિ પ્રબંધમાં તેમનું ચરિત્ર આપ્યું છે. ગચ્છોત્પત્તિ પ્રકરણમાં તેમનું સ્વર્ગગમન વિ૰ સંવત્ ૫૩૫ માં અને મતાંતરે ૫૮૫ માં થયું છે એમ કહ્યું છે. તેમણે ૧૪૪૪ ગ્રંથો રચ્યા છે એવું કહેવાય છે આમાંના ૩૦ ગ્રંથો કે જે હમણાં લબ્ધ છે તેનાં હમણાજ શ્રી કોન્ફરન્સ તરફથી છપાયેલી જૈન ગ્રંથાવલિમાં નામો પૃષ્ટ ૯૮ એ આપ્યાં છે આમાંથી ષડદર્શન સમુચ્ચય અને યોગબિંદુના શ્રીમંત સરકાર ગાયકવાડના આશ્રયતળે સ્વ૰ સાક્ષર શ્રી મણિલાલ નભુભાઇએ ભાષાંતર કરી છપાવવામાં આવ્યા છે. આ બંને ભાષાંતર હવે મલી શકતા નથી. અને જે બીજા પ્રસિદ્ધ થયા છે તેને અલ્પશકત્યા તપાસીએ.

**ઉપદેશ પદ**—આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. તેનાપર થોડી સંસ્કૃત ટીકા છે. આ ગ્રંથનો પ્રથમ ભાગ શ્રી **જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગે** મૂલ અને ભાષાંતર બંને છપાવી બહાર પાડયો છે અને તેની નોંધ લેતાં અમને સંતોષ થાય છે. આ ગ્રંથ મૂળ ૧૦૪૦ ગાથામાં છે. તેનાપર બે વૃત્તિ થવાતું સાંભળવામાં આવે છે એક મુનિચંદ્રની ૧૪૦૦૦ શ્લોકની અને બીજી વર્ધમાન સૂરિની ૬૪૧૩ શ્લોકની છે. પહેલી કોડાયમાં છે અને બીજી જેસલમીરમાં છે (જુઓ જૈન ગ્રંથાવલિ.)

આ ગ્રંથ ઘણોજ ઔપદેશિક અને બોધમય છે, અને ઐતિહાસિક તેમજ દૃષ્ટાંતરૂપે આપેલી કથાથી ઉપદેશ કથનને વધારે પુષ્ટ બનાવેલ છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિ કે જેણે ૧૪૪૪ વિવિધ ગ્રંથો બનાવ્યા તે પરથીજ જણાય છે કે તેઓની શક્તિ અગાધ હતી, પ્રતિભા જાજ્વલ્યમાન હતી, અને જ્ઞાન અતિશય તીવ્ર હતું. આ ગ્રંથમાં પણ તેમની પ્રતિભા ખુલ્લી રીતે જણાઇ આવે છે.

સમર્થ શ્વેતાંબર મહાત્માઓમાં શ્રીમદ્ હરિભદ્રસૂરિ પ્રથમ પદે બીરાજે તેમ છે. તેમના વિધવિધ વિષયોવાળા ગ્રંથોપરથી તેઓ દર્શનશાસ્ત્રી હતા, એટલુંજ નહિ પરંતુ તેઓ શાસન પ્રભાવક, પ્રખર ન્યાયશાસ્ત્રી, યોગી, સાહિત્યશાસ્ત્રી, અને અનેક શાસ્ત્ર પારંગત મહાત્મા હતા. સિદ્ધર્ષિ (ઉપમિતિ ભવપ્રપંચના કર્તા) જેવા તેમને શિષ્ય હતા (જુઓ ચતુર્વિંશતિ પ્રબંધ) જ્યારે જૈન ધર્મ વિદ્યાપ્રસારક વર્ગ તરફથી બહાર પડેલા જૈન ઇતિહાસ પ્રમાણે તે સિદ્ધમુનિ ગર્ગઋષિના શિષ્ય હતા પરંતુ તે બંને આધાર પ્રમાણે સિદ્ધર્ષિ જ્યારે ચુસ્ત બૌદ્ધ થયા ત્યારે તેમના ગુરૂએ હરિભદ્રસૂરિની 'લલિતવિસ્તરા ચૈત્યવંદનવૃત્તિ' આપી ત્યારે તેઓએ તુરતજ પ્રતિબોધ પામી જૈનધર્મ ફરીને સ્વીકાર્યો. આ પરથી સમજાય છે કે હરિભદ્રસૂરિમાં-તેના એક ગ્રંથમાં કેટલી બધી અગાધતા હોવી જોઇએ. આ ગ્રંથમાં ઉપર કહેલીમાંની એક વૃત્તિ આપી હત તો વધારે ઉપકારી થાત. આમાં આવેલી ટુંક સંસ્કૃત ટીકા કેની છે તે જણાવવું જોઇતું હતું. જાણ્યા પ્રમાણે કોન્ફરન્સ પાસે ઉપદેશપદની હસ્તલિખિત પ્રત છે.

આ ઉપદેશપદ નામનો ગ્રંથ એવો રસિક અને બોધક છે કે તે વાંચવામાં બીલકુલ કંટાળો ન આવતાં તે પૂરો કર્યા વગર રહેવાતું નથી. દૃષ્ટાંતો અતિ યુક્તિસર અને અસરકારક ગુંથેલા છે. આ ગ્રંથ સર્વ વાંચશે, તો કદી પણ લાભ મેળવ્યા વગર રહેશે નહિ. પાકા પુંઠાની કીંમત રૂપીઆ પોણાબે છે તે સુંદર પુંઠું, બાંધણી, પુસ્તકનું ૪૧૬ પાનાનું દલ, સારા કાગળ વગેરે જોતાં ઓછી છે. આને માટે પાલીતાણાના જૈન ધર્મ વિદ્યાપ્રસારકને ધન્યવાદ ઘટે છે. આ ગ્રંથ મુંબઇમાં બુકસેલર શા૰ મેઘજી હીરજીની કું૰ પાયધુણી મળી શકે છે.

**હરિભદ્રસૂરિ કૃત ગ્રંથમાલા**—(પ્રસિદ્ધ કરનાર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર—સહાય સંઘવી દામોદરદાસ નેમચંદની કિં ફક્ત ૪ આના.)

આ ગ્રંથમાલામાં ઉક્તસૂરિના ત્રણ ગ્રંથો નામે શાસ્ત્રવાર્તા સમુચ્ચય, ષડ્દર્શન સમુચ્ચય, અને અષ્ટક મૂલમાંજ છપાવેલ છે. ભાષાંતર કરતાં મૂલની કિંમત વધારે અંકાઇ છે જાણી ઘણો સંતોષ થાય છે. જ્યાં સુધી મૂલ પ્રગટ થયાં નથી ત્યાં સુધી કર્તાની શક્તિનો પ્રભાવનો અને કૃતિના સૌંદર્યનો ખ્યાલ પૂર્ણ રીતે આવી શકવાનો નથી. ભાષાંતર મૂલની ખૂબી કદી સંપૂર્ણ જાળવી શકતું નથી એ જાણીતી વાત છે, અને ભાષાંતરમાંથી મૂલ કદી પણ ઉપજાવી શકાય તેમ નથી, પરંતુ મૂલમાંથી ભાષાંતર ગમે ત્યારે,' ગમે તેટલા અને તેવા ઉપજાવી શકાશે એમાં સંદેહ નથી, તેથી સાહિત્ય પ્રભાવક જૈન મુનિઓની કૃતિ મૂલમાં છપાવી સસ્તામાં આપવાની યોજના વિદ્વાનગણિ શ્રી આનંદસાગરજીના સદુપદેશથી થવા પામી જાણી આનંદ થાય છે.

આ ગ્રંથમાલામાં આવેલા ગ્રંથો ઘણાજ ઉત્તમ છે; વળી તેની ભાષા એવી સરલ સંસ્કૃત ગિરામાં છે કે જરા મહેનતે સામાન્ય સંસ્કૃતનો અભ્યાસી સમજી શકે તેમ છે.

આની સાથે એટલું તો કહેવું પડશે કે વિષય ગહન હોવાથી તેની ટીકાઓનો સમાવેશ કરી ચાર આનાને બદલે આઠ બાર આનાની કીંમતે ગ્રંથમાલા અપાઇ હત, તો વિશેષ કલ્યાણકારી થઇ શકત.

શાસ્ત્રવાર્તા સમુચ્ચયપર સ્વોપજ્ઞ કૃત લઘુવૃત્તિ, અને યશોવિજયકૃત વૃત્તિ (નામે સ્યાદ્‌વાદ કલ્પલતા)છે, ષડ્દર્શન સમુચ્ચયપર ગુણરત્નસૂરિની વૃત્તિ છે અને અષ્ટકપર જિનેશ્વરની વૃત્તિ છે. આ સઘળી વૃત્તિઓનું શ્લોકપ્રમાણ જોતાં સત્તાવીશ હજાર છસોનું લગભગ થઇ જાય છે. આ સૌ છપાવતાં અલબત ગ્રંથમાલાનું દલ મહાભારત વધી જાય, અને પુસ્તકની કીંમત પણ ઘણી વધુ થાત. અને તેજ કારણથી ધર્મપ્રસારક સભાએ મૂલ છપાવવાનો માર્ગ ઉત્તમ ધાર્યો હશે છતાં આટલું તો કહેવું પડશે કે હમણાંના ગમે તેવા વિદ્વાન પાસે ઉઘલાં મૂલ પુસ્તકો લઇને જાઓ અને જેટલું તેઓ સમજાવી શકશે તેના કરતાં મારા ધારવા પ્રમાણે ઉપલી વૃત્તિઓ- આપણા પૂર્વ મહાનસૂરિ કૃત—વધારે સ્પષ્ટતાથી અને યુક્તિ પુરઃસર સમજાવી શકશે.

આવી ગ્રંથમાલાઓનો છેવટે વિજય ઇચ્છી જૈનધર્મપ્રસારક સભા વધારે પ્રેરીત થઇ સાહિત્ય સમૃદ્ધિમાં વિશેષ ફાળો આપતી રહે એવી આશા રાખીએ છીએ.

**લોકતત્વ નિર્ણય**—(મૂલ અને ભાષાંતર-પ્રસિદ્ધકાર શ્રી જૈનધર્મપ્રસારક સભા ભાવનગર,) આ ગ્રંથમાં માધ્યસ્થ્ય દૃષ્ટિથી શ્રીમાન્ હરિભદ્રસૂરિએ તુલનાત્મક નિર્ણય પ્રતિપાદિત કર્યો છે. ષડ્દર્શન સમુચ્ચયમાં જે કૌશલ્ય વાપર્યું છે તેવું કૌશલ્ય આમાં પણ જણાય છે. તેઓ કહે છે કે

**पक्षपातो नमे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्ति मद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

સ્વમતમાં આગ્રહ કર્યા વગરજ શ્રીમદે સર્વધર્મનાં શાસ્ત્રો ખોળ્યાં અને તેમાંથી જે યુક્તિવાળું જોયું તેજ તેમણે સ્વીકાર્યું. જૈન ધર્મ તેમને વધારે યુક્તિમત્ લાગ્યો, તેથી તે કઇ રીતે યુક્તિમત્ છે તે તેમણે બીજા ધર્મોની સાથે સરખામણી કરી પ્રમાણોથી પ્રતિપાદિત કર્યું છે. દેવનું સ્વરૂપ, લોકતત્વ વિષે કર્તા અકર્તાનો વાદ, વગેરેમાં જુદા જુદા ધર્મોના વાદ (Thoenes) પૂર્વ પક્ષ લઇને તેને પ્રબલ પ્રમાણોથી એક નિશ્ચયમાં

લાવે છે. અને તે શૈલીથી પૂર્વ પક્ષની સામે સ્વપક્ષનું સ્થાપન કરે છે. તે શૈલી બહુજ ન્યાય પુરઃસર (Logical) છે.

આ ગ્રંથમાં લગભગ ૧૭૦ શ્લોક છે પણુ તે ધર્મ તુલનાત્મક ( Comparative religious system ) પદ્ધતિથી જૈન ધર્મનું સ્થાપન કરવામાં જે ઇતિહાસ જૈનતત્વજ્ઞાન સંબંધી લખવાની જરૂર છે તે ઇતિહાસ માટે ઘણીજ ઉપયોગી છે. હરીભદ્રસૂરિનું ષડ્દર્શન સમુચ્ચય પણુ તેવુંજ ઉપયોગી છે, અને તેની મદદથી સ્વ૦ પ્રોફે૦ મણિલાલ નભુભાઇએ લંડનની આઠમી ઇન્ટરનેશનલ ઓરીએંટલ કોંગ્રેસમાં વેદાન્ત અને જૈન ધર્મની તુલના પર લખેલો અંગ્રેજી નિબંધ મોકલ્યો હતો.

આ ગ્રંથ ઉપરથી શ્રીમદ્ હરિભદ્રસૂરિના સમયમાં કેટલા કેટલા વાદો ( Religions systems-theories ) હતા તે પણુ જણાય તેમ છે અને તેથી તે વાદોની સાથે હમણાંના વાદો સરખાવી શકાય તેમ છે.

ટુંકામાં જૈન ધર્મનું સ્વરૂપ અન્ય ધર્મોની અપેક્ષાએ કેવું છે તે સમજવામાં આ અને ષડ્દર્શન સમુચ્ચય અતિ ઉપયોગી છે. આ ગ્રંથપર વૃત્તિ કોઇએ કરી હોય તેવું જાણુવામાં નથી.

યોગબિંદુ—(ભાષાંતર-કર્તા સ્વ૦ સાક્ષર મણિલાલ નભુભાઇ દ્વિવેદી બી૦ એ૦ આશ્રયદાતા-વડોદરા દેશી કેલવણી ખાતું, મૂલ્ય છ આના ) આપણામાં મન વચન અને કાયાનો યોગ તે યોગ કહે છે. આમાં જણાવવામાં આવ્યું છે કે ગોચર, સ્વરૂપ અને ફલ એનો યોગ તે યોગનું સ્વરૂપ એવી સુરસ, તાત્વિક અને માર્ગદર્શક રીતે દર્શાવેલું છે કે તેવું સ્વરૂપ બીજા કોઇ અન્ય ગ્રંથમાં દર્શાવ્યું હોય એવું જાણુવામાં નથી.

આ ગ્રંથના મૂળ શ્લોક ૫૨૦ છે પણુ આમાં ૪૯૭ શ્લોકનું ભાષાંતર છે. આ મૂળના ભાષાંતર સાથે નીચે ફુટનોટમાં ટીકા આપેલ છે પણુ તે કેની ટીકા છે તે જણાવવામાં આવ્યું નથી. ટીકા પરથી ટીકાકાર કોઈ અદ્દભુત યોગવેત્તા અને શાસ્ત્રપારંગત હોવા જોઇએ, કારણુ કે જૈન ધર્મના પારિભાષિક શબ્દોના અન્વયાર્થ શબ્દો બીજા ધર્મોમાં શું છે? અન્ય ધર્મોના મતો કયા છે? વગેરે એવું સ્પષ્ટતાથી સમજાવ્યું છે કે વિષય ગહન હોવા છતાં ઘણો સુગમ થઇ ગયો છે. આ ગ્રંથના અને તેની ટીકાના એકેક એક વાકયો એવા ગંભીર અને તલસ્પર્શી છે કે તે બુદ્ધિ એકદમ આનંદથી ગ્રહણુ કરી સમજી શકે છે તોપણુ તે વારંવાર વાંચી મનન કર્યા વગર ગૂઢ રહસ્ય સમજી શકાય તેમ નથી. વળી તે જેમ જેમ વધારે વખત વાંચીએ, અને મનન કર્યા જઈએ તેમ તેમ નવું જાણુવાનું, નવું વિચારવાનું અને નવું આનંદ દેનારૂં મળ્યે જાય છે. આ ગ્રંથની ઉત્તમતા એકદમ વિના વિલંબે કબ્જા વગર ચાલે તેમ નથી.

આ ગ્રંથ લૉજીક (ન્યાય-તર્ક) ભણેલા કૉલેજીઅનોને વાંચવાની ખાસ અગત્યતા છે. આ ગ્રંથ ખરેખર તેમના માટે જૈન ધર્મની સ્ટાંડર્ડ ટેક્ષ્ટબુક તરીકે થાય તેમ છે.

આવી ટેક્ષ્ટબુક તરીકે યોગ્ય રીતે ચલાવવા માટે આ ગ્રંથ અવશ્ય સંસ્કૃત મૂળમાં, તેની બધી ટીકા સાથે પ્રસિદ્ધ થવા યોગ્ય છે. હજી સુધી તેમ થયું નથી, જાણી ઘણીજ દીલગીરી રહ્યાં કરતી હતી, પરંતુ જાણીને ઘણોજ આનંદ થાય છે કે ઇટલીના ડાક્ટર સ્વાલીના હસ્ત નીચે પસાર થયેલ સંસ્કૃત આવૃત્તિ ભાવનગરની શ્રી જૈનધર્મપ્રસારક સભાએ ટીકા સાથે છપાવવાનું કયારનું શરૂ કરી દીધું છે. અને આ ભાષાંતર હવે મળતું ન હોવાથી ભાવનગરની આત્માનંદ સભાએ ભાષાંતર છપાવવાનું માથે લીધું છે.

**ષડ્દર્શન સમુચ્ચય**—તે પણ યોગબિંદુ સંબંધે જણાવ્યા પ્રમાણે ઉત્તમ તત્વ અને ન્યાયનો ગ્રંથ છે. જૈનદર્શનની વિવિધ ધર્મોની સાથે સરખામણી, તેમાંથી નીકળતી જૈનધર્મની અપૂર્વતા અને સંગીનતાનો ખ્યાલ ખાસ અભ્યાસીને આવી જાય છે. તત્વપર્યેષકને આ ગ્રંથની ખાસ ગવેષણા કરવી ઘટે છે. સ્યાદ્વાદમય જૈનદર્શનનુ ગૂઢ રહસ્ય આ ગ્રંથથી સપ્રમાણ ઉકેલી શકાય તેમ છે.

આ ગ્રંથનું ભાષાંતર (હમણા લભ્ય નથી) ઉક્ત સ્વ૦ મણિભાઇએજ વડોદરા ગાયકવાડ સરકારના આશરા તળે કર્યું છે. ભાષાંતરમાં ભાષાંતર કર્તાના અપરિચયને લઇને ઘણી ભુલો થઇ છે, છતાં તે હજુ સુધી કોઇ જૈનવીર સપ્રમાણ બહાર પાડી શકયા નથી જાણી દીલગીરી. આના ઉપરની ટીકા ગુણરત્નસૂરિની ૪૨૫૨ શ્લોકમાં છે તે હજુ સુધી પ્રગટ મૂળમાં થઇ નથી જોઇ દીલગીરી પણ સાંભળવા પ્રમાણે છાપવાની એક સંસ્થાએ કબુલાત આપી છે.

હવે જૈનોના જ્ઞાન સૂર્યનું પ્રભાત થયું છે. ઉપરના ગ્રંથો એક એકથી ભિન્ન અને ઉત્તમ છે. પરંતુ અફસોસ સંપૂર્ણ તો એ છે કે શ્રીમાન્ હરિભદ્રસૂરિજીના ૧૪૪૪ ગ્રંથો હોવા છતાં ફક્ત ઉપલા ગ્રંથો છિન્ન ભિન્ન દશામાં પ્રકટ થયા છે અને **જૈન** ગ્રંથાવલિના કહેવા પ્રમાણે ફક્ત ૩૦ ગ્રંથો પૂર્ણ અપૂર્ણ સ્થિતિમાં ઉપલબ્ધ છે ! ! !

પુરૂષાર્થ કાર્ય સિદ્ધિમાં પ્રથમ દરજ્જે છે. સાધુ મુનિઓ પાસે, ભંડારોમાં પડેલાં પુસ્તકોનો સંગ્રહ ઘણો જબરો થાય તેમ છે અને તેમાંથી કહેવાતા અનુપલબ્ધ હરિભદ્રસૂરિના ગ્રંથો ઉપલબ્ધ થાય તેમ છે, તો તે ઉપલબ્ધ થવામાં સાધુ મુનિઓ અને ભંડારીઓ મદદ કરશે તો ઉપલબ્ધ થતાં પ્રસિદ્ધ થયે તેઓ અનેક જ્ઞાનાવરણીય કર્મનો વિના વિલંબે ક્ષય કરી શકે તેમ છે અને અનેક મનુષ્યોને જૈન ધર્મની પવિત્રતામાં રત--નિમગ્ન કરશે.

શ્રીમદ્ હરિભદ્રસૂરિ મૂળ એક વિદ્વાન્ બ્રાહ્મણ પુરોહિત હતા, તેથી તેઓએ અનેક અન્ય ધર્મોનાં શાસ્ત્રો હસ્તકમળવત્ કર્યાં હતા અને તે છતાં તેઓ જૈન થયા, તે **જૈન** ધર્મની ખૂબી, અને પ્રમાણભૂત સિદ્ધાંતો વગર બને નહિ. તો જૈન ધર્મની ખૂબી અને પ્રમાણભૂત સિદ્ધાંતોનું સ્પષ્ટ પ્રાગટ્ય તેમના અદ્ભુત ગ્રંથો વગર કદી થવાનું નથી, કારણકે તેમના અદ્ભુત ગ્રંથોથી જ તેઓ આપણા મહાત્માઓમાં સર્વોપરી સ્થાન ભોગવે છે. સ્વ૦ પ્રો૦ મણિલાલ નભુભાઇ જેવા સાક્ષર અન્યધર્મી વિદ્વાને પણ ઉક્ત સૂરિવર્યના સંબંધે જોકે એકાંતે (કારણકે તેમણે સૂરિશ્રીના બધા ગ્રંથો જોયા ન હતા) ષડ્દર્શન સમુચ્ચયપર લખ્યું છે કે 'આ ગ્રંથનો ઉદ્દેશજ એ છે કે સર્વ દર્શનોમાં જૈન સ્યાદ્વાદ પરમ દર્શન છે એમ બતાવવું, અને તે રીતે શ્રી હરિભદ્રાચાર્યે યથાર્થ રીતે સિદ્ધ કરી બતાવ્યું પણ છે; જોકે મને પોતાને તો એમ નિશ્ચય છે કે, વેદાન્ત દર્શનનું યથાર્થાવલોકન કર્યું હોત તો એવી કુશાગ્ર બુદ્ધિના પંડિતને પોતાના કેટલાક વિચાર ફેરવવાનું કારણ મળત. કેમકે તેમની પ્રતિજ્ઞા જ એવી છે કે "મારે શ્રી વીરનો પક્ષપાત નથી, કપિલાદિનો દ્વેષ નથી, જેનું વચન સયુક્તિક જણાય તેનો સંગ્રહ કરવાનો નિશ્ચય છે 'અસ્તુ.'

આ છેલ્લાં વાક્યો કે જે કહે છે કે ઉક્ત સૂરિશ્રીએ વેદાંત દર્શન અવલોક્યું નથી, એ ભૂલભરેલાં છે એવું આપણામાં સા૦ મનસુખલાલ કીરતચંદ મ્હેતા નીચે પ્રમાણે કહે છે "શ્રી હારભદ્રસૂરિએ 'ધર્મ સંગ્રહણી' નામનો ગ્રંથ રચ્યો છે, તે જો પ્રો૦ મણીભાઇના અવલોકન તળે આવ્યો હત તો તેમના મનનું શલ્ય નીકળી જાત. હરિભદ્રસૂરિને વેદાંતની ખબર હતી કે નહિ તેની ખબર પડત, અને કદાચ પોતે પણ પોતાનો વિચાર ફેરવત.

શાંતિ શામ્

# શ્રી યશોવિજય કૃત નિશ્ચય વ્યવહાર ગર્ભીત સીમન્ધર જિન સ્તવન.

( ગયા અંકથી ચાલુ. )

## ઢાલ ૨.

### મન વશીયા—એ દેશી.

કોઇક વિધિ જોતાં થકાં રે, છાંડે અવિ વ્યવહાર રે મન વશીયા;
ન લહે તુજ વચને કહ્યું રે, દ્રવ્યાદિક અનુસાર રે ગુણ રસીયા. ૧૩
પાઠગીત નૃત્યની કળા રે. જેમ હોય પ્રથમ અશુદ્ધ રે મન વસીયા;
પણ અભ્યાસે તે ખરી રે, તેમ ક્રિયા અવિરૂદ્ધ રે ગુણ રસીયા. ૧૪
મણિશોધક શત ખારના રે જેમ પુટ સફળ પ્રમાણ રે મન વસીયા;
સર્વ ક્રિયા તેમ યોગને રે, **પંચ વસ્તુ** અહિનાણ રે ગુણ રસીયા. ૧૫
પ્રીતિ ભક્તિ યોગે કરી રે, ઇચ્છાદિક વ્યવહાર રે મન વશીયા;
હિણો પણ શિવહેતુ છે રે, જેહને ગુરૂ આધાર રે ગુણ રસીયા. ૧૬
વિષ ગરલ અનુષ્ટાન છે રે, હેતુ અમૃત જેમ પંચ રે મન વશીયા;
કિરિયા તહાં વિષ ગર કહીરે ઇહ પરલોક પ્રપંચરે ગુણ રસીયા. ૧૭
અનુષ્ટાન હૃદય વિના રે, સંમૂચ્છિમ પેરે જોય રે મન વશીયા;
હેતુ ક્રિયા વિધિ રાગથીરે, ગુણ વિનયીને જાયરે ગુણ રસીયા. ૧૮
અમૃત ક્રિયામાં જાણીયે રે, દોષ નહીં લવલેશ રે મન વશીયા;
ત્રિક ત્યજવાં દોય સેવવાં રે, યોગ બિન્દુ ઉપદેશ રે ગુણ રસીયા. ૧૯
ક્રિયા ભક્તિએ સદીયે રે, અવિધિ દોષ અનુબંધ રે મન વશીયા;
તિણે શિવ કારણ તે કહ્યો રે, **ધર્મ સંગ્રહણી** પ્રબંધ રે ગુણ રસીયા. ૨૦
નિશ્ચય ફલ કેવલ લગે રે, નવિ ત્યજીયે વ્યવહાર રે મનવશીયા;
ચક્રી ભોગ પામ્યા વિના રે, જેમ નિજ ભોજન સાર રે ગુણ રસીયા. ૨૧
પુન્ય અગ્નિ પાતિક વહે રે, જ્ઞાન સહેજે ઓલ્હાય રે મન વશીયા;
પુન્ય હેતુ વ્યવહાર છે રે, તેણે નિરવાણ ઉપાય રે ગુણ રસીયા. ૨૨
ભવ્ય એક આવર્તમાં રે, ક્રિયાવાદી સુસિદ્ધ રે મન વશીયા;
હોવે તેમ બીજો નહીં રે, **દશાચુર્ણિ** સુપ્રસિદ્ધ રે ગુણ રસીયા. ૨૩
એમ જાણીને મન ધરે રે, તુજ શાસનનો રાગ રે મન વશીયા;
નિશ્ચય પરિણતિ મુનિ રહે રે, વ્યવહારે વડ લાગે રે ગુણ રસીયા. ૨૪

## ઢાલ ૩.

### ભોલિડાં રે હંસા રે વિષય ન રાચીયે—એ દેશી.

સમકિત પક્ષ જ કોઇક આદરે, કિરિયા મંદ અણજાણ;
શ્રેણિક પ્રમુખ ચરિત્ર આગળ કરે, નવિ માને ગુરૂ આણ
અંતરજામી રે તું જાણે સર્વે (એ ટેક) ૨૫

તે કહે શ્રેણિક નવી નાણી હુઓ, નવિ ચારિત્ર પ્રધાન;
સમકિત ગુણથી રે જિનપદ પામશે, એહિજ સિદ્ધ નિદાન. અંતર૦ ૨૬
તે નવિ જાણે રે કિરિયા ખપ વિના, સમકિત ગુણ પણ તાસ;
નરક ગણી ગતિ નવિ છેદી શકે, એ આવસ્યકે ભાસ. અંતરજામી૦ ૨૭
ઉજવલ તાણે રે વાણે મેલડે, સોહે પટ ન વિશાળ;
તેમ નવિ સોહે રે સમકિત અવિરતે, બોલે ઉપદેશમાલ અંતરજામી૦ ૨૮
વિરતિ વિઘન પણ સમકિત ગુણ વર્યો, છેદે પલિય પુહુત્ત;
આણંદાદિક વ્રત ધરતા કહ્યો, સમકિત આથેરે સુત્ત અંતરજામી૦ ૨૯
શ્રેણિક સરિખા રે અવિરતિ થોડલા, જે નિકાચિત કર્મ;
તાણી આંણે રે સમકિત વિરતિને, એ જિન શાસન મર્મ. અંતરજામી૦ ૩૦
બ્રહ્મ પ્રતિજ્ઞારે વિણુ લવ સત્તમા, બ્રહ્મવ્રતી નહિં આપ;
અણ કીધાં પણ લાગે અવિરતે, સહેજે સઘળાં રે પાપ. અંતરજામી૦ ૩૧
એહવું જાણી રે વ્રત આદર કરે, યત્ને સમકિત વંત;
પંડિત પ્રીછે રેડથોડે જેમ ભણે, નાવે બોલ અનંત; અંતરજામી૦ ૩૨
અંધા આગે રે દરપણ દાખવો, બહિરા આગે રે ગીત;
મુરખ આગે રે પરમારથ કથા, ત્રણે એક જ રીત; અંતરજામી૦ ૩૩
એહવું જાણીરે હું તુજ વિનવું, કિરિયાં સમકિત જોડ;
દીજે કીજેરે કરૂણા અતિ ઘણી, મોહસુભટ મદ મોડ. અંતરજામી૦ ૩૪

**ઢાલ. ૪** ગિરૂઆએ ગુણ તુમતણા એ દેશી.

ઇણીપેરે મેં વિનવ્યો, સીમન્ધર ભગવંતોરે;
જાણું હું ધ્યાને પ્રગટ હુંતો, કેવલ કમલા કંતોરે.
જયો જયો જગગુરૂ જગધણી ( એ ટેક. ) ૩૫
તું પ્રભુ હું તુજ સેવકો, એ વ્યવહાર વિવેકોરે;
નિશ્ચય નય નહિં એ તરૂં, શુદ્ધ નિરંજન એકોરે. જયો૦ ૩૬
જેમ જેમ સકલ નદી તણો, જલનિધિ જલ હોયે ભેળોરે;
બ્રહ્મ અખંડ સખંડનો, તેમ ધ્યાને એક મેળોરે. જયો૦ ૩૭
જેણે આરાધન તુજ કર્યું, તસ સાધન કુણ લેખેરે;
દૂર દેશાંતર કુણ ભમે, જે ઘર સુરમણિ દેખેરે. જયો૦ ૩૮
અગમ અગોચર નય કથા, પાર કુણે ન લહીયે રે;
તિણે તુજ સાશન ઇમ કહે, બહુ શ્રુત વયણડે રહીયે રે. જયો૦ ૩૯
તું મુજ એક હ્રદય વસ્યો, તુંહિજ પર ઉપકારી રે;
ભરત ભવિક હિત અવસરે, મુજ મત મુકો વિસારી રે. જયો૦ ૪૦
ઇમિ વિમળ કેવળ જ્ઞાન દિણયર, સયલગુણ રયણાયરો,
અકલંક અમલ નિરીહ નિરમમ, વિનવ્યો સીમન્ધરો;
શ્રી વિજય પ્રભસુરિ રાજે, વિકટ સંકટ ભય હારો;
શ્રી નયવિજય બુધ શિષ્ય વાચક, યશ વિજય જય જય કરો ૪૧

# શ્રી ગિરનારજી સંબંધી ભાઇબંધ પત્રકારોના અભિપ્રાય

## જુનાગઢ અને જૈનો.

જુનાગઢ જેવા એક પહેલી પંક્તીના દેશી રાજ્યમાં પ્રજાના એક વર્ગની ધર્મ સંબંધી લાગણી દુખાવાનો બનાવ બને અને તેને રાજ્ય સામે દાદ મેળવવાનો પોકાર ઉઠાવવાની ફરજ પડે, તે દેશી રાજ્યોના હીતચીંતકોને દુઃખ ઉપજાવનારૂંજ થઇ પડશે. જુનાગઢના ગીરનારજીનાં જૈન તિર્થ પુરાતન વખતનાં યાને હાલના રાજકર્તા બાબી વંશની શરૂઆત અગાઉના જૈનોની માલિકીનાં જાણીતાં છે. છતાં તેમના એ ધર્મ સ્થળ ઉપરની એક જૈન ધર્મશાળા રાજ્ય તરફથી તોડી પાડવામાં આવી છે, અને ત્યાં પાયખાના બાંધવામાં આવે છે એ જાણી જૈન કોમની લાગણી કેટલી સખ્ત દુખાઇ છે તે લંબાણથી વીસ્તારવાની જરૂર નથી. જુનાગઢના નામદાર નવાબ સાહેબ જેઓ પોતાની પ્રજાના પીતા સમાન છે, તેઓ તરફથીજ પોતાના રાજની પ્રજાના એક વર્ગનીજ નહી, પણ કુલે હીંદી પ્રજાના એક વર્ગની લાગણી દુખાવીને પણ કાંઇક હઠથી કામ લેવામાં આવે છે એ ઘણુંજ સોચનીય છે. ગીરનારજીનાં પવિત્ર તીર્થ એ રાજ્યમાં હોવાથી ખુદ એ રાજયની મહત્વતામાં વધારો થાયછે, તો એ પવિત્ર સ્થળની ખુદ અકબર બાદશાહે એક બાદશાહી પરવાનાથી જૈનોને આપી દીધેલી જગા ઉપર રાજ્ય તરફથી દાવો કરવાને બદલે કૃપાવંત નવાબ સાહેબે તો ઉદાર દીલ બતાવી જરૂર હોય તો સામી જમીનની બક્ષિશ કરવી ઘટે છે કે જેથી એ નામદારની કીર્તિમાં જયાદા વધારો થાય. ખુદ ઇંગ્રેજ સરકાર પોતાની પ્રજાની ધર્મ સંબંધી લાગણી અને હકો જાળવવાને આતુર રહેછે, તો એજબુલંદ સરકારની બાંહેધરી હેઠળનું એક મોટું દેશી રાજ સેંકડો વરસો થયાં વપરાતી આવેલી જૈન ધર્મ સ્થળની જગા ઉપરનું બાંધકામ તોડી પાડી તે જગા પોતાને કબજે લઇ જૈનોનો હક ડુબાડવા નીકળે, એ કાંઇજ નહી પણ એ નામદારને તેમના કારોબારીઓ તરફથી સારી સલાહ નહી મલવાનુંજ પરીણામ લેખી શકાશે. અમોને પૂરણ ભરોસો છે કે જો નામદાર નવાબ સાહેબ જૈનોનાં એક વગવાળા ડેપ્યુટેશનની મુલાકાત લેવાની મહેરબાની બતાવે તો તે એ નામદારને ખાત્રી કરી આપી શકશે કે, સેંકડો વર્ષ થયાં તેઓ આ જગાનો ભોગવટો કરતા આવેલા છે. જે સારૂં છેવટ સમજુતીથી લાવી શકાય તે માટે ઈન્સાફની કોર્ટનો આશરો શોધવા જવાની જૈનોને ફરજ પાડવાની વલણ ઘણીજ ખેદકારક લેખાશે. પણ જયારે નવાબ સાહેબના સલાહકારોએ રાંક જૈનોને ઇન્સાફની અદાલતનો આશરો લેવાની ફરજ પાડી છે, ત્યારેતો એ ઈન્સાફ તેમને ચોખ્ખો અને સ્વતંત્ર રીતે મળે તેની આડે આવવા જેવું થવા દેવું જોઇતું નથી. તકરારી જગાના સંબંધમાં જૈનોએ દોઢ વર્ષ થયું જે દાવો નોંધાવ્યો છે, તેનો ફેંસલો થતાં સુધી એ જગા ઉપર કાંઇબી બાંધકામ થતું અટકાવવાનો હુકમ મેલવવાની રાજ પ્રકરણી કોર્ટને અરજ કરી હતી. આ અરજની સુનાવણી આખરે આવતી તા૦ ૨૧મીને દીને સાંભળવાનું કોર્ટે ઠરાવ્યું છે તે છતાં ગઇકાલે અમો પ્રગટ કરી ગયા તેમ ડુંગર વહીવટદાર મી૦ લીલાધરના હુકમથી તકરારી જગા ઉપર પાયખાનાં બાંધવા શરૂ કરી દીધાં છે. કોર્ટમાં હજી સુનાવણી થનાર છે તેટલામાં સત્તાને જોરે આમ ખુદ રાજ તરફથીજ હરકત નાખવા જેવું થાય તે અદલ ઇન્સાફને ન છાજતુંજ નહી પણ એ રાજ્યની કોર્ટને પણ અપમાન કરવા જેવું થયું છે. અમો આશા રાખીએ છીએ કે આ ધર્મ સંબંધી લાગણી દુખવવા જેવી નાજુક બાબત વધુ ન લંબાવતાં નવાબ સાહેબ કાંઇ સમજુતીથી મોટી જૈન કોમનું માન જાળવશે.  અખબારે સોદાગર તા–૧૩–૮–૦૫.

# જુનાગઢના નામદાર નવાબ અને જૈનો વચ્ચે એક મકાનની માલેકી વીષે પડેલો વાંધો.

કાઠીયાવાડમાં આવેલા જુનાગઢ શેહેરની તદન બાજુમાંજ આવી રહેલો ગીરનારનો ઇતિહાસીક અગત ધરાવનારો પર્વત જૈનો વચ્ચે ઘણા કાળથી પવીત્ર માનવામાં આવે છે, અને જે થોડાં સ્થળોને જૈનો પોતાનાં પરમ પવીત્ર તીર્થો તરીકે માની તેમની જાત્રાએ જવામાં મોટું મહાત્મ્ય માને છે, તેઓમાંના એક તરીકે આ શ્રી ગીરનારજીને પણ માનવામાં આવે છે. આ પર્વત સાત જુદી જુદી અને એક બીજાથી અલગ પડી ગયલી ટુંકોમાં વેહેંચાઇ ગયલો છે, અને તેઓમાંની પાંચ ઉપર જવા માટે મોટા ખર્ચે પગથીયાં બાંધવામાં આવ્યાં છે. તેઓમાંની પહેલી ટુંક ઉપર માત્ર જૈનોનાંજ દેરાસરો આવી રહેલાં છે, જેમને ફરતી એક દીવાલ ચણી લીધેલી હોવાથી તેને ઘણાઓ કોટ તરીકે ઓળખે છે. આ ટુંક ઘણી રમણીય અને સૌથી વધારે જોવા લાયક માનવામાં આવે છે, કારણકે તે ઉપરનાં મંદીરો ઘણાં ભવ્ય, પ્રાચીન સમયની શીલ્પકળાનો ભાસ આપનારાં અને જૈનોમાં ધાર્મીક ભાવના ઉત્પન્ન કરનારાં છે. આ કોટની અંદર દાખલ થવા માટે જે દરવાજો બાંધવામાં આવ્યો છે તેમાં દાખલ થતાંજ જૈનોનાં કારખાના કે કોઠી આવી રહેલી છે અને ત્યાં જૈનોના મુનીમ વગેરે આસામીઓ દેરાસરોનો વહીવટ ચલાવવા માટે રહે છે. કારખાનાની બાજુમાં એક મકાન મુસાફરોને ઉતરવા માટેનું છે, જેમાં જૈનો સીવાયના લોકોને પણ ઉતરવા દેવામાં આવે છે કોટની અંદર જવા માગનારાઓને જૈન ધર્મની લાગણીઓ સચવાય તેવી રીતે વર્તવાનો આગ્રહ કરવામાં આવે છે, અને કોઇક અપવાદો સીવાય તેમજ વર્તવામાં આવે છે. આ કીલ્લા કે કોટની અંદર આવેલા એક મકાનની માલેકીના સંબંધમાં નામદાર નવાબ સાહેબ અને જૈનો વચ્ચે કેટલો સમય થયો એક તકરાર ઉભી થઇ છે. તે મકાન કીલ્લાની અંદર આવેલું છે અને જઇનોના કહેવા મુજબ આસરે સવાસો વરસ ઉપર જઇનોએ તે બંધાવ્યું હતું, અને તે પછી વખતો વખત તેનું સમારકામ પણ જૈનોએ પોતેજ કરાવ્યું હતું, જે દરેકના ખર્ચનું નામું જૈનોના કારખાનાના ચોપડાઓમાં છે. તે ઉપરાંત તેની આસપાસ કુંડ વગેરે બાંધકામો પણ પોતે કરાવેલાં હોવાની દલીલ તેઓએ રજુ કરી છે. બીજા હાથ ઉપર રાજ્યના અધીકારીઓ તરફથી એવું જણાવવામાં આવ્યું છે કે તે મકાન રાહખેંગારના મહેલની સામે આવેલી રાહખેંગારની ઘોડારના નામે ઓળખાય છે, અને લાંબી મુદતથી તે મકાન રાજ્યના કબજા ભોગવટામાં છે. આ રીતે માલેકીનો વાંધો ઉઠવાનું કારણ તે મકાન રાજ્યના અધીકારીઓ તરફથી તેને તોડાવી નાંખવાની કરવામાં આવેલી શરૂઆત વેળા ઉભું થયું હતું. મકાન તોડી પાડવાનું કારણ અધીકારીઓ તરફથી એવું જણાવવામાં આવે છે કે તેનો અમુક ભાગ તદન ખળભળી ગયેલો હોવાથી તેમાં રહેતા સરકારી માણસોને અને જાનવરોને જફા પહોંચે તેવી સ્થીતી જણાતાં મકાનને પાડી નાંખવાની જરૂર પડી છે. વાંધાની ઉત્પત્તી થયા પછી તરતમાંજ તેને પાડી નાખવાનું હતું અને તેમ કરતાં તેઓને અટકાવવા માટેનો જે કાંઇ ઇલાજ જૈનોને સુજ્યો તે ત્યાંની રાજ્યપ્રકરણી અદાલતને અરજ કરી આ

મકાન તોડી પાડવામાં આવતું અટકાવવા માટેનો મનાઈ હોકમ મેળવવા માટેનો હતો. કાયદાની નજરે તો તેજ માર્ગ ઉત્તમ હતો. પણ દેશી રાજ્યોમાં રાજા અને પ્રજા વચ્ચે જે સંબંધ રહ્યો છે તે જોતાં માનવાને અમો લલચાઇએ છીએ કે જો તે કામ અટકાવવા માટે જુનાગઢના જૈનોએ ત્યાંના સંઘને એકઠો કરી નામદાર નવાબ સાહેબ કે તેમના મુખ્ય સલાહકાર દીવાન મી૦ મીરઝા અબ્બાસઅલીબેગ પાસે જાતે ફર્યાદ પહોંચાડવા અને તેઓ મારફતજ એ કામ બંધ રખાવવા કોશેશ કરી હોત તો તેમાં તેઓ વધારે ફતેહમંદ નીવડત અને કદાચ તે મકાન જોખમભરેલી હાલતમાં હોવાનાં કારણે તરતમાં તોડી નાખવા વગર બીજો ઇલાજ ન હોત તોપણ તે તોડી નાખવા અથવા યોગ્ય સમારકામ કરવાની ફરજ જૈનો ઉપર નાખવામાં આવત, અને તે પછી યોગ્ય વખતે તેની માલેકીના સવાલનો ફડચો કરાવી શકત. જૈન ભાઇઓએ ગઇ તા૦ ૩૦ મી મેના દીવસે રાજ્યપ્રકરણી અદાલત પાસેથી મનાઈ હોકમ માગ્યો હતો, પણ તે મનાઇ હોકમ કહાડી આપવામાં કાયદા સંબંધી કયો બાધ એ અદાલતને નડયો હશે તે સમજવું લગાર મુશ્કેલ પડે છે. તા૦ ૩૦ મી મેને દીને માંગવામાં આવેલા મનાઇ હોકમનો કાંઈ જવાબ ચાર દીવસ સુધીમાં નહીં મળતાં તા૦ ૨ જી જુનને દીને ફરી બીજી અરજ કરવામાં આવી, અને ત્યારે પણ સુનાવણી માટેનો દીવસ તા૦ ૬ ઠી જુનનો ઠરાવવામાં આવ્યો અને તે પછી તકરારી મકાન જાતે જોવા જવા ઠરાવવામાં આવ્યું. તા૦ ૯ મી જુનના દીવસે ન્યાયાધીકારી તે મકાન જોવા ગયા ત્યારે તો મકાનને તદન તોડી પાડવામાં આવ્યું હતું, અને કોઈ જાતનો મનાઈ હોકમ કહાડવાની સ્થીતીમાં તેઓ રહ્યા ન હતા. મનાઈ હોકમ સાથે મકાનની માલેકીના સવાલને ઘણો સંબંધ નથી. મનાઇ હોકમ માગવાનાં સબળ કારણો અરજદારોને હતાં, અને તે કારણો ધ્યાનમાં લઇને જો મનાઈ હોકમ કહાડવામાં આવ્યો હોત તો તેથી માલેકી હક્કો ફડચો કાંઇ થઈ જવાનો ન હતો. વળી તે માટે કોઇ સાક્ષી પુરાવો બાહેરગામથી કે લાંબેથી મગાવવાનો ન હતો, તે જોતાં વચ્ચે કહાડી નાખવામાં આવેલો દસથી અગ્યાર દીવસ જેટલો વખત શા કારણે કહાડી નાખવામાં આવ્યો અને આખેરે પોતાની સત્તાનો કાંઈ ઉપયોગ કરી નહીં શકાય એવી લાચાર સ્થીતિ અનુભવવી પડી તે વીષેનો ખુલાસો જાણવાને આપણે ઇચ્છીશું. રાજ્યપ્રકરણી અદાલતના આ કાર્યના સંબંધમાં જે કાંઇ સાર અમો કહાડી શકીએ છીએ તે માત્ર એટલોજ છે કે માગવામાં આવેલો ઇન્સાફ આપવામાં તેણે અસાધારણ શીથીલતા બતાવી છે અને તેનું તા૦ ૯ મીએ તેને અનુભવવું પડેલું પરીણામ જોઈને તે ન્યાયાધીકારી પોતે પણ ઓછા દલગીર નહીં થયા હોય. તેમની એવી શીથીલતા માટે નામદાર નવાબ સાહેબ પણ ખુશી થયા હોય કે થાય એમ માનવાને અમો નાજ પાડીએ છીએ. તેથી ઉલટું અમો માનીએ છીએ કે જો વાજબી દાદ આપવામાં કરવામાં આવેલી અયોગ્ય ઢીલ ઉપર તેઓ નામદારનું ધ્યાન ખેંચવામાં આવે અથવા તો યોગ્ય રીતે રાજ્યપ્રકરણી અદાલતની સામે ફર્યાદ કરવામાં આવે તો તે માટે જે કાંઈ જરૂરનું હશે તે કરવા નામદાર નવાબ સાહેબ કદી પછાત પડશે નહીં. પોતાના ગમે તેવા હક્ક કે લાભને ખાતર પોતાની ન્યાયની અદાલતો અદલ ઇન્સાફ આપવામાં પછાત પડે એમ જોવા નામદાર નવાબ કે કારોબાર માટે જવાબદાર તેમના કુશળ દીવાન મી૦ બેગ કદી ખુશી થાય નહીં, પણ તેથી ઉલટું ભવીષ્યમાં તેવા બનાવો બનતા અટકાવવા માટે તેઓ ચાંપતાં ઇલાજો લેશે એવી ખાતરી આપણે રાખીશું.

મનાઈ હોકમવાળો સવાલ તો મકાન તોડી પાડવાનું કામ પુરૂં થએલું હોવાથી હવે ખલાસ થયો છે. હવે જે સવાલ ચુકવવાનો રહ્યો છે તે તોડી પાડવામાં આવેલું મકાન કોની માલેકીનું હતું તે નક્કી કરવાનો છે, અને તેને લગતો મુકદમો આજે જુનાગઢ ખાતે નીકળ-વાનો છે. તે મકાનની માલેકી એ અદાલત તરફથી ગમે તેની ઠરાવવામાં આવે તે વીષે આપણે હાલ તુરત કાંઇ સંબંધ નથી, કારણ કે તે વીષેનો ચુકાદો આવતા સુધી આપણે થોભી જવું જરૂરનું છે. પણ તે મકાનના સવાલને પડતો મૂકીને શ્રી ગીરનારજીના આખા સવાલના સંબંધમાં બોલવા માગીએ છીએ. શ્રી ગીરનારજીના સંબંધમાં જૈનો અને જુનાગઢના નામદાર નવાબ વચ્ચે કેટલોક વખત થયો મતભેદ ઉભો થયો છે, જેની વીગતો બાહેર પાડવામાં આવેલી નહીં હોવાને લીધે કયા પક્ષની તકરાર કેવા પ્રકારની છે તે આપણે જાણતા નથી. આ બાબતમાં તેઓ વચ્ચે ખાનગી પત્રવ્યવહાર ચાલેલો આપણને જણવામાં આવે છે, અને તે દરમીયાન આ મુકદમો ન્યાયની અદાલતે ચડયો તે માટે આપણને દીલગીર થવું પડે છે. એતો એક જાણીતી વાત છે કે જેમ બીજા દેશી રાજાઓ તેમ જુનાગઢના નામદાર નવાબસાહેબ રસુલખાનજી પોતાની પ્રજાને રાજી રાખવાને બહુ ખંતીલા છે. અને પ્રજાની લાગણી દુઃખાય તેવું કોઇ પણ કામ તેઓ કરે તેમ જ પોતાના અધીકારીઓને કરવા દે નહીં. તેમના દીવાન મી૦ બેગ મુંબઇ ઇલાકાનીજ પ્રજાના ઘણા માનીતા અમલદાર છે, અને તેઓ આખા ઇલાકાના જૈનોની લાગણીઓ દુઃખાય તેવું કોઇ કામ પોતાના અમલના વખતમાં કરવા દે તે પણ માનવું મુસ્કેલ પડે છે. તે જોતાં આ બાબતમાં ન્યાય મંદીરે નહીં ચડતાં ખુદ નવાબ સાહેબ અને દીવાનનેજ વચ્ચે નાખીને તકરારી બાબતનો નીવેડો તેમના હાથે કરાવવો જોઇએ. જેવો ઇન્સાફ એ બે પાસેથી મેળવી શકાશે તેવો ત્યાંના ન્યાય મંદીરો પાસેથી મેળવી શકાય એમ અમો નથી માનતા. જે ધર્મશાળા કે ઘોડાર હાલમાં પડાવી નાખવામાં આવી છે તેના સંબંધમાં પણ તેઓની જો ખાતરી કરી આપવામાં આવે તો તે રાજ્યના ખર્ચે ફરી બંધાવી આપવાનો હુકમ તેઓ નહીં કરે એમ અમો નથી માનતા. એ મકાનનો તેમજ બીજા જે કોઇ તકરારી સવાલો હાલમાં હસ્તી ધરા-વતા હોય તેમનો ફડચો કરાવવાનું તે સઘળું નામદાર નવાબ સાહેબ અને તેમના દીવાનની લવાદી ઉપરજ છોડી દેવું એ યોગ્ય ગણાશે. પોતાને લગતાજ એક સવાલનો ફડચો પોતે કરવાને તેઓ નારાજ હોય તો તે માટે બાહેરના લવાદ તરીકે નામદાર ગવર્નરના કાઠીયાવાડ ખાતેના એજન્ટ અથવા તો એજન્ટના જ્યુડીસ્યલ એસીસ્ટન્ટને નીમવાથી બન્ને પક્ષનાં મનનું સમાધાન થઈ જશે. એ પાછલા સરકારી અધીકારીઓ દેશી રાજ્યોના કોઇ પણ સવા-લમાં વચ્ચે જવા નથી માગતા, પણ રાજ્ય અને જૈનો તરફથી તેઓ પાસે આખો મુકદમો મેલ-વામાં આવે તો પોતાને યોગ્ય લાગે તેવો ચુકાદો આપવાની આનાકાની તેઓ નહીં કરશે. ન્યાયની અદાલતોમાં જવાથી આ જાતના મુકદમાઓનો ચુકાદો ઝડપથી કે સંતોષકારક મેળવી નથી શકાતો એમ આપણે અનુભવ ઉપરથી જાણીએ છીએ અને તેથીજ આપણે ઇચ્છીએ છીએ કે જૈનો તેમજ નામદાર નવાબ સાહેબ તથા તેમના મુખ્ય અધીકારીઓ લવાદી મારફતે પોતા વચ્ચેના વાંધાનો નીવેડો લાવવાની ગોઠવણ કરી પોતાનું ઉંચા પ્રકારનું ડહાપણ પુરવાર કરે.

મુંબઈ સમાચાર તા૦ ૨૬-૮-૦૫

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મીક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૩)—ધાર્મિક શિક્ષણથી કાંઇ અહિત છે?

'પૂણ્ય કરનારને સ્વર્ગ અને પાપ કરનારને ઇશ્વર નર્ક આપે છે' એવા ખાસ શિક્ષણની હું વિરૂદ્ધમાં છું. તેમજ 'નીતિ'ની શિરોધારી આજ્ઞાઓની પણ હું વિરૂદ્ધ છું.

કોઇ પણ ધર્મના ખાસ શિક્ષણની હું વિરૂદ્ધમાં છું. 'આત્મોન્નતિ'નું તથા 'સામાજિક ઉન્નતિ'નું કારણો સહિત વાસ્તવિક સ્વરૂપ શિષ્યના મસ્તિષ્ક તથા હૃદય ઉપર આલેખવા કર્ત્તવ્યનિષ્ટ ગુરૂ ઉત્સાહ પૂર્વક શ્રમ લે, તો વાહવા થઇ રહે. એનું નામજ ધર્મ.

પહેલા પ્રશ્નના હાર્દમાં ઘણે અંશે મારાજ નિશ્ચિત વિચારોના પડઘા છે. યેન કેન પ્રકારેણ વ્યક્તિનું character-building સુદૃઢ થાય એવું સકારણ શિક્ષણ તે વ્યક્તિની સર્વાંશે ઉન્નતિ પ્રકટાવનાર બીજરૂપ છે. એમાં શરીર, બુદ્ધિ, હૃદયાદિ શિક્ષણનો સમાવેશ થાય છે. એ માટે સાધન તથા પાત્ર ગુરૂઓ જોઇએ.

ખાસ ધર્મનું શિક્ષણ આપવાની જરૂર નથી, માત્ર સામાન્ય નીતિનું શિક્ષણ આપવું પુરતું તથા યોગ્ય છે એ ખરી વાત; પણ સામાન્ય નીતિનું શિક્ષણ પણ, સમાજના અંશરૂપે શિષ્ય છે, એમ સમજાવીને આપવાનું છે.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી.**

કોઈ પણ વિષયનું શિક્ષણ યોગ્ય રીતે આપવામાં આવે તો તેથી કદિ પણ હાનિ થાયજ નહિ. શિષ્યને કોઈ વિષય પર રૂચિ કે અરૂચિ થાય તેનો આધાર તે વિષયનું શિક્ષણ જેવી રીતે આપવામાં આવે તે પર છે.

અમુક મતને લગતું શિક્ષણ અપાય ને શિક્ષક છોકરામાં દુરાગ્રહ કે મતાંધતા પ્રેરે તો નુકશાન થાય. સર્વમાન્ય સામાન્ય શિક્ષણથી તો લાભજ છે.

**કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.**

બરાબર રીતે ધર્મ શિક્ષણ આપવાથી લાભજ છે, કદાપિ નુકશાનનો સંભવ હોયજ નહિ. જે નુકશાન ક્વચિત્ થાય છે તે ધર્મને સ્થાને અધર્મના સંસ્કારો પાડવાથીજ થાય છે. જ્યારે ધર્મનો સંકુચિત અર્થ કરવામાં આવે ત્યારેજ મતાંધતા, દુરાગ્રહ આદિ પ્રગટે છે. નહિ તો પોતાના શરીર પ્રતિના ધર્મ, સંસ્થા પ્રતિના ધર્મ, દેશ પ્રતિના ધર્મ, રાજા પ્રતિપાદિત ધર્મ, પરમેશ્વર પ્રતિના ધર્મ, ઇત્યાદિ સર્વ દેશીય ધર્મનો અર્થ લઇ, એ સર્વની ક્રમવાર વ્યવસ્થાતા કરી, યથાર્થ પણે શિક્ષણ આપવામાં આવે તો તે સર્વથા લાભપ્રદજ થાય છે; અને એ શિક્ષણ અપાશે ત્યારેજ આપણી પ્રજા સ્વાત્માર્પણ કરતાં શીખશે, અને ત્યારેજ બીજી પ્રજામાં પોતાનું નામ અંકિત કરી શકશે. ધર્મનું શિક્ષણ આપવાથી વૃતિઓ બહેર મારી જાય છે તેનું કારણ શિક્ષણનો દોષ છે. ધર્મ શિક્ષણ જેટલું સૂચનથી સારી રીતે અપાય છે તેટલું અન્ય રીતે આપી શકાતું નથી.

*****

**अगर धर्मके शिक्षणसे स्वमताग्रह वा मतान्धता उत्पन्न होता होय तो शिक्षक तथा शिक्षा पद्धतिकाही दोष समझना चाहिये. हरअेक सद्धर्ममें सार्वजनिक प्रीति वा समभावका विस्तारपुर्वक उपदेश है. अगर शिक्षणीय विषयका विचारपूर्वक निर्वाचन किया जाय तो मतांधताकी उत्पत्ति नहीं होती.**

**आज काल कितनेअेक स्थलमें जिस रीतिसें पाठाभ्यास कराया जाता है अर्थात पाठय विषयका अर्थ तथा रहस्य अछि तरेहसें हृदयंगम भया के नहीं इस बातपर ख्याल नहीं देकर फक्त** Copy-book maxims (**शिक्षाकी घात**) **के मांफिक मुखस्थ कराया जाता हैं. इस रितिसें पाठ करानेसें अलबत "पोथीका रींगणावत्" होनेकी आशंका है. परन्तु धर्मनितिकी शिक्षा अछि तरेह हृदयंगम करादेनेसें धर्मनीतिकी वृत्तियो शिथिल नहीं होकर प्रत्युत उत्तेजित होंगी...अगर एसा नही होनेसे धर्म मात्र** spiritless formality **शुष्क क्रियामें पर्यवसित हो जायगा.** Otherwise religion will dwindle, as it has already done to some extent, into so many meaningless rites without the underlying spirit which gives vitality to all great religions.

**कुमारसिंग नहार, बी. ए.**

મુખ્ય આધાર શિક્ષક ઉપર, શિક્ષણ પદ્ધતિ ઉપર અને શિક્ષણક્રમ ઉપર છે. એ ત્રણે વસ્તુઓ યોગ્ય પ્રકારની હોય, તો ધર્મનું શિક્ષણ ઉલટું રાષ્ટ્રીય ભાવનાઓને સતેજ કરશે, અને રાષ્ટ્રીય કલ્યાણના પ્રયાસોને સારે માર્ગે વાળશે.

**કાન્તિલાલ છગનલાલ પંડ્યા, બી. એ.**

ધર્મના શિક્ષણથી લાભ કે હાનિ થવી એ શિક્ષણના ક્રમ, પદ્ધતિ તથા ક્રિયા ઉપર આધાર બહુધા રાખે છે. અમુકજ ધર્મનો આગ્રહ ઉત્પન્ન થાય, બીજા પક્ષોનો અધિક્ષેપ થાય, સમજાવવાના આશયથી ભિન્નરૂપે સમજાય, તથા પ્રધાન અંગનો દુર્લક્ષ થઈ ગૌણઅંગને વિશેષતા આરોપાય તોજ ધર્મશિક્ષણથી હાનિ છે. નીતિ વિષે પણ ઐહિક ને પારલૌકિક બંને અંગોનો વિવેક થઇ નીતિનું શિક્ષણ આપવાથી લાભજ છે, હાનિ થતી નથી.

નીતિનું સર્વાંશે શિક્ષણ આપવાના ક્રમમાંથી ધર્મ શિક્ષણ બાદ થઈ શકતુંજ નથી. માત્ર કલ્પનામાં તેમ થઇ શકે; ક્રિયામાં તેમ થઇ શકતું નથી એવો અનુભવ છે.

**રાજારામ રામશંકર શાસ્ત્રી.**

## (૪)—ધાર્મિક શિક્ષણની સફળતાનો મુખ્ય આધાર કોનાપર રહેલો છે ?

### (અ)—શિક્ષક.

શિક્ષણ આપનાર શિક્ષકના સદ્‌ભાવ, સદ્‌વર્તન અને સરલજીવન ઉપરજ ઘણો આધાર રહેલો છે.

**હિમ્મતલાલ ગણેશજી અંજારિયા, એમ. એ.**

શિક્ષકના ચારિત્ર્યને વધારે ઉન્નત બનાવવા અનેક બાબતોની જરૂર છે. સેતાનના હાથમાંથી સાધુના હાથમાં શિક્ષણ તંત્ર આપવાની જેટલી જરૂર છે તેટલી જરૂર બીજી બાબતોની ભાગ્યેજ હશે.

**ડી. એ. તેલંગ, બી. એ.**

**જીવાભાઈ અમીચંદ પટેલ.**

ધર્મનીતિનું શિક્ષણ આપનાર શિક્ષક ઉત્સાહી ને મનોબળવાળો જોઇએ, તેમજ તેનામાં એ વિષયમાં રસ ને જિજ્ઞાસા ઉત્પન્ન કરવાની શકિત જોઇએ. જો શિક્ષક નિઃસત્વ ને નિર્બળ હોય તો પરિણામ અનિષ્ટ આવે તેમાં નવાઇ નથી.

ધર્મનીતિના ઉપદેશનું સઘળું પરિણામ શિક્ષકપર આધાર રાખે છે માટે ધર્મ શિક્ષક માણસ ઘણીજ સંભાળથી પસંદ કરવો. સ્વાર્થત્યાગી સાધુવૃત્તિનો વિદ્વાન મળે તો ઘણું સારૂં, નહિ તો ધાર્મિક અને બહુશ્રુત વિદ્વાનને યોગ્ય દરમાયો આપી રાખવો.

**નરહરિલાલ ત્ર્યંબકલાલ, બી. એ.**

નીતિ તથા ધર્મના કેવળ બોધપાઠો ઉપર મને શ્રદ્ધા નથી. સદ્‌ગુરૂનો પોતાનો પ્રત્યક્ષ દૃષ્ટાંત તથા વડિલ જનોના નીતિથી ભરેલા જીવતા નજરે પડતા દાખલાજ અવશ્યના છે. ‘પોથીમાંના રીંગણા’ જેવું શિક્ષકનું તથા વડિલનું વર્તન હોય,—અને તેવી બાબતો બાળકો ઝટ સમજી શકે છે,—તેથી તો તેઓ ઢોંગી અને દંભી થશે.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી.**

સર્વ ધર્મમાં રહેલાં સામાન્ય સત્યો એ અર્થમાં ધર્મનીતિ શબ્દ વપરાતો હોય તો તે શિખવવાની આવશ્યકતા છે........અને તેને માટે નવી વાંચનમાળાની કે ખાસ પાઠો આપવાની જેટલી જરૂર નથી તેટલી નીતિમાન શિક્ષકોની જરૂર છે. નીતિનું સર્વથી સારૂં શિક્ષણ indirectly વિદ્યાર્થીઓના મનપર શિક્ષકના ચારિત્રની જે છાપ પડે છે તેથી અપાય છે. આ વિષયમાં ખાસ કરી ગયે વર્ષે લંડનમાં ભરાયેલ Moral Education Congress નો રિપોર્ટ જોવાની હું ભલામણ કરૂં છું અને તેમાંથી વૃદ્ધ અને વિદ્વાન Bishop of

Hereford જે બોલ્યા હતા તેમનું એકજ વાક્ય ટાંકી બતાવું છું: Give us religious teachers and we do not want religious teaching. આટલા માટે ખરી રીતે જોતાં આપણા શિક્ષકોમાં ધાર્મિક બુદ્ધિ જાગૃત થાય અને શિક્ષણ આપવું એ વિદ્યાર્થીઓના આત્માને ખોલવાનું પવિત્ર કામ છે એવી ભાવના આવે એટલું કર્તવ્ય છે......... ખરા ધર્મની શિક્ષણ આપવાની યોગ્યતાવાળા શિક્ષકો મળવા એ મુસ્કેલીની બાબત છે અને ત્યાંસુધી કામ ચલાઉ શિક્ષકો પાસે ધર્મ શિક્ષણ અપાવવામાં લાભ કરતાં હાની વિશેષ છે.

**હરિલાલ માધવજી ભટ્ટ, એમ. એ.**

ધાર્મિક શિક્ષણ આપનાર એક વર્ગજ તૈયાર થવો જોઇએ, અને એવો વર્ગ તૈયાર થવા વગર ગમે તે યોજનાથી શિક્ષણ અપાય તે સિદ્ધિદાયક નજ થાય.

**ગીરજાશંકર કાશીરામ દ્વિવેદી.**

Example is better than precept. ધાર્મિક શિક્ષણ આપનાર આચાર્યોમાં ઉત્સાહ હશે તો એ જ્યોત ત્હેમના વિદ્યાર્થિઓમાં પણ પ્રકટશે.

**કરીમ મહમદ, એમ. એ.**

બીન આવડીયાત અને જુલમી શિક્ષાગુરૂ ચર્વીત ચરવણ કરી અથવા દોઢ ડાહ્યો થઇ વિદ્યાર્થીની પાત્રતા અને અધિકાર જોયા વગર તેને બોધ આપે છે તેથી વિદ્યાર્થીને તે વિષયપર અભાવ આવી જાય છે. મતમતાંતરની ખેંચતાણથી જેને દુરાગ્રહનો અધ્યાસ અને અને નિશ્ચય દઢ થઇ રહ્યો છે તેવા ગુરૂના બોધથી શીષ્ય કંટાળે છે.

**ઇંદીરાનંદ લલીતાનંદ પંડીત.**

શિક્ષણ ક્રમનાં પૂરતાં પુસ્તકો તથા તેનું શિક્ષણ આપવાને પદ્ધતિ પુરઃસર ટીચીંગ પામેલા શિક્ષકો તૈયાર થયા પછી ધર્મનું શિક્ષણ શક્ય થઈ શકે.

**બહેચર ત્રિકમજી પટેલ.**
**હરિશંકર નાગરદાસ આચાર્ય.**
**ભાણાભાઇ મોતીભાઇ રાણા.**
**દયાશંકર તુળજારામ પંડયા.**

શિક્ષકો સારા કેળવાયલા, મતાગ્રહી નહિ એવા "લીબરલ એજ્યુકેશન" પામેલા, રસજ્ઞ, તથા કહેણી પ્રમાણે રહેણીવાળા હશે તો ધર્મ શિક્ષણથી કાંઈ પણ હાની નથી.

**ગણપતરામ રાજારામ ભટ્ટ.**

ધાર્મિક શિક્ષણને અંગે શિક્ષકો માટે ખાસ એક ટ્રેનિંગ સ્કુલ થવાની જરૂર છે.

**મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.**

ઉંચું મન, રૂડા વિચાર, સર્વાત્મભાવ, નિર્ભય અને વિશાળ દૃષ્ટિ, નીતિમત્તા, તથા નિર્લોભતા એ ગુણો શિક્ષકમાં ખાસ હોવા જોઇએ.

**દેવશંકર વૈકુંઠજી ભટ્ટ.**

# ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળાઓ માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઈ શકે તેવા સરસ અને સફાઈદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વગેરે ઘણીજ સહેલાઈથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા હુપેલીઆ એન્ડ કાં૦ માં મળે છે. પ્રાઈસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં. ૧૨૫ ગુલાલવાડી—મુંબઇ. નં૦ ૪.


## જોઈએ છે.

જૈન કોન્ફરન્સના ઠરાવો ઉપર અસરકારક ભાષણો આપી શકે તેવા જૈન ઉપદેશક જોઇએ છીએ. પગાર લાયકાત મુજબ.

## જૈન ભાઇઓને અગત્યની સુચના.

પોતપોતાના સ્થળમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતી દરેક બાબતની ખબર આ માસિકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા૦ ૧૫ મી પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબર.

ચાલુ સાલનું લવાજમ વસુલ કરવા માટે જુલાઇ માસથી અંક વી૦ પી૦ થી મોકલવા શરૂ કરેલું છે તો તે સ્વીકારી લેવા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસ્તા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ:--

| રૂ. | લીટી |
|---|---|
| ૧ ... ... ... ... ... | ૩ |

દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે.

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે ૧/૪ ગણો ચાર્જ પડશે, છ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ૨/૩ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઓર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.
પાયધુની, મુંબઈ.

## કોન્ફરન્સ ઓફિસમાંથી વેચાતાં મળતાં પુસ્તકો.

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ—પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘર દેરાસર સુદ્ધાંત ) હકીકત આપવામાં આવેલી છે. મુંબાઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી *મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેક્ટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે* **આ પુસ્તક** જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન-ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમિયો) તરીકે થઈ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવીછે આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાનાં પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. *મુલ્ય ફક્ત રૂ૦ ૧—૮—૦ રાખવામાં આવેલ છે.*

---

# જાહેર ખબર.

### મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મહુંમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી, કોન્ફરન્સ **ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની** પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્ક મેળવનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૧૫ મી. ડીસેમ્બર ૧૯૦૯ સુધીમાં અરજ કરવી.

ઠે. પાયધુની, મુંબઇ<br>ગોડીજીની ચાલ.

**કલ્યાણચંદ શોભાગ્યચંદ.**<br>રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,<br>શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

'હેરલ્ડ' ના ગત અંકના ચારે ફર્મા છપાઇ તૈયાર થયા, તે પછી તરતજ આપણા પવિત્ર તિર્થ શ્રી ગીરનારજીના હાલના ચાલતા મામલા સંબંધી, ભાઈબંધ પત્રકારોના અભિપ્રાય તે અંકમાં પ્રગટ કરવામાં આવે તો ઠીક એવી કેટલાક ગૃહસ્થો તરફથી અમને સુચના કરવામાં આવવાથી, તે સારૂ ખાસ એક ફર્મો વધારવો પડ્યો હતો. તેથી આ અંક એક ફરમા જેટલો ઘટાડવાની ફરજ પડી છે, તે અમારા સુજ્ઞ ગ્રાહકો દરગુજર કરશે.

# અમૂલ્ય લાભ.

'હેરલ્ડ' ના બહોળા ફેલાવા માટે, તેના જુના તેમજ હવે પછી થનાર ગ્રાહકોને, નવેમ્બરની આખર તારીખ સુધીમાં અમારી તરફ ટપાલ ખર્ચના ચાર આના મોકલાવવામાં આવતાં ફલોદી, મુંબઈ, અને વડોદરામાં મળેલી કોન્ફરન્સના રીપોર્ટો પૈકી એક મફત મોકલવામાં આવશે. નવા ગ્રાહકોએ તે સાથે 'હેરલ્ડ' ના લવાજમ પેટે રૂ. ૧) મોકલાવવો.

Registered No. B. 525

ॐ

# श्रीजैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFEREN[illegible]RALD.

પુસ્તક ૫.) આશ્વિન, વીર સંવત ૨૪૩૫. નવેમ્બર સને ૧૯૦૯. (અંક ૧૧ મો.

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| જૈનોનો ઉદય ક્યારે થશે ? (લેખક—માણેકલાલ મગનલાલ ડોકટર.) ... ... | ૨૮૩ |
| પ્રાસંગિક નોંધ. ... ... ... ... ... ... ... | ૨૮૫ |
| સુકૃત ભંડારની યોજના માટે અમદાવાદમાં મળેલો જૈન સંઘ... ... ... | ૨૮૭ |
| ઢોરવધથી દેશને થતું નુકસાન ... ... .. ... ... ... | ૨૯૨ |
| કોન્ફરન્સનો કટોકટીનો સમય અને જૈનોનું કર્તવ્ય... ... ... ... | ૨૯૪ |
| પહોંચ. ... ... ... ... ... ... ... ... | ૨૯૭ |
| 'જૈન રાસોના યાદી અંગે વિદ્વાનોના અભિપ્રાય.' ... ... ... ... | ૨૯૮ |
| જૈન કોન્ફરન્સ અને સુકૃતભંડાર ( લેખક—રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ બી. એ. એલ એલ. બી. સોલીસીટર. ) ... | ૨૯૯ |
| કોન્ફરન્સની મુંબઈ હેડ ઓફીસમાં થયેલું કામકાજ. ... ... ... | ૩૦૫ |
| Our Buildings.... ... ... ... ... ... ... | 307 |
| A Passage-at-arms between Science and Religion ( धर्म विज्ञान संवाद ) ... | 308 |
| ધર્મનીતિની કેળવણી ... ... ... ... ... ... ... | ૪૧ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

धी 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकस्ट्रिट मुंबई.

## કોન્ફરન્સ ઓફિસમાંથી વેચાતાં મળતાં પુસ્તકો.

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ—પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબાઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમિયો) તરીકે થઈ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનુ નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવીછે આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાનાં પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. મુલ્ય ફકત રૂ૦ ૧—૮—૦ રાખવામાં આવેલ છે.

---

# જાહેર ખબર.

### મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મહુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી, કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્ક મેળવનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૧૫ મી. ડીસેમ્બર ૧૯૦૯ સુધીમાં અરજ કરવી.

ઠે. પાયધુની, મુંબાઇ
ગોડીજીની ચાલ.

કલ્યાણચંદ શોભાગ્યચંદ.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.


તૈયાર છે! તૈયાર છે!! તૈયાર છે!!!

### કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ઠ, ગ્રંથ કર્ત્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સમાગમમાં આવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩—૦—૦.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥


# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.


लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.


પુસ્તક ૫. ) આશ્વિન, વીર સંવત ૨૪૩૫. નવેમ્બર, સને ૧૯૦૯. ( અંક ૧૧.


## જૈનોનો ઉદય ક્યારે થશે ?

**રાગ—કામણ દીસે છે અલબેલા.**

જૈનો ઉદય તમારો નિશ્ચે માનો
દૂર છે રે, મનો દૂર છે રે,
ગુમાવ્યું ઘરને રે — જૈનો०

અન્ય પ્રજાઓ આગળ ધાયે,
હાય ! જૈનો તવ પાછળ જાયે,
તે માટે ઝાઝી સદીઓની
જરૂર છે રે — જૈનો०

કુસંપ ઉધેઈ તમને લાગી,
ઇર્ષા આગ ઘરેઘર જાગી,
તમમાં માન અભિમાન વેર
ભરપૂર છે રે — જૈનો०

કેળવણીથી અલગ રહો છો,
રત્ન તજી પાપણ અહો છો,
કુધારાઓ કેમ વિષે બહુ
ક્રૂર છે રે  જૈનો૦
કન્યાવિક્રય તમે કરો છો,
બાળ વેચી નિજ પેટ ભરો છો,
મડદે મીંઢળ બાંધો દયા ક્યાં
ઊર છે રે !
નાનપણે બાળક પરણાવો,
જોડી કજોડાં લ્યો બહુ લ્હાવો,
બ્રહ્મચર્ય ભંગાવો મતિપર
ધૂળ છે રે  જૈનો૦
કોમ હિત તેઓ શું કરશે ?
જીવન ન્હાવ તેમનું કેમ સરશે ?
આ સંસારોદધિ ખડકોથી
પૂર છે રે  જૈનો૦
મૃત્યુ પાછળ તમે જમો છો,
વરા ન કરનારાને દમો છો,
મ્હેણાં મ્હોં આગળ દેવા
મશહુર છે રે  જૈનો૦
સાઠ વરસના બુઢ્ઢા પરણે,
કન્યા ઘર જોગ, વરજી મરણે,
શોક્ય પ્રથાની અબળાઓને
શૂળી છે રે  જૈનો૦
સટ્ટાનો સન્નિપાત થયો છે,
મોટો ભાગ ફૂછંદે વળો છે,
એજ નક્કી ઊદય બાધકનું
મૂળ છે રે  જૈનો૦
જૈનો હવે નામના રહ્યા છે,
આચારોથી ભ્રષ્ટ થયા છે,
અફસોસ ! લજાવી બેઠા નિજ
કુળને રે  જૈનો૦
કોમ લાગણી કો' કાને છે !
સૌ નિજને મોટા માને છે,
નાના મોટા સ્વારથમાં
ચકચૂર છે રે  જૈનો૦

અગ્રેસરો નામના રહ્યા છે.
સ્વાર્થે ભોગ દેનારા ક્યાં છે?
હતભાગ્ય! ગુમાવી દીધું તમ
શૂરને રે જૈનો૦
નથી એનરજી ફીરોજ લાલ!
નથી ગોખલે દાદા બાલ!
નથી બાલ રાનાડે જેની
કસુર છે રે જૈનો૦
જ્યારે એવા વીર પાકશે,
કેળવણીની હાક વાગશે,
સત્ય સુધારા થાશે જેની
જરૂર છે રે જૈનો૦
ચા હોમ કરી પડશો આગે,
ઐક્ય તણી ધુન સૌને લાગે,
તો તો માણીક ઉદય હાજરા
હજૂર છે રે જૈનો૦

મણેકલાલ મગનલાલ ડોકટર.

---

# પ્રાસંગિક નોંધ.

---

## અમારો ઉદ્દેશ.

આપણી ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની હિલચાલ સંબંધી વિષયો ચર્ચવા કોન્ફરન્સ અને તેની ઓફીસોદ્વારા થતાં કાર્યોનું જૈન પ્રજાને દિગ્દર્શન કરાવવા, જૈન કોમને અંગે ઉપયોગી અને મહત્વના સવાલો ઉપર વિવેચન કરવા, સ્વતંત્ર વિચારોને પોષવા, જૈનોની સાંસારિક અને ધાર્મીક સ્થિતિ કેમ ઉન્નત બને તે માટે યથાશક્તિ માર્ગ બતાવવા, તથા ગરીબ ને તવંગર, અભણ ને વિદ્વાન એ પરસ્પર ભિન્ન વ્યક્તિઓને વિચાર દશામાં એક ચિર કરવા એ આ 'હેરલ્ડ' માસિકના ઉદ્દેશો પૈકી મુખ્ય છે.

શ્રીજૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન તરફથી હયાતીમાં આવેલું અને કોન્ફરન્સના ખર્ચે નભેલું તેમજ નભતું આ જૈન વાજીંત્ર કોન્ફરન્સની દરેકે દરેક હીલચાલને ઉપાડી લેશે કારણ કે આપણી કોમનો જે અભ્યુદય થવાનો હોય તો તે મહાન્ સંસ્થા મારફતજ થવાને છે, એમ અમારૂં તો દૃઢ માનવું છે. કોન્ફરન્સ તેજ આપણા ઉદયનું કેંદ્રસ્થાન છે. આ ઉપ

રથી અમારા જૈન બંધુઓએ એમ નથી સમજવાનું કે, તે કોન્ફરન્સનું વાજીંત્ર હોઇ, તેની ત્રીજોરીથી તેનું પાલનપોષણ થતું હોઇ કોન્ફરન્સને ગમે તેમ ટેકો આપશે. પરતંત્રતા, લાગવગ અને લાલચથી આ પત્રને સર્વદા દૂર રાખો. 'હેરલ્ડ' સત્યનેજ સત્ય કહેશે, પણ અસત્યને સત્ય નહિ કહે; સુવર્ણ હશે તોજ સુવર્ણ ગણશે, પરંતુ કથીરને કનક નહિ માને. ગુલાબનેજ ગુલાબ બોલશે, પણ ગલગોટાને ગુલાબની પંક્તિમાં નહિ મૂકી દે. અર્થાત જો કોન્ફરન્સ ઓફીસ પોતેજ ભુલ કરશે તો તેને તેની ભુલ આ પત્ર બતાવશે- જો તેના કાર્યવાહકો જાતેજ આડે માર્ગે દોરાશે, તો તેમને તેમના કર્તવ્યપથપર જવાને સૂચનઃ કરશે. ટૂંકમાં જે પ્રજાના લાભાર્થે આ માસિકનો જન્મ થયો છે, તે પ્રજા સમક્ષ જ્યારે જ્યારે–જે જે વખતે કોન્ફરન્સ તરફથી, કે બીજી કોઈ વ્યક્તિઓથી કે ખુદ રાજ્ય તરફથી અન્યાય થશે ત્યારે ત્યારે–તે તે વખતે આ વાજીંત્ર પોતાનો સ્વતંત્ર નિસ્પૃહ સુર કાઢશે. અને આમ થવા સંભવિતજ છે–બનવા જોગછે; કારણ કે દરેકને પોતાના વિચારો જણાવવાની છૂટ છે.

જૈન સમાજના પ્રત્યેક અંગને પોતાના સ્વતંત્ર વિચારો જણાવવાનો હક્ક છે. તે વિચારો સ્વીકારવા કે નહિ તે તો પ્રજામત ઉપર આધાર રાખેછે; પરંતુ તે સાંભળવાની તથા વાંચવાની તો આપણી ફરજ છે. એ આપણો ધર્મ છે. સ્વતંત્ર વિચારોનાં યુદ્ધો થવાની આ જમાનામાં ખાસ આવશ્યકતા છે, કારણ કે દુનીયાની દરેક દિશાએથી સ્વતંત્રતાનો પવન ફુંકાઇ રહ્યો છે. દરેક પ્રજાના જીવન રૂપી ઉદધિમાં સ્વતંત્રતાનાં મોજાં ઉછળી રહ્યાં છે. આવા સંગ્રામોમાં જે સત્યને કાજે લડશે તેજ વીર નરોના—તેજ યોદ્ધાઓના કંઠ કમળમાં વિજય કન્યા વરમાળા આરોપશે. આવા વિચારના યુધ્ધો ન થવા દેવા એ તો ગેરઇન્સાફ લેખાય. અમુક જનોના વિચારો સાંભળવામાં આવે અને અમુકના નહિ; અમુક પુરૂષોની લાગણીઓને માન આપવામાં આવે અને અમુકની લાગણીઓને માન ન આપવામાં આવે તો તે ધોળે દહાડે લૂટ ચલાવવા જેવો હડહડતો અન્યાયજ કહેવાય કોઈ પણ જાતની ભિન્નતા રાખ્યા સિવાય જેના વિચારો ગ્રહણ કરવા લાયક હોય તેના ગ્રહણ કરવા એજ ઉચીત છે. આજ તો રણશીંગડાંના કારમા અવાજ આગળ તુતીનો તીણો અવાજ બહાર સ્ફુરી નીકળવા સમર્થ થતો નથી. આજ તો મોટા કહે તેજ ખરૂં, અને નાના કહે તે સઘળુ ખોટું એજ પ્રથા આપણામાં પ્રચલિત થઇ પડી છે. અમો તો નિડરપણે ખુલ્લે ખુલ્લું કહીશું કે આ સંકુચિત પ્રણાલિકાનો જ્યાં સુધી બહિષ્કાર કરવામાં નહિ આવે, ત્યાં સુધી આપણી કોમનો ઉદય થવો એ આકાશકુસુમવત છે. શું ધનવાનો નિર્ધનોને દબાવવા એવો હક્ક લેઇ આ અવનીમાં અવતર્યા છે ? શું બલિષ્ટો બળહીણને બેસાડી દેવાનો પટો મેળવી જન્મ્યા છે ? વયથી બાળકને ન બોલવા દેવો તે તો વૃદ્ધપણાનો અહંકાર નહિ તો બીજુ શું ? કોણ તવંગર ને કોણ વિદ્વાન, કે કોણ અભણ, કોણ નાના, કોણ મોટા સઘળાને જ્યારે એકજ સપાટી ઉપર મૂકવામાં આવશે ત્યારેજ જૈનજાતિનો અભ્યુદય થશે. અન્યો અન્ય દરેક પાસેથી શીખવાનું મળે છે. જે વખતે આ સર્વ સામગ્રીઓનો યોગ થશે તે વખતેજ આપણો જય થતાં વારજ નહિ લાગશે.

છેવટમાં ઉપરોક્ત આશયો હેરલ્ડના ઉદ્દેશોરૂપે રહેશે એટલું જણાવી અત્રે વિરમીએ છીએ.

# સુકૃતભંડારની યોજના માટે અમદાવાદમાં મળેલો જૈન સંઘ.

### આગેવાનો તરફથી મળેલો વિવેકહીન જવાબ!

ગઇ પૂના ખાતેની સાતમી કોન્ફરન્સમાં પસાર થયેલી સુકૃતભંડારની ચાર આના વાળી યોજના અમદાવાદમાં અમલમાં મુકવા માટે પ્રયત્ન કરવા અમદાવાદની જૈન સભાઓની એક મીટીંગ તા. ૫-૧૦-૦૯ ના રોજ મળી હતી. તેમાં થયેલા ઠરાવ પ્રમાણે ચુંટાયેલા ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન અમદાવાદમાં સંઘપતિ નગરશેઠ ચીમનભાઇ લાલભાઇને ત્યાં ગયું હતું અને સમસ્ત સંઘ એકઠો કરી આ યોજના અમલમાં મુકાવવા વિનંતી કરવામાં આવી હતી. તે મુજબ તા. ૧૪-૧૦-૦૯ ગુરૂવારે રાત્રે સમસ્ત સંઘ એકઠો થયો હતો. તેમાં લગભગ પાંચસો માણસો એકઠા મળ્યા હતા. જેમાં કોન્ફરન્સના માજી જનરલ સેક્રેટરી શેઠ લાલભાઇ દલપતભાઇ તથા છઠ્ઠી કોન્ફરન્સના પ્રમુખ શેઠ મનસુખભાઇ ભગુભાઇ તથા અમદાવાદ પાંચમી કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના પ્રમુખ અને સંઘપતિ નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ તથા ઉપપ્રમુખ શેઠ સાંકળચંદ મોહનલાલ તથા જનરલ સુપરવાઇઝર શેઠ મોહનલાલ લલ્લુભાઈ તથા કોન્ફરન્સમાં આગેવાની ભોગવનાર બીજા અનેક આગેવાનો એકઠા મળ્યા હતા. આ વખતે અનેક ચર્ચા ચાલી હતી અને હાજર રહેલા પ્રજા વર્ગના મોટા ભાગની પ્રબળ ઇચ્છાનો તિરસ્કાર કરી, એટલુંજ નહીં પણ કોન્ફરન્સના હિતને તથા અમદાવાદના સંઘને નામોશી આપવા સરખું કામ કરી તે યોજના અમલમાં નહીં મુકવાની નિર્બળતા અમદાવાદના આગેવાનોએ બતાવી હતી. આ મીટીંગનો સંપૂર્ણ હેવાલ અમદાવાદના શ્રી શાંતિ પ્રેસમાં છપાયેલ એક પ્રેક્ષકના હેંડબીલ પ્રમાણે નીચે મુજબ છે.

" પ્રથમ નગરશેઠ ચીમનભાઇએ સંઘ એકઠો કરવાનું કારણ દર્શાવ્યું; બાદ સભાઓ તરફથી વકીલ મી. દોલતચંદ ઉમેદચંદ બી. એ, એલ. એલ. બી. એ સુકૃતભંડારની યોજના સંઘથી અમલમાં મુકાવા વિનંતિ કરી અને તેની કેટલીક વાજબી દલીલો રજુ કરી. એટલામાં જ એક કેળવાયેલા ગણાતા અને ગઇ કોન્ફરન્સના માંચડે વકતૃત્વ બતાવી આવેલા વકીલ મી૦ કેશવલાલ અમથાશાએ ઉભા થઇ પ્રશ્ન કીધો કે " આ યોજનાના નાણાંનો શો ઉપયોગ થનાર છે "! તેવો પ્રશ્ન કરી તેનો જવાબ પણ પોતે જ આપતાં બોલ્યા કે " તે નાણાં કેળવણી અને કોન્ફરન્સ નિભાવ ખાતે જનાર છે. કોન્ફરન્સના હાથમાં નાણાં નહીં આપવાં એવો મારો મત છે. કોન્ફરન્સ તરફ મને બીલકુલ શ્રદ્ધા નથી અને પૂના ખાતે આ ઠરાવ થયો ત્યારે અમદાવાદના ફક્ત પાંચજ ડેલીગેટો ગયેલા હતા." આ પ્રમાણે પોતાનો મહામત રજુ કરીને જ્યાંથી ઉભા થયા હતા તે જગ્યાથી જરા આગળ આવી બેશી ગયા. ત્યાર પછી વકીલ મી૦ દોલતચંદે જણાવ્યું કે " અમદાવાદના ડેલીગેટો પાંચ નહીં પણ પચાસ હતા. કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકવા આપણે બધા બંધાયેલા છીએ " તેના

જવાબમાં અમદાવાદની કોન્ફરન્સના ઉપપ્રમુખ શેઠ સાંકળચંદ મોહનલાલે જણાવ્યું કે " અમે નાતમાંથી ડેલીગેટો મોકલ્યા નહોતા માટે કોન્ફરન્સ ઠરાવ કરે તેથી અમારે શું ? અમોને તે કબુલ નથી. " વળી તે વખતે એકદિશી જોનારા મી૦ શનાભાઇ બોલી ઉઠયા કે " આ તો રાંડીરાંડોને લુટવાનો સવાલ છે " ત્યાર પછી મશ્કરીના રૂપમાં આગેવાનો વચ્ચે કેટલીક વાતચીત થયા પછી સંઘના આગેવાનો તરફથી અમદાવાદની કોન્ફરન્સના જનરલ સુપરવાઇઝર શેઠ મોહનલાલ લલ્લુભાઇએ જવાબ આપ્યો"આ યોજના સંબંધમાં અમે આગેવાનો કાંઇ ઠરાવ કરી શકતા નથી, જેને મોકલવું હશે તે મોકલશે. " ત્યારે એવો પ્રશ્ન થયો કે. " કેટલાક અજાણ્યા લોકો કયાં મોકલશે ? " ત્યારે છઠ્ઠી કોન્ફરન્સના પ્રમુખ શેઠ મનસુખભાઇ તરફથી જવાબ મળ્યો કે " તમે કયાં નાના છોકરા છો ?" આવો રમુજી જવાબ સાંભળી સભા હો હો કરતી ઉભી થઇ ગઇ અને લોકો ત્યાંથી આખા રસ્તા ઉપર આગેવાનોની નબળાઇ તથા " કોન્ફરન્સ તરફ મને બીલકુલ શ્રદ્ધા નથી " એવા શબ્દો બોલનારા તરફ " શેઇમ-શેઇમ " ના પોકારો કરતા વીખરાઇ ગયા હતા. "

આ પ્રમાણે જો હકીકત બની હોય તો પ્રત્યેક જૈન બંધુને—દરેક વીરપુત્રને દીલગીરી થયા વિના રહેશે નહિ; કારણ કે જૈન જાતિના હિતને કુહાડાથી કાપી નાંખવા જેવું આ નિર્દય કાર્ય કરવામાં આવ્યું છે; એ ચાર વચનોરૂપી વિષ બિંદુઓથી જૈન પ્રજાના હિતરૂપી અમૃતને વિષમય—ઝેરમય બનાવી દીધું છે; કોન્ફરન્સ જેવી પરમ પવિત્ર, પારિજાતક તરૂ સમાન, કલ્પવૃક્ષ સમી, અને ચીંતામણી રત્નના જેવી, નિષ્કલંકિત સંસ્થાને કિલ્મીષવાળી કરી છે; સુકૃત ભંડાર યોજનારૂપી કોહિનૂરને કારી વચનોરૂપી ધગધગતા અગ્નિમાં નાંખી નિસ્તેજ બનાવ્યો છે. તેમાં વળી કોન્ફરન્સના હિતસ્વી યુવક ડબલ ગ્રેજ્યુએટના કેટલાક ઉતાવળા—બીનપાયાદાર—વિવેકશૂન્ય—મર્યાદાહીન—અર્ધદગ્ધ વિચારો જાણી અમોને તો પારાવાર અફસોસ થાય છે. અખિલ ભારતવર્ષિય તીર્થંકરરૂપી શ્વેતાંબર જૈન સંઘની સ્થાપિત થયેલી કોન્ફરન્સ સંસ્થા ઉપર જે ગૃહસ્થની બીલકુલ શ્રદ્ધા નથી તે ગૃહસ્થે ગત કોન્ફરન્સના માંચડા ઉપર કોન્ફરન્સની શા માટે હીમાયત કરી હતી—જે દેવી પ્રત્યે તેમનો ભક્તિભાવ નહોતો તે દેવી તરફ તેમણે શા માટે ભક્તિ દેખાડી હતી—જે વસ્તુપર તેમને વ્હાલ ન હતું તે વસ્તુ માટે તેમણે વ્હાલ કેમ દર્શાવ્યું હતું તે અમારાથી સમજી શકાતું નથી. શું જૈનોને ઠગવા, કીર્તિ મેળવવા કે કેળવણીના ખોટા હીમાયતી હોવાનો ઢોંગ કરવા ? અમે અમારી માન્યતા પ્રમાણે કહીશું કે " કોન્ફરન્સપર મને શ્રદ્ધા નથી " એ શબ્દો બોલનાર પોતાના અંતઃકરણની સંમતિથી—પોતાના દિલથી બોલ્યા નહિ હશે, પરન્તુ મોટાઓના હાથમાં રમકડું બની—શ્રીમાન્ શેઠીયાઓથી પ્રેરાઇ—ધનવાનોથી દોરાઇ છાયાની માફક ઘસડાઇ જઇ જાત્યાભિમાન ભૂલી જઇ—સ્વતંત્રતાને કોઇ પણ જાતની લાલસાની તુચ્છ કિંમતે વેચી નાંખી બોલ્યા હશે. અફસોસ ! અફસોસ ! ! અમારી કોમ એમ નહોતી ધારતી કે તેની કેળવાયેલી વ્યક્તિઓ આમ મોટાના તેજથી અંજાઇ જશે, લાલચથી લોભાઇ જશે ને માનવી લાગણીથી લૂંટાઇ જશે ! ! જ્યારે કેળવાએલો વર્ગ જ આમ નિર્બળ બનશે, સત્યાસત્યનો વિચાર કરવો મૂકી દેશે, અને સ્વાર્થ બુદ્ધિથી સત્યને દાબી દેશે ત્યારે અમારા બીન કેળવાએલા વર્ગનું તો કહેવું જ શું !

જો આ ગૃહસ્થે દાખલા દલીલોથી—કારણો સાથે—સપ્રમાણ કોન્ફરન્સ ઉપર શ્રદ્ધા નહીં રાખવાનું પુરવાર કરી બતાવ્યું હોત તો તેમનો અમે અપાર ઉપકાર માનત; કારણ કે સુધારક બુદ્ધિથી ખરા દોષ શોધી કહાડનાર કંઇ પણ હિત આ લોકમાં કરી શકે છે. અમે કોન્ફરન્સના હિત માટે વિરૂદ્ધ બોલનારાઓને ચાહીએ છીએ, પણ કેવળ શત્રુઓ તરફ શોકની નજરથી જ જોઇશું.

કોન્ફરન્સ દેવીની ઉપર નહીં શ્રદ્ધા રાખનાર ગૃહસ્થે તે દેવીના અણીના સમયે તેના પર ગંભાર આક્ષેપ મૂકી જે ધૃષ્ટતા બતાવી છે તેને માટે તે ગૃહસ્થ ઉપર દયા ઉપજે છે. એક નહિ પરંતુ અનેક વખત પરિષદ માતાના ઉપાસક તરીકે જૈન સમાજ આગળ પ્રસિદ્ધ થયા બાદ તેનાજ નિંદક બનવાનું—તેનાં અપકીર્ત્તિના મરશીયા જાહેર સભામાં ગાનાર થવાનું શું કારણ હશે તે કલ્પી શકાતું નથી. કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા માટે સ્થપાએલ જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન અને પુના ખાતે નીમાયેલ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના મેમ્બરો પૈકી આ મેમ્બર સાહેબે આવી ઉલટી વર્ત્તણુક કેમ ચલાવી તે જૈન પ્રજાની દ્રષ્ટિ સન્મુખ આવવાની ખાસ જરૂર છે. જે વિદ્વાન ગ્રેજ્યુએટ બંધુ ઉપર અમે મોટી મોટી આશાઓના મહેલો ચણ્યા હતા તે હવે ડોલાયમાન થવા લાગ્યા છે. આશાઓનો અંત નિરાશામાં જ આવ્યો છે.

આ સાથે અમદાવાદના આગેવાન જૈનોએ તેમાં કોન્ફરન્સના એક વખતે ખરા હિતચિંતકો, પ્રમુખો તેમજ ઓફીસરોએ જે નિર્બળતા બતાવી છે તે અમદાવાદ જેવી જૈન પુરીને છાજતી નથી, આ જૈન પુરી કે જ્યાં અમારી કોમના 'ગોખલે જેવા ગણાતા' કોન્ફરન્સના માજી જનરલ સેક્રેટરી શેઠ લાલભાઇ દલપતભાઇ બિરાજે છે, જ્યાં અમારી કોમના 'દાદાભાઇ જેવા ગણાતા' છઠ્ઠી કોન્ફરન્સના પ્રમુખ શેઠ મનસુખભાઇ ભગુભાઇ રહે છે, જ્યાં બીજા અનેક ધનાઢયો વસે છે, જ્યાં કોન્ફરન્સ દેવીના મંદિરો પૈકી એક મંદિર આવેલું છે, જ્યાં કોન્ફરન્સના જનરલ સેક્રેટરી રા. બા. બાલાભાઇ મંછારામ જેવા વિદ્વાન વયોવૃદ્ધ ગ્રેજ્યુએટ વસે છે, જ્યાં અમારા મહાન મુનિવરો બોધામૃત વાણીદ્વારા વરસાવી રહ્યા છે, જ્યાં પાંચમી કોન્ફરન્સ બડા આડંબરથી ભરવામાં આવી હતી, ત્યાં—તે જૈન રાજનગરમાં કોન્ફરન્સને નિભાવવા તથા સ્વકોમની કેળવણીને રૂષ્ટપુષ્ટ બનાવવા માટે ચાર આના જેવી ઉત્તમોત્તમ સુકૃત ભંડારની યોજના કે જે સપ્તમી પરિષદ્—અધિવેશનમાં આવેલા જૈન પ્રતિનિધિઓની સંમત્તિથી ઘડી કાઢવામાં આવી છે, જેને એક વખતે સર્વાનુમતે જયઘોષણા સાથ કોણ મોટા કે કોણ નાના, કોણ ધનવાન કે કોણ ગરીબ સર્વેએ વધાવી લીધી હતી, તે યોજના અમલમાં મૂકવા જે વિવેકશૂન્યતા બતાવી છે તે જૈન કોમના ઇતિહાસમાં કાજળના કાળા અક્ષરથી લખાઇ રહેશે.

પાંચમી કોન્ફરન્સ પછી અમારી ભલી કોન્ફરન્સે એવાં શાં કાર્યો કર્યાં છે, એવું તે તેમનું શું બગાડયું છે, એવું તે તેમનું કયું અહિત કર્યું છે કે અમારા કેટલાક અમદાવાદી જૈન અગ્રેસરોને તે ગમતી નથી, તે તેમને અપ્રિય થઇ પડી છે, તેનું અહિતજ કરવા તેઓ તૈયાર થયાછે, અને તેને તેઓ મરેલી જોવા આતુર થઇ રહ્યા છે. પરંતુ અમો તો તેમને

ખુલ્લા શબ્દમાં કહીશું કે કદાચ તેમની કૃપણુતાથી કોન્ફરન્સનું હિત કંઈક અંશે બગડશે એમ સંભવ છે પણુ તેથી કોન્ફરન્સ મરી જશે નહિ. તેઓના મનમાં કદાચ એવો ફાંકો હશે કે અમારા લીધે જ તે ચાલે છે, તો તેમની મોટી ભુલ છે. એવો ગર્વ નકામો છે. એ અભિમાન મિથ્યા છે. કોન્ફરન્સને પોષનાર આઠ લાખ જૈનો પડ્યા છે, તેમાંથી કદાચ બસે—ચારસે તેના વિરોધી થશે તેથી શું તે સુઈ જશે? કાનખજુરાનો એક પગ ભાંગ્યે તોએ શું ને ન ભાંગ્યો તોએ શું? અમો ફરી ફરીને કહીશું કે જો જૈન પ્રજાનું ભાવી પ્રબળ હશે, જો જૈનોની ઉન્નતિ જ થવાની હશે તો કોન્ફરન્સ મરશે જ નહિ.

પાંચમી કોન્ફરન્સથી જ કોન્ફરન્સનું ભવિષ્ય કેટલેક અંશે બગડ્યું છે. કોન્ફરન્સને અમદાવાદમાં નોતરી—આમંત્રી તેને માટે માત્ર જુજ રકમો આપવાનું જાહેર કરી લોકૈષણાના લોભથી તથા વાહવાહ કહેવડાવવા પ્રથમથી જ કાઢી મુકેલી મોટી મોટી સ્થાનિક ઉદાર સખાવતો પ્રસિદ્ધિમાં લાવી ઘરના દેવ અને ઘરના ભુવા જેવી બાજી રચી અર્થાત સખાવત પણુ ઘરની અને તેનીપર ટ્રસ્ટીઓ પણુ ઘરના. આમ કરી કોન્ફરન્સને હાનિ પહોંચાડીછે પોતાની ખોલેલી સંસ્થાઓ માટે કાઢી રાખેલી રકમો કાઢી ન રાખી હોય તો તેમને ચલાવવા માટે કાઢવી જોઇતી રકમો. કે જેના ઉપર પોતાની માલિકી રાખવી હોય તેવી રકમો સખાવતરૂપે શામાટે કોન્ફરન્સ વચ્ચે ખોલવી જોઇતી હતી? જાણુનાર સારી પેઠે જાણે છે કે તે કંઇ નવી સખાવતો નહોતી, પરંતુ અમારા બીજા ભોળા અને સરળ જૈન બંધુઓ કોન્ફરન્સને પૂછે છે કે "તને અમદાવાદમાંથી મળેલા બે—ત્રણુ લાખ રૂપિયા તથા બીજી કોન્ફરન્સો પ્રસંગે મળેલા બે લાખ રૂપીયાનું તેં શું કર્યું?" આનો કોન્ફરન્સે શો જવાબ વાળવો? દરેકને સંતોષ તે શી રીતે પમાડી શકે? અમને આ સ્થળે કહ્યા વગર ચાલતું નથી કે, સાઠ હજાર રૂપિયાનું જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મદદ ફંડ કોન્ફરન્સથી જુદું પાડી કોન્ફરન્સના હિતનો ભંગ કરવાની કેટલાક અમદાવાદી જૈન આગેવાનોએ જે સાંકડી રીતિ ધારણુ કરી હતી તે જૈન પ્રજા ભુલી ગઇ નથી અને જશે પણુ નહિ. આ સંકુચીત પ્રનાલિકાનો જન્મ થયા પછી ભાવનગરે અનુકરણુ કર્યું—સ્થાનિક સખાવતો કરવામાં આવી અને તેથી જ કોન્ફરન્સને માટે વરસતી સખાવતોના વરસાદ વરસતા મટી ગયા. પરિણામે તેને આજ પૈસા સંબંધી ઘણી અડચણો વેઠવી પડે છે. આ પરાક્રમ કરવાનું પ્રથમ માન અમારા અમદાવાદના કેટલાક બડેખાંઓને ઘટે છે!! આવો જશ એઓ સાહેબો ન ખાટે તો બીજા કોણુ ખાટે!! બીજા કોણુ એ કાળી ટીલી લે?

કોન્ફરન્સના આ અણીના કટાકટીના સમયે કોન્ફરન્સની જીવનભૂત આબાદ સુકૃત ભંડારની યોજના પ્રત્યે તિરસ્કાર કરવાનું જે અપમાનભર્યું પગલું સામાન્ય જૈન પ્રજાની લાગણી વિરૂદ્ધ આગેવાનોએ ભર્યું છે તે ઘણુંજ લજ્જાસ્પદ—શરમીંદુ જ ગણાય. રાજાના કાયદાનું અપમાન કરનાર ખુદ રાજાનું જ અપમાન કરે છે, તેમ તીર્થંકરરૂપી સંઘના નિયમનું અપમાન કરનાર તે પચીશમા તીર્થંકરનું—તે સંઘનું અપમાન કરે છે. આના જેવું બીજુ મહાન પાપ જગતમાં કયું હશે!

તેમાં વળી અમદાવાદનો જૈન સંઘ આ ચાર આનાની યોજનાના સંબંધમાં શું કરે

છે તે જોઇ તેનું અનુકરણ કરવા તત્પર થઇ રહેલાં અનેક નાનાં મોટાં ગામો આ બનાવ જોઇ શું કરશે એ વિચારવા જેવું છે. તેઓ પૈસા આપતા અચકાશે—અટકી જશે. પણ આથી અમે તો આવા સર્વે ગામોના જૈન બંધુઓને વિનંતી કરીશું કે અમદાવાદમાં બનેલા દુઃખજનક બનાવ ઉપર આધાર રાખી અવળે માર્ગે ન દોરાઇ જતાં ચાર આના જેવી રકમ કે જેનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ થવાનો છે, જેનાં ફળ તમારે અને તમારી ભવિષ્યની પ્રજાને ચાખવાનાં છે તે આપતાં તમે અચકાશો નહિ, પરંતુ ઉદાર દીલથી આપી દેજો. તમે કાળી ટીલી લેશો નહિ. જેઓ તે લેવાનો પોતાનો ધર્મ સમજતા હોય તેમને લેવા દો.

બંધુઓ ! અમદાવાદમાં સુકૃત ભંડારની યોજનાનો અમલ થાય તેમ કરવા મુંબઇ કોન્ફરન્સ હેડ ઓફીસે ત્યાંના આગેવાનોને સમજાવવા ખાતર પોતાથી બનતો દરેકે દરેક પ્રયાસ કર્યો છે. કોન્ફરન્સના રેસીડન્ટ જનરલ સેક્રેટરી, આસીસ્ટંટ જનરલ સેક્રેટરી વગેરે ત્યાં જઈ આવ્યા; પત્રવ્યવહાર કરી કરીને હાથ અને કલમો ઘસાઇ ગયાં, પરંતુ તે સઘળું વ્યર્થ ગયું.

છેવટની એક બાબત વાંચકોની આગળ રજુ કરવાનું અમારે વિસરી જવું જોઇતું નથી. 'પ્રેક્ષક' ની સહીથી છપાયેલ હેન્ડબીલમાં જણાવ્યા પ્રમાણે "કોન્ફરન્સપર મને શ્રદ્ધા નથી." એ દોઢચતુર શબ્દોને શેઠજી શેઠમના મંગળ ( ! ) પોકારથી વધાવી લેવામાં આવ્યા હતા તે સુચવે છે કે અમદાવાદના સામાન્ય જૈન બંધુઓનું એ શબ્દોથી દીલ દુભાયું હતું. કોન્ફરન્સપર તેઓની પ્રીતિ છે. સુકૃતભંડાર આપવા તેઓ તૈયાર છે. અમો તેમને અમારા જીગરના જીગરથી હજારો ધન્યવાદ આપીયે છીયે, બીજા ધન્યવાદ ત્યંના જૈનમંડળો અને તેના ઉત્સાહી અને કર્તવ્યપરાયણ કાર્યવાહકોને આપીયે છીયે, વળી અમો તેઓને સવિનય ભલામણ કરીયે છીયે કે તેઓ કોન્ફરન્સપર તેમની જે ભક્તિ છે તે કાયમ રાખશે; અને નિરાશ નહિ બનતાં, સ્વાશ્રયી થઇ સુકૃતભંડાર ફંડ ઉઘરાવવાનું કામ સત્વર હાથ ધરી, નાના શું કરે છે, તે મોટાને દેખાડી સચોટ દાખલો બેસાડશે.

અમે જાણીએ છીએ કે ઉપર લખેલી ભાષા કેટલાકને કડક લાગશે. પરંતુ તે ભાષા લખવા માત્ર કોન્ફરન્સ તરફના ભક્તિભાવે પ્રેરણા કરી છે. કોન્ફરન્સ દેવીથી જ આપણી કોમનો વિજય વાવટો ફરકશે એવું અમારૂં દ્રઢ માનવું છે તો તે મહા સંસ્થાને પુષ્ટ કરવા દરેક જૈનને તેમજ અમદાવાદ નિવાસી અગ્રેસર બંધુઓને અમારી નમ્ર વિનંતી છે. અમદાવાદ સંઘ તરફથી થાય તો તેમ અથવા તો જુદી જુદી ન્યાતો તરફથી અથવા તો જુદી જુદી સભા મંડળો તરફથી અમદાવાદમાં સુકૃત ભંડાર જરૂર ઉઘરાવવાની જરૂર છે અને તે માટે દરેક જૈન બંધુ પોતાની શક્તિ વાપરશે એવી આશા છે.

# ગૌવધથી દેશને થતું નુકસાન.

ગૌવધથી આપણા દેશમાં કેટલું નુકસાન થાય છે એ સવાલના જવાબમાં **અમારા પાંજરાપોળ ઇન્સપેક્ટર ડૉ. મોતીચંદ કુરજી ઝવેરી જી. બી. વી. સી.** લખી જણાવે છે કે ગીર, જાફરાબાદ વગેરે રસાળ મુલકની એક મજબુત અને તંદુરસ્ત ગાય દરરોજ સવાર સાંજ બે વખત મળી ઓછામાં ઓછું સોળશેર દુધ આપે છે જ્યારે કોકણ વગેરે નિસ્તેજ મુલકની ગાય દરરોજ ઓછામાં ઓછું બે વખત મળી બશેર દુધ આપે છે. એ બે દાખલાની સરાસરી ગણીએ તો હિન્દુસ્તાનની દરેક ગાયનું સવાર સાંજ બે વખતનું મળી દરરોજનું દુધ નવશેર થાય છે અને એ હીસાબે એક મહીનાનું એક ગાયનું દુધ ૬ાા મણ થાય છે. એક સાદી અને નિરોગી ગાય વિઆય તો વિઆયાના દીવસથી આઠ મહીના સુધી દુધ આપે છે અને હલકી અગર રોગી હોય તો વિઆયા પછી છ મહીના સુધી દુધ આપે છે. અને આ હીસાબે સરાસરી એક ગાય વિઆયા પછી સાત મહીના દુધ આપે છે અને ઉપલે હીસાબે સાત મહીનાનું એકંદર દુધ ૪૭ા મણ થાય છે.

ગાય ઓછામાં ઓછું છ અને વધતામાં વધતું સોળ વખત વિઆય છે અને આ હિસાબે એક ગાય સરાસરી અગીઆર વખત વિઆય છે અને જ્યારે આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે એક વેતરનું દુધ ૪૭ા મણ થાય છે ત્યારે તેજ હીસાબે અગીયાર વેતરનું દુધ ૫૧૯ાા મણ થશે.

ઉપર જણાવ્યા પ્રમાણે એક ગાય પોતાની જીંદગીમાં ૧૧ વખત વીઆય છે એવી અટકળ કરી છે. હવે તેના ૧૧ વાછરડામાંથી એકાદ વાછરડું મરવાનો સંભવ છે. બાકી ૧૦ વાછરડાં રહ્યા તેમાંથી ઓછામાં ઓછી ચાર ગાય થશે એમ ધારીએ તો તે ચાર ગાયની હયાતીનું દુધ ઉપર જણાવ્યા પ્રમાણે એક ગાયની હયાતીના દુધને હીસાબે ૨૦૭૯ મણ થાય છે અને એ ચાર ગાય અને પાંચમી તેની મા એ પાંચેની હયાતીનું દુધ ૨૫૯૮ાા મણ થાય છે અને જો એટલા દુધનો દુધપાક કરીએ અને દરેક માણસ દીઠ ૧૬૦ તોલાને હીસાબે આપીએ તો એટલા દુધમાંથી ૫૧૯૭૫ માણસો એક વખત જમીને તૃપ્ત થશે.

હવે ઉપર જણાવ્યા પ્રમાણે એક ગાયની પેદાશમાંથી બાકી છ વાછરડાં રહ્યા જે સઘળા બળધ થવાના. દરસાલ બે બળધની મદદથી પૃથ્વી ખેડી ખેતી કરી હોય તો ૨૦૦ મણ દાણો ઉત્પન્ન કરી શકાય છે એવું અનુમાન થયેલું છે અને એ હિસાબે ૬ બળદ ૬૦૦ મણ દાણો દરવરસે ઉત્પન્ન કરી શકશે.

બળધની જીંદગીની સરાસરી લેખતાં ઓછામાં ઓછી વીસ વરસની લેખાય છે જેમાંથી ૩ વર્ષ બચપણના અને બેવર્ષ બુઢાપણના બાદ કરીએ તો બાકીના પંદર વર્ષમાં ઉપરને હીસાબે છ બળધોનું એકંદર ઉત્પન્ન વીસ મણની એક ખાંડી એ હીસાબે ૪૫૦ ખાંડી અનાજ થાય છે.

સરાસરી દરેક માણસને આખા દીવસમાં એક શેર અનાજ જોઇશે એ હીસાબે ૪૫૦ ખાંડી અનાજમાંથી ૩૬૦૦૦૦ ત્રણલાખ અને સાઠ હજાર માણસો એક દિવસ જમી તૃપ્ત થશે.

ઉપર બતાવેલી એક ગાય અને તેની પ્રજા ૪ ગાય અને ૬ બળધ થાય છે એવી કલ્પના કરી છે અને તે પ્રમાણે કુલે ૫ ગાય અને ૬ બળધના ઉત્પન્નમાંથી દુધપાક અને પુરી કરીએ તો તેમાંથી ૪૧૧૯૭૫ માણુસો એક વખત જમીને તૃપ્ત થવાના. હવે આવી દુધપાક પુરીની દર પાતળ દીઠ ઓછામાં ઓછા છ આના કીમત લેખીએ તો આ સઘળા માલની કીમત ૧૫૪૪૯૦ાા= રૂપીયા થવા જાય છે. મતલબ કે કસાઇ જો એક ગાય ખાવા માટે મારે તો લગભગ દોઢલાખ રૂપીઆનું નુકશાન હિંદુસ્તાનના લોકોને થાય છે. એમ કહેવાય છે કે આખા હિન્દુસ્તાનમાં જુદા જુદા કતલખાનાઓમાં મળી કુલે બે લાખ ગાયોનો દર વર્ષે વધ કરવામાં આવે છે. જો આટલી બધી ગાયોનો વધ થતો અટકે તો ઉપર ગણાવેલા હીસાબ મુજબ હિંદુસ્તાનના લોકોને દર વર્ષે ૩૦૮૯૮૧૨૫૦૦૦ ત્રીસ અબજ નેવાસી કરોડ એકાસીલાખ અને પચીશહજાર રૂપીઆનો ફાયદો થાય અથવા તેટલી રકમમાંથી એક વખતને માટે ૮૨૩૯૫•••••• બ્યાસી અબજ, ઓગણચાલીસ કરોડ અને પચાસલાખ માણુસો જમાડી શકાય. અમારી શાણી સરકાર આ વાત ધ્યાનમાં લે અને કતલખાનાઓ બંધ કરે તો ઘણાજ થોડા વખતમાં હિંદુસ્તાન આબાદ થઈ જાય.

મજકુર રૂપીયાના આંકડાને હીંદુસ્થાનની ૩૦ કરોડની વસ્તી સાથે ભાગાકાર કરતાં માણુસ દીઠ રૂ. ૧૩ વાર્ષિક આવકમાં વધારો થાય; જ્યારે ત્રીસ કરોડની સંખ્યામાંથી ૭ાા કરોડની સંખ્યા માત્ર ગરીબોની હશે કે જેઓમાંજ આ રકમ વહેંચીએ તો વાર્ષિક રૂ. ૪૦ એક ગરીબના ભાગે આવે, કે જે રકમ તેવા ગરીબોને ખર્ચ માટે પુરતા ગણાય.

મજકુર આંકડા એક રીતે જોતાં છુટથી મુકાયા છે. છતાં પણ તેમાં ઓછા કરીએ—અરધો અરધ કહાડી નાંખીએ તો પણ એક ગાય દીઠ પોણો લાખ રૂપીઆ હીંદુસ્થાન ગુમાવે છે. ઉપરાંત તેવા ઢોરોની કીમતમાં વધારો થવાથી, દુધ કે જે ખાધા ખોરાકીમાં અમૃત તુલ્ય જ છે તે જોઇતા પ્રમાણમાં ન મળવાથી, ઓછાં ભાવે નહીં વેચી શકાતું હોવાથી પાણી અને બીજા પદાર્થોની ભેળસેળવાળું દુધ પ્રજા પીએ છે ને તંદુરસ્તીના બદલે રોગે પીડાય છે. ખરી રીતે પ્રજાનો મોટો ભાગ ડોકટરોને ત્યાં રોજ જતો જોવાય છે. આ રીતે જે ખરચ થાય છે, તેનો આંકડો કેટલો થાય તે સાથે તે રોગી માણુસ ધંધામાં નુકશાન કેટલું પામે તે આંકડો ઉમેરતાં અમારે કહ્યા વિના ચાલતું નથી કે જ્યાં સુધી હીંદુસ્થાનમાં નામદાર બ્રીટીશ રાજ્ય ગૌવધ (ખરી રીતે દુધાળાં ઉપયોગી જનાવરોનો થતો વધ) બંધ કરવા કાયદો નહીં ઘડે ત્યાં સુધી હીંદુસ્થાન જે દુષ્કાળના મહા ભારી દરદે પીડાય છે, અને મોંઘવારીના અતિ ભયંકર દુઃખે મરણ પામે છે તેમાં ફેરફાર થવા સંભવ નથી.

અમો આશા રાખીએ છીએ કે આ ઉપર નજર પહોંચાડી પ્રજાનું દુઃખ હૈડે ધરનાર વર્ત્તમાનપત્રો, પ્રજા આબાદી માટે (ખેતીવાડીની ઉન્નતિ માટે) આવા કાયદાની કેટલી જરૂર છે તે નામદાર સરકાર અને દેશી રજવાડાઓની નજરમાં આણવા ચુકશે નહીં.

તા૦ ૧૬-૧૦-૯

લી૦ સેવક,
**લલ્લુભાઈ કરમચંદ દલાલ.**
ઓ. સે. શ્રી જૈ. કો. જીવદયા કમીટી.

# કોન્ફરન્સ નો કટાકટીનો સમય કયાંથી આવ્યો અને જૈનોનું કર્તવ્ય.

આપણી મહાન્ પરિષદ્નો અત્યારે અણીનો સમય છે. આ સમયનું જૈન પ્રજાને યથાસ્થિત ભાન કરાવવું એ આ કટાકટીના વખતે અપ્રાસંગિક નહીં ગણાય. તેની સાથે આવો વિષમ સમય કેમ આવ્યો? ને આવે વખતે આપણે કેવી રીતે વર્તવું આદિ પ્રશ્નો સંબંધી પણ હું મારા વિચારો સાથે સાથે જણાવું તે પણ અનુચિત નહિ લેખાય.

આપણી કોન્ફરન્સની આઠમી બેઠક કયાં ભરાશે, તે સંબંધી અત્યારે એક ગંભીર અને પ્રથમ સવાલ છે. જો કોઇ શહેર તરફથી કોન્ફરન્સ ભરવાનું ખર્ચ કમી કરવાની સરત સાથે આમંત્રણ નહીં દેવાય તો છેવટે આ બાળકને શ્રી ભોયણીજીમાં શ્રી મલ્લીનાથજીના પાદારવિંદનો આશ્રય લેવો પડશે. જોકે તે તીર્થસ્થળમાં ભરવામાં આવનારી કોન્ફરન્સનું ખર્ચ કયાંથી કાઢવું તે તો એક ગંભીર પ્રશ્ન છે. એ બારીક પ્રશ્ન હમણા તુરતમાં મૂકી દઇ બીજા પ્રશ્નપર આવીએ.

આપણી કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા, તેના ઠરાવોનો અમલ કરવા આપણે સ્થાપેલ કોન્ફરન્સ ઓફીસની નાણાંની સ્થિતિ ઉપર દરેક જૈન બંધુએ પોતાનું લક્ષ ખેંચવાની આવશ્યકતા છે. અત્યાર સુધીમાં કોન્ફરન્સ હસ્તક આવેલાં નાણાઓ લગભગ ખર્ચાઈ ગયાં છે. માત્ર હાલ કુલે ૨૦-૨૧ હજાર રૂપીયા કોન્ફરન્સ ઓફીસ પાસે છે. આ નાની રકમમાંથી હવે શું કરવું તે પ્રશ્ન કાર્યવાહકોને ચિંતાનું સ્થાન થઇ પડયું છે. આવક દિન પ્રતિદિન ઓછી થતી જાય છે. અને તે એટલે સુધી કે કેટલાક ગૃહસ્થો તો પોતે જાહેર કરેલ રકમ પણ આપતા નથી. આ શું ઓછા ખેદની વાત છે? અમારા સાંભળવા પ્રમાણે સાતમી કોન્ફરન્સના પ્રમુખ કે જેઓ તરફથી એક હજાર રૂપીયા કેળવણી માટે, અને એક હજાર રૂપીયા કોન્ફરન્સ નિભાવ માટે એ રીતે બે હજારની નાનકડી સખાવત કરવામાં આવી હતી તે પણ આપવા તેઓ આનાકાની કરે છે. વાહ! આ કેટલો બધો ઉઘાડો અન્યાય! રાંકડી કોન્ફરન્સ તે તું કયાં સુધી સહન કરીશ? ઓ દેવી! હવે તો તું જાગ! કંઈ ઉગ્ર સ્વરૂપ ધારણ કર. તારી પોકારની ગર્જનાથી જૈન કોમને ગજવી મૂક, કે જેથી તારી ઉપયોગિતા તેઓથી સમજાય, અને થતા અન્યાયને માટે તે તારી વકીલાત કરે. આમ જાહેર કરેલી રકમો ન આપનારનાં નામ કોન્ફરન્સના કાર્યવાહકો કેમ બહાર નહિ પાડતા હોય તે સમજાતું નથી.

આવી નાણાંની સ્થિતિને લઇને હાલ કોન્ફરન્સ ઓફીસોનો ખર્ચ ઘણો કમી કરવો પડયો છે. વળી તે સંસ્થાના દીર્ઘદ્રષ્ટિવાળા અને વિચારશીલ હાલના કાર્યવાહકોએ થોડે થોડે ખર્ચે ઘણું કામ કરવું એ નીતિરીતિ સ્વીકારી છે. આ રીતિ ગ્રહણ કર્યા સિવાય અન્ય ઉપાય ન હતો; કારણ કે આ સંસ્થા ટકાવી રાખવી એ તો અવસ્ય જરૂરની છે, એમ તો કોઇથી પણ કહ્યા વગર રહેવાશે નહિ. આ વખતે લાગતાવળગતાઓ આગળથી

ચેલા છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે. નાણાંની આવી દુર્બળ સ્થિતિ છે, જેથી ખર્ચ ઘણું કમી કરવું પડયું છે.

આ સાથે કાર્યવાહકોમાં પણ કંઇ વિચિત્રતા દ્રષ્ટિગોચર થાય છે. મુંબઇ ઓફીસ સિવાય, બીજી કોઇ પણ ઓફીસમાં કંઇ પણ કાર્ય થતું હોય તેમ સંભળાતું નથી. પ્રથમ અમદાવાદ ઓફીસ તરફ આપણી દ્રષ્ટિ ફેરવીયે તો આપણને જણાશે કે, આ ઓફીસ તરફથી નવીન અને અદભૂત પદ્ધતિ હમણાં હાથ ધરાઇ છે. કોન્ફરન્સદેવીનું જીવન અને ખોરાક જે સુકૃતભંડાર તેને માટે આ ઓફીસે આ વિભાગમાં તો શું પરંતુ ખુદ અમદાવાદમાં પણ આ યોજના અમલમાં મૂકવા કોઇ પણ જાતનો પ્રયાસ કર્યો હોય એમ લાગતું નથી. અરે! પ્રયાસ તો શું પરંતુ અમદાવાદની સામાન્ય પ્રજાની સુકૃત ભંડાર ઉઘરાવવાની પ્રબળ ઇચ્છાને અનુકૂળ રસ્તા બતાવી શકી નથી. ભાવનગર ઓફીસમાં પણ સુકૃત ભંડારનું કાર્ય શિથિલ છે. કોન્ફરન્સના પિતા શ્રીયુત્ ગુલાબચંદજી ઢઢ્ઢાની તબીયત નાદુરસ્ત હોઇ પોતાના બાળકના જીવન માટે સુકૃતભંડારની યોજનાનો અમલ કરાવવા હાલ તુરતમાં અશક્ત છે, એટલે તેઓના સંબંધમાં તો કંઇ કહેવું તે ગેરવ્યાજબીજ ગણાય. એવલામાં અને કલકત્તામાં શું થાય છે, તેના ભણકારા પણ કાને આવતા નથી. પ્રાંતિક સેક્રેટરીઓ તરફથી જોઇએ તેવી સહાય મળતી નથી. ઘણા ગામો સુકૃતભંડાર માટે અમદાવાદ, ભાવનગર, સુરત આદિ શહેરો તરફ એકી ટશે જોયા કરે છે કે ત્યાં ક્યારે આ ભંડાર ઉઘરાવવો શરૂ થશે. પરંતુ અફસોસની વાત એ છે કે આ જૈનોની બહોળી વસ્તીવાળા મોટા શહેરોએ આ યોજનાને હજુ સુધી આવકાર પણ નથી આપ્યો. આ કેવું વૈચિત્ર્ય, આ કેવો અણીનો સમય ! !

ઓછામાં પુરૂં–દુષ્કાળમાં અધિક માસ જેવું એ છે કે, કોન્ફરન્સની નાણાની સ્થિતિ દુર્બળ છે એટલુંજ નહિ, પણ તેના ઠરાવો કોન્ફરન્સના કેટલાક નાયકોજ તોડવા મંડી પડયા છે. આવા કટોકટીના સમયે હમણાંનો એક નવીન દુઃખદાયક બનાવ હૃદયને બાળે છે. એ બનાવ શું છે, તે સર્વ કોઇ જાણે છે, એટલે વધારે લખવાની જરૂર રહેતી નથી. કેટલાક કોન્ફરન્સના નાના હોદ્દેદારોએ તો પ્રથમ કેટલાક કાનુનો તોડેલા છે, પણ જ્યારે વાડજ ચીભડાં ચોરી લે ત્યારે ફરીયાદ કોને કરવી ?! જ્યારે રક્ષકજ ભક્ષક બને ત્યારે દાદ ક્યાંથી મેળવવી ? !

આ કોન્ફરન્સના સંકટ સમયે કોન્ફરન્સનું સંકટ દૂર કરવા તેના પ્રતિનિધિઓએ, તેના કાર્યવાહકોએ, તેના અંગોપાંગભૂત જુદી જુદી સભાઓએ, તેના પ્રમુખોએ, તેની હિતચિંતક ભિન્ન ભિન્ન વ્યકિતઓએ, તેના વક્તાઓએ, જૈનકોમના સાપ્તાહિકો તેમજ માસિકોએ આલસ્યને દેશવટો દઇ કટીબદ્ધ તૈયાર થવું જોઇએ. દેવીરૂપ, ગુરૂણીરૂપ, માતારૂપ, આ મહા સંસ્થાના દુઃખની સમયે તેની માવજત કરવા, તેને ઔષધિ આદિ વસ્તુઓ લાવી આપવા જૈન નામધારી દરેક વ્યકિતએ આ ધર્મસંકટનો નાશ કરવા અથાગ પ્રયત્ન કરવાની જરૂર છે.

કોન્ફરન્સના બારીક પ્રસંગો કે જેનું ધ્યાન આપણે ઉપર કહી ગયા છીએ તેનું પુનઃ અવલોક કરીએ; અને એવા ઇલાજો હાથ ધરીએ કે તે કટોકટીના સમયને કોન્ફરન્સ માટે માંગલિક સમય બનાવીએ.

પ્રથમ પ્રશ્ન આઠમી કોન્ફરન્સને ક્યાં ભરવી એ છે. પુના કોન્ફરન્સ પછી જ્યારે એ ખર્ચાળ પ્રાહુણાને કોઇ આમંત્રણ કરનાર ન મળ્યું, ત્યારે તેના હિતચિંતકોએ તેને ભોયણી તીર્થ લેઇ જવાની યોજના ઘડી કાઢી. મલ્લીનાથ દાદાના ચરણ કમળને તે ભેટે એ ઠીક છે. પરંતુ તેને ખરા સ્વરૂપમાં તાકીદે મૂકવાની તથા તદન ઓછી ખર્ચાળ બનાવવાની ખાસ આવશ્યકતા છે. અને તેમ કરવાને માટે આ સોનેરી તક હાથ લાગી છે. વેળા વહી જશે તો પાછળથી પસ્તાવો થશે. કોન્ફરન્સના નેતાઓ! કોન્ફરન્સનું ભવિષ્ય હજુ ઘડાયું નથી તે પહેલાં જ તમે તેના ઘડનાર થાઓ; કારણ માટીનો પીંડ હજુ ચાક ઉપર છે, તેને જેવી આકૃતિ આપવા તમે ચહાશો તેવી આપી શકશો. હે નૌકાપતિઓ! તમારૂં નૌકા ખરાબે ચડે, તે પહેલાં તેનું સુકાન ફેરવી દિશા બદલી નાંખો. હાલ જે સમુદ્ર માર્ગે તમારૂં નૌકા જાય છે, તે માર્ગમાં ભયંકર ખડકો છે, અને પવન પણ તોફાની છે. જો તમે તમારો રસ્તો નહિ બદલો તો, જો વેળાસર નહિ ચેતો તો તમારૂં નૌકા તે ખડકો સાથે અથડાઇ ભાંગી જશે, અને તેમાં તમારા જે ઉદયરત્નો ભર્યાં છે, તે અસ્તોદયના તળીયાનાં દર્શન કરશે. જો તમે ડાહ્યા વૈદ્ય હો તો આજારી મરણ પથારીએ પડે તે પહેલાંજ તેની દવા કરો, અને ઉગતા દરદનું છેદન કરો. યાદ રાખો કે "Prevention is better than cure" જો સમજુ હો તો પાણી પહેલાં પાળ બાંધો. હવેની કોન્ફરન્સ મલ્લીનાથના દરબારમાં ભરાય તે પણ ઠીક છે. પરંતુ કોન્ફરન્સને કયા ધોરણસર ભરવી કે જેથી તે તદન ઓછી ખર્ચાળ પણ વધારે લાભદાયી નીવડે. તેવા નિયમો કોમોદ્ધારક, કુશાગ્ર બુદ્ધિવાળા અને આડંબરને નહિ ચાહનારા મહાશયોના હાથથી પણ નહિકે મોભાગ્ર બુદ્ધિવાળા ધનપાળોના હાથથી ઘડાવા જોઇએ. કોન્ફરન્સ અધિવેશન મંડપ અમુક રીતે જ બાંધવો, પ્રતિનિધિઓની સંખ્યાની હદ રાખવી વગેરે વગેરે ઉપયોગી ઓછા ખર્ચાળ નિયમો બાંધી, તેજ નિયમાનુસાર વર્તી કોન્ફરન્સ ભરવા માગતા હોય તેમનું જ આમંત્રણ કબુલ રાખવું, બીજાનું નહિ. તેને અંગે એક કમીટી પણ નિમવાની જરૂર હું જોઉં છું. મંડપ પાછળ જરૂરીઆત ખર્ચ કરવો. તેને રંગબેરંગી કે ભભકાદાર કરવાની જરૂર નથી. બેઠકો પણ સાદી રાખવી. ડેલીગેટોની સંખ્યા બે હજાર કરતાં વધારે ન હોવી જોઇએ. સાથે સાથે ફીમાં પણ વધારો કરવો, કે જેથી માત્ર લાગણીવાળા જ ભાગ લે; અને પોતાની ફરજ સારી રીતે અદા કરી શકે. ખાવા પીવાની જોગવાઈ ડેલીગેટોએ પોતાની મેળે જ કરી લેવી. સુવા બેસવાનાં સાહિત્યો તેઓએ સાથે લાવવાં, પણ મકાન વગેરેની સગવડ કરી આપવી. આ બધા નિયમો ઘડાઈ રહ્યા પછી, તેમનો અમલ કરવા, કોન્ફરન્સને આડંબરવાળી અને રાક્ષસી ખર્ચાળ બનાવી દીધી હતી, તેજ જૈનપુરીના જૈનોની ફરજ છે કે તેને મદદ કરવી અને ખરા સ્વરૂપમાં મુકવી.

મુંબઇમાં કોન્ફરન્સ ભરવી એ વાત તો ખરી, પરંતુ એ ખર્ચ શેમાંથી કાઢવું એ પ્રશ્ન સ્વભાવિક રીતે ઉભો થશે. તેના જવાબમાં કહીશ કે, ઉપર જે રીત બતાવી છે તે રીતે જો કોન્ફરન્સ ભરવામાં આવે તો ઝાઝું ખર્ચ થશે નહિ. અત્રે મંડપ બાંધવાની જરૂર નથી. ટાઉનહોલમાં આપણે આપણી કોન્ફરન્સ કાં ન ભરી શકીએ? છતાં જે થોડુંઘણું ખર્ચ જોડવું પડે તે માટે મુંબઇ કોન્ફરન્સ રીસેપ્શન કમીટીની દશ હજાર રૂપિયાની પ્રોમીસરી

નોટો જે વગર ઉપયોગે પડી રહી છે તેમાંથી અમુક હિસ્સો આ ઉપયોગી કામમાં આપવો.

હવે આપણે બીજા પ્રશ્ન ઉપર આવીએ. કોન્ફરન્સની નાણાં સંબંધી સ્થિતિ સુધારવા માટે સુકૃતભંડારની યોજનાજ કલ્પલતા સમાન છે. આ યોજનાનો અમલજ પૂરતો છે. પરંતુ તે યોજનાનો અમલ શરૂઆતમાં સંપૂર્ણ રીતે ન બની શકે એ બનવા જોગ છે, અને એટલા માટે કોન્ફરન્સના શુભેચ્છકો અને ધનવાનોને અરજ કરવાની કે તમે **કોન્ફરન્સના મેમ્બરો બની તેને દર વર્ષે પોતાની સ્થિતિના પ્રમાણમાં સારી રકમ આપતા રહો.** આ પણ એક ઉત્તમ માર્ગ છે.

છેવટના બે પ્રશ્નોનો નીવેડો કરતાં હું જણાવીશ કે, કોન્ફરન્સને માટે નાયકોની ચુંટણી બહુજ વિચારપૂર્વક કરવાની છે. કોમ તરફ લાગણી વગરના, ચાલુ જમાનાની હાજતોને નહિ સમજનારા, મોભાગ્ર બુદ્ધિવાળા, પોતાનો જ કક્કો ખરો કરાવવાની ટેવવાળા, માત્ર માનનાજ ભુખ્યા પુરૂષોને હોદ્દાઓ ન આપવા એવી અમારી ખાસ ભલામણ છે. તેઓથી તમારૂં સ્વપ્ને પણ કલ્યાણ થવાનું નથી. ખુદ કોન્ફરન્સના ઠરાવોની વિરૂદ્ધ વર્તનારાઓને જ્યાં મોટા મોટા ઓધ્ધાઓ આપવામાં આવે ત્યાં કોમનું શ્રેય ક્યાંથી થાય? લાયકને લાયક પદવી આપવાની પ્રથા ગ્રહણ કરો. આ પદવીઓ કંઈ જેવી તેવી નથી, ઓછી જવાબદારી ભરેલી નથી. ઓધ્ધેદારોની હવે જ્યારે નવી ચુંટણી થાય, ત્યારે તેમની પાસેથી એવા દસ્તાવેજ કરાવી લેવા જોઇએ, અને પ્રતિજ્ઞા લેવરાવવી જોઇએ કે કોન્ફરન્સના સર્વે ઠરાવોને તેઓ વળગી રહેશે, કોન્ફરન્સને તેઓ વફાદાર રહેશે, તથા જે કામ તેમને સોંપવામાં આવ્યું છે, તે પાર પાડવા પોતાથી બનતી દરેક કોશિશ પણ આત્મભોગથી કરશે. કામ કરનારાઓ એવા હોવા જોઇએ કે, જેઓ લાગવગથી ન દબાય, ધન, દમામ કે માનથી ન લોભાઇ જાય. જ્યારે આમ થશે ત્યારેજ આપણે કંઇ કરી શકીશું.

નૈતિક બળ.

# પહોંચ.

## શ્રી કચ્છ માંડવી જૈન મિત્રમંડળનો ૧૯૬૨-૬૩-૬૪ ની સાલનો બીજો વાર્ષિક રિપોર્ટ.

આ રિપોર્ટની પહોંચ સ્વીકારતાં અમારે જણાવવું જોઇએ કે, આ મંડળ જૈન કોમના હિતના અનેક કાર્યો કરે છે. એને હસ્તક રહેતાં ખાતાઓ જેવાં કે જીવદયા ખાતું, લાયબ્રેરી, સંગીત ખાતું, વીગેરેની વ્યવસ્થા સંતોષકારક લાગે છે. અમો માત્ર એકજ સૂચના કરવાની જરૂર ધારીએ છીએ કે, આ મંડળે માથે લીધેલ શ્રી બેટ શંખોદ્ધારની પડોશના વસઇ ગામના પ્રાચીન દેરાસરોનો જીર્ણોદ્ધાર જેમ બને તેમ જલદી કરાવવા પ્રયાસ લેવો જોઇએ છીએ. કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા તેમજ સુકૃતભંડાર કચ્છમાંથી ઉઘરાવવા આ મંડળ પ્રયાસ કરશે એમ અમને સંપુર્ણ આશા છે.

# "જૈન રાસોની યાદી અંગે વિદ્વાનોના અભિપ્રાય"

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ. અમદાવાદથી તા૦ ૮-૯-૦૯ ના પત્રમાં લખે છે કે:—

"*તમે જૈન રાસોની યાદીની એક પ્રત મોકલી* તે માટે તમારો બહુ આભારી છું. એ યાદીમાં નોંધાયલા સાહિત્ય ઉપરાંત બહુ બીજું જૈન રાસાત્મક સાહિત્ય છે. એ પણ નોંધાય તો ઠીક ... ... જેવી રીતે આ યાદી તમે તૈયાર કરી તેવી રીતે એ બધા રાસોમાંથી ઉપયોગી ઐતિહાસિક બાબતનું દોહન કરવામાં આવે તો ઠીક"

રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ-કાંટાવાળા ( મુખ્ય દીવાન -લુણાવાડા ) તા૦ ૧૪-૯-૦૯ ના પત્રમાં લખે છે કે:—

"આપે કૃપા કરી જૈન રાસોની યાદીની એક પ્રત મોકલી-તેને માટે મોટો ઉપકાર માનું છું. તે તૈયાર કરવામાં આપે ઘણી સારી મહેનત લીધી છે. છાપેલા કેટલાક રાસો મેં જોયા હતા, પણ તે ઘણા અશુદ્ધ હોવાથી કંટાળો આવતો હતો. તેવા રાસા પુનઃ છપાય અને બીજા જે છપાયાજ નથી તે **જૈનકાવ્યમાળા** ને નામે આપ સૂચવો છો. તેમ છપાય તો અનેક લાભ થાય. "**રાણીરૂપસુંદરી**" નો રાસો લખાયો જાણવામાં છે? આશા રાખું છું, કે **જૈન શ્વેતાંબર** કોન્ફરન્સ રાસોને સટીક છપાવવા યત્ન કરશે. ઇ૦"

પ્રૉ૦ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર એમ. એ. રાજકોટથી તા૦ **૨૫-૮-૦૯** ના પત્રમાં લખે છે કે:—

"રાસોની યાદી જોઇ બહુ આનંદ થયો. પુના ડૅકન કૉલેજની લાયબ્રેરીમાં પણ રાસોનો સારો સમૂહ છે. આ યાદીમાં નહિં આવેલા કોઇ કોઇ રાસો ત્યાં મેં જોયેલા છે. ઇ૦"

રા. રા. હીંમતલાલ ગણેશજી અંજારીયા એમ. એ. જામનગરથી તા૦ ૮-૯-૦૯ ના પત્રમાં જણાવે છે કે:—

"જૈન રાસોની નોંધ અહિં આજે મળી. તે ઉપયોગી સંગ્રહ અને ખબર માટે ગુજરાતી સાહિત્યના સર્વ સેવકો બહુ આભારી થયા છે. યાદી માટે ફરી ઉપકાર માનું છું. ઇ૦"

રાસોની પ્રકટ થયેલી યાદીયે જૈનેતર વિદ્વાનોનું બહુ સારૂં અને દીલસોજી ભર્યું ધ્યાન ખેંચ્યું છે. રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનો ઉપર ટાંકેલો પત્ર આવ્યા પછી, તેઓને મળવાનું થતાં તેઓએ જણાવ્યું કે "હમણાજ મને વિ૦ સં૦ **૧૨૨૫** કે **૧૨૭૫** માં રચાયલો એક જૈનરાસ ( જેનું નામ મને હાલ યાદ નથી, પણ અમદાવાદ જઇ જણાવીશ. ) તથા બીજો વિ૦ સં૦ **૧૩૨૭** માં રચાયલો "**સપ્ત ( સાત ) ક્ષેત્રરાસ**" એ બે મળ્યા છે." આ બંને તેઓના કહેવા મુજબ પ્રાચીનમાં પ્રાચીન ગુજરાતી અથવા અપભ્રષ્ટ પ્રાકૃતમાં છે. શિવાય ડૅકન કૉલેજ લાયબ્રેરીમાં તેનું લીસ્ટ જોતાં નીચેના નવા રાસો જણાયા છે:—

૧—કેમ્બોનો રાસ.
૨—ચાણાકય
૩—આણંદ ચરિત્ર
૪—કુમાર વંશાવળી
૫—ચંદ્રચરિત્ર

આ બધા ગુજરાતીમાં છે.

આ શિવાય બીજા અનેક રાસો હોવા સંભવ છે. તો જુદા જુદા ભંડારોને ત્યાંના સુજ્ઞબંધુઓ જોઇ તેની યાદી જાહેર પત્રમાં આપશે તો મહદ્ ઉપકાર થશે. અને રાસોની યાદી પૂર્ણ કરી શકાશે. વળી યાદીમાં નહીં આવેલો એવો "**વસ્તુપાળ તેજપાળ**" નો વિ૦ સં૦ **૧૪૦૫** માં "શ્રી રાજશેખરે" કરેલો રાસ અત્રે જોયો યાદ આવે છે. આ સંબંધમાં વખતો વખત જાણવા યોગ્ય જણાવશું.

લિ૦ સેવક **મનસુખ વિ૦ કિરતચંદ** મહેતા મોરવી
તા૦ ૧૯-૯-૦૯

# જૈન કૉન્ફરન્સ અને સુકૃત ભંડાર

(લેખક—રા. રા. **મોતીચંદ ગિરધરલાલ** કાપડીયા બી. એ. એલ એલ. બી., સોલીસીટર.)

સર્વ બંધુઓને જણાવવું ઉચિત છે કે એક મનુષ્યના બળ કરતાં બે મનુષ્યનું બળ એવડું નથી પણ બાવીશગણું છે એમ લોકોની માન્યતા છે. વિશિષ્ટ વિચાર કર્યા પછી, તરફેણના અને વિરૂદ્ધના વિચારોની દલીલો સાંભળ્યા પછી અને એકત્ર યોજના કર્યા પછી દરેક માણસને યોજનાઓ કરવાનો અને અમલમાં મૂકવાનો બહુ ઉત્તમ પ્રસંગ પ્રાપ્ત થાય છે. અને એવી રીતે કરેલા વિચારો તથા કાર્યો બહુ મનગમતા, દીર્ઘકાળ સુધી ચાલે તેવા અને લોકપ્રિય થાય છે. અમુક યોજના કે વિચાર એક મગજનો તરંગ સ્ફુરણા છે એમ હોય તેના કરતાં વિચારશીળ મનુષ્યોની અરસપરસ દલીલને પરિણામે થયેલ દ્રઢ વિચાર છે એવો ખ્યાલ આવવાની સાથે તેમાં લોકપ્રિયપણાનું મહાન તત્વ ઉમેરાય છે. આની સાથે પૂર્વ તરફના દેશોમાં રહેલું વડીલો તરફનું માન અમુક વિચારને બહુ મજબુત બનાવી આપે છે અને પોતાના મંડળમાંજ નહિ પણ અન્યત્ર પણ તે બહુ માન ધરાવે છે. આની સાથે જ્યારે આખી કોમના કબુલ કરાયલા આગેવાનો અને વિચારશીળ મનુષ્યો એકત્ર ઇચ્છાથી સર્વાનુમતે કોઇ કાર્યની ઉપયોગિતા, આવશ્યકતા અથવા જરૂરીઆત સ્વીકારે ત્યારે તે કાર્યની આદેયતા બહુ આકરા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

આવા અનેક વિચારોને અંગે સાત વરસ પહેલાં આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશન ભરવાનું શરૂ કરવામાં આવ્યું. આ મહાન યોજના શરૂ કરતી વખતે થોડા વખતમાં આટલી બધી લોકપ્રિય થઇ જશે એમ કોઇના પણ ખ્યાલમાં નહોતું. ઘણા વખતના દ્રઢ બંધાઈ ગયેલા જુના વખતમાં કોમના જીવન માટે ઉપયોગી પણ નવીન યુગને અંગે નકામા થઇ ગયેલા કેટલાક સાંકડા વિચારો નવીન પ્રવાહને માર્ગ આપશે કે નહિ તે સબંધમાં મોટી શંકા હતી, પરંતુ સ્થિતિ પરિપક્વ થવાનો કાળ નજીક આવેલો હોવાને લીધે, કોમમાં દીર્ઘદ્રષ્ટિ વાળા મનુષ્યોની પ્રબળતાને લીધે અને ધનવાન અને વિદ્વાનોની પરસ્પર સહાનુભુતિને લીધે કોન્ફરન્સ ભરવાના વિચારોને આદર મળ્યો અને ધારણા કરતાં વધારે સારી રીતે ઉત્તરોત્તર દરેક અધિવેશનની ફતેહ થઈ. આ સર્વ હકીકત કોમની સન્મુખ છે તેથી તેપર વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ તેની અસાધારણ ફતેહના કારણોમાં આગેવાનોનો અંતઃકરણથી ભાગ, આખી કોમની નવીન યોજના તરફ લાગણી અને મેળાવડાનું આકર્ષણપણું એ મુખ્ય કારણ હતાં એ તરફ ધ્યાન આપવાથી આખા વિષયને છેડે ધારેલ યોજનાને યોગ્ય માર્ગ મળવાનું કારણ સહજ પ્રાપ્ત થાય તેમ લાગે છે અને તેથી તેપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે.

જિન પ્રતિમા, ચૈત્ય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ સાત ક્ષેત્રોના સંબંધમાં જેટલું બની શકે તેટલું વ્યવહાર અને સૂચના રૂપે કાર્ય કરવું, તેને માટે યોજના

કરવી અને કોમનું વિચાર વાતાવરણ વિશિષ્ટ કરી તેમને વ્યવહારૂ કાર્ય કરવા માટે માનસિક રીતે તૈયાર કરી યોગ્ય રસ્તે દોરવા આ સાધ્ય દ્રષ્ટિથી કોન્ફરન્સ શરૂ થઇ. શરૂઆતથીજ આ દ્રષ્ટિબિંદુ લક્ષ્યસ્થાનમાં હતું અને હજુ સુધી તેજ દ્રષ્ટિબિંદુ છે. કોન્ફરન્સ તરફથી થતાં કાર્યોની સંખ્યા ઉપર બહુ ધ્યાન આપવાથી કેટલીકવાર પૂરી હકીકતની માહિતગારીને અભાવે સામાન્ય રીતે તે તરફ અકળામણ બતાવવામાં આવે એ તદ્દન બનવા જોગ છે, પરંતુ તેમાં જરા ખામોશ રાખવાની જરૂર છે. આખી કોમના એક કેંદ્રસ્થાનમાંથી વ્યવહારૂ કાર્ય કરવાનું કેટલું મુસ્કેલ છે તે કામ કરનારની સ્થિતિમાં મૂકાયા વગર સમજી શકાય તેમ નથી તેમજ કોન્ફરન્સનાં અધિવેશનનો ઉદ્દેશ પ્રથમથી વિચાર વાતાવરણનો વિશુદ્ધ માર્ગ તરફ દોરવવાનોજ વિશેષ હતો એ બન્ને હકીકત પર ધ્યાન આપવાથી ઘણી અકળામણ તો એકદમ દૂર થઇ જવા સંભવ છે. આટલી મજબુત હકીકત છતાં હવે પછી આપ જોશો તેપરથી જણાશે કે એક હીલચાલ પગભર થતાં તેને બહુ સમય લાગે અને તેટલા સમયમાં પણ તે હીલચાલે જે કાર્યો કર્યાં છે તે હીલચાલની હૈયાતી અને લંબાણ જીવનની આવશ્યકતા સ્વીકારવા માટે પૂરતાં છે, બલકે તેથી ધાર્યાં કરતાં ઘણા વધારે છે. આપણામાં જેમ સહાનુભુતિનો મહાન્ સદ્ગુણ છે તેમજ ફળાકાંક્ષાની સાપેક્ષ વૃત્તિની દોડાદોડ છે. અમુક કાર્યના ફળ તરફ લક્ષ્ય નજ આપવું એ તો તદ્દન મૂર્ખતા છે, અજ્ઞાન છે; પણ તેને માટે સમય જોઇએ વખત જોઇએ અને તેટલો વખત ધીરજ રાખી કલ્પનાથી ફળ શું થશે તેનો ખ્યાલ કરી લેવો જોઇએ. કોઈ કોઇ જગો પરથી કોન્ફરન્સના અધિવેશન તરફ અકળામણ બતાવવામાં આવે છે તેમાં અધીરાઇ સિવાય બીજું કંઇ પણ કારણ નથી. ફળ હમેશાં શરૂઆત કરનારની દ્રષ્ટિએ ઓછું પડે છે . દુકાન નવી ઉઘાડીએ તો બે વરસ ખરચ નીકળે, પછી બે વરસ ઘર ખરચ નીકળે અને પછી સહજ હાંસલ મળે: પણ મોટો લાભ તો વીશ પચીશ વરસ પછી મળે અને કેટલીકવાર દુકાન શરૂ કરનારના વારસોજ તેનો લાભ મેળવવાને ભાગ્યશાળી થાય. વિચાર વાતાવરણમાં કોન્ફરન્સે જે મહાન્ ફેરફાર કર્યા છે તેનું ફળ કેટલુંક તો મળે છે અને ભવિષ્યની પ્રજાને મળશે. મહાન યોજનાઓ આવી ગણત્રીથીજ શરૂ કરી શકાય છે અને જે પ્રાણીઓ ફળ મેળવવાની બાબતમાં અધીરાઇ બતાવે છે તેઓ લાભ મેળવી શકતાં નથી.

કોન્ફરન્સના અધિવેશનમાં જે ખરચ થાય છે તેનો બદલો મળતો નથી એ દલીલમાં કાંઇ દમ જેવું લાગશે નહિ. તેનો મુખ્ય જવાબ તો ફળપ્રાપ્તિની અધિરાઇનો ઉપર જણાવ્યો તે પ્રમાણે છે અને તદુપરાંત એક હીલચાલને નવીન આકારમાં લોકપ્રિય કરવા માટે કેટલો શારીરિક અને માનસિક શ્રમ કરવા પડે છે તેમજ ધનનો વ્યય કરવો પડે છે એ હકીકત ધ્યાનમાં લેવામાં આવે તો આવો સવાલ ઉઠવાનો સંભવ રહે નહિ. જ્યાં સુધી એક હીલચાલ લોકપ્રિય હોય નહિ અથવા થાય નહિ ત્યાં સુધી એક પણ મોટું કામ તેનાથી અથવા તેની મારફત કરી કરાવી શકાય નહિ અને આકર્ષણ વગર સામાન્ય વ્યક્તિઓમાં અમુક હીલચાલ લોકપ્રિય થઈ શકે નહિ. તેથી ખરચનો વિચાર કરવો યુક્ત નથી અને હવે તો દરવરસે તે ઓછો કરવો એવો વિચાર કાર્યવાહકોનો જણાય છે તેથી તે સંબંધમાં અકળામણ લાવવાની જરૂર નથી. અત્યાર સુધી કોન્ફરન્સની બેઠકો માટે ખરચ થયો છે તેનો બદલો ઘણો મળ્યો છે અને હવે મળશે એ કોન્ફરન્સે કરેલાં કાર્યોથી અને હવે પછી કરવા ધારેલાં કાર્યોથી જણાઇ આવે તેમ છે.

કોન્ફરન્સે અત્યાર સુધીમાં બહુ કાર્યો કર્યાં છે એ તત્સંબંધી આ માસિકમાં વારંવાર પ્રગટ થતા લેખો અને રિપોર્ટ પરથી જણાઈ આવે છે. આ સંબંધમાં આપણે ટુંકી તપાસ કરી જઈએ તો તે પ્રાસ્તાવિક ગણાશે. કેળવણીના વધારા ઉપર ભવિષ્યની સ્થિતિનો આધાર છે કારણ કે બંધુઓ એક વખત પોતાની સ્થિતિ અને ફરજ સમજતાં શીખે તો પછી ધાર્મિક તેમજ સાંસારિક સુધારાના કાર્યો સ્વતઃ બની આવે. આ હેતુથી ઘણા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપીને કેળવણી આપવામાં કોન્ફરન્સે મદદ કરી છે, કેટલાકને ટાઇપરાઇટરનું કામ શીખવીને, કેટલાકને શોર્ટહેન્ડ ( ટુંકાક્ષરી ) નું કામ શીખવીને, કેટલાકને અંગ્રેજી નામું શીખવીને, કેટલાકને મોતીની પરોવણીનું કામ શીખવીને અને તેવા જુદા જુદા ઔદ્યોગિક કામોમાં મદદ કરીને ઘણા બંધુઓને નિરાશ્રિત થતા બચાવ્યા છે. આ ઉપરાંત જુદા જુદા ગામોમાં ચાલતી પાઠશાળાઓને મદદ કરીને શ્રાવિકાશાળા તથા ઉદ્યોગશાળાઓને માસિક મદદ આપીને તથા ઉદ્યોગશાળા ખોલીને કેળવણીનો બની શકે તેટલો પ્રચાર કરી તેને મળેલી કેળવણી ફંડની આખી રકમ કોન્ફરન્સ ઓફીસે ખરચી નાંખી છે. આ એકજ કાર્યમાં ફંડના પ્રમાણમાં કોન્ફરન્સ ઓફીસે એટલું સારૂં કાર્ય બજાવ્યું છે કે તેથી સંતોષ થયા વગર રહે નહિ. લાલબાગમાં ચાલતી બોર્ડીંગના વિદ્યાર્થીઓને મદદ કરીને, ઘણા વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવીને અને છેવટે કેળવણી કમીટિ તરફથી અને ઉપયોગી પ્રશ્નોના સંબંધમાં સાક્ષરોના અભિપ્રાયો મેળવીને ટુંક ભંડોળના પ્રમાણમાં બહુ સારૂં કામ કરવા પ્રયાસ કર્યો છે. જેટલો અગત્યનો સવાલ કેળવણીનો છે તેટલો જ અગત્યનો સવાલ નિરાશ્રિતોનો છે. કેળવણીના પ્રચારથી ભવિષ્યની પ્રજા નિરાશ્રિત થતી અટકે છે ત્યારે અત્યારની નિરાશ્રિત પ્રજા માટે તાત્કાળિક ઉપાયો યોજવા માટે કોન્ફરન્સે કામ કરવા માંડયું અને તેટલા સારૂ જેઓને ઉદ્યમે ચડવાની ઇચ્છા હોય પણ સાધન વગરના હોય તેઓને બનતી મદદ કરી કરાવી તથા અનાથાશ્રમોની યોજનાને મદદ આપી આ સંબંધમાં પણ કોન્ફરન્સે સારૂં કામ કર્યું છે.

જિર્ણ પુસ્તકોદ્ધારના સંબંધમાં જૈન ગ્રંથાવલિની ટીપ બહાર પાડવા માટે જે શ્રમ અને ખંત લેવામાં આવેલ છે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. એ ગ્રંથના સંબંધમાં વિદ્વાનોએ જે અભિપ્રાયો બતાવ્યા છે તેજ તેની ઉપયોગિતા બતાવવા માટે પૂરતા છે. આ ઉપરાંત શ્રી જેસલમીરનો પ્રાચીન ભંડાર ઉઘડાવી લાંબા વખતથી બંધ બારણે પડેલા પુસ્તકોને પ્રકાશમાં આણવા કરેલ પ્રયાસ જોકે સંપૂર્ણ ફતેહમંદ થયો નથી, છતાં તેથી લાભ બહુ થયો છે. અત્યારે પણ પ્રાચીન પુસ્તકો લખાવવાનું કામ ચાલુ છે.

જિર્ણ મંદિરોધ્ધારથી શૌર્યપુર, માંડવગઢ, વૈભવગિરિ વિગેરે અનેક તીર્થો અને અન્ય સ્થળોમાં જિર્ણ મંદિરો રિપેર કરાવવામાં આવ્યા છે અને કલ્યાણક નગરીઓ તરફ કામ ચાલુ છે.

જીવદયાને અંગે પણ માંસાહારી પ્રજાઓમાં અન્ન ફળ શાકના ખોરાકથી થતા ફાયદા સંબંધમાં ઇનામી-નિબંધો લખાવવાનો પ્રયાસ બહુ સ્તુત્ય કર્યો છે. તે ઉપરાંત ઘણી પાંજરાપોળોને મદદ કરી છે અને એક વેટરનરી સરજન કોન્ફરન્સ તરફના ઇન્સ્પેકટર તરીકે સર્વ

પાંજરાપોળની મુલાકાત લઇ તેમને અનેક ઉપયોગી સુચનાઓ દવાદારૂ વિગેરેના સંબંધમાં કરે છે અને તેની સ્થિતિના સંબંધમાં રિપોર્ટ કરે છે. આ યોજનાથી અત્યાર સુધીમાં જ બહુ લાભ થયો છે. આવાં આવાં કાર્યોની યોજના અને અમલ પાછળ કોન્ફરન્સે અત્યાર સૂધીમાં એક લાખ રૂપિયા ઉપરાંત ખરચ્યા છે. આ ઉપરાંત સાંસારિક કુરિવાજોના સંબંધમાં નિબંધો પ્રગટ થાય છે અને તે સંબંધમાં ઉપદેશકો ભાષણો આપી મોટા સુધારો અને ફેરફાર કરાવતા જાય છે. કોન્ફરન્સના મહાન નામથી દસરાના પશુવધ માટે જે મોટી સંખ્યામાં અરજીઓ હાલ રજવાડાઓને કરવામાં આવી હતી તેનો જવાબ સંતોષકારક મળતો જાય છે. આ એકજ બાબત બતાવે છે કે એકત્રતાથી કેટલું તેજ ઉત્પન્ન કરી શકાય છે. કોન્ફરન્સના ઠરાવને અંગે લગભગ ચારસેં ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસવામાં આવ્યા અને તેથી બહુ જ લાભ થયો છે. જૈનના તહેવારોમાં રજા, વાંચનમાળામાં સુધારો, યુનિવર્સિટીમાં જૈન સાહિત્યનું દાખલ થવું, તેને માટે મોટી સ્કોલરશીપની યોજના, ડીરેક્ટરી તૈયાર કરી છપાવવી, શ્રી મક્ષીજી, સમેતશિખરજી અને અંતરીક્ષના કેસના પ્રસંગોએ બતાવેલ કાર્યવાહકતા અને દર માસે હેરલ્ડ માસિકનું પ્રગટ થવું એ સર્વે કોન્ફરન્સને અને કોન્ફરન્સ ઓફીસને આભારી છે. આ સિવાય બીજા અનેક નાના નાના ખાતાઓને મદદ કરીને, કેટલાકને પોતે શરૂ કરીને, કેટલાકને ચલાવીને અને કેટલાક સારૂ મદદ અપાવીને બહુ લાભ કર્યો છે અને સર્વથી વધારે તો કોમના વિચાર વાતાવરણમાં અજાયબ જેવો ફેરફાર આ મહાન સંસ્થાએ કર્યો છે પ્રજાબળ શુ છે, તેને કેટલું માન મળવું જોઇએ અને દરેક વ્યક્તિના સ્પષ્ટ હકો શું છે તે શેઠીયાઓના મગજમાં ઠસાવનાર તેમજ શેઠીયાઓને આગળ કરી તેઓની મદદમાં મધ્યમ માણસોને પોતાની જાતને ગૌણપણે રાખવાનું શિખવનાર આ સંસ્થા છે.

આ ઉપરાંત અત્યારે મુંબઈમાં એક સારૂં સલાહકારક બોર્ડ નીમવામાં આવ્યું છે જેઓ રેસીડંટ જનરલ સેક્રેટરીને યોગ્ય સલાહ આપે છે. આ ઉપરાંત જિર્ણ મંદિરોદ્ધાર, પુસ્તકોધ્ધાર, જીવદયા, નિરાશ્રિત, સક્કર, કેશર અને સુકૃત ભંડાર માટે કમીટીઓ મુંબઇમાં નીમવામાં આવી છે અને તે ઉપરાંત ઉપયોગ વગર પડી રહેલાં ફંડોને શોધી શોધીને પ્રકાશમાં લાવનાર એક કમીટી નીમી છે. આ સર્વ કમીટીઓ પોત પોતાનું કામ બહુ સારી રીતે બજાવે છે અને ઘણી બાબતમાં સફળતા થતી જાય છે. આ વખતની કોન્ફરન્સે નીમેલ એજ્યુકેશન બોર્ડ ( કેળવણી મંડળ) ની હેડ ઓફીસ પણ મુંબઇમાં આવી છે અને અત્યારે જોકે કેળવણી ફંડની સ્થિતિ ખરાબ છે છતાં પણ તે મંડળે યોજનાઓ વીગેરે ઘડવાનું શરૂ કર્યું છે.

આવી રીતે અનેક ખાતાઓને અનેક રીતે પુષ્ટિ અપાવાના કામની રૂપરેખા હજુ દોરાણી છે. વસ્તુતઃ કોમને તાત્વિક ફાયદો થાય તેવાં કાર્યો કરવા માટે તો હજુ પણ થોડો વખત જોશે. પરંતુ તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જે પ્રાથમિક તૈયારીઓ કરવી જોઇએ તે શરૂ થઇ ચૂકી, આરંભાઇ ચુકી છે અને તેથી આગળ પણ વધી છે. ખરેખર ફળ પ્રાપ્ત કરવા હવે પુરતા **જોસથી આગળ વધવું જોઇએ.** મુંબઇની કમીટીઓએ અને

બહાર ગામના અગ્રણીઓએ બરાબર લક્ષ્ય આપી કામ કરવાનો સમય પ્રાપ્ત થયો છે તેવા વખતમાં કોન્ફરન્સના સ્થુળ શરીરને અડચણ કરનારી પ્રત્યવાયો ન નડે અને હાથ ધરેલાં કામો અડધે રસ્તે રખડી પડી કરેલ મહેનત ધુળધાણી ન થાય એ બાબતમાં ખાસ ધ્યાન આપવાની આવશ્યકતા જણાય છે.

કોન્ફરન્સની દરેક યોજના અમલમાં મુકવા માટે પૈસાની પ્રથમ જરૂર પડે છે. વારંવાર અમુક સદ્ગૃહસ્થોને બોલાવવા પડે અથવા અમુક વર્ગ તરફથીજ સર્વ કાર્ય નભે છે એવી સ્થિતિમાં આવવું કોઇ પણ દૃષ્ટિથી લાભકારક નથી. વળી મોટી નાની રકમ એક સાથે આપનાર ગૃહસ્થ અને મધ્યમ વર્ગના માણસોથી જ અત્યાર સુધી કોન્ફરન્સનું કાર્ય ચાલ્યું છે જે ટુંકી રકમ કોન્ફરન્સના હસ્તક આવી છે તેનો કેવો ઉત્તમ વ્યય થયો છે તે બતાવવાની જરૂર રહેતી નથી. આ સંબંધમાં કોન્ફરન્સને કોઇ કોઇ વાર વિરૂદ્ધ ટીકાઓ સહન કરવી પડે છે તેનું કારણ માત્ર ફંડની મંદ સ્થિતિ જ છે. એક સામાન્ય દાખલો લેવામાં આવશે તો સમજાશે. સો નિરાશ્રિતો પચીશ પચીશ રૂપિયા મેળવવાની અરજ કોન્ફરન્સ ઓફીસને કરે તેમાંથી કોન્ફરન્સ ઓફીસ તો ખાસ સંજોગોને લઇ મદદ કરવા યોગ્ય માત્ર પાંચ માણસને મદદ કરી શકે. બાકીના પંચાણું માણસોમાંથી સમજુ તો ફંડની સ્થિતિ વગેરે સમજી બોલતા નથી, પણ ઘણોખરો ભાગ સમજુનો હોતો નથી, તેઓ કોન્ફરન્સ ઓફીસ વિરૂધ્ધ નકામી ખોટી વાતો કરે છે અને આમ થતાં થતાં વિના કારણ કેટલાક માણસો કોન્ફરન્સ વિરૂધ્ધ વાતો કરનારા થાય છે. આવા પ્રસંગોનું મુખ્ય કારણ ફંડની ઓછાશ છે. અમુક માણસોથી અથવા અમુક વર્ગની આશાપર રહેવા કરતાં આખી કોમના ઉપર આધાર રાખવાનું બની આવે તો બહુ લાભ થાય. મનુષ્ય સ્વભાવ એવો છે કે જે ખાતામાં પૈસા ભરવા પડતા હોય છે તે બરાબર ચાલે છે કે કેમ અથવા પૈસાનો બરાબર વ્યય કરે છે કે કેમ એ ખાસ ધ્યાન રાખીને તપાસે છે, જુએ છે અને તેના સંબંધમાં ચીવટ રાખે છે. આખી કોમમાં ગરીબથી તે તવંગર સુધી ભારે ન પડે અને ખુશીથી ઉપાડી લેવાય તેવી યોજના તેટલા માટે વિચારવાની આવશ્યકતા આવી પડી અને તે સંબંધમાં સુકૃત ભંડાર સંબંધી જે યોજના બાબુ સાહેબ રાય બદ્રીદાસજીએ બીજી કોન્ફરન્સ વખતે શ્રી મુંબઇમાં સુચવી હતી તે પર વધારે વિચાર કરતાં તે જો અમલમાં મૂકવામાં આવે તો આપણી કોમને રૂચીકર થવાનો ઘણો સંભવ દેખાયો અને તેથી સાતમી કોન્ફરન્સ વખતે શ્રી નામાં તે યોજના પસાર કરવામાં આવી.

આ યોજનાપર વિચાર કરવા પહેલાં તે શું છે તે જોઇએ. દરેક પરણેલ જૈન સ્ત્રી પુરૂષે દર વરસે ઓછામાં ઓછા ચાર આના અને વધારેમાં વધારે પોતાની ખુશીમાં આવે તેટલી રકમ આ ફંડમાં ભરવી જોઇએ. આટલી વાત ઉપર આખી યોજના છે. પરણેલ સ્ત્રી પુરૂષ લખવાથી નાના બાળકો તથા બાળકીઓ બાદ થઇ જાય છે. તેઓના નામથી સુકૃત કરવાની તેઓના મા બાપની ઇચ્છા થાય તો ના નથી, પણ બંધન કારક નથી. ખાસ યાદ રાખવાનું એટલું છે કે યોજના માત્ર પુરૂષો સારૂ જ નથી.

પણ સ્ત્રીઓ માટે પણ છે. ચાર આના એ એટલી નાની રકમ છે કે આખા વરસમાં એક વખત આવી નાની રકમ આપી કોન્ફરન્સ તરફથી થતાં અને થવાનાં અનેક સુકૃત્યોના ભાગીદાર બનવાના સંબંધમાં કોઇ પણ સમજુ પ્રાણી આનાકાની કરે એ બનવા યોગ્ય લાગતું નથી. સવાલ માત્ર એટલોજ છે કે ગામડાઓમાં આ યોજના ભારે પડશે કે નહિં. ગામડાના સરલ જીવોની પ્રકૃતિ તથા નિર્દોષ ધાર્મિક રાગ એટલો પ્રબળ હોય છે કે જેઓ ઘણુંખરૂં આવી બાબતમાં પોતાના ગજા ઉપરાંત પણ મદદ કરવામાં પાછા પડતા નથી, અને ખાસ કરીને નજીકના મોટા શહેરો જ્યારે આવી યોજના પસાર કરી તેનો અમલ કરે છે ત્યારે તેઓ બહુ ખુશીથી તે યોજના પસાર કરે છે. અત્યાર સુધીમાં પણ ગામડાઓ તરફથી આ યોજનાને સારો જવાબ મળ્યો છે એ બતાવી આપી છે કે, ગામડાઓના સંબંધમાં જરા પણ શંકા રાખવાની જરૂર નથી.

આવી યોજનાઓ મુસલમાન વિગેરે બીજી કોમોએ કરી છતાં ચાલી નથી એ સવાલ વધારે નાજુક છે. મુખ્યત્વે કરીને તેઓની યોજના પડી ભાંગવાનું કારણ એકત્ર કરનાર સંસ્થાઓની અને સેંટ્રલ સંસ્થાની ગેરહાજરીનું જણાય છે. લોકોને જુજ રકમ આપવામાં અગવડ પડતી નથી, પણ તેને પ્રેરનાર જોઇએ છીએ. આપણે તો પર્યુષણના પ્રસંગપર ઉપાશ્રયમાં આખો સંઘ એકત્ર થાય છે અને તે પ્રસંગે અનેક જાતિના નિર્ણયો થાય છે. ઉપાશ્રય જેવી મજબુત સંસ્થા આપણે ધરાવીએ છીએ અને કોન્ફરન્સ ઓફીસ જેવી સેન્ટ્રલ સંસ્થા ધરાવીએ છીએ તેથી કોઇ પણ પ્રકારની ચિંતા રાખ્યા વગર આપણે સુકૃતભંડારની યોજના અમલમાં મૂકી શકીશું એમ લાગે છે. પ્રોવીન્શીયલ સેક્રેટરીઓ જો પોતાના પ્રાંતમાં બીજા ડીસ્ટ્રીક્ટ સેક્રેટરીઓ નીમે અને તેઓ પોતાના ગામમાંથી પૈસા ઉઘરાવી પ્રોવીન્શીયલ સેક્રેટરીની મારફત કોન્ફરન્સ હેડ ઓફિસને મોકલી આપે તો ઉઘરાવાનો ખરચ થવા સંભવ નથી, અથવા કોઇ જગોએ થાય તો તે પણ બહુજ જુજ થાય છે.

આ ફંડનો હિસાબ દરરોજ તૈયાર રહેશે. કોન્ફરન્સ ઓફિસમાં કોઇપણ જૈન જોવા માગે તો તેને બતાવવામાં આવશે અને વરસની આખરે છપાવવામાં આવશે, તેથી પૈસાના વહીવટ સંબંધમાં કોઇ પણ પ્રકારનો અંદેશો ઉપજવાનું કારણ રહેતું નથી. જૈન કોમની સ્થિતિ, કરવાના કાર્યોનું લાંબુ લીસ્ટ અને બીજા ઘણા સંયોગો જોઇને આ યોજનાની જરૂરિયાત વિચારવામાં આવી છે. ખાસ મુદ્દો એજ છે કે દરેક ખાતાને અમુક વર્ગ ગૃહસ્થ વર્ગ તરફજ દ્રષ્ટિ રાખવી પડે એ કોઇ રીતે પસંદ કરવા યોગ્ય નથી. ગરીબમાં ગરીબ જૈન પણ જરૂર પૂરતા ખાતાને પોતાથી બને તેટલી મદદ કરે અને તે ખાતાના વહીવટમાં પૂર્ણ પ્રેમથી ભાગ લે એમ કરવાનો ઉદ્દેશ આ યોજનાથી પાર પડે તેમ છે, અને તે મુદ્દો દરેક બંધુએ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. ઓછામાં ઓછો અરધો ભાગ આવી રીતે એકત્ર કરેલી રકમનો શ્રી કેળવણીની બાબતમાં ખરચવો એમ છેલ્લી કોન્ફરન્સ વખતે નિર્માણ થયું છે. કેળવણીના લાભોપર વિવેચન વારંવાર કરવાની જરૂર નથી. પણ એક વાક્યમાં એટલું તો કહેવું જોઇએ કે આપણે દરેક ખાતાઓને પુષ્ટિ આપી શકીએ તેવી સ્થિતિમાં નથી. જો કે દરેક ખાતા ઉદાર મદદની અપેક્ષા રાખે છે. (દાખલા તરીકે જીર્ણ મંદિરોદ્ધાર, પુસ્તકોદ્ધાર, જીવદયા,

નિરાશ્રિત, સાધુસાધ્વી ખાતું, પુસ્તક લખામણુ, વાળાકુંચી, કેશર, સુખડ, ઉપકરણુ ફંડ, મુદ્રણુ યંત્રો વિગેરે) જ્યારે આપણે એક એવું ખાતું પકડવું જોઇએ કે જેને હાથ ધરવાથી બધાં ખાતાઓને મદદ કરવાની આવસ્યકતા ન રહે. આ ખાતું તે કેળવણી ખાતું છે. કેળવણી મળવાથી વિચારમાં ઉદારતા, વર્તનમાં ધીરતા, વચનમાં ગંભીરતા, કાર્યમાં દક્ષતા અને વર્તનમાં વિશાળતા સાથે પોતાની ફરજનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ફરજના ખ્યાલ સાથે સર્વ ખાતાને યોગ્ય મદદ મળી જાય છે, કારણુ કે તે ખાતાઓ વિવેકપુરઃસર કેવી રીતે નભાવવાની પોતાની ફરજ છે તે રીતસર કેળવાયલો પ્રાણી સારી રીતે સમજી શકેછે. કેળવણીથી હાનિકારક રિવાજો નાશ પામે છે. ઉધ્ધારો, મંદિરો તેમજ પુસ્તકના થાય છે. જીવદયા વિવેક પૂર્વક પળાય છે, અને નિરાશ્રિતો થતાં અટકે છે. એ ઉપરાંત ભવિષ્યના કાર્યો માટે એવી સારી રેખા દોરાઇ શકે છે કે જેથી અલ્પ વ્યયથી અધિક લાભ થાય તેવા રસ્તાઓ તેઓ દોરી આપે છે.

આવા અગત્યના કેળવણીના વિષયમાં ઓછામાં ઓછી અરધી રકમ નવીન યોજનાની જશે એ મહાન લાભ છે. જેને શાસ્ત્રકાર મહારાજનું ખાસ ફરમાન છે કે જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય તેના ઉધ્ધાર માટે મોટી રકમ ખરચવી. અત્યારે કેળવણીના સંબંધમાં અન્ય ઉંચા હિંદુઓ, પારસી વિગેરેની સ્થિતિ જોતાં આપણે ઘણા પછાત છીએ. આપણું તે ખાતું સીદાતું છે. માટે તે સંબંધમાં પ્રબંધ કરી યોજના અમલમાં મુકી તે ખાતાને સ્થાપિત કરી દેવું એ આપણી પ્રત્યેકની ફરજ છે. અત્યારે એજ્યુકેશન બોર્ડ જે આ વખતે નવું નીમવામાં આવ્યું છે તેને ઘણા કાર્યો કરવાની ઉમેદ છે. તેણે હાલમાં સ્ત્રી શિક્ષકો પુરૂષ શિક્ષકો તૈયાર કરવાની યોજના હાથ ધરી છે, ધાર્મિક શિક્ષણક્રમ ગોઠવવાની યોજના હાથ ધરી છે, સર્વ પાઠશાળાઓપર ઇન્સ્પેક્ટર રાખી એકસરખો અભ્યાસક્રમ ગોઠવવાની તે તજવીજ કરવાનો વિચાર કરે છે; પણ પૈસા નથી. તે વગર બધા વિચાર, બધી યોજના અટકી પડેલ છે.

આ સર્વ કારણોને લઇને સર્વ બંધુઓ પ્રત્યે ખાસ વિજ્ઞપ્તિ છે કે આ યોજના અમલમાં મુકો. અમારૂં કહેવું એવું નથી કે કોન્ફરન્સના વહિવટમાં કોઇ પણ પ્રકારની ખામી નથી ઘણી ભૂલો થતી હશે. ઘણી સ્ખલનાઓ અનુભવાતી હશે. અમને જે જોઇએ છે તે તમારો ટેકો અને સહાનુભૂતિ છે. તમે આ યોજના અમલમાં મૂકો અને અમને સર્વ પ્રકારનો ટેકો આપો. તમે વિચારી જોશો તો જણાશે કે આ યોજના બહુ સારી છે, બહુ વિચારશીળ છે, અને બહુ લાભદાયી છે. કોઇ કોઇ ગામવાળા પોતાને ત્યાંજ તેનું ઉઘરાણું કરી ખરચ કરવા વિચાર કરે છે તેમાં એક જાતની માનસિક સાંકડાઇ છે. હિંદુસ્તાનની અવનતિનું કારણુ સેન્ટ્રલ સંસ્થામાં વિશ્વાસની ગેરહાજરી અને સ્વાર્થપરાયણુ વૃત્તિ છે, ઇતિહાસ તે બતાવે છે અને આપણે તે દરરોજ જોઇએ છીએ. આખી કોમની સુધારણાના મહાન ઉદ્દેશ આગળ પોતાનો ટુંકો ખ્યાલ દાબી દેવો જોઇએ. સામાજીક કાર્ય કરવાની પદ્ધતિ પણુ એ નથી. બનવા જોગ છે કે મદદ મેળવવા યોગ્ય વધારે માણુસ અમુક ગામમાં હોય તો ત્યાં યોજનાથી મોકલેલ પૈસા કરતાં પણુ વધારે પૈસા પાછા સ્કોલરશીપ મદદ વિગેરે રૂપમાં આવે. આવી રીતે અનેક ગામમાં ચાલતી પાઠશાળાઓને મદદ મળશે. નવીન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળશે, હુન્નરઉદ્યોગની કેળવણી લેનારને માસિક વેતન મળશે, અભ્યાસીઓને પુસ્તકો મળશે. સ્કુલ કોલેજમાં જનારને

ફી મળશે, ધાર્મિક અભ્યાસ કરનારને મદદ મળશે, એ વિગેરે અનેક પ્રકારના શુભ કામની છેવટે કોમની માનસિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ પ્રબળ થઇ જશે એમ લાગે છે. એવા સબળ ઉન્નતિ સાધક માર્ગમાં આપ વરસ દહાડે માત્ર ચાર આના, દર મહિને માત્ર ચાર પાઇ, એક અઠવાડિયે માત્ર એક પાઇ આપવામાં કશી આનાકાની કરશો નહીં. એવી આશા રાખવામાં કોઈ પણ પ્રકારની ભુલ કરતા હોઇએ એમ લાગતું નથી. મોટી રકમ મેળવવાની આશા રાખ્યા કરતાં તમારી નાની નાની મદદથી કોમ વધી શકી છે, અને સુકૃતભંડાર રૂપે વાર્ષિક એક લાખની પેદાશ ઉત્પન્ન કરી શકી છે એમ જો આપણે બતાવી શકીએ તો બહુ ઉત્તમ લાભ થાય અને અમને ખાસ ખાતરી છે કે તમારી સર્વની સંમતિથી આપણે તેવો સમય હાલમાંજ બતાવી શકશું.

# કોન્ફરન્સની મુંબઈ હેડ ઓફીસમાં થએલું કામકાજ.

**સુકૃતભંડાર** ફંડ—નીચેના ગામોમાંથી આ ફંડનાં નાણાં આવ્યાં છેઃ—નાશીક, આસોટીઆદેવણા, નીમચકેમ્પ, રઠાજણા, બોદીન, દેત્રોજ, નીકવરા, સુકલતીર્થ, વાલવડ, કાત્રીઠા, ધરમજ, ખઢાણ, દંતાળી, વડલા, એકલારા, સીરપુર, આદરીઆણા, રાંદેર, વટાદરા, પંચાસર, વણોદ, નવાપરા, વણોદ, બાંભણુ, મેઘવાડીયા, ગોકરડા હાલાપુર, વગેરે.

નાનાં મોટાં ગામોના આગેવાનો સાથે સુકૃતભંડાર ફંડને લગતો પત્ર વ્યવહાર ચાલુછે. કોન્ફરન્સના માનાધિકારી તેમજ પેડ ઉપદેશકો વગેરે મારફત પણ તે કામ લેવામાં આવે છે. સુકૃતભંડાર યોજના સંબંધી એક નિબંધ કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના સેક્રેટરી મી૦ મોતીચંદ ગીરધર કાપડીયા સોલીસીટરે તૈયાર કર્યો હતો; જે હેરલ્ડના આ અંકમાં લેખ તરીકે પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. વળી તે નિબંધને કોન્ફરન્સ તરફથી બુકના આકારમાં છપાવી પ્રગટ કરવામાં આવશે.

**જીવદયા કમીટી**—આ કમીટીના તરફથી દશેરાના તહેવાર પ્રસંગે થતો પશુવધ અટકાવવા માટે રાજામહારાજા ઉપર વિનંતી પત્રો મોકલવામાં આવ્યા હતા. કેટલાંક રાજ્યો તરફથી સંતોષકારક જવાબ પણ આવી ગયા છે. જે પેપરો દ્વારા પ્રગટ થશે.

**પુસ્તકોદ્ધાર કમીટી**-રાજકોટ ખાતે મળેલી સાહિત્ય પરિષદ પ્રસંગે ભરવામાં આવેલા પ્રદર્શનમાં જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો જુદે જુદે સ્થળેથી મેળવી પુસ્તકોદ્ધાર ખાતાના પંડિતજીની દેખરેખ નીચે મોકલવામાં આવ્ય હતાં.

# OUR BUILDINGS.

All our public buildings are as a rule looked after by the Sheths—one, two or even more, who are mostly business men—men of wealth and position in a particular society—as headmen are supposed to be responsible for their maintenance and management. All repairs, additions and alterations to suit the present day needs are done under their control—of course more or less guided by the head workman. Even all our private buildings are mostly similarly done individually under personal care and supervision. I would now request the attention of all concerned, to the present conditions and changes in construction and material brought to our use by modern science.

We spare little when we have got to spend more. This can be explained thus. Number of our temples demanding urgent repairs and maintenance is large and is increasing. We have got to erect buildings for many a public institutions. Our existing buildings need much to bring them up to the present standard of sanitation and requirements. This all means demand for money. On the other hand, men of wealth—men like Sheth Pethad, Vastupal, Tejpal and many others - are no more amongst us. Also unfortunately we are living in a period when habits of simple and cheap living are leaving us, when our wants are fast increasing, when educational and such other expenses are ever growing and competition gets harder and harder.

Purely from an economic point of view it will be quite unnecessary to erect a building of the most enduring material unless it is desired to produce a monumental result. In about a hundred years or say even in much shorter period, sanitary requirements, methods of suitable planning will have so much changed, business methods will have been so much revolutionised, internal arrangements will have been quite out of vogue, character of the locality will have so utterly altered that the wisest course then will be to rebuild. Even this day we find many a building—private as well as public—erected centuries and decades back in a thoroughly substan-

tial manner with the best possible material, quite unsuited as to its requirements and out of keeping with its surroundings.

We, Jains, as a commercial class should be the last to overlook the effect of compound interest spread over a long period. If difference in cost for a building erected to last one hundred years and one to last double the period be invested at compound interest probably within 75 or at most 100 years the amount will be found sufficient to pull and rebuild and yet to leave a good balance. This is true notwithstanding the fact that cheaper building will cost more for constant repairs and maintenance.

Steel and re-inforced concrete—two new great structural materials—have greatly revolutionised the modern science of building and it is certain our future Architecture will greatly depend on them. For facility of erection and saving in space taken up by supports steel is this day without a rival.

I would strongly request all interested in building private as well as public to remember rightly that the age is gone when rough rules based on experience sufficed. Question of cost—money—occupies a prominent position and we can't afford a factor of safety greater than absolutely necessary.

I trust this short note of the present conditions will be availed of by many and a great saving in money consequently effected.

KORA DAHYABHAI BALABHAI.

## A Passage—at—arms between Science and Religion.

( धर्म विज्ञान संवाद )

The Man af Science: "Of the immortality of what you call 'Atma' or Soul, I have had no direct and convincing proof. I therefore neither believe nor disbelieve it. As regards matter, it has been proved to be indestructible beyond doubt. Its annihilation cannot even be imagined,"

The Man of Religion: "Well, if you cannot even imagine the destruction of matter, how can you imagine the annihilation of your soul—your true ego, to which alone you can attribute your boasted achievements in the world of matter or your proud title to be the discoverer of Truth, par excellence? You cannot but admit that your soul, which is but another name for your real personality, has always existed and must ever continue to exist in some state or other; in other words, that it is co-existent with Eternity."

The Man of Science: "Well, I admit the force of your argument and concede there is strong presumption in favour of your conclusion. But granting that the soul is immortal, what possible connection can there be between our existence, past, present and future, seeing that it is only with the present that we are concerned?"

The Man of Religion: "Before answering your question, I would with your permission venture to trespass on your courtesy so far as to ask you to tell me what your science has discovered regarding the nature of energy."

The Man of Science: "Energy, as we understand it, is as real* as matter. In fact, science has so far discovered only two real things—Matter and Energy,—that which works and that which is worked on. Like matter the energy inherent in it can neither be created nor destroyed, its amount can neither be increased nor diminished. It manifests itself in various forms, as visible motion, electricity, heat, light, magnetism &c. Any particular form of energy may under suitable conditions be destroyed, but it is always replaced by its equivalent in some other form. For instance, motion can be destroyed in a railway train by applying the brake; electric currents can be destroyed in an incandescent lamp; heat can be destroyed by using it up in a steam-engine; and so forth. But when motion is stopped in a train, heat is invariably produced, the wheels sometimes becoming red-hot. When electricity is destroyed in a lamp, light is produced; when heat is destroyed in a steam-engine, visible motion produced; and so on. Further, the amount of heat, light, motion produced is the exact equivalent of what is

* In scientific parlance, only those things are said to be 'real' which can neither be created nor put out of existence. The one test of reality in Nature it is essential permanence underlying changes of form.

destroyed in producing it. Thus throughout all changes of form the amount of energy remains constant. Even when apparently lost, (as the latent heat of water), it is only stored up in the shape of potential or expectant energy to re-appear sooner or later as kinetic or active energy. To sum up—there is no loss of energy as such; the total quantity of energy in the universe is the same to-day as it was in the past, and so will it remain in future—constant and immutable."

The Man of Religion: "Thank you indeed, for your illuminating discourse. But if, as you say, material energy is a real thing incapable of annihilation, and even when seemingly lost, is only stored up in a quiescent form to manifest itself sooner or later, can it be contended that the infinitely Subtler energy of Soul, as manifested in every mental and physical act of ours, is irrevocably lost, leaving no trace of its existence on the Soul? Emphatically no: every operation of our mind, every idea and desire of ours, our good and bad impulses, our passion and envy, our pride and egoism, our charitable feelings and actions, in fact the whole of the experiences crowded in this short span of our life, are stored up in the form of शुभाशुभ कर्म which will be called back into activity in the fullness of time. Our future is thus bound up with our present which in its turn is regulated by our past. We have to bear the result of our thoughts, feelings and actions, whether good or bad: there is no escape from it. In short vice can no more evade its due punishment than virtue can go unrewarded."

KUMAR SING NAHAR B.A.

Azimganj.
The 10th September.
1909.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૪)-ધાર્મિક શિક્ષણની સફળતાનો મુખ્ય આધાર કોનાપર રહેલો છે?

( અ-શિક્ષક )

માતાના જેટલો પ્રેમ શિક્ષકમાં જોઇએ, અને શિક્ષકના જેટલું જ્ઞાન માતામાં જોઇએ.

સઘળું શિક્ષણ સફળ વા અફળ નીવડવું એ તે શિક્ષણ આપનાર શિક્ષક ઉપર આધાર રાખે છે. હાલમાં આપણી પ્રાથમિક શાળાના શિક્ષકો ઉમરે નાના અને ઓછા જ્ઞાન વાળા હોઇ એકે બાબતનું ખરૂં અને પુરૂં શિક્ષણ આપી શકતા નથી. તેમાં વળી તેઓ પોતે ઉમરના અંધારામાં નીતિથી બેદરકાર રમતા હઇ, નીતિ એ એક કાલ્પનિક બેડી છે એમ માની વિદ્યાર્થીને તેમ માનતા શીખવી, વાંચન વગેરે વિષયો માત્ર બોલવા અને વાંચવા માટેજ હોય તેમ ગગડાવી જાય છે. તેમ ન થવા તથા ધર્મ શિક્ષણ ભાર રૂપ ન થવા મને લાગે છે કે મોટી ઉમરના અને ઠરેલ બુધ્ધિના તથા ધર્મ નીતિને જાણનાર શિક્ષકો દરેક શાળામાં એક કે વધારે મૂકાયા હોય અને તે દરેકના હાથમાં સઘળા ક્લાસનાં વાંચન કવિતા તથા વાર્તા આદિ વિષયો મૂકાયા હોય તો શિક્ષણનો ખરો હેતુ બર આવે.

હાલ જે કાંઇ ખામી છે તે શિક્ષણ પધ્ધતિની ખામી નથી, પણ તે ચલાવનાર યોગ્ય વ્યક્તિઓની ખામી છે મોટી ઉમરના—ઓછામાં ઓછી ૩૦ વર્ષ ઉપરની ઉમરના—ધર્મ અને નીતિપર મમતાળુ, આસ્તિક, દેશ. કાળ અને સાંસારિક બાબતોના જ્ઞાતા,—નહિ કે વેદિયા ઢોર, શિક્ષકોની જરૂર છે. બાળકને માણસ બનાવવું છે, તેને માટે આસપાસથી યોગ્ય નરનારીઓના દાખલાઓ આપતાં, વર્તનની ખરી છાપ શિક્ષકે પોતાથી છાપવાની છે; માટે ઠરેલ બુધ્ધિના અને યોગ્ય વયના ખાસ શિક્ષકોની જરૂર છે.

# શ્રી " માંડલ ભારતિ ભૂષણ સભા " ના વાર્ષિક ઉત્સવ પ્રસંગે, પ્રમુખ શેઠ મેઘજી ખેતશીએ શિક્ષણ વિષે દર્શાવેલ વિચારો

હવે ધર્મશિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ તે વિષય ઉપર આવીશ. આ અંગે ધર્મશિક્ષણનો મૂળ હેતુ શું છે તે આપણે ખાસ યાદ રાખવાનું છે. ધર્મશિક્ષણનો હેતુ એવો નથી કે માત્ર અમુક ક્રિયા કાંડ બાળકને મોઢે કરાવવું અને તેને ગમે તેમ સ્વચ્છંદે વર્તવા દેવો. પણ તેનો હેતુ એ છે કે વિદ્યાર્થી તેથી પોતાની ધાર્મિક તથા વ્યવહારિક ફરજો અને કર્તવ્ય સમજે, પોતાનું હિત શામાં રહેલું છે તેનો બરોબર ખ્યાલ કરી શકે. ઐહિકની સાથે આમુષ્મિક શ્રેયઃ સાધવા માટે જીજ્ઞાસા વૃદ્ધિ પામે તેવું વર્તન યથાર્થ રીતે ઘડાય, તેનું હૃદય કોમળ તથા ઉદાર થાય, અને તેનું જીવન પ્રભુપરાયણ થઇ સરળ સુખમય તથા આનંદપૂર્ણ બનેઃ ધર્મ શિક્ષણનો આવો અત્યુત્તમ ઉદ્દેશ છે અને તે ઉદ્દેશ જેથી સિદ્ધ થાય તેવા પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપણે આપવું જોઇએ. પણ મારે અત્રે જણાવવું જરૂરનું છે કે તેવા પ્રકારનું શિક્ષણ હાલ અપાતું નથી. માત્ર ક્રિયાકાંડના સૂત્રો સમજ્યા વિના બાળક મોઢે પઢી જાય તેમાં ધર્મ શિક્ષણની પરિસમાપ્તિ માનવામાં આવે છે. રિપોર્ટની પુરવણી નાં૦ ૭ જોતાં જણાય છે કે આ વિદ્યાશાળા પણ એજ કોટિમાં આવે છે. બંધુઓ મિથ્યા આગ્રહ તજી સભ્યતાથી વિવેકપૂર્વક કાંઇ વિચાર તો કરો, કે આવી ધાર્મિક કેળવણીથી આપણો હેતુ સધાય છે કે નહિ? મારે સખેદ જણાવવું પડે છે કે આવા ને આટલા શિક્ષણથી તે હેતુ સધાતો નથી; ઉલટું તેથી કોઇક પ્રકારે અહિત થાય છે. આ વાત મારે સ્પષ્ટ કરવી જોઇએ. વ્યવહાર તપાસો તો એક સામાન્ય નિયમ આપને જણાશે કે કોઇ પણ કાર્ય કરવામાં કોઇને જોડવો હોય ત્યારે તે તરફ પ્રથમ તેની અભિરૂચિ આપણે પ્રગટાવીએ છીએ, બાળક નિયમસર નિશાળે ન જતો હોય તો કોઈપણ પ્રકારે તેને સમજાવીને, લાલચો બતાવીને, નિયમસર નિશાળે જતાં તે કંટાળો ન ખાય પણ ખુશીથી જાય એમ આપણે પ્રયત્ન કરીએ છીએ. માત્ર આ બાબતમાં નહિ પણ બીજી સર્વ બાબતમાં આપણે મનને આ પ્રમાણે વાળીએ છીએ, અને તેમ કરતાં એક વખત રૂચિ ઉપજી કે પછી પોતાની મેળે અને બહુ સારી રીતે તે કામ કરતો થાય છે. હવે ધાર્મિક શિક્ષણ આપવામાં આપણે આ સર્વમાન્ય નિયમ ધ્યાનમાં લઇએ છીએ? નહિ. પહેલેજ પગલે આપણે બાળકોની પાસેથી તે ન સમજે ને શુદ્ધ ન બોલી શકે તેવા પાઠો ગોખાવી તેને ત્રાસ આપીએ છીએ. ધર્મશબ્દ સાંભળતાંજ તેના મનમાં ભયાનક ચિત્ર ઉત્પન્ન થાય છે. અને ધર્મ એ કોઇ કંટાળો આપનારૂં છે એમ બાળક માની લેછે, અને ભવિષ્યમાં પણ તે પ્રત્યે અણગમો ધરાવતો રહે છે. આપણે હમેશાં જમાનાને અનુસાર ચાલવું જોઇએ. જો હમણાં આપણે જમાનાથી વિરૂદ્ધ પડીશું તો પછી પાંચ દશ વર્ષ પણ જમાનો પોતાનો અમલ બજાવ્યા વિના નહિ રહે. જેમ પરદેશગમન

માટે પ્રથમ આપણે સખ્ત વાંધો લેતા હતા, છતાં હમણા આપણે ખુશીથી ઉત્સાહી યુવકોને વિલાયત જવા રજા આપીએ છીએ, તેમ આખર આપણે કાળને નમવું પડશે. શિક્ષણના ઇતિહાસમાં આ કાળ કિન્ડરગાર્ટન પદ્ધતિનો છે. તેનું રહસ્ય એ છે કે કોઇ પણ વાત, તેનું પ્રત્યક્ષ જ્ઞાન કરાવ્યા વિના, બાળકને કહેવી નહિ. જેમકે બાળકને એક શિખવવું હોય તો એક કાંડી, એક લીંબુ, આદિ પદાર્થ બતાવી એક સંજ્ઞાનું તેને ભાન કરાવવામાં આવે છે: અને આવી રીતે પ્રથમ વસ્તુનું જ્ઞાન કરાવ્યા પછી તેને પાડો મોઢે કરાવવામાં આવે છે. બે ને બે ચાર બરાબર પદાર્થો વડે બતાવ્યા પછી બે દુ ચાર એમ તેને શીખવવામાં આવે છે. અને એક પાડો શીખ્યો કે તરતજ તેની પાસેથી તે પાડાને લગતા હિસાબ મોઢે કરાવવામાં આવે છે. જેમકે દુનો પાડો શીખ્યો, તો તુરતજ એક પૈસાના બે લીંબુ તો બે પૈસાના ચાર (બે દુ ચાર) એમ તેની પાસેથી ગણત્રી કરાવવામાં આવે છે. આપણી બધી પદ્ધતિ એ હતી કે બધા આંક પ્રથમ ગોખાવી જવા ને પછી તેનો હિસાબમાં ઉપયોગ કરવો. તે પદ્ધતિ હાલ અમાન્ય થઇ છે, ને તેને તજી દેવામાં આવી છે. એજ પ્રમાણે ધર્મના સંબંધમાં આપણે સમજવાનું છે. જો સમજ્યા વિનાના ગોખણને આપણે હમણા તજી નહિ દેશું તો આખરે જમાનાના વહેવા સાથે આપણને તે રૂઢી તજી દેવી પડશેજ, માટે સમયને ઓળખી આગળથી અનુકૂળ ફેરફાર કરી યોગ્ય ક્રમ ગોઠવી લેવો એ વધારે કલ્યાણકારી છે. જે વાતનો બાળકને અનુભવ પણ ન થયો હોય, દાખલા તરીકે સ્વદારસંતોષ વ્રત વગેરે. તે વાત આપણે બાળઅવસ્થામાં તેની પાસે મુકવાની નથી. કાંઇક મોટો થાય પછીજ તેવી વાતોનું નામ બાળકની પાસે આપણે લેવું જોઇએ. છતાં હમણાની પદ્ધતિ પ્રમાણે છ સાત વર્ષના બાળકને તે શીખવવામાં આવે છે. બન્ધુઓ, કદાચ આપને મારૂં કહેવું અપ્રિય જણાશે, પણ સમભાવે વિચાર કરશો તો સત્ય લાગશે. પ્રતિક્રમણાદિ આવશ્યક ગણાતી ક્રિયા વિદ્યાર્થીને ન શીખવવી એમ મારૂં કહેવું નથી. તે શીખવવી, પણ યોગ્ય ઉમરે જ્યારે તેને સાદું ભાષાજ્ઞાન થયું હોય, કાંઇક વિચાર શકિત પ્રકટી હોય ત્યારે. પ્રતિક્રમણ એટલે કરેલ પાપો માટે સમજ પૂર્વક પશ્ચાતાપ. હવે સારૂં શું ને નરસું શું તે જે જાણતો પણ ન હોય, તે જાણવા જેટલી સમજ શકિત પણ જેનામાં ખીલી ન હોય તેનું પ્રતિક્રમણ કુંભારના મિછામિદુક્કડંથી શું અધિક થશે ? શરૂઆતની અવસ્થામાં ધર્મશિક્ષણ હમેશાં પરોક્ષ રીતે માબાપ તથા શિક્ષકના નીતિમય દાખલાથી તથા પ્રત્યક્ષ રીતે રસિક સરળ કથાઓ દ્વારા આપવું જોઇએ. ધર્મ પ્રત્યે તેનામાં બહુમાન, પ્રેમ, ભકિત ઉત્પન્ન કરવા જોઇએ. ધર્મ તેને આનંદનો હેતુ થવો જોઇએ. તે વિનયી તથા સુશીલ થાય, તેનામાં સારી ટેવો બંધાય એ વાત પર ખાસ લક્ષ આપવું જોઇએ. આમ અભિરૂચિ પ્રકટાવ્યા પછી તેને આપણે પુસ્તકદ્વારા ક્રમસર શિક્ષણ આપવું જોઇએ. તેમાં પણ શિક્ષણશાસ્ત્રનો એક સુપ્રસિદ્ધ નિયમ આપણે ધ્યાનમાં રાખવાનો છે. બાળકના મનમા ઠાંસી ઠાંસીને વિદ્યા ભરી તેને જડ જેવો બનાવી દેવા કરતાં થોડું પણ ભાવપુરઃસર શિક્ષણ આપવું જોઇએ, તે વિષય માટે તેનામાં દૃઢ પ્રેમ રોપવો જોઇએ, પોતાની મેળે જ્ઞાન પ્રાપ્ત કરી લેતાં તેને શીખવવું જોઇએ. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ ત્રણ પ્રકારે ધર્મ કહ્યો છે, તેમાંથી હાલના જમાનામાં જોશો તો જ્ઞાન ને દર્શન એ બે પદને તો આપણે લગભગ વિસારી દીધા છે, અને ચારિત્રનો અર્થ અમુક દ્રવ્ય ક્રિયા એટલેજ કરીએ છીએ, ભાવધર્મ-કષાયાદિની ઉપશાંતતા એટલે ક્રોધ, માન, માયા,

લોભને પાતલા પાડવા વિગેરે જે મુખ્ય ને પરસ્પર નૈતિકારક ધર્મ છે તે તો આપણે ન જતા નથી, માટે હવે એકાંત ક્રિયા ઉપર જોર ન આપતાં બધાં પ્રતિક્રમણ ન બની શકે માત્ર બે પ્રતિક્રમણ શીખવવા, પણ તત્વની સમજણ પણ આપવી. માટે પણ એક વાત કહેવા જરૂર છે, આપણી પરાપૂર્વથી રૂઢી છે કે દેશ ભાષામાં બનતાં સૂત્રો આપણું ધર્મતત્વની ગુંથ કરવી કે જેથી સર્વે લોક સુલભ રીતે તે સમજી શકે. તે નિયમ લક્ષમાં લઇ નવતત્વાદિ સાર માત્ર દેશભાષામાં હાલ નાના બાળકને આપણે શીખવવાં જોઇએ. તેનો બાળકને મુખપાઠ કરાવવો જોઇએ નહિ. આગળ જતાં જ્યારે વિદ્યાર્થી સંસ્કૃત માગધીનો અભ્યાસ કરે ત્યારે ભલે મૂળ વાંચે, પણ નાનપણમાં તદન અજાણ ભાષાના સૂત્રો મુખપાઠ કરવાનો બોજો તેના પર નાખવો ઉચિત નથી. પ્રતિક્રમણાદિ આવશ્યક હોવાથી તેના સૂત્રો મુખપાઠ કરાય તે ભલે પણ નવતત્વાદિ સંબંધમાં તો તેવું કાંઇ નથી. માટે નવતત્વાદિનું મૂળ મોઢે કરાવવા કરતાં માર્ગાનુસારીના ગુણની સમજ આપવી જોઇએ, શ્રાવક ધર્મ સંહિતા આદિ પુસ્તકોનો તેને પરિચય કરાવવો જોઇએ કે જેથી તે ન્યાય પુરઃસર પોતાની આજીવિકા ચલાવી આ લોક પરલોક બન્ને સુધારી શકે. ગૃહસ્થો અત્રે બતાવેલ રૂપરેખા અનુસાર જો ધર્મશિક્ષણ આપવામાં આવશે, તો મને ખાત્રી છે કે વિદ્યાર્થી આસ્તિક, સુનીતિમાન, તથા ભવ ભીરુ થશે અને આપણો નિઃશંક ઉદય થશે. હાલમાં જે વહેમ તથા હાનિકારક રિવાજો આપણામાં પ્રચલિત છે, શ્વેતામ્બર દિગમ્બર આદિ ભાઇઓમાં જે કલહ કુસંપ ચાલી રહેલ છે, ગચ્છ મત ભેદ માટે જે કદાગ્રહ જોવામાં આવે છે તે ધર્મની ખરી કેળવણી મળવાથી, સૂર્યના ઉદયથી અંધકાર નાશી જાય, તેમ નાશ પામી જશે, અને સર્વત્ર આનંદ મંગલ વર્તાઇ રહેશે. હું ઇચ્છું છું કે મારા સર્વ બંધુઓ, ધાર્મિક કેળવણીનું ખરું લાક્ષ સમજે અને તે મુજબ કેળવણી આપવાને પ્રવૃત્ત થાય.

અત્રે હવે મારે એક બીજી વાતપર આપનુ ધ્યાન ખેંચવાનું છે. શિક્ષણક્રમ સારી રીતે ગોઠવવાથીજ સર્વ વાત સિદ્ધ નથી થઇ જતી તે ઉપરાંત શિક્ષણના સફળતાનો આધાર માબાપ તથા શિક્ષકોના સદ્વર્તન ઉપર છે. જો માબાપ તથા શિક્ષક ધાર્મિક હોય-હશે, તો અવસ્ય તેના શિષ્યો, ધર્માંધ, ક્રોધી તથા માની થશે તેમ માબાપ જો ઘરમાં જોઇએ તેવા અપશબ્દો વાપરતા હશે અને અવિવેકી તથા દંભી હશે તો બાળક તેમનું અનુકરણ અવસ્ય કરશે અને તે પણ અસભ્ય, વિવેક રહિત તથા ઢંગી થશે. બાળક આપણામાં ખરાબ ટેવો હોય છે તે જલદીથી પીછાની શકે છે. અને અજ્ઞાનતાથી તેનું અનુકરણ કરે છે, માટે માબાપોએ જાતે ધર્મમય જીવન ગાળવું જોઇએ. તથા ખાસ કાળજીપૂર્વક સારા શિક્ષકો પસંદ કરવા જોઇએ.

ગવર્નમેન્ટનાં પેટ્રો સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો, પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનાર,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે?

# હરીચંદની  તિજોરીઓ.



છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પત્રાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ', વગેરે જાતોની) પ્રો૦ ગઈડર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઈના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઈમાં સૌથી પહેલી આવનારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

## સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો!!

સાયડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી). હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ૧ ની ચાવીથી ઉલટો અને નં૦ ૨નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું! આખું ગામ જોઇને પછી આવો!!

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૭૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોર્નર.

# ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઈ શકે તેવા સરસ અને સફાઈદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વગેરે ઘણીજ સહેલાઈથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કાં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં. ૧૨૫ ગુલાલવાડી—મુંબઇ. નં૦ ૪.


## જૈન ભાઈઓને અગત્યની સુચના.

પોતપોતાના સ્થળમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતી દરેક બાબતની ખબર આ માસિકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા૦ ૧૫ મી પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસ્તા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએઃ—

| રૂ. | લીટી |
| --- | --- |
| ૧ ... ... ... ... ... | ૩ |

દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે.

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે ½ ગણો ચાર્જ પડશે, છ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ¾ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઆડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

**શ્રી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સ.**
પાયધુની, મુંબઈ.

+

ગ્રાહકોના નામો જાનેવારી માસથી છપાવવા છે જેથી પોતાનું નામ, ગામ, પોષ્ટ, જીલ્લો વીગેરે ચોખ્ખા અક્ષરે લખી નીચેને સરનામે જણાવવા કૃપા કરવી.

વ્યવસ્થાપક **કૉન્ફરન્સ–હેરલ્ડ** પાયધુની મુંબઇ.

Registered No. B. 525

ॐ

# श्रीजैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૫.) કાર્તિક, વીર સંવત ૨૪૩૬. ડીસેમ્બર સને ૧૯૦૯. (અંક ૧૨ મો.

प्रकट कर्त्ता.

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| Memorial To H. E. The Viceroy re Jain Representation. | 311 |
| નામદાર સરકારે બહાર પાડેલા જૈન તેહેવારો. | ૩૧૬ |
| सच्चा सो मेरा | ૩૧૭ |
| જૈનોના જાહેરખાતાના પ્રગટ થતા રીપોર્ટો સંબંધી સામાન્ય સુચનાઓ | ૩૧૯ |
| મુંબઇમાં વસતા ગરીબ જૈનની હાડમારી. | ૩૨૧ |
| દશેરાના તહેવાર ઉપર બંધ થયેલો પશુવધ | ૩૨૩ |
| હીંદુસ્તાનનું એક મહા પાપ. | ૩૨૪ |
| Jainism | ૩૨૫ |
| જીવદયા માટે વેરાવળ તાલુકા કંડાળના રબારીઓએ કરેલ અમલ્યનો ઠરાવ. | ૩૨૯ |
| ધાર્મિક હીસાબ તપાસણી ખાતું. | ૩૩૧ |
| સુકૃત ભંડારમાં ભરાયેલી રકમો. | ૩૩૪ |
| શ્રી સુકૃત ભંડાર ફંડ. | ૩૩૫ |
| જૈનોદય અને જૈન કોન્ફરન્સ. | ૩૩૫ |
| ઉન્નતિક્રમ અને તેની કુંચી. | ૩૩૭ |
| ધર્મનીતિની કેળવણી | ૩૩૫ |


वार्षिक मूल्य डाकका मूल्य सुमेत सिर्फ रु. १

धी 'जैन' प्रिन्टिंग वर्कस लि. १२ बेंकस्ट्रिट मुंबई.

## કૉન્ફરન્સ ઑફિસમાંથી વેચાતાં મળતાં પુસ્તકો.

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ—પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘર દેરાસર સુદ્ધાંત ) હકીકત આપવામાં આવલી છે. મુંબાઇની કૉન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમિયો) તરીકે થઈ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનુ નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવીછે આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાનાં પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. મુલ્ય ફકત રૂ૦ ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

---

# સમગ્ર જૈન કોમના ગરીબ વિદ્યાર્થીઓને

## ઉત્તમ તક.

મુંબઇમાં રહી ઉચ્ચ વિદ્યા યા ઉદ્યોગ સંપાદન કરવાને જે યુવકને મદદની ખાસ જરૂરીઆત હોય તેવણે સ્પષ્ટ અરજી સાથ કોલસા મહોલાને નાકે શ્રી જૈન વિદ્યા ઉદ્યોગ વર્ધક મંડળની ઓફીસમાં સવારના સાતથી આઠ કલાકમાં મળવું યા અડધા આનાની ટીકીટ બીડી અરજી ફોર્મ મંગાવી લેવું.

લી૦ સેવકો

**શા૦ શાન્તિદાસ આશકરણ**

**મેઘજી વેલજી આણંદજી**

ઓનરરી સેક્રેટરીઓ.

---

તૈયાર છે! તૈયાર છે!! તૈયાર છે!!!

### કૉન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્ત્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ઠ, ગ્રંથ કર્ત્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩–૦–૦.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लक्ष्मीस्तं स्वयमभ्युपेति रभसा कीर्तिस्तमालिंगति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया।
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणसंघकेलिसदनं श्रेयोरुचिः सेवते

**ભાવાર્થ:**—ગુણસમૂહ જેનું ક્રીડાસ્થાન છે એવા શ્રી સંઘની સેવા પરમ સુખ પ્રાપ્ત કરવાને પ્રોત્સુક એવો જે પુરૂષ કરે છે તે પુરૂષને લક્ષ્મી પોતાની મેળે ત્વરાથી આવી મળે છે, કીર્તિ તેને આલિંગન દે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવા માટે ઉત્કંઠા સહિત પ્રયત્નો કરે છે, સ્વર્ગશ્રી તેને ભેટવાને ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જુએ છે.

પુસ્તક ૫. ) કાર્તિક, વીર સંવત્ ૨૪૩૬. ડીસેમ્બર, સને ૧૯૦૯. ( અંક ૧૨.

## MEMORIAL TO H. E. THE VICEROY re JAIN REPRESENTATION.

To

HIS EXCELLENCY THE RIGHT HON'BLE
Sir Gilbert John Elliot-Murray Kynynmound, P. C., G. C. M. G. Earl of Minto, of Roxburgh, Viscount of Melgund in the County of Forfar, Baron Minto of Minto and a Baronet of Nova Scotia.

Viceroy and Governor General of India
and
President in Council.

The humble Memorial of the Jain Community as represented by the 'Jain Graduates' Association' the "Sthanakwasi Jain Conference" and the "Jain Young Men's Association of India."

Most Respectfully Sheweth

That your Excellency's Memorialists are members of the two Associations and the conference abovenamed. The "Jain Graduates' Association" consists of the graduates of the different Universities of India who belong to the Swetamber Jain community, and the "Jain Young Men's Association of India" consists of educated members of all the Jain sects such as the Swetambers, the Digambers and the Sthanakwasis, and the "Sthanakwasi Jain Conference" represents the Sthanakwasi Swetamber Jains.

2. Your Excellency's *Memorialists* beg on behalf of their community to tender their best thanks to your Excellency's Government for the scheme of reforms in the system of representation to the Provincial and Supreme Legislative Councils which has now been finally sanctioned.

3. Your Excellency's Memorialists are sure that this step of the Government whereby the educated section of the Indian communities will be afforded an opportunity of taking a larger share in the administration of their country's affairs, will promote the loyalty of the ruled towards the rulers and your Excellency's Viceroyalty will be ever gratefully remembered by the people of this country for this act of wise and broadminded statesmanship.

4. Your Excellency's Memorialists have no doubt also that those of their countrymen who will be called upon to serve in the expanded councils, will, one and all, discharge their functions with the consciousness of a duty they owe to their country to assist the government in the management of their country's affairs and not with the idea of enjoying merely a right which has been bestowed upon them by a beneficent Government.

5. Your Excellency's Government have already recognised the principle of securing to what are known as " Important

Minorities" a fair chance of representation on the enlarged Councils and Your Excellency's Memorialists feel certain that the Jain community which holds a front rank among the diverse races and creeds in India in commercial and industrial activities, which has of late been making rapid strides in education, and which, while it has done not a little for the promotion of Indian enterprises and industries, has been characterised throughout by a staunch loyalty and adherence to the British Sovereignty in this land, has a claim to be recognised as an "Important Minority".

6. The total Jain population in British India is only about 13 lacs, but the social and commercial status of the community has been so very important that, as pointed out on one occasion by Your Excellency's predecessor Lord Curzon, almost half the wealth of India passes through the hands of the Jains.

7. Already during the regime of Your Excellency's predecessor in office, the importance for the trade and commerce for this country was unmistakably recognised by making room for a special department for commerce in the divisions for carrying on the executive administration of the country. The overwhelmingly large share which has been just pointed out is being taken in rhe commercial and industrial activities of the country by the community to which Your Excellency's Memorialists belong, entitles it, as your Excellency's Memorialists submit, to have its own representative as well on the Supreme Legislative Council as on the Provincial Councils.

8. Your Excellency's Memorialists have been much pleased to learn in answer to a Memorial addressed to His Excellency the Governor of Bombay in Council that the Provincial Government have determined to pay due regard to the importance of the Jains as a community, in exercising the power of nomination for certain seats on the Council, which has been granted to His Excellency the Governor in Council

by the legislature. Your Excellency's Memorialists have implicit confidence in the good faith of the Government, and they feel no doubt that the Bombay Government will not fail to avail themselves of the first opportunity to nominate a member on the council to voice the sentiments of the Jain community.

9. Your Excellency's Memorialists pray that, considering the very great importance of the Jains, such a representation should be allowed to their community also on the Supreme Legislative Council, and that a declaration to that effect should be made immediately, and incorporated formally into the Regulations which have been recently pnblished, when they are revised for the first time.

10. Your Excellency's Memorialists do not pray for the formation of an eleetorate from amongst their own community for the election of their representatives. But they will rest content with the nomination of some one representative member by Your Excellency in Council, under the powers vested in Your Excellency by the Legislature in that behalf.

11. Your Excellency's Memorialists, however, venture to suggest that before the nomination of such a member on the Council, Your Excellency's Government will consult the three representative Jain bodies, the Jain Swetamber conference, the Jain Digamber Mahasabha, and the Jain Sthanakwasi Conference as to the qualifications fcr eligibility of particular members of the community.

Your Excellency's Memorialists therefore pray that one of the seats for nomination in the Supreme Legislative Council which are to be reserved for "Important Minorities" be filled up by the appointment of some

member of the Jain Community after consultation with representative Jain bodies, and a declaration be made to that effect for the future guidance of the Executive. And Your Excellency's Memorialists will as in duty bound, ever pray.

(Sd.) LAKHUMSEY HIRJI MAISERI B. A., LL. B,
President, "Jain Graduates' Association."

(Sd.) TRIBHOWANDAS L. SHAH, L. M. & S.,
Secretary, "Jain Graduates' Association."

(Sd.) RAI SETH CHANDMALJI,
Banker and Hon. Magistrate, Ajmere.
President, "Sthanakwasi Jain Conference."

(Sd.) SETH AMARCHANDJI PITALIA,
General Secretary "Sthanakwasi Jain Conference."

(Sd.) B. BANKEY RAI, B. A., LL. B.
President "Jain Young Mens' Association."

(Sd.) CHAITANDAS, B. A.
General Secretary "Jain Young Mens' Association."

Jain Graduates' Association Hall,
*Bombay, December 1909.*

# નામદાર સરકારે બહાર પાડેલા

# જૈન તેહેવારો.

આપણી જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશન તરફથી જૈન કોમના તેહેવારોને જાહેર તહેવાર તરીકે સ્વીકારવાની જે અરજ નામદાર સરકારને કરવામાં આવી હતી તેના પરિણામે તા. ૨-૧૨-૦૯ ના રોજ બહાર પાડવામાં આવેલા સરકારી ગેઝેટમાં જાહેર તેહેવારોનું જે લીસ્ટ આપવામાં આવ્યું છે તેમાં ભાદરવા શુદ ૪ અને ભાદરવા શુદ ૫ એ બે જૈન તેહેવારોને નામદાર સરકાર તરફથી જાહેર તરીકે પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. એ જોઇને ખરેખર ખુશી થવા જેવું છે.

આ ઉપરાંત પણ જેઓના ખાસ તેહેવારો હોય તેમનેજ રજા આપવા માટે ઉપરની તારીખના ગેઝેટમાં નામદાર સરકાર તરફથી જે દિવસો મુકરર કરવામાં આવ્યા છે તેમાં ઉપરના બે ] દિવસો ઉપરાંત અશાડ શુદ ૧૪, શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા શુદ ૩ અને કાર્તક શુદ ૧૫ એ આઠ દિવસોને જૈન તેહેવારો તરીકે બહાર પાડવામાં આવ્યા છે.

જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનનો આ શુભ પ્રયાસ સફળ થયેલો જોઇ અમે તેને મુબારકબાદી આપીએ છીએ. પણ આ સ્થળે અમારે ભુલી નહિ જવું જોઇએ કે જો આ મંડળ તરફથી સંપ અને ઉત્સાહથી બીજાં કાર્યો હાથ ધરવામાં આવે તો તેમાં પણ તેઓ ફતેહમંદ થાય નિઃસંશય છે પરંતુ આ મંડળની આધુનિક સ્થિતિનું નિરક્ષણ કરીએ તો તે કાંઇક અફસોસ ઉત્પન્ન કરે છે. આ મંડળની મુખ્ય ઓફીસ અમદાવાદ ગયા પછી ત્યાંથી જોઇએ તેવું કામ થયું હોય એમ અમારા જાણવામાં આવ્યું નથી. ઉક્ત મંડળના વિદ્વાન સભાસદોને અને આ સ્થળે સુશ્રના કરીશું તો તે ખોટું નહિ ગણાય કે તેઓના ઉપરજ સમગ્ર જૈન કોમ ઘણી આશાઓ બાંધે છે. અને તે નિષ્ફળ ન થાય તેટલા માટે દરેક સભાસદે એસોસીએશનના કામકાજમાં ઉલટથી ભાગ લેવો જોઇએ. આ મંડળની આર્થિક સ્થિતિ પણ કઢંગી છે. તો તેમાં પણ સુધારો થવાની આવશ્યકતા છે તો અમો આશા રાખીએ છીએ કે હવે ગ્રેજ્યુએટ બંધુઓ પોતાની ફરજ બજાવવામાં કર્તવ્ય પરાયણ થશે.

॥ श्री ॥

# सच्चा सो मेरा

( लेखक लक्ष्मीचंदजी घीया )

## ॥ जैनम् जयति शासनम् ॥

श्लोकः

याविद्योन्नतिमेदिनी हितजनी सद्धर्मनिः श्रेणिका ।
या सम्यक्त्वविधायिनी सुमतिदा व्यापारबुद्धिप्रदा ॥
या राज्ञामपि नीतिदा मतिमतां मानोन्नतिराकरा ।
सा जीयान्महती सभासुघटिता भूमंडले नारतम् ॥

१ हमारी परमोपकारिणी श्रीमति कॉन्फरन्सके विषयमें हमारे जैन बंधुओंके जूदे जूदे खयालात हैं, जिनको प्रथम पक्ष, व द्वितीय पक्ष इन दो विभागोंमें अलग २ कर दिखलाए जाते हैं,—

| प्रथम पक्ष | संख्या | द्वितीय पक्ष |
|---|---|---|
| कोई कहते हैं हर साल बडे २ मंडप आदि तैयारियां करके बहोत रुपे व्यय कर देते हैं, जिस्से कुछ लाभ नहिं होता ? | १ | कोई कहते हैं बिना आडम्बरके जैन वर्गमें कैसे जागृति हो सक्ती है. |
| कोई कहते हैं कि, जैन श्वे. कॉन्फरन्सने कुछ महत्कार्य करके न दिखलाया बेफायदा आफिस व डिरेक्टरी आदिमें रुपे व्यय कर दिये! | २ | कोई कहते हैं बिना आफिसके कार्य कैसे चल सक्ता और बिना डाईरेक्टरीके जैनियोंकि ठिक २ स्थिति कैसे ज्ञात हो ? |
| कोई कहते हैं कि कॉन्फरन्सके अग्रेसर बेदरकारी कर किसीकी नहिं सुनते ईसहीसे सुधारा नहिं होता! | ३ | कोई कहते हैं कि जहां तक जैन बंधु कॉन्फरन्सके ठहरावोंको अमलमें न लावें वहांतक कैसे सुधारा हो, अग्रेसर तो टाईम व पैसा खर्च कर इतनि कोशिश करते हैं. |

| | | |
|---|---|---|
| कोई कहते हैं कि अग्रेसरोंने अपने मानके वास्ते यह ढोल खड़ा किया है, इससे जैन जातिका क्या उद्धार हो सकता है ? | ४ | कोई कहते हैं अग्रेसरोंनें अपनो– जैन जातिकी स्थिति शोचनीय देख-कर परोपकारकी इच्छासे यह काम खड़ा किया हैं ! |
| कोई कहते हैं जहांतक हिंदी भाषा जानने वाले उपदेशक न नियत हों और हेरल्ड आदि जैन पत्र हिन्दीमें न प्रकाशित हों वहांतक केसे हरेक प्रान्त वालोंको लाभ पहूंच सक्ता है ? | ५ | कोई कहते हैं कि हिन्दी उत्साही उपदेशकही नहिं मिलते तेसेही ग्राहक संख्या बराबर नहिं होती तब कैसे किया जाय ! |

२ इत्यादि अपनी २ अपेक्षासे योग्यायोग्य, सत्यासत्य, समझ कर तर्क वितर्क करते हैं– परन्तु जहांतक उपरोक्त सर्व सम्मति एकत्र न कि जाय, वहांतक अपनी कैसे उन्नति हो ? जैसेकी मनुष्यकी इन्द्रियां जूदा २ कार्य करती है परन्तु वेही इन्द्रियां मिलकर शरीरका कार्य बनता है वैसेही यह सार्वजनिक महत्कार्यकी हर प्रकारके मनुष्यों कि एक सम्मति होनेसे पूर्णोन्नति प्राप्त होना संभव है.

इसही विचारसे मेरी अल्पबुद्धि अनुसार इस निबंधमें अपनी सम्मति निवेदन करता हूं. आशा है कि, सर्व सज्जन विचार पूर्वक मान्य करेंगे.

३ इस कॉन्फरन्सको महासभा कहो अथवा महामंडल कहो सबका तात्पर्य एकही है, अपनि महा सभाका मुख्य उद्देश यही है कि, सच्चा सो मेरा याने सची बात है उसहीको ग्रहण करना न कि मेरा सो सच्चा; अर्थात् मेने जो कहा वही सच्चा चाहे नुकसान पायक क्यों नहो; देखिये उपरोक्त दोनो वाक्य एकसां मालुम होतें हैं, परंतु विचारनेसे जमिन आसमानका अन्तर है ! याने सद् असद् विचार रूपि दोनो उन्नति व अवनति की लाइने हैं. इस लिए जो २ प्रवृत्ति प्राचीन या अर्वाचीन नुकसान कारक हो, छोडकर, लाभ दायक हो उसही को ग्रहण करना, इसही वास्ते सच्चा सो मेरा यही उन्नतिका मूलमंत्र हमेंसा याद रखना चाहिए.

श्लोकः २

उद्यमं साहसं धैर्यं, बलबुंद्धिःपराक्रमम् ।
षडेते यत्र तिष्टन्ति, तत्र देवोऽपिशंकितः ।

अपूर्ण.

# જૈનોનાં જાહેરખાતાંના પ્રગટ થતા રીપોર્ટો સંબંધી સામાન્ય સૂચનાઓ.

મુંબઇ ઇલાકામાં આપણી જૈનોની વસ્તી બહોળા પ્રમાણમાં છે. દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, દવાશાળાઓ, પાંજરાપોળો વગેરે ઘણાક ધાર્મિક ખાતાં જૈનો ચલાવે છે. હાલમાં આવા ખાતાના સરવૈયાં અને રીપોર્ટ બહાર પાડવામાં આવે છે. આમાંના સંખ્યાબંધ રીપોર્ટોનું મેં અવલોકન કર્યું છે; પરંતુ તેમાં ઘણીખરી વખતે સરસ પદ્ધતિ દેખવામાં આવી નથી. સરસ પદ્ધતિ ન રહેવાનું કારણ જોઇએ તો કાંતો ગોટાળો અને કાંતો આવડતની ખામી હોય છે. આવી ખામીઓ દૂર કરવાને યોગ્ય ઇલાજો લેવા જોઇએ

યથા રાજા તથા પ્રજા એ આપણામાં પ્રચલિત કહેવત છે. આપણા રાજા તરફથી રીપોર્ટ દરેક ખાતાના પ્રગટ થાય છે. તેમાં ઉપજ, ખર્ચની વીગત આપવામાં આવે છે, વધઘટનાં કારણો દર્શાવવામાં આવે છે. ગયા વર્ષની શીલીક અને ચાલતા વર્ષની શીલીક બતાવવામાં આવે છે. એ છતાં એ ખાતાંઓના ભલા માટે દેશહિતકારી જાહેર માણસો ઘણી વખતે ટીકા કરે છે કે એ રીપોર્ટોમાં પૂરતી વીગતો નથી. પાંચ વર્ષના જૂદા જૂદા ઉપજ ખર્ચના કોઠા નથી. આ બધી વખતે એ ટીકાઓનું વાજબીપણું આપણે સ્વીકારીએ છીએ; પરંતુ જ્યારે આપણા પોતાના હાથમાં એ કારોબાર આવે છે, ત્યારે આપણે પસંદ કરેલ ટીકાનો કાંઇ અમલ કરતા દેખાતા નથી. એથી એમ થઇ પડે છે કે "જેવી પ્રજા તેવા રાજા" આ યુરોપીયન ઉખરણું લાગુ પડે છે, એટલે જો આપણે રાજ્યદ્વારી સુધારણા ઇચ્છતા હોઇએ અથવા તેમાં ભાગ લેવા ઇચ્છતા હોઇએ તો આપણે આપણાં જાહેરખાતાંનો મજબુત અને સ્વચ્છ કારોબાર રાખવા ઉપરાંત તેની માહેતી પૂરતી રીતે સર્વને મળી શકે એવી સગવડતા સાચવવાની જરૂર છે.

આપણા શ્રીમંત ધુરંધર વેપારીઓ મીલો અને કેટલીક કમ્પનીઓના માલીક–ડીરેકટરો અને ભાગીદારો છે. જેઓ જોઇન્ટ સ્ટોક કમ્પનીઓના ધોરણ–બેન્કના હિસાબોનાં ધોરણ–સરાફી પેઢીઓનાં ધોરણો સમજે છે. એવા ખાતાના રીપોર્ટો અને હિસાબો જોઇ એમની ક્રેડીટનું અચ્છી રીતે માપ કાઢી શકે છે, એજ ભાઇઓ પોતાના તાબામાં ચાલતાં જાહેરખાતાંઓમાં એવા ધોરણોની નકલ કરતાં કેમ દગદગો પામે છે એનાં કારણો સમજાતાં નથી. આપણા ધાર્મિક ગ્રંથોમાં દ્રવ્ય સીત્તરીગ્રંથ આપણાં જાહેર સાર્વજનિક ખાતાં માટે બહુજ ઉત્તમ કાનુન બતાવે છે કે, જેવો પોતાના ઘરના કારોબારનો કરકસર અને સ્વચ્છતાથી વહીવટ કરવામાં આવે છે એવોજ ઉંચી પદ્ધતિથી પોતાના હાથમાં સોંપાએલ ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ કરવો યા વહીવટ ચલાવવો, અને તેમાં કાંઇ પણ ગોટાળો થવા દેવો નહીં. જો કોઇ ગોટાળો કરતું હોય તો તેની સુધારણા રખાવવા પણ ફરજ છે. દયામય તત્વનું એજ લક્ષણ છે કે કોઇ પણ ભૂલપાત્ર જીવને સુમાર્ગે ચડાવવો, આથી આપણાં જાહેરખાતામાં સ્વચ્છતા અને તેજનો પ્રકાશ કાયમ રહે એટલા માટે જાહેર રીપોર્ટોમાં તમામ માહેતી રજુ કરવાની જરૂર છે.

આ દેહ ક્ષણભંગુર છે, એમ સર્વના જાણવામાં છે. એટલે આંખ મીંચાતાં મનની વાત મનમાં રહી જાય છે. ધાર્મિક સંસ્થાના કારોબાર કરતા શેઠીઆઓ પોતાના હસ્તક ચાલતા વહીવટ સંબંધી યોગ્ય કાનુનો, નોંધ અને પદ્ધતીઓ ન રાખતાં ભવિષ્યના વહીવટદારોને કયું ધોરણ અખત્યાર કરવું તે માટે પોતાની મુનસફીનોજ ઉપયોગ કરવો પડે છે. જોકે પોતાના ખાનગી વહીવટમાં સર્વે પ્રકારની નોંધો હોવાથી ભવિષ્યના વહીવટદારોને સરળતા પડે છે. આ કારણ પણ રીપોર્ટોમાં વિશેષ વિગતો જણાવવાને અગત્યતા બતાવે છે. આવા કારણો સિવાય એ પણ એક અગત્યનું કારણ છે કે માણસ માત્ર ભૂલને પાત્ર છે. આપણે કાંઇ ભૂલ નથી કરતા એમ જગતને ખાત્રી કરવાને માટે જાહેર ખાતાઓની પૂરતી વિગતો પ્રગટ કરીએ તો જાહેર પ્રજા એ ઉપર ઘટતી નુકતેચીની કરી શકે અને આપણો વહીવટ જોઇ સંતોષ પામે. અને તેમને ભૂલ જણાય તો તે સુધારવા કોશીશ કરી શકે; જે કોશીશ સ્વચ્છ વહીવટને ઘણીજ ઉપયોગી છે. કેમકે કાંઇ સોને સાંભ અડતીજ નથી; અને અસ્વચ્છ વહીવટ તો રાખવા આપણી ઇચ્છાજ નથી. એટલે સ્વચ્છતાના શોધ માટે જે કાંઈ ટીકા થાય તે તો વિશેષ સરળતા સમજવા જેવીજ છે.

મન છે એ ઘડીમાં ગજ ઉપર સ્વારી કરે છે, ઘડીમાં એજ મન ઘોડે બેસે છે. ઘડીમાં ચકડોળે ચડે છે; ઘડીમાં પરમ વૈરાગ્ય દ્રષ્ટિના અનુભવમાં ડબકાં મારે છે, અને ઘડીમાં પાપકર્મમાં ફસાય છે. એ બધામાં સુમાર્ગમાં કાયમ સ્થિત થાય, અથવા પાપકર્મમાં ન ફસાય એટલા માટે તે મનને લોક અપવાદનો જબરજસ્ત ભય હોય છે. આપણા પાસે સોંપાએલ જાહેર ખાતાંના વહીવટમાં સ્વચ્છતા રાખવાના કારણ માટે, આબરૂ, પરમાથવૃત્તિ, લોક કલ્યાણ અને જગતનો અપવાદ એ બધા અંકુશરૂપે છે. એટલે તેનું ઉપયોગીપણું વધારવાની ખાસ જરૂર છે.

સાર્વજનિક ખાતાંની ફતેહ અને નિષ્ફળતા વહીવટની સ્વચ્છતા અસ્વચ્છતા ઉપર મુખ્ય આધાર રાખે છે. સ્વચ્છતા તરફ લોકો વિશ્વાસ રાખે છે, અને અસ્વચ્છતા તેમને લાગતાં-તેને પસંદ કરતા નથી, એટલે કદી પોતે સાથે રહી મનમાં સમજી બેસી રહે છે; પરંતુ એ વહીવટને સ્હાયતા નથી આપતા અને જૂદી બાજુ પોતાનું વલણ રાખે છે. એ વખતે એમ સમજવું જોઇએ કે આ ગૃહસ્થો આ વહીવટ પસંદ કરતા નથી. સ્વચ્છતા એ એવી આકર્ષક ચીજ છે કે એ તરફ સર્વે ખેંચાઇ જાય છે.

સાર્વજનિક ખાતાની અગત્યતા સમજાવનાર, તેનું ઉપયોગીપણું પૂરવાર કરનાર, એ ખાતું વધારે લોકોપયોગી કરવાને યોગ્યતા સચવાવનાર અને એ ખાતાં તરફ સહાયકોને ખેંચી લાવનાર સ્વચ્છતા અને પૂરતી વીગત દર્શાવનાર રીપોર્ટ છે. એમ કહ્યા વિના ચાલશે નહીં; સરકારની દેખરેખ નિચે ચાલતાં ખાતાંઓમાં મ્યુનીસીપાલીટીઓ કેવાં મોટા કાર્યો બજાવી શકે છે. કેટલાં નાણાં પોતાની ક્રેડીટ ઉપર ઉછીનાં લઇ શકે છે. કેટલા માણસો પોતાની સખાવતનાં નાણાં સુપ્રત કરે છે, તે જૂઓ; યુનીવરસીટીઓ અને કોલેજો જેમાં ઘણું દ્રવ્ય સખાવતનુ હોય છે, પરંતુ એ જગ્યોએ નાણાં આપવા માણસો જાય છે. તેનું કારણ એ ખાતાંની સ્વચ્છતા છે.

આ બધી વીગતો ધ્યાન ઉપર રાખી જાહેર ખાતાંના વહીવટનો રીપોર્ટ પ્રગટ કરતાં ઓછામાં ઓછી એટલી વીગત આપવી કે—ગયા વર્ષની શીલીક, ઉપજ અને ખર્ચ એના

આંકડા પ્રગટ થતા રીપોર્ટના વર્ષની શીલીક ઉપજ અને ખર્ચના આંકડા એ ખાતાંની તમામ શીલીક વીગતબંધ કઇ જગોએ રોકવામાં આવી છે, તેની વીગત, એ ખાતાંના તમામ નોકરો એડવાર ભાગ પાડીને તેમનું પગાર ખર્ચ, ઉપજ ખર્ચ વધવા ઘટવાનાં કારણ, ભવિષ્યમાં શું એ ખાતાને જોઇએ છીએ તેની વીગત અને કારણો, બજેટ કરવાનો રીવાજ હોય તો ચાલતું બજેટ તથા પ્રગટ થતા વહીવટનું બજેટ રજુ કરવા, શું શું લાભ આપવામાં આવ્યા. કમીટીથી વહીવટ ચાલતો હોય તો કમીટીના ગૃહસ્થોનાં નામ, કેટલી મીટીંગ થઈ, દરેક મીટીંગમાં શું થયું તેનો સાર, અને એકાદ બે ગૃહસ્થોથી વહીવટ ચાલતો હોય તો કયા ધોરણથી ચાલે છે, તેની વીગતવાર હકીકત આપવી જોઇએ. હિસાબ ઓડીટ કરાવ્યા પછી ઓડીટરોના અભિપ્રાયો સાથે પ્રગટ કરવાથી વિશ્વાસલાયક વહીવટ સિદ્ધ થશે. એ રીપોર્ટમાં ઘરેણાં અને સરસામાનનું લીષ્ટ અને નવા સામાનનું લીષ્ટ એમ દાખલ કરવાથી કદ બહુ વધી પડશે નહીં; આશ્રય આપનારની રકમ તથા નામ પણ પ્રગટ કરવાં. પરંતુ તેમાં જૂજ રકમનાં ઘણાં નામો થતાં હોય તો એ રકમનો સરવાળો જણાવવો. લાગા કે એવાં જે જે ઉપજનાં સાધનો હોય તેનાં નામવાર ઉપજ જણાવવી. ખર્ચ પણ ખાતાંવાર જણાવવું. જે ખાતું ચાલતું હોય તેનું પરિણામ જણાવવું. જેમકે એક પાંજરાપોળ કે જેમાં કેટલાં જનાવર હતાં કેટલાં નવાં આવ્યાં કેટલાં મરીગયાં કેટલાં વેચાતાં આપ્યાં, કેટલાં બક્ષીસ આપ્યાં, આવી હકીકત આવવા જરૂર છે. સખાવતનો લાભ લેનારના નામો પણ જણાવવાં. જેમકે–વિદ્યાર્થીઓને મદદ હોય તો નામ અને અભ્યાસવાર તેમનું લીષ્ટ હોવું જોઇએ. જૈનશાળાને મદદ હોય તો તે તમામ જૈનશાળાનાં લીષ્ટવાર મદદની રકમ જોઇએ. આવા રીપોર્ટથી ઘણીજ સ્વચ્છતા રહેશે.

રીપોર્ટમાં જે કાંઇ કરવા યોગ્ય એ ખાતાએ હોય તેની વીગત અને કયે રસ્તે એ થઇ શકશે, તે પણ જણાવવું. આ જમાનો પ્રસિદ્ધ કરવાનો છે, પણ છુપાવવાનો નથી. છુપા વહીવટોથી અનેક ગેરલાભ થાય છે. માટે સ્વચ્છતા જાળવવા સારૂ તમામ સ્વામીભાઇઓને વિજ્ઞપ્તિ છે.　　　　**નારણજી અમરશી શાહ.**

---

# મુંબઈમાં વસતા ગરીબ જૈનોની હાડમારી.

---

જેને વીતી જગતમાં, તે પર પીડા જાણ;
સાકરના શોખીનને, ભુખ્યાનું નહીં ભાન. "

અલબેલી મુમ્બાપુરીના મોંઘા જીવનના ભોગ થઇ પડેલા દ્રવ્યહીન અને સીજાતા જૈન બંધુઓ! તમારી દાદ—ફરીયાદ કોણ સાંભળે તેમ છે? તમારી પ્રાર્થના–સ્તુતિ–કાલાવાલા તર્ફ કોણ લક્ષ આપે તેમ છે? નગારખાનામાં તુતીનો નાદ કયાંથી સંભળાય! રણશીંગડાંની કારમી ચીસો આગળ વીણાનો નાદ કયાંથી સ્ફુરી નીકળે! મોટાઓને નાનાઓની કયાં ગરજ પડી છે! ધનવાનોને નિર્ધનોની શી દરકાર! તેઓ તેમનું જાણે અને તમે તમારૂં જાણો.

પૂર્વે ગ્રામ્ય પ્રદેશમાં વસનારા અને પંખીઓની પેઠે ખુલ્લી હવામાં હરીફરી કલ્લોલ કરનારા પણ ગામડાંઓમાંથી વેપાર રોજગાર પડી ભાગવાથી ઉદર પોષણ કરવા નિમિત્તે અત્રે આવી રહેનારા જૈનો, તમારે પોતાની કંગાલ સ્થિતિને લેઇને ગટર જેવી કોટડીઓમાં, અરે કારાગ્રહોમાં રહેવું પડે છે. બાર કે પંદર રૂપૈયાના દર મહીનામાંથી ઓછામાં ઓછા પાંચ-સાત રૂપીયા ભાડા પેટે આપવા પડે, તો પછી બાકી રહેલી નજીવી રકમમાંથી કુટુંબના બે ત્રણ માણસોનું પોષણ કેવી રીતે થઇ શકે? નિર્વાહ કરતાં કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે! એ તો રહ્યું પણ આટલું બધું ભાડું ખર્ચવા છતાં પણ તેમને કર્મે દુર્ગંધ હવા પાણી વાળી ઉભા થતાં માથું ભાગે તેવી જગો મળે એ કેટલી બધી દીલગીરીની વાત! શ્રાવકોના સંતાનોની કેવી દુર્દશા! અફસોસ! અફસોસ!!

અમારા શેઠીઆઓને ક્યાંથી ખબર હોય કે આવી રીતે તેમના સ્વધર્મી બંધુઓ પીડાતા હશે-સડી જતા હશે. તેઓ મોટા મોટાઓની વિઝીટે જાય, સાહેબ લોકોને ત્યાં શેકહેન્ડ કરવા જાય કે સ્વકોમના આવા દુર્ભાગી બંધુઓની અવસ્થા તપાસવા જાય, વાલુકેશ્વર, ચોપાટી કે માથેરાનમાં બંધાવેલા બંગલાઓના વાસીઓને ગલી કુંચીઓમાં આવેલી એમની ગંધાતી ઓરડીઓની મુલાકાત લેવી કેમ ગમે! એતો અમારા સ્વયંસેવકોજ સુકૃત ભંડારનાં નાણાં ઉઘરાવવા જાય! તેઓજ તેમના કેદખાનાનાં દર્શન કરી કોન્ફરન્સ ઓફીસમાં રોદણાં રોઇ, તેમની ખરી સ્થિતિનું ભાન કરાવી જૈનોની આંખ ઉઘાડે. આ તે ન્હોય ઇંગ્લાંડ! ત્યાં તો લક્ષાધિપતિઓ અને અબજપતિઓ પણ ખુણે ખોચરે ફરી ગરિબોની સંભાળ લે છે. ત્યાં મફત અથવા તો તદન સસ્તાં ભાડાનાં મકાનો રંકજનોને પુરાં પાડવામાં આવે છે. ધનાઢ્યો આવું કાર્ય કરે તેમાં તો શું નવાઇ પણ સામાન્ય પંકિતના માણસો કરે છે. કેરહાડી જેવાના છાપરા તળે હજારો મજુરો રાત્રે આવી સુએ છે. ત્યાં આવો એક કેરહાર્ડી નથી પણ અનેક છે, ત્યારે આપણી જૈન કોમમાં એકે એવો માઇનો પુત પાક્યો નથી કે જેણે મકાનો બંધાવી નિરાધાર જૈનોને માટે તેનાં બારણાં વગર ભાડે કે તદન સસ્તા ભાડે ખુલ્લાં મુક્યાં હોય! દેરાસરોની ચાલો અન્ય ધર્મીઓ કે જેઓનાથી ઘણી જાતની આશાતનાઓ થવાનો સંભવ છે તેઓને ભાડે અપાય પણ જૈનોને ન આપવામાં આવે આ કેટલી બધી ખેદની વાત.

પારસી જેવી નાનકડી કોમે આના સંબંધમાં જે કર્યું છે, તેનો અંશ માત્ર જૈન જેવી માતબર અને બહોળી કોમ કરવા સમર્થ થઇ નથી. પારસી ગૃહસ્થોની બંધાવેલી ઘણી ચાલોનાં દ્વાર ઉપર ખાસ પારસીઓનેજ માટે એવા શબ્દો આલેખાયેલા વાંચવામાં આવે છે પણ ખાસ જૈનોને માટે એમ લખેલું એક પણ બોર્ડ આખા મુંબઇ શહેરમાં અમારી દૃષ્ટિએ પડતું નથી.

મુમ્બાપુરીના શ્રીમાન શેઠીયાઓ! જો તમે માળાના માલીક હો તો ભલે નહીં તો નવા માળા બંધાવી તેના દરવાજા સાધારણ જૈનોને રહેવા માટે વગર ભાડે, વગર ભાડે નહીતો તદ્દન સસ્તા ભાડે ખુલ્લા મુકો એવી તમ પ્રત્યે અમારી પુનઃ પુનઃ નમ્ર પ્રાર્થના છે.

માણેકલાલ મગનલાલ ઠાકર.

## દશેરાના તહેવાર ઉપર થતો પશુવધનો અટકાવ. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી કરવામાં આવેલ પ્રયાસનું શુભ પરિણામ.

મજકુર પ્રસંગે થતો પશુવધ અટકાવવા પ્રતિ વર્ષ માફક આ વર્ષે પણ રાજા, મહારાજાઓ અને ઠાકોરો ઉપર વિનંતિ પત્રો મોકલવામાં આવ્યા હતાં જેના પરિણામે જણાવવા ખુશી ઉપજે છે કે, આગળનાં ૩૮ નામો સાથે આ વરસે ૧૬ નામો વધવા પામ્યાં છે. વધુ ખુશી તો એ ઉપજે છે કે, તે અરજીઓ તરફ માનની નજરથી જોવાઈ સંતોષકારક જવાબો સ્ટેટો તરફથી લખાયા છે, એટલુંજ નહીં પણ કોન્ફરન્સ તરફના આ પ્રકારના પ્રયત્નને આવકારદાયક અને જરૂરી જણાવે છે.

આ વર્ષે નીચે જણાવેલાં સ્થળો પૈકી કેટલાક સ્થળોએથી ત્યાંના રાજા મહારાજા અને ઠાકોરોએ પોતાની હદમાં થતો પશુવધ બંધ કરી મુગા, અવાચક પ્રાણીઓનો આશીર્વાદ મેળવ્યો છે; કેટલાક સ્થળોએ તે રીવાજ કેટલાક સમયથી બંધ છે. તેમ જણાવવામાં આવ્યું છે. કેટલાંક સ્થળોએ તો ખાસ હીંદુઓએ જૈનોનાં ધાર્મિક દીવસોમાં તથા અન્યરીતે થતી જીવહિંસા બંધ કરવા રાજ્ય તરફથી હુકમો કાઢવામાં આવેલ છે; ત્યારે કેટલાક સ્થળોના ઠાકોરોએ તો ખાસ ત્યાંના મહાજનને દસ્તાવેજ કરી આપ્યા છે, જે માટે કોન્ફરન્સ આ સર્વે રાજા મહારાજા અને ઠાકોરોનો ખરાં અંતઃકરણથી આભાર માને છે; અને ઇચ્છે છે કે બીજા રાજકર્તાઓ તેમનું અનુકરણ કરે.

### અગાઉનાં નામો.

૧ અવનગઢ, ૨ બરાધીપતિ, ૩ વડોદરા. ૪ બીઆબર, ૫ ખંભાત, ૬ છોટાઉદેપુર, ૭ દેહા, ૮ ધરમપુર, ૯ ધ્રાંગધરા, ૧૦ દીનાપુર, ૧૧ ધઆયના, ૧૨ ગોંડળ, ૧૩ ઝાબુવા, ૧૪ જામનગર, ૧૫ જસદણ, ૧૬ કટોસણ, ૧૭ કોટડાસાગાણી, ૧૮ કોટીલોધ, ૧૯ કોઠારીયા, ૨૦ લખતર, ૨૧ લાયજી મોટા (કચ્છ) ૨૨ લીંબડી, ૨૩ મંડી, ૨૪ મોરબી, ૨૫ પારડી, ૨૬ રાજુલા, ૨૭ સરામપુર, ૨૮ સાયલા, ૨૯ સરવન, ૩૦ શાહપુર, ૩૧ સીતામહુ, ૩૨ સુનીરાજધાની, ૩૩ સુથાલીઆ, ૩૪ વણોદ, ૩૫ વાંસડા, ૩૬ વારાહી, ૩૭ વરસોડા.

### નવાં નામો.

૩૮ એકલારા, ૩૯ આરસોડીયા, ૪૦ ચુડા, ૪૧ ડેકાણુ. ૪૨ દાવડ, ૪૩ ઇલોલ, ૪૪ ગઢા, ૪૫ કડોલી ૪૬ કલસીઆ, ૪૭ ખઇપુર, ૪૮ મેંગણી, ૪૯ પાલણપુર, ૫૦ રાજકોટ, ૫૧ રણુસીપુર, પરસચીન, ૫૩ સાનોલ.

# હીંદુસ્તાનનું એક મહા પાપ.

ગઇ તા. ૧૫ મીના ટાઇમ્સ ઑફ ઇંડીયામાં સંયુક્ત પ્રાંતો (United Provinces) માં ગઇ સાલ બનેલા ગુન્હાઓનો રીપોર્ટ પ્રસિદ્ધ થયો છે. તેમાં લખેલું છે કે **સંખ્યાબંધ છોકરાંઓને તેમનાં ઘરેણાં ખાતર મારી નાંખવામાં આવ્યાં હતાં.** ("There, were a number of cases of murders of children for their ornaments.") **બુલંદ શહેર**માં એક તેર વરસના છોકરાએ એક **ત્રણ વરસના** છોકરાનાં કેટલાંક ઘરેણાં ઉતારી લઇને પછી તેને એક **કુવામાં નાંખી દીધો હતો.** ("In Bulandshaher a boy of 13 threw a boy aged 3 down a well, after depriving him of some ornaments.")

માબાપોની બેદરકારી તથા અજ્ઞાનથી ઉપર પ્રમાણે કમનસીબ, નિર્દોષ બચ્ચાંઓનાં ત્રાસદાયક રીતે ખુનો દેશના જુદા જુદા ભાગોમાં વખતે વખતે બને છે.

૭ વરસની એક મુસલમાન છોકરીને ગયા બે મહીનામાં પુનામાં તેણીના દાગીના ખાતર મારી નાંખી હતી અને તે પછી હાલમાં એક હીંદુ છોકરીનું પણ તેજ કારણસર પુનાથી આશરે આઠ માઇલ ઉપર આવેલા એક ગામમાં ખુન કરવામાં આવ્યું છે.

આવા ભયંકર મહા પાપ સામે મજબુતપણે ચાલુ પોકાર કરવાથી ઘણાં નહીં તો થોડાં બાળકોના જીવ બચવાનો સંભવ છે અને તે સાથે તેમનાં ખુન કરત તેવી મોટી ઉમરનાં સ્ત્રી પુરૂષો પણ ફાંસીએ લટકતાં અટકશે એ પ્રમાણે બેવડું પુણ્ય નું આ કામ છે.

ઉપર પ્રમાણે જ્ઞાન ફેલાવવાથી **તમામ કોમોના લોકો** આપણી કોનફરન્સને ધન્યવાદ દેશે.

આપનો સેવક,

**લાભશંકર લક્ષ્મીદાસ.**

મી. લાભશંકરે મજકુર લખાણુ સાથે એક હેન્ડબીલ મોકલેલ છે જેમાં જામે જમશેદ, તા. ૧૯-૬-૧૯૦૩, તા. ૭-૭-૧૯૦૪, તા. ૧૭-૮-૧૯૦૪, તા. ૨૩-૨-૧૯૦૪ તથા મુંબઇ સમાચાર ૨૪-૭-૧૯૦૬, ૨૬-૮-૧૯૦૩ અને ૧૧-૮-૧૯૦૬ કયસરે હીન્દમાં પ્રગટ થયેલ અહેવાલો છાપેલા છે. આ તો પકડાયેલા અને જાહેર થયેલા અહેવાલો છે પણ નહીં જાહેર થતા બનાવો ઘણા બને છે માટે હમારી નમ્ર અરજ છે કે બાળકોને ઘરેણાંથી શણગારી કમોતે મરણ થવાના કારણભૂત થતા તેઓના માબાપો જરૂર વિચાર કરશે અને ઘરેણાં કરતાં સ્વચ્છ કપડાંથી શોભાવી તંદુરસ્ત રાખશે.

તંત્રી.

## JAINISM.

Having been asked to give something on Jainism, to which I am indebted for the following views and beliefs, I will give that which I appreciate and hold to be of value at any rate for myself. Being an enquirer into the Jain teachings, I cannot myself give an exposition of the philosophy itself, but only of the understanding developed in me through my fortunate acquaintance with the teachings. My liking being rather for the philosophical than the religious aspect of life the following may, to the warm-hearted, strike chilly.

In Jainism I find a solution to the heretofore unsolved problem of existence. I find plain answers which cannot be truthfully refuted, and which sink into and satisfy every corner of the brain, and which if attacked by searching criticism show up only still more brilliantly. Answers I now have to the questions. What are we living for? What is soul? Matter? Space? Time? Substance? God? Reward, Punishment? etc.

Most satisfactory is the view that substance of the universe is permanent; that there never was in the infinite past a time when matter, souls, space, time, etc. did not exist; that to assume such non-existence in a remote past is a false view; that as these things have always existed, creation was not necessary. And what can be more inconsistent than after taking the view that everything needs to be created, to name one thing or being (God) that did not need to be created? The view that the individual is everlasting is most comforting; that each individual is for ever the same, and never becomes another;—but only in sense, for the predicate can, from other points of view than the one here meant, be denied.

I like the view of the history of the soul from eternity to eternity which divides such history into three sections, namely,

before, during, and after development (Nigoda, Gunasthana, and Mocksha). That we are now in a process of development had a beginning in time, and will have an end in time. That before the development began the soul had been living in the infinite past for ever backwards in an unclean state, somewhat in the same sense that any particular piece of gold might have always in the past been ore previous to its present refined state. After the development of the soul is ended, it never again becomes unclean, and exists in everlasting blissfulness, knowledge unlimited, as the same individual for ever without any interruptions in the shape of birth and deaths.

Development in its early stage appears to be slow (during Mithyatva, that is). Then there comes a demarcation in the life (Samyaktva) after which the progress becomes much more rapid, it being taken in hand by the individual himself consciously.

It is as I understand a teaching of Jainism that the whole of that which is good or bad in a person is due to his own actions in the past, that the person himself is responsible for all that he experiences, and that he will only experience that which he himself brings upon himself. Thus, is the freedom of the individual insured; he is free to bring upon himself just exactly the kind of life that he most desires. Now, as soon as anyone takes his own life in his own hands, he feels the need of a guide, the help of those who have gone before him along the same road. Who will satisfy him for this purpose? Only he who has attained complete and altogether unlimited knowledge, and who is absolutely free from every form of unkindness and weakness. Such a one will satisfy the aspirant: and such a one only. He feels that only those who have attained to omniscience could guide him correctly without mistakes. He will, however in the absence of such one, accept the teaching of those who perpetuate the path mapped out by the omniscient; and the aspirant feels convinced that the code of rules of life must be

such that all life is regarded as sacred, and that to ignore or crush any form of life is nothing short of arrogance and false teaching. (Arhat, Guru, and Dharma).

He who wishes to be "a law unto himself," to 'run' his own life, wishes so to run it that pre-determined effect shall be brought about, and believing that in the true nature of the soul there is no misery, ignorance, or weakness, he wills to do only those things which bring out the true nature of the soul, namely, blissfulness, knowledge, and strength, and he wills to avoid those acts which bring misery, ignorance and weakness. In other words, he makes a "will" of his own (Vratas).

Then the theory seems to be that one who appreciates knowledge, memory, or any quality of the soul, will take pains to nurture it wherever it is found, and not to destroy it either in himself or in any living being. The theory seems to be that if I do an act which is calculated to cause ignorance, for instance, in another being, I make and use a force which will have the function of nature of causing ignorance, and as it is I who generate or fashion this force, it is I who am in combination with such a 'machine' so to speak, it will in its operation prevent me from knowing, at some time or other, some kind of knowledge or other. (This is Karma if I understand it correctly).

Another useful fact is, that one's present circumstances can be used to further one's spiritual development, one does not need to wait a single moment before one can begin, but of course one has to estimate his position in the scale of development, and follow rules suitable to that stage.

Another most useful theme as it were is the view that all there is in the universe is 'I' and that which is not I. I am as I actually am at present, ignorant, weak, etc, because some of the 'not—I' is fused or blended in with me, a foreign element which has no business to be in me at all and which from one point of view is no part of me. Now, what is to be done ? This foreign stuff is continually being attracted to myself by myself, and getting assimilated into my being; the

thing is to stop this inflow or to stop attracting it, and so shut out any fresh stuff of the kind; and then to set to work and remove what is already there in me; the final result is my soul cleaned up, pure, and as it naturally is by its own imperishable nature. (Jiva, Ajiva, Ashrava, Bandha, Samvara, Nirjara, and Moksha.)

Very satisfying is the doctrine of implication in speech. When one speaks there is always other truth about the subject and, while actually speaking, this other truth though implied, cannot be expressed in words. This doctrine points out that statements about things are made only with reference to those parts, aspects, or relationships of the thing to which the statements are applicable, and not with reference to the whole thing in every part, aspect, and relationship for ever. That any thing about which a statement is made always has some part, aspect, or relationship to which the statement is not applicable. (This is the Syadvada.)

Another most important thing that was pointed out to me is that awareness, consciousness, is different in kind from motion of matter, from molecular or atomic vibration. There can be motion of matter and also awareness of the motion, and if the awareness or knowledge of the motion is itself a mode of motion then the knowledge is a motion of a motion—which is meaningless. And knowledge being thus different in kind from motion of matter, it is something, it is the quality of something, or property of something; it is some real thing that has knowledge, and this real thing may be called 'soul'. Matter, whether stationary or in motion, has no consciousness; soul has.

Another doctrine is the doctrine of re-incarnation. The soul is permanent, it is, was, and always will be in some state or other; and until it has finally removed all foreign matter from itself goes through a succession of births and deaths and rebirths.

HERBERT WARREN.

# જીવદયા માટે વેરાવળ તરફના કંઠાળના રબારીઓએ કરેલ અગત્યનો ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની ઓફીસમાં વેરાવળ તથા માંગરોળ તરફ રબારીઓનો મેળો થાય છે. એવી ખબર મળતાં શ્રી વેરાવળ તથા માંગરોળના મહાજનને એ મેળા કયાં ભરાય છે, વિગેરે બાબત ખૂલાસા પૂછાવ્યા અને એ મહાજનશ્રીની તરફથી તપાસ થઇ ખબર મલી કે દશરા ઉપર મેલા ભરાય છે.

આ મેળા ઉપર વઢવાણવાળા શાહ નારણજી અમરસી ઓનરરી ઉપદેશક શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને એ તરફ જઇ શકશો કે કેમ ? એ માટે ખબર પૂછાવતાં તેમણે તુરતજ એ તરફ જવાને હાનો પ્રત્યુત્તર લખ્યો અને એ તરફ શું હીલચાલ કરવાથી કાર્યની સિદ્ધિ થશે એ માટે તપાસ શરૂ કરી અને જેવો કોન્ફરન્સ ઓફીસ તરફથી વેરાવળ જવાનો પત્ર મલ્યો કે તુરતજ એ તરફ રવાના થયા. અને વેરાવળ મહાજનને તા૦ ૨૨-૧૦-૦૯ના રોજ મળ્યા. મહાજનમાંથી કેટલાક આગેવાનોનું એક ડેપ્યુટેશન શ્રી શીરોદડ રબારીઓનો મેળો થયો હતો ત્યાં માનાધિકારી ઉપદેશક શાહ નારણજી અમરસી સાથે જવાની ગોઠવણ થઇ અને તા૦ ૨૩-૧૦-૧૯૦૯ ના રોજ સાંજરે શ્રી આદરી ગામ ગયા અને ત્યાં શ્રી પાટણવાળા શેઠ ધરમસી રણછોડ જે રબારીઓના શેઠ છે તેમને સીરોદડથી તેડાવ્યા અને તે આવતાં રાત્રે કેટલીક મસલત કરી બીજે દિવસ સવારે શ્રી શીરોદડ જવાનું નક્કી કર્યું.

તા૦ ૨૪-૯-૧૯૦૯ના રોજ શ્રી શીરોદડ મી૦ નારણજી સાથે નીચેના ગૃહસ્થો જઇ પહોંચ્યા.

૧ શેઠ ગલાલચંદ સોમચંદ
૨ શેઠ કલ્યાણચંદ ખુશાલચંદ
૩ રા. રા. વકીલ ત્રિભુવન કૃપાશંકર
૪ કૃપાશંકર પ્રભુશંકર (માંગરોળવાળા)
૫ શેઠ ખુશાલચંદ વીરજી
૬ શેઠ મકનજી જુઠા
૭ શેઠ જેચંદ ખીમજી
૮ શેઠ મેઘજી રૂપચંદ
૯ શેઠ લાધા હરખચંદ
૧૦ શેઠ હેમરાજ મુળચંદ
૧૧ શેઠ જેચંદ કલ્યાણજી
૧૨ ઠકર રામજી વીરજી
૧૩ મી, વસનજી લાલજી વેરાવળ મહાજનના મુનીમ
૧૪ શેઠ રણછોડ કલ્યાણજી ( આદરીવાળા )

વીગેરે શ્રી શીરોદડ જઇ રબારીની માતાના દરશન કરી રીતસર થાળ ધરી રબારીના શેઠ ધરમશી રણછોડ તથા વકીલ દાનાભાઈ કરણાભાઇ રબારી તથા જુવા જેઠા પરવત અને કેટલાક રબારીના આગેવાનોને મળી યોગ્ય હકીકત જણાવી. જેથી તા૦ ૨૫ મી ના રોજ

માનાધિકારી ઉપદેશક મી૦ નારણજીનું વ્યાખ્યાન સાંભળવાનો વખત મુકરર કર્યો અને રબારીની જ્ઞાતિએ મહાજન વગેરેના સત્કાર સારૂ જમણ આપ્યું.

તા૦ ૨૫મીના રોજ ઠરાવેલ વખતે શ્રી આદરીથી ઉપરના ગ્રહસ્થો સાથે શ્રી શીરોદડ ગયા, અને રબારીના આગેવાનો એકઠા થતાં જીવદયા સંબંધે મી૦ નારણજી અમરશીએ કેટલાક શાસ્ત્રના અને ઇતિહાસના પ્રમાણો આપી રબારી ભરવાડ મુળથીજ જીવદયા પ્રતિપાળ છે અને એ કાર્ય ઉપાડી લેવાને ઉપદેશ આપ્યો જેને રા રા. વકીલ ત્રિભુવનદાસભાઇએ બહુજ અસર કારક રીતે અનુમોદન આપી પુષ્ટિમાં વિવેચન કર્યું. જેની સારી અસર તમામ રબારીઓને થતાં નીચે મુજબ ઠરાવ થયો.

## ઠરાવ.

૧ ...ા, બળદ, ભેંસો વગેરે કોઈ રબારી કસાઇને વેચતા નથી અને કદી વેચશે નહીં. તેગ તેવા માણસોને વેચાતા આપવાને દલાલી પણ કરશે નહીં. આ ઠરાવ આખી રબારીની જ્ઞાતિએ કબુલ કર્યો હતો.

૨ પાડા માટે કાંઇ પણ લવાજમ લીધા શિવાય મોટા કરીને વેરાવળ મહાજનને સોંપવાનું તમામ રબારીની જ્ઞાતિએ કબુલ કર્યું હતું.

૩ કાંઇ પણ લવાજમ લીધા શિવાય ઘેટાં બોકડાં મોટાં કરીને વેરાવળ મહાજનને નીચેના તમામ માલધારી રબારીઓએ સોંપવાને માતાજીની રૂબરૂ પ્રતિજ્ઞાઓ લીધી હતી, અને તમામ રબારીની જ્ઞાતિને આ વાત ગળે ઉતારી કબુલ કરાવવાની કોશીષ કરવાને કબુલ કર્યું હતું.

| | નામ | ગામ | | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | રબારી જેઠા પરવત ભુવા | શીરોદડ | ૧૦ | રબારી પુંજા ખીમા | આદરી |
| ૨ | રબારી કરસન પરવત ભુવા | ,, | ૧૧ | રબારી કીસા ભીમા | ,, |
| ૩ | રબારી માંડા સેજા દરબાર | ,, | ૧૨ | રબારી દેવરાજ ભુલા | ,, |
| ૪ | રબારી ગીગા લાખા | ,, | ૧૩ | રબારી કરસન કરણાભાઇ | વેરાવળ |
| ૫ | રબારી ડાયા સેજા | ,, | ૧૪ | રબારી દાનાભાઈ કરણાભાઈ વકીલ | ,, |
| ૬ | રબારી કરણા નાના | ,, | ૧૫ | રબારી લખમણ અરજણ | ,, |
| ૭ | રબારી માંડા રાજા | ,, | ૧૬ | રબારી અરજણ નાના | કોડીનાર |
| ૮ | રબારી શીદી રાણા | ,, | ૧૭ | રબારી અરજણ મયા | દારી |
| ૯ | રબારી રામા વીરા | ,, | ૧૮ | રબારી નારણ જોગા | નવાપરા |
| | | | ૧૯ | રબારી પુંજા રાઘવ | પાટણ |

આ ઠરાવ થયા પછી ભુવા પરવત જેઠાને વેરાવળ મહાજન તરફથી પાઘડી આપવામાં આવી અને માતાજીના દેવળ માટે ઘીનો ડબો એક આપવામાં આવ્યો અને ત્યાંથી વેરાવળ મહાજન વાજતે ગાજતે વિદાય થયુ. અને શ્રી શીરોદડના પાદરમાં માગણીઆતને દાન તરીકે કોરી આઠ આપી.

ઉપર મુજબ કાર્ય બજાવવામાં વેરાવળના સમગ્ર મહાજને કાંઇ પણ જ્ઞાતિભેદ કે ધર્મભેદ ન રાખતાં જીવદયાનું કામ સર્વે હિન્દુઓનું છે એમ સમજી ભારે ઉત્સાહથી શ્રમ લીધો છે અને આ કાર્યમાં વેરાવળ પાંજરાપોળ કમિટીના ઓનરરી મેનેજર વકીલ ત્રિભુવનદાસ કૃપાશંકર અને શેઠ કલ્યાણચંદ ખુશાલચંદ, વકીલ દાના કરણા રબારી, વસનજી લાલજી વિપ્ર ( મહાજનના મુનિમ ) રબારીના શેઠ ધરમશી રણછોડ પાટણવાળા ઇત્યાદીએ સ્તુતિપાત્ર પ્રયાસ કર્યો છે તથા ભુવા જેઠા પરવતે પોતાની જ્ઞાતિને સમજાવવામાં બહુજ પ્રશંશાપાત્ર શ્રમ કર્યો છે. આવો દાખલો તમામ રબારી ભરવાડના આગેવાનો લેશે એવી આશા છે. અમે તેમને કોન્ફરન્સ ઓફીસ તરફથી ધન્યવાદ આપીએ છીએ.

શરૂઆતમાં જે જે રબારીઓએ ઘેટાં બોકડાં મહાજનને મોટાં કરીને આપવાનું કબુલ કર્યું છે તે સર્વેને ધન્યવાદ ઘટે છે.

# ધાર્મીક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલા જીરાળાપાડામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ રણછોડદાસ મુલચંદના હસ્તકનો સં. ૧૯૬૧થી ૧૯૬૪ના ભાદરવા સુદ ૧૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહીવટકર્ત્તાએ નામું ચોખ્ખી રીતે રાખી દેરાસરજીમાં પુરતી દેખરેખ રાખે છે તેમજ સદરહુ દેરાસરજીનો હિસાબ તપાસવાની માંગણી કરતાં તુરત ખુલાસા સાથે અમોને બતાવી દીધો છે, તેથી તેમનો પૂરેપૂરો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલા ચોળાવાડામાં શ્રી સુમતીનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ વીરચંદ કસ્તુરચંદના હસ્તકનો સં. ૧૯૬૧ થી ૧૯૬૪ના શ્રાવણ વદ ૦)) સુધીનો અમોએ હિસાબ તપાસ્યો છે. તે જોતાં સદરહુ વહીવટકર્ત્તાએ હિસાબ ચોખ્ખી રીતે રાખી અમોને માગણી કરતાં તુરત બતાવી દીધો છે, તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે માંડવીની પોળમાં આવેલા શ્રી આદીશ્વરજી મહારાજ તથા શ્રી મુનિસુવ્રતસ્વામી મહારાજ તથા શ્રી નેમનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ કશલચંદ સારાભાઇ હસ્તકનો સં૦ ૧૯૫૯થી સં૦ ૧૯૬૪ના વૈશાખ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહીવટકર્ત્તા સદરહુ દેરાસરોના વહીવટ તથા કામકાજ ચોખ્ખી રીતે કરી દેરાસરજીની સાર સંભાળ સારી રીતે રાખે છે, તેમજ સદરહુ દેરાસરોના હિસાબ અમોએ જોવા માગતાં તુરત તેમણે ખુલાસા સાથે દેખડાવી આપ્યા છે, તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું દેરાસરજી જીર્ણ થવાથી અત્રેથી ભગવાનને ઉથાપન કરી જીરાળા પાડે થયેલ મોટા દેરાસરજીની અંદર પધરાવેલું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે સંઘવીની પોળમાં આવેલા શ્રી સોમ ચિન્તામણિ પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ હીરાલાલ નહાનાભાઇ હસ્તકનો સં૦ ૧૯૬૧થી સં૦ ૧૯૬૪ના ભાદરવા વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે.તે જોતાં વહીવટ ચોખ્ખો રાખી અમોએ માગણી કરતાં તુરત બતલાવી દીધો છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે કુંભારવાડામાં આવેલા શ્રી શીતળનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

પ્રથમ સદરહુ દેરાસરજીનો વહીવટ શેઠ બાપુલાલ ખુબચંદ ચલાવતા હતા. ત્યારબાદ સં૦ ૧૯૬૨ ના શ્રાવણ વદ ૧ થી શેઠ મોહનલાલ પોપટચંદ ચલાવે છે; અને શેઠ મોહનલાલ પોપટચંદના કહેવા પ્રમાણે તેમના તાબામાં વહીવટ આવ્યો તે પહેલાંનો હિસાબ પ્રથમના વહીવટકર્ત્તા પાસે છે, તેથી સદરહુ દેરાસરજીના હાલના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ

મોહનલાલ પોપટચંદ હસ્તકનો સં૦ ૧૯૬૨ ના શ્રાવણ વદ ૧ થી સં. ૧૯૬૪ ના શ્રાવણ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહીવટ રીતસર ચલાવી રૂ૦ ૫૦૦) ની રકમ મુંબઇ સ્થળેથી લાવી દેરાસરજી સુધારવા માંડેલ છે, તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) ખારવાડા મધ્યે આવેલા શ્રી સ્થંભણ પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીનાં કેશર, સુખડ ખાતાને લગતો રીપોર્ટ—

સદરહુ વહીવટના વહીવટકર્ત્તા શેઠ છગનલાલ પાનાચંદ દેવચંદ હસ્તકનો સં૦ ૧૯૫૯ થી સં૦ ૧૯૬૩ ના આશો વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ ખાતું તેમના વડીલો તરફથી ખોલવામાં આવ્યું છે; અને તેના વહીવટનું નામું તેમના પોતાના ખાનગી ચોપડા ( શેઠ પાનાચંદ દેવચંદની પેઢીના ચોપડામાં ) રાખવામાં આવેલ છે. તે તપાસતાં હિસાબ બરોબર છે, તેથી ખુશી થવા જેવું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે ખેડા તાબે ગામ શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે અલીંગમાં આવેલા શ્રી મુનિસુવ્રત સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ ખુશાલદાસ ઝવેરચંદ હસ્તકનો સં૦ ૧૯૬૧થી સં૦ ૧૯૬૪ના અશાડ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ હિસાબનું નામું શા૦ ઝવેરચંદ પીતામ્બરદાસ લખે છે. હિસાબ રીતસર રાખ્યો છે, તેથી તેમનો આભાર માનીએ છીએ; અને સદરહુ સંસ્થાની મિલ્કત અમોને નજરે દેખાડી નથી તે તાકીદે દેખડાવી દેવા સુચવ્યું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે, તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

લી. શ્રી સંઘનો સેવક.

**ચુનીલાલ નાહાનચંદ**

ઓનરરી ઓડીટર.

શ્રી જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સ.

# શ્રી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડમાં આવેલાં નાણાંની યાદી.

રૂ. ૪૫૩૭-૪-૯ આગળ જણાવ્યા પ્રમાણે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૦-૦ | વટાદરા | ૧-૦-૦ | કાંધરેટી | ૧૪-૪-૦ | વતરા |
| ૨-૦-૦ | ઝાંઝ | ૦-૧૨-૦ | ખટલાલ | ૨-૮-૦ | કરસમલ |
| ૪-૦-૦ | વડદલા | ૫-૦-૦ | જલસણુ | ૨-૮-૦ | કણુજટ |
| ૦-૧૨-૦ | બામણુવા | ૧૫-૦-૦ | પંડિત લાલન તરફથી વિલાયતથી આવ્યા. | | |
| ૧-૦-૦ | કાચોર | ૭-૪-૦ | વીઠલપુર | ૨-૪-૦ | જાલીસણા |
| ૩-૮-૦ | ઉધરેજ | ૪-૧૨-૦ | વીધણુ | ૩-૦-૦ | ઝાંઝરવા |
| ૨-૮-૦ | દઢાણા | ૦-૮-૦ | વાસણા | ૧-૮-૦ | કુણપર |
| ૫-૮-૦ | દારોદ | ૧-૦-૦ | સોલગામ | ૧૨-૪-૦ | છનીઆર |
| ૦-૮-૦ | થરાદ | ૩૧-૮-૦ | એકલારા | ૨-૦-૦ | જુન્નેર |
| ૨૭-૫-૦ | સીતામહુ | ૨-૧૨-૦ | વડનેસા | ૭-૧૦-૦ | ગાડરવાડા |
| ૪-૧૨-૦ | વિલાયત એસ એચ. વોરન | ૭-૧૨-૦ | કુદેડા તથા વીજાપુર | ૦-૪-૦ | એકલારા |
| ૧-૪-૦ | દાવડ | ૧૯-૮-૦ | બારસી | ૭-૦-૦ | સામલી |
| ૧-૪-૦ | ત્રાપજ | ૨-૧૨-૦ | ઝાંઝમેર | ૦-૮-૦ | સેલાવદર |
| ૦-૧૨-૦ | ઉંચડી | ૬-૦-૦ | દાઠા | ૦-૪-૦ | તલ્લી |
| ૨-૦-૦ | લધુના | ૫-૦-૦ | ભીડર | ૧-૧૨-૦ | સારોલા |
| ૧૨-૧૧-૦ | તાલના | ૨-૦-૦ | નીમચ સીટી | ૨-૮-૦ | અમરાવદ |
| ૨૧-૮-૦ | નીંબાહેડા | ૧-૦-૦ | ગહુડી | | |
| ૫૫-૯-૦ | સીતામહુ | ૧૪-૪-૦ | ગાંભુ | ૧૫-૮-૦ | મોઢેરા |
| ૨૦-૧૨-૦ | વડાવલી | ૧-૦-૦ | સૈલાના | ૮-૮-૦ | નડીઆદ |
| ૮-૪-૦ | નરસંડા | ૯-૮-૦ | પાડગોલ | ૩-૦-૦ | બાંધણી |
| ૦-૮-૦ | ચાંગા | ૧-૧૨-૦ | વસેરવું | ૨-૦-૦ | કારોલી |
| ૬-૮-૦ | મેલાવ | ૨-૦-૦ | સુણાવ | ૫-૦-૦ | પાલજ |
| ૬૬-૮-૦ | વેરાવળ | ૧૨-૪-૦ | ચાંપાખેરી | ૦-૪-૦ | ખડકી |
| ૨-૦-૦ | વીરછજ | ૧૨-૧૨-૦ | રાહતગઢ | ૧૦-૦-૦ | બેંગલોર |
| ૦-૪-૦ | ઝરીયા | ૫૧-૮-૦ | કપડવંજ | ૪-૦-૦ | વડાવલી |
| ૬-૪-૦ | ચવેલી | ૮-૧૨-૦ | પીંપળ | ૪-૮-૦ | પીંડારપુર |
| ૨-૧૨-૦ | કેસણી | ૧-૪-૦ | ગંગેટ | ૨૪-૮-૦ | ગ્વાલીઅર |
| ૧૪૫-૦-૦ | રતલામ | ૧૪૬-૦-૦ | ડભોઇ | ૩-૪-૦ | ભીલસા |
| ૪-૧૫-૦ | પીપલ્યા | ૨-૮-૦ | સારંગી | ૦-૪-૦ | બડવેટ |
| ૧૦૨-૧૨-૦ | માણુસા | | | | |

કુલ રૂ. ૫૫૮૧-૬-૯.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

ડભોઇ—મુનિમહારાજ શ્રી ૧૦૦૮ મુનિ કીર્તિવિજયજી મહારાજના સદુપદેશથી ડભોઈમાં સુકૃતભંડારની સારી રકમ ભેગી થઇ હતી અને તે મુંબઇ કોન્ફરન્સ ઓફીસમાં રૂા- ૧૪૬ ) એકસો છેતાળીસ ડભોઈના શ્રી સંઘ તરફથી શેઠ જેઠાભાઇ ખુશાલભાઇએ મોકલી આપ્યા છે. આ ફંડ વસુલ કરવામાં શેઠ ગુલાબચંદભાઇ તથા શેઠ મોતીલાલભાઇ દલપતભાઇએ ઘણો શ્રમ લઇ સારી મદદ આપી છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. સુજ્ઞસદ્‌ગૃહસ્થો પોતાના પૈસાનો સદુપયોગ આવા શુભ કાર્યમાં કરશે એવી અમારી વિનંતિ છે. તેમજ મુનિ મહારાજાઓ પણ આવી રીતે દરેક સ્થળે સદુપદેશથી પ્રયાસ જારી રાખશે.

માણસા—મુનિમહારાજ શ્રી ૧૦૦૮ મુનિ કપુરવિજયજી મહારાજના સદુપદેશથી માણસાના શ્રી સંઘે સુકૃતભંડાર ફંડના રૂ. ૧૦૨–૧૨–૦ એકસોબે ને બાર આના શ્રી મુંબઈ કોન્ફરન્સ ઓફીસમાં મોકલી આપ્યા છે. આ કાર્ય માટે માણસાના શ્રી સંઘને અમો ધન્યવાદ આપીએ છીએ. આવી રીતે દરેક શહેરના આગેવાનો પોતાના ગામમાંથી શ્રી સુકૃત ભંડાર ભેગું કરી મોકલાવી આપશે.

કપડવંજ—ત્યાંના શ્રી સંઘ તરફથી એક લતાવાળા તરફથી રૂ૦ ૫૧–૮–૦ એકાવન રૂપીઆ આઠ આના શેઠ બાલાભાઇ દલસુખભાઇએ મુંબઇ કોન્ફરન્સ ઓફીસને મોકલી આપ્યા છે. પણ બીજા લત્તાવાળા તરફથી હજી લગી કાંઈ રકમ આવેલ નથી. અમોને આશા છે કે તેઓ સાહેબ પણ થોડા વખતમાં ફંડ ભેગું કરી મોકલી આપશે. આવી રીતે દરેક સ્થળેથી પૈસા આવવા લાગ્યા છે. અને તેમાંથી કેળવણી ખાતાંમાં સ્કોલરશીપો તથા પાઠશાળાઓને મદદ અપાવા લાગી છે. જેમ આ રકમ સારી ભેગી થશે તેમ તેમ આપણા વીરપુત્રો તેનો લાભ લેતા થશે. અને આપણી કોમની ઉન્નતિ થશે. આપણા દાના શેઠ સાહેબો આ ફંડમાં સારી રીતે મદદ આપશે તો સારી રકમ ભેગી થતાં વિલંબ લાગશે નહીં.

# જૈનોદય અને જૈન કોન્ફરન્સ.

### તે સાથે સુકૃત ભંડારનો સંબંધ.

વાંચકોથી અજાણ્યું નથી કે, ઘણા વિચાર પછી અને વખત પછી " ટીપેટીપે સરોવર ભરાય " એ ન્યાયે કમાતા પુરૂષો પાસેથી પરણેલા પુરૂષ અને સ્ત્રી દીઠ માત્ર ચાર આના તે પણ વાર્ષિક અરે ! મહિને માત્ર ચાર પાઇ; તે પણ કોમની ઉન્નતિ અર્થે અને કેળવણીની વૃદ્ધિ અર્થે સ્થાપન થએલી જૈન કોન્ફરન્સમાં આપી તેની મારફત જૈનોદયનું કામ આગળ વધારવું તેમ નિશ્ચય થયો છે; જે માટે લેખક ધારતો નથી કે, આ યોજનાની

જરૂર નથી કે ઉપયોગી નથી, તેમ કોઇપણ ગામની કોઇપણ વ્યક્તિએ જાહેર કર્યું હોય અથવા કોઇના મનમાં પણ આવતું હોય. બેશક સામાન્ય મતભેદને લઇ અથવા બીજા કારણોને લય એકમને કાર્ય ન કરી શકવાના કારણોએ કેટલાંક સ્થળોએ સુસ્તાઇ જોવાય છે, અને તેના બહાનાંઓ લઇ કેટલાક સ્થળેથી નાસીપાસ થવાના દાખલા મળે છે. પણ તેથી એમ ધારવાને કંઇપણ ઉતાવળ કરવી યોગ્ય નથી કે તેઓ કોન્ફરન્સથી વિરૂદ્ધ છે—કે જેથી સુકૃત ભંડારના ચાર આના આપવા આનાકાની કરે છે.

દાખલા તરીકે અમદાવાદ, ભાવનગર જેવા સ્થળોને આગળ કરાય છે. પણ જોનારા જોઈ શકયા હશે કે, તેવા ગામમાંથી ચાર આનાના હિસાબે જે રકમ આવે તે કરતાં પણ ઘણી વધુ રકમ ત્યાંના લાગણીવાન્ અને જાણીતા અગ્રેસરો તરફથી નિભાવ ફંડ માટે મળેલી છે. અને તે રીતે જ તેઓનો જ્યાં સુધી કોમ ઉપર પ્રેમ છે. ત્યાં સુધી કાયમ મદદ મળવાની છે.

આ સમયે એક વાત યાદ આવે છે કે, આવી સમજચુકને લઇને અમદાવાદ મધ્યેની શિથિલતા જોઇ તીખા પણ લાગણીવાળા લેખની ગત અંકમાં હસ્તી થઇ હોય; અને તેથી કોઇની લાગણી દુખાણી હોય તો તેને માટે આપણે દીલગીર છીએ.

એ તો નક્કી છે કે, " **महाजनो येन गतःसपंथाः** " એટલે મોટા જે પંથે ચાલે તે પંથે ચાલવું. આવું શાસ્ત્ર કથન હોવાથી તેવો રીવાજ પડી ગયો છે. તેથી શુભાશુભ કામનો મોટાઓએ વિચાર કરી પોતાના પંથે અન્યજનો ચાલે અને શુભ કાર્ય કરી પુણ્ય હાંસીલ કરે તેવી પ્રવૃત્તિ રાખવી ઉચિત છે. આ કાર્યની ફતેહ થવાથી પરિણામે અનહદ પુણ્ય ઉપાર્જન કરવું છે, એ નિર્વિવાદ છે. શું ! પૈસા વિના કાંઈ પણ કામ થઇ શકે ? શકિતવાળાઓએ અરસપરસ સહાય અર્થે, કોમના અભ્યુદય અર્થે શકિતઅનુસાર મદદ કરવી તે તેમની ફરજ છે એમ દરેક વ્યકિતએ સમજવું જોઇએ.

**અમદાવાદ** કોઇ રીતે **સુકૃતભંડાર** માટે પાછી પાની કરે તેમ ભાવના રાખવી ઠીક નથી. ત્યાંના યુવકો મહેનત કરવા તૈયાર છે તો પુણ્યવાન અગ્રેસરોએ તેઓને અનુકૂળતા કરી આપવી અને પોતાની સાથે પોતાની લાગવગના સ્થાનેથી પણ તે અપાવવાને તૈયાર રહેવું; તેમ કરી બીજાઓને અનુકરણીય થઇ પડી યુવાન અને શ્રેષ્ઠિ વર્ગ ઉભય પુણ્ય હાંસિલ કરવાને તૈયાર થશેજ, તેમ લેખકની ઇચ્છા સાથે ભાવના છે. અને તે ભાવનાનો ત્યાંના બંધુઓ તરફથી સત્કાર થતાં કાર્ય સફળ થશે એ પણ નક્કી છે.

**જૈન** પ્રજા કરતાં અન્ય પ્રજા કેટલી આગળ વધે છે ? કયા માર્ગે વધે છે ? અને આડંબરી તેમજ વાહવાહ કહેવરાવવા માટે ખર્ચ કરવા કરતાં કોમનો અભ્યુદય થાય તેવા માર્ગે કેવી રીતે ખર્ચ કરે છે, અને કેળવણીનેજ કેટલી મુખ્યતા આપે છે ? આ સર્વેનો બારિક અભ્યાસ શ્રીમાનો અને વિદ્વાનો કરે અને **જૈન** પ્રજાનો ઉદય કયા માર્ગે છે તે વિચારી ખરા માર્ગને પકડે એવી બુધ્ધિ શાસનના અધિષ્ઠાતા તેમને આપે તેવી આ લેખના અંતે શુધ્ધ અંતઃ કરણની પ્રાર્થના છે.

લિ૦

**મધુકર.**

# ઉન્નતિક્રમ અને તેની કુંચી.

( લેખક શા. લલ્લુભાઇ કરમચંદ દલાલ—મુંબઈ. )

પ્રાતઃકાળની તૈયારી હતી, તેવામાં એક વિચાર ઉદ્દભવ્યો, શ્રેણીએ પોતાનું કાર્ય આગળ આગળ વધાર્યું અને તે વિચારશ્રેણીનો અંત પણ બુદ્ધિ પ્રમાણે લેખકે નિહાળ્યો. ખેદ માત્ર એટલોજ હતો કે તે વિચારોને આચારોમાં મુકવાની જ્યાં ત્યાં ન્યુનતા ભાસતી હતી. છતાં પુરૂષાર્થ ફેરવવાથી, છતી શક્તિનો ઉપયોગ કરવાથી, વિચારો સિધ્ધ થશે એમ લાગવાથી નિરાશામાં આશાનું કિરણ સ્ફુર્યું. પાંચ કારણ મળતાં કાર્યની સિદ્ધિ થાય છે, એ શાસ્ત્રકારોનું કથન અક્ષરશઃ સત્ય છે; છતાં મુખ્યતા પુરૂષાર્થનેજ આપી શકાય. તે વિના બીજાં ચાર કારણો કાંઈ પણ કરી શકવા સમર્થ થતાં નથી. શ્રી મહાવીર અને તીર્થંકરો આત્મબળના વિકાસથી પુરૂષાર્થને મુખ્ય માનીનેજ જન કલ્યાણ સાથે પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપમાં લેઈ ગયા છે, તે નિઃસંશય છે.

કદાચ કોઇ પ્રશ્ન કરશે કે આટલી પ્રસ્તાવના લખી તમે શું જણાવવા માગો છો ? તો તેના જવાબમાં જણાવીશ કે " આપણી ઉન્નતિ કેમ થાય ? " એ પ્રશ્ન મારા મનમાં રમી રહ્યો હતો અને એ પ્રશ્નને અંગે જે વિચારો મારા હૃદયમાં જાગૃત થયા તે આ લેખદ્વારા પ્રગટ કરવા ઇચ્છા રાખું છું. આ વિચાર દરેક માણસને થવો જોઇએ, અને આ લેખકને પણ પ્રભાતપૂર્વે તે થયો હતો. હાલના સમયમાં ચાલતાં ધમાધમનાં કાર્યો તરફ દૃષ્ટિ વળી, પણ ત્યાં પ્રીતિ ચોટી નહિ. દરેકમાં ખામી જણાઈ. ખામી વાળી બાબતો કેમ સુધરે અને તે સુધારવામાં અગત્યનો ભાગ કોણ ભજવી શકે ? આ ઉપર વિચાર કરતાં અંતે એવા નિશ્ચય ઉપર હું આવ્યો કે—

વિચારની શુદ્ધતા અને એકતા વિના કોઈ પણ કોમ, સંસ્થા કે દેશની ઉન્નતિ અસત્ય છે. જ્યાં જુદા જુદા વિચારો, એક બીજાના કાર્યને તોડી પાડવાની પ્રવૃતિ, સમય ઓળખવાની ખામી, ધર્માભિમાન નહિ પણ ધર્માન્ધતાનો લોભ, પારમાર્થિકને બદલે સ્વાર્થી વૃતિનો વધારો, પૈસાને પ્રાણ સમાન ગણી તેને વધારવા તરફજ લક્ષ, પણ તેનો સદુપયોગ કરવા તરફ બીલકુલ રૂચિજ નહીં અથવા તો બીનજરૂરી ઉડાઉ ખર્ચોમાં તેનો દુરૂપયોગઃ—જ્યાં સુધી આ સ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી મજકુર પ્રશ્ન ચાલુજ રહેવાનો સંભવ છે. ઐક્ય તો દૂર રહ્યું પણ ડાબો હાથ જે કામ કરે તે તોડવાને જમણો હાથ તૈયારજ રહે તેના કરતાં વધારે શોકજનક સ્થિતિ બીજી કઇ હોઇ શકે ?

આ સર્વ બાબતોમાં યોગ્ય સુધારો કરવાની ઘણી જરૂર છે. અને આ સુધારાનો આધાર પુસ્તકો, માસિકો, અને વર્તમાનપત્રોપર છે. એમ હું જણાવીશ, ત્યારે મને લાગે છે કે સઘળા વિચારવંત પુરૂષો મારા મતને મળતા થશે. પશ્ચિમની સ્થિતિ જોતાં જો આપણે આવા નિર્ણય ઉપર આવીએ તો તેમાં આપણે ભૂલ કરતા નથી. આ સાથે આપણે કબુલ કરીશું કે શ્રીમં-

તોની ઉપયોગી સખાવતો, પરોપકારવૃત્તિ, પરોપકારી કાય કરનારાઓની છત વગેરે પણ ઉપયોગી અને જરૂરનાં સાધનો છે; પુર્વે આપણી સ્થિતિ એવા પ્રકારની હતી, પણ ભેદ માત્ર એટલોજ છે કે પૂર્વની સ્થિતિમાં સુધારો કરવાને બદલે હલકી સ્થિતિ ભણી આપણે ઘસડાતા જઇએ છીએ. જો કે થોડા સમયથી પુસ્તકો, માસિકો, અને વર્તમાનપત્રની સંખ્યામાં વધારો થતો જાય છે, પણ હજુ તેના સંબંધમાં ઘણું કરવાનું બાકી છે,

વર્તમાનપત્ર, માસિક અને પુસ્તક આ ત્રણમાંના દરેકનો માર્ગ જુદો અને એક બીજાથી ચડીઆતી જોખમદારીનો છે, એ ખાસ લક્ષમાં રાખવા જેવું છે.

## વર્તમાનપત્રનું કર્તવ્ય.

મારા વિચાર પ્રમાણે તેનું કાર્ય લોકોમાં જાગૃતિ રાખવા માટે જુદા જુદા આર્થિક, વ્યવહારિક અને સામાજીક વિષયો ચર્ચવાનું અને તે સવાલોને લગતી તાજી ખબરો પુરી પાડવાનું છે; બાકીનું બધું ગૌણ છે.

## માસિકનું કર્તવ્ય.

ઉત્તમ વિષયો અને નિબંધ પ્રગટ કરવાનું અને ઉત્તમ ગ્રંથોનો ટુંકસાર રજુ કરી લોકોની રુચિ ઉત્તમ ગ્રંથો વાંચવા તરફ દોરવાનું છે.

## પુસ્તકોનું કર્તવ્ય.

પુસ્તકોનું કામ મનન કરવા યોગ્ય ગંભીર વિષયો પ્રતિપાદન કરી તત્વગ્રાહી સારૂ ખોરાક પુરો પાડવાનું છે.

આ ત્રણે પ્રકારે કાર્ય થતા જોવાય છે. મુખ્યતા અને ગૌણતા ભૂલી જવાય છે, અને કેટલીક વાર તો ઇર્ષાભાવના લેખોમાંજ ઘણાં પાનાં, કોલમો રોકાએલા જોવામાં આવે છે. તેનું ફળ કાંઇ પણ આવતું નથી, પણ ઉલટો વૈરવિરોધ વધે છે.

## લેખકો.

લેખકોએ બહુજ શાન્તિ રાખવી જોઇએ અને બહુજ વિચાર પૂર્વક દરેક શબ્દ પત્રપર મૂકવો જોઇએ. માતા અને બાપની બૈરી આ બંને શબ્દો સમાન અર્થવાળા છતાં કયા શબ્દો વિશેષ લાભ કર્તા થાય છે એ વિચારો અને પછી કઇ શૈલી પસંદ કરવી એ કામ તમારે માટે સુગમ થશે. અહીંઆ પ્રશ્ન થશે કે કોઇ લેખક ખરાબ ભાવનાથી-ખરાબ શબ્દો વડે કોમ કે ધર્મ માટે વિપરિત લખે તો શું તેનો જવાબ ન આપવો? આના જવાબમાં હું જણાવીશ કે હમેશાં તે કાર્ય માટે જાગૃત રહેવું, પણ તેણે ગમે તેવા વિપરિત ભાવે લખ્યું હોય છતાં તેમ ન માની લેતાં તેને અજ્ઞાની કે અજાણ ગણી મીઠા શબ્દોએ વાજબી દલીલોથી જવાબ આપવો-સામાને સમજાવવો. તેમાં પ્રમાદ ન કરવો. પણ વૈરવિરોધ ઉત્પન્ન કરે તેવી ભાષા તો નજ વાપરવી. આ રીતિનો જો બરાબર ઉપયોગ થશે તો ગમે તેવી તકરારી બાબતોનો સમાધાનીથી નીવેડો આવી જશે. મીઠા શબ્દોનું મહાત્મ્ય તો તેના અનુભવનારાજ સમજી શકે.

( અધુરૂં )

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૪)-ધાર્મિક શિક્ષણની સફળતાનો મુખ્ય આધાર કોનાપર રહેલો છે ?

( અ-શિક્ષક )

નિત્ય નવા વેશ ધરનાર, અદઢ મનોબળ અને પ્યારા પ્યારીની વાતો અને ગાનતાનમાં મશગુલ, કાચી ઉમર અને અધુરા અભ્યાસવાળા શિક્ષકો ( ! ) બાળકને તેના ભવિષ્યના રસ્તામાં હમેશનું અસિપત્ર નરક રચી આપનાર સેતાનો છે. માટે તેવા શિક્ષકોથી પોતાનાં બાળકોને દુર રાખવાં એજ સુજ્ઞ માબાપોનું મોટામાં મોટું અને સારામાં સારૂં કામ છે.

આપણાં બાળકોનું ભવિષ્ય સુધારવું જ્યાં સુધી આપણા હાથમાં છે ત્યાં સુધી આપણે આપણું કર્ત્તવ્ય બજાવવું જોઇએ. કોઇપણ તરેહની નજીવી ચીજ ખરીદ કરતાં આપણે જેટલી અને જેવી ચોકસાઇ કરીએ છીએ તેટલી ને તેવી ચોકસાઇ આપણાં વ્હાલાં બાળકોને હમેશને માટે સુખમય રસ્તો બતાવનાર એવો જે શિક્ષક તેને માટે કરતા નથી એ આપણી મોટામાં મોટી ભુલ છે.

*કહાન ચન્દ ગાંધી.*

ધર્મ શિક્ષણને માટે જે શિક્ષક રાખવામાં આવે તેનું જીવન તત્ત્વતઃ ધર્મમય હોવું જોઇએ. તેના વિચારો અને આચારો ધર્માનુસારી હોવા જોઇએ. કહે કંઇ અને કરે કંઇ એ શિક્ષક વિદ્યાર્થીને ખરેખર શાપરૂપ છે. વિદ્યાર્થીઓ ઉપર સારી યા માઠી પણ વધારેમાં વધારે ઉંડી છાપ તેના શિક્ષકો ઉપરથી પડે છે. વિદ્યાર્થીઓ પોતાના ગુરૂઓનાં વાણી અને વર્તનનું નિરંતર અનુકરણ

कर्या करे छे. शिक्षकना वचनो तथा आचरणने तेओ शास्त्रना जेटलांज बल्के तेथी पण वधारे प्रमाण गणे छे.

**मंगळजी हरजीवन ओझा.**

गमे तेवा सारा पुस्तको रचायां हशे तोपण शिक्षण पध्धति जो दोषपात्र हशे तो धारेलुं परिणाम आवशे नहि. शिक्षकनामां खास करीने त्रण गुणनी आवश्यकता छे: ( १ ) शिखववानो अत्यंत उत्साह; ( २ ) छोकरांओना मननी स्थिति यथार्थ समजवानी शक्ति; ( ३ ) ए स्थितिमां शुं कहेवुं योग्य छे ने ते केवी रीते कहेवुं जोइए तेनी पकी समजण. आ त्रण गुण धरावता शिक्षको ते कामने माटे योजवा जोइए.

**बहेचरलाल नटवरजी त्रिवेदी,** बी. ए., एल एल. बी.

धर्मनुं शिक्षण आपनारो शिक्षक अमुक धर्मनां पुस्तको शिखेलो छे, एम समजीनेज तेनी लायकात जोवानी नथी, पण ते जेटलुं शीखेलो छे तेनी छाप तेना वर्त्तनमां केटले अंशे उतरेली छे ते जोवुं वधारे अगत्यनुं छे, अने तेवो एटले चुस्त माणसज तेमज ओछामां ओछी दोढ वीसी उपरनो माणुस धर्मनुं शिक्षण आपवा लायक गणावो जोइए.

**मगनलाल दलपतराम खख्खर.**

**( ब )-माबाप.**

माबापो अने समाजना लोको धर्म अने नीतिना सदाचरणथी विमुख होय तो तेमां रही उछरनारी बाळप्रजा शी रीते धर्माचरणी थाय ?

स्त्री वर्गने उत्तम प्रकारतुं नीतिनुं शिक्षण आपो, धर्मना सत्य मूळतत्त्वो अने तेनां रहस्यो तेमने समजावो, एटले तेओ पोताना उदरमांथी अने खोळामांथी बाळकोने नीतिवान तथा धर्मिष्ट बनावशे.

**जटाशंकर लीलाधर वैद्य.**

## (५)-धार्मिक शिक्षण केवा प्रकारनुं होवुं जोइए ?

जो साम्प्रदायिक शिक्षण आपवुं होय तो ते Empiric अथवा Dogmatic अपावानी भीति रहे छे अने ते तो शिरोधारी आज्ञा जेवुं होवाथी, गमे ते वय अने गमे ते बुद्धिना बाळकने अपाय; पण तेवुं शिक्षण मने रुचतुं नथी.

कोइपण शिक्षण कारण समजावीने ज आपवुं, एवो मारो आग्रह छे.

× × × × ×

१. धर्म कहो, नीति कहो, तत्त्वज्ञान कहो के आचार कहो, तेनुं Dogmatic‡ केवळ आज्ञावादी शिक्षण न आपवुं. (Instruction) ' शिक्षण ' ने बदले (Education) ' केळवणी ' आपीने बाळप्रजाने केळववी

૨. ' સામાજિક ઉન્નતિ ' માટે કેળવણી આપવી; અને તેમાંજ વ્યક્તિની ઉન્નતિ રહેલી છે, એમ પ્રાચીન–અર્વાચીન દષ્ટાંતો આપી ખાત્રી કરી આપવી એજ મોટો ધર્મ.

૩. જે તે પ્રકારે વ્યક્તિનું Character–building વર્તન ઘડાય, અને મનુષ્ય કર્ત્તવ્યનિષ્ઠ થાય, તેમાં તેનું તથા તેની જન્મ–ભૂમિનું કલ્યાણ છે, એમ સમજી પ્રસંગ પ્રાપ્ત થયે ઉમંગથી આત્મભોગ પણ જરૂર પડે આપે તે જ ખરો જૈન, તે જ જિનાચાર્યનો પ્રતિપાત્ર છે, એવા નિયમોનું પાલન એજ ધર્મ પાલન.

૪. બીજાઓ મારા પ્રતિ જેવું વર્તન રાખે, એમ હું ઇચ્છું તેવુંજ મારે તેમની પ્રતિ રાખવું,—Do unto others, as you wish others should do unto you, એજ મહાન ધર્મ.

૫. **सत्यात् नास्ति परो धर्म,** એટલે મન વાણી અને કર્મથી સત્ય સત્ય અને સત્યજ.

એવા નિયમો બાલકની ઉમર તથા બુદ્ધિ પ્રમાણે સંકલિત કરશો અને દાખલાઓ આપી વિભુષિત કરશો, અને છેવટે શુદ્ધ તત્ત્વબોધ આપશો, તો આપણા આર્યાવર્તની એક અગત્યની પ્રજાની ઉન્નતિ સધાશે અને તેથી આખા દેશને અનુકરણ કરવાનો રૂડો દાખલો મળશે. વળી આવા ઉચ્ચતમ ઉદ્દેશને સાધવાને સઘળા જૈન સંપ્રદાયોનું એકીકરણ થાય અને અભેદ—ભાવના પ્રકટે, તો અષ્ટ મહાસિદ્ધિઓનું એકત્ર મહાન શુભ ફલ પ્રાપ્ત થયું એમ હું માનું.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી.**

ધર્મનીતિના શિક્ષણમાં નીચેની ત્રણ બાબતો શીખવવી જોઇએ.

( ૧ ) અચળ ધર્માસ્થા, ( ૨ ) કાર્યદક્ષતા, ( ૩ ) સમભાવ,–એટલે કે દરેક વિદ્યાર્થીને આસ્થા ભાવ અને કાર્ય એ દરેકમાં સમાયલાં ધર્મ અને નીતિના રહસ્યો યથાપુર્ણ સમજાવવાં અને અમલમાં મુકાવવાં જોઇએ. પરંતુ ખાસ કરીને યાદ રાખવું કે કોઇ પ્રસંગે ઐક્યભાવ ન ચૂકાય. એકતા એજ સાચું સુખ છે. માટે ઉપર જણાવેલ ત્રણ પૈકી એકલી આસ્થા કેળવવાથી ધર્માંધતા વધશે અને તેથી આપણા સમગ્ર દેશની કરોડો માણસની ઐક્ય ભાવનાને ધોકો લાગશે, માટે એકલી આસ્થાજ ન કેળવાવી જોઇએ; તેમજ એકલી કાર્યદક્ષતા–સમય સુચકતા–નીતિ કેળવવાથી નાસ્તિકતા આવશે, ઉધ્ધતાઇ અને સ્વાર્થ પરાયણ વૃત્તિ વધારે જોરમાં આવશે, માટે એકલી કાર્યદક્ષતા કેળવવી એ પણ નકામી છે. બાકી રહ્યો સમભાવ. તે પણ એકલો કેળવવાથી ભીખારીઓનું ટોળું વધશે અને જગત વિરૂપ બનશે. માટે ખરી રીતે એ ત્રણેના સમુચ્ચયપુર્વક ધર્મનીતિનું શિક્ષણ આપવું એજ યોગ્ય છે.

**અચળ આસ્થા** એ રૂપમાં કેળવવી કે ગમે તે સંકટે પણ જીવ કરતાં ધર્મને વધારે અગત્યનો માની ધર્મનું રક્ષણ કરવું. " દેહ રખો ધર્મ " એ કહેતીનો હાલ દુરૂપયોગ થાય છે તે સમજાવવો. **કાર્યદક્ષતા** એ રૂપમાં કેળવવી કે કેટલીક સામાજીક અને ધાર્મિક રૂઢીઓ ખરા ધર્મ અને ખરી નીતિથી વિરૂદ્ધ છે તે યથાપૂર્ણ દાખલા આપી સમજાવવું. **સમભાવ** એ રૂપમાં કેળવવો કે સઘળાં આપણ એક પિતાના પ્રેમમાં ઉછરતાં છીએ. આપણું અંતીમ સાધ્ય એકજ છે. માટે કોઇપણ ધર્મ કે ગ્રંથનું છિદ્ર ન જોતાં તેની ખૂબી જોવી અને કલેશથી દૂર રહેવું. બધામાંથી સાર ગ્રહણ કરવો એ એક સર્વોત્તમ ઉન્નતિનો દરવાજો ખુલવા જેમ છે,

ઉપર પ્રમાણે તે ત્રણે બાબતો શીખવતાં વળી એ પણ સમજાવવું કે ધર્મોના નિયમોને માન આપી વ્યવહારપરાયણ રહેવાથી પણ નિર્વાણ પ્રાપ્તિ થાય છેજ. એ વિષયને પૂરેપૂરો ભાર દઇ શીખવવો. વ્યવહારને વળગવાથી કેવળ પાપી જ થવાય છે અને તેમ કરનારનો ઉદ્ધાર જ નથી એવો ખોટો નિવેદ જગતપર ન થઈ જાય તેમ થવા લક્ષ બહાર ન જવાય તેમ રહેવું.

હાલના સમયે કેટલાક મતાભિમાનીઓનો વિચાર ધર્મ શિક્ષણને ઓથે રહી માત્ર મોટપ મેળવવાનો અને માત્ર પોતાની અને પોતાના ધર્મની જ–આખા દેશ કે જગતની નહિ–ઉન્નતિ માટેનો હોય છે. તેઓ આપણો જ ધર્મ શ્રેષ્ટ છે એમ માને છે અને બીજાને માનતા કરવા મથે છે, જેમ કરતાં ઘણી વખત ઝઘડાઓ ઉત્પન્ન થાય છે. પોતાનો ધર્મ શ્રેષ્ટ એમ માનવું એ બધાની ફરજ છે અને બધાને અધિકાર પણ છે; પરંતુ 'તારો ધર્મ આવો' અને 'તું આવો' એમ કહેવાને કોઇ ધર્મ આજ્ઞા કરતા નથી. છતાં હાલના કેટલાક લેભાગુઓ બીજાના ધર્મની અશ્રેષ્ટતા કહેવા ઉતરી પડે છે એ અનિષ્ટ છે. માટે કુમળી વયના વિદ્યાર્થી તેવે રસ્તે ન દોરાઇ જાય તેવું શિક્ષણ આપવા ખાસ લક્ષમાં રાખવું.

અચળ ધર્માસ્થામાં મતાંધતા ખીલવા ઉપરાંત બીજું એ બને છે કે ઘણાએક વ્યવહાર છોડીને સાધુ થાય છે, જે બાબત, હું ન ભુલતો હોઉં તો તમારા ધર્મની કાશી અને કલકત્તાની પાઠશાળાઓનો દાખલો, મને યાદ છે. માટે કેવળ સાધુ બનવા કે કરવામાં બધી પરિતૃપ્તિ છે એમ શિક્ષકે ન માનવું જોઇએ, અને વિદ્યાર્થીને તે રસ્તે ન દોરવા જોઇએ; તેમ થવા પણ સંભાળવું જોઇએ.

**કહાન ચકુ ગાંધી.**

ધર્મશિક્ષણ આપતાં ધર્મક્રિયા કરવાથી અમુક મનુષ્યના અગર દેવલોકના સુખ પ્રાપ્ત થાય છે એ દષ્ટિથી નહીં પણ શરીર અને શરીરને માટે જોઇતા અનેક સાધનો અને તેથી થતી વિટમ્બના વગેરેથી મુક્ત થઇ અશરીરી સુખ એટલે મોક્ષને માટે ધર્મની જરૂર છે. એવી દષ્ટિથી તથા તેને અનુકૂળ શૈલીથી શિક્ષણ આપવાની જરૂર છે. જ્યાં સુધી અમુક શબ્દ અમુક પદાર્થ વાચક છે અને તે પદાર્થ તે આ, એમ જાણવાની શક્તિ ખીલી ન હોય ત્યાં સુધી મોઢેથી રસિક વાર્તાઓ દ્વારા શિક્ષણ આપવું. દાખલા દષ્ટાંત સાથે કીન્ડરગાર્ટનની રીત પ્રમાણે જ્ઞાન કરાવવું જોઇએ.

**મુનિરાજશ્રી ચારિત્રવિજયજી.**

અત્ર મ્હને બે બાબતો કહેવી અગત્યની લાગે છે; એક તો એ કે ધર્મશિક્ષણ એવા પ્રકારનું ન હોવું જોઇએ કે જેથી બુદ્ધિ કબુલ ન કરે એવા ગપાટા અને વહેમો ઉપર હાનિકારક શ્રદ્ધા ઉત્પન્ન થાય, કે તે એવા પ્રકારનું પણ ન હોવું જોઇએ કે જેથી સાંકડા વિચારને કે પરધર્મી વિદ્વેષને ઉત્તેજન મળે; સર્વ ધર્મોના સામાન્ય અંશોઉપર ખાસ ભાર દેવો ઘટે છે. બીજું એ કે ધર્મશિક્ષણમાં પણ અન્ય શિક્ષણની માફક એ યાદ રાખવું જોઇએ કે વિદ્યાર્થીને તેમાં સ્વાભાવિક રસ પડે ને living interest ઉત્પન્ન થાય એવી સ્વાભાવિક રીતે શીખવવું જોઇએ.

**ચંન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ.**

ગવર્નમેન્ટનાં પેટરો

સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી

પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદા,**

**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદા મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે ?

# હરીચંદની તિજોરીઓ.




છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલા એકજ પત્રાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ', વગેરે જાતોની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઈના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઈમાં સૌથી પહેલી આવનારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો ! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેજો !!

સાયડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, ( સરકારી ખાસ પેટંટ મેળવેલી ). હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં; અને નં૦ ૧ ની ચાવીથી ઉલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું ! આખું ગામ જોઈને પછી આવો !!

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોર્નર.

## ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



### "હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઈ શકે તેવા સરસ અને સફાઈદાર મોજાં, ગલપટ્ટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઈથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કાં૦ માં મળે છે. પ્રાઈસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં. ૧૨૫ ગુલાલવાડી—મુંબઈ. ન૦ ૪.


## જૈન ભાઈઓને અગત્યની સુચના.

પોતપોતાના સ્થળમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતી દરેક બાબતની ખબર આ માસિકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા૦ ૧૫ મી પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

## જાહેર ખબરો આપવાના ભાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાં વસ્તા જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ ઘટાડો કરી રાખવામાં આવેલ છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ:—

| લીટી | રૂ. |
|---|---|
| ૧ ... ... ... ... ... | ૩ |
| દસથી વધારે લીટીઓ માટે રૂ. ૧) ની લીટીઓ ચાર પ્રમાણે. | |

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગીઆર માસ લગી દર માસે ½ ગણો ચાર્જ પડશે, ૭ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ½ ચાર્જ લેવાશે.

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિં. આ માસિકની મારફતે હેન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહાર અગર રૂબરૂ મળવાથી નક્કી થઈ શકશે. તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઆડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

**શ્રી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સ.**
પાયધુની, મુંબઈ.

+


**કાવ્યવિનોદ**—મુંબઈ સમાચારમાં આવતા ચમત્કારી કાવ્યના લેખોનો સંગ્રહ.

પહેલો–બીજો–ત્રીજો ભાગ દરેક ૪૫૦ પાનાનો રૂ૦ ૧) રા૦ રા૦ રણછોડભાઈ ઉદયરામે સુધારેલ–પુસ્તક હાથમાંથી મેલવું ગમે નહીં.

**અમરચંદ પી૦ પરમાર**—નં૦ ૧૩૧ ગુલાલવાડી—મુંબઈ